# ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ

સંપાદકો

પ્રદ્યુમ્નવિજયજી ગણિવર

જયંત કોઠારી

કાંતિભાઈ બી. શાહ



# ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ

સંપાદકો
પ્રદ્યુમ્નવિજયગણી
જયંત કોઠારી
કાન્તિભાઈ બી. શાહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ

*Upādhyāya Yaśovijaya Swādhyāya Grantha*
Collection of essays
on the life and works of Upādhyāya Yaśovijaya,
Ed. Pradyumnavijayagani, Jayant Kothari, Kantibhai B. Shah
1993, Mahavira Jaina Vidyalaya, Bombay

પહેલી આવૃત્તિ, માર્ચ ૧૯૯૩
નકલ ૫૦૦

કિંમત રૂ. ૧૫૦

આવરણ : શૈલેશ મોદી

પ્રાપ્તિસ્થાન
સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ તથા અમદાવાદ
આર. આર. શેઠની કંપની, મુંબઈ તથા અમદાવાદ

*પ્રકાશક*
ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રીકાંતભાઈ સાકરચંદ વસા
દિનેશભાઈ જીવણલાલ કુવાડિયા
મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬

*લેસર ટાઈપસેટિંગ*
શારદા મુદ્રણાલય (લેસર વિભાગ)
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

*મુદ્રક*
ભગવતી મુદ્રણાલય
૧૯, અજય ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૪

# પ્રાર્થના

(પૃથ્વી)

અનાથ; વળી ભવરણે વિષયધૂલિ આંધી ઘણી,
ન ક્યાંય નજરે ચઢે વિમલવાટ કે ઓટલો.

પદસ્ખલન પામતો, પદપદે મૂંઝાતો ઘણું,
નિરાશ, ભયભીત ને ચપલ, જાત હીણી ગણું.

તિહાં પૂરવ પુણ્યથી અકથ હેતુથી 'જસ' મલ્યા,
નિહાળી મુજ ચિત્તમાં અકળ સાત વ્યાપી રહી.

છતાંય મુજ દેહ ને ચરણમાં ન જુસ્સો કશો,
પરંતુ મુજ ચિત્તમાં પ્રબળ એક શ્રદ્ધા ધરું.

કરું વિનતિ એટલી વિનયનમ્ર વદને પ્રભો,
કૃપાસભર નેણથી મુજ ભણી નિહાળો સદા.

સમગ્ર ભવને વિશે સતત સાથ રહેજો મુદા,
નમી વળી વળી લળી તુમ તણા ભરોસે કહું.

જરૂર 'જસ' આંગળી વળગી પાર પહોંચીશ હું !

—પ્ર.

જસ-વર્દ્ધાપક શાસને જી, સ્વસમય-પરમત-દક્ષ;
પોહચે નહિ કોઇ એહને જી, સુગુણ અનેરા શત લક્ષ.

કૂર્ચાલી શારદ તણો જી, બિરુદ ધરે સુવદીત;
બાલપણિ અલવિ જિણેજી, લીધો ત્રિદશગુરુ જીત.

*

શ્રી યશોવિજય વાચક તણા, હું તો ન લહું ગુણવિસ્તારો રે;
ગંગાજલ-કણિકા થકી, એહના અધિક અછે ઉપગારો રે.

વચન-રચન સ્યાદ્‌વાદનાં, નય નિગમ અગમ ગંભીરો રે;
ઉપનિષદા જિમ વેદની, જસ કઠિન લહે કોઇ ધીરો રે.

શીતલ પરમાનંદિની, શુચિ વિમલ-સ્વરૂપા સાચી રે;
જેહની રચના-ચંદ્રિકા, રસિયા જણ સેવે રાચી રે.

લઘુબાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે;
છતા યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે.

મુનિ શ્રી કાંતિવિજયજી
('સુજસવેલી ભાસ')

# પ્રકાશકીય નિવેદન

જૈન પરંપરામાં આચાર્ય સિદ્ધસેન દિવાકર, આચાર્યશ્રી હરિભદ્રસૂરિ, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પછી, આ સૌ પુરોગામીઓની હરોળમાં બેસી શકે એવી પ્રખર પ્રતિભા આપણને ૧૭મી સદીમાં પ્રાપ્ત થાય છે તે જૈન ધર્મના પરમ પ્રભાવક, મહાન દાર્શનિક, ન્યાયાચાર્ય અને વિરલ વિદ્વત્પ્રતિભાથી 'કૂર્ચાલી શારદા' ગણાયેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી. વિ.સં.૧૭૪૩માં ડભોઈ મુકામે એમનો સ્વર્ગવાસ થયો. એ રીતે સં.૨૦૪૩માં આ મહાન પ્રતિભાનો દેહવિલય થયે ત્રણસો વર્ષ પૂરાં થયાં.

ઉપાધ્યાય યશોવિજયજીની ત્રિશતાબ્દી નિમિત્તે આ સંસ્થા તરફથી તા. ૧૨–૧૩ ડિસેમ્બર ૧૯૮૭ના બે દિવસોએ પૂ.પં.શ્રી પ્રદ્યુમ્નવિજયગણીની નિશ્રામાં 'ઉપાધ્યાય યશોવિજયજી : વ્યક્તિત્વ અને વાઙ્મય' વિશે અમદાવાદ ખાતે એક પરિસંવાદનું આયોજન કરાયું. એમાં ગુજરાત અને ગુજરાત બહાર વસતા કેટલાક વિદ્વાનોએ યશોવિજયજીનું વ્યક્તિત્વ, એમની બહુમુખી પ્રતિભા અને એમના વિવિધ ગ્રંથો વિશે લગભગ ૩૦ જેટલા અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કર્યા. એ પછી આ જ વિષય પર બીજો એક પરિસંવાદ ૨૦મી માર્ચ ૧૯૮૮ના રોજ કોબા ખાતે યોજાયો. બન્ને પરિસંવાદોનું સંયોજન પ્રા. જયંત કોઠારીએ સફળ રીતે કર્યું.

ઉપાધ્યાય યશોવિજયજીની પ્રતિભા અને એમના ગ્રંથો વિશે ઊંડો અભ્યાસ રજૂ કરતા આ નિબંધો ગ્રંથસ્થ થાય તો સારું, થવા જ જોઈએ એવી લાગણી પરિસંવાદો થયા ત્યારે પણ સૌની હતી જ. 'પઢમં નાણં તઓ દયા'ના મુદ્રાલેખને વરેલી આ સંસ્થાએ હોંશભેર આવા ગ્રંથપ્રકાશન માટે સંમતિ દર્શાવી. શ્રી જયંત કોઠારીએ ઉપાધ્યાય યશોવિજયજીના અધ્યયનમાં સતત ખૂંપ્યા રહેતા પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ અને શ્રી કાન્તિભાઈ બી. શાહના સહયોગમાં ગ્રંથસંપાદનની કામગીરી નિષ્ઠાપૂર્વક સંભાળી. એની ફલશ્રુતિ રૂપે આકાર પામ્યો તે આ 'ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ.' ગ્રંથમાંની સામગ્રી જ એ ગ્રંથની મૂલ્યવત્તાની સાબિતી છે.

સંસ્થા પોતાનો અમૃતમહોત્સવ ઉમંગભેર અને ઉજ્જ્વલ રીતે ઊજવી રહી છે એ સમયે ગંભીર વિદ્યાધ્યયનની આવી મહત્ત્વની સામગ્રી જૈન-જૈનેતર સમાજને સાદર કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ અને આશા રાખીએ છીએ કે આ સાહિત્યસામગ્રીનો સૌ આત્મહિતાર્થ ઉપયોગ કરશે. જૈન સમાજના સાથ-સહકારથી આ સંસ્થા આવાં વિદ્યાકીય કાર્યો વધુ ને વધુ કરતી રહે એવી અમારી અભિલાષાને સર્વ સહૃદયીઓની અનુમોદના મળી રહો એવી અમારી અભ્યર્થના છે.

આવા અભ્યાસપૂર્ણ ગ્રંથનું સંપાદનકાર્ય જેમની નિશ્રામાં થયું તે પૂ.પં.શ્રી પ્રદ્યુમ્નવિજયગણીનો અમે ઋણસ્વીકાર કરીએ છીએ અને સંપાદકો શ્રી જયંત

કોઠારી અને કાન્તિભાઈ બી. શાહ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. જેમના લેખો અહીં સામેલ છે તે સૌ અભ્યાસી વિદ્વાનોનો પણ અમે આભાર માનીએ છીએ. તે સિવાય પણ આ ગ્રંથપ્રકાશનમાં જેમની-જેમની સહાય પ્રાપ્ત થઈ છે તે સૌના અમે આભારી છીએ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય,
ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ,
મુંબઈ ૪૦૦ ૦૩૬
તા.૧૫-૧-૧૯૯૩

ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રીકાંતભાઈ સાકરચંદ વસા
દિનેશભાઈ જીવણલાલ કુવાડિયા
*મંત્રીઓ*

# સંપાદકીય નિવેદન

બહુશ્રુત દાર્શનિક, પ્રખર ન્યાયાચાર્ય, કાવ્યમીમાંસક અને સર્જક કવિ તરીકેની વિરલ પ્રતિભા ધરાવતા અને જૈન પરંપરામાં 'લઘુ હરિભદ્રાચાર્ય'નું બિરુદ પામેલા યુગપ્રભાવક ઉપાધ્યાય યશોવિજયજી સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં ૧૧૦થીય વધુ ગ્રન્થોનું સર્જન કરી ગયા. સંવત ૧૭૪૩માં ડભોઈ મુકામે તેઓ કાળધર્મ પામ્યા. સંવત ૨૦૪૩માં આ મહાન પ્રતિભાના દેહવિલયને ત્રણસો વર્ષ પૂરાં થતાં હોઈ એ વર્ષ ઉપાધ્યાય યશોવિજયજીની ત્રિશતાબ્દીનું વર્ષ હતું.

ઉપાધ્યાયજીનાં જીવનકવન, પ્રતિભા અને પુરુષાર્થ ઠીકઠીક સમય સુધી ઓઝલ રહ્યાં. દંતકથા-આધારિત એમનું જીવનવૃત્ત પ્રસાર પામતું રહ્યું ને એમનું મહિમાગાન થતું રહ્યું પરંતુ એમના ગ્રંથો અપ્રાપ્ય હતા તેથી એમના સાહિત્યના અભ્યાસની દિશા બંધ જેવી હતી. મુનિ પુણ્યવિજયજીના ઉદ્યમથી એમના ગ્રંથોની હસ્તપ્રતો પ્રાપ્ત થતી ગઈ, ઉપાધ્યાયજીનું જીવનવૃત્ત વર્ણવતી, સમકાલે રચાયેલી કાન્તિવિજયની 'સુજસવેલી ભાસ' એ કૃતિની મોહનલાલ દલીચંદ દેશાઈને પ્રાપ્તિ થઈ અને ઉપાધ્યાયજીના જીવનકવન પર નવો પ્રકાશ પડવા લાગ્યો. શ્રી વિજયધર્મ-સૂરિના શિષ્ય મુનિશ્રી યશોવિજય (હાલ શ્રી યશોદેવસૂરિ)ના પ્રયત્નોથી ડભોઈમાં ૧૯૫૩ના માર્ચની સાતમી-આઠમી તારીખે ઉપાધ્યાયજીની સ્વર્ગવાસ-ભૂમિ ડભોઈમાં એક ભવ્ય સારસ્વત-સત્ર યોજાયું, જેમાં જૈન-જૈનેતર વિદ્વાનો, સાધુસંતો ને શ્રાવકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત થઈ ઉપાધ્યાયજીની બહુમુખી પ્રતિભાને ભાવભરી અંજલિ અર્પિત કરી. મુનિશ્રી યશોવિજયજીએ 'શ્રી યશોવિજય સ્મૃતિ ગ્રંથ' સંપાદિત કરી ૧૯૫૭માં પ્રકાશિત કર્યો, જેમાં ઉપાધ્યાયજીના જીવનકવન અંગેના અભ્યાસો પહેલી વાર રજૂ થયા. સારસ્વત-સત્ર અને સ્મૃતિગ્રન્થે ઉપાધ્યાયજીને જગતના ચોકમાં મૂકી આપવાનું અને એમની મહત્તા તથા વિદ્વત્તાને ઉજ્જ્વલ રંગે પ્રકાશિત કરવાનું પુણ્યકર્મ કર્યું. પછીથી મુનિશ્રી યશોવિજયજીએ યશોભારતી પ્રકાશન સમિતિ દ્વારા ઉપાધ્યાયજીના ગ્રંથોના પ્રકાશનનો ઉપક્રમ હાથ ધર્યો અને ઉપાધ્યાયજીનાં નામકામ સર્વત્ર ગાજતાં થયાં.

ત્રિશતાબ્દીના અવસરે, વિશેષ સાધનો હવે લભ્ય હોઈ, ઉપાધ્યાયજીના જીવનકવનનો નવેસરથી ને વધુ ઊંડાણથી અભ્યાસ થાય એ અપેક્ષિત હતું.

જોગાનુજોગ આ વર્ષમાં અમદાવાદમાં પાલડી, ભગવાનનગરના ટેકરે વિશ્વનંદિકર જૈન સંઘના ઉપાશ્રયમાં પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજીનો ચાતુર્માસ. પ્રદ્યુમ્નવિજયજી એટલે યશોવિજયજીના ગ્રંથોના ઊંડા અભ્યાસી, યશોવિજયજીના અધ્યયનમાં સદાય ઓતપ્રોત. આ ત્રિશતાબ્દી નિમિત્તે યશોવિજયજીનાં વ્યક્તિત્વ, પ્રતિભા અને ગ્રંથો વિશે એક અભ્યાસપૂર્ણ પરિસંવાદ થાય એવી એમની તીવ્ર અભિલાષા. મુંબઈની શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંસ્થાએ એમની આ ઇચ્છાનો સાનુકૂળ પ્રતિભાવ આપ્યો અને ડિસેમ્બર ૧૯૮૭માં આવો એક પરિસંવાદ

યોજવાનું નક્કી થયું. આ પરિસંવાદનું સમગ્ર આયોજન જયંત કોઠારીને સોંપાયું. જયંતભાઈએ વિદ્વાનોને આમંત્રણ પાઠવીને પરિસંવાદ પૂર્વે બેત્રણ બેઠકો કરી અને નિબંધવાચન માટે સૂચિત વિષયોની ફાળવણી કરવામાં આવી. વિશ્વનંદિકર જૈન સંઘના સહયોગમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)ના ઉપક્રમે ૧૨–૧૩ ડિસેમ્બર ૧૯૮૭ના બે દિવસોએ 'ઉપાધ્યાય યશોવિજય : વ્યક્તિત્વ અને વાઙ્મય' એ વિષય પર પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજીની નિશ્રામાં પરિસંવાદ યોજાયો. એમાં ત્રીસેક જેટલા અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ થયા. સર્વશ્રી મધુસૂદન ઢાંકીએ પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું અને સંચાલન જયંત કોઠારીએ સંભાળ્યું.

આ પરિસંવાદની વિશિષ્ટતા એ હતી કે એમાં નિબંધો રજૂ કરનાર મોટે ભાગે જૈનેતર વિદ્વાનો હતા. તેઓ ન્યાય, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ વગેરે શાસ્ત્રોના અધિકૃત વિદ્વાનો હતા, કૉલેજ કે યુનિવર્સિટીકક્ષાના પ્રાધ્યાપકો હતા. એમણે બારીક વિશ્લેષણપૂર્વક અને સઘન શાસ્ત્રીયતાથી યશોવિજયજીના વિવિધ ગ્રંથોના પોતાના અભ્યાસો રજૂ કર્યા અને યશોવિજયજીના વિદ્યાકાર્યની મહત્તા બરાબર પ્રમાણી. જૈન ઉપાશ્રયમાં વિદ્યાગોષ્ઠિનું એક એવું અપૂર્વ વાતાવરણ સર્જાયું કે એક વિદ્વાને પરિસંવાદને અંતે માર્મિક પ્રશ્ન કર્યો કે આ બે દિવસ આપણે કોઈ જૈન ઉપાશ્રયમાં બેઠા છીએ એવું ક્યારેય આપણને લાગ્યું ?

પરિસંવાદને અંતે સૌની એ લાગણી હતી કે ઉપાધ્યાય યશોવિજયજીની વિદ્વત્તાનાં કેટલાંક પાસાં અને ગ્રન્થો હજી વણસ્પર્શ્યાં રહી ગયાં છે. એટલે સૌના હર્ષોલ્લાસ વચ્ચે, મુંબઈથી પરિસંવાદમાં ઉપસ્થિત ડૉ. રમણલાલ ચી. શાહે આને આનુષંગિક બીજો પરિસંવાદ ટૂંક સમયમાં અનુકૂળ સ્થળે યોજવાની શ્રી મહાવીર જૈન વિદ્યાલય વતીથી જાહેરાત કરી.

૨૦મી માર્ચ ૧૯૮૮ના રોજ આ જ વિષય પર બીજો પરિસંવાદ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા ખાતે પં.શ્રી પ્રદ્યુમ્નવિજયજીની નિશ્રામાં યોજવામાં આવ્યો. ડૉ. દલસુખભાઈ માલવણિયાએ આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું અને ડૉ. હરિવલ્લભ ભાયાણી જેવા વિદ્વત્વર્યે અસ્વસ્થ તબિયતે પણ ખાસ પધારી પરિસંવાદની ઉચિત ભૂમિકા બાંધી આપી. આ પરિસંવાદમાં કેવળ ગુજરાતમાંથી જ નહીં, છેક મુંબઈ, પૂના, બનારસથી પણ વિદ્વાનોએ ઉપસ્થિત રહી નિબંધવાચન કર્યું. આ પરિસંવાદનું પણ સમગ્ર આયોજન-સંચાલન જયંત કોઠારીએ કર્યું. પં.શ્રી પ્રદ્યુમ્નવિજયજી બન્ને પરિસંવાદોના યથાર્થ માર્ગદર્શક-પ્રેરક બની રહ્યા.

પરિસંવાદને અંતે સૌની એ લાગણી હતી કે પરિસંવાદ નિમિત્તે પરિશ્રમપૂર્વક તૈયાર થયેલા આ નિબંધો ગ્રંથસ્થ થવા જોઈએ. જયંત કોઠારીએ, પછીથી, વિદ્યાલય સમક્ષ આ માટેનો પ્રસ્તાવ મૂક્યો અને ૧૯૯૦માં વિદ્યાલયના મંત્રીઓએ આ પ્રસ્તાવનો સહર્ષ સ્વીકાર કર્યો. 'ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ'ના સંપાદન-પ્રકાશનની જવાબદારી જયંત કોઠારી અને કાન્તિભાઈ બી. શાહ પર આવી.

પરિસંવાદમાં ભાગ લેનાર સૌ વિદ્વાનો પાસેથી નિબંધો એકત્ર કરવાની કામગીરીનો આરંભ કર્યો. જૂજ જ અપવાદો સિવાય સૌએ, ભલે થોડાક વહેલામોડા પણ, નિબંધો અમને મોકલી આપ્યા. વિષયસામગ્રીની દૃષ્ટિએ નિબંધો તપાસી જવાનો અને એ પરત્વે ઘટતાં સૂચનો કરવાનો અધિકાર કેવળ પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજીનો જ ગણાય. એટલે તજ્જ્ઞ તરીકે બધા લેખો જોઈ આપવાનું કામ તેઓશ્રી કરી આપે તો ગ્રંથસંપાદનની બાકીની જવાબદારી અમે સંભાળી લઈશું એવી એમને ખાતરી આપીને પ્રદ્યુમ્નવિજયજીને આ કામ સાથે સાંકળ્યા. જેમજેમ લેખો મળતા ગયા તેમતેમ તેમને, તેઓ વિહારમાં જ્યાં હોય ત્યાં, મોકલાતા ગયા. મહારાજશ્રી બહુ જ ચીવટથી બધા જ લેખો શબ્દશઃ જોઈ ગયા અને પ્રત્યેક લેખ સાથે જરૂરી પૂર્તિ-શુદ્ધિવૃદ્ધિ-સૂચનો અંગેની નોંધ મૂકતા ગયા. એ પછી કાંતિભાઈ શાહે લેખોને ભાષાદૃષ્ટિએ તપાસ્યા અને જયંત કોઠારીએ છેવટની સંપાદનક્રિયા કરી. આવશ્યક લાગ્યું ત્યાં શંકાસ્પદ સ્થાનો પરત્વે લેખકોનો સંપર્ક કર્યો. આ પ્રક્રિયામાં થોડો સમય ગયો, પણ કામ વધારે સાફસૂથરું થતું ગયું.

આ બધા સમય દરમિયાન પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજીની એક પ્રબળ ભાવના હતી કે ઉપાધ્યાય યશોવિજયજીના જન્મસ્થળ કનોડા (મહેસાણા જિલ્લો) ખાતે આ ત્રિશતાબ્દી નિમિત્તે પણ કશોક ભવ્ય કાર્યક્રમ યોજવો જોઈએ જે યશોવિજયજીની ગરિમાને અનુરૂપ હોય.

૨૨–૨૩ ફેબ્રુઆરી ૧૯૯૨ના બે દિવસોએ કનોડા ખાતે યશોવિજયજીની પુણ્યસ્મૃતિમાં બાંધવામાં આવેલી માધ્યમિક શાળાનું ઉદ્‌ઘાટન, યશોવિજયજીના ગ્રન્થોનું પ્રદર્શન, યશોવિજયજીના ગ્રન્થ 'અધ્યાત્મસાર'ને ગજરાજની અંબાડીમાં મૂકી નીકળેલી ભવ્ય શોભાયાત્રા વગેરે કાર્યક્રમો પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજીની પાવન નિશ્રામાં યોજાયા. અગાઉ મહારાજશ્રીની ઈચ્છા એવી હતી કે કાર્યક્રમોની સાથે જ 'ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ'ની વિમોચનવિધિ પણ રાખવી. પરંતુ જયંતભાઈ કોઠારીની અણધારી આવી પડેલી અને લંબાયેલી માંદગીને કારણે આ સમયમર્યાદામાં ગ્રંથપ્રકાશનની શક્યતા નહોતી. એટલે કનોડા ખાતે યોજાયેલા અન્ય કાર્યક્રમોની સાથે પ્રસ્તુત ગ્રંથની મંગલ મુદ્રણ-આરંભ વિધિ યોજીને જ સંતોષ માનવો પડ્યો. બન્ને પરિસંવાદમાં ભાગ લેનાર સૌ વિદ્વાનોને મહારાજશ્રીએ કનોડા ખાતેના ઉત્સવમાં ભાગ લેવા માટે ભાવપૂર્વક નોતર્યા. આ અંગેની કાર્યવાહી કાંતિભાઈ શાહે સંભાળી. સૌ વિદ્વાનોને અમદાવાદથી કનોડા લાવવા-લઈ જવાની, રહેવા-જમવાની સગવડ કરવા સાથે ત્યાં એ સૌનું બહુમાન પણ કરવામાં આવ્યું. સૌ વિદ્વાનો માટે કનોડાનો આ મહોત્સવ એક ભવ્ય સંભારણું બની ગયો.

છેવટે ઠીકઠીક સમયથી હાથમાં લીધેલું ગ્રંથના સંપાદન-પ્રકાશનનું કામ હવે પૂર્ણતાને આરે છે એનો અમને સંતોષ છે. સ્વાધ્યાય ગ્રંથની વિષયસામગ્રી જ એની મૂલ્યવત્તા નક્કી કરી આપશે.

બન્ને પરિસંવાદોમાં રજૂ થયેલા તમામ નિબંધો અહીં સામેલ કરી શકાયા નથી. કેટલાક વિદ્વાનોએ પુનઃપુનઃ માગણી કરવા છતાં પોતાના નિબંધ લિખિત સ્વરૂપે મોકલ્યા જ નહીં કેટલાક નિબંધો અમને મળ્યા હોવા છતાં આ ગ્રંથને અનુરૂપ ન હોવાથી અમે અહીં સમાવી શક્યા નથી. તો વળી, એમ પણ બન્યું છે કે પરિસંવાદમાં નિબંધ રૂપે રજૂ ન થયા હોય તોપણ આ ગ્રંથ માટે ખાસ નિમંત્રણથી તૈયાર કરાવેલા નિબંધો અહીં સામેલ કર્યા છે. ઉપાધ્યાય યશોવિજયજીની પ્રતિભાનાં વિવિધ પાસાંઓ અને એમના મુખ્યમુખ્ય ગ્રંથોને આવરી લઈ શકાય એ દૃષ્ટિકોણ આની પાછળ અમારો રહ્યો છે. શ્રી મુકુન્દ ભટ્ટનો 'ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર – એક સંક્ષિપ્ત રસદર્શન' લેખ અને શ્રી કનુભાઈ જાનીનો 'સમુદ્ર-વહાણ સંવાદ' લેખ બન્ને કનોડા ખાતે યોજવામાં આવેલા સમારંભમાં વંચાયા હતા, તેમને અહીં સમાવી લેવાયા છે.

આગળ જણાવ્યા પ્રમાણે આ ગ્રંથમાં છપાતાં પહેલાં લેખો ચકાસાયા છે ને સંપાદિત પણ થયા છે. ક્યાંક થોડા મઠારાયા છે. ક્યાંક થોડો સંક્ષેપ પણ થયો છે – ખાસ કરીને ભૂમિકારૂપ સામાન્ય લખાણ કે જુદાજુદા લેખોમાં પુનરાવર્તિત થતી વાત છોડી દીધેલ છે ને પ્રસ્તાર જણાયો ત્યાં લાઘવનો આશ્રય લીધો છે. લેખકોની ઉદાર સંમતિથી જ આ થઈ શક્યું છે. પણ એવું બન્યું છે કે લેખકોએ પોતાના લેખો અન્યત્ર છપાવ્યા હોય તો એનાથી અહીં સ્વરૂપ કેટલીક વાર થોડું બદલાયું છે. વાચકોને આ હકીકત લક્ષમાં રાખવા ખાસ વિનંતી છે.

પ્રસ્તુત સ્વાધ્યાય ગ્રંથમાં લેખોનો ક્રમ કંઈક આ રીતે રાખ્યો છે : પહેલાં યશોવિજયજીનાં જીવન, વ્યક્તિત્વ, પ્રતિભા, કૌશલ્ય વિષયક લેખો; પછી અધ્યાત્મ, તત્ત્વદર્શન, ન્યાય, તર્ક, ભાષા, કાવ્યમીમાંસાને લગતા લેખો; તે પછી યશોવિજયજીની સર્જનાત્મક સંસ્કૃત રચનાઓ – સંસ્કૃત પત્ર વિશેના લેખો અને ત્યાર બાદ યશોવિજયજીની સર્જનાત્મક ગુજરાતી રચનાઓ – રાસ, સંવાદ, ચોવીસી, વીશી, પદો – પરના લેખો.

આ અગાઉ પં.શ્રી પ્રદ્યુમ્નવિજયજીના પુસ્તક 'યશોવન્દના'માં જયંત કોઠારી, કાન્તિભાઈ બી. શાહ અને રસિક મહેતાએ તૈયાર કરેલી યશોવિજયજીના પ્રકાશિત ગ્રન્થોની સૂચિ સમાવિષ્ટ કરાઈ હતી. એ સૂચિ કેટલીક શુદ્ધિ-વૃદ્ધિ સાથે આ સ્વાધ્યાય ગ્રંથમાં પણ સમાવી લીધી છે. યશોવિજયજીના પ્રકાશિત ગ્રન્થોની સૂચિ આપવા ઉપરાંત યશોવિજયજી વિશેનાં કેટલાંક મહત્ત્વનાં પુસ્તકો-લેખોની સૂચિ પણ આ ગ્રંથમાં અમે મૂકી છે. યશોવિજયજીના ગ્રન્થોની સૂચિની શુદ્ધિવૃદ્ધિનું તથા યશોવિજયજી વિશેની સાહિત્યસામગ્રીની સૂચિનું કામ સલોની જોશીએ કરી આપ્યું છે. આ બંને સૂચિઓ ઉપાધ્યાય યશોવિજયજીના સાહિત્યનું અધ્યયન-સંશોધન કરવા માગતા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે એવી અમને શ્રદ્ધા છે.


આવા મૂલ્યવાન ગ્રંથના પ્રકાશનની તત્પરતા દાખવવા માટે શ્રી મહાવીર જૈન

વિદ્યાલય (મુંબઈ)ના મંત્રીશ્રીઓના અમે આભારી છીએ. પરિસંવાદના આયોજન અને ગ્રંથપ્રકાશનમાં ડૉ. રમણલાલ ચી. શાહે પણ જે રસરુચિ દર્શાવ્યાં અને જહેમત ઉઠાવી છે તે માટે એમનો પણ આભાર માનવો ઘટે. આ ગ્રંથ માટે પોતાના અભ્યાસ-લેખો મોકલી આપનાર સૌ વિદ્વાન લેખકોનો અમે હાર્દિક આભાર માનીએ છીએ. છેવટે તો આ ગ્રંથ એ સૌ વિદ્વાનોની અભ્યાસશીલતાનો જ આવિષ્કાર છે. આ સૌ વિદ્વાનોએ અત્યંત સૌહાર્દપૂર્વક અમારા સંપાદનકાર્યમાં અમને સહયોગ – સહકાર આપ્યો છે એની નોંધ લેવી ઘટે. અત્યંત કાળજીપૂર્વક લેસર ટાઈપસેટિંગનું કામ કરી આપવા માટે શારદા મુદ્રણાલયના શ્રી રોહિત કોઠારીના, સફાઈદાર મુદ્રણકાર્ય માટે ભગવતી મુદ્રણાલયના શ્રી ભીખાભાઈ પટેલના અને ટાઈટલ ચિત્ર માટે શ્રી શૈલેશ મોદીના પણ અમે આભારી છીએ.

તા.૧૦–૨–૧૯૯૩

જયંત કોઠારી

કાન્તિભાઈ બી. શાહ



ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાયજી ૧૦૦૮ શ્રીમદ્ યશોવિજયજી
મહારાજના સમાધિમંદિર(ડભોઈ)માં પધરાવેલી
પવિત્ર ચરણકમળ પાદુકા

# યશોલોકમાં

વિ.સં.૨૦૪૩નું વર્ષ એટલે પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સ્વર્ગવાસનું ત્રિશતાબ્દીવર્ષ. તેઓશ્રીના ગ્રન્થોનું આકર્ષણ ઘણું હતું તેથી તેઓ પ્રત્યે પણ ભક્તિ-બહુમાન હતાં.

તેઓ પ્રત્યેની ભક્તિમાં વૃદ્ધિ કરવાનો આ અવસર છે એટલે કાંઈ કરીએ એમ થયા કરતું. વિ.સં.૨૦૪૨નું ચોમાસું નવસારી હતા. ત્યાં શ્રી ર. ચી. શાહ આવ્યા અને વાત થઈ કે પૂ. ઉપાધ્યાયજી મહારાજ અંગે કાંઈક કરવામાં આવે તો સારું. તેઓએ કહ્યું અવસર સારો છે; વિચારીએ. પછી અમારો વિહાર થયો.

એ જ વર્ષમાં તેઓશ્રીની સ્વર્ગવાસભૂમિ ડભોઈની સ્પર્શના કરવાનું સૌભાગ્ય સાંપડ્યું. પૂરા ત્રેવીસ દિવસ ડભોઈવાસ કર્યો. અને ગામથી દોઢ કિ.મી. દૂરની એ પુણ્ય તીર્થભૂમિની, ઉપાધ્યાયજીના ગુણપ્રમાણ પૂરી પચ્ચીસ યાત્રા કરી. સ્પર્શના ફળવતી બની. છેલ્લાં દશ વર્ષથી કાવ્યની સરવાણી રૂંધાઈ ગઈ હતી તે એ ભૂમિની સ્પર્શનાથી ફરી ફૂટી નીકળી – નાનું ઝરણું રેલાયું. પહેલી જ રચના તેઓશ્રીની સ્તુતિસ્વરૂપ થઈ. જોતજોતામાં ૧૦–૧૨ કડી માત્ર બે કલાકમાં ઊતરી આવી. આ ચમત્કાર એ ભૂમિનો હતો. અંગ્રેજીમાં જેને 'ચાર્જિંગ પ્લૉટ' કહે છે તેવું લાગ્યું.

વૈશાખ સુદ ત્રીજ સાંજે અમદાવાદ તરફ વિહાર કર્યો અને અમદાવાદ આવ્યા. ચોમાસું ભગવાનનગરના ટેકરે શ્રી વિશ્વનંદિકર સંઘમાં હતું. ફરી પેલી વાત તાજી થઈ. શ્રી ર. ચી. શાહની સાથે પત્રવ્યવહારનો દોર ચાલુ થયો. તેમને શ્રી જયંતભાઈ કોઠારીની સાથે આ બાબત વિચારીને બધું અંકે કરવાનું કહ્યું.

વિચારવિનિમય કર્યો. પરિસંવાદ કરવો, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો અંગે વિદ્વાનોની પાસે નિબંધ તૈયાર કરાવવા એમ નક્કી કર્યું.

વિષયવિચાર માટે થોડાક વિદ્વાનોને આમંત્ર્યા. તેમાં જૈન પણ હતા તો અજૈન પણ હતા. બધા આવ્યા. પ્રેમથી આવ્યા. નિકટતાની અનુભૂતિ થઈ. આ તો સર્વોપરિ વિદ્યાના તાંતણે મળવાનું હતું. વિદ્વાનોનાં નામની સૂચિ અને બીજી બાજુ ગ્રંથની સૂચિ કરી. થોડીથોડી દ્વિધા વચ્ચે વિષયો ફાળવ્યા. પછીથી વિદ્વાનોને જોઈતી ગ્રન્થ આદિની માહિતી-સામગ્રી સુલભ કરી આપી. મંડાણ સારાં થયાં છે, પરિણામ સારું આવશે તેવો વિશ્વાસ બેઠો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી ર. ચી. શાહ સાથે પત્રવ્યવહાર કરી પરિસંવાદનો દિવસ નક્કી થયો. ભગવાન-નગરના ટેકરાના શ્રી વિશ્વનંદિકર જૈન સંઘના હૂંફાળા-ઉમળકાભર્યા આવકાર સાથે પરિસંવાદનો પ્રારંભ થયો. પહેલી જ બેઠકમાં વિદ્વાનોની અનૌપચારિકતાથી મારો રહ્યોસહ્યો પણ ક્ષોભ ઓગળી ગયો. તેઓના નિશ્છલ સ્નેહરસથી હું ભીંજાયો. બે દિવસની ચાર બેઠકમાં અમે બધા સ્થળ અને કાળના સીમાડા ઓળંગીને યશોલોક-માં વિહરવા લાગ્યા.

પરિસંવાદમાં કેવીકેવી વ્યક્તિની ઉપસ્થિતિ હતી ! જેથી પરિસંવાદનું સ્તર

આપોઆપ ઊંચકાઈ જાય અને નિરામય વિદ્યાની સોડમથી મઘમઘતું બની રહે. એક બાજુ વિદ્યાતીર્થ જેવાં એસ્તેરબહેન સોલોમન, મધુસૂદન ઢાંકી ને મુકુંદ ભટ્ટ તો બીજી બાજુ કર્ણાટક, પૂના, વડનગરના વિદ્વાનો, અમદાવાદના સ્થાનિક, સંસ્કૃત ભાષાના દાર્શનિક, સાહિત્યિક વિદ્વાનો પણ હતા. કહો ને કે અમદાવાદના વિદ્વજ્જગતનું ક્રીમ અહીં હાજર હતું. આધુનિક દાર્શનિક પ્રવાહોમાં અવગાહન કરનાર વિદ્વાનો પણ હતા, તો વિદુષી બહેનો પણ હતાં.

સાચે જ એ દિવસો યાદગાર બની ગયા. ચિરંતન પુરુષની ચિરંજીવી કૃતિઓ-માંથી તારવેલા નવનીતનું આચમન કરીને બધા તૃપ્ત બની ગયા.

વિસર્જન વેળાએ બધાએ એકી અવાજે આવા પરિસંવાદ ફરીફરીને – વારંવાર યોજવા જોઈએ તેવા સ્વરનું ઉચ્ચારણ કર્યું. અને જે વિદ્વાનો આ બે દિવસમાં પહોંચી શક્યા ન હતા – આમાં સમાવી શકાયા નહોતા તેમને માટે બીજો પરિસંવાદ કોબા મુકામે રાખવામાં આવ્યો. તેમાં જૂના વિદ્વાનો ઉપરાંત નવા વિદ્વાનો પણ પધાર્યા હતા. આમાં આગ્રહને વશ થઈ શ્રી હરિવલ્લભ ભાયાણી પણ પધાર્યા હતા. અને અમારા મિત્ર મુનિશ્રી ધુરંધરવિજયજી પણ આવી પહોંચ્યા હતા. વિદ્યા-વિનોદ સાથે ઉપાધ્યાયજી મહારાજના તાત્ત્વિક પદાર્થોની રસભરિત ચર્ચા માણી. આ રીતે આવા માહોલ વચ્ચે વારંવાર મળવાનું થાય તો કેવું સારું, એવી અનુભૂતિ સમકાળે સર્વને થઈ.

ઉપાધ્યાયજી મહારાજના ગ્રન્થો અંગેનું વિદ્વાનોએ તારવેલું નવનીત માત્ર કાગળ ઉપર જ ન રહે અને આ ત્રણ દિવસમાં ભાગ લેનારા પૂરતું જ સીમિત ન બની રહે પણ ચિરકાળ સુધી આ અમીરસનું પાન વિદ્વજ્જગત દ્વારા થતું રહે તે માટે તેનો ગ્રન્થ કરવો જોઈએ એવો સ્વર પણ બધાના મનમાંથી ઊઠ્યો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે ગ્રંથપ્રકાશનનો નિર્ણય લેતાં કામ શરૂ થયું. બધા વિદ્વાનો પાસેથી એ ટાંચણ સ્વરૂપે લાવેલા નિબંધોનો પૂરો અક્ષરદેહ મેળવવો, ઉઘરાણી કરવી અને તે આવ્યા પછી પણ તેમાં રૂપકામ કરવાનું – આ બધી નાનીમોટી પ્રક્રિયામાંથી પસાર કરીને આજે અમે આ નિબંધસંચયને વિદ્વાનોના કરકમલમાં મૂકવા ભાગ્યવંત બન્યા છીએ.

વિદ્વાનોને હજી પણ આમાં બાકી રહેલા ગ્રંથો યાદ આવશે. તે જ રીતે પરિસંવાદમાં જોડાઈ નહીં શકેલા તે-તે વિષયના નીવડેલા વિદ્વાનોનાં નામ પણ તુર્ત હોઠે ચઢશે. પણ તે કાર્યનો હજી અવકાશ છે તેથી તે પણ કોઈકના દ્વારા અને ક્યારેક પૂર્ણ થશે તે આશા રાખવાનું અમારી જેમ બધાંને ગમશે.

ક્ષતિઓ માટે વિદ્વાનો અમારું ધ્યાન દોરે અને ક્ષમા કરે.

ઉત્તમ જે કાંઈ દેખાય તે ઉપાધ્યાયજી મહારાજનું છે અને તે આપણા સમક્ષ રજૂ કરનાર વિદ્વાનોનું છે.

પ્રદ્યુમ્નવિજય

# ઉપાધ્યાય યશોવિજયજી : પરંપરા અને પ્રસ્તુતતાના સંદર્ભે


૧૭મી શતાબ્દીમાં થયેલા ઉપાધ્યાય યશોવિજયજીએ વિપુલ સાહિત્ય-નિર્માણ કર્યું છે. તેમની કૃતિઓ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને હિંદી ભાષામાં, પદ્યમાં અને ગદ્યમાં, ધાર્મિક, ઔપદેશિક, દાર્શનિક અને કાવ્યાત્મક, તથા શૈલી અને પ્રકારની વિવિધતાવાળી છે. સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓ કેટલાક સૈકાઓના વિદ્યા-પરંપરાના પરિપાક રૂપે આપણી સમક્ષ આવે છે તો ગુજરાતી કૃતિઓને આપણે બે-ત્રણ શતાબ્દીની જૈન સાહિત્યિક પરંપરાના એક ઉચ્ચ બિંદુ તરીકે લેખી શકીએ. આ દૃષ્ટિએ તેમના વિશે પરિસંવાદ યોજાય તે સમુચિત અને અભિનંદનીય છે.

મેં તેમનો માત્ર 'જંબૂસ્વામી રાસ' વાંચ્યો હોઈને તેમના વિશે પરિચય કે મૂલ્યાંકન રૂપે કશું નક્કર કહેવાનો મારો અધિકાર નથી. એટલે સામાન્ય સ્વરૂપે જ થોડુંક કહીશ.

યશોવિજયજીના (અથવા તો કોઈ પણ લેખકના) કાર્યને વિશે આપણે બે દૃષ્ટિબિંદુથી વાત કરી શકીએ : પરંપરાને અનુલક્ષીને અથવા વર્તમાન પ્રસ્તુતતાને અનુલક્ષીને. યશોવિજયજીએ વારાણસી અને આગ્રામાં જઈ અધ્યયન કરી તત્કાલીન વૈદિક દાર્શનિક પરંપરા હસ્તગત કરી. પરિણામે નવ્ય ન્યાયની વિચારણાનો લાભ લઈને તેમણે જૈન ચિંતનપરંપરાને વ્યાપક અને સમૃદ્ધ કરી. ગુજરાતીમાં રાસ, સ્તવન, ગીત-સજ્ઝાય વગેરે રૂપે કથાત્મક, ઉપદેશાત્મક, સૈદ્ધાન્તિક અને ભક્તિભાવની તેમની રચનાઓ દ્વારા, વ્યાપક જૈન સમાજને માટે, પરંપરાગત વિષયો અને રચનારૂપોનું અનુસંધાન જાળવીને અને સમયાનુસાર તેમને પોતાની દૃષ્ટિ અને રચનાશક્તિના સ્પર્શે પુષ્ટ કરીને તેમણે સાંસ્કૃતિક પરંપરાનું જતન કર્યું.

યશોવિજયજીના સાહિત્યના અધ્યયનના આ એક અભિગમ ઉપરાંત બીજો અભિગમ તે તેમના સાહિત્ય(અને ચરિત્ર)માંથી જે આજના જિજ્ઞાસુ માટે રસપ્રદ, બોધક, પ્રેરક જણાય તેને ઉચિત રૂપે પ્રસ્તુત કરવું. તેમનું લેખન તેમના સમયના સમાજને અનુલક્ષીને થયું હોઈ, આજના પાઠક માટે, તદ્દન જુદા જ સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભમાં, તે બધું જ, વિષય, સામગ્રી અને સ્વરૂપની દૃષ્ટિએ ઉપયુક્ત ન જ નીવડે. એટલે જે કાર્ય યશોવિજયજીએ એમના સમયને સંદર્ભે કર્યું, તે કાર્ય તેમના અભ્યાસીઓએ તેમની કૃતિઓને અવલંબીને કરવાનું રહે. એ માટે તેમનાં લખાણો-માંથી એક સંચય તૈયાર કરી, તેની ભૂમિકા રૂપે તેમના કાર્યનો સંક્ષિપ્ત સર્વાંગી પરિચય અને મૂલવણી આપી શકાય. આવી રીતે આપણે તેમના જીવન અને કાર્યનું ગૌરવ અને અભિવાદન ઉચિતપણે કરી શકીએ.

હરિવલ્લભ ભાયાણી



સિંહવાદિગણિ ક્ષમાશ્રમણકૃત નયચક્રવૃત્તિનું પૃષ્ઠ
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના હસ્તાક્ષરમાં

## અનુક્રમ


૧. ઉપાધ્યાય યશોવિજયજીનું જીવનવૃત્ત : સંશોધનાત્મક અભ્યાસ . . . . . . . . . . . જયંત કોઠારી ૧
૨. યશોવિજયજીનું વ્યક્તિત્વ . . . . . . . . . જિતેન્દ્ર દેસાઈ ૩૯
૩. ઉપાધ્યાય યશોવિજયજીની દાર્શનિક પ્રતિભા . . . . . . . . . . . . . હેમંત જે. શાહ ૪૪
૪. ઉપાધ્યાય યશોવિજયજીનું અનુવાદકર્મ અને અનુવાદકૌશલ્ય . . . . . . . . . . પ્રદ્યુમ્નવિજયગણિ ૫૦
૫. 'અધ્યાત્મ-ઉપનિષદ'નો પ્રસાદ . . મુનિશ્રી જયસુંદરવિજયજી ૫૫
૬. 'Adhyātmopaniṣatprakaraṇa' – a Study . . . . . . . . . . . . . . . . . Y. S. Shastri ૬૨
૭. 'અધ્યાત્મસાર'માં યોગવિચારણા . . . . . નારાયણ કંસારા ૭૩
૮. 'જ્ઞાનસાર'નાં અષ્ટકો : વાટના દીવડા . . માલતીબહેન શાહ ૮૧
૯. 'વૈરાગ્યકલ્પલતા' – રૂપકાત્મક કથાસાર મહાકાવ્ય તરીકે . . . . . . . . . . . . . પ્રહ્લાદ ગ. પટેલ ૯૦
૧૦. 'યોગવિંશિકા' ઉપરની વ્યાખ્યા . . . . હરનારાયણ ઉ. પંડ્યા ૯૪
૧૧. પાતંજલયોગદર્શન ઉપરની 'લેશ' વ્યાખ્યા . . . . . . . . . . . . . . . . હરનારાયણ ઉ. પંડ્યા ૧૦૧
૧૨. 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' . . . . . . . . . . અભયશેખરવિજયજી ૧૦૯
૧૩. 'ઉપદેશરહસ્ય' . . . . . . . . . . . . રમણલાલ ચી. શાહ ૧૧૬
૧૪. 'ધર્મપરીક્ષા' . . . . . . . . . . . . . . અજિતશેખરવિજયજી ૧૨૩
૧૫. 'તત્ત્વાર્થભાષ્યટીકા' . . . . . . . . . નગીનદાસ જી. શાહ ૧૨૮
૧૬. 'સ્યાદ્વાદકલ્પલતા' . . . . . . . . . . . . . . . મુકુન્દ ભટ્ટ ૧૩૫
૧૭. 'જ્ઞાનબિન્દુ'માં કેવલાદ્વૈત વેદાન્તની સમાલોચના . . . . . . . . . . . . . . . . એસ્તેર સોલોમન ૧૪૧
૧૮. 'જ્ઞાનાર્ણવપ્રકરણ' . . . . . . . . . . . યશોધરા વાધવાણી ૧૫૯
૧૯. 'ન્યાયાલોક' . . . . . . . . . . . . . . . . જિતેન્દ્ર શાહ ૧૬૭
૨૦. 'નયરહસ્યપ્રકરણ'માં નયપ્રકારો અને નયલક્ષણ . . . . . . . . . . . . . લક્ષ્મેશ વ. જોષી ૧૭૬
૨૧. 'જૈન તર્કભાષા'માં પ્રમાણનું સ્વરૂપ . . . . . મધુસૂદન બક્ષી ૧૮૩
૨૨. 'ભાષારહસ્ય'માં નિરૂપિત સત્યા ભાષા – એક અભ્યાસ . . . . . . . . . વસન્તકુમાર મ. ભટ્ટ ૧૮૯
૨૩. 'તિઙન્વયોક્તિ' . . . . . . . . . વસન્તકુમાર મ. ભટ્ટ ૧૯૫
૨૪. 'કાવ્યપ્રકાશટીકા' . . . . . . . . . . . . . તપસ્વી નાન્દી ૨૦૩

૨૫. 'આર્ષભીયચરિત' મહાકાવ્ય :
એક મૂલ્યાંકન ................ નીલાંજના શાહ ૨૧૦
૨૬. 'પ્રીતિરતિકાવ્ય' ............ નિત્યાનંદવિજયગણિ ૨૩૦
૨૭. 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા'નો
પરિચય .......... આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિજી ૨૩૪
૨૮. 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા' ........... રમેશ બેટાઈ ૨૩૭
૨૯. શ્રી ગોડી પાર્શ્વનાથ અને
યશોવિજયજીરચિત સ્તોત્ર ......... નારાયણ કંસારા ૨૪૨
૩૦. 'શ્રી ગોડી પાર્શ્વનાથ-સ્તોત્ર' –
સંક્ષિપ્ત રસદર્શન ............... મુકુન્દ ભટ્ટ ૨૫૧
૩૧. એક અપ્રસિદ્ધ સંસ્કૃત પત્ર ......... પ્રદ્યુમ્નવિજયગણી ૨૫૫
૩૨. 'પ્રતિમાશતક'માં પ્રયોજાયેલા
પ્રસિદ્ધ અલંકારો ................ પારુલ માંકડ ૨૬૫
૩૩. 'અમૃતવેલની સજ્ઝાય'માં સાધનાપદ્ધતિઓનું
આલેખન ............... પંડિત યશોવિજયગણિ ૨૭૫
૩૪. 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' : એક નોંધ ... દલસુખ માલવણિયા ૨૮૪
૩૫. 'શ્રીપાલ રાજાનો રાસ' ............ ગુલાબ દેઢિયા ૨૮૭
૩૬. પરંપરાનો દૃષ્ટિપૂત વિનિયોગ :
'જંબુસ્વામી રાસ' ............... બળવંત જાની ૨૯૨
૩૭. 'સમુદ્ર-વહાણ સંવાદ' ............ કનુભાઈ જાની ૨૯૮
૩૮. સ્તવનચોવીશીઓ ............. પન્નાલાલ ર. શાહ ૩૦૫
૩૯. 'વિહરમાન જિન વીશી' ........ કાન્તિભાઈ બી. શાહ ૩૧૧
૪૦. આધ્યાત્મિક પદો ............... મહેન્દ્ર અ. દવે ૩૧૬
૪૧. 'આનંદઘન અષ્ટપદી' :
લોઢામાંથી કંચન બન્યાની ચમત્કારકથા .... જયંત કોઠારી ૩૧૯
૪૨. સાહિત્યસૂચિ .. સંપા. જયંત કોઠારી, કાન્તિભાઈ બી. શાહ, ૩૨૮–
.................. રસિક મહેતા, સલોની જોશી ૩૪૪

# ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી એ જૈન સંપ્રદાયના જ નહીં પણ સમસ્ત ભારતના સંસ્કૃત વિદ્વાનોની હારમાળામાં એક ઉજ્જ્વળ રત્ન છે.

રસિકલાલ પરીખ
('શ્રી યશોવિજય સ્મૃતિ ગ્રન્થ')

પઢપઢ કેઈ રિઝાવત પરકું, કષ્ટ અષ્ટ અવધાનમઈ,
આપકું આપ રિઝાવત નાહી, ભેદ ન જાન-અજાનમઈ.

(૫૬)

પરાધીન હૈ ભોગ ઓરકો, તાન્તેં હોત વિયોગી,
સદા સિદ્ધ સમ શુદ્ધ વિલાસી, વે તો નિજ ગુન ભોગી.

(૫૬)

માહરે તો ગુરુચરણપસાયે અનુભવ દિલ માંહિ પેઠો,
ઋદ્ધિવૃદ્ધિ પ્રગટી ઘટ માંહિ, આતમરતિ હુઈ બેઠો રે.

ઊગ્યો સમકિતરવિ ઝળહળતો, ભરમતિમિર સવિ નાઠો,
તગતગતા દુર્નય જે તારા, તેહનો બળ પણ ઘાઠો રે.

મેરુધીરતા સવિ હર લીની, રહ્યો તે કેવળ ભાઠો,
હરી સુરઘટ સુરતરુકી શોભા, તે તો માટીકાઠો રે.

હરવ્યો અનુભવ જોર હતો જે, મોહમલ્લ જગલૂંઠો,
પરિપરિ તેહના મર્મ દેખાવી, ભારે કીધો ભૂંઠો રે.

અનુભવગુણ આવ્યો નિજ અંગે, મિટ્યો રૂપ નિજ માઠો,
સાહિબ સન્મુખ સુનજર જોતાં, કોણ થાયે ઉપરાંઠો રે.

અનુભવવંત અદંભની રચના, ગાયો સરસ સુકંઠો,
ભાવસુધારસ ઘટઘટ પીયો, હુઓ પૂરણ ઉતકંઠો રે.

(શ્રીપાલ રાસ)

ઉપાધ્યાય યશોવિજય

# ઉપાધ્યાય યશોવિજયનું જીવનવૃત્ત : સંશોધનાત્મક અભ્યાસ

જયંત કોઠારી

મધ્યકાળના જૈનેતર કવિઓમાં જીવનવૃત્તાંતની ઘણી મુશ્કેલીઓ છે. કોઈનું વ્યવસ્થિત, વીગતવાર, અધિકૃત જીવનવૃત્તાંત તો મળતું જ નથી. (નરસિંહ મહેતાના જીવનપ્રસંગોનાં કાવ્યો રચાયેલાં મળે છે પણ એ મોડા સમયનાં છે અને એમાં ચમત્કારક સંતચરિત્ર રજૂ થયું છે જે અનુશ્રુત્યાત્મક હોવાનું સમજાય છે.) કવિ પોતાના કાવ્યમાં પોતાના વિશે જે આછીપાતળી હકીકત આપે – જો આપે તો – એ જ એનું જીવનવૃત્તાંત.

પરંતુ જૈન કવિઓની બાબતમાં પરિસ્થિતિ જુદી છે. ઘણા સાધુકવિઓનાં ચરિત્રો એમના શિષ્યોને હાથે રચાયાં છે તે ઉપરાંત કાવ્યોની પ્રશસ્તિઓ, પ્રતિમાલેખો, પટ્ટાવલીઓ વગેરેમાં ઘણી ચરિત્રાત્મક માહિતી સંઘરાયેલી છે. પરિણામે જૈનેતર કવિઓને મુકાબલે જૈન કવિઓની ચરિત્રાત્મક માહિતી ઘણા વિશેષ પ્રમાણમાં સાંપડે છે. એટલે જ નવાઈ લાગે છે કે ઉપાધ્યાય યશોવિજયજી જેવા નામાંકિત વિદ્વાનનું વ્યવસ્થિત, વીગતવાર ને પ્રમાણભૂત ચરિત્ર રચવાનો કોઈ પ્રયાસ એમના કોઈ સાથી કે શિષ્ય દ્વારા થયો નથી ને કોઈ પટ્ટાવલીમાં પણ એમને વિશેની માહિતી પ્રાપ્ત નથી. કાંતિવિજય નામના એક સાધુકકવિએ કેટલાંક વર્ષો પછી 'સુજસવેલી ભાસ' નામે નાનકડી રચના કરી છે પણ એમાં અપર્યાપ્ત માહિતી છે ને એમાંની કેટલીક માહિતી અન્ય સાધનો દ્વારા મળતી માહિતીથી જુદી પડે છે, એથી એની પ્રમાણભૂતતા વિશે સંશય ઊભો થાય છે. ('સુજસવેલી ભાસ' માટે જુઓ પરિશિષ્ટ ૧ તથા કાંતિવિજય અને એમના સમય વિશે જુઓ પરિશિષ્ટ ૨.) યશોવિજયજીએ પોતાનાં કાવ્યોની પ્રશસ્તિઓમાં પોતાના વિશે જે માહિતી આપી છે એ તો અત્યંત અલ્પ છે.

'સુજસવેલી ભાસ'ની માહિતીની પ્રમાણભૂતતાના પ્રશ્નો હોવા છતાં યશોવિજયજીના જીવનવૃત્તાંત માટે એ જ મુખ્ય અને મહત્ત્વનો આધાર છે અને એને ઝાઝી અનધિકૃત માનવાને કારણ નથી એ પણ આપણે પ્રસંગોપાત્ત જોઈશું.

**જન્મ, કુટુંબ, વતન**

સુજસ. અનુસાર યશોવિજયજીનું જન્મનામ જસવંત હતું. એમના પિતા વણિક વેપારી નારાયણ હતા અને માતા સોભાગદે હતાં. તેઓ કનોડાનાં રહેવાસી હતાં. યશોવિજયજીનો જન્મ કનોડામાં થયો હતો એમ એમાં સ્પષ્ટ કહેવાયેલું નથી,

પણ એવું અનુમાન કરવામાં બાધ નથી.

કનોડા ઉત્તર ગુજરાતમાં ચાણસ્મા તાલુકામાં મહેસાણા અને મોઢેરા વચ્ચે આવેલું નાનું ગામ છે. પાટણથી મહેસાણા જતી રેલ્વે લાઇનમાં વચ્ચે ધીણોજ સ્ટેશન આવે છે ત્યાંથી એ દક્ષિણપશ્ચિમ દિશામાં ચાર કિલોમીટર થાય. રૂપેણ નદીના કિનારે એ વસેલું છે. ટંકાવવી ગામના સુમતિનાથના મંદિરને જમીનનું દાન કરતા કર્ણદેવના લેખમાં એ દાનભૂમિ કાણોદાની પૂર્વસીમામાં આવેલી જણાવેલી છે. આ કાણોદા તે જ કનોડા. 'શ્રીપ્રકાશસ્થળ'માં એનું નામ કનકાવતી દર્શાવેલું છે. આમ, કનોડા એ પ્રાચીન ગામ છે. પહેલાં એ મોટું ગામ પણ હશે. જાની બ્રાહ્મણોના ગામ તરીકે જાણીતા આ ગામમાં અત્યારે જૈનોની વસતી નથી, પરંતુ એક કાળે હશે એમ ઐતિહાસિક સંદર્ભો પરથી સમજાય છે. ઉપાસકદશાંગસૂત્રની એક પ્રત (પાટણ હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, ક્રમાંક ૧૩૩)માં આ પ્રમાણે પુષ્પિકા મળે છે : "શ્રી અંચલગચ્છે શ્રી શ્રી ભાવસાગરસૂરિ સક્ષ વા. જિનવર્ધનગણિ શ્રી ઉપાસકદશાંગસૂત્રં શ્રી કણુડા ગ્રામે સંવત્ ૧૬૦૦ વર્ષે ભાદ્રવા સુદિ ૬ રવૌ લક્ષતં." આ પરથી સં.૧૬૦૦માં કનોડા જૈન સાધુ ચાતુર્માસ કરી શકે એવડું જૈન વસ્તીવાળું ગામ હશે એ નિશ્ચિત થાય છે.

સુજસ.એ યશોવિજયજીનું જન્મવર્ષ આપ્યું નથી. પણ દીક્ષાવર્ષ સં.૧૬૮૮ આપ્યું છે. યશોવિજયજી બાલવયે દીક્ષિત થયા હોય એવો સંભવ જણાય છે. એ વખતે એમની ઉંમર બારેક વર્ષ માનીએ તો જન્મવર્ષ ૧૬૭૫ આસપાસ ગણાય. જોકે બીજાં કેટલાંક સાધનોને આધારે યશોવિજયજીના દીક્ષાકાળ અને જન્મકાળને વહેલા લઈ જવાનો પ્રયત્ન થયો છે પણ એની યથાર્થતાની ચર્ચા આપણે હવે પછી દીક્ષાપ્રસંગના સંદર્ભે કરીશું.

યશોવિજયજી બાળપણથી જ અત્યંત બુદ્ધિશાળી હતા એમ સુજસ. કહે છે : "જેણે બાળપણમાં જ સહેજમાં દેવગુરુ બૃહસ્પતિને જીતી લીધા હતા." યશોવિજયજી વિશે એક એવી કથા પ્રચલિત છે કે એમનાં માતાને ભક્તામરસ્તોત્રનું શ્રવણ કર્યા પછી અન્નજળ લેવાનો નિયમ હતો. એક વખત ચોમાસામાં વરસાદને કારણે એ ઉપાશ્રયે જઈ સાધ્વીજી મહારાજ પાસે ભક્તામરસ્તોત્ર સાંભળી નહીં શક્યાં. એમને ઉપવાસ થવા લાગ્યા. બાલ જસવંતને આ ખ્યાલમાં આવતાં એણે માતાના આશ્ચર્ય વચ્ચે ભક્તામરસ્તોત્રનો સંપૂર્ણ પાઠ કર્યો અને માતાના ઉપવાસ છૂટ્યા. દેખીતી રીતે જ આ એક દંતકથા છે ને યશોવિજયજી બાળપણથી જ મેધાવી હતા તે દર્શાવવા ઊભી થયેલી છે.

એ ખાસ નોંધપાત્ર છે કે યશોવિજયજીના માતપિતા, વતન વગેરેની આ માહિતી આપણને માત્ર સુજસ.માંથી જ પ્રાપ્ત થાય છે.

યશોવિજયજીના એક ભાઈ પદ્મસિંહ કરીને એમની સાથે જ દીક્ષિત થયા હતા એમ સુજસ. નોંધે છે. યશોવિજયજીએ પણ પોતાની કૃતિઓની પ્રશસ્તિઓમાં

પોતાના ભાઈ પદ્મવિજયનો ઉલ્લેખ કર્યો છે. પોતાને એ 'પદ્મવિજયપ્રાજ્ઞાનુજન્મા' ('કમ્મપયડિબૃહદ્વૃત્તિ') તથા 'પદ્મવિજયાનુજઃ' ('અનેકાન્તવ્યવસ્થા') તરીકે ઓળખાવે છે. એનું અર્થઘટન 'પદ્મવિજયના અનુજ' અને 'પદ્મવિજય જેના અનુજ છે એવા' એમ બન્ને રીતે થઈ શકે. પરંતુ પહેલું સીધું સરળ અર્થઘટન સ્વીકારવા યોગ્ય લાગે છે. એ રીતે પદ્મવિજય એમના મોટા ભાઈ ઠરે. યશોવિજયજીને બીજાં કોઈ ભાઈબહેન હતાં કે કેમ તેની માહિતી ક્યાંય નોંધાયેલી નથી.

**દીક્ષા**

સુજસ. યશોવિજયજીનો દીક્ષાપ્રસંગ આ પ્રમાણે વર્ણવે છે : સંવત ૧૬૮૮માં કુણગેર (કુમારગિરિ, પાટણ પાસે)માં ચોમાસું રહીને નયવિજયજી કનોડે આવ્યા. ત્યાં માતા પોતાના પુત્ર સાથે એમનાં ચરણ વાંદવા ગયાં. ગુરુના ઉપદેશથી યશોવિજયને વૈરાગ્ય ઊપજ્યો અને અણહિલપુર પાટણ જઈ ગુરુ પાસે દીક્ષા લીધી. એમને તે વખતે યશોવિજય એવું નામ આપવામાં આવ્યું. એ પ્રસંગે એમના ભાઈ પદ્મસિંહને પણ વૈરાગ્યની પ્રેરણા થઈ અને તેમણે પણ દીક્ષા લીધી. બન્નેની વડી દીક્ષા વિજયદેવસૂરિને હાથે ૧૬૮૮માં જ થઈ.

દીક્ષાપ્રસંગના આ વર્ણનમાં ક્યાંય પિતાનો ઉલ્લેખ નથી. એટલે એ હયાત નહીં હોય એમ સમજાય છે.

સુજસપ્ર.માં બન્ને પુત્રો તથા માતાએ દીક્ષા લીધાનું જણાવ્યું છે, પરંતુ તે સુજસ.ના શબ્દોના ખોટા અન્વયનું પરિણામ જણાય છે. સુજસ.ના શબ્દો આ પ્રમાણે છે :

> માતા પુત્ર સ્યું સાધુનાંજી, વાંદિ ચરણ સવિલાસ,
> સુગુરુ-ધર્મઉપદેશથીજી, પામી વયરાગપ્રકાસ. ૧૦
> અણહિલપુર પાટણ જઈજી, લ્યૈ ગુરુ પાસે ચારિત્ર,
> યશોવિજય એહવી કરીજી થાપના નામની તત્ર. ૧૧

એ સ્પષ્ટ છે કે ઉપરની બીજી-ત્રીજી પંક્તિ માતા સાથે જોડવાથી માતાએ પણ દીક્ષા લીધી તેવું અર્થઘટન થયું છે. પરંતુ ચોથી પંક્તિ બતાવે છે કે માતાનો સંદર્ભ પહેલી પંક્તિ સુધી જ સમજવાનો છે અને પછી યશોવિજયજીની વાત શરૂ થઈ જાય છે. માતાએ પણ દીક્ષા લીધી એવું સુજસ.ને અભિપ્રેત હોત તો એનો સ્પષ્ટ ઉલ્લેખ થયો હોત, એમનું દીક્ષાનામ પણ આપવામાં આવ્યું હોત. પછીથી વડી દીક્ષા પણ બે ભાઈઓની દર્શાવવામાં આવી છે, માતાની નહીં. અન્યત્ર ક્યાંય પણ માતા દીક્ષિત થયાં હોય એવી માહિતી નોંધાયેલી નથી.

સુજસ.ના દીક્ષાપ્રસંગના વર્ણનમાં એકબે સંદિગ્ધ સ્થાનો છે. નયવિજયજી ૧૬૮૮નું ચાતુર્માસ કુણગેરમાં કરીને કનોડા આવ્યા. ત્યારે તો ૧૬૮૯નું વર્ષ બેસી ગયું હોય. પણ યશોવિજયજીની વડી દીક્ષા ૧૬૮૮માં જ થયેલી હોવાનું સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. આ કેમ બની શકે ? આનો એક જ ખુલાસો શક્ય છે. અને તે એ

કે આ ચૈત્રી સંવત હોય. એમ હોય તો કારતક મહિનાથી વર્ષ બદલાય નહીં. 'જૈન ગૂર્જર કવિઓ'ની સામગ્રીમાં કવિઓએ તથા લહિયાઓએ ચૈત્રી સંવતનો ઉપયોગ કર્યો હોવાનું અર્થઘટન ઘણી વાર કરવું પડે છે. શ્રાવક કવિ ઋષભદાસે કારતક વદ અમાસને દિને દિવાળી બતાવી છે, જે આમ રાજસ્થાની પરંપરા છે. એમાં વદથી જ મહિનો શરૂ થાય અને આપણા કરતાં ૧૫ દિવસનો ફરક હોય. કાંતિવિજયજીએ સુજસ. પાટણમાં રચેલી છે અને ત્યાં ચૈત્રી સંવતની રાજસ્થાની પરંપરાનો પ્રભાવ હોય એ સંભવિત છે. સુજસ.ના કર્તાને પ્રેમવિજયશિષ્ય કાંતિવિજય માનીએ તો એમની અન્ય કૃતિઓમાં પણ ચાતુર્માસ પછી સાલ બદલાતી નથી (જૈગૂકવિઓ. પ.૨૭૦–૭૬). ગુજરાતમાં કચ્છ વગેરે કેટલાક પ્રદેશોમાં આષાઢી સંવતનું પ્રચલન છે.

સુજસ.એ યશોવિજયજીની લઘુ દીક્ષા નયવિજયજી પાસે પાટણમાં થઈ એમ કહ્યું પણ દીક્ષાનું વર્ષ ન બતાવ્યું. જોકે એ ૧૬૮૮ જ હોવાનું સહેલાઈથી સમજી શકાય છે. વડી દીક્ષા ૧૬૮૮માં વિજયદેવસૂરિને હાથે થઈ એમ કહ્યું પણ કયા ગામમાં તે ન જણાવ્યું. વડી દીક્ષાનું સ્થળ પણ પાટણ જ હોય ને એથી ન દર્શાવ્યું હોય તેમ બની શકે.

સુજસ.ની દીક્ષાવર્ષની માહિતીની વિરુદ્ધ જતા કેટલાક ઉલ્લેખો સાંપડે છે. એમાંના કેટલાક ઉલ્લેખ પરત્વે ભ્રાન્તિ થઈ હોવાનું નક્કી થાય છે પણ કોઈ ઉલ્લેખ મૂંઝવણ પણ ઊભી કરે છે. આપણે હવે એ જોઈએ.

૧. સં.૧૬૬૫માં જશવિજયે રચેલો 'લોકનાલિકા બાલાવબોધ' મળે છે. વસ્તુતઃ આ જશવિજય તે વિમલહર્ષશિષ્ય જશવિજય કે યશોવિજય છે, આપણા યશોવિજય નહીં. (જુઓ સુજસપ્ર., જૈગૂકવિઓ.) એટલે આ ઉલ્લેખ સુજસ.ની માહિતીને બાધક રહેતો નથી.

૨. સં.૧૬૬૫માં યશોવિજયગણિએ લખેલી 'ધાતુપાઠ'ની પ્રતિ મળે છે. આ માહિતીમાં યશોવિજયના ગુરુનો ઉલ્લેખ નથી તેથી એ આપણા યશોવિજય હોવાનું નિશ્ચિતપણે કહી ન શકાય અને એથી એને આધારે સુજસ.ની માહિતીને અશ્રદ્ધેય માની ન શકાય.

૩. 'દશાર્ણભદ્ર રાજર્ષિની સઝાય'ની એક પ્રતની પુષ્પિકા આ પ્રમાણે છે : "પંડિત શ્રી નયવિજયગણિશિષ્ય ગ.જશવિજય લિખિતા સંવત ૧૬૬૯ વર્ષે સૂરતિ બંદિરે જ્ઞાનવિજય મુનિ પઠનાર્થે." આની સામે સુજસપ્ર. 'ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર' અને 'પંચ પરમેષ્ઠી સ્તવ'ની પુષ્પિકા મૂકે છે કે "સંવત ૧૬૭૧ વરખ વૈશાખ વદિ ૩ શુક્રે પંડિત વિનયવિજય ગ. શિષ્ય ગ. જસવિજય લખીતં" અને તર્ક કરે છે કે 'દશાર્ણભદ્ર સઝાય'ની પ્રતમાં વિનયવિજયનું નયવિજય થઈ-ગયું હોય અગર એ નયવિજય અને યશોવિજય બન્ને જુદા હોય. 'દશાર્ણભદ્ર સઝાય'ની હસ્તપ્રત લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં જોવા મળતાં કેટલીક સ્પષ્ટતા થઈ જાય છે, એક

તો એના હસ્તાક્ષર નિશ્ચિતપણે આપણા યશોવિજયજીના નથી. બીજું, એ હીરવિજયસૂરિરાજ્યે થયેલી એમના શિષ્ય મેહમુનિની નાનકડી રચના છે ને એની પ્રત લખવાનો યશોવિજયજીને રસ હોય નહીં. વળી, આપણા યશોવિજયજીના સમુદાયમાં કોઈ જ્ઞાનવિજય હોય એવું જણાતું નથી કે જેમને માટે એ પ્રત લખે.

૪. યશોવિજયજીએ સં.૧૬૬૯માં લખેલ 'ઉન્નતપુર સ્તવન'નો ઉલ્લેખ થયેલો છે, પરંતુ પુષ્પિકા ઉતારવામાં આવી નથી. તેથી એમાં માત્ર યશોવિજય (કે જશવિજય) નામ છે કે સાથે ગુરુપરંપરા પણ છે એ જાણી શકાતું નથી. તેથી આ ઉલ્લેખની શ્રદ્ધેયતા અંગે કશું કહી શકાતું નથી.

૫. સૌથી વધારે અગવડરૂપ ઉલ્લેખ તો સં.૧૬૬૩માં નયવિજયજીએ જસવિજય માટે લખેલ મેરુપર્વતના ચિત્રપટનો છે. એ ચિત્રપટમાં આ પ્રમાણે લખાણ છે : "શ્રી તપગચ્છશૃંગારહાર જગદ્‌ગુરુ શ્રી ૫ હીરવિજયસૂરિપટ્ટપ્રભાકર શ્રી વિજયસેનસૂરીશ્વર વિજયરાજ્યે સં.૧૬૬૩ વર્ષે કણયાગર ગ્રામ લિપીકૃતઃ. મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિશિષ્યેણ પં. નયવિજયગણિના લિપીકૃતઃ ગણિજસવિજય યોગ્યં." આમાં નયવિજયગણિ અને જસવિજયગણિ બન્ને નામો મળે છે. પરંતુ અહીં બે બાબતો ધ્યાનમાં લેવા જેવી છે. એક તો, જસવિજયગણિ એ નયવિજયના શિષ્ય છે એવો નિર્દેશ નથી. એ શિષ્ય હોઈ શકે તેમ ગુરુબંધુ કે અન્ય આત્મીય સાધુ પણ હોઈ શકે. કૃતિ શિષ્ય સિવાય અન્યને માટે રચાઈ હોય એવા દાખલા જડે જ છે. બીજું, અહીં નયવિજયગણિને કલ્યાણવિજયનાશિષ્ય કહ્યા છે, જ્યારે આપણા યશોવિજયજીના ગુરુ નયવિજયગણિ એ કલ્યાણવિજયશિષ્ય લાભવિજયના શિષ્ય છે. પ્રગુરુને જ ગુરુ તરીકે ઉલ્લેખ્યા હોવાનું માનવું હોય તો માની શકાય, પણ એમ માનવું અનિવાર્ય નથી. હસ્તાક્ષર પણ યશોવિજયગુરુ નયવિજય-ના જણાતા નથી. તેથી આ નયવિજય ને જશવિજય બીજા જ માનવા જોઈએ.

ઉપરના ઉલ્લેખોને આધારે યશોવિજયના દીક્ષાવર્ષને તથા જન્મવર્ષને પાછળ ખેંચી જવા પ્રયત્ન થયો છે. સં.૧૬૬૩માં જે ગણિપદ ધરાવતા હોય તેમની દીક્ષા સં.૧૬૫૫ આસપાસ અને જન્મ સં.૧૬૪૦ આસપાસ માનવાનો પ્રસંગ આવે, જે સુજસ.એ આપેલી માહિતીથી ઘણી જુદી વાત બને. પણ આપણે જોઈ શકીએ છીએ કે આ ઉલ્લેખો પૂરતા સધ્ધર નથી. સં.૧૬૫૦ થી સં.૧૭૫૦ સુધીમાં જ અનેક જશવિજય(યશોવિજય) થયા હોવાની માહિતી મળે છે – વિમલહર્ષશિષ્ય સં.૧૬૬૩–૬૫, રામજીગણિશિષ્ય સં.૧૬૭૦, જસસાગરશિષ્ય સં.૧૬૭૮ પહેલાં, દેવવિજયશિષ્ય સં.૧૭૨૭ વગેરે (જુઓ ગુસાકોશ., જૈગૂકવિઓ. વગેરે). યશોવિજયજીએ લખેલા એક પત્રમાં એમના ગચ્છનાયકની સાથે દીવમાં ચાતુર્માસ કરી રહેલા સાધુઓમાં પણ જશવિજય નામ મળે છે (જુઓ 'એક અપ્રસિદ્ધ પત્ર', આ ગ્રંથમાં જ). એટલેકે યશોવિજયજીને કાળે એમના જ સમુદાયમાં બીજા જશવિજય છે. આ સ્થિતિમાં માત્ર જશવિજય નામ મળવાથી એને આપણા

યશોવિજયજી માની ન લેવાય.

નયવિજયશિ. યશોવિજય કે જશવિજય હોય તેટલા પરથી પણ એ આપણા યશોવિજયજી હોય એમ માની લેવા જેવું નથી. કેમકે આ કાળે ઘણા નયવિજય મળે છે – વિજયસેનસૂરિશિ. સં.૧૬૪૪, વિજયચંદ્રશિ. સં.૧૬૫૦ આસપાસ, વિજયદેવસૂરિશિ. સં.૧૭મી સદી ઉત્તરાર્ધ, વિનયદેવસૂરિશિ. સં.૧૮મી સદી ?, માનવિજય કે મેરુવિજયશિ. સં.૧૭૫૦ આસપાસ, ઉદયવિજયશિ. સં.૧૮મી સદી પૂર્વાર્ધ, જિનવિજયશિ. સં.૧૭૩૩, જ્ઞાનવિજયશિ. સં.૧૭૪૧–૪૫, વગેરે (જુઓ ગુસાકોશ., જૈગૂકવિઓ.). આમાંના કોઈ નયવિજયના શિષ્ય જશવિજય હોઈ શકે. આપણે જોયું કે 'દશાર્ણભદ્ર સઝાય'ના લિપિકાર નયવિજયશિ. જશવિજય જુદા જ છે. આ પરિસ્થિતિને ખ્યાલમાં રાખીએ તો મેરુપર્વતના વસ્ત્રપટના લેખક કલ્યાણવિજયશિ. નયવિજય આપણા યશોવિજયજીના ગુરુ કલ્યાણવિજય–લાભવિજયશિ. નયવિજયથી જુદા હોવાથી સંભાવના બળવત્તર બની જાય છે.

બીજું, જેમને સં.૧૬૬૩ પહેલાં ગણિપદ મળેલું હોય એમને પચાસ ઉપરાંત વર્ષ પછી, દીક્ષાના સાઠ ઉપરાંત વર્ષ પછી છેક સં.૧૭૧૮માં ઉપાધ્યાયપદ મળે એ બની શકે ખરું ? યશોવિજયજીની કોઈ કૃતિ સં.૧૭૦૧ પહેલાંની મળતી નથી તો દીક્ષા પછી છેક પિસ્તાળીસેક વર્ષે અને ગણિપદ પછી ચાળીસેક વર્ષે એમણે – જે બાળપણથી અત્યંત મેધાવી છે એણે – ગ્રંથરચના કરી હોય એ પણ ગળે ન ઊતરે એવી ઘટના નથી ? યશોવિજયનું આયુષ્ય લાંબું હોય તોયે આ ઘટનાઓનો મેળ બેસાડવો મુશ્કેલ છે અને તેથી સં.૧૬૬૦–૭૦ના અરસામાં જે જશવિજયના ઉલ્લેખો મળે છે તે આપણા યશોવિજય હોવાની સંભાવના લગભગ રહેતી નથી.

ત્રીજું, એ પણ વિચારવું જોઈએ કે સુજસ.ની માહિતીને અશ્રદ્ધેય માનવા માટે કોઈ કારણ છે ખરું ? એણે આપેલું ઉપાધ્યાયપદનું વર્ષ સં.૧૭૧૮ સો ટકા સમર્થિત છે, સ્વર્ગવાસવર્ષ સં.૧૭૪૩ પણ આધારભૂત જણાય છે, આઠ અવધાનનું વર્ષ સં. ૧૬૯૯ પણ બધા સ્વીકારે છે, તો દીક્ષાનું વર્ષ સં.૧૬૮૮ નહીં સ્વીકારવા માટે શું કારણ રહે છે ? આ એક જ વર્ષ એણે ખોટું આપ્યું ? સુજસ.એ ઘણે ઠેકાણે ચોક્કસ વર્ષનો નિર્દેશ કર્યો નથી એ એને પ્રાપ્ત નહીં થયેલ હોય માટે જ, એથી જે વર્ષ એણે આપ્યાં છે તે જાણકારીથી જ આપ્યાં હશે એમ માનવા માટે પૂરતું કારણ રહે છે.

ગૂસાસંગ્રહ.(૧,૪૪૫)માં યશોવિજયજીને નામે 'તપગચ્છાચાર્યની સજ્ઝાય' છપાયેલી છે. એ વિજયધર્મસૂરિને વિશે છે અને એમના રાજ્યકાળ (સં.૧૮૦૯–૧૮૪૧)માં રચાયેલી હોવાનો એમાં ઉલ્લેખ છે. યશોવિજયજી સાથે આ હકીકત બંધ ન બેસે તેથી વિજયધર્મસૂરિને બદલે વિજયદેવસૂરિ કે વિજયપ્રભસૂરિ નામ હોવું જોઈએ એવો તર્ક થયો છે. પરંતુ વસ્તુતઃ આ કૃતિના કર્તા આપણા યશોવિજય નહીં પણ ગુણવિજયશિ. જશવિજય છે. કૃતિની છેલ્લી પંક્તિ 'વાચક જશ કવિ ગુણ તણો ઇમ સેવક હો લહે સુખ પડૂર રે'માં 'કવિ ગુણ તણો સેવક વાચક જશ' એમ જ વાંચવું

જોઈએ. સં.૧૮૧૬માં લખાયેલી એક પ્રતમાં આ જશવિજયની પરંપરા પણ મળે છે – "વિજયપ્રભસૂરિશિ. પં.ઋદ્ધિવિજયશિ. પં.ગુણવિજયશિ. પં.જસોવિજયશિ. પં.રંગવિજયશિ. પં.તેજવિજય લિ." આ પ્રત વિજયધર્મસૂરિના રાજ્યકાળમાં લખાયેલી છે તેથી ગુણવિજયશિ. જશવિજયે કરેલી વિજયધર્મસૂરિની પ્રશસ્તિ યથાર્થ ઠરે છે.

આમ, બધી રીતે વિચારતાં હાલને તબક્કે સુજસ.એ આપેલું દીક્ષાવર્ષ સં.૧૬૮૮ અને એને આધારે જેનું અનુમાન થઈ શકે એ જન્મવર્ષને જ સ્વીકારીને ચાલવું યોગ્ય છે.

**વિદ્યાભ્યાસ**

સુજસ. વર્ણવે છે કે દીક્ષા પછી યશોવિજયજી ગુરુ પાસે સામાયિક વગેરે ભણ્યા અને એમનામાં શ્રુતજ્ઞાન – શાસ્ત્રજ્ઞાન સાકરમાં મીઠાશની જેમ પ્રસરી રહ્યું. ગુરુ એટલે નયવિજય જ અભિપ્રેત હોય એટલે તેઓ યશોવિજયજીના માત્ર દીક્ષાગુરુ જ નહીં, વિદ્યાગુરુ પણ હતા. યશોવિજયજીએ પોતે નયવિજયને 'પ્રાજ્ઞ' અને 'વિદ્યાપ્રદા' કહેલા છે ('જૈનતર્કભાષા' વગેરેની પ્રશસ્તિ).

યશોવિજયજીએ કેટલેક સ્થાને નયવિજયના ગુરુભ્રાતા જીતવિજયજીને પોતાના વિદ્યાગુરુ તરીકે ઓળખાવ્યા છે ('ઉપદેશરહસ્યપ્રકરણ', 'ઐન્દ્રસ્તુતિ-ચતુર્વિંશતિકા' વગેરેમાં) અને એવું વર્ણન કર્યું છે કે એમનું કરુણાકલ્પવૃક્ષ મારા સમા નંદનવનમાં ફળ્યું. એ કલ્પવૃક્ષમાં શાસ્ત્રાભ્યાસ નવીન સુંદર અંકુર છે, પદોની વ્યુત્પત્તિ પલ્લવ છે, કાવ્ય અને અલંકાર પુષ્પ છે, તર્ક અને ન્યાયનો અભ્યાસ ફળ છે. ('ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા') આ પરથી બે હકીકત ફલિત થાય છે – એક, યશોવિજયજીનો વિદ્યાભ્યાસ જૈન શાસ્ત્ર પૂરતો મર્યાદિત નહોતો, વ્યાકરણ, કાવ્ય, તર્ક વગેરે સુધી વિસ્તરેલો હતો તથા બીજું, એમણે નયવિજય ઉપરાંત જીતવિજય પાસે પણ અભ્યાસ કર્યો હતો અને એમના સર્વદેશીય વિદ્યાભ્યાસમાં જીત-વિજયજીનો ફાળો હતો.

પોતાના વિદ્યાભ્યાસમાં ગચ્છનાયક વિજયદેવસૂરિના પટ્ટધર વિજયસિંહ-સૂરિની પ્રેરણા હતી એ યશોવિજયજી ભાવપૂર્વક નોંધે છે – એમના ઉદ્યમથી અને એમની હિતશિક્ષાથી મારો જ્ઞાનયોગ સંપૂર્ણ થયો ('દ્રવ્યગુણપર્યાયનો રાસ').

એમ પ્રતીત થાય છે કે યશોવિજયજીની તેજસ્વી બુદ્ધિ જોઈને એમના ગુરુઓએ એમના વિદ્યાભ્યાસમાં ઊંડો રસ લીધો છે અને યશોવિજયજીએ થોડાં વરસોમાં ઘણી વિદ્યાઓમાં પ્રવીણતા મેળવી છે.

રાજનગર(અમદાવાદ)માં સં.૧૬૯૯માં સંઘની સાક્ષીએ આઠ મહા અવધાન કર્યાનું સુજસ. કહે છે તે યશોવિજયે પ્રાપ્ત કરેલી વિદ્યાસિદ્ધિનું સૂચક છે.

**કાશીગમન**

સુજસ. વર્ણવે છે કે યશોવિજયજીએ અમદાવાદમાં આઠ અવધાન કર્યાં ત્યારે

શાહ ધનજી સૂરાએ એમના ગુરુને વિનંતી કરી કે "આ તો વિદ્યાનું ઉત્તમ પાત્ર છે. બીજી હેમસૂરિ થાય એમ છે. જો કાશી જઈને એ ષડ્દર્શનનો અભ્યાસ કરે તો જિનમતને એ ઉજાળશે." ગુરુએ એમને કહ્યું કે, "આમાં ધનનું કામ છે. બ્રાહ્મણો ધન વિના પોતાના શાસ્ત્રનું જ્ઞાન ન આપે." ધનજી સૂરા ઉત્સાહપૂર્વક બોલ્યા કે "બે હજાર રજતના દીનાર ખરચવાની અમારી તૈયારી છે અને પંડિતને જરૂર પડ્યે વારંવાર ધન આપીશું. તમે આમને ભણાવો જ એવી મારી ઇચ્છા છે."

આ સાંભળી ગુરુ કાશીનો માર્ગ લે છે. સાથે, પાછળથી પૈસા મળતા રહે તે માટે હૂંડી કરાવીને લઈ જાય છે.

સુજસટિ. બતાવે છે કે શાહ ધનજી સૂરા અમદાવાદના ઓસવાળ સંઘવી હતા. પિતા સૂરા અને એમના ભાઈ રતન સં.૧૬૭૪ પહેલાં વિદ્યમાન હતા. સં. ૧૬૮૭ના દુકાળમાં એમણે દાનશાળા ચલાવેલી અને શત્રુંજયના કુલ અઢાર સંઘ કાઢેલા. ધનજીએ અને રતનના પુત્ર પનજીએ સમેતશિખરની યાત્રાનો સંઘ કાઢેલો અને એમાં એક લાખ એંસી હજારનું ખર્ચ કરેલું. ધનજીએ વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ અમદાવાદમાં સં.૧૭૧૧માં ૮૦૦૦ મહમૂદિક ખર્ચીને કર્યો હતો.

કાશીગમનનો આ પ્રસંગ ગુરુ નયવિજયજીનો શિષ્ય યશોવિજયજી માટેનો અપ્રતિમ ભાવ દર્શાવે છે. કોઈકોઈ જૈન સાધુસમુદાયો દૂરદૂર સુધી વિહાર કરતા હતા, છતાં એ જમાનામાં કાશી સુધી જવામાં કષ્ટ વેઠવાનું આવે જ. જેમને કારણે પોતે કાશીમાં રહી જૈન-જૈનેતર શાસ્ત્રોનો અભ્યાસ કરી શક્યા એ ગુરુના વાત્સલ્યનો યશોવિજયજી પોતાની અનેક કૃતિઓમાં અત્યંત ભાવપૂર્વક નિર્દેશ કરે છે (જુઓ 'દ્રવ્યગુણપર્યાયનો રાસ', '૩૫૦ ગાથાનું સીમંધરસ્વામી સ્તવન' 'સમાચારીપ્રકરણ' વગેરે). ઉપરાંત પોતાને ભણાવવાને માટે એ કાશી રહ્યા હતા એ હકીકતનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરે છે (જુઓ 'સમાચારી-પ્રકરણ' 'ઐન્દ્રસ્તુતિ-ચતુર્વિંશતિકા' 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાપ્રકરણ' વગેરે). પણ એ નવાઈની વાત છે કે પોતાને કાશી મોકલવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર ધનજી સૂરાનો યશોવિજયજી-એ ક્યાંય ઉલ્લેખસરખો કર્યો નથી.

સુજસ.નું નિરૂપણ એવું છે કે ધનજી સૂરાનાં વચનો સાંભળીને ગુરુ નયવિજયજીએ કાશીનો માર્ગ લીધો. આનો અર્થ એવો થાય કે ૧૬૯૯માં જ નયવિજયજી કાશી જવા રવાના થયા હતા. રવાના થતામાં વર્ષ બદલાયું હોય તો ૧૭૦૦માં એ નીકળ્યા હોય એમ બને. પરંતુ યશોવિજયજીના '(લઘુ)સ્યાદ્વાદ-રહસ્ય'ની રચના સં.૧૭૦૧માં કપડવંજ પાસેના આંતરોલી ગામમાં થઈ છે. આ રચનાવર્ષ સાચું હોય તો ત્યાં સુધી કાશી જવાનું બન્યું નથી એમ ઠરે. સં.૧૭૦૧માં કે તે પછી તરત નયવિજયજી શિષ્યને લઈને કાશી માટે રવાના થયા હોય એમ બની શકે. સંભવ છે કે સુજસ.ને નયવિજયનું સાવ ૧૬૯૯માં જવાનું અભિપ્રેત ન પણ

હોય.

એ નોંધપાત્ર છે કે '(લઘુ)સ્યાદવાદ્રહસ્ય'માં યશોવિજયજીના 'અધ્યાત્મ-મતપરીક્ષા', 'ન્યાયવાદાર્થ' 'શ્રીપૂજ્યલેખ' તથા 'સપ્તભંગિપ્રકરણ' એ ગ્રંથોનો ઉલ્લેખ છે. આનો અર્થ એ થાય કે કાશી જતાં પહેલાં સં.૧૭૦૧ સુધીમાં યશોવિજયજીએ ઘણા ગ્રંથોની રચના કરી છે અને તર્ક-ન્યાય આદિનો પણ સારો એવો અભ્યાસ કરેલો છે. રચનાવર્ષ ધરાવતી યશોવિજયજીની અન્ય કોઈ કૃતિ સં.૧૭૧૧ પહેલાંની મળતી નથી ને પછી તો ચારપાંચ વર્ષનું અંતર બતાવતી કૃતિઓ મળ્યા કરે છે એ જોતાં સં.૧૭૦૧થી સં.૧૭૧૧નો ગાળો થોડો વધારે પડતો લાગે. '(લઘુ)સ્યાદ્વાદરહસ્ય'નું રચનાવર્ષ થોડું શંકાસ્પદ લાગે ને ૧૭૧૦ને સ્થાને ૧૭૦૧ તો થઈ નહીં ગયું હોય ને એવો વિચાર આવે. પરંતુ કોઈ નિર્ણયાત્મક આધાર ન મળે ત્યાં સુધી સુજસ.ના ૧૬૯૯ એ વર્ષ અને '(લઘુ)સ્યાદ્વાદ રહસ્ય'ના સં.૧૭૦૧ એ વર્ષની ગૂંચ ઊભી રહે છે ને ઉપર કર્યો છે તેવો ખુલાસો આપણે શોધવાનો રહે છે.

યશોવિજયના કાશીગમન અંગે એક એવી કથા પ્રચલિત છે કે એમના સમુદાયના કીર્તિવિજયશિષ્ય વિનયવિજય સાથે એ કાશી ગયેલા અને બન્નેએ અભ્યાસસદશા સુધી સાધુવેશનો પરિહાર કરી તથા જશુલાલ અને વિનયલાલ એવાં નામો ધારણ કરી પોતાની જૈન તરીકેની ઓળખ છુપાવેલી. આ કથા સાવ નિરાધાર છે એમાં કોઈ શંકા નથી. એમાં નયવિજયનું વિનયવિજય થઈ ગયું હોય અને વિનયવિજય સાથેના યશોવિજયના આત્મીય સંબંધે એને ટેકો પૂરો પાડ્યો હોય એ સંભવિત છે. (વિનયવિજયના સ્વર્ગવાસથી અધૂરા રહેલા એમના 'શ્રીપાળ રાસ'ને યશોવિજયે પૂરો કરી આપેલો.) બાકીની કથા તો યશોવિજયના વિદ્યા-સાહસને ઉઠાવ આપવા ઊભી થઈ હોય. હરિભદ્રસૂરિના બે શિષ્યોએ પણ બૌદ્ધ સિદ્ધાંત શીખવા માટે પોતાનું જૈનત્વ છુપાવેલું એવી કથા છે. આ પરથી સમજાય છે કે આ એક લોકપ્રિય કથાઘટક છે. આવી કથાઓ જોડનારના ખ્યાલમાં એ નથી રહેતું કે વિદ્યાભ્યાસના પ્રયોજનથી પણ સાધુવેશ છોડવો એ જૈન સાધુ-આચાર સાથે બંધ બેસે ? યશોવિજયજીના ગચ્છનાયકો તો સાધુ-આચારનું કડક રીતે પાલન કરવામાં માનનારા હતા. એમના શાસનમાં સાધુવેશ છોડવાનું – અને તેથી બધા સાધુ-આચારો પણ છોડવાનું – શક્ય ખરું ? ગૌરવ આપવા યોજાયેલી આ કથા ખરેખર અગૌરવ કરનારી ન ગણાય ? વિદ્યા ધર્મ કરતાંયે વધારે ઊંચી ચીજ ? આ દૃષ્ટિએ પણ આ કથા અસ્વીકાર્ય ગણાય.

### ગણિપદ

'(લઘુ)સ્યાદ્વાદરહસ્ય'માં યશોવિજયે પોતાને 'ગણિ' તરીકે ઓળખાવ્યા છે તેમજ એની પુષ્પિકા પણ આ પ્રમાણે મળે છે : "ઈતિ સ્યાદ્વાદરહસ્ય ગ્રંથઃ સંપૂર્ણઃ સંવત્ ૧૭૦૧ વર્ષે ગણિ જસવિજયેન અન્તરપલ્યાં કૃત ઈતિ શ્રેયઃ." એટલે એમને

સં.૧૭૦૧ પૂર્વે ગણિપદ મળી ચૂક્યું હતું એમ નક્કી થાય છે, જોકે યશોવિજયજી પોતાને 'ગણિ' તરીકે ઓળખાવતા હોય એવું બહુ ઓછું જોવા મળે છે. ગુજરાતી કૃતિઓમાં તો એ પોતાને 'કવિ' 'બુધ' તરીકે અને વાચકપદ મળ્યા પછી 'વાચક' તરીકે જ ઉલ્લેખતા દેખાય છે. પ્રતોની પુષ્પિકાઓમાં એમને 'ગણિ' કહેવામાં આવ્યા છે ખરા. સં.૧૭૧૧માં ગુરુ નયવિજયે લખેલી 'દ્રવ્યગુણપર્યાય રાસ'ની પ્રતની પુષ્પિકામાં એમને 'ગણિ' કહેવામાં આવ્યા છે. એટલે 'ગણિ'પદ એમને વહેલું મળી ગયું હતું એમાં કોઈ શંકા નથી.

**કાશીમાં**

ગુજરાતથી કાશી પહોંચતાં સમય તો લાગે જ. પણ સુજસ.એ યશોવિજયજીના કાશી પહોંચ્યાનું કોઈ વર્ષ આપ્યું નથી. એ એટલું જ કહે છે કે કાશી દેશની વારાણસી નગરીમાં યશોવિજયજી ગયા અને ત્યાં એમણે ત્રણ વર્ષ ષડ્દર્શન-નું રહસ્ય જાણનાર અને તાર્કિકકુલમાર્તંડ ભટ્ટાચાર્ય પાસે અભ્યાસ કર્યો. ભટ્ટાચાર્ય પાસે ૭૦૦ વિદ્યાર્થીઓ ભણતા હતા. ખૂબ લગનીથી યશોવિજયજીએ ન્યાય, મીમાંસા, વિશેષિક દર્શન, સાંખ્ય, જૈમિનિસિદ્ધાંત (એટલે પૂર્વમીમાંસા), ચિંતામણિ (એટલે 'તત્ત્વચિંતામણિ', ગંગેશ ઉપાધ્યાયનો નવ્ય ન્યાયનો પ્રસિદ્ધ ગ્રંથ), પ્રભાકર (મીમાંસાદર્શનના આચાર્ય), ભટ્ટ (કુમારિલભટ્ટ, મીમાંસાદર્શનના આચાર્ય), સુગત એટલે બૌદ્ધ સિદ્ધાંત વગેરેનું અધ્યયન કર્યું, અને જિનાગમ – જૈન શાસ્ત્રોની પણ ઊંડી વિચારણા કરી.

સુજસ. ઠાઠથી આવેલા એક સંન્યાસી સાથેના યશોવિજયજીના વાદનો પ્રસંગ નોંધે છે. વાદમાં સંન્યાસી હાર્યો અને યશોવિજયજી ગાજતેવાજતે પોતાના નિવાસે આવ્યા. એમણે વારાણસી પાર્શ્વનાથની સ્તુતિ કરી. આ પ્રસંગથી યશોવિજયને 'ન્યાયવિશારદ'નું બહુમાન મળ્યું અને એ 'તાર્કિક' તરીકે પ્રતિષ્ઠિત થયા.

યશોવિજયજીએ પોતે પોતાની કૃતિઓમાં પોતાના કાશીવાસ વિશે વારંવાર વાત કરી છે. એમના કહેવા મુજબ ગંગાકાંઠે 'ઐં' એ મંત્રના બીજાક્ષરના જાપથી પ્રસન્ન થયેલી સરસ્વતીએ એમને તર્ક અને કાવ્યની સિદ્ધિનું વરદાન આપ્યું હતું અને એમની ભાષાને કલ્પવૃક્ષ સમી ફળદાયી કરી હતી. ('ન્યાયખંડખાદ્ય' તથા 'જંબૂસ્વામી રાસ'). ભટ્ટાચાર્ય પાસે એમણે તર્ક અને ન્યાયનું ઊંડું અધ્યયન કર્યું હતું, જેને કારણે સિદ્ધસેનાદિના સકલનયપૂર્ણ શાસ્ત્રોનો મર્મ એ સાચી રીતે સમજ્યા હતા. કોઈ જેવુંતેવું ભણેલો જટિલ એમની સાથે વાદ કરવા આવ્યો હતો, પરંતુ 'શું કુંભારથી ત્રણ લોકોના રચનાર સાથે વાદ થઈ શકે ?' ('સ્યાદ્વાદસારપત્ર' તથા '૩૫૦ ગાથાનું સીમંધર સ્તવન').

યશોવિજયજીએ જે શાસ્ત્રસિદ્ધાંતોનું અધ્યયન કર્યું હતું તેની સુજસ.એ આપેલી યાદીમાં વેદાંત નથી, પણ યશોવિજયજી પોતે કહે છે કે ગુરુએ એમને જૈન

શાસ્ત્રો અને વેદાંત, ન્યાય આદિ પરમતનાં શાસ્ત્રોના અધ્યયન અર્થે કાશી મૂક્યા હતા ('દ્રવ્યગુણપર્યાયનો રાસ'). યશોવિજયજીની કૃતિઓ પણ એમનો વેદાંતનો ઊંડો અભ્યાસ બતાવે જ છે અને એ ષડ્દર્શનવેત્તા તરીકે તો ખ્યાત હતા.

માનવિજયે 'ધર્મસંગ્રહ' (સં.૧૭૩૮)માં નોંધ્યું છે કે યશોવિજયે કાશીમાં પરમતની સભાઓને જીતી જૈન મતનો પ્રભાવ વિસ્તાર્યો હતો.

યશોવિજયજીએ પોતાને મળેલાં બિરુદો પણ જણાવ્યાં છે. પહેલાં પંડિતોએ એમને 'ન્યાયવિશારદ'નું બિરુદ આપ્યું અને તે પછી શતગ્રંથની રચના કરી ત્યારે 'ન્યાયાચાર્ય'નું બિરુદ આપવામાં આવ્યું ('જૈનતર્કભાષા', 'પ્રતિમાશતક' વગેરે) 'ન્યાયાચાર્ય'નું બિરુદ ભટ્ટાચાર્યે ન્યાયગ્રંથની રચના જોઈ પ્રસન્ન થઈ આપ્યું છે તેવી પણ એમણે નોંધ કરી છે (બીજો કાગળ, ગૂસાસંગ્રહ. ભા.૨). આનો અર્થ એવો થાય કે 'ન્યાયાચાર્ય' બિરુદ એમને કાશીમાં જ મળ્યું હતું.

'શતગ્રંથ'ની રચનાનો ઉલ્લેખ કોયડો ઊભો કરે છે. સો ગ્રંથ અને તે પણ ન્યાયના યશોવિજયજીના મળતા નથી. પણ એમણે ન્યાયના સો ગ્રંથો રચ્યા હોય તોપણ ક્યારે રચ્યા ? કાશીમાં હતા ત્યારે જ ? આ શક્ય લાગતું નથી. કાગળમાં તો યશોવિજયજીએ માત્ર 'ન્યાયગ્રંથ'ની રચનાની વાત કરી છે, 'સો ગ્રંથ'ની રચનાની નહીં એ સૂચક છે. ત્યાં એમણે ગ્રંથસમાપ્તિ પણ નોંધી છે. એટલે કોઈ એક ગ્રંથ અભિપ્રેત છે એમ સમજાય છે. એ ગ્રંથસમાપ્તિ 'જૈનતર્કપરિભાષા' અને 'પ્રતિમાશતક'માં મળે છે, તે ઉપરાંત કોઈ ન્યાયગ્રંથમાં પણ હશે. તો પછી 'શતગ્રંથ'ની રચનાનો ઉલ્લેખ યશોવિજયજીએ કર્યો છે તેનું શું ? જૈન પરિભાષામાં 'ગ્રંથ' શબ્દ શ્લોકના અર્થમાં વપરાય છે (અને એનું માપ ૩૨ અક્ષરનું ગણાય છે) એ જાણીતી વાત છે. 'શતગ્રંથ' એટલે સો શ્લોક એમ અભિપ્રેત ન હોઈ શકે ? 'ન્યાય-ખંડખાદ્ય' ૧૧૦ શ્લોકની રચના છે જ. એવી કોઈ રચના કાશીમાં યશોવિજયે કરી હોય અને એ જોઈને ભટ્ટાચાર્યે 'ન્યાયાચાર્ય'ની પદવી આપી હોય એમ ન બને ? યશોવિજયજીએ કાગળમાં આગળ ચાલતાં લખ્યું છે તે આ સંદર્ભમાં ઉપયોગી થાય એવું છે : "ન્યાયગ્રંથ ૨ લક્ષ કીધો છઈ..." દેખીતી રીતે જ બે લાખ ન્યાયગ્રંથો ન હોઈ શકે, બે લાખ શ્લોકપ્રમાણ ન્યાયગ્રંથ જ હોઈ શકે. આ કાગળ લખાય છે ત્યાં સુધીમાં યશોવિજયજીએ એ કાર્ય કર્યું છે. મૂળ ગ્રંથ, ટીકા આદિ સમેત બે લાખ શ્લોકપ્રમાણ હોઈ શકે. આ જોતાં 'શતગ્રંથ'ની રચના એટલે સો શ્લોકની રચના એ અર્થઘટનને પૂરતો અવકાશ રહે છે અને એ અર્થઘટન સ્વીકારીએ તો કશો મૂંઝવણભર્યો કોયડો રહેતો નથી.

**આગ્રામાં**

સુજસ. યશોવિજયજી કાશીમાં ત્રણ વર્ષ રહી 'તાર્કિક' તરીકે પ્રતિષ્ઠા પામી આગ્રા ગયા એમ જણાવે છે. ત્યાં ન્યાયાચાર્ય પાસે એમણે ચાર વર્ષ અભ્યાસ કર્યો અને કઠિન તર્કસિદ્ધાંત તથા પ્રમાણનું અવગાહન કર્યું. આગ્રાના સંઘે એમની પાસે

આદરપૂર્વક રૂ.૭૦૦ ધર્યા. યશોવિજયે એમાંથી પોથીપુસ્તકો તૈયાર કરાવીને હોંશપૂર્વક છાત્રોને અર્પણ કર્યાં.

યશોવિજય આગ્રા ગયાની વાત સુજસ. સિવાય ક્યાંય નોંધાયેલી નથી. યશોવિજયે પણ પોતાના કાશીવાસની વાત વારંવાર કરી છે પરંતુ આગ્રાવાસનો ઉલ્લેખ સુધ્ધાં કર્યો નથી. પરંતુ એ અસંભવિત જણાતું નથી. આગ્રાના કવિ બનારસીદાસની કોઈકોઈ પદ્યકૃતિ સાથે ઉપાધ્યાયજીની પદ્યકૃતિનું અક્ષરશઃ સામ્ય જોવા મળે છે (યશોવિજય, યશોસ્મૃગ્રંથ., પૃ.૨૨) અને બનારસીદાસના શિષ્યો કુંવરપાલ વગેરેના આધ્યાત્મિક મતનું યશોવિજયજીએ ખંડન કર્યું છે (સુજસટિ., પૃ.૧૬). બનારસીદાસ વગેરેના સાહિત્યનો આટલો ગાઢ પરિચય આગ્રાવાસનું પરિણામ હોઈ શકે. યશોવિજયજીએ આગ્રામાં બનારસીદાસને કે એમના શિષ્યોને ચર્ચામાં હરાવ્યા હતા એવી વાત પણ, મેઘવિજયના 'યુક્તિપ્રબોધ'નો આધાર આપી, નોંધાયેલી છે (વિજયપદ્મસૂરિ, યશોસ્મૃગ્રંથ., પૃ.૧૮૮). યશોવિજયજીએ પોતે એમને વિશેની ઘણી વાતો જે સુજસ.એ કહેલી છે તે નોંધી નથી ને સુજસ.ની આ વાતને ખોટી ઠેરવતો કોઈ ચોખ્ખો પુરાવો નથી તેથી એ સ્વીકારીને ચાલવામાં બાધ નથી.

સુજસ. વર્ણવે છે કે આગ્રાથી નીકળી યશોવિજય વાદીઓને જીતતા-જીતતા અમદાવાદ આવ્યા. પછીથી 'કાશીથી પાઉધારે ગુરુજી' એમ પંક્તિ આવે છે તેમાં કાશી દેશથી કે કાશી ગયેલા તે ગુરુજી પધારે છે એમ જ સમજવું જોઈએ. ઉપરાંત, કાવ્યના આરંભમાં 'ગુરુ' શબ્દ નયવિજયજી માટે પ્રયોજાયો હતો, અહીં એ યશોવિજયજી માટે પ્રયોજાયો છે એ સ્પષ્ટ છે. વિદ્યાપ્રાપ્તિથી પ્રૌઢ બનેલા યશોવિજયનો આમાં સંકેત છે. નયવિજયજીનો નિર્દેશ તો કાશીગમનવેળા સિવાય પછીથી આવતો જ નથી.

**અમદાવાદમાં અઢાર અવધાન**

સુજસ. અમદાવાદમાં થયેલા યશોવિજયજીના ઉમળકાભર્યા સ્વાગતનું વર્ણન કરે છે. યશોવિજયજી નાગપુરી સરાહ (નાગોરી સરાય, હાલના ગાંધીમાર્ગ પર રતનપોળને નાકે)માં ઊતર્યા. એમની કીર્તિ બધે પ્રસરી અને ગુર્જરપતિ મહાબતખાન સુધી પહોંચી. મહાબતખાનને આ વિદ્વાનને જોવાની ઇચ્છા થઈ. યશોવિજયજી એમની પાસે ગયા અને એમના સૂચનથી એમની સમક્ષ અઢાર અવધાન કર્યાં. વાજતેગાજતે એ પોતાને સ્થાનકે આવ્યા. આ ઘટનાથી જૈન શાસનની ઉન્નતિ થઈ, તપગચ્છની શોભા વધી અને ચોરાસી ગચ્છોમાં યશોવિજયજીની 'અક્ષોભ પંડિત' તરીકેની નામના થઈ. સકળ સંઘે વિજયદેવસૂરિને વિનંતી કરી કે આ વિદ્વાન ચોથા પદ (ઉપાધ્યાય/વાચકપદ)ને લાયક છે. ગચ્છપતિએ પણ એ લાયકાત પ્રમાણી અને સંઘની વાત પોતાના મનમાં રાખી.

સુજસ.ના આ પ્રસંગવર્ણનમાં એક ચોખ્ખી ગરબડ છે. સુજસ.એ

યશોવિજયના અમદાવાદ પાછા આવવાનું વર્ષ આપ્યું નથી પણ ૧૬૯૯થી ૧૭૦૨ સુધીમાં યશોવિજયજી કાશી ગયા હતા અને કાશી-આગ્રામાં સાત વર્ષ રહ્યા હતા તે જોતાં એ અમદાવાદ ૧૭૦૭થી ૧૭૧૦ સુધીમાં પાછા આવ્યા હોય. વિજય-દેવસૂરિને યશોવિજયજીને ઉપાધ્યાયપદ આપવા વિનંતી કરવામાં આવી છે તે એમનો સ્વર્ગવાસ સં.૧૭૧૩માં થયો એ પૂર્વે જ હોઈ શકે અને સં.૧૭૦૯ (અસાડ સુદ ૨)માં વિજયસિંહસૂરિના સ્વર્ગવાસથી એમણે ફરીને ગચ્છાધિકાર સંભાળ્યો તે પછી હોઈ શકે. સં.૧૭૧૦(પોષ)માં યશોવિજયે પાટણમાં 'નયચક્રવૃત્તિ'ની પ્રત લખેલી છે અને સં.૧૭૧૧માં યશોવિજયે સિદ્ધપુરમાં 'દ્રવ્યગુણપર્યાય રાસ'ની રચના કરી છે એટલે તે પૂર્વે એ કાશીથી પાછા આવી ગયાનું નિશ્ચિત થાય છે. વસ્તુતઃ સં.૧૭૧૦માં યશોવિજયજી ગુજરાતમાં પાછા આવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. વિબુધવિમલસૂરિ 'સમ્યક્ત્વપરીક્ષા'ના બાલાવબોધમાં પોતાના પ્રગુરુ ઋદ્ધિવિમલગણિ વિશે લખે છે કે "તે, સંવત ૧૭૧૦ વર્ષે ગુજરાત મધ્યે ધાણધાર મધ્યે શ્રી પાલણપુર પાસે ગોલાગ્રામ મધ્યે શ્રી મહાવીરસ્વામીની સાનિધ્યે ક્રિયાઉદ્ધાર કર્યો. તે કાલે શ્રી યશોવિજય ઉપાધ્યાય કાશી માંહિં ન્યાયશાસ્ત્ર ભણીને ઈહાં પધાર્યા છે." (જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય, રાસસાર, પૃ.૧૩) આ પરથી એમ કડી બેસે કે યશોવિજયજી સં.૧૭૧૦માં ચાતુર્માસ પછી માગશરના અરસામાં ગુજરાતમાં દાખલ થયા હશે, પાલનપુર થઈ પોષમાં પાટણ પહોંચ્યા હશે ને ત્યાંથી અમદાવાદ ગયા હશે. પરંતુ મહાબતખાન તો ગુજરાતના સૂબેદાર ઈ.૧૬૬૨–૬૮ (સં.૧૭૧૮–૧૭૨૪) હતા. એ સં.૧૭૧૦માં યશોવિજય અમદાવાદ આવ્યા ત્યારે સૂબેદાર ન જ હોઈ શકે. એટલે આ હકીકતમાં કંઈક ગરબડ છે.

આ ગરબડ નિવારવા માટે એવો તર્ક કરવામાં આવ્યો છે કે 'વિજયદેવસૂરિ' એ 'વિજયપ્રભસૂરિ'ને બદલે થઈ ગયેલી ભૂલ હોય અને ઘટના સં.૧૭૧૮માં જ (જે વર્ષમાં યશોવિજયજીને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું તે વર્ષે ) બની હોય. અથવા તો ઉપાધ્યાયપદ આપવાની વિનંતી તો વિજયદેવસૂરિને જ સં.૧૭૧૩ પહેલાં થઈ હોય પણ મહાબતખાન પાસે અવધાન કર્યાની ઘટના સં.૧૭૧૮માં બની હોય. (જુઓ સુજસપ્ર.)

આ તર્કો યોગ્ય હોય એમ જણાતું નથી. સુજસ.નું નિરૂપણ સ્પષ્ટ રીતે અવધાનની ઘટના કાશીથી આવતાં જ બની હોવાનું બતાવે છે અને સુજસ.ની ત્રણે હસ્તપ્રતો 'વિજયદેવસૂરિ' નામ આપે છે એટલે પાઠ ભ્રષ્ટ હોવાની શક્યતા નથી તેમ કાંતિવિજય પણ આવી ભૂલ કરે નહીં.

વિજયદેવસૂરિએ વાત મનમાં ધારી એમ જ કહેવામાં આવ્યું છે અને ઉપાધ્યાયપદ અપાતાં પહેલાં કેટલોક ગાળો વીત્યો હોવાનું સુજસ.ને અભિપ્રેત છે એટલે વિજયદેવસૂરિને વિનંતી અને પછીથી વિજયપ્રભસૂરિ દ્વારા ઉપાધ્યાયપદની

પ્રાપ્તિ એમાં કોઈ અસંગતિ માનવાની જરૂર નથી. ઉપાધ્યાયપદ આપવાની વિનંતી અવધાનની ઘટનાને અનુષંગે આવે એ જ તર્કયુક્ત છે એટલે અવધાનની ઘટના વિનંતીની પૂર્વે જ બની હોય. વળી યશોવિજયજીની કીર્તિ ફેલાવનાર આ ઘટના અમદાવાદ આવતાં જં બની હોય એ વધારે બંધબેસતું છે. પછીથી તો કદાચ અવધાનમાંથી યશોવિજયજીનો રસ પણ ઊડી ગયો છે.

મહાબતખાન ઈ.૧૬૬૨(સં.૧૭૧૮)માં ક્યારે ગુજરાતના સૂબેદાર બન્યા અને યશોવિજયને ઉપાધ્યાયપદ પણ એ વર્ષમાં ક્યારે આપવામાં આવ્યું એ જાણવા મળતું નથી. પરંતુ મહાબતખાન વર્ષના પાછલા ભાગમાં ગુજરાતના સૂબેદાર બન્યા હોય અને યશોવિજયજીને ઉપાધ્યાયપદ વર્ષના આગલા ભાગમાં આપવામાં આવ્યું હોય તો અવધાનની ઘટના સં.૧૭૧૮માં પણ મહાબતખાનની સૂબેદારીમાં બની હોવાનું અશક્ય બની જાય.

આમ બધું વિચારતાં સુજસ.માં થયેલી ગરબડનો કોઈ બીજો ખુલાસો શોધવો જોઈએ એમ લાગે છે.

એમ લાગે છે કે અવધાનની ઘટના સાથે મહાબતખાનનું નામ જોડવામાં સુજસ.ની ભૂલ થયેલી છે. આ બધા કાળ દરમિયાન ગુજરાતમાં દિલ્હીની મોગલ સલ્તનતની સત્તા પ્રવર્તતી હતી – ઈ.૧૬૨૭થી ૧૬૫૮ (સં.૧૬૮૩–૧૮૧૪) સુધી શાહજહાંની અને ઈ.૧૬૫૮થી ૧૭૦૭ (સં.૧૭૧૪–૧૭૬૩) સુધી ઔરંગઝેબની. ઈ.૧૬૪૮–૫૨ (સં.૧૭૦૪–૧૭૦૮) શાહજાદા દારા શુકોહને ગુજરાતના સૂબા તરીકે નીમવામાં આવ્યા હતા પણ એ નામના જ સૂબેદાર હતા. એમણે પોતાના વિશ્વાસુ અધિકારી ઘૈરતખાનને નાયબ સૂબેદાર બનાવી ગુજરાત મોકલ્યા હતા. ઈ.૧૬૫૨–૫૪ (સં.૧૭૦૮–૧૮૧૦) શાઈસ્તખાન ગુજરાતના સૂબેદાર બન્યા હતા. યશોવિજય અમદાવાદ પાછા આવ્યા અને અઢાર અવધાન કર્યાં એ ઘટના શાઈસ્તાખાનની સૂબેદારી દરમિયાન બની હોવાનું વધારે સંભવિત છે. મહાબતખાનનું નામ ગુજરાતમાં વધારે જાણીતું હોય કે એવા કોઈ કારણે કાંતિવિજયને ભ્રાન્તિ થઈ હોય અને શાઈસ્તાખાન કે ઘૈરતખાનને સ્થાને એ નામ મુકાઈ ગયું હોય એમ બનવા સંભવ છે.

ઓછામાં ઓછું, આ ઘટનાનો સમય ખસેડવાની કોઈ જરૂર જણાતી નથી.

**'નયચક્રવૃત્તિ'નું લેખન**

આચાર્ય મલ્લવાદિપ્રણીત 'નયચક્ર' એ અત્યંત મૂલ્યવાન ગ્રંથ આજે અપ્રાપ્ય છે, પરંતુ એના પર સિંહવાદિગણિ ક્ષમાશ્રમણે રચેલી વૃત્તિની હસ્તપ્રતો મળે છે. એમાંની ઘણીખરી પ્રતોનો આધાર યશોવિજયજીએ તૈયાર કરેલી પ્રતિ છે. આ પ્રતલેખનનો ઈતિહાસ રોમાંચક છે.

યશોવિજયજીના સમયમાં 'નયચક્રવૃત્તિ'ની પ્રતો વિરલ હતી. સં.૧૭૧૦માં એ પાટણ હતા ત્યારે એક પ્રત એમના હાથમાં આવી, એમણે વાંચી અને એનો

આદર્શ તૈયાર કરવાનું માથે લીધું. પ્રત પાછી આપવાની ઉતાવળ હશે તેથી ૧૮૦૦૦ શ્લોકપ્રમાણના આ મહાકાય ગ્રંથની ૩૦૯ પાનાંની બીજી નકલ પંદર દિવસમાં જ કરી નાખવામાં આવી. સં.૧૭૧૦ના પોષ વદ ૧૩ને દિવસે કામ પૂરું થયું. આ કામમાં એમને ગુરુ નયવિજય, જયસોમ પંડિત, લાભવિજયગણિ, કીર્તિરત્ન, તત્ત્વવિજય અને રવિવિજયની સહાય મળી, પણ ૭૩ પાનાં (લગભગ ૪૮૦૦ શ્લોકપ્રમાણ) એમના પોતાના જ હસ્તાક્ષરમાં મળે છે. (પ્રતની પુષ્પિકા, જંબૂવિજયજી, યશોસ્મૃગ્રંથ., પૃ.૩૪–૩૫ તથા પુણ્યવિજયજી, યશોસ્મૃગ્રંથ., પૃ.૨૫૯–૬૦)

યશોવિજયનું આ એક વિદ્યાસાહસ હતું. એમાં એમનો ઊંડો વિદ્યાપ્રેમ પ્રતીત થાય છે. પોતાના ગુરુ અને સાથી-સાધુઓના એમણે કેવા સ્નેહાદર પ્રાપ્ત કર્યા હતા તે પણ આ ઘટનામાં જોવા મળે છે.

યશોવિજયજી કાબેલ લહિયા હતા ને પ્રતલેખનનો એમને રસ હતો તે દેખાઈ આવે છે. એમના ઘણા ગ્રંથોની એમણે પોતે લખેલી પ્રતો મળી આવી છે. આટલી સ્વહસ્તલિખિત પ્રતો અન્ય કોઈ રચયિતાની ભાગ્યે જ હશે.

**વાચક/ ઉપાધ્યાયપદ**

ઉપાધ્યાયપદ આપવાની અમદાવાદના સંઘની વિનંતી વિજયદેવસૂરિએ મનમાં રાખી. તે પછી, સુજસ. વર્ણવે છે કે યશોવિજયજીએ વીસ સ્થાનકની ઓળીનું તપ કર્યું અને તે વખતે જયસોમ વગેરે પંડિતોએ એમની સેવાશુશ્રૂષા કરી. આ પછી વિજયપ્રભસૂરિએ સં.૧૭૧૮માં યશોવિજયજીને વાચકપદવી આપી.

ઉપાધ્યાયપદનું વર્ષ સં.૧૭૧૮ માત્ર સુજસ. આપે છે. પણ એ અન્ય રીતે સમર્થિત થાય છે. યશોવિજયજી સં.૧૭૧૭ સુધીની કૃતિઓમાં પોતાને વાચક કે ઉપાધ્યાય તરીકે ઓળખાવતા નથી, તે પછી જ પોતાના નામ સાથે એ પદ જોડે છે. એટલે સં.૧૭૧૭ સુધી એ પદ એમને મળ્યું નથી અને વાચકપદના નિર્દેશવાળી રચનાસંવત ધરાવતી પહેલી કૃતિ 'સાધુવંદના' સં.૧૭૨૧ની છે એટલે તે પૂર્વે એમને વાચકપદ મળી ચૂક્યું છે એમ નક્કી થાય છે. આમ વાચકપદ સં.૧૭૧૮થી ૧૭૨૧ના ગાળામાં ગમે ત્યારે અપાયેલું હોઈ શકે, પણ સુજસ.એ આપેલા સં.૧૭૧૮ એ વર્ષ સામે કશો બાધ રહેતો નથી. ઊલટું, એ ઘણું સંભવિત લાગે છે.

વીસ સ્થાનકનું તપ યશોવિજયજીએ અવધાનપ્રયોગ પછી તરત અમદાવાદમાં જ કર્યું કે તે પછી કોઈ સમયે, તેમજ આ તપ પછી તરત એમને વાચકપદવી આપવામાં આવી કે તે પછી કોઈ સમયે એ વિશે સુજસ.માં કોઈ સ્પષ્ટતા નથી. પણ વિજયદેવસૂરિને વિનંતી અને વિજયપ્રભસૂરિને હસ્તે વાચક-પદવીનું પ્રદાન એ હકીકતો જોતાં એને સમયગાળો – થોડાંથોડાં વર્ષોનો પણ – અભિપ્રેત હશે એમ સમજાય છે. સં.૧૭૧૦માં 'નયચક્રવૃત્તિ'ના લેખનમાં પંડિત જયસોમ પાટણમાં યશોવિજયજીની સાથે હતા તેથી ઓળીતપની આરાધના

ત્યારે થઈ હોય એમ બને ખરું, પણ એવું નિશ્ચિતપણે ન કહી શકાય. બીજી કોઈ વેળાએ પણ પંડિત જયસોમ યશોવિજયજીની સાથે હોઈ શકે.

સુજસસાર. એમ ઘટાવે છે કે ઓળીતપના ફળ તરીકે વિજયપ્રભસૂરિએ યશોવિજયજીને વાચકપદ આપ્યું. પરંતુ આ બે ઘટનાઓને જોડી દેવાનું યોગ્ય લાગતું નથી. સુજસ.એ ઓળીતપનું ફળ હસ્તગત કર્યું એમ કહ્યું છે તેમાં એના ધાર્મિક-આધ્યાત્મિક ફળનો જ અર્થ હોય. સુજસ.એ તરત વાચકપદવીની વાત કરી છે પણ બે ઘટનાઓને સ્ફુટ રીતે સાંકળી નથી.

યશોવિજયજી જેવા પ્રકાંડ વિદ્વાનને આચાર્યપદ તો ન જ મળ્યું ને ઉપાધ્યાયપદ પણ ઘણું મોડું મળ્યું એ બાબત ઘણા લોકોને ખૂંચી છે અને એમાં ભટ્ટારક – ગચ્છપતિ વિજયપ્રભસૂરિની બળજબરાઈ કારણભૂત લાગી છે (સુજસ-પ્ર.). એમ પણ દર્શાવવામાં આવ્યું છે કે એ સમયમાં આનંદઘનની પેઠે યશોવિજય-ના નિંદક ને છિદ્રાન્વેષી ઘણા હતા ને યશોવિજય ઘણે સ્થાને નિંદક દુર્જનો સામે પોકાર વ્યક્ત કરે છે, વિજયપ્રભસૂરિ સામાન્ય કોટિના હતા ને યશોવિજયને શાસ્ત્રાગમના પ્રમાણથી ગચ્છનાયકની ઘણી પ્રવૃત્તિઓ અનિષ્ટ લાગી હતી જે એમણે સામાન્યપણે કહેવાની હિંમત બતાવી હતી તથા જેમના પ્રત્યે પોતાનો બહુ પૂજ્યભાવ હતો તે વિજયસિંહસૂરિ દુર્ભાગ્યે સં.૧૭૦૯માં સ્વર્ગસ્થ થયા હતા. તેથી આત્મપ્રતિષ્ઠા ઘવાય એ રીતે યશોવિજયજીને સં.૧૭૧૭માં લેખિત માફી માગવી પડી અને તે પછી સં.૧૭૧૮માં એમને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું. આ માફીપત્ર પણ રજૂ કરવામાં આવ્યું છે. "ૐ નત્વા સં.૧૭૧૭ વર્ષે ભ. શ્રી વિજયપ્રભસૂરીશ્વર ચરણાન્ શિશુલેશઃ પંડિત નયવિજયગણિશિષ્ય જસવિજયો વિજ્ઞપયતિ, અપરં આજ પહિલાં જે મઈ અવજ્ઞા કીધી તે માપ, હવિ આજ પછી શ્રીપૂજ્યજી થકી કસ્યૂં વિપરીત હોઇ તે સાથિ મિલું તો, તથા મણિચંદ્રાદિકનિ તથા તેહોના કહિણથી જે શ્રાવકનિ શ્રીપૂજ્યજી ઉપરિ, ગચ્છવાસી યતિ ઉપરિ અનાસ્થા આવી છઈ તે અનાસ્થા ટાલવાનો અનૈ તેહોનિં શ્રીપૂજ્યજી ઉપરિ રાગ વૃદ્ધિવંતો થાઇ તેમ ઉપાય યથાશક્તિ ન કરું તો, શ્રીપૂજ્યજીની આજ્ઞારુચિ માહિં ન પ્રવર્તું તો, માહરિ માથઈ શ્રી શત્રુંજય તીર્થ લોપ્યાનું, શ્રી જિનશાસન ઉત્થાપ્યાનું, ચૌદ રાજલોકનઈ વિષઈ વર્તઈ તે પાપ." (જુઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલય રજત મહોત્સવ ગ્રંથ – 'અધ્યાત્મી શ્રી આનંદઘન અને શ્રી યશોવિજય', મોહનલાલ દલીચંદ દેશાઈ.)

એ વાત સાચી છે કે લાયક હોવા છતાં યશોવિજયને આચાર્યપદ આપવામાં આવ્યું નથી અને ઉપાધ્યાયપદ ઘણું મોડું આપવામાં આવ્યું છે. આચાર્યપદ અંગે એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે એક જ આચાર્યની પ્રથા હોવાથી યશોવિજયજી આચાર્યપદ પર પ્રતિષ્ઠિત થઈ શક્યા ન હતા. (કનકવિજયગણિ, યશોસ્મૃગ્રંથ., પૃ.૨૨) પછીથી જ્ઞાનવિમલસૂરિને આચાર્ય બનાવવામાં આવ્યા જ હતા, છતાં આ

ખુલાસો આપણે સ્વીકારી લઈએ. પરંતુ ઉપાધ્યાયપદ મોડું મળ્યું એનો ખુલાસો કરવો મુશ્કેલ છે. યશોવિજયજી કાશીથી એવી વિદ્વત્પ્રતિભા અને પ્રતિષ્ઠા રળીને આવ્યા હતા કે એ જ વખતે એમને આ પદથી નવાજવા જોઈતા હતા. પાટણના સંઘે આગળ થઈને વિજયદેવસૂરિને વિનંતી કરી પણ ખરી, પણ વિજયદેવસૂરિએ એ વાત મનમાં જ રાખી – છેક સં.૧૭૧૩માં એમનો સ્વર્ગવાસ થયો ત્યાં સુધી. એ વાત પણ સાચી છે કે યશોવિજયજીને વિજયસિંહસૂરિ પ્રત્યે અત્યંત આદરભાવ હતો અને એમના એ પ્રીતિપાત્ર બન્યા હતા. કદાચ એમના ટેકાથી જ યશોવિજયજીનું કાશી જવાનું શક્ય બન્યું હોય. વિજયસિંહસૂરિના સ્વર્ગવાસ (સં. ૧૭૦૯ અસાડ સુદ ૨) પછી યશોવિજયજીને અમદાવાદ આવવાનું બન્યું હોય અને એમનો એ મોટો આધાર જતો રહ્યો હોય, વિજયદેવસૂરિ વિજયપ્રભસૂરિથી દોરવાયા હોય કે પટ્ટધરપદની કંઈ ખટપટ ચાલતી હોય (વિજયપ્રભસૂરિને આચાર્યપદ સં. ૧૭૧૦માં મળ્યું અને એમનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ સં.૧૭૧૧માં થયો). આવી કોઈ પરિસ્થિતિએ યશોવિજયજીની ઉપાધ્યાયપદ-પ્રાપ્તિને આઘી ઠેલી હોય એ અસંભવિત નથી. સં.૧૭૧૧ના કારતકમાં વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ થઈ ગયા પછી અસાડમાં 'દ્રવ્યગુણ-પર્યાયનો રાસ'માં યશોવિજય એમને પટ્ટધર તરીકે ઉલ્લેખતા નથી – સ્વર્ગસ્થ વિજયસિંહસૂરિને પટ્ટધર તરીકે ઉલ્લેખે છે – એ હકીકત સૂચક ગણવી ? યશોવિજયજીને કાશી મોકલવામાં જેમનાં સૂચન-સહાય હતાં તે ધનજી સૂરા (એમણે સં.૧૭૧૧માં વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ કર્યો હતો) યશોવિજયજીના સ્વાગતપ્રસંગે દેખા દેતા નથી એ હકીકત પણ સૂચક હશે ?

છેવટે આ બધા તર્કો છે. દેશાઈ વિજયપ્રભસૂરિ માટે જે અભિપ્રાય આપે છે તે માટે શો આધાર છે એ આપણે જાણતા નથી અને એમની તથા યશોવિજયજી વચ્ચે અણરાગ હતો એના, માફીપત્ર સિવાય, કોઈ નક્કર પુરાવા નથી. આ માફીપત્ર તો શંકાસ્પદ લેખાયું છે. (જુઓ હીરાલાલ કાપડિયા, 'વિ.સં.૧૭૧૭નું માફીપત્ર', આત્માનંદ પ્રકાશ, પુ.૫૪ અં.૧–૩) આ માફીપત્રના એક કારણ તરીકે વિજયપ્રભસૂરિની કેટલીક પ્રવૃત્તિઓની સામાન્ય કથન રૂપે ટીકા કરતા યશોવિજયજીના જે ઉદ્‌ગાર ઉદ્ધૃત થયા છે એ સામાન્ય કથનો જ છે – સંતો કુગુરુઓ પર આવા પ્રહાર કરતા જ આવ્યા છે. કાપડિયા દર્શાવે છે કે 'જિમજિમ બહુશ્રુત બહુજનસંમત...' એ પંક્તિઓ સિદ્ધસેન દિવાકરના 'સન્મતિપ્રકરણ'ની ગાથાના અનુવાદરૂપ છે – અને આ ઉદ્‌ગારો માફીપત્ર લખાયા પછીની કૃતિઓમાં મળે છે ('શ્રીપાલ રાસ' – સં. ૧૭૩૮ તથા 'સીમંધરસ્વામીનું સ્તવન' – સં.૧૭૧૮ પછી). તેથી એને વિજયપ્રભસૂરિ પ્રત્યેના અણરાગના સૂચક ગણી શકાય નહીં.

માફીપત્ર વિશે કાપડિયાએ ઘણી શંકાઓ વ્યક્ત કરી છે, જેમકે, માફીપત્રનો આરંભ યશોવિજયજીની કૃતિઓમાં મળતા 'ઐં'ને બદલે 'ૐ'થી કેમ થયો છે ?

માફીપત્રમાં માસ, તિથિ અને વાર કેમ નથી ?, હું આમ ન કરું તો મને અમુક પાપ લાગે એ કથન જૈનદૃષ્ટિએ સંમત છે ? માફીપત્ર યશોવિજયજીના જ હસ્તાક્ષરમાં છે ?, માફીપત્રની નકલ સૌથી પ્રાચીન કઈ છે ?, ભટ્ટારક અને સૂરીશ્વર તરીકે નિર્દેશાતી વ્યક્તિ યશોવિજયજી જેવા સાક્ષર પાસે ઉપર મુજબનું માફીપત્ર લખાવે ખરી ?, વગેરે. આ બધી શંકાઓ કેટલી વજનદાર ગણાય એ પ્રશ્ન છે. અન્ય જૈન ગચ્છો-મતોની કટુ સમીક્ષા કરવા માટે ગચ્છનાયક વિજયદાનસૂરિએ ધર્મસાગરના ગ્રંથને જલશરણ કરાવેલો અને તેમની પાસે ચતુર્વિધ સંઘ સમક્ષ માફી મંગાવવામાં આવેલી, યશોવિજયજીનું માફીપત્ર લેખિત છે એ જુદી વાત છે. યશોવિજયનું વ્યક્તિત્વ સંપ્રદાયમાં જુદું પડી આવ્યું હશે જ. એમણે મૂર્તિપ્રતિષ્ઠા જેવાં કાર્યોમાં ઝાઝો રસ લીધો જણાતો નથી, કોરી બાહ્ય ક્રિયાઓની એમણે અસારતા બતાવી અને જ્ઞાનનો મહિમા કર્યો, જ્ઞાનથી આગળ વધી અનુભવનું મહત્ત્વ કરવા સુધી એ ગયા, આનંદઘન જેવા સંપ્રદાય બહાર રહેલા યોગીનો સંગ કર્યો, સંપ્રદાયમાં દેખાતાં અનિષ્ટોની ટીકા કરી – આ બધું એમને માટે વિરોધીઓ ઊભા કરનારું બન્યું હોય, એમનો તેજોદ્વેષ પણ કેટલાકે અનુભવ્યો હોય અને નિંદક દુર્જનોનો પરિતાપ એમણે વ્યક્ત કર્યો છે તે સાચો પણ હોય. એમના સાહિત્યની જોઈએ તેવી સંભાળ રાખવામાં નથી આવી એવી છાપ પણ પડે છે. વળી, સં.૧૭૧૭માં માફીપત્ર ને સં. ૧૭૧૮માં ઉપાધ્યાયપદ એ ઘટનાઓનો તાલમેલ મળે છે. આમ છતાં, આ માફીપત્રની વાત કઢંગી તો લાગે છે. યશોવિજયજી જેવા આવું માફીપત્ર લખી આપે અને તે પણ ઉપાધ્યાયપદ માટે ? જો ખરેખર લખી આપવું પડ્યું હોય તો પરિસ્થિતિ એમને માટે ઘણી કઠિન બનેલી હોવી જોઈએ. માફીપત્રમાં મણિચંદ્રને અને તેના કહેવાથી શ્રાવકને શ્રીપૂજ્યજી ઉપર તથા ગચ્છના સાધુઓ ઉપર અનાસ્થા આવ્યાની વાત છે તે સંવેગી સાધુઓ માટેના વ્યવહારમર્યાદાના ૪૨ બોલના એક લખાણમાં સહી કરનારાઓમાં યશોવિજયજીની સાથે છે તે મણિચંદ્ર ઋ. હોવા જોઈએ. એ બોલના લખાણમાં જયસોમગણિ, સત્યવિજયગણિ વગેરે બીજા થોડાક પણ છે. (જુઓ જૈગૂકવિઓ., ૪.૨૩૪) આ બધા સમાન વિચાર ધરાવતા, આચારશુદ્ધિના આગ્રહી સાધુઓ હશે એમ સમજાય છે.

છેવટે, માફીપત્રની પ્રમાણભૂતતા અંગે હજુ વિશેષ શોધખોળ અને વિચારણાની અપેક્ષા રહે છે.

**શાસનપત્ર**

યશોવિજયજીનું એક શાસનપત્ર મળી આવ્યું છે, જે એમના જ હસ્તાક્ષરમાં હોય એમ જણાયું છે (જુઓ જિનવિજય, 'જૈન ઐતિહાસિક સાહિત્ય', આત્માનંદ પ્રકાશ, વર્ષ ૧૩ અં.૬). એનો આરંભ આ પ્રમાણે છે; "સંવત ૧૭૩૮ વર્ષે વૈશાખ સિત ૭ ગુરૌ મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિભિઃ શ્રદ્ધાનજલ્પપટ્ટકો લિખ્યતે સમસ્ત પરિણત સમવાય યોગ્યં." આમાં સાધુઓએ પાળવાના આચારોવિષયક

પાંચ બોલ છે. 'આ શાસનપત્ર એમ બતાવે કે ત્યારે યશોવિજયજી સંપ્રદાયમાં પ્રતિષ્ઠિત થઈ ચૂક્યા છે.

**આનંદઘન સાથેનો સંપર્ક**

આનંદઘનજીનું મૂળ નામ લાભાનંદ. એ રાજસ્થાનના હોય એમ જણાય છે, પણ મસ્ત અવધૂત તરીકે વિચરતા રહેલા આ જૈન સાધુ વિશે બીજી કોઈ માહિતી મળતી નથી. એ સં.૧૬૫૦થી ૧૭૧૦ સુધી અવશ્ય વિદ્યમાન હશે એવું અનુમાન થઈ શકે છે (મો.દ.દેશાઈ, 'અધ્યાત્મી શ્રી આનંદઘન અને શ્રી યશોવિજય'). બાવીસ તીર્થંકરો વિશેનાં એમનાં સ્તવન (છેલ્લા બે તીર્થંકર વિશેનાં સ્તવન પ્રાપ્ય નથી) તત્ત્વબોધાત્મક છે ને પદોમાં કબીર વગેરે મધ્યકાલીન સંતોમાં સાંપ્રદાયિકતાથી ઉપર જતો જે અનુભવનિષ્ઠ અધ્યાત્મવિચાર પ્રગટ થયેલો એનું અનુસંધાન છે.

યશોવિજયજી આનંદઘનને ક્યાં અને ક્યારે મળ્યા એ વિશે કોઈ માહિતી મળતી નથી. કાશી જતાં કે આવતાં મળ્યા હશે એવું દેશાઈએ અનુમાન કર્યું છે તે એ વધારે શક્ય છે એ કારણે. પણ એ બન્ને મળ્યા છે ચોક્કસ. યશોવિજયે 'આનંદઘન અષ્ટપદી' રચી છે તેમાં એનો સ્પષ્ટ નિર્દેશ છે –

* જશવિજય કહે સુનો હો આનંદઘન, હમ તુમ મિલે હજૂર.
* એ રી આજ આનંદ ભયો, મેરે તેરો મુખ નીરખ નીરખ.
* આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ, તબ આનંદ સમ ભયો સુજસ.

આ પદોમાં યશોવિજય જેમ આનંદઘનને સંબોધે છે તેમ આનંદઘનના એક પદમાં પણ યશોવિજયને સંબોધન મળે છે – 'આનંદઘન કહે, જસા, સુનો બાતાં.'

'અષ્ટપદી'માં યશોવિજયજીની આનંદઘન સાથેની એવી ગાઢ આત્મીયતા વ્યક્ત થઈ છે કે બન્ને વચ્ચે એક વખતના મેળાપથી વિશેષ સંસર્ગ-સંપર્ક હશે એમ લાગે. જોકે એવું ખરેખર હશે કે કેમ અને એ કેવી રીતે શક્ય બન્યું હશે તે કહી શકાય તેમ નથી. આનંદઘનનાં પદો-સ્તવનોના નિરંતર અભ્યાસનું આ પરિણામ હશે ?

લોકનિંદાના પ્રસંગોમાં યશોવિજયે આનંદઘનનો પક્ષ કર્યો છે – 'કોઉ આનંદઘન છિદ્રહી પેખત, જસરાય સંગ ચડી આયા.' કોઈ સ્થૂળ ઘટનાનો આમાં નિર્દેશ જોવાની અનિવાર્યતા નથી, યશોવિજય આનંદઘનને પડખે રહ્યા, એમનો બચાવ કરતા રહ્યા એટલું જ અભિપ્રેત હોઈ શકે.

આનંદઘને પણ યશોવિજય માટેનો પોતાનો અનુરાગ વ્યક્ત કર્યો છે – 'સુયશરસમેઘનકે હમ મોર'.

લોકનિંદા વખતે પણ 'આનંદઘન આનંદદરસ ઝીલત' અને 'દેખત હી જસ ગુણ ગાયા.' આનંદઘનની આ મસ્તીનો સ્પર્શ યશોવિજયને પણ થયો છે. આનંદઘનના સંપર્કથી એમને અધ્યાત્મસાધનાનો અદ્ભુત માર્ગ મળ્યો છે, આનંદ અને સમતાથી ભરી આત્મદશા પ્રગટી છે એ 'અષ્ટપદી'નું તાત્પર્ય છે. ક્રિયાકાંડ,

શાસ્ત્રજ્ઞાન વગેરેથી ઉપર જતા આત્માનુભવનું ગાન યશોવિજયજીનાં પદોમાં દેખાય છે તે આનું પરિણામ છે. આનંદઘનજીએ, યશોવિજયજી પોતે કહે છે તેમ, એમને માટે પારસનું કામ કર્યું છે – એમને લોઢામાંથી કંચન બનાવ્યા છે.

**અન્ય સમકાલીનો સાથે સંબંધ**

**વિનયવિજય ઉપાધ્યાય :** એ હીરવિજયસૂરિશિ. કીર્તિવિજયના શિષ્ય હતા. સં.૧૬૯૪થી એમની રચનાઓ મળે છે અને સં.૧૭૩૮માં એમના સ્વર્ગવાસથી 'શ્રીપાલ રાસ' અધૂરો રહ્યો. એ તર્ક અને કાવ્યના અભ્યાસી હતા. સંસ્કૃત તથા ગુજરાતીમાં એમની અનેક કૃતિઓ મળે છે જેમાં 'મેઘદૂત'ના અનુકરણરૂપ 'ઇન્દુદૂત' નામે વિજ્ઞપ્તિપત્રનો સમાવેશ થાય છે. 'વિનયવિલાસ' એ એમનાં કબીર આદિની પરંપરાનાં હિંદી પદોનો સંચય છે. (જુઓ જૈસાઇતિહાસ., જૈગૂકવિઓ., ગુસાકોશ.)

વિનયવિજયજીનો 'શ્રીપાલ રાસ' યશોવિજયે પૂરો કર્યો છે અને એના કળશમાં એમની સાથેના સ્નેહસંબંધનો ભાવભર્યો ઉલ્લેખ કર્યો છે. તે ઉપરાંત પોતાના 'ધર્મપરીક્ષાપ્રકરણ'માં વિનયવિજયજીની સહાયથી ઉત્કૃષ્ટતા આવી છે એમ યશોવિજયે નોંધ્યું છે. યશોવિજયનો 'જશવિલાસ' અને વિનયવિજયનો 'વિનયવિલાસ' એ પદસંચયો બન્નેની સમાન ધર્મભાવના-અધ્યાત્મભાવનાનું સૂચન કરે છે.

**જયસોમગણિ :** આનંદવિમલસૂરિની પરંપરામાં એ જશસોમના શિષ્ય હતા. એમની કૃતિઓ સં.૧૭૦૩થી સં.૧૭૨૩નાં રચનાવર્ષો બતાવે છે. એમણે ગુજરાતીમાં કૃતિઓ રચી છે, જેમાં કર્મગ્રંથો પરના બાલાવબોધો, 'નેમિનાથ-લેખ' એ પત્રકાવ્ય વગેરેનો સમાવેશ થાય છે. (જૈગૂકવિઓ.) યશોવિજયે વીસ સ્થાનકની ઓળીનું તપ કર્યું ત્યારે એમણે એમની સેવાશુશ્રૂષા કરી હતી, 'નયચક્રવૃત્તિ'ના લેખનમાં એમની સહાય હતી અને સાધુઓ માટેના વ્યવહારના મર્યાદાના બોલમાં યશોવિજયજી સાથે એમની સહી છે એ હકીકતો આપણે આગળ નોંધી ગયા છીએ.

**માનવિજયગણિ :** એ વિજયાનંદસૂરિશિ. શાંતિવિજયના શિષ્ય હતા. એમની કૃતિઓ સં.૧૭૨૫થી ૧૭૪૧નાં રચનાવર્ષો ધરાવે છે, જેમાં સંસ્કૃતમાં 'ધર્મસંગ્રહ' (ર.સં.૧૭૩૧) ઉપરાંત ગુજરાતીમાં કેટલાક બાલાવબોધો, તત્ત્વવિચારની કૃતિઓ ને સ્તવનાદિનો સમાવેશ થાય છે. એમણે પોતે નોંધ્યું છે કે 'ધર્મસંગ્રહ'ની યશોવિજયજીએ શુદ્ધિ કરી આપી છે. આગળ આપણે જોયું તેમ કાશીમાં યશોવિજયજીએ પરમતની પરિષદને જીત્યાનું એમણે કહ્યું છે. તે ઉપરાંત તર્ક, પ્રમાણ, નય વગેરેના વિવેચન વડે યશોવિજયે પ્રાચીન મુનિઓનું શ્રુતકેવલીપણું (સર્વશાસ્ત્રજ્ઞતા) આ કાળે પ્રગટ કરી આપેલ છે તથા સત્ તર્કથી ભરી તીક્ષ્ણ બુદ્ધિથી સમગ્ર દર્શનોમાં એ સર્વશ્રેષ્ઠ બની રહ્યા છે એમ કહી યશોવિજયજીનું એમણે અસાધારણ ગૌરવ કર્યું છે. (જુઓ સુજસવે., જૈગૂકવિઓ., ગુસાકોશ.)

યશોવિજયજી કેવા શ્રદ્ધેય વિદ્વાન હતા તે આ પરથી પ્રતીત થાય છે.

**સત્યવિજયગણિ પંન્યાસ :** એ વિજયસિંહસૂરિના શિષ્ય હતા. એમનો જીવનકાળ સં.૧૬૮૦થી ૧૭૫૬ છે. 'ક્રિયોદ્ધારક' તરીકે ઓળખાતા આ મુનિવરે આચાર્યપદનો અસ્વીકાર કરી એકાકીપણે છઠ્ઠછઠ્ઠના તપપૂર્વક આખા મેવાડમાં અને મારવાડમાં ફરી લોકોમાં ધર્મશ્રદ્ધા પ્રબળ બનાવવાનું સ્વીકાર્યું હતું. આમ છતાં વિજયસિંહસૂરિએ એમને પોતાની ગાદીના વારસ ગણ્યા હતા અને પોતાના મુનિસમુદાયને એમની આજ્ઞામાં મૂક્યો હતો. સત્યવિજયજીએ વિજયપ્રભસૂરિને સૂરિપદ પર સ્થાપ્યા હતા. વિજયપ્રભસૂરિએ શરૂ કરેલી યતિપરંપરાથી સંવેગી સાધુઓ જુદા તરી આવે તે માટે સત્યવિજયજીએ પીળાં વસ્ત્ર પહેરવાનું શરૂ કર્યું અને પીળાં વસ્ત્રની પરંપરા ત્યારથી શરૂ થઈ એમ મનાય છે. શિથિલાચારને દૂર કરવા એમણે જે ક્રિયોદ્ધાર કર્યો એમાં યશોવિજયજીની સહાય હતી એમ નોંધાયું છે. સત્યવિજયજી આનંદઘન સાથે રહ્યા હતા એવી પણ એક કથા છે. તપગચ્છના આ તપસ્વી સાધુના નિર્વાણપ્રસંગનો રાસ ખરતરગચ્છના જિનહર્ષે રચ્યો છે એ એમના વ્યાપક પ્રભાવની નિશાની છે. (જુઓ જૈસાઇતિહાસ., જૈન ઐતિહાસિક રાસમાળા ભા.૧, રાસસાર, પૃ.૩૭–૪૪) સાધુઓ માટેના વ્યવહારમર્યાદાના બોલમાં યશોવિજયજી સાથે સત્યવિજયગણિની સહી છે એ આ કે નયવિજયશિ. સત્યવિજયગણિ હોઈ શકે.

**વૃદ્ધિવિજયગણિ :** એ નયવિજયશિ. સત્યવિજયગણિના શિષ્ય હતા. એ રીતે યશોવિજયજી એમના કાકાગુરુ થાય. એમણે સં.૧૭૩૩માં 'ઉપદેશમાલા બાલા.' યશોવિજય વાચકના સત્પ્રસાદથી કર્યો હતો એમ એમણે પોતે નોંધ્યું છે. એટલેકે 'ઉપદેશમાલા બાલા.'માં એમને યશોવિજયજીનાં પ્રેરણા, માર્ગદર્શન ને મદદ મળ્યાં છે. (જૈગૂકવિઓ. ૪.૨૫૧–૫૨. ત્યાં આ વૃદ્ધિવિજયને રત્નવિજય અને સત્યવિજયશિ. વૃદ્ધિવિજય ગણ્યા છે તે ભૂલ છે. આ વૃદ્ધિવિજયની બીજી કૃતિ 'ચોવીસી'માં નયવિજયગણિશિ. સત્યવિજયગણિશિ. વૃદ્ધિવિજયગણિ એ પરંપરા સ્પષ્ટ છે.) ક્રિયોદ્ધારક સત્યવિજયગણિના શિષ્ય વૃદ્ધિવિજય આમનાથી જુદા છે અને એ ખરેખર સત્યવિજયશિ. કર્પૂરવિજયના શિષ્ય છે (જુઓ જૈગૂકવિઓ. ૩.૨૫૯, ૫.૩૬, ૨૭૬–૭૭, ૬.૪–૫ તથા જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય, રાસસાર, પૃ.૬–૯)

**ઋદ્ધિવિમલગણિ :** આનંદવિમલસૂરિની પરંપરાના વિબુધવિમલસૂરિના એ પ્રગુરુ હતા. એમની પોતાની ગુરુપરંપરા જાણવા મળતી નથી. વિબુધવિમલસૂરિએ 'સમ્યક્ત્વપરીક્ષા'ના બાલાવબોધ (સં.૧૮૧૩)માં એમને વિશે લખ્યું છે કે એ મહાતપસ્વી સંવેગી હતા. સં.૧૭૧૦માં એમણે ગોલા ગામમાં ક્રિયાઉદ્ધાર કર્યો ત્યારે યશોવિજયજી કાશીથી ત્યાં આવ્યા હતા. ક્રિયાઉદ્ધારમાં ઋદ્ધિવિમલગણિને એમની સહાય મળતી રહી હતી. (જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય, રાસસાર,

પૃ.૧૩) સાધુઓ માટેના વ્યવહારમર્યાદાના બોલમાં યશોવિજયજીની સાથે એમની પણ સહી છે.

**વીરવિજય ઋષિ :** સાધુઓ માટેના વ્યવહારમર્યાદાના બોલમાં યશોવિજયજી-ની સાથે એમની સહી છે પણ આ વીરવિજય કયા તે માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.

**મણિચંદ્ર ઋષિ :** સાધુઓ માટેના વ્યવહારમર્યાદાના બોલમાં યશોવિજયજીની સાથે એમની સહી છે તે ઉપરાંત માફીપત્રમાં શ્રીપૂજ્યજી પર અનાસ્થા રાખનારા અને શ્રાવકોમાં એ અનાસ્થા ફેલાવનારાઓમાં એમનું નામ છે અને એ અનાસ્થા દૂર કરવાનું યશોવિજયજી માથે લે છે. એમને વિશે વિશેષ માહિતી પ્રાપ્ય નથી.

**ગદાધર મહારાજ:** યશોવિજયજીના બે ગુજરાતી કાગળોમાં એમનો ઉલ્લેખ છે. ઉલ્લેખ આ પ્રમાણે છે :

"હવે તે યુગતિ જાણ્યારી ઈચ્છા સા ગદાધર મહારાજ હસ્તે અધ્યાત્મ-પરીક્ષારો બાલાવબોધ લિખાવી આપસ્યા તેથી સર્વ પ્રીછયો." (કાગળ પહેલો)

"વડો લેખ લિખાવી મોકલ્યો છઇ સા ગદાધર થાનઇ ઠાઉકો મોકલ્યો છઇ." (કાગળ બીજો)

'સા' શબ્દ તો 'એ'ના અર્થમાં જણાય છે. અને 'મહારાજ' શબ્દ જોતાં ગદાધર તે કોઈ બ્રાહ્મણ – શાસ્ત્રી હોય એવું સમજાય છે. એ સંસ્કૃતના જાણકાર ને કદાચ ન્યાયાદિના જાણકાર પણ હોય. યશોવિજયજીએ એમની પાસે કેટલીક હસ્તપ્રતો તૈયાર કરાવી હશે ને બીજું કામ પણ લીધું હશે એમ જણાય છે. યશોવિજયજીની કૃતિઓની પ્રાપ્ત હસ્તપ્રતોમાં લહિયા તરીકે આ નામ ક્યાંય મળે છે કે કેમ તે જાણવા મળતું નથી.

**ગચ્છનાયકો**

યશોવિજયજી તપગચ્છના જૈન સાધુ હતા. જીવનભર આયંબિલ તપ કરનાર અને તેથી 'તપા'નું બિરુદ પ્રાપ્ત કરનાર જગચ્ચંદ્રસૂરિથી આ ગચ્છ શરૂ થયેલો. યશોવિજયજીના દીક્ષાકાળમાં ત્રણ ગચ્છનાયકો – આચાર્યો થયેલા. પણ પોતાની કૃતિઓમાં યશોવિજયજી કેટલીક વાર હીરવિજયસૂરિથી માંડીને પાટપરંપરા આપે છે, જે આ મુજબ છે (પરિચય મુખ્યત્વે જૈસાઇતિહાસ. તથા જૈગૂકવિઓ. પહેલી આવૃત્તિ, ભા.૨માંની 'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ'ને આધારે આપ્યો છે) :

**હીરવિજયસૂરિ :** એ વિજયદાનસૂરિના શિષ્ય હતા અને તેમની પાટે આવેલા હતા. એમનો જીવનકાળ સં.૧૫૮૩થી ૧૬૫૨ છે. સં.૧૫૯૬માં એમણે દીક્ષા લીધેલી અને સં.૧૬૨૧માં એ ગચ્છનાયક બનેલા. એ અકબર બાદશાહને ત્રણ વખત મળ્યા હતા અને તેમને પ્રતિબોધ આપ્યો હતો. તેમની પાસેથી એમણે જીવહિંસાનિષેધ વગેરે કેટલાંક ફરમાનો તથા 'જગદ્ગુરુ'નું બિરુદ મેળવ્યાં હતાં. એ દેવગિરિમાં ન્યાય ભણવા ગયા હતા અને ત્યાં કાવ્યવ્યાકરણાદિનો પણ અભ્યાસ

કર્યો હતો. એમણે સંસ્કૃતમાં થોડી કૃતિઓ રચી છે. આ મહાપ્રભાવશાળી આચાર્યની યશોવિજયજીએ પોતાની કૃતિઓમાં પ્રભાવક પ્રશસ્તિ કરી છે. એમની અને અકબરની પ્રીતિને એમ કહીને બિરદાવી છે કે એકે સૈન્યના ઘોડાઓની નિષ્ઠુર ખરીઓથી પૃથ્વીને ખૂંદી નાખી છે અને બીજાએ પૃથ્વીને હૃદયમાં ધારણ કરેલી છે છતાં બન્ને વચ્ચે શાશ્વતી પ્રીતિ છે.

**વિજયસેનસૂરિ :** એ વિજયદાનસૂરિના શિષ્ય હતા અને હીરવિજયસૂરિની પાટે આવેલા. એમનો જીવનકાળ સં.૧૬૦૪થી ૧૬૭૧ છે. દીક્ષા એમણે સં.૧૬૧૩માં લીધેલી. એ પણ અકબર બાદશાહને મળેલા અને એમની પાસેથી કેટલાંક ફરમાનો મેળવેલાં. ઘણા શાસ્ત્રાર્થોમાં એમણે વિજય મેળવેલો ને અકબર પાસેથી 'સવાઈ વિજયસેનસૂરિ' તથા 'કલિ સરસ્વતી' જેવાં બિરુદો પ્રાપ્ત કરેલાં. યશોવિજયજીએ એમનો મહિમા પણ ગૌરવભરી રીતે ગાયો છે અને વાગ્મંત્રથી ખેંચી લાવીને વિપક્ષીઓના યશરૂપી ડાંગરને એમણે પોતાના પ્રતાપરૂપી અગ્નિમાં હોમી દીધી છે એમ કહી એમની વાણીની સિદ્ધિની પ્રશસ્તિ કરી છે.

**વિજયદેવસૂરિ :** એ વિજયસેનસૂરિના શિષ્ય હતા અને એમની પાટે આવેલા. એમનો જીવનકાળ સં.૧૬૩૪થી ૧૭૧૩ છે. એમની દીક્ષા સં.૧૬૪૩માં થયેલી અને એમને આચાર્યપદ સં.૧૬૫૬માં આપવામાં આવેલું. આ તપસ્વી આચાર્યને જહાંગીર બાદશાહે 'જહાંગીરી મહાતપા'નું બિરુદ આપેલું. એમણે પોતાના ઉપદેશથી ઉદેપુરના રાણા જગતસિંહજી પાસે જીવહિંસાનિષેધના કેટલાક હુકમ કઢાવેલા. તેમનો પરિવાર અઢી હજાર સાધુઓનો હતો. એમણે દક્ષિણમાં બીજાપુર સુધી વિહાર કર્યો હતો. યશોવિજયજીને વડી દીક્ષા આ આચાર્યને હસ્તે અપાઈ હતી અને યશોવિજયજીને ઉપાધ્યાયપદ આપવાની વિનંતી અમદાવાદના સંઘે એમને જ કરી હતી એ આપણે જોઈ ગયા છીએ. દક્ષિણ દિશામાં પણ પોતાની વિદ્વત્તારૂપી જલધારા વહેવડાવનાર મેઘ તરીકે યશોવિજયજીએ એમને વર્ણવ્યા છે.

**વિજયસિંહસૂરિ :** એ વિજયસેનસૂરિના શિષ્ય હતા. એમનો જીવનકાળ સં. ૧૬૪૪થી ૧૭૦૯નો છે. એમણે સં.૧૬૫૪માં દીક્ષા લીધેલી. વિજયદેવસૂરિએ એમને સં.૧૬૮૨માં સૂરિપદ – આચાર્યપદ આપ્યું હતું અને સં.૧૬૮૪માં નંદિ-મહોત્સવપૂર્વક એમને પટ્ટધર તરીકે સ્થાપવામાં આવેલા – ગચ્છાધિકાર સોંપવામાં આવેલો. પરંતુ વિજયદેવસૂરિની પહેલાં એમનું અવસાન થવાથી વિજયદેવસૂરિને ગચ્છાધિકાર ફરી સંભાળવાની સ્થિતિ આવી. યશોવિજયજીએ એમને તર્ક, જ્યોતિષ, ન્યાય વગેરે સિદ્ધાંતોમાં મહાપ્રવીણ કહ્યા છે. યશોવિજયજીના વિદ્યાધ્યયનમાં એમની પ્રેરણા હતી અને યશોવિજયજીને એમને માટે અત્યંત આદર હતો એ આપણે જોઈ ગયા છીએ. એમને વિશે યશોવિજયજીએ 'વિજયોલ્લાસ' મહાકાવ્ય રચેલું, જે અધૂરું રહ્યું છે.

**વિજયપ્રભસૂરિ :** એ વિજયદેવસૂરિના શિષ્ય હતા અને એમની પાટે આવેલા. તેમનો જીવનકાળ સં.૧૬૭૭થી ૧૭૪૯ છે. એમની દીક્ષા સં.૧૬૮૬માં થયેલી. એમને સૂરિપદ સં.૧૭૧૦માં મળેલું અને સં.૧૭૧૧માં નંદિમહોત્સવપૂર્વક પટ્ટધર તરીકે નિયુક્ત કરવામાં આવેલા – ગચ્છાધિકાર સોંપવામાં આવેલો. વિજયપ્રભ-સૂરિએ સં.૧૭૧૮માં યશોવિજયજીને ઉપાધ્યાયપદ આપેલું તે અંગેની હકીકતો આગળ નોંધાઈ ગઈ છે. એમને અનુલક્ષીને યશોવિજયજીએ બે નાનકડી કૃતિઓ રચેલી છે – 'વિજયપ્રભસૂરિક્ષામણકવિજ્ઞપ્તિપત્ર' તથા 'વિજયપ્રભસૂરિસ્વાધ્યાય'. બીજી કૃતિમાં વિજયપ્રભસૂરિની પ્રશસ્તિપૂર્વક વિવિધ દાર્શનિક મતોની તર્કયુક્તિ દ્વારા રજૂઆત કરી છે. એમાં વિજયપ્રભસૂરિને સમવાયતર્કનું ખંડન કરનાર તરીકે વર્ણવ્યા છે. ('વિજયપ્રભસૂરિક્ષામણકવિજ્ઞપ્તિપત્ર' આ ગ્રંથમાં 'એક અપ્રસિદ્ધ પત્ર'માં નિર્દિષ્ટ કૃતિ હોવાનું જણાય છે. એ વિજયપ્રભસૂરિને સંબોધાયેલી છે એ હકીકત અનુમાનઆધારિત ને તેથી શંકાસ્પદ છે.)

**ગુરુપરંપરા**

યશોવિજયજીની ગુરુપરંપરા આ પ્રમાણે છે : હીરવિજયસૂરિ–કલ્યાણ-વિજય–લાભવિજય–જીતવિજય તથા નયવિજય–યશોવિજય. એનો થોડો પરિચય આપણે કરીએ.

**કલ્યાણવિજય ઉપાધ્યાય :** એ હીરવિજયસૂરિના શિષ્ય હતા. એમનો જીવનકાળ સં.૧૬૦૧થી ૧૬૫૫ છે. એમની દીક્ષા સં.૧૬૧૬માં થઈ હતી અને એમને વાચકપદ સં.૧૬૨૪માં મળ્યું હતું. સં.૧૬૪૪માં એમણે વૈરાટનગરના ઈન્દ્રવિહાર પ્રાસાદમાં પાર્શ્વનાથની બિંબપ્રતિષ્ઠા કરી હતી. (જૈગૂકવિઓ.) યશોવિજયજી એમને ષટ્તર્કના પંડિત તથા કવિકુલાલંકાર તરીકે ઓળખાવે છે.

**લાભવિજયગણિ :** એ કલ્યાણવિજય ઉપાધ્યાયના શિષ્ય હતા. હીરવિજયસૂરિ ૧૩ સાધુઓને લઈને અકબર બાદશાહને મળવા ગયા (સં.૧૬૩૯–૪૨) તેમાં એ હતા. સં.૧૬૪૪માં વૈરાટનગરમાં ઈન્દ્રપ્રાસાદમાં પાર્શ્વનાથની બિંબપ્રતિષ્ઠા થઈ એની પ્રશસ્તિ એમણે રચી હતી. દેવવિજયના 'જિનસહસ્રનામ'ની શુદ્ધિ એમણે કરી આપી હતી. (જૈગૂકવિઓ.) યશોવિજયજી એમને શ્રુત, વ્યાકરણ, જ્યોતિષ વગેરેના વિદ્વાન તરીકે ઓળખાવે છે, હૈમવ્યાકરણના ઊંડા અભ્યાસી લાભવિજય પદસિદ્ધિ – શબ્દાનુશાસનમાં હેમાચાર્ય જેવા જ હતા એમ કહે છે અને વિશેષમાં નોંધે છે કે આ ગુરુ એકાંતે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા એ પંચવિધ સ્વાધ્યાયધ્યાન કરતા રહે છે. 'નયચક્રવૃત્તિ'ના લેખનમાં યશોવિજયજીને સહાય કરનારાઓમાં લાભવિજયગણિ છે તે યશોવિજમયના સમવયસ્ક કોઈ બીજા સાધુ છે.

**જીતવિજયગણિ :** એ લાભવિજયગણિના શિષ્ય અને નયવિજયગણિના સતીર્થ – ગુરુબંધુ તથા સહોદર હતા. (જુઓ યશોવિજયજીનો પાદુકાલેખ,

જૈગૂકવિઓ., ૪.૧૯૬) યશોવિજયજી નયવિજયની સાથે એમને પણ ગુરુ તરીકે ઉલ્લેખે છે ('દ્રવ્યગુણપર્યાયનો રાસ') અને એમને વિદ્યાગુરુ પણ બતાવે છે – પોતાના વિદ્યાભ્યાસમાં એમનું મોટું ઋણ સ્વીકારે છે એ આપણે આગળ જોઈ ગયા છીએ. એ પ્રાજ્ઞ, જ્ઞાનાદિગુણોપેત, ગીતાર્થસ્તુતજીત હતા એમ નોંધે છે, અને બાળક જેવા પોતાના ઉપર એમની કારુણ્યભરી દૃષ્ટિ હતી એમ કહે છે. ('સમાચારીપ્રકરણ')

**નયવિજયગણિ :** એ લાભવિજયના શિષ્ય અને ઉપર નોંધ્યું તેમ જીત-વિજયગણિના ગુરુબંધુ તથા સહોદર હતા. યશોવિજયજીના આ ગુરુ એમના વિદ્યાગુરુ પણ હતા એ હકીકત આપણે આગળ નોંધી ગયા છીએ. યશોવિજયજી કૃતજ્ઞતાપૂર્વક કહે છે કે એમની અતિ ઉપકારી સારસ્વતોપાસનાથી અમારા જેવાની વાણી પણ વિપુલતાથી સ્ફુરે છે ('અધ્યાત્મપરીક્ષા'). એમની યશોવિજયજી પ્રત્યેની પ્રીતિ અનન્ય હતી. યશોવિજયની સાથે એ કાશી ગયેલા તે ઉપરાંત એમની ઘણી કૃતિઓની હસ્તપ્રત આ ગુરુએ લખી છે. 'નયચક્રવૃત્તિ'ના લેખનમાં પણ એમની સહાય હતી. યશોવિજયજી પણ ગુરુ પ્રત્યેની ભક્તિ વારંવાર વ્યક્ત કરે છે અને કહે છે કે 'ગુરુભક્તિથી અદ્‌ભુત અહીં શું વિલસી રહ્યું છે ?' 'ગુરુભક્તિએ અમારા જેવા મૂર્ખને પંડિતની પંક્તિમાં બેસાડ્યા', વગેરે.

**ગુરુબંધુઓ**

યશોવિજયજીના સહોદર પદ્મવિજય નયવિજય પાસે દીક્ષા લઈ એમના ગુરુબંધુ બન્યા હતા એ હકીકત આપણે આગળ નોંધી ગયા છીએ. યશોવિજયજીએ પદ્મવિજયને પ્રાજ્ઞ તરીકે ઓળખાવ્યા છે ('કમ્મપયડિ-બૃહદ્‌વૃત્તિ') પણ એમના વિશે વિશેષ માહિતી મળતી નથી.

'ઇરિયાવહી સઝાય'ના કર્તા વિદ્યાવિજયને યશોવિજયના બીજા ગુરુબંધુ ગણાવવામાં આવ્યા છે (ગોરધનદાસ વીરચંદ, યશોસ્મૃગ્રંથ., પૃ.૧૭૩; શ્રુતાંજલિ પૃ.૧૨૨) પરંતુ આમાં ભૂલ થયેલી જણાય છે. વિદ્યાવિજય નયવિજયના શિષ્ય ખરા, પણ તે લાભવિજયશિ. નયવિજયના નહીં, વિજયસેનસૂરિશિ. નયવિજયના શિષ્ય હતા. એમણે 'ચોવીસ જિન પંચકલ્યાણક સ્ત.' (સં.૧૬૬૦) વગેરે કેટલીક કૃતિઓ રચી છે (જૈગૂકવિઓ., ગુસાકોશ.).

વસ્તુતઃ રવિવિજય નામે યશોવિજયજીના ગુરુબંધુ હોય એમ જણાય છે. સં. ૧૭૨૭માં લખાયેલી એક પ્રતની પુષ્પિકા આ પ્રમાણે મળે છે : "લાભવિજય-ગણિશિ. પં. જીતવિજયગણિ પં. નયવિજયગણિશિ. પં. રવિવિજયશિ. ગણિ હર્ષ-વિજયેન, (જૈગૂકવિઓ., ૫.૩૭૮) 'નયચક્રવૃત્તિ'ના લેખનમાં સહાય કરનારાઓમાં પણ આ નામ છે.

સત્યવિજયગણિ નામે પણ યશોવિજયજીના ગુરુબંધુ હોવાનું જણાય છે. વૃદ્ધિવિજયની 'ચોવીશી'માં આ પ્રમાણે પંક્તિ મળે છે – 'બુધ નયવિજય શિશ સત્ય

સુહાવઈ, વૃદ્ધિવિજય પ્રભુ દિલ માંહિ ભાવઈ.' કવિની સ્વહસ્તલિખિત પ્રતને આરંભે આ ગુરુપરંપરા સ્પષ્ટ છે – "શ્રી નયવિજયગણિ શિ. ગણિ સત્યવિજયગણિ ગુરુભ્યો નમઃ." આ નયવિજયગણિ તે યશોવિજયના ગુરુ જ સંભવે છે, કેમકે વૃદ્ધિવિજયના 'ઉપદેશમાલા બાલા.' (સં.૧૭૩૩)માં યશોવિજયના સત્પ્રસાદથી એ રચાયાનો ઉલ્લેખ છે. આમ, સત્યવિજયગણિ યશોવિજયજીના ગુરુબંધુ થયા. (જૈગૂકવિઓ., ૪.૨૫૧–૫૨)

**શિષ્યપરિવાર**

યશોવિજયજીનો શિષ્યપરિવાર 'પટ્ટાવલીસમુચ્ચય'માં ને તેને જ આધારે યશોસ્મૃગ્રંથ., યશોવંદના વગેરેમાં આપવામાં આવ્યો છે તેમાં શિષ્યોનાં કુલ નામ આ પ્રમાણે છે – ગુણવિજય, જિનવિજય, તત્ત્વવિજય, દયાવિજય, મણિવિજય, મયાવિજય, માણેકવિજય, માનવિજય, લક્ષ્મીવિજય, હેમવિજય. આ બધાં નામો અધિકૃત જણાતાં નથી.

જિનવિજયને આપણા યશોવિજયના શિષ્ય જૈગૂકવિઓ.માં દેશાઈએ કરેલી નોંધ (૪.૨૩૩)ને આધારે ગણાવવામાં આવ્યા જણાય છે. પરંતુ ત્યાં નિર્દિષ્ટ જિનવિજય વસ્તુતઃ દેવવિજયશિ. યશોવિજયના શિષ્ય છે અને એમની 'ષડાવશ્યક બાલાવબોધ' વગેરે કૃતિઓ જૈગૂકવિઓ.માં જ પછીથી (૪.૩૭૮–૮૦) નોંધાયેલી છે જેમાં ગુરુપરંપરા સ્પષ્ટ રીતે આપવામાં આવી છે. એમની કૃતિઓ સં.૧૭૧૦થી ૧૭૭૨નાં રચનાવર્ષો બતાવે છે (ગુસાકોશ.). યશોવિજયના શિષ્ય જિનવિજયના બે શિષ્યો સૌભાગ્યવિજયગણિ અને રૂપવિજયગણિ બતાવવામાં આવ્યા છે (શ્રુતાંજલિ, પૃ.૧૨૩) તેમાંથી રૂપવિજય તો દેવવિજય – યશોવિજયશિ. જિન-વિજયના જ શિષ્ય છે (જૈગૂકવિઓ., ૪.૩૯૨) અને સૌભાગ્યવિજયગણિ વિશે પણ એમ જ હોવા સંભવ છે.

દયાવિજય, મયાવિજય, મણિવિજય, માણેકવિજય એ યશોવિજયજીના શિષ્યો હોવાનું સૌ પ્રથમ 'પટ્ટાવલીસમુચ્ચય'(ભા.૧)એ જ કહ્યું જણાય છે. 'પટ્ટાવલી-સમુચ્ચય'અંતર્ગત ચારિત્રવિજય મુનિની રચેલી 'ગુરુમાલા'માં યશોવિજયજીનું ટૂંકું ચરિત્ર છે. આ અર્વાચીન કૃતિ છે અને એમાં યશોવિજયજી વિશેની અનધિકૃત ઠરેલી દંતકથાઓનો પણ ઉપયોગ થયો છે. તેમ છતાં આ કૃતિ તો હેમવિજય સિવાય યશોવિજયજીના કોઈ શિષ્યનું નામ આપતી નથી. પરંતુ પાદટીપમાં સંપાદક મુનિ દર્શનવિજયે આપેલી શિષ્યપરંપરામાં આ નામો દેખાય છે. એ નામ માટે શો આધાર છે એ જાણવા મળતું નથી. આ નામો અન્યત્ર ક્યાંયથી સમર્થિત થતાં નથી, તેથી અધિકૃત હોવાની સંભાવના ઘણી ઓછી છે.

યશોવિજયના શિષ્ય તરીકે માનવિજયનું નામ કેટલીક પ્રતિઓમાં મળતા આ પ્રમાણેના ઉલ્લેખને કારણે આપવામાં આવ્યું છે : "સંવત્ ૧૭૪૫ વર્ષે ચૈત્ર શુદિ ૫ શ્રી યશોવિજયગણિચિત્કોશે ઇયં પ્રતિઃ પં. શ્રી માનવિજયગણિના નિજગુરુણાં ચિત્કોશે

મુક્તા પુણ્યાર્થમ્." (મુનિ પુણ્યવિજય, યશોસ્મૃગ્રંથ., આમુખ, પૃ.૧૦)

સં.૧૭૪૫ના વર્ષ તથા જ્ઞાનભંડારના ઉલ્લેખને કારણે આમાં નિર્દિષ્ટ યશોવિજયગણિ તે આપણા યશોવિજયજી છે એમ માની લઈએ, પરંતુ માનવિજયગણિ યશોવિજયના શિષ્ય હોવાનું અન્યત્ર ક્યાંયથી સમર્થિત થતું નથી. તેથી એક તર્ક સૂઝે છે – આ જેમણે પોતાનો 'ધર્મસંગ્રહ' ગ્રંથ યશોવિજયજી પાસે શોધાવ્યો હતો તે માનવિજયગણિ જ ન હોઈ શકે ? યશોવિજયજી પ્રત્યેના આદરને કારણે એમને ગુરુ તરીકે ઉલ્લેખ્યા હોય એમ ન બને ? આ માનવિજયજીનો હસ્તપ્રતો લખાવી જ્ઞાનભંડારોમાં મૂકવાનો સ્વભાવ હોવાનો પણ સંભવ છે. યશોવિજયજીના જ 'દ્રવ્યગુણપર્યાયનો રાસ બાલા.'ની પ્રત એમણે લખાવ્યાની માહિતી મળે છે (જૈગૂકવિઓ., ૪.૨૩૨). આ રીતે યશોવિજયના શિષ્ય તરીકે માનવિજય નામ થોડું શંકાસ્પદ ઠરે છે.

બાકીનાં શિષ્યનામો માટે પૂરતો આધાર મળી રહે છે. ગુણવિજયગણિના ઉલ્લેખો જૈગૂકવિઓ.માં નોંધાયેલી અનેક હસ્તપ્રતોની પુષ્પિકાઓમાં મળી આવે છે. અલબત્ત, એમને વિશે બીજી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

તત્ત્વવિજયગણિના પણ અનેક ઉલ્લેખ મળે છે, તે ઉપરાંત સં.૧૭૨૪–૧૭૩૫ના ગાળામાં એમણે 'અમરદત્ત મિત્રાનંદ રાસ' વગેરે કૃતિઓ રચેલી છે, જેમાં ગુરુપરંપરા સ્પષ્ટ છે. (જુઓ જૈગૂકવિઓ.) સં.૧૭૪૫માં શત્રુંજય પર યશોવિજયજીની પાદુકા કરાવનારા બે શિષ્યોમાંના એક તત્ત્વવિજય છે (સુજસપ્ર.). તેમણે સં.૧૭૧૦માં 'નયચક્રવૃત્તિ'ના લેખનમાં સહાય કરેલી છે.

લક્ષ્મીવિજયગણિ તત્ત્વવિજયના ભ્રાતા તરીકે ઉલ્લેખાયા છે. એ ગુરુબંધુ તેમજ સહોદર પણ હોય એમ જણાય છે. (જૈગૂકવિઓ., ૪.૨૨૧ તથા ૩૩૮–૪૧)

હેમવિજયનો ઉલ્લેખ સં.૧૭૪૫માં શત્રુંજય પર કરાવેલી યશોવિજયજીની પાદુકામાં તત્ત્વવિજયની સાથે મળે છે. ઉપરાંત ગૂસાસંગ્રહ.માં 'ઉપશમ અને શ્રમણત્વ' એ શીર્ષકથી એક પદ છપાયું છે (૧.૧૬૮) તે યશોવિજયજીનું નહીં પણ એમના શિષ્ય હેમવિજયનું જણાય છે. એની છેલ્લી પંક્તિઓ આ પ્રમાણે છે :

શ્રી નયવિજય વિબુધ વર રાજે, ગાજે જગ કીરતિ,
શ્રી જસવિજય ઉવજ્ઝાય પસાયે, હેમ પ્રભુ સુખસંતતિ.

હેમવિજય મુનિ માટે પોતે 'સમતા શતક' રચેલ હોવાનું યશોવિજયજી જણાવે છે.

યશોવિજયજીના કોઈકોઈ શિષ્યોની આગળની પરંપરા પણ મળે છે. ગુણવિજયગણિની બે શિષ્યપરંપરા છે : ગુણવિજયગણિ–પં. કેસરવિજયગણિ–વિનીતવિજયગણિ–દેવવિજયગણિ તથા ગુણવિજયગણિ–સુમતિવિજય પાઠક–ઉત્તમવિજય (જૈગૂકવિઓ.). આમાંથી ઉત્તમવિજયની સં.૧૮૩૦–૧૮૩૬ના

ગાળાની 'નવપદપૂજા' વગેરે કૃતિઓ તથા દેવવિજયગણિની સં.૧૭૯૭–૧૮૨૧ના ગાળાની 'અષ્ટપ્રકારી પૂજા' વગેરે કૃતિઓ નોંધાયેલી છે (જૈગૂકવિઓ., ગુસાકોશ.), જેમાં પરંપરા દર્શાવાયેલી છે. સુમતિવિજયને નામે પણ 'દીક્ષા-કલ્યાણક મહાવીર સ્તવન' વગેરે કૃતિઓ નોંધાયેલી છે. (ગુસાકોશ.) કેસરવિજયની લખેલી હસ્તપ્રતો સં.૧૭૬૪ અને ૧૭૭૭નાં વર્ષો બતાવે છે.

લક્ષ્મીવિજયગણિના એક શિષ્ય પ્રેમવિજયગણિ હોવાનું જણાય છે. તત્ત્વવિજયની 'ચોવીશી'ની પ્રતને આરંભે આ પ્રમાણે શબ્દો છે : "શ્રી તત્ત્વવિજયગણિ તત્‌ભ્રાતૃ... લક્ષ્મીવિજયગણિચ્ચરણકમલેભ્યો નમઃ" અને પ્રત પ્રેમવિજયગણિએ સં.૧૭૩૫માં લખેલી છે. (જૈગૂકવિઓ., ૪.૩૪૦–૪૧) લિપિકાર પ્રતારંભે પોતાના ગુરુને વંદના કરે એવી એક રૂઢિ છે, તેથી એવો સ્પષ્ટ ઉલ્લેખ ન હોવા છતાં લક્ષ્મીવિજયગણિ પ્રેમવિજયગણિના ગુરુ હોવાનો પૂરતો સંભવ છે.

છેવટે યશોવિજયજીની શિષ્યપરંપરા નિશ્ચિતપણે આવી બતાવી શકાય :

- યશોવિજય ઉપાધ્યાય
  - ગુણવિજયગણિ
    - કેસરવિજયગણિ
      - વિનીતવિજયગણિ
        - દેવવિજયગણિ
  - તત્ત્વવિજયગણિ
    - સુમતિવિજય પાઠક
      - ઉત્તમવિજય
  - માનવિજયગણિ(?)
  - લક્ષ્મીવિજયગણિ
    - પ્રેમવિજયગણિ
  - હેમવિજય

**અન્ય કેટલુંક**

યશોવિજયજી વિશે અન્ય કેટલીક વાતો પ્રચલિત થયેલી છે – ઠવણીના ચાર છેડે તેઓ પાંડિત્યના ગર્વસૂચક ચાર ધજાઓ બાંધતા હતા, એમને સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી, એમનો પ્રાણ લેવા પ્રયત્નો થયા હતા, ખંભાતમાં એમણે વાદ કરેલ અને ત્યાં જ કાશીથી આવેલ વિદ્યાગુરુનું એમણે બહુમાન કરેલું વગેરે. પણ આ બધી વાત માટે કશો આધાર નથી.

યશોવિજયજી શ્રુતસમાધિદશામાં 'આટલી પંક્તિ જરા સુધારી લઉં, આ જરા પૂરું કરી લઉં' એમ કહી ગોચરી માટે ઊઠતા નહીં ત્યારે એમના શિષ્ય હેમવિજય એમના હાથમાંથી પાનાં ખેંચી લઈ, હાથ ઝાલી ઉઠાડી, આહાર કરાવતા એવી એક કથા નોંધાયેલી છે પણ એને માટે શો આધાર છે તે જાણવા મળતું નથી. (ગોરધનદાસ વીરચંદ, યશોસ્મૃગ્રંથ., પૃ.૧૭૩; ત્યાં હેમવિજયનાં એક પદનો નિર્દેશ છે પણ એ પદમાં આ હકીકત નથી.) યશોવિજયજીની ઉત્કટ જ્ઞાનપાસનાને ઉઠાવ આપવા જોડી દેવામાં આવેલી આ એક દંતકથા જ જણાય છે.

યશોવિજયજી નર્મદાના કિનારે સિનોર પાસે આવેલા નિકોરા ગામમાં ઘણો સમય રહ્યા હતા અને ત્યાં એમના ગ્રંથસંગ્રહ હતો એમ કહેવાય છે પણ આનું કોઈ પ્રમાણ નથી. અલબત્ત, માનવિજયગણિના આપણે આગળ નોંધેલા નિર્દેશ પરથી યશોવિજયજીનો ગ્રંથભંડાર તો હતો એટલું નિશ્ચિત થાય છે (અને યશોવિજયજીની જ્ઞાનોપાસના જોતાં એ સ્વાભાવિક લાગે છે) પણ એ ક્યાં હતો એની કોઈ આધારભૂત માહિતી મળતી નથી.

**સ્વર્ગવાસ**

સુજસ. યશોવિજયજીના સં.૧૭૧૮ના વાચકપદના પ્રસંગ પછી સીધી સ્વર્ગવાસના પ્રસંગ પર આવે છે. એ કહે છે કે યશોવિજય પાઠક સં.૧૭૪૩માં ડભોઈમાં ચોમાસું રહ્યા અને ત્યાં અનશનપૂર્વક દેવગતિને પામ્યા. ડભોઈમાં શીતતલાઈ (આજે 'શીતલાઈ'ને નામે ઓળખાતું તળાવ) પાસે એમનો સ્તૂપ ઊભો કરવામાં આવ્યો છે, જેમાંથી એમના સ્વર્ગવાસદિને ન્યાયધ્વનિ પ્રગટે છે.

યશોવિજય ચાતુર્માસ દરમિયાન સ્વર્ગવાસ પામ્યા કે તે પછી કોઈ વખતે એની સ્પષ્ટતા સુજસ.ના કથનમાં નથી. પણ એણે બીજી સાલ આપી નથી તેથી ચાતુર્માસ દરમિયાન જ સ્વર્ગવાસ પામ્યાનું એને અભિપ્રેત હોવાનું વધારે સંભવિત છે.

પણ યશોવિજયના સ્વર્ગવાસના આ વર્ષ વિશે કેટલીક શંકાઓ વ્યક્ત થઈ છે. એનું એક કારણ ડભોઈમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી એમની પાદુકા પરનું સં. ૧૭૪૫નું વર્ષ છે. કેટલાકે આને એમનું સ્વર્ગવાસવર્ષ માની લીધું છે, પરંતુ એ તો પાદુકા તૈયાર કરાવી પ્રતિષ્ઠિત કર્યાનું વર્ષ છે. પાદુકા અમદાવાદમાં કરાવવામાં આવી છે. પાદુકા પરનું લખાણ સ્પષ્ટ છે : "સંવત ૧૭૪૫ વર્ષે પ્રવર્તમાને માર્ગશીર્ષમાસે શુકલપક્ષે એકાદશી તિથૌ (ગુરુપરંપરા) શ્રી જસવિજયગણિનાં પાદુકા કારાપિતા, પ્રતિષ્ઠિતાઙત્રેયં, તચ્ચરણસેવક... વિજયગણિના રાજનગરે." આ બધું થતાં કેટલોક સમય વીત્યો જ હોય. સં.૧૭૪૩નું ચાતુર્માસ ન જ રહ્યું હોય. વળી સં.૧૭૪૫માં શત્રુંજય પર પણ પાદુકા સ્થાપિત કરવામાં આવી છે. એટલે એ વર્ષને યશવિજયજીનું અવસાનવર્ષ માનવાનું ખોટું જ છે. (જુઓ સુજસપ્ર.)

પણ સં.૧૭૪૩ના સ્વર્ગવાસવર્ષ સામેનો બીજો વાંધો વિચારણીય છે. સુરતમાં રચાયેલી બે કૃતિઓ 'અગિયાર અંગની સજ્ઝાય' તથા 'પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય'માં યશોવિજયજીએ રચ્યાવર્ષ 'યુગ યુગ મુનિ વિધુ' દર્શાવ્યું છે. યુગ એટલે ચાર એમ અર્થ લેતાં રચ્યાસંવત ૧૭૪૪ થાય અને તો સં.૧૭૪૩ એ સ્વર્ગવાસવર્ષ ખોટું કરે. પરંતુ યુગ (એટલે યુગલ) એટલે બે એમ ઘટાવતાં (આ રૂઢિ પણ જોવા મળે જ છે) રચ્યાસંવત ૧૭૨૨ ઠરે અને સં.૧૭૪૩ એ અવસાનવર્ષને બાધ ન આવે. સં.૧૭૪૩ના પક્ષમાં એક બીજી મજબૂત દલીલ પણ થઈ છે : "જો બંને 'યુગ' શબ્દોનો અર્થ ચાર ચાર કરીએ તો ૧૭૪૪ની સાલમાં સુરતના

ચાતુર્માસમાં બંને સ્વાધ્યાયોની રચના કરી એમ નિશ્ચિત થાય. એટલે જૈન સાધુના નિયમ મુજબ કાર્તિક સુદિ ચૌદસ સુધી (ચાતુર્માસસમાપ્તિદિન) ત્યાં જ રહ્યા હતા તે સુનિશ્ચિત થયું. હવે પાદુકા ઉપરના લેખમાં ૧૭૪૫ની સાલ અને માગસર સુદિ ૧૧ની અંજનશલાકા ને તે રાજનગર – અમદાવાદમાં કર્યાનું જણાવ્યું છે. તેમનો દેહ ડભોઈમાં જ પડ્યો તે વાત સુનિશ્ચિત છે. સુરતનું ૧૭૪૪નું ચાતુર્માસ કાર્તિક સુદિ ચૌદસે પૂર્ણ થાય. એટલે વહેલામાં વહેલો વિહાર કાર્તિક સુદિ પૂનમે કરી શકે. પૂનમે વિહાર કરી ડભોઈ આવી પહોંચે, તુરતાતુરત અનશન કરવાના સંયોગો ઊભા થાય, કાલધર્મ પામે, અને રેલગાડી કે મોટરના સાધન વિનાના જમાનામાં અમદાવાદ સમાચાર પહોંચી જાય, સંગેમરમરની કમલાસનસ્થ પાદુકા પણ બની જાય અને અંજન થઈ જાય – આ બધું સંભવિત લાગે છે ખરું ? મારો અંગત જવાબ તો 'ના' છે." (મુનિ યશોવિજય, યશોસ્મૃગ્રંથ., સંપાદકીય નિવેદન, પૃ.૨૧)

છેવટે, યશોવિજયજીના સ્વર્ગગમનનું વર્ષ સં.૧૭૪૩ હાલ તો સુનિશ્ચિત થાય છે.

**અનુકાલીનોમાં યશોવિજયજી**

યશોવિજયજી જેવા પંડિત બહુ લોકપ્રિય ન બને એ સમજાય એવું છે, પણ એમને એમની યોગ્ય કદર કરનારા વિદ્યારસિકો તો મળી રહેતા હોય છે. એમાં સંપ્રદાય-સમુદાયના ભેદ અપ્રસ્તુત થઈ જતા હોય છે. યશોવિજયજીના કેટલાક ગ્રંથો ઉત્તમ રીતે ઝિલાયાનાં પ્રમાણો મળે છે (જુઓ જૈસાઇતિહાસ., જૈગૂકવિઓ.):

જ્ઞાનવિમલસૂરિ (સં.૧૬૯૪–૧૭૮૨) યશોવિજયજીના સમકાલીન-અનુકાલીન ગણાય. વળી આચાર્યપદને શોભાવનારા. એમણે યશોવિજયની બે ગુજરાતી કૃતિઓ – '૩૫૦ ગાથાનું સીમંધર સ્તવન' તથા 'આઠ યોગદૃષ્ટિ સજ્ઝાય' – પર બાલાવબોધો રચ્યા છે.

પૂનમિયાગચ્છના ભાવપ્રભસૂરિએ સં.૧૭૯૩માં યશોવિજયજીના 'પ્રતિમા-શતક' પર વૃત્તિ રચી છે. એમણે 'નયોપદેશ'ની સંક્ષિપ્ત ટીકા – એના પર્યાય પણ આપેલ છે.

સંસ્કૃતમાંથી કૃતિ ગુજરાતીમાં ઊતરે એ વ્યાપક રૂઢિ છે. પણ તપગચ્છના વિનીતસાગરશિ. ભોજસાગરે વિજયદયાસૂરિરાજ્યે (સં.૧૭૮૫–૧૮૦૯) યશો-વિજયના 'દ્રવ્યગુણપર્યાય રાસ'ને આધારે સંસ્કૃતમાં 'દ્રવ્યાનુયોગતર્કણા' નામે ગ્રંથ પોતાની ટીકા સાથે રચ્યો છે. આ ઘટના યશોવિજયજીની કૃતિની મહત્તા બતાવે છે.

તપગચ્છના જિનવિજયશિ. ઉત્તમવિજયે સં.૧૭૯૯માં 'સંયમશ્રેણીગર્ભિત મહાવીર સ્તવ'ની રચના યશોવિજયજીની એ વિષયની સજ્ઝાયને વિસ્તારીને કરી છે. એમના શિષ્ય પદ્મવિજયે સં.૧૯મી સદીમાં યશોવિજયજીની 'વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન' 'સવાસો ગાથાનું સીમંધર સ્તવન' તથા 'સાડી ત્રણસો ગાથાનું સીમંધર સ્તવન' એ કૃતિઓ પર બાલાવબોધો રચ્યા છે.

આમ છતાં યશોવિજયજીના ઘણા ગ્રંથોનો ગુજરાતમાં ઝાઝો અભ્યાસ થયો હોય એવું દેખાતું નથી.

**પ્રશસ્તિ**

યશોવિજયજીની પ્રતિભાને થોડી પણ ભવ્ય અંજલિ અપાઈ છે. એમને આચાર્યપદ ન મળ્યું પણ સંપ્રદાયે એમને ગણિ તથા ઉપાધ્યાય (કે વાચક કે પાઠક) પદથી વિભૂષિત તો કર્યા જ. કાશીના પંડિતોએ એમને 'તાર્કિક' 'ન્યાયવિશારદ' ને 'ન્યાયાચાર્ય'નાં બિરુદો આપી વધાવ્યા. સુજસ.એ એમની અસાધારણ વિદ્વત્તાની વળીવળીને પ્રશસ્તિ કરી છે અને તેમને કળિયુગના શ્રુતકેવલી, કુર્ચાલી શારદા (મૂછાળી સરસ્વતી) તથા હરિભદ્રના લઘુ બાંધવ – લઘુ હરિભદ્ર તરીકે ઓળખાવ્યા છે. હરિભદ્રસૂરિની જેમ એ અજૈન દર્શનના પણ પ્રકાંડ પંડિત હતા અને એમાંથી ઈષ્ટ અંશો એમણે સ્વીકૃત કર્યા છે તેથી એમને લઘુ હરિભદ્ર કહેવામાં સાર્થકતા છે. માનવિજયગણિએ પણ એમને શ્રુતકેવલીનો અવતાર કહેલા.

નવ્ય ન્યાયને ગુજરાતમાં આણનાર, ષડ્દર્શનવેત્તા, સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, રાજસ્થાની, ગુજરાતી એ સર્વ ભાષાઓમાં તથા કાવ્ય, છંદ, અલંકાર, વ્યાકરણ, દર્શન એ સર્વ વિદ્યાઓમાં મહત્ત્વનું અર્પણ કરનાર ઉપાધ્યાય યશોવિજયજી માત્ર જૈન વિદ્વત્તાના જ નહીં, પણ હેમચન્દ્રાચાર્ય પેઠે, ગુજરાતી વિદ્વત્તાના મહાન પ્રતિનિધિ છે. ભારતભરના સંસ્કૃત વિદ્વાનોમાં પણ એમનું ઉજ્જ્વલ સ્થાન છે.

**સંદર્ભગ્રંથો**

(લેખમાં વાપરેલા સંક્ષેપોનો કૌંસમાં નિર્દેશ કર્યો છે. લેખમાં સંદર્ભ આપતી વેળા જૈસાઇતિહાસ., જૈગૂકવિઓ., ગુસાકોશ. જેવા ગ્રંથોના પૃષ્ઠાંક નોંધ્યા નથી, કેમકે ત્યાં એ વર્ણાનુક્રમણી પરથી પ્રાપ્ય છે. નીચેના ગ્રંથો ઉપરાંત શ્રી યશોદેવસૂરિજીએ અત્યંત સદ્ભાવપૂર્વક મોકલેલ ઉપાધ્યાય યશોવિજયના સંસ્કૃત ગ્રંથોના આરંભ-અંતનો પણ લેખમાં ઉપયોગ થયો છે.)

આત્માનંદપ્રકાશ, વર્ષ ૧૩ અં.૬ – 'જૈન ઐતિહાસિક સાહિત્ય', જિનવિજય; વર્ષ ૫૪ અં.૧–૩ – 'વિક્રમ સંવત ૧૭૧૭નું માફીપત્ર', હીરાલાલ કાપડિયા.

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ખંડ ૬, સંપા. રસિકલાલ છો. પરીખ, હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, ૧૯૭૯.

(શ્રીમાન્ યશોવિજયોપાધ્યાય વિરચિત) ગૂર્જર સાહિત્ય સંગ્રહ, ભા.૧, ૧૯૩૬; ભા.૨, સંપા. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, ૧૯૩૮. (ગૂસાસંગ્રહ.)

ગુજરાતી સાહિત્યકોશ, ખંડ ૧, સંપા. જયંત કોઠારી અને અન્ય, ૧૯૯૧. (ગુસાકોશ.)

જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય, સંપા. જિનવિજયજી, ૧૯૨૬.

જૈન ઐતિહાસિક રાસમાળા, ભા.૧, સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ, સં. ૧૯૬૯.

જૈન ગૂર્જર કવિઓ, પહેલી આવૃત્તિ, ભા.૧થી ૩, સંપ્રયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, ૧૯૨૬–૪૪; બીજી આવૃત્તિ, ભા.૧થી ૭, સંપ્રયોજક મોહનલાલ દલીચંદ દેશાઈ, સંપા. જયંત કોઠારી, ૧૯૮૬–૯૧. (જૈગૂકવિઓ.; જ્યાં આવૃત્તિનો નિર્દેશ નથી ત્યાં બીજી આવૃત્તિ સમજવી.)

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, મોહનલાલ દલીચંદ દેશાઈ, ૧૯૩૩. (જૈસાઇતિહાસ.)

પટ્ટાવલીસમુચ્ચય, ભા.૧, સંપા. મુનિ દર્શનવિજય, ૧૯૩૩ – 'ગુરુમાલા', મુનિશ્રી ચારિત્રવિજય.

મહાવીર જૈન વિદ્યાલય રજત મહોત્સવ ગ્રંથ, ૧૯૪૧ – 'અધ્યાત્મી શ્રી આનંદઘન અને શ્રી યશોવિજય', મોહનલાલ દલીચંદ દેશાઈ.

યશોદોહન, પ્રણેતા હીરાલાલ રસિકલાલ કાપડિયા, સંપા.મુનિશ્રી યશોવિજયજી, ૧૯૬૬.

યશોવંદના, પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી, સં.૨૦૪૩.

(મહોપાધ્યાય શ્રી) યશોવિજય સ્મૃતિ ગ્રન્થ, સંપા. મુનિ યશોવિજયજી, ૧૯૫૭. (યશોસ્મૃગ્રંથ.)

(આચાર્ય શ્રી) વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ, સંપા.ભોગીલાલ જ. સાંડેસરા અને અન્ય, ૧૯૫૬ – 'ઐતિહાસિક વસ્ત્રપટ'.

શ્રુતાંજલિ, સંપા.પ્રદ્યુમ્નવિજયજી ગણિવર, યશોવિજયજી ગણિવર, સં.૨૦૪૩.

સુજસવેલી ભાસ, સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ, સં.૧૯૯૦ (સુજસ.; પ્રસ્તાવના માટે સુજસપ્ર., સાર માટે સુજસસાર., ટિપ્પણીઓ માટે સુજસટિ.)

## પરિશિષ્ટ ૧

કાંતિવિજયરચિત

## સુજસવેલી ભાસ

**સંપા. મોહનલાલ દલીચંદ દેશાઈ**

['સુજસવેલી ભાસ' (સં.૧૯૯૦)માંથી આ પાઠ લેવામાં આવ્યો છે. પાઠાંતરો મહત્ત્વનાં ન હોઈ લીધાં નથી. ખોટી રીતે મુકાયેલા અનુસ્વારો છોડી દીધા છે ને ક્યાંક જોડણી સુધારી છે, છાપદોષ સુધાર્યા છે. ત્યાં આપેલ પ્રસ્તાવના, સુજસસાર અને ટિપ્પણીઓનો ઉપયોગ લેખમાં થઈ ગયો છે. – જયંત કોઠારી]

૧ ઢાલ ઝાંઝરીઆની દેશી; ઝાંઝરીયા મુનિવર !<br>
ધન ધન તુમ અવતાર – એ દેશી.

પ્રણમી સરસતિ સામિનીજી, સુગુરુનો લહી સુપસાય,<br>
શ્રી યશોવિજય વાચક તણાજી, ગાઈસું ગુણસમુદાય, ૧

ગુણવંતા રે મુનિવર ! ધન તુમ જ્ઞાનપ્રકાશ.
વાદિ-વચન-કસણિ ચઢ્યોજી, તુજ શ્રુત-સુરમણિ ખાસ,
બોધિ-વૃદ્ધિ-હેતિ કરિજી, બુધજન તસ અભ્યાસ. ૨ ગુ.
સકલ-મુનીસર-સેહરોજી, અનુપમ આગમનો જાણ,
કુમત-ઉત્થાપક એ જયોજી, વાચકકુલમાં રે ભાણ. ૩ ગુ.
પ્રભવાદિક શ્રુતકેવલીજી, આગઈ હુઆ ષટ જેમ,
કલિ માંહિ જોતાં થકાજી, એ પણ શ્રુતધર તેમ. ૪ ગુ.
જસ-વધ્ધાપિક શાસનેજી, સ્વસમય-પરમત-દક્ષ,
પોહચે નહિ કોઈ એહનેજી, સુગુણ અનેરા શત લક્ષ. ૫ ગુ.
કુર્ચાલી શારદ તણોજી, બિરુદ ધરે સુવદીત,
બાલપણિ અલવિ જિણેજી, લીધો ત્રિદશગુરુ જીત. ૬ ગુ.
ગુજ્જરધર-મંડણ અછિજી, નામે કનોડું વર ગામ,
તિહાં હુઓ વ્યવહારિયોજી, નારાયણ એહવે નામ, ૭ ગુ.
તસ ઘરણી સોભાગદેજી, તસ નંદન ગુણવંત.
લઘુતા પણ બુદ્ધે આગલોજી, નામે કુમર જસવંત. ૮ ગુ.
સંવત સોલ અઠ્યાસિયૈજી, રહી કુણગેર ચોમાસિ,
શ્રી નયવિજય પંડિતવરુજી, આવ્યા કન્હોડે ઉલ્લાસિ. ૯ ગુ.
માત પુત્ર સ્યું સાધુનાંજી, વાંદિ ચરણ સવિલાસ,
સુગુરુ-ધર્મ-ઉપદેશથીજી, પામી વયરાગપ્રકાશ, ૧૦. ગુ.
અણહિલપુર પાટણિ જઈજી, લ્યે ગુરુ પાસેં ચારિત્ર,
યશોવિજય એહવી કરીજી, થાપના નામની તત્ર. ૧૧ ગુ.
પદમસીહ બીજો વલીજી, તસ બાંધવ ગુણવંત,
તેહ પ્રસંગે પ્રેરિયોજી, તે પણિ થયો વ્રતવંત. ૧૨ ગુ.
વિજયદેવ-ગુરુ-હાથનીજી, વડ દીક્ષા હુઈ ખાસ,
બિહુંને સોલ અઠ્યાસિયેજી, કરતા યોગ-અભ્યાસ. ૧૩ગુ.
સામાઈક આદિ ભણ્યાજી, શ્રી જસ ગુરુમુખિ આપિ,
સાકરદલમાં મિષ્ટતાજી, તિમ રહી મતિ શ્રુત વ્યાપિ. ૧૪ ગુ.
સંવત સોલ નવાણુએજી, રાજનગરમાં સુગ્યાન,
સાધિ સાખિ સંઘનીજી, અષ્ટ મહા અવધાન. ૧૫ ગુ.
સા ધનજી સૂરા તિસેજી, વીનવિ ગુરુનિ એમ,
'યોગ્ય પાત્ર વિદ્યા તણુંજી, થાસ્યે એ બીજો હેમ. ૧૬. ગુ.
જો કાસી જઈ અભ્યસેજી, ષટ દર્શનના ગ્રંથ,
કરિ દેખાડે ઊજલુંજી, કામ પડ્યે જિનપંથ.' ૧૭ ગુ.

વચન સુણી સહગુરુ ભણિજી, 'કાર્ય એહ ધનને અધીન,
મિથ્યામતિ વિણ સ્વારથેજી, નાપે નિજ શાસ્ત્ર નવીન.' ૧૮ ગુ.
નાણીના ગુણ બોલતાંજી, હુઈ રસનાની ચોષ(ખ),
સુજસવેલિ સુણતાં સંધેજી, કાંતિ સકલ ગુણ પોષ. ૧૯ ગુ.

૨ ઢાલ. થાંરા મોહલાં ઊપરિ મેહ ઝબુકે વીજલી
હો લાલ ઝબુકે વીજલી — એ દેશી.

ધનજી સૂરા સાહ, વચન ગુરુનું સુણી, હો લાલ,
વચન ગુરુનું સુણી, હો લાલ.
આણી મન ઉચ્છાહ, કહે ઈમ તે ગુણી, હો લાલ,
કહે ઈમ તે ગુણી, હો લાલ.
'દોઈ સહસ દીનાર, રજતના ખરચસ્યું, હો લાલ, રજતના.
પંડિતને વારંવાર, તથાવિધિ અરચસ્યું, હો લાલ, તથાવિધિ. ૧
છિ મુજ એહવી ચાહ, ભણાવો તે ભણી, હો લાલ, ભણાવો.'
ઈમ સુણી કાશીનો રાહ, ગ્રહે ગુરુ દિનમણી, હો લાલ, ગ્રહે.
હૂંડી કરિ ગુરુરાય, ભગતિગુણ અટકલી, હો લાલ, ભગતિ.
પાછલિથી સહાય, કરઈવા મોકલી, હો લાલ, કરઈવા. ૨
કાશી દેશ મઝાર, પુરી વારાણસી, હો લાલ, પુરી.
ક્ષેત્ર તણો ગુણ ધારિ, જિહાં સરસતિ વસી, હો લાલ, જિહાં.
તાર્કિક-કુલ-માર્તંડ, આચારજ ભટ્ટનો, હો લાલ, આચારજ.
જાણૈ રહસ્ય અખંડ, તે દર્શન ષટ્ટનો, હો લાલ, તે. ૩
ભટ્ટાચારિજ પાસ, ભણૈ શિષ્ય સાતસૈ, હો લાલ. ભણૈ.
મીમાંસાદિ અભ્યાસ. કરે વિદ્યારસૈ, હો લાલ. કરે.
તે પાસિ જસ આપ, ભણે પ્રકરણ ઘણાં, હો લાલ, ભણે.
ન્યાય મીમાંસાલાપ, સુગત જૈમનિ તણાં હો લાલ, સુગત. ૪
વૈશેષિક સિદ્ધાંત, ભણ્યાં ચિંતામણી, હો લાલ, ભણ્યાં.
વાદિ-ઘટા-દુરદાંત, વિબુધચૂડામણી, હો લાલ, વિબુધ.
સાંખ્ય પ્રભાકર ભટ્ટ, મતાંતર-સૂત્રણા, હો લાલ, મતાંતર.
ધારૈ મહા દુરઘટ્ટ, જિનાગમ-મંત્રણા, હો લાલ, જિનાગમ., ૫
પંડિતને દે આપ, રૂપૈયો દિન પ્રતિ, હો લાલ, રૂપૈયો.
પઠન મહારસ વ્યાપ, ભણે જસ શુભમતિ, હો લાલ, ભણે.
તીન વરસ લગિ પાઠ, કરે અતિ અભ્યસી, હો લાલ, કરે.
સંન્યાસી કરિ ઠાઠ, આયો એહવે ધસી, હો લાલ, આયો. ૬

તેહ સું માંડો વાદ, સકલ જન પેખતાં, હો લાલ, સકલ.
નાઠો તજિ ઉદમાદ, સંન્યાસી દેખતાં, હો લાલ, સંન્યાસી.
પંચ શબદ નીશાણ, ધુરંતિ ઈજાતિ, હો લાલ, ધુરંતિ.
આવ્યા જસ બુધ-રાણ, નિજાવાસિ તિતિ, હો લાલ, નિજા. ૭
વારાણસી શ્રી પાસ, તણી કીધી થુઈ, હો લાલ, તણી.
ન્યાયવિશારદ તાસ, મહાકીરતિ થઈ, હો લાલ, મહા.
કાશીથી બુધરાય, ત્રિહૂ વરષાંતરે, હો લાલ, ત્રિહૂ.
તાર્કિક નામ ધરાય, આવ્યા પુર આગરે, હો લાલ, આવ્યા. ૮
ન્યાયાચાર્યનિ પાસિ, બુધ વલિ આગરે, હો લાલ, બુધ.
કીધો શાસ્ત્ર-અભ્યાસ, વિશેષથી આદરે, હો લાલ, વિશેષથી.
ચ્યાર વરસ પર્યંત, રહી અવગાહિયા, હો લાલ, રહી.
કર્કશ તર્કસિદ્ધાંત, પ્રમાણ પ્રવાહિયા, હો લાલ, પ્રમાણ. ૯
આગરાઈ સંઘ સાર, રૂપૈયા સાતસે, હો લાલ, રૂપૈયા.
મૂકે કરિ મનુહાર, આગે જસને રસે, હો લાલ, આગે.
પાઠાં પુસ્તક તાસ, કરાય ઉમંગ સ્યું, હો લાલ, કરાય.
છાત્રોને સવિલાસ, સમાપ્યાં રંગ સ્યું, હો લાલ, સમાપ્યાં. ૧૦
દુર્દમ-વાદી-વાદ, પરિ પરિ જીપતા, હો લાલ, પરિ.
આવ્યા અહમદાવાદ, વિદ્યાઈ દીપતા, હો લાલ, વિદ્યાઈ.
ઈણિ પરિ સુજસની વેલિ, સદા ભણસ્યે જિકે, હો લાલ, સદા.
કાંતિ મહારંગરેલિ, સહી લહિસ્યે તિકે, હો લાલ, સહી. ૧૧

૩ ઢાળ. ખંભાઈતી – ચાલો સાહેલી વીંદ વિલોકવાજી – એ દેશી.

કાશીથી પાઉધારે શ્રી ગુરુજી ઇહાંજી, જીતી દિશિદિશિ વાદ,
ન્યાયવિશારદ બિરુદ ધરે વડો જી, આગે તૂરનિનાદ. ૧
ચાલો સહેલી હે ! સુગુરુને વાંદવાજી, ઇમ કહે ગૌરી વેણ,
શાસનદીપક શ્રી પંડિતવરુજી, જોવા તરસે નેણ. ૨ ચાલો.
ભટ ચટ વાદી વિબુધે વીંટિઓજી, તારાઈ જિમ ચંદ,
ભવિક-ચકોર-ઉલ્લાસન દીપતોજી, વાદી-ગુરુડ ગોવિંદ. ૩ ચાલો.
યાચકચારણગણિ સલહીજતા જી, વીંટ્યા સંઘ સમગ્ર,
નાગપુરીય સરાહે પધારિયા જી, લેતા અરઘ ઉદગ્ર. ૪ ચાલો.
કીરતિ પસરી દિશિદિશિ ઊજલીજી, વિબુધ તણી અસમાન,
રાજસભામાં કરતાં વર્ણનાજી, નિસુણૈ મહબતખાન. ૫ ચાલો.
ગુજ્જરપતિને હૂંસ હુઈ ખરીજી, જોવા વિદ્યાવાન,
તાસ કથનથી જસ સાધે વલીજી, અષ્ટાદશ અવધાન. ૬ ચાલો.

પેખી ગ્યાની ખાન ખુસી થયાજી, બુદ્ધિ વખાણે નિબાપ,
આડંબર સ્યું વાજિત્ર વાજતેજી, આવે થાનિક આપ. ૭ ચાલો.
શ્રી જિનશાસન ઉન્નતિ તાં થઈજી, વાધી તપગચ્છશોભ,
ગચ્છ ચોરાસીમાં સહુ ઇમ કહૈજી, એ પંડિત અક્ષોભ. ૮ ચાલો.
સંઘ સકલ મિલિ શ્રી વિજયદેવનેજી, અરજ કરે કર જોડી,
'બહુશ્રુત એ લાયક ચઉથે પદિજી, કરે એહની હોડિ ?' ૯ ચાલો.
ગચ્છપતિ લાયક એહવું જાણિનેજી, ધારે મનમાં આપ,
પંડિતજી થાનકતપ વિધિ સ્યું આદરેજી, ચ્છેદણ ભવસંતાપ. ૧૦ ચાલો.
ભીના મારગ શુદ્ધ સંવેગને જી, ચાઢે સંયમ ચોષ(ખ)
જયસોમાદિક પંડિત-મંડલી જી, સેવે ચરણ અદોષ. ૧૧ ચાલો.
ઓલી તપ આરાધ્યું વિધિ થકીજી, તસ ફલ કરતલિ કીધ,
વાચક પદવી સતર અઢારમાંજી, શ્રી વિજયપ્રભ દીધ. ૧૨ ચાલો.
વાચકજી જસ નામી જગમાં એ જયોજી, સુરગુરુનો અવતાર,
સુજસવેલિ ઇમ સુણતાં સંપજૈજી, કાંતિ સદા જયકાર.

૪ ઢાલ. આજ અમારે આંગણિયે – એ દેશી.

શ્રી યશોવિજય વાચક તણા, હું તો ન લહું ગુણવિસ્તારો રે,
ગંગાજલ કણિકા થકી, એહના અધિક અછે ઉપગારો રે. ૧ શ્રી.
વચનરચન સ્યાદવાદનાં, નય નિગમ અગમ ગંભીરો રે,
ઉપનિષદા જિમ વેદની, જસ કઠિન લહે કોઈ ધીરો રે. ૨ શ્રી.
શીતલ પરમાનંદિની, શુચિ વિમલસ્વરૂપા સાચી રે,
જેહની રચનાચંદ્રિકા, રસિયા જણ સેવે રાચી રે. ૩ શ્રી.
લઘુ બાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે,
છતા યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે. ૪ શ્રી.
સતર ત્રયાલિ ચોમાસું રહ્યા, પાઠક નગર ડભોઇ રે,
તિહાં સુરપદવી અણુસરી, અણસણ કરિ પાતક ધોઈ રે. ૫ શ્રી.
સીત તલાઇ પાખતી, તિહાં થૂભ અછે સસનૂરો રે,
તે માહિંથી ધ્વનિ ન્યાયની, પ્રગટે નિજ દિવસિ પડૂરો રે. ૬ શ્રી.
સંવેગી-શિરસેહરો, ગુરુ ગ્યાનરયણનો દરિયો રે,
પરમત-તિમિર ઉછેદિવા, એ તો બાલારુણ દિનકરિયો રે. ૭ શ્રી.
શ્રી પાટણના સંઘનો લહી, અતિ આગ્રહ સુવિશેષિ રે,
શોભાવી ગુણફૂલડિ ,ઇમ સુજસવેલી મ્હેં લેષિ(ખિ) રે. ૮ શ્રી.
ઉત્તમ ગુણ ઉદભાવતાં, મ્હેં પાવન કીધી જીહા રે,
કાંતિ કહે જસ-વેલડી સુણતાં હુઈ ધન ધન દીહા રે. ૯ શ્રી.

– ઇતિ શ્રીમન્મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિ પરિચયે સુજસવેલિ નામા ભાસઃ સંપૂર્ણઃ ૩–૧૪, શાંતિસાગરજી ભંડારની પ્રત.

ઉપર પ્રમાણે. ઇતિ.......નામા ભાસં. ઠાકોર મૂલચંદ પઠનાર્થં. ૨ પત્રની પ્રત, તેમાં બીજું પત્ર મળેલું.

ઉપર પ્રમાણે. પ્રત પાનાં ૪–૯, પોથી નં. પ્રત નં. ૧, અમદાવાદના વીરવિજય અપાસરાના ભંડારની પ્રત.

## પરિશિષ્ટ ૨
## 'સુજસવેલી ભાસ'ના કર્તા કાંતિવિજય

'સુજસ.'માં કવિનામ તો માત્ર 'કાંતિ' છે. પૂરું નામ કાંતિવિજય જ હોવા સંભવ છે. કોઈ ગુરુપરંપરા નથી, રચનાસમય પણ નથી, એટલે આ કાંતિવિજય કયા તે નિશ્ચિત કરવાનું મુશ્કેલ બને છે.

યશોવિજયજીના જીવનની કેટલીક ઘટનાઓ ચોક્કસપણે, એનાં વર્ષ સાથે, આપનાર કવિ એમનાથી બહુ મોડા ન થયા હોય. એ રીતે વિચારતાં બે કાંતિવિજય નજર સામે આવે છે. એક, કીર્તિવિજયશિ. અને વિનયવિજયના ગુરુભ્રાતા કાંતિવિજય. બીજા, પ્રેમવિજયશિ. કાંતિવિજય. કીર્તિવિજયશિ. કાંતિવિજયે રચેલી કેટલીક કૃતિઓ મળે છે (જુઓ જૈગૂકવિઓ., ૫.૫૨) પણ કોઈ કૃતિ રચના-સંવત ધરાવતી નથી. વિનયવિજયની કૃતિઓ સં.૧૬૯૪થી ૧૭૩૮નાં વર્ષો બતાવે છે ને એમણે સં.૧૭૧૦માં 'હૈમલઘુપ્રક્રિયા' ગ્રંથ આ કાંતિવિજય માટે રચેલો તે જોતાં કાંતિવિજય યશોવિજયના સમકાલીન ઠરે અને વિનયવિજય સાથેના યશોવિજયના સંબંધને કારણે એ એમના વિશેષ પરિચયમાં પણ હોય. આથી જ કદાચ સુજસપ્ર.એ સુજસ.ના કર્તા આ કાંતિવિજયને માન્યા છે.

પણ આ વિશે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે તે વાજબી છે કે "સુજસવેલીકાર ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીના ગુરુભ્રાતા જ હોય તો, તેઓ તેમના સમયના કવિ હોવા છતાં, તેઓએ પ્રસ્તુત કૃતિમાં મહત્ત્વની હકીકતો કેમ કશી નોંધી નથી ?" (યશોવિજય, યશોસ્મૃગ્રંથ., સંપાદકીય નિવેદન, પૃ.૧૯) યશોવિજયજીની જન્મ-સાલ, કાશીથી પાછા ફર્યાનું ને અઢાર અવધાનનું વર્ષ વગેરે કેટલીક હકીકતો સુજસ.માં ખૂટે છે, તે ઉપરાંત ગુજરાતના સુબાનું નામ 'મહાબતખાન' આપવામાં સંભવતઃ ભૂલ થયેલી છે એ આપણે આગળ જોયું છે. વળી, કૃતિ યશોવિજયજીનો સ્મૃતિસ્તૂપ થયા પછી એટલે સં.૧૭૪૫ પછી – 'સ્વર્ગવાસદિને ન્યાયધ્વનિ પ્રગટે છે' એ ઉક્તિ જોતાં થોડાંક વર્ષો પછી રચાયેલી છે. ત્યાં સુધી આ કાંતિવિજય હયાત હોવાનું માનવાનું રહે. વિનયવિજયજી સં.૧૭૩૮માં અને યશોવિજયજી સં. ૧૭૪૩માં અવસાન પામી ચૂક્યા છે.

પ્રેમવિજયશિ. કાંતિવિજયની કૃતિઓ સં.૧૭૬૯–૧૭૯૯નાં રચનાવર્ષ બતાવે છે. (જૈગૂકવિઓ., ૫.૨૭૦-૭૬) એમના વિશે સુજસપ્ર. એમ કહે છે કે એ સુજસ.ના કર્તા સંભવતા નથી. પરંતુ યશોવિજયથી થોડા દૂરના પણ બહુ દૂરના નહીં એવા સમયના કવિનો વિચાર કરીએ તો એમાં આ કાંતિવિજય જરૂર આવે. બીજા થોડા મુદ્દા પણ આ કાંતિવિજયના પક્ષમાં જાય છે. આ કવિ પોતાના નામનું સંક્ષિપ્ત રૂપ 'કાંતિ' ઘણી વાર વાપરે છે, જ્યારે કીર્તિવિજયશિષ્ય કાંતિવિજય એવું રૂપ ક્યારેય વાપરતા દેખાતા નથી. આ કાંતિવિજયે 'મહાબલ મલયસુંદરી રાસ' એ કથાત્મક કૃતિ રચી છે તે ઉપરાંત એમની અન્ય કૃતિઓ પણ કથાગર્ભિત જણાય છે, જ્યારે કીર્તિવિજયશિષ્યની સર્વ પ્રાપ્ત રચનાઓ જ્ઞાનાત્મક કે બોધાત્મક છે. આ કવિની ઘણીખરી કૃતિઓ ઢાળબદ્ધ છે (સુજસ. ઢાળબદ્ધ છે), જ્યારે કીર્તિવિજય-શિષ્યની ઘણી કૃતિઓ નાની છે ને ભાગ્યે જ ઢાળબદ્ધ છે. સુજસ. પાટણ સંઘના આગ્રહથી રચાયાનો એમાં નિર્દેશ છે. પ્રેમવિજયશિષ્ય કાંતિવિજય સંઘના આગ્રહથી કૃતિઓ રચ્યાનું નિર્દેશે છે અને 'મહાબલ મલયસુંદરી રાસ' તો પાટણ સંઘના આગ્રહથી જ સં.૧૭૭૫માં રચાયેલ છે, જ્યારે કીર્તિવિજયશિ. કાંતિવિજય-ની કૃતિઓમાં આવા કોઈ નિર્દેશો નથી. પ્રેમવિજયશિષ્યની કૃતિઓમાં ચાતુર્માસ પછી સાલ બદલાતી નથી (સુજસ.માં પણ એવું બન્યું છે), એમણે સં.૧૭૬૯માં ડભોઈમાં ચોમાસું કર્યું છે ને એમની કૃતિઓના અંતભાગમાં કોઈકોઈ વાર 'સુજશ' શબ્દ સાંપડે છે એ હકીકત પણ નોંધી શકાય.

આમ, સમય અને કવિપ્રકૃતિ બન્નેનો વિચાર કરતાં સુજસ.ના કર્તા પ્રેમવિજયશિષ્ય કાંતિવિજય હોવાની સંભાવના વધારે છે. કદાચ એ કૃતિ સં. ૧૭૭૫ના ચોમાસામાં રચાઈ હોય.

☐

*માત્ર અમારી દૃષ્ટિએ જ નહીં પણ હરકોઈ તટસ્થ વિદ્વાનની દૃષ્ટિએ જૈન સંપ્રદાયમાં ઉપાધ્યાયજીનું સ્થાન વૈદિક સંપ્રદાયમાં શંકરાચાર્ય જેવું છે.*

**પંડિત સુખલાલજી**
('ગુરુતત્ત્વવિનિશ્ચય')

# યશોવિજયજીનું વ્યક્તિત્વ

જિતેન્દ્ર દેસાઈ

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ પછી સર્વશાસ્ત્રપારંગત, સૂક્ષ્મદ્રષ્ટા અને અસાધારણ પ્રતિભાસંપન્ન ઉપાધ્યાય યશોવિજયજી જેવા એકપણ વિદ્વાન જૈનશાસનમાં ઉપલબ્ધ થયા નથી. પ્રખર નૈયાયિક, બહુશ્રુત શાસ્ત્રજ્ઞ, સમર્થ સાહિત્યકાર, પ્રતિભાસંપન્ન સમન્વયકાર અને મહાન સાધુ તરીકે શ્રી યશોવિજયજી જૈન પરંપરામાં અવિસ્મરણીય બન્યા છે. તેમનામાં આચાર્ય હરિભદ્રસૂરિ જેવી તીક્ષ્ણ પ્રજ્ઞા અને સર્વગ્રાહી દૃષ્ટિ હતી. તેમના જીવન વિશે તેમના સમકાલીન કે અનુકાલીન સાધુ શ્રી કાન્તિવિજયજીએ 'સુજશવેલી ભાસ' એ કાવ્યકૃતિમાં તેમને હરિભદ્રસૂરિના 'લઘુબાંધવ' કહ્યા છે તે યથાર્થ છે. શ્રી યશોવિજયજીએ સુધારેલા 'ધર્મસંગ્રહ' નામના ગ્રંથના કર્તા અને યશોવિજયજીના સમકાલીન શ્રી માનવિજયજી તેમના વિશે લખે છે :

तर्कप्रमाणनयमुख्यविवेचनेन प्रोद्बोधितादिममुनिश्रुतकेवलित्वाः ।
चक्रुर्यशोविजयवाचकराजिमुख्या ग्रन्थेऽत्र मय्युपकृतिं परिशोधनाद्यैः ॥

શ્રી માનવિજયજી જણાવે છે કે તે મુનિના જ્ઞાનપ્રકાશને ધન્ય છે. તેમનું શ્રુતજ્ઞાન સુરમણિ સમાન હતું. તેઓ આગમના અનુપમ જ્ઞાતા હતા. કુમતિના ઉત્થાપક ઉપાધ્યાય યશોવિજયજી 'શ્રુતકેવલી' હતા. શાસ્ત્ર અને પરમતમાં દક્ષ એવા તેમણે શાસનની યશોવૃદ્ધિ કરી. સદ્‌ગુણના ભંડાર અને બૃહસ્પતિ જેવી પ્રતિભાવાળા યશોવિજયજીને 'કૂર્ચાલી શારદ' (મૂછાળી સરસ્વતી)નું બિરુદ આપવામાં આવ્યું હતું.

મેધાવી યશોવિજયજીએ પંડિતવર્ય નયવિજયજીના ધર્મોપદેશથી પ્રેરાઈને સં.૧૬૮૮માં શિશુવયે ચારિત્ર અંગીકાર કરી અગિયાર વર્ષ ગુરુની નિશ્રામાં વિદ્યાભ્યાસ કર્યો. સંવત ૧૬૯૯માં રાજનગર – અમદાવાદમાં સંઘ સમક્ષ અષ્ટ અવધાન કરી પોતાની તેજસ્વિતાની પ્રતીતિ કરાવી. ગુણી શ્રાવક ધનજી સૂરાની સહાયથી અને ગુરુની અનુમતિથી બનારસમાં તાર્કિકકુલમાર્તંડ ષડ્‌દર્શનના જ્ઞાતા ભટ્ટાચાર્ય પાસે ન્યાય, વૈશેષિક, મીમાંસા, સાંખ્ય, બૌદ્ધ વગેરે દર્શનોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી 'ન્યાયવિશારદ' થયા. 'ચિંતામણિ' ન્યાયગ્રંથના અભ્યાસથી 'વિબુધચૂડામણિ' થયા. તેમણે સાંખ્યદર્શન અને મીમાંસક પ્રભાકરનાં સૂત્રો તથા મતમતાંતરોનો જૈન આગમો સાથે સમન્વય કર્યો. આ સમયે તેમણે શાસ્ત્રાર્થમાં

એક સંન્યાસીને પરાસ્ત કર્યો. આ અંગે તેમના સમકાલીન માનવિજયજી 'ધર્મસંગ્રહ'ની પ્રશસ્તિમાં નોંધે છે :

सतर्ककर्कशधियाखिलदर्शनेषु मूर्धन्यतामधिगतास्तपगच्छधुर्याः ।
काश्यां विजित्य परयूथिकपर्षदोऽग्या विस्तारितप्रवरजैनमतप्रभावाः ॥

આ પછીનાં ચાર વર્ષ આગ્રામાં એક ન્યાયાચાર્ય પાસે તર્કસિદ્ધાન્ત અને પ્રમાણશાસ્ત્રનો ઉત્કૃષ્ટ કક્ષાનો અભ્યાસ કરી યશોવિજયજી 'દુર્દમ્યવાદી' બન્યા. સર્વવિદ્યાસંપન્ન યશોવિજયજી વાદવિવાદમાં તીક્ષ્ણ પ્રતિભાનો પરિચય કરાવતા અમદાવાદ આવ્યા. તે કાળે ગુજરાતના સુબા મહોબતખાનની રાજસભામાં ૧૮ અવધાન કરી ખૂબ સન્માન પામ્યા. તે વખતે સંઘના સૂચનથી ગચ્છનાયક આચાર્ય વિજયપ્રભસૂરિએ તેમને 'ઉપાધ્યાય' પદવી બક્ષી.

ત્રેપન વર્ષના અલ્પ આયુષ્યકાળમાં શ્રી યશોવિજયજી સતત અધ્યયનશીલ રહ્યા. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને મારવાડી એમ ચારેય ભાષાઓમાં તેમણે એકસરખી પ્રતિભાથી વિવિધ વિષયના ગ્રંથોની રચના કરી. શ્રી યશોવિજયજીની સાહિત્યિક પ્રવૃત્તિ ગુણાત્મક અને માત્રાત્મક દૃષ્ટિએ અનન્ય છે. તેમણે ન્યાય અને યોગ જેવાં દર્શનો, જૈન તત્ત્વજ્ઞાન અને આચાર, ધર્મનીતિ અને અધ્યાત્મને પોતાની રીતે રજૂ કર્યાં છે. કથાચરિતની રજૂઆતમાં તેમનો કસબ દેખાય છે. પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી નોંધે છે :

"યશોવિજયજીના જેવી સમન્વયશક્તિ રાખનાર, જૈન-જૈનેતર મૌલિક ગ્રંથોનું ઊંડું દોહન કરનાર, પ્રત્યેક વિષયના અંત સુધી પહોંચી તેના પર સમભાવપૂર્વક પોતાનાં સ્પષ્ટ મંતવ્ય પ્રકાશનાર, શાસ્ત્રીય અને લૌકિક ભાષામાં વિવિધ સાહિત્ય રચી પોતાના સરલ અને કઠિન વિચારોને સર્વ જિજ્ઞાસુ પાસે પહોંચાડવાની ચેષ્ટા કરનાર અને સંપ્રદાયમાં રહીને પણ સંપ્રદાયના બંધનની પરવા નહીં કરીને જે કંઈ ઉચિત જણાયું તેના પર નિર્ભયતાપૂર્વક લખનાર, કેવળ શ્વેતામ્બર દિગમ્બર સમાજમાં જ નહીં, બલકે જૈનેતર સમાજમાં પણ તેમના જેવો કોઈ વિશિષ્ટ વિદ્વાન અત્યાર સુધી અમારા ધ્યાનમાં આવેલો નથી. ઉપાધ્યાયજી જૈન હતા તેથી જૈનશાસ્ત્રનું ઊંડું જ્ઞાન તો તેમને માટે સહજ હતું. પરંતુ ઉપનિષદ્, દર્શનો અને બૌદ્ધગ્રંથોનું આટલું વાસ્તવિક, પરિપૂર્ણ અને સ્પષ્ટજ્ઞાન તેમની અપૂર્વ પ્રતિભા અને કાશીસેવનનું જ પરિણામ છે."

અન્યત્ર સુખલાલજી નોંધે છે : "તેઓ જન્મસંસ્કારસંપન્ન, શ્રુતયોગસંપન્ન અને આજન્મ બ્રહ્મચારી ધુરંધર આચાર્ય હતા. સામાન્ય રીતે પોતાના બધા ટીકાગ્રંથોમાં તેમણે જે કહ્યું છે તે બધાનું ઉપપાદન પ્રાચીન અને પ્રમાણિક ગ્રંથોની સંમતિ દ્વારા કર્યું છે, ક્યાંય કોઈ ગ્રંથનો અર્થ કાઢવાની ખેંચતાણ તેમણે કરી નથી. તર્ક અને સિદ્ધાન્ત બંનેનું સમતોલપણું સાચવી પોતાના વક્તવ્યની પુષ્ટિ કરી છે."

અકબરપ્રતિબોધક આચાર્ય હીરવિજયસૂરિની પરંપરામાં યશોવિજયજી

થયા. તેમનું ન્યાય અને તર્કનું જ્ઞાન અદ્દભુત હતું. જૈનદર્શનના ન્યાયવિષયક ગ્રંથોની વિકાસયાત્રા સિદ્ધસેન દિવાકર, સમંતભદ્રથી વાદિદેવસૂરિ અને હેમચંદ્રાચાર્યના સમયમાં ઉત્તરોત્તર વિકાસ પામતી ચાલી. અલબત્ત, જૈન ન્યાયસાહિત્યનો અંતિમ શબ્દ તો ઉપાધ્યાય યશોવિજયજીના તર્કગ્રંથોમાં જ મૂર્તિમાન થયો. તેમણે કુશળ ચિત્રકારની જેમ ન્યાયને સૂક્ષ્મતા, સ્પષ્ટતા અને સમન્વયના રંગો પૂરી રજૂ કર્યો છે. યશોવિજયજીએ અધિકારભેદને ધ્યાનમાં રાખી, વિષયોની યોગ્ય વહેંચણી કરી, અનેક જૈન ન્યાયના ગ્રંથોની રચના કરી છે. જૈનન્યાયપ્રવેશ માટે યશોવિજયજીએ 'તર્કસંગ્રહ' અને 'તર્કભાષા'ની કક્ષાનો સરળ 'જૈનતર્કભાષા' નામે ગ્રંથ રચ્યો. 'નયપ્રદીપ', 'નયરહસ્ય', 'નયામૃતતરંગિણી સહિત નયોપદેશ', 'સ્યાદ્વાદ-કલ્પલતા', 'ન્યાયાલોક', 'ન્યાયખંડખાદ્ય' અને 'અષ્ટસહસ્રીટીકા' જેવા જૈન ન્યાય-વાઙ્મયના પ્રતિભાપૂર્ણ ગ્રંથો દ્વારા યશોવિજયજીએ સુપ્રસિદ્ધ નૈયાયિકો ઉદયનાચાર્ય, ગંગેશ ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ અને જગદીશની પ્રતિભાનો પડઘો પાડ્યો. 'રહસ્ય'પદાંકિત 'પ્રમારહસ્ય', 'સ્યાદ્વાદરહસ્ય', 'ભાષારહસ્ય', 'નયરહસ્ય', 'ઉપદેશરહસ્ય' વગેરે ગ્રંથો તેમણે રચ્યા છે. 'રહસ્ય' પદાંકિત સો ગ્રંથો રચવાની ઇચ્છા યશોવિજયજીએ 'ભાષારહસ્ય'માં વ્યક્ત કરી છે. અલબત્ત, આમાંથી કેટલાકની રચના તે કરી શક્યા હતા. આ 'રહસ્ય' પદની પ્રેરણા તેમણે નૈયાયિક મથુરાનાથના 'તત્ત્વરહસ્ય' પરથી મેળવી હોવાની સંભાવના છે. આ જ રીતે નવ્યન્યાયના વિદ્વાન ગદાધરના 'વ્યુત્પત્તિવાદ'ની અસરમાં તેમણે 'વાદ' શબ્દથી યુક્ત 'વિધિવાદ'ની રચના કરી, જે હાલમાં અનુપલબ્ધ છે. (જુઓ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', ફકરો ૯૩૨) યશોવિજયજીએ નવ્યન્યાયનાં તત્ત્વોનું જૈન દૃષ્ટિએ ખંડન કર્યું છે. સં.૧૨૫૦થી તેમના સમય સુધીના જૈન ન્યાયના વિદ્વાનો જે કાર્ય કરી શક્યા નહોતા તે યશોવિજયજીએ કર્યું. તેમની શૈલી શબ્દબાહુલ્ય વગરની અને ગંભીર ચર્ચાથી યુક્ત છે.

યશોવિજયજીની તાર્કિક સમર્થતા શ્વેતામ્બર સંપ્રદાયની માન્યતાઓને દૃઢ રીતે પ્રતિષ્ઠિત કરવામાં દૃષ્ટિગોચર થાય છે. યશોવિજયજીએ મૂર્તિપૂજાનો નિષેધ કરનારા લોંકા સંપ્રદાય અને સાધુપરંપરાને ન માનનારા કડવા પંથનો જોરદાર પ્રતીકાર કર્યો. શ્વેતાંબર સંપ્રદાયની માન્યતાથી ભિન્ન મતવાળા વિવિધ ગચ્છોના મતનું તેમણે દૃઢ રીતે ખંડન કર્યું. દિગંબરો સામે તેમણે 'અધ્યાત્મમત પરીક્ષા' અને 'જ્ઞાનાર્ણવ' નામે સંસ્કૃત ગ્રંથોની રચના કરી. વિક્રમના સોળમા સૈકામાં ઐતિહાસિક, રાજકીય અને અન્ય કારણે શિથિલ થયેલી ધર્મભાવનાને દૃઢ બનાવવાનું કાર્ય ઉપાધ્યાય યશોવિજયજીએ કર્યું. જૈન શ્વેતાંબર પરંપરાને સર્વગ્રાહી અને વ્યાપક બનાવવાની આચાર્ય હીરવિજયસૂરિની મથામણમાં યશોવિજયજીનું પ્રદાન પણ નોંધપાત્ર ગણી શકાય.

ભારતીય દર્શનોમાં સાંખ્ય અને યોગ જોડિયાં દર્શનો છે. સાંખ્ય વિચારોનું

શાસ્ત્ર છે અને યોગ ક્રિયાપદ્ધતિનું. મહર્ષિ પતંજલિએ સાંખ્ય વિચારધારાને લક્ષ્યમાં રાખીને સર્વ દર્શનોના સમન્વયરૂપ યોગદર્શનની રચના કરી. પ્રારંભનું સાંખ્ય નિરીશ્વરવાદી હતું. લોકરુચિ ઈશ્વરોપાસના તરફ વળેલી હતી. આથી પતંજલિએ ઈશ્વરસ્વરૂપનું નિરૂપણ કર્યું. સર્વગ્રાહી પ્રતીક-ઉપાસના દ્વારા મનની એકાગ્રતા કેળવાય એવો આગ્રહ રાખ્યો. પતંજલિની આ દૃષ્ટિવિશાલતાની અસર આચાર્ય હરિભદ્રસૂરિ અને યશોવિજયજીએ અનુભવી.

જૈન યોગસાહિત્યમાં હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય અને યશોવિજયજીનું પ્રદાન અનન્ય છે. યશોવિજયજીનાં યોગવિદ્યાજ્ઞાન, તર્કકુશળતા અને અનુભવને લીધે આ વિષયની તેમની રજૂઆત અત્યંત ગાંભીર્યપૂર્ણ છે. તેમણે 'અધ્યાત્મસાર', 'અધ્યાત્મોપનિષદ્' અને સટીક બત્રીશ બત્રીશીઓ નામના યોગવિદ્યાના ગ્રંથો રચ્યા છે. આ ગ્રંથોમાં જૈન યોગનું સૂક્ષ્મ અને રોચક નિરૂપણ કરવા ઉપરાંત તેમણે અન્ય દર્શનો અને જૈનદર્શનની તુલના કરી છે. યશોવિજયજી બિનસાંપ્રદાયિક સમન્વયવાદી તત્ત્વાન્વેષી હતા એમ કહીએ તો તેમાં સહેજ પણ અતિશયોક્તિ નહીં ગણાય. આ બાબત નીચેની હકીકતથી સ્પષ્ટ થશે. યશોવિજયજીએ 'અધ્યાત્મ-સાર'ના યોગાધિકાર અને ધ્યાનાધિકારમાં મુખ્યત્વે ભગવદ્ગીતા અને પાતંજલ-સૂત્રનો ઉપયોગ કરીને જૈન યોગના ધ્યાનવિષયક વિચારોનો સમન્વય કર્યો છે. 'અધ્યાત્મોપનિષદ્'માં તેમણે શાસ્ત્ર, જ્ઞાન, ક્રિયા અને સામ્ય એ ચાર યોગોમાં મુખ્યત્વે યોગવશિષ્ઠ અને તૈત્તિરીય ઉપનિષદ્નાં વાક્યો ટાંકીને તાત્ત્વિક એકતા દર્શાવી છે. 'યોગાવતારદ્વાત્રિંશિકા'માં તેમણે પાતંજલયોગના વિષયોનું જૈનપ્રક્રિયા મુજબ સ્પષ્ટીકરણ આપ્યું છે. પતંજલિના યોગસૂત્ર ઉપરની તેમની વૃત્તિ જૈનયોગ પ્રક્રિયા અનુસારની છે. અહીં તેમણે સાંખ્ય અને જૈનપ્રક્રિયાની તુલના પણ કરી છે. યોગના સમગ્ર વિવેચનમાં યશોવિજયજીની સમન્વયવાદી રીતિ, તટસ્થતા, ગુણગ્રાહીવૃત્તિ અને સત્યનિષ્ઠ સ્પષ્ટવાદિતા નજરે પડે છે.

યશોવિજયજી આનંદઘનજી જેવા અધ્યાત્મવાદી હતા. જૈન સાધુ પાસે અપેક્ષિત સંપૂર્ણ આચારને પાળવા પોતે અસમર્થ છે એવી હિંમતભરી કબૂલાત પણ તેઓ કરે છે. અધ્યાત્મસારના અનુભવાધિકારના શ્લોક ૨૯માં તેઓ લખે છે : "પૂર્ણ આચારને પાળવામાં અસમર્થ એવા અમે ઈચ્છાયોગનું અવલંબન કરીને પરમ મુનિઓની ભક્તિ વડે તેમની પદવીમાર્ગને અનુસરીએ છીએ." 'શ્રીપાળ રાસ'ની છેલ્લી ઢાળમાં પણ તેમણે આત્મિક ઋદ્ધિ તો ગુરુકૃપા મળી ત્યારે જ પ્રગટ થઈ એમ કહ્યું છે :

માહરે તો ગુરુચરણપસાયે અનુભવ દિલમાંહિ પેઠો
ઋદ્ધિવૃદ્ધિ પ્રગટી ઘટમાંહે આતમરતિ હુઈ બેઠો રે
મુઝ સાહિબ જગનો તૂઠો.

આવો અનુભવ કરનારને મોક્ષ દુર્લભ ન હોય.

યશોવિજયજીના વ્યક્તિત્વઘડતરમાં આનંદઘનજી જેવા અલગારી, મસ્ત મહાત્માની અસર દેખાય છે. યશોવિજયજી આનંદઘનજીના પરિચયમાં આવ્યા હોવાની પ્રતીતિ તેમની હિંદીમાં રચેલી અષ્ટપદીમાં થાય છે :

જશવિજય કહે સુન હો આનંદઘન, હમ તુમ મિલે હજૂર

આનંદઘનજીના પોતાના પર પડેલા પ્રભાવની કબૂલાત કરતાં યશોવિજયજી નોંધે છે :

એરી આજ આનંદ ભયો મેરે, તેરો મુખ નિરખ નિરખ,
રોમ રોમ શીતલ ભયો અંગો અંગ.
શુદ્ધ સમજણ સમતારસ ઝીલત, આનંદઘન ભયો અનંત રંગ – એરી
એસી આનંદદશા પ્રગટી ચિત્ત અંતર, તાકો પ્રભાવ ચલત નિર્મલ ગંગ,
વાહી ગંગ સમતા દોઉ મિલ રહે, જસવિજય ઝીલત તાકે સંગ – એરી

પારસમણિના સંગથી લોખંડ સુવર્ણ બને તેમ આનંદઘનજીના સમાગમથી પોતે તેમના જેવા બન્યા એમ યશોવિજયજી નોંધે છે. આનંદઘનજીના પરિચયથી યશોવિજયજીની અધ્યાત્મવૃત્તિ બળવત્તર બની. આનંદઘનજી જેવા યોગનિષ્ઠ અનુભવીના સમાગમથી યશોવિજયજીને અધ્યાત્મમાં વધુ રસ કેળવાયો. અનુભવાધિકારના શ્લોક : ૧૮માં તે કહે છે : "શાંત હૃદયવાળાને શોક, મદ, કામ, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વેર ક્ષીણ થાય છે. આ બાબતમાં અમારો અનુભવ જ સાક્ષી છે." 'અધ્યાત્મસાર'ના ઘણા શ્લોકો પરથી જણાય છે કે યશોવિજયજીને પરમાત્માનો સાક્ષાત્કાર થયો હતો. તેમણે નોંધ્યું છે : "બ્રહ્મજ્ઞાનીના વચનથી પણ અમે બ્રહ્મના વિલાસને અનુભવીએ છીએ." (અનુભવાધિકાર, શ્લોક ૨૬)

યશોવિજયજીની આધ્યાત્મિક વૃત્તિએ તેમને નિર્ભયતા બક્ષી હતી. જ્ઞાનની ઉપાસના અને ધ્યાનની લગનીને પરિણામે કદાચ તેઓ સાધુપણાના ક્રિયાકાંડમાં ઊણા ઊતર્યા હશે. ત્રેપન વર્ષની નાની વયે સંવત ૧૭૪૩માં યશોવિજયજી ડભોઈમાં અનશન કરી કાળધર્મ પામ્યા.

□

ऐंकारजापवरमाप्य कवित्ववित्त्ववांछासुरद्रुमुपगंगमभंगरंगम् ।
सूक्तैर्विकासिकुसुमैस्तव वीर, शम्भोरम्भोजयोश्चरणयोर्वितनोमि पूजाम् ॥

*કવિત્વ અને વિદ્વત્તાની વાંછાને પૂરી પાડનાર કલ્પવૃક્ષરૂપ અભંગરંગવાળો ઐંકારના જાપનો વર ગંગાતટે પામીને વિકસિત કુસુમોરૂપી સૂક્તો વડે હે વીર ! આપ શંભુના ચરણકમલોની પૂજા રચું છું.*

ઉપાધ્યાય યશોવિજય
('ન્યાયખંડખાદ્ય')

# ઉપાધ્યાય યશોવિજયજીની દાર્શનિક પ્રતિભા

હેમંત જે. શાહ

દર્શન અથવા તત્ત્વજ્ઞાન એ સમગ્ર જીવનનું કે તેના કોઈ એક પાસાનું બૌદ્ધિક વિશ્લેષણ અથવા તો અંતઃસ્ફુરણાત્મક જ્ઞાન છે. આ જ્ઞાન જીવનના જે તે પાસાનાં મૂળગામી સત્યોના સંદર્ભમાં જ હોવાનું. બહુ જ સાદી ભાષામાં કહીએ તો જે વ્યક્તિ આવું બૌદ્ધિક વિશ્લેષણ કરે અથવા જેને અંતઃસ્ફુરણા દ્વારા મૂળગામી દર્શન થાય તેને દાર્શનિક કહેવાય. આવી વ્યક્તિનું વ્યક્તિત્વ દાર્શનિક વ્યક્તિત્વ કે પ્રતિભા દાર્શનિક પ્રતિભા કહેવાય. આમ બૌદ્ધિક વિશ્લેષણ દ્વારા જીવ, જગત, ઈશ્વરનાં રહસ્યોને પામનાર ડેકાર્ટ, શંકરાચાર્ય, ઉમાસ્વાતિ કે હેમચંદ્રાચાર્યને દાર્શનિક પ્રતિભા કહી શકાય અને અંતઃસ્ફુરણા દ્વારા અસ્તિત્વનાં રહસ્યોને પામનાર જિસસ ક્રાઈસ્ટ, મહાવીર, બુદ્ધ, રામકૃષ્ણ પરમહંસ વગેરેને પણ દાર્શનિક પ્રતિભા કહી શકાય. આવા દાર્શનિકનું દર્શન સાપેક્ષ નહીં પરંતુ નિરપેક્ષ, સનાતન, શાશ્વત સત્યને અને ડહાપણને પ્રતિબિંબિત કરનારું હોય છે અને માટે જ દાર્શનિકને સમગ્ર કાળ અને અસ્તિત્વનો દ્રષ્ટા કહેવામાં આવે છે. મહાન ગ્રીક તત્ત્વચિંતક પ્લેટો દાર્શનિક વ્યક્તિના ચારિત્રના ગુણોમાં "શાશ્વત અને સનાતન સત્યો પ્રત્યેનો અગાધ પ્રેમ, જ્ઞાનની તીવ્ર ઝંખના, સંયમીપણું, મનની વિશાળતા, સર્વ સમયની સર્વ વાસ્તવિકતાનું દર્શન કરવાની શક્તિ, મૃત્યુથી અભયપણું, વાણી, વર્તન અને વિચારમાં સંતુલનપણું અને સદા સત્ય, ન્યાય, હિંમત અને શિસ્તના સહચારીપણા"ને [૧] મુખ્ય ગણાવે છે.

દાર્શનિક પ્રતિભાના ઉપર્યુક્ત ગુણો મુખ્યત્વે તેના ચારિત્રના ગુણો છે. આ ઉપરાંત કોઈપણ દાર્શનિક પ્રતિભાસંપન્ન પંડિતમાં મેધાવી બુદ્ધિશક્તિને કારણે અદ્દ્‌ભુત અર્થઘટન, અભિવ્યક્તિ, અને વિચારોની સુસંગતતા તેમજ સુતર્ક પણ જણાવાનાં. આ બધું યશોવિજયજીમાં છે તે ઉપરાંત તેમનામાં એક વિશેષતા છે જે માત્ર ગુજરાતના જ નહીં પણ બધી પરંપરાના ભારતીય પંડિતોથી નિરાળી અને વિરલ છે. તે વિશેષતા એટલે અનેક વિષયોના પાંડિત્ય ઉપરાંત તેઓની કૃતિઓમાંથી પ્રગટ થતું તેઓનું અનેકાન્તદૃષ્ટિવાળું "આધ્યાત્મિક અને ઊર્ધ્વગામી વલણ."

શ્રીમદ્ યશોવિજયજીનું જીવન અને તેમણે રચેલા ગ્રંથોની ઝીણામાં ઝીણી વીગતો જોઈએ તો તેઓની પ્રતિભાના પરિપાકરૂપે નીતરતી તેમની વિશેષતાઓ અનેક થાય. આ સ્થળે તે તમામની છણાવટ શક્ય નથી. પરંતુ જૈન પરંપરા તેમજ

તેમના સમયના સંદર્ભમાં વિચારીએ તો તેમની જે લાક્ષણિક વિશેષતાઓ તેમની દાર્શનિક પ્રતિભાનું દર્શન કરાવે છે તે મુખ્યત્વે આ પ્રમાણે ગણાવી શકાય : તેઓની અદ્ભુત સમન્વયશક્તિ, જૈન તેમજ અજૈન ગ્રન્થોનું ઊંડું અધ્યયન અને જ્ઞાન, મંતવ્યોમાં સમભાવીપણું, શાસ્ત્રીય અને લૌકિક સાહિત્યનું સર્જન, નિર્ભયતા, વિદ્વત્તાપૂર્ણ અર્થઘટન, નવ્યન્યાયની શૈલીમાં જૈન સિદ્ધાંતોનું નિરૂપણ વગેરે. યશોવિજયજીની આ વિશેષતાઓને આપણે જરા વધુ વીગતે જોવાનો પ્રયત્ન કરીએ.

ઉપાધ્યાય યશોવિજયજી તેઓના સમગ્ર સર્જનકાળ દરમ્યાન આગમ-પરંપરાને ચુસ્ત રીતે માન્ય રાખનાર અને અનેકાંતદૃષ્ટિને ક્યારેય બાજુએ ન મૂકનાર એક પ્રખર સુસંગત જૈન ચિંતક તરીકેની છાપ ઉપસાવે છે. તેઓએ સામાન્ય માનવીઓ માટે વ્યવહારની મુખ્યતા રાખી નિશ્ચયદૃષ્ટિની ગૌણતા મર્યાદા રૂપે બતાવી. તેઓએ એ બતાવ્યું કે નવકારમંત્રમાં આવતું અરિહંતપદ પ્રથમ અને સિદ્ધપદ બીજું રાખવા પાછળ અરિહંતપદ વ્યવહાર અને સિદ્ધપદ નિશ્ચય છે એ કારણ છે. સ્વાભાવિક છે કે અરિહંત વગર અરૂપી સિદ્ધપદની ઓળખાણ શક્ય નથી.

જૈન દર્શન એટલે આચારમાં અહિંસાપ્રધાનતા અને વિચારમાં અનેકાન્ત-દૃષ્ટિ. વસ્તુની કોઈ પણ એક બાજુ તરફ નજર ન રાખતાં તેની અનેક બાજુ તરફ નજર રાખવી તે 'અનેકાન્તદૃષ્ટિ' શબ્દનો સીધો અર્થ છે. જૈન દર્શનની અનેકાન્ત-દૃષ્ટિ તેના સ્યાદ્વાદના અને નયવાદના સિદ્ધાંતોથી જ સ્પષ્ટ થાય. જૈન દર્શન એ એક વાસ્તવવાદી દર્શન છે અને તે પદાર્થને અનેક ધર્મવાળો લેખે છે. સત્યના બધા જ અંશો ગ્રહણ કરવા સામાન્ય માણસ માટે શક્ય નથી. આપણે સામાન્ય માણસો જે કાંઈ ગ્રહણ કરીએ છીએ તે સંપૂર્ણ સત્ય નહીં પરંતુ સત્યાંશ જ. દરેક સત્ય તેની જે-તે અપેક્ષાએ પ્રાપ્ત થયેલ હોવાથી જે-તે અપેક્ષાના સંદર્ભમાં તે સત્ય સ્વીકૃત જ લેખાય. આ સત્યની સ્વીકૃતિ પ્રમાણથી સિદ્ધ થાય. વસ્તુને સમજવાનો આવો પ્રયત્ન તે નય છે. "પરંતુ આપણી દૃષ્ટિ, બધી સામાન્ય કે બધી વિશેષ દૃષ્ટિઓ પણ એક સરખી નથી હોતી, તેમાં પણ અંતર હોય છે. મૂળ બે દૃષ્ટિઓના (દ્રવ્યાર્થિક/દ્રવ્યાસ્તિક અને પર્યાયાર્થિક/પર્યાયાસ્તિક) કુલ સાત ભાગો પડે છે અને તે જ સાત નય છે."[2] જૈન દર્શન મુજબ કોઈ પણ વસ્તુ સાત જુદીજુદી અપેક્ષાએ સમજી શકાય અને તે સાતેસાત નયનું વિવરણ જૈન નયવાદમાં આવે છે. આમ જૈન દર્શનના ખૂબ જ પાયાના સિદ્ધાંત – સ્યાદ્વાદ અને નયવાદમાં સત્યને પામવાની અને સમજવાની અનેકાન્ત-દૃષ્ટિનો ઉલ્લેખ જોવા મળે છે. ઉપર જણાવેલ નયના ભેદોની સંખ્યા પરત્વે પણ જુદાજુદા મતો જોવા મળે છે. આ મતોનું વીગતે વર્ણન કરવું અહીં પ્રસ્તુત નથી; પરંતુ તેમાંનો એક મત સિદ્ધસેન દિવાકરનો છે, જેઓ નૈગમનયને સ્વતંત્ર નય તરીકે ન સ્વીકારતાં "સંગ્રહથી એવંભૂત સુધીના છ જ નયો

સ્વતંત્ર છે અને દ્રવ્યાસ્તિક દૃષ્ટિની મર્યાદા વ્યવહારનય સુધીની જ છે જ્યારે ઋજુસૂત્રથી માંડીને બધા જ નયો પર્યયાસ્તિક નયની મર્યાદામાં આવે છે એમ દર્શાવે છે;"[3] અને આ જ મત કે જે આગમપરંપરાથી જુદો છે તેનું ઉપાધ્યાયજી ખૂબ જ સચોટ રીતે તાર્કિક પદ્ધતિએ સમર્થન કરીને પોતે ષડ્નયને સ્વીકારે છે. પં. સુખલાલજીના શબ્દોમાં કહીએ તો "સંપ્રદાયમાં રહીને પણ સંપ્રદાયના બંધનની પરવા નહીં કરતાં જે ઉચિત લાગ્યું તેના પર નિર્ભયપણે લખનાર" એવા એક દાર્શનિક તરીકે યશોવિજયજી આપણી સમક્ષ આવે છે.

હવે આપણે યશોવિજયજીની એ વિશેષદૃષ્ટિની વાત કરીએ કે જે તેમની પ્રખર દાર્શનિકતા રજૂ કરનાર સાબિત થાય છે. આ દૃષ્ટિ તે તેમની ન્યાયદૃષ્ટિ. આ વાતને સવિસ્તર સમજવા આપણે એટલું જાણવું આવશ્યક છે કે કોઈ પણ દર્શન સમજવા માટે જે-તે દર્શનના મૂળભૂત સિદ્ધાંતોને સમજવા ખૂબ જ આવશ્યક હોય છે. આ સિદ્ધાંતો તેના ગ્રંથો કે આગમોમાં સૂત્રાત્મક રીતે સિદ્ધાંતોના સ્વરૂપમાં હોય છે. આ સિદ્ધાંતોને સમજવા માટે એ જે ભાષામાં લખાયેલા છે તે ભાષાનું જ્ઞાન અને તેમાં રજૂ થતા વિચારોને સમજવા માટે તર્કના નિયમોનું જ્ઞાન આવશ્યક બને છે. આમ એક, ભાષાના ઢાંચાને સમજવો અને બીજું, વિચારના ઢાંચાને સમજવો એટલેકે વ્યાકરણશાસ્ત્ર અને તર્કશાસ્ત્ર એ કોઈ પણ દાર્શનિક સિદ્ધાંત સમજવા માટે પાયાની જરૂરિયાત બની રહે છે. ન્યાયશાસ્ત્ર તર્કશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર વ. નામોથી પણ ઓળખાય છે. હવે જૈન પરંપરામાં "અનેકાન્ત એ શ્રુતપ્રમાણ છે; તે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બે દૃષ્ટિઓ ઉપર અવલંબિત છે. એ બન્ને દૃષ્ટિઓ અનુક્રમે સામાન્યબોધ અને વિશેષબોધને લીધે પ્રવર્તે છે. આ બન્ને પ્રકારના બોધો જૈન શાસ્ત્રમાં અનુક્રમે દર્શન અને જ્ઞાનથી ઓળખાય છે."[4] જૈન દર્શનની આગમપરંપરામાં શરૂઆતથી જ એક એવો મત પ્રસિદ્ધ હતો કે દર્શન અને જ્ઞાન બન્નેની ઉત્પત્તિ ક્રમથી થાય છે. આગમપરંપરાના આ મત સામે એવો મત ચાલ્યો કે દર્શન અને જ્ઞાન બન્નેની ઉત્પત્તિ ક્રમથી નથી થતી પરંતુ સાથે જ થાય છે. આ બન્ને મતોની સામે એક ત્રીજો મત આવ્યો જેમાં દર્શન અને જ્ઞાનનો અભેદ દર્શાવાયો. વાચક ઉમાસ્વાતિ પહેલાંના બધા જ આચાર્યો અને ખાસ તો જિનભદ્રગણિ, ક્ષમાશ્રમણ વગેરે આગમમતના આગ્રહી જણાય છે. આ મત 'ક્રમવાદ' તરીકે ઓળખાયો. દર્શન અને જ્ઞાન સંબંધી જે બીજો મત છે તે પ્રમાણે બન્ને ઉપયોગ ભિન્ન હોવા છતાં ઉત્પત્તિ ક્રમિક ન થતાં એક સાથે જ હોય છે. આચાર્ય મલ્લવાદી આ મતના ખાસ આગ્રહી છે અને આ મત 'સહવાદ' તરીકે ઓળખાયો. ઉપર્યુક્ત બન્ને મતોની સામે સિદ્ધસેન દિવાકરનો ત્રીજો મત જેમાં દર્શન અને જ્ઞાનનો અભેદ બતાવ્યો છે તે 'અભેદવાદ' તરીકે ઓળખાય છે.

આ આખો મુદ્દો યશોવિજયજી માત્ર ઐતિહાસિક રીતે જ નહીં પણ એક બહુશ્રુત વિદ્વાનને શોભે તે રીતે ચર્ચે છે. તેઓ ત્રણે મતોના પુરસ્કર્તાની વાત સ્પષ્ટ

કરે છે અને સમગ્ર ચર્ચાના અંતે તેના તાત્પર્ય અને સ્વોપજ્ઞ વિચારણા રૂપે બે મુદ્દાઓનો ઉલ્લેખ કરે છે. એક તો એ કે પોતે 'અભેદવાદ'ના પક્ષમાં છે, અને બીજો મુદ્દો એ કે નયભેદની અપેક્ષાએ ત્રણે પક્ષનો સમન્વય શક્ય છે. શ્રીમદ્ યશોવિજયજીએ પોતાના 'જ્ઞાનબિન્દુ' નામના ગ્રંથમાં આ સમસ્યાના સમાધાનમાં સમન્વયાત્મક દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે 'ક્રમિકવાદ'નું ઋજુસૂત્ર નયથી પ્રતિપાદન થાય છે, 'સહવાદ'નું વ્યવહાર નયથી પ્રતિપાદન થાય છે અને 'અભેદવાદ'નું સંગ્રહનયથી પ્રતિપાદન થાય છે. આમ ખૂબ જ તાર્કિક રીતે પોતાની અનન્ય એવી સમન્વયશક્તિથી તેઓએ "નયભેદની અપેક્ષાએ આ ત્રણે સૂરિપક્ષો પરસ્પરવિરુદ્ધ નથી"[૫] તેમ બતાવ્યું છે. આ અને આવા અનેક જ્ઞાનમીમાંસકીય પ્રશ્નોની ચર્ચાઓમાં આપણને યશોવિજયજીની અનેકાન્તદૃષ્ટિનો તેમજ તેમની વિશિષ્ટ સૂઝનો પરિચય મળે છે.

પ્રાચીન સમયમાં પ્રમાણો દ્વારા પ્રમેયની પરીક્ષા કરનાર શાસ્ત્રને ન્યાયશાસ્ત્ર કહેવાતું. આમ સમય જતાં 'પ્રમાણ' શબ્દ ન્યાયનો બોધક બન્યો. જૈન ન્યાય કે જૈન તર્ક અનુસાર પ્રમાણ અને નય બન્ને વસ્તુને સમજવાનો પ્રયત્ન કરે છે. શ્રી યશોવિજયજી પહેલાં પ્રમાણ અને નય બન્ને જૈન તર્કમાં અર્થપરીક્ષાનાં મુખ્ય સાધન ગણાતાં. શ્રી યશોવિજયજીએ પોતાના 'જૈન-તર્કભાષા'માં તર્કમાં પ્રમાણ અને નયની સાથે 'નિક્ષેપ'નો પણ સમાવેશ કર્યો. 'નિક્ષેપ' એ શબ્દને સમજવાનો પ્રયત્ન છે જે જૈન તર્ક અનુસાર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર દૃષ્ટિએ થાય છે.

ભારતીય પરંપરામાં આમ તો ન્યાયશાસ્ત્રનો ઇતિહાસ ખૂબ લાંબો છે. જો આપણે "ગૌતમના ન્યાયસૂત્રથી (ઈ.સ.૩૫૦) લઈએ તો ઈ.સ.૧૦૦૦ સુધીનો ન્યાયદર્શનનો વિકાસ પ્રધાનપણે બૌદ્ધ તાર્કિકોના સંઘર્ષથી થયો છે."[૬] યશોવિજયજીનો સમય સંવત ૧૭-૧૮મા સૈકાનો છે. તેઓની અગાઉ વિદ્વાનોમાં નવ્યન્યાયનો ખૂબ ફેલાવો થઈ ચૂક્યો હતો. "આ નવ્યન્યાયના મુખ્ય પ્રવર્તકો ચૌદમી શતાબ્દીના મિથિલાના ગંગેશ છે કે જેઓએ 'ન્યાયતત્ત્વચિંતામણિ' નામના ગ્રંથમાં નવ્યન્યાયનું વ્યવસ્થિત રીતે વિસ્તૃત વર્ણન કર્યું."[૭] નવ્યન્યાયના વિકાસનો સાહિત્ય, છંદ, વિવિધ દર્શન તથા ધર્મશાસ્ત્ર પર વિશેષ વ્યાપક પ્રભાવ પડ્યો. આ વિકાસના પ્રભાવથી બૌદ્ધ અને જૈન સાહિત્ય વંચિત રહ્યું હતું. બૌદ્ધ સાહિત્ય માટે આ ત્રુટિ પુરાવી આમેય સંભવ ન હતી કારણકે બારમી અને તેરમી સદી બાદ ભારતમાં બૌદ્ધ વિદ્વાનોની પરંપરા માત્ર નામની જ રહી હતી. પરંતુ જૈન સાહિત્યમાં તો આ ત્રુટિ સાચે જ ખટકતી હતી. ભારતમાં અસંખ્ય જૈન વિદ્વાનો, જૈન ત્યાગીઓ અને જૈન ગૃહસ્થો હતા કે જેઓનું મુખ્ય જીવનવ્યાપી ધ્યેય શાસ્ત્રચિંતન હતું. પં. સુખલાલજી કહે છે કે, "જૈન સાહિત્યની આ કમી દૂર કરવાનો અને તે પણ એકલે હાથે દૂર કરવાનો ઉજ્જ્વલ અને સ્થાયી યશ જો કોઈ પણ જૈન વિદ્વાનને ફાળે જાય તો તે ઉપાધ્યાય યશોવિજયજીને જ."[૮] તેઓએ 'જૈન-તર્કભાષા', 'જ્ઞાનબિન્દુ-

પ્રકરણ', 'અષ્ટસહસ્રી' જેવા ગ્રંથો દ્વારા ચૌદમા સૈકાથી માંડીને છેક સત્તરમા સૈકા સુધી નવ્ય નૈયાયિકોએ નવ્યન્યાયનાં જે પ્રધાન તત્ત્વોનું પ્રતિપાદન કર્યું હતું તેનું જૈન ન્યાયની અપેક્ષાએ વિસ્તૃત નિરૂપણ કર્યું. "શ્રીમદ્ યશોવિજયજી સિવાય બીજા કોઈ પણ વિદ્વાન દ્વારા નવ્યન્યાયની શૈલીમાં જૈન દાર્શનિક તત્ત્વોનું વિસ્તૃત વિવેચન થયેલું જોવા મળતું નથી."[૯]

યશોવિજયજી એક તરફ શાસ્ત્રીય તેમજ લૌકિક ભાષામાં પોતાના સરલ તેમજ કઠિન વિચારોને જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરવાની ચેષ્ટા કરનાર વિદ્વાન તરીકે નજર સમક્ષ આવે છે તો બીજી તરફ બંગાળ અને મિથિલાના નવ્યનૈયાયિકો રઘુનાથ શિરોમણિ, ગુણાનંદ અને નારાયણ, કે જેમના વિચારો સાથે વાસ્તવમાં તેઓ સંમત નથી તેમની ખુલે મોંએ પ્રશંસા કરનાર ને એ રીતે પોતાના પ્રતિપક્ષ તરફ નિખાલસ વિદ્વાન, જ્ઞાનના અનન્ય ભક્ત તરીકે નજર સમક્ષ આવે છે. તેઓનું "દૃષ્ટિબિંદુ તદ્દન વસ્તુલક્ષી અને આગવી શૈલીમાં હોય છે. તેઓ પોતાના પ્રતિપક્ષ પ્રત્યે પ્રામાણિક અને વફાદાર જણાય છે."[૧૦]

છેલ્લે એક મહત્ત્વના મુદ્દાની વાત કરી લઈએ. આ મુદ્દો છે વિચારો કે સિદ્ધાંતોને લગતી મૌલિકતાનો કે નવસર્જનનો. ઉપાધ્યાયજીના અને તેમના જેવા બહુશ્રુત વિદ્વાનોના ગ્રંથો તેના વિષયની દૃષ્ટિએ મૌલિક જણાતા નથી; પરંતુ આથી આ વિદ્વાનોનું મહત્ત્વ ઘટતું નથી, એમની દાર્શનિક પ્રતિભા ઓછી અંકાતી નથી; કારણકે આપણે જોયું તેમ અભેદવાદ, ષડ્નય, નિક્ષેપ, નવ્યન્યાય વગેરેમાં યશોવિજયજીનું જે વિશિષ્ટ પ્રદાન છે તે એમની એક દાર્શનિક તરીકેની અત્યંત પ્રભાવશાળી પ્રતિભાનું દર્શન કરાવે છે. આવી દાર્શનિક પ્રતિભા હોવા છતાં એમણે ક્યાંય કશુંય પોતે નવું કહેવા માગે છે અને તેને કારણે પરંપરાની બહાર તેમના વ્યક્તિગત અહમ્‌નો ઝંડો ઘણે ઊંચે લહેરથી ફરકતો થાય છે એમ દર્શાવવાનો યત્ન કર્યો નથી. તેમણે નમ્રપણે પોતાની દાર્શનિક પ્રતિભાને જૈન દર્શનના મુખ્ય સિદ્ધાંતોની સમજણ વિસ્તારવામાં સમર્પિત કરેલી છે.

અંતે, જૈન પરંપરાનો અને જૈન દર્શનના બહુશ્રુત વિદ્વાનોનો ઇતિહાસ જોતાં સ્પષ્ટપણે જણાય છે કે ત્રીજા સૈકા સુધીમાં આવતા કુન્દકુન્દાચાર્ય અને ઉમાસ્વાતિ; પાંચમા સૈકા સુધીમાં આવતા પૂજ્યપાદ, સમંતભદ્ર, સિદ્ધસેન દિવાકર; સાતમા-આઠમા સૈકામાં આવતા મલ્લવાદી, જિનભદ્રગણિ, ક્ષમાશ્રમણ, ગંધહસ્તિ, હરિભદ્ર; નવમા સૈકાથી પંદરમા-સોળમા સૈકા સુધીમાં આવતા અકલંક, વીરસેન, વિદ્યાનંદી, વાદીદેવસૂરિ અને હેમચંદ્રાચાર્ય સુધી ચાલ્યો આવતો જૈન વાઙ્મયનો વિકાસ છેલ્લે ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી સુધી આવે છે. તેઓએ પોતાના જીવન દરમ્યાન માત્ર "સુંદર, સચોટ અને સતર્ક દાર્શનિક વિશ્લેષણ તેમજ પ્રતિપાદન"[૧૧] જ નથી કર્યું પરંતુ જૈન વાઙ્મયના વિકાસને વધારે ફળદાયી વળાંક આપ્યો છે અને પરંપરાને સાચવીને વિશ્વદર્શનના ફલક પર દિપાવી છે.

પાદટીપ

૧. પ્લેટોનું રિપબ્લિક, પેંગ્વીન બુક્સ, પૃ.૨૪૪
૨. તત્ત્વાર્થસૂત્ર, પં. સુખલાલજી, પૃ.૬૮
૩. સન્મતિ પ્રકરણ, સં. પં. સુખલાલજી, પૃ.૧૩૪
૪. સન્મતિ પ્રકરણ, સં. પં. સુખલાલજી, પૃ.૧૬૭–૬૮
૫. જ્ઞાનબિન્દુ પ્રકરણ, સિંઘી પ્રકાશન (હિન્દી), પૃ.૬૩
૬. ન્યાય વૈશેષિક દર્શન, લે. નગીન શાહ, પૃ.૪૪૮
૭. જૈન તર્કભાષા, સં. ઈશ્વરચંદ શર્મા (હિન્દી), પૃ.૧૨
૮. દર્શન ઔર ચિન્તન, પં.સુખલાલજી, પૃ.૪૫૯
૯. જૈન તર્કભાષા, સં. ઈશ્વરચંદ્ર શર્મા (હિન્દી), પૃ.૧૨
૧૦. Jain Tark Bhasha, Dr. D. Bhargav, P. XVII
૧૧. દર્શન ઔર ચિન્તન, પં. સુખલાલજી, પૃ.૪૫૭

સંદર્ભપુસ્તકો

* જ્ઞાનબિન્દુ પ્રકરણ (હિન્દી), સં. પં. સુખલાલજી અને અન્ય, સિંઘી પ્રકાશન.
* જૈન તર્ક-ભાષા (હિન્દી), સં. પં. ઈશ્વરચંદ્ર શર્મા
* જૈન તર્કભાષા (અંગ્રેજી), ડૉ. દયાનંદ ભાર્ગવ
* પાતંજલ યોગશાસ્ત્ર (હિન્દી), પં. સુખલાલજી
* દર્શન ઔર ચિન્તન ખંડ ૨, પં. સુખલાલજી
* શ્રી જૈન દર્શન મીમાંસા અને અન્ય લેખો, ફત્તેચંદ ઝવેરભાઈ
* જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, મો. દ. દેશાઈ
* જૈન પરંપરાનો ઇતિહાસ, શ્રી ત્રિપુટી મહારાજ
* વૈરાગ્યરતિ, મુનિ યશોવિજયજી

☐

*શારદ ! સાર દયા કરો, આપો વચન સુરંગ*
*તૂં તૂઠી મુઝ ઉપરેં જાપ કરત ઉપગંગ.*
*તર્ક કાવ્યનો તેં તદા દીધો વર અભિરામ*
*ભાષા પણિ કરિ કલ્પતરુ શાખા સમ પરિણામ.*

ઉપાધ્યાય યશોવિજય
('જંબૂસ્વામી રાસ')

# ઉપાધ્યાય યશોવિજયજીનું અનુવાદકર્મ અને અનુવાદકૌશલ્ય

પ્રદ્યુમ્નવિજયગણિ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સર્જનનો વ્યાપ અતિ છે. ઇયત્તા અને ગુણવત્તા બન્ને દૃષ્ટિએ એ નોંધપાત્ર છે. વિષયની દૃષ્ટિએ ગહનમાં ગહન તર્કશાસ્ત્રની સૂક્ષ્મ વાતોથી લઈ હળવામાં હળવાં સ્તવન, પદો અને કથાપ્રધાન રાસસાહિત્ય સુધી એ વિસ્તરે છે; તો ભાષાની દૃષ્ટિએ સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતીમાં ગદ્ય-પદ્ય સ્વરૂપે તેઓ અકુતોભય રીતે સાહિત્યવિપિનમાં વિહરે છે. પોતે જ એક સ્થળે ગાઈ ઊઠે છે :

વાણી વાચક જસ તણી, કોઈ નયે ન અધૂરી. (શ્રીપાળ રાસ, ખંડ ૪)

અનેકવિધ વિષયોમાં સર્જનનો પ્રવાહ ચાલે ત્યારે પ્રસંગેપ્રસંગે વિષયને અનુરૂપ નિરૂપણમાં પૂર્વર્ષિના તે જ વિષયના સંદર્ભને કેટલીક વાર એમ ને એમ જ तथाप्याहुर्महर्षयः, तथाचोक्तं परैरपि એમ ઉલ્લેખ સાથે તેઓ યથાતથ મૂકી દે છે એ તો બરાબર છે, પણ ક્યારેક પ્રાપ્ત ગાથા પ્રાકૃતમાં હોય અને પોતાની રચના ગુજરાતીમાં ચાલતી હોય તો એ પૂર્વર્ષિની ગાથાઓ ગુજરાતીમાં ઢાળી દે, સંસ્કૃતમાં ગ્રંથ રચાતો હોય તો સંસ્કૃત પદ્યમાં ગૂંથી દે. આવાં સંખ્યાબંધ ગાથાઓ, શ્લોકો અને સુભાષિતો તથા उवएसमाला, धम्मरयणपगरण, प्रशमरतिप्रकरणના ભાવો ૩૫૦ ગાથાના સ્તવન-માં, 'જંબૂસ્વામી રાસ'માં કે અન્યત્ર, શતાધિક ગ્રન્થોમાં ઉપાધ્યાયજી અવતારે છે અને તેમાં તો તેઓ એ ગાથાકથિત ભાવોને એવા જ ગુર્જર શબ્દોમાં મઢી દે છે. આવું અનુવાદકર્મ ખૂબ છૂટથી પ્રયોજે છે.

શરૂઆત સુભાષિતથી કરીએ. સંસ્કૃતમાં એક પ્રસિદ્ધ સુભાષિત છે :

यद्यपि कापि न हानिः परकीयां रासभे चरति द्राक्षाम् ।
असमञ्जसमिति दृष्ट्वा तथापि परिखिद्यते चेतः ॥

'સમુદ્રવહાણ સંવાદ'માં એક પ્રસંગે તેઓ આ જ ભાવને બે લીટીમાં આ રીતે ગૂંથી આપે છે :

જો પણ પરની દ્રાખ ખર, ચરતાં હાણિ ન હોય,
અસમંજસ દેખી કરી તો પણિ મનિ દુઃખ હોય.

બીજું એક સુભાષિત છે :

संपदि यस्य न हर्षो, विपदि विषादो रणे च धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं जनयति जननी सुतं विरलम् ॥

'સમુદ્ર વહાણ સંવાદ'માં આવાં સુભાષિતો ઘણાં પ્રયોજ્યાં છે. તેઓ આ ભાવને આ શબ્દોમાં ઢાળે છે :

હરખ નહીં વૈભવ લહે, સંકટિ દુઃખ ન લગાર,
રણસંગ્રામે ધીર જે, તે વિરલા સંસાર.

'૧૮ પાપસ્થાનક સજ્ઝાય'માં, 'ક્રોધની સજ્ઝાય'માં

न भवति, भवति न चिरं, चिरं चेत् फले विसंवादि ।
कोपः सत्पुरुषाणां तुल्यः स्नेहेन नीचानाम् ॥

આ સુભાષિતને તેઓ આ પ્રમાણે મૂકે છે :

ન હોય, હોય તો ચિર નહીં, ચિર રહે તો ફલ છેહો રે,
સજ્જન ક્રોધ તે એહવો, જેહવો દુરજનને હો રે.

આ બધાં પદ્યોનો અનુવાદ જોઈએ તો આ પદ્ય આ જ ભાષામાં હોય તેમ લાગે, અનુવાદ જેવું ન લાગે. મૂળના માત્ર શબ્દ ન લેતાં, તેની અંદર નિહિત-તિરોહિત અર્થ, ભાવ ને તાત્પર્ય સુધી પહોંચી તેને આત્મસાત્ કરી પોતાની કલમે તેનું અવતરણ થાય ત્યારે પોતાના જ વાઘામાં તેનું રૂપાન્તર થયેલું લાગે. ક્યારેક તો બન્નેને સાથે મૂકી સરખાવતાં ભમમાં જ પડાય કે કયું અસલ કે કયો અનુવાદ ? એ જ પાપસ્થાનક સજ્ઝાયમાં, હૈમયોગશાસ્ત્રના એક શ્લોકને સામે રાખીને અનુવાદ કર્યો છે. મૂળ શ્લોક આ પ્રમાણે છે :

उत्पद्यमानः प्रथमं, दहत्येव स्वमाश्रयम् ।
क्रोधः कृशानुवत् पश्चात् अन्यं दहति वा न वा ॥

બાળે તે આશ્રય આપણો, ભજના અન્યને દાહે રે,
ક્રોધ કૃશાનુ સમાન છે, ટાળે પ્રશમપ્રવાહે રે.

આ જ શ્લોકને સામે રાખીને ઉદયરત્નજીએ તળપદો અનુવાદ કર્યો છે :

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે,
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે.

એ જ રીતે ૧૧મા પાપસ્થાનકની સજ્ઝાયમાં સાતમી કડી છે :

નિરગુણ તે ગુણવંત ન જાણે, ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે,
આપ ગુણી ને વળી ગુણરાગી, જગમાં તેની કીર્તિ જાગી.

આ વાંચતાં અણસાર પણ નથી આવતો કે આ અનુવાદ છે. હવે મૂળ શ્લોક જોઈએ :

ना गुणी गुणीनं वेत्ति, गुणी गुणिषु मत्सरी ।
गुणी च गुणरागी च सरलो विरलो जनः ॥

જે રીતે તેઓ એક શ્લોકનો અનુવાદ એક શ્લોકમાં સમાવીને મૂકે છે, તે રીતે તેનો વિસ્તાર પણ કરી જાણે છે. દા.ત. भक्तामरस्तोत्रમાં ૧૫મી ગાથા છે :

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः कृत्स्नं जगत् त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां दीपोऽपरस्त्वमसि नाथ जगत्प्रकाशः ॥

આ શ્લોકના ભાવ પાંચ કડી સુધી વિસ્તારીને એક સ્તવનની રચના કરી છે અને ઉન્મેષશાલિની પ્રતિભાથી આમાં નથી તેવા નવા ભાવ પણ ઉમેર્યા છે. શ્રી કુંથુનાથજિન સ્તવનમાં પ્રભુને રત્નદીપકની ઉપમા આપીને નિર્ધૂમવર્તિ શ્લોકના બધા ભાવ તો આવરી લીધા છે ઉપરાંત :

* પાત્ર કર્યે નહિ હેઠ સૂરજ તેજે નવિ છિપે હો લાલ,
સર્વ તેજનું તેજ પહેલાંથી વાધે પછે હો લાલ ॥ ૩ ॥
* જેહ સદા છે રમ્ય પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ.

આવા વિશેષ ભાવો પણ આવરી લીધા છે.

આવી જ રીતે સંસ્કૃતમાંથી સંસ્કૃતમાં પણ સંક્ષેપ-વિસ્તારની ખૂબી તેમણે બતાવી છે. દા.ત. ઉમાસ્વાતિવાચકવિરચિત પ્રશમરતિપ્રકરણમાં એક શ્લોક છે :

भोगसुखैः किमनित्यैर्भयबहुलैः कांक्षितैः परायत्तैः ।
नित्यमभयमात्मस्थं प्रशमसुखं तत्र यतितव्यम् ॥ १२२ ॥

આ શ્લોકના ભાવને વિસ્તારીને તેઓ अध्यात्मसारमां भवस्वरूप चिन्ताधिकार-માં શિખરિણી છંદમાં સુન્દર રીતે ઢાળે છે.

पराधीनं शर्म क्षयि विषयकांक्षौघमलिनं
भवे भीतिस्थानं तदपि कुमतिस्तत्र रमते ।
बुधास्तु स्वाधीनेऽक्षयिणि करणौत्सुक्यरहिते
निलीनास्तिष्ठन्ति प्रगलितभयाऽऽध्यात्मिकसुखे ॥ २६ ॥

સહજતાથી જ્યારે ભાવસંક્રમણ થાય છે ત્યારે કાવ્યની સુષમા વધે છે. એવો જ એક શ્લોક પ્રશમરતિ-પ્રકરણનો જોઈએ :

यत् सर्वविषयकाङ्क्षोद्भवं सुखं प्राप्यते सरागेण ।
तदनन्तकोटिगुणितं मुधैव लभते विगतरागः ॥

આ શ્લોકનું ગુજરાતીમાં, પદ્યમાં રૂપાન્તર કેટલું સહજ કર્યું છે !

સર્વ વિષય કષાયજનિત જે સુખ લહે સરાગ,
તેથી કોટિ અનંતગુણ મુધા લહે ગતરાગ. (જંબૂસ્વામી રાસ)

આ બધાં ઉદાહરણો આપણે અનુવાદકર્મનાં જોયાં.

હવે છેલ્લે એક ઉદાહરણ અનુવાદકૌશલ્યનું જોઈએ. એવા સ્થળે તો તેઓ મૂળ ગાથાને ઓળંગીને તેને સર્જનની પ્રક્રિયામાં ઓગાળીને તેના ભાવને આત્મસાત્ કરીને તદ્દન નવા જ સ્વરૂપે એવી રીતે રજૂ કરે છે કે તેના મૂળ કર્તા જો એ જુએ તો વારી જાય. દા.ત. आवस्सगनिज्जुत्तिમાં એક ગાથા છે :

सव्व सुरा जइ रूवं, अंगुट्ठपमाणयं विउव्वेज्जा ।
जिनपादंगुट्ठं पइ न सोहइ तं जहिंगालो ॥ ४१९ ॥

આ ગાથામાં પરમાત્માનું તીર્થંકરના રૂપનું વર્ણન છે. સર્વ સુરવરો અંગૂઠા પ્રમાણ રૂપ વિકુર્વે તોપણ પરમાત્માના પાદાંગુષ્ઠના રૂપ પાસે તો તે, બુઝાયેલા અંગારા જેવું લાગે. આ ગાથાના ભાવને અનુસરતી એક પંક્તિ પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજે ललितविस्तरा ગ્રન્થમાં, भगवंताणं એ પદની વ્યાખ્યાની અન્તર્ગત भग શબ્દના ૬ અર્થ પૈકી रूप અર્થની વ્યાખ્યામાં रूप पुनः सकल सुरस्वप्रभावविनिर्मिताङ्गुष्ठरूपाङ्गार निदर्शनातिशयसिद्धम् ॥ અહીં થોડા શબ્દોમાં પરમાત્માના રૂપને એ જ અંગારાની ઉપમા આપીને વર્ણવવામાં આવ્યું છે. આ જ ભાવાર્થને વિસ્તૃત સ્વરૂપે તેઓએ સીધી રીતે હિંદીમાં એક કડીમાં મઢી દીધો :

ક્રોડ દેવ મિલકે કર ન શકે, એક અંગુઠ રૂપ પ્રતિછંદ,
એસો અદ્‌ભુત રૂપ તિહારો, વરસત માનું અમૃત કો બુંદ.
(અંતરીક્ષ પાર્શ્વજિન સ્તવન, ગુર્જર સા. સંગ્રહ, ભા.૧)

આમાં તેઓ ગાથાથી માત્ર એકાદ ડગલું જ આગળ ગયા. અંગુષ્ઠના અનુપમ રૂપને ઉત્પ્રેક્ષાલંકારથી વર્ણવ્યું છે – જાણે અમૃતની વૃષ્ટિ ન થતી હોય ! આ ગાથાગત ભાવ પરમાત્માના રૂપવર્ણન માટે તેઓને હૃદયમાં જચી ગયો હશે. સર્જકમાં આવું બનતું જ હોય છે. કો'ક ભાવ સ્પર્શી જાય તો જુદાજુદા રૂપે એ ભાવની અભિવ્યક્તિ અનાયાસે થતી જ રહે છે. એ મુજબ આ ભાવને તેમણે વળી સંસ્કૃતમાં, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના સ્તોત્રમાં થોડાંક ડગલાં આગળ વધીને એ વર્ણનતંતુને લંબાવ્યો છે. એ શ્લોક આ પ્રમાણે છે :

धाम ध्यायसि यत् पुरा त्रिजगति धामातिशायि स्फुरत्-
तत् संक्रान्तिवशादिवे यमनिशं मूर्तिस्तवोद् द्योतिनी ।
अङ्गुष्ठात् पुरतस्तव क्रमभवादिङ्गाललीलावहं,
नो चेत् सर्व सुरासुरैः कथमहो शक्त्या जितं रूपकम् ॥ ६ ॥

મૂળભૂત ગાથાના ભાવને તેઓએ તાર્કિકતાની કસોટીએ ચઢાવ્યો. એક રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે પૂર્વર્ષિપ્રાપ્ત ભાવોની માટીમાંથી, પોતાની પ્રજ્ઞાના વારિના સહયોગથી, મનોગત અને મનોમત મૂર્તિનું નિર્માણ કર્યું. कविरनुहरतिच्छायाम् એ ન્યાયે તેઓએ એ ગાથાની છાયા લીધી. તે પછી સીધાસાદા વિધાનને તર્કથી પ્રમાણિત ઉત્પ્રેક્ષાલંકારથી અલંકૃત કરીને એક કાવ્યની શોભા અર્પી દીધી. 'તીર્થંકરનું રૂપ દેવોથી પણ કંઈ ગણું ચઢિયાતું હોય છે' તો તે શા માટે ? તેનું કારણ શું ? આ રહસ્યને તેઓ છતું કરે છે.

તીર્થંકરો તીર્થંકર થાય તે પહેલાં ત્રણે જગતના તમામ જીવોનું જે આત્મતેજ તેનું તેઓ ધ્યાન કરે છે. જેનું તમે ધ્યાન કરો તે તમારામાં અવતરે – સંક્રાન્ત થાય એ

ન્યાયે સકલ આત્માનું તેજ (ચૈતન્યનો ઉદ્યોત) તીર્થંકરદેવમાં સંક્રાન્ત થયું તેથી તેમનું રૂપ આવું અલૌકિક બન્યું. પછી પેલી ગાથાગત ઉપમા યોજી દીધી – સર્વ સુરાસુર રૂપ કરતાં તીર્થંકરદેવના અંગૂઠાનું તેજ ચઢિયાતું છે તે વર્ણવ્યું. તીર્થંકર દેવના અવર્ણનીય રૂપનું કારણ સકલ ચૈતન્યનું એમણે કરેલું ધ્યાન છે. તે તેમણે પોતાની મેધાથી પ્રકાશિત કર્યું.

આ ઉદાહરણોથી આપને ખ્યાલ આવશે કે આ અનુવાદકૌશલ્ય તેઓની સર્જકપ્રતિભાની શોભાસ્વરૂપ છે. આવાં તો હજુ પુષ્કળ ઉદાહરણો મળી આવે. આપણે તો તેઓની શતમુખ પ્રતિભાનાં દર્શન કરવા લેખે જ આ એક પ્રકાર – અનુવાદકૌશલ્ય – નું સંક્ષેપમાં રસદર્શન કરાવ્યું. આટલું જોઈને કોઈક વિદ્વાન આ વિષયનું સમગ્ર આકલન-સંકલન કરવા લલચાય તો કેવું સારું ? આટલું જણાવી વિરમું છું.

☐

अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानां ।
अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥

*અમારા જેવા પ્રમાદગ્રસ્ત અને ચરણકરણ (સંયમધર્મની પુષ્ટિ માટેના નિયમો, ગુણો)થી હીનને આ જન્મમાં જિનપ્રવચન પ્રત્યેનો રાગ જ સાગરમાં નાવની સમાન, તરવાનો શુભ ઉપાય છે.*

ઉપાધ્યાય યશોવિજય
('ન્યાયલોક')

# 'અધ્યાત્મ-ઉપનિષદ'નો પ્રસાદ

મુનિશ્રી જયસુંદરવિજયજી

યશોવિજય ઉપાધ્યાયજીએ રચેલ 'અધ્યાત્મ-ઉપનિષદ' ગ્રન્થ જૈન સાહિત્ય-નું એક અમૂલ્ય રત્ન છે.

'અધ્યાત્મમતપરીક્ષા', 'અધ્યાત્મસાર' અને 'અધ્યાત્મોપનિષદ્' આ ત્રણ 'અધ્યાત્મ'-શબ્દગર્ભિત કૃતિઓ પૂ. ઉપાધ્યાયજીએ રચી છે. તે પૈકી 'અધ્યાત્મ-મતપરીક્ષા'માં અધ્યાત્મના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર નિક્ષેપો દર્શાવીને, પ્રધાનપણે તત્કાલીન બનાવટી આધ્યાત્મિક મતનું નિરસન કરાયેલું છે. ભાવ-અધ્યાત્મનું સૌથી વિશાળ નિરૂપણ 'અધ્યાત્મસારગ્રન્થ'માં કરાયું છે. 'અધ્યાત્મ-ઉપનિષદ' ગ્રન્થનો મુખ્યપણે સૂર એ છે કે વાસ્તવિક અધ્યાત્મની પિછાન વિશુદ્ધ શાસ્ત્રવચનથી થાય છે, શાસ્ત્રવચન દ્વારા આત્મા જ્ઞાનયોગ અને ક્રિયાયોગના સમન્વયરૂપ અધ્યાત્મસાધનાને આત્મસાત્ કરે છે અને તેનાથી મુક્તિસાધક સમતાયોગ સિદ્ધ થાય છે.

આ ગ્રન્થમાં ચાર વિભાગ પાડવામાં આવ્યા છે :

(૧) શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર (૨) જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર
(૩) ક્રિયાયોગશુદ્ધિ અધિકાર (૪) સામ્યયોગશુદ્ધિ અધિકાર

**વિભાગ ૧ : શાસ્ત્રયોગશુદ્ધિ**

આ વિભાગમાં અધ્યાત્મની વ્યાખ્યા વ્યવહાર અને નિશ્ચય, એમ બે નયના આધારે જુદીજુદી કરેલી છે. એવંભૂતનય એ અહીં નિશ્ચયનય છે અને 'અધ્યાત્મ' શબ્દની વ્યુત્પત્તિથી લભ્ય અર્થ પર ભાર મૂકતાં ઉપાધ્યાયજી કહે છે કે આત્માને લક્ષમાં રાખીને જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય આ પાંચે આચારોનું સુંદર પાલન થાય તે અધ્યાત્મ છે. આ અર્થ વ્યુત્પત્તિ દ્વારા એ રીતે ફલિત થાય છે કે 'आत्मनि इति अध्यात्म' અર્થાત્ આત્માને ઉદ્દેશીને થનારી વિશુદ્ધ ક્રિયા, એટલેકે જ્ઞાનાદિ પાંચ આચારોનું પાલન, તે અધ્યાત્મ.

આત્માનું શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર, સિદ્ધાત્મ સ્વરૂપ તો નિષ્ક્રિય છે, પરંતુ જ્યાં સુધી જીવ કર્મબદ્ધ છે ત્યાં સુધી અજ્ઞાન, અવિશ્વાસ, અંધશ્રદ્ધા, અશ્રદ્ધા, લમ્પટતા અને ખા ખા કરવું વગેરે અનેક દુરાચારોમાં રચ્યોપચ્યો અને ફસાયેલો રહે છે. શુદ્ધ નિષ્ક્રિય આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે આ દુરાચારો – પાપાચારોનું વર્જન અનિવાર્ય છે. તે બે રીતે સંભવી શકે : જીવ તમામ પ્રવૃત્તિઓને સર્વથા એકાએક બંધ

કરી દે, અથવા અજ્ઞાનાદિની વિરોધી જ્ઞાનાદિ પાંચ આચારમય પ્રવૃત્તિને અપનાવી લે. પણ આ બેમાં પ્રથમ રીત પ્રારંભમાં તદ્દન અશક્યપ્રાયઃ છે તેથી આત્માને સતત નજર સામે રાખીને, જ્ઞાનાદિ પંચાચારના પાલનસ્વરૂપ અધ્યાત્મમાર્ગે જીવ આગેકૂચ કરે તો જ અજ્ઞાનાદિ દુરાચારોથી જીવ સર્વથા મુક્ત બનીને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે, માટે એવંભૂતનયે પંચાચારનું સુંદર પાલન એ જ અધ્યાત્મ છે.

વ્યવહાર અને ઋજુસૂત્ર આ બે નય આધ્યાત્મિક વ્યવહારનયમાં સમાવિષ્ટ છે. એટલે ઉપાધ્યાયજી કહે છે કે બાહ્યપ્રવૃત્તિરૂપ પંચાચારપાલનની સાથે ચિત્ત મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા આ ચાર ભાવનાઓથી વાસિત – ભાવિત – તન્મય બનતું જાય તે જ અધ્યાત્મ છે. વ્યવહારનયનો ઝોક બાહ્યપ્રવૃત્તિ ઉપર વધુ પડતો હોવાથી પંચાચારપાલનને તો તે અનિવાર્ય ગણે છે, પણ આ વ્યવહારનય ઋજુસૂત્રનયના દૃષ્ટિકોણથી ગર્ભિત હોવાના કારણે પંચાચારપાલનકાળે ચિત્તમાં મૈત્રી આદિ ભાવોની સુવાસને આવકારે છે. કારણકે એના વિના પંચાચારનું પાલન શુષ્ક બની જાય છે. ઋજુસૂત્ર નયનો દૃષ્ટિકોણ એવો છે કે ભૂતકાળ સારો હતો કે ખરાબ એ મારે નથી જોવું, પણ સારા ભવિષ્યના નિર્માણ માટે વર્તમાનકાળ કેવો જોઈએ એ વિચારવાનું છે. વર્તમાન સમયે ચિત્ત જો શત્રુભાવ, ગુણદ્વેષ, નિર્દયતા અને પરપંચાતના દોષોથી ખરડાયેલું હશે તો શુદ્ધ અધ્યાત્મનો અનુભવ અશક્ય છે. માટે તેના વિરોધી મૈત્રી આદિ ભાવોથી ચિત્ત સુવાસિત હોય તો જ વર્તમાનમાં અધ્યાત્મ અનુભવસિદ્ધ થાય. વર્તમાનમાં જ અધ્યાત્મને જીવતું-જાગતું અનુભવવા માટે આ ઋજુસૂત્રનયનો વ્યવહારસંકલિત દૃષ્ટિકોણ ખૂબ મહત્ત્વનો છે.

અધ્યાત્મના માર્ગે પ્રગતિ કરવા માટે મનને સર્વ પૂર્વગ્રહોથી મુક્ત રાખીને, મધ્યસ્થ ભાવગર્ભિત જિજ્ઞાસામાં રમતું રાખવાની ખાસ જરૂર છે. શુષ્ક તર્કવાદ પ્રગતિને રૂંધનારો છે તેથી અતીન્દ્રિય તત્ત્વોની જિજ્ઞાસપૂર્તિ માટે એકલા તર્કવાદ પર નિર્ભર ન રહેતાં વીતરાગવચનરૂપી શાસ્ત્રનું અવલમ્બન લેવું અત્યંત જરૂરી બને છે.

શાસ્ત્રના નામે પ્રસિદ્ધ ગ્રન્થોની સંખ્યાનો કોઈ પાર નથી, માટે જેનાતેના વચનને શાસ્ત્ર સમજી લઈને આગળ વધવામાં કાંઈ સાર નથી. જેને જૂઠું બોલવાનું કોઈ જ કારણ શેષ નથી અને જે સર્વ તત્ત્વોના જ્ઞાતા છે એવા વીતરાગસર્વજ્ઞનો ઉપદેશ એ જ ખરું શાસ્ત્ર છે.

આજે તો કેટલાક સંપ્રદાયો પોતપોતાના ગ્રન્થોને સર્વજ્ઞરચિત કહી રહ્યા છે ત્યારે એમાંથી ખરેખર સર્વજ્ઞરચિત શાસ્ત્ર કયું છે એ શોધી કાઢવા માટે ઉપાધ્યાયજી મહારાજે આ પ્રથમ વિભાગમાં વિસ્તારથી ત્રિવિધ શાસ્ત્રપરીક્ષાનું વર્ણન કર્યું છે.

પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજથી માંડીને પરવર્તી અનેક જૈનાચાર્યોએ

પોતપોતાના ગ્રંથોમાં આ કષ, છેદ અને તાપ એમ ત્રિવિધ શાસ્ત્રપરીક્ષાને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. જૈનાચાર્યો પોતે જે શાસ્ત્રના આધારે પ્રવર્તતા હોય છે તે એમ ને એમ જ આંખો મીંચીને બીજાને સ્વીકારી લેવાનો આગ્રહ ન રાખતાં શાસ્ત્રપરીક્ષા પર ભાર મૂકે છે એ તેમની આગવી વિશેષતા છે.

સુવર્ણને પ્રથમ કસોટીના પથ્થરથી કસવામાં આવે છે. પછી સહેજ છેદ પાડીને અંદરના ભાગની પરીક્ષા કરાય છે અને તે પછી છેલ્લી અને આકરી તાપપરીક્ષા એટલેકે અગ્નિપરીક્ષા કરાય છે. એમાં ઉત્તીર્ણ થનાર ધાતુને સાચા સુવર્ણ તરીકે ઓળખવામાં આવે છે.

આ રીતે શાસ્ત્ર પણ નિમ્નોક્ત ત્રણ કસોટીમાંથી ઉત્તીર્ણ થવું જોઈએ. એક વાત અત્રે ધ્યાનમાં લેવાની છે કે 'શાસ્ત્ર' શબ્દની વ્યુત્પત્તિથી ફલિત અર્થ નીકળે છે શાસન અને ત્રાણ. આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે શુદ્ધ કર્તવ્યનું વિધાન કરવું તે શાસન; અને લક્ષ્યવિરોધી કૃત્યોથી બચાવવા માટે તેનો નિષેધ કરવો તે ત્રાણ. તાત્પર્ય, (૧) લક્ષ્ય સાથે સંગત એવા વિધિનિષેધ દર્શાવવા એ શાસ્ત્રનું મુખ્ય પ્રયોજન છે; અને એ કષ નામની પહેલી કસોટી છે. આત્માને સુધારવાને બદલે વધુ વિકૃત કરે એવા વિધિનિષેધ દર્શાવનાર ગ્રન્થ આ પહેલી પરીક્ષામાં જ નાપાસ થઈ જાય છે.

(૨) વિધિનિષેધ દર્શાવ્યા બાદ તેના પાલન માટે અત્યંત ઉપયોગી, પોષક અને નિર્દોષ ક્રિયાઓ પણ શાસ્ત્રે દર્શાવવી જોઈએ. દા. ત. અબ્રહ્મસેવનનો નિષેધ કર્યા પછી સ્ત્રીપરિચયત્યાગ, વિકૃતાહારત્યાગ, સ્ત્રીકથાત્યાગ વગેરે યોગ્ય આચારો જો ન દર્શાવાય તો બ્રહ્મચર્યની સાધના સફળ બને નહીં એ ગળે ઊતરે એવી વાત છે. જે ગ્રન્થમાં આ રીતે નિર્દોષ ક્રિયાઓનું સૂચન જ ન હોય અથવા તો વિપરીત ક્રિયાઓનું સૂચન હોય તે બીજી છેદપરીક્ષામાં નાપાસ થાય છે.

(૩) ત્રીજી તાપપરીક્ષા એ રીતે છે કે શાસ્ત્ર દ્વારા આત્માદિ જે અતીન્દ્રિય પદાર્થોનું નિરૂપણ કરાય તે વિધિનિષેધ, નિર્દોષ ક્રિયા અને મુખ્ય લક્ષ્ય સાથે સંગતિ ધરાવતું હોવું જોઈએ. એ પ્રકારના નિરૂપણ માટે તત્ત્વોનાં (પરસ્પરવિરુદ્ધ દેખાતાં) અનેક પાસાંઓને ધ્યાનમાં લેવાં જરૂરી છે. એનું જ બીજું નામ અનેકાન્તવાદ છે. જો કોઈ એક જ દૃષ્ટિકોણથી તે તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવે તો પાર વિનાની અસંગતિ ઊભી થાય અને એવો ગ્રન્થ તાપપરીક્ષામાં નાપાસ થાય.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ત્રણ પરીક્ષાઓનું વર્ણન ઘણી સૂક્ષ્મતાથી કર્યું છે અને વીતરાગસ્તોત્રના આઠમા પ્રકાશના કેટલાક શ્લોકોના આધારે, સાંખ્ય, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક તથા પ્રભાકર, કુમારિલભટ્ટ કે મુરારિમિશ્ર વગેરે જૈનેતર દાર્શનિકોની માન્યતાઓથી સ્યાદ્વાદનું સુંદર સમર્થન કર્યું છે.

**વિભાગ ૨ : જ્ઞાનયોગશુદ્ધિ**

આ વિભાગની ભૂમિકા કરતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે ત્રિવિધ

પરીક્ષામાં ઉત્તીર્ણ એવા શાસ્ત્રથી ચીંધાયેલી દિશામાં ચાલતાંચાલતાં, શાસ્ત્રદર્શિત અતીન્દ્રિયતત્ત્વોની, ખાસ કરીને આત્મતત્ત્વની વિશેષોપલબ્ધિ માટે જ્ઞાનયોગ સાધતાં રહેવું જોઈએ. આત્મતત્ત્વની વિશેષોપલબ્ધિનું જ બીજું નામ પ્રાતિભજ્ઞાન છે. જોકે આ પ્રાતિભજ્ઞાન શાસ્ત્રીય પરિભાષા મુજબ તો કેવલજ્ઞાનના અરુણોદય-રૂપ હોવાથી બારમા ગુણસ્થાનકની નીચે હોય નહીં, પણ પૂ. ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનબિંદુ વગેરે ગ્રન્થોમાં તરતમભાવવાળા પ્રાતિભજ્ઞાનનું નિરૂપણ કરેલું હોવાથી નિમ્ન, નિમ્નતર કક્ષાનું પ્રાતિભજ્ઞાન ચોથા વગેરે ગુણસ્થાનકોમાં પણ સંભવી શકે છે, જે સાધકો માટે અત્યંત આશ્વાસનરૂપ વાત છે.

આ પ્રાતિભજ્ઞાનનું આ વિભાગમાં અને અન્યત્ર પણ આત્મદર્શન, આત્મજ્ઞાન, ભાવનાજ્ઞાન, સાક્ષાત્કાર અદ્વૈતબ્રહ્માનુભવ, નિર્વિકલ્પસમાધિ, નિરાલમ્બનયોગ વગેરે જુદીજુદી પરિભાષાઓથી નિરૂપણ થયેલું છે. પરિભાષા ભિન્ન હોવા છતાં આ બધાં જ્ઞાનયોગનાં જ વિવિધ સ્વરૂપો છે. આ જ્ઞાનયોગની પ્રાપ્તિ માત્ર શાસ્ત્રાભ્યાસથી નથી થતી પરંતુ આત્મદર્શનની તીવ્ર ઉત્કંઠા અને શાસ્ત્રજ્ઞાનપ્રેરિત અન્તર્મુખતા વડે તે પ્રાપ્ત થાય છે.

લગભગ દરેક યોગની બે અવસ્થા હોય છે : (૧) સિદ્ધ દશા અને (૨) સાધ્યમાન દશા. સિદ્ધજ્ઞાનયોગીને પરખવાનું લક્ષણ એ છે કે બાહ્ય ઇન્દ્રિયવિષયો તેને ઝેર જેવા લાગતા હોઈ સહજ રીતે જ તેમાં તેની પ્રવૃત્તિ હોતી નથી. સાધ્યમાન દશામાં કદાચ આટલી ઉચ્ચ સ્થિતિ ન હોય પણ તે દિશામાં પ્રગતિ તો હોય જ. ઉચ્ચકોટિની સાધ્યમાન દશામાં અથવા સિદ્ધદશામાં કેવું આત્મજ્ઞાન થતું હશે તેની કંઈક ઝાંખી કરાવતા પૂ. ઉપાધ્યાયજી કહે છે કે "બીજી સઘળીય વસ્તુઓથી આત્મામાં એકમાત્ર ચિન્મય-સ્વરૂપકૃત ભિન્નતાની નિરંતર પ્રતીતિ થયા કરે અર્થાત્ આત્મામાં વિશુદ્ધ ચિન્મયતા સિવાય બીજું કાંઈ જ લક્ષિત ન થાય તેવું જ્ઞાન એ શ્રેષ્ઠ આત્મજ્ઞાન છે." (શ્લો.૧૫) "મન, વચન અને બાહ્ય દૃષ્ટિથી જે કાંઈ નજરે ચડે એ બધું પરસ્વરૂપ છે, શુદ્ધ દ્રવ્યનું એ સ્વરૂપ નથી, શુદ્ધ આત્મદ્રવ્ય તો એનાથી તદ્દન પર છે. આગમો અને વેદોમાં રૂપ, રસ, વચન વગેરે ઉપાધિઓની વ્યાવૃત્તિ કરવા દ્વારા જ શુદ્ધાત્માના સ્વરૂપને દર્શાવવામાં આવ્યું છે. એ બધી ઉપાધિઓથી પર એવા અતીન્દ્રિય બ્રહ્મતત્ત્વનું ભાન સેંકડો શાસ્ત્રો કે તર્કોથી નહીં પણ એક માત્ર વિશુદ્ધ અનુભવજ્ઞાનથી જ થઈ શકે છે." (શ્લો.૧૮થી ૨૧) "આ અનુભવદશા સુષુપ્તિ (બેભાન દશા)રૂપ નથી કારણકે મોહથી અલિપ્ત છે. સ્વપ્ન કે જાગ્રત દશારૂપપણું નથી કારણકે એમાં તો કલ્પનાવિકલ્પોના ખેલ ચાલુ હોય છે. માટે આ અનુભવદશા એ બધાથી જુદી જ 'તુર્ય (=ચતુર્થ) દશા'ના નામે ઓળખાય છે." (શ્લો.૨૪) આ અનુભવદશામાં કર્મકૃત સ્ત્રી, પુરુષ, મનુષ્ય આદિ પર્યાયો સાવ ગળાઈ ગયા હોય છે. જેમ રસ્તે જતા લોકો લૂંટાય ત્યારે અલ્પજ્ઞ લોકો 'રસ્તો લૂંટાયો' એવો વ્યવહાર કરતા હોય છે તેમ 'હું ગોરો, શામળો, રૂપાળો...' વગેરે

શબ્દપ્રયોગો દ્વારા અજ્ઞાની લોકો કર્મકૃત વિકૃતિઓનો પોતાનામાં ઉપચાર કરતા હોય છે, પણ અનુભવદશામાં આવું કશું હોતું નથી.

આવા સિદ્ધજ્ઞાની પુરુષોની સ્વાર્થવૃત્તિ તદ્દન નાબૂદ થઈ જાય છે અને તેથી લોક વચ્ચે રહેવા છતાં પણ તેઓ જલકમલવત્ નિર્લેપ રહી શકે છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે અહીં ચેતવણીના સ્વરો ઉચ્ચારતાં કહ્યું છે કે આવી શ્રેષ્ઠ નિર્વિકલ્પ સમાધિદશાની વાતો પરિપક્વ બોધવાળાને જ કરવી જોઈએ, નહીં કે અધૂરા બોધવાળાને. જો અધૂરા બોધવાળાને 'તું અને આખુંય જગત બ્રહ્મમય જ છે' એમ સમજાવાય તો અગમ્યગમન વગેરે મહા અનર્થ મચી જાય. માટે પ્રારંભદશામાં તો વ્રતનિયમોથી અને શુભવિકલ્પોથી ચિત્તશુદ્ધિ કરવાનું જ બતાવવું જોઈએ.

### વિભાગ ૩ : ક્રિયાયોગશુદ્ધિ

ખુદ તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ વાહનમાં બેસીને મુસાફરી નહીં કરતાં પગે ચાલીને જ વિહાર કરે છે, તથા બધી જ મુનિચર્યાઓનું લગભગ પાલન કરે છે. તેનાથી ક્રિયાયોગ કેટલો મહત્ત્વનો છે તે સમજાય છે; પણ જ્ઞાનયોગની વાતો એટલી સોહામણી છે કે એ ભલભલા સાધકોને વિભ્રમમાં નાખી દે છે. 'અધૂરો ઘડો છલકાય' એ કહેવત અનુસાર આજે પણ દેખાય છે કે કેટલાય સાધકો અનુભવજ્ઞાન, નિરાલમ્બનયોગ કે ધ્યાનઅધ્યાત્મના નામે ક્રિયા-યોગને સર્વથા ત્યજી દઈ ત્રિશંકુદશામાં મુકાઈ જાય છે. કેટલાક તો એમ પણ માનતા થઈ જાય છે કે યોગ અને ધ્યાનમાં આપણે તો ચઢી ગયા, એટલે હવે આચરણશુદ્ધિની કોઈ કિંમત નથી. તેવાને ચીમકી આપતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે અદ્વૈતતત્ત્વબોધમાં લીન થયેલાઓ પણ જો સ્વચ્છંદ આચરણ કરે તો પછી અશુચિભક્ષણ કરતા કૂતરાઓ અને એ કહેવાતા તત્ત્વજ્ઞાનીઓમાં શું તફાવત રહ્યો ? ખરેખર જેઓ તત્ત્વજ્ઞાની હોય છે તેમના જીવનમાં ક્યારેય એવી સ્વચ્છંદ પ્રવૃત્તિઓને સ્થાન હોતું નથી – સ્વભાવથી જ તેઓ યથાશક્ય શુભપ્રવૃત્તિઓમાં આદરવાળા હોય છે.

કેટલાક એમ સમજે છે કે 'જો ભાવ હાજર હોય તો પછી ક્રિયા નકામી છે કારણકે ક્રિયાથી પણ આખરે તો ભાવ જ લાવવાનો હોય છે. જો ભાવ ન હોય તો એકલી ક્રિયાનો પણ કાંઈ અર્થ નથી – આમ બંને રીતે ક્રિયા નકામી છે.' આની સામે ઉપાધ્યાયજી કહે છે કે ભાવ વગરની ક્રિયા પણ ભાવને સિદ્ધ કરવા માટે ખૂબ ઉપયોગી છે અને ભાવ હોય તો તેને સ્થિર અને પુષ્ટ બનાવવા માટેય ક્રિયા ઉપયોગી છે. આમ બંને રીતે ક્રિયાનું મહત્ત્વ છે. ક્રિયાયોગના સમર્થન માટે ત્યાં સુધી કહ્યું છે કે ક્રિયા વગરનું જ્ઞાન સાવ નિરર્થક છે – બોજરૂપ છે. રસ્તાના જ્ઞાનમાત્રથી ઇચ્છિત સ્થાને પહોંચાતું નથી પણ ઇચ્છિત સ્થાનની દિશામાં ગતિક્રિયા કરવાથી જ ત્યાં પહોંચાય છે. બળતા દીવામાં પણ જો તૈલપૂરણક્રિયા યોગ્ય સમયે ન થાય તો એ દીવો ધીમેધીમે બુઝાઈ જાય છે. તે રીતે યોગ્ય ક્રિયા વિના ભાવનો દીપ પણ બુઝાઈ

જવાની શક્યતા રહે છે. આ સંદર્ભમાં ઉપાધ્યાયજીએ એક તાત્ત્વિક ચર્ચા પ્રસ્તુત કરી છે.

વેદાન્તી વગેરે કહે છે કે 'અજ્ઞાન અને જ્ઞાન અન્યોન્ય વિરોધી હોવાથી જ્ઞાનથી જ અજ્ઞાનનો નાશ થાય, માટે ક્રિયા નિરર્થક છે.' તેની સામે ક્રિયાવાદી કહે છે કે 'અજ્ઞાન નષ્ટ થયા પછી પણ જ્ઞાનીને સંચિત અદૃષ્ટ(=કર્મ)નો નાશ કરવા માટે ક્રિયાની આવશ્યકતા ઊભી જ રહે છે.' જો વેદાન્તી એમ કહે કે 'જ્ઞાનીને સર્વ કર્મો બળી ગયાં હોવાથી કોઈ અદૃષ્ટ શેષ રહેતું નથી' તો એ યોગ્ય નથી, કારણકે એવું માનીએ તો જ્ઞાન થયા પછી તરત જ જ્ઞાનીનું મોત થવું જોઈએ, અર્થાત્ અદૃષ્ટના અભાવે શરીર પણ છૂટી જવું જોઈએ. કોઈ એમ કહેતું હોય કે 'શરીર તો શિષ્યાદિના અદૃષ્ટથી ટકી રહે છે' તો તો પછી શત્રુઓના અદૃષ્ટથી જ્ઞાનીના શરીરનો નાશ પણ માનવો પડે. ટૂંકમાં, ઉપાધ્યાયજી કહે છે કે આવા ઉચ્છૃંખલ મતની ઉપેક્ષા કરીને એ વાતનો સ્વીકાર કરવો જોઈએ કે જ્ઞાનીને પણ શેષ પ્રારબ્ધ નામનું અદૃષ્ટ ખતમ ન થાય ત્યાં સુધી શરીર ટકી રહે છે અને એ અદૃષ્ટનો નાશ કરવા માટે તેને ક્રિયાનો આધાર લેવો જ પડે છે. માટે જ્ઞાનયોગની જેમ ક્રિયાયોગ પણ ધ્યેયસિદ્ધિ માટે આવશ્યક છે. જે લોકો માત્ર જ્ઞાનનું અભિમાન રાખીને ક્રિયા છોડી દે છે તે જ્ઞાન-ક્રિયા ઉભયથી ભ્રષ્ટ થયેલા નાસ્તિકો છે એમ ઉપાધ્યાયજી મહારાજ સ્પષ્ટ કહે છે.

**વિભાગ ૪ : સામ્યયોગશુદ્ધિ**

આ વિભાગમાં ગ્રન્થકારે સુંદર રૂપક આપ્યું છે – "જ્ઞાન અને ક્રિયા બે ઘોડા સાથે જોડેલા સામ્યરથમાં બેસીને આતમરામ મુક્તિમાર્ગે પ્રયાણ કરે છે. હવે જોડા ન પહેરવા છતાં પણ તેમને ક્ષુદ્ર કાંટા વગેરેનો ઉપદ્રવ નડતો નથી." સમતાયોગમાં ઝીલનારા સાધકની ઉચ્ચ દશાનું આ વિભાગમાં ગ્રન્થકારે ખૂબ જ હૃદયંગમ વર્ણન કર્યું છે જે જૈનેતર વાચકને 'ગીતા'ના સ્થિતપ્રજ્ઞ પુરુષની યાદ અપાવી દે એવું છે.

લોકોત્તર સમભાવમાં આરૂઢ યોગી આત્મસાધનામાં અત્યંત જાગ્રત રહે છે; પારકી પંચાત પ્રત્યે તે બહેરો, આંધળો અને મૂંગો થઈ જાય છે. (ત્રણ વાંદરાનું રમકડું યાદ કરો.) સદા જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે. સાધનાના પંથમાં ગમે તેવાં પ્રબળ કષ્ટો સહેવાં પડે, તે સમભાવે સહી લેવા તૈયાર હોય છે. સમતાસુખના સરોવરમાં ઝીલી રહેલો યોગી ક્યારેય બાહ્ય સુખના કીચડથી પગ બગાડતો નથી.

સૌથી મોટો સવાલ એ છે કે આવો શ્રેષ્ઠ સમભાવ શી રીતે આવે ? ગ્રન્થકારે તેનો ખૂબ સુંદર જવાબ આપ્યો છે : શુદ્ધ આત્મતત્ત્વ વિશે ક્રમશઃ વધુ ને વધુ ઊંડાણમાં થતું ચિંતન જ્યારે કોઈ ધન્ય પળે શુદ્ધ આત્મતત્ત્વની સ્પર્શનારૂપ સંવેદનમાં પરિણમી જાય અને આત્મભિન્ન કશાનું ભાન જ ન રહે ત્યારે એવી ઉચ્ચ દશામાં કોઈ ઘણના ઘા મારે કે પુષ્પોથી પૂજા કરે, બંનેમાં સમભાવ તેવો ને તેવો ટકી રહે છે. આવા ઉચ્ચ સમભાવની સિદ્ધિ માટે સાધકે ક્રોધાદિ કષાયોથી અત્યંત

સાવધ રહેવાની જરૂર હોય છે.

શ્રેષ્ઠ સમભાવના આદર્શ રૂપે ગ્રન્થકારે અહીં દમદન્ત મુનિ, નમિ રાજર્ષિ, ખંધકસૂરિના શિષ્યો, મેતાર્ય મુનિ, ગજસુકુમાળ મુનિ, અગ્નિકાપુત્ર આચાર્ય, દૃઢપ્રહારી વગેરે અનેક સમતાયોગીઓનું સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે.

**પરિશેષ**

આ ગ્રન્થના પ્રારંભમાં મંગલશ્લોકમાં વીતરાગદેવને પ્રણામ સાથે ગ્રન્થકારે વાગ્દેવતાબીજ ઐંકારનું પણ સ્પષ્ટ સ્મરણ કર્યું છે જે તેમના લગભગ દરેક ગ્રન્થમાં ઉપલબ્ધ થાય છે. પૂ. મુનિસુંદરસૂરિ મહારાજે જેમ પોતાની દરેક કૃતિમાં પ્રારંભે 'જયશ્રી' શબ્દમુદ્રાનું અંકન કર્યું છે તેમ આ ગ્રન્થકારે પણ આ ગ્રન્થમાં દરેક વિભાગને અંતે 'યશઃશ્રી' શબ્દમુદ્રાનું અંકન કર્યું છે. આ ગ્રન્થની પ્રાચીન હસ્તપ્રતો હાલ બેચારથી વધુ મળતી નથી.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ગ્રન્થને, 'વીતરાગસ્તોત્ર' 'યોગસારપ્રાભૃત' વગેરે પ્રાચીન અનેક ગ્રન્થોના અક્ષરશઃ લીધેલા શ્લોકોથી શણગાર્યો છે તથા 'જ્ઞાનસાર' નામના ગ્રન્થકારના જ બનાવેલા અષ્ટકગ્રન્થના મગ્નતાષ્ટક, અનુભવાષ્ટક, નિર્લેપતાષ્ટક, ક્રિયાષ્ટક વગેરેના અનેક શ્લોકો આમાં પણ અક્ષરશઃ ઉપલબ્ધ હોવાથી તે-તે શ્લોકોનો ભાવાર્થ સમજવામાં 'જ્ઞાનસાર' ગ્રન્થનો ગ્રન્થકારે પોતે જ બનાવેલો ટબો-ખૂબ જ ઉપયોગી બની રહે તેમ છે. અધ્યાત્મોપનિષદ્ગ્રન્થ ઉપર હમણાં જ પૂ. ભદ્રંકરસૂરિજીએ ટીકા રચી છે.

આ ગ્રન્થમાં પૂ. ઉપાધ્યાયજીએ ચાર વિભાગોમાં ખરેખર અધ્યાત્મપ્રેમીઓ માટે ઉત્તમ સામગ્રી સંચિત કરીને આપી છે.

ગ્રન્થકાર તે સમયના જૈન-જૈનેતર દર્શનશાસ્ત્રોના અને તર્કગ્રન્થોના પ્રખર અભ્યાસી હોવા છતાં આ ગ્રન્થમાં તેઓએ તર્કવિતર્કની પરંપરા લંબાવવાને બદલે સાધકોને ઉપયોગી મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે તે તેમના જીવનની ઉચ્ચ યોગિદશા – સાધકતાની સાખ પુરાવે છે. ખરેખર હવે એમ કહેવાનું મન થાય છે કે 'અધ્યાત્મ-ઉપનિષદ્' સમગ્ર અધ્યાત્મવિશ્વ (spiritual sphere)નું ઝળહળતું રત્ન છે.

☐

इलिका भ्रमरी ध्यानात् भ्रमरीत्वं यथाश्नुते ।
तथा ध्यायन् परमात्मानं, परमात्मत्वमाप्नुयात् ॥

*ઈયળ ભમરીનું ધ્યાન કરતાં કરતાં ભમરી સ્વરૂપ બની જાય છે તેમ પરમાત્માનું ધ્યાન કરતો આત્મા પરમાત્મસ્વરૂપને પામે છે.*

**ઉપાધ્યાય યશોવિજય**
('પરમાત્મપઞ્ચવિંશતિકા')

# 'ADHYĀTMOPANIṢATPRAKARAṆA' – A STUDY

**Y. S. Shastri**

*Adhyātmopaniṣatprakaraṇa* is attributed to Mahāmahopādhyāya Yaśovijaya – an outstanding philosopher saint of jainism. He flourished in the end of 17th Century and beginning of 18th Century A.D. He was the last great author and we can definitely say that with our author, ends the history of Jaina philosophical speculation. Gifted with multisided philosophical genius Yaśovijaya enriched the Jaina Philosophical thought with a number of original contributions. His writings, large in number and most diverse in contents, are standing testimony to the multifaced character of his intellectual personality. He has not given any new doctrine but his originality lies in making clear to us the meaning of the cardinal doctrines of old Jaina writers, often obscurelay worded and often mutually conflicting. Even his independent writings are essentially elaboration of and vindication of the traditional Jaina doctrines but presentation of them is genuinely independent. He was the only Jaina author who has thoroughly mastered the both Digambara and Śvetāmber rich philosophical heritage. He was also extremely well-versed in all the contemporary systems of Indian philosophy and in this respect he can only be compared with Ācārya Vidyānanda of 9th Century A.D. He is mostly known for his erudite scholarship. The mystical side of his saintlihood accompanied with philosophical height is not yet fully explored to the learned world.

He was a great reconciliator of all the systems of Indian philosophy. An attempt which was started by Siddhasena Divākara[1] (Circa 5th A.D.) and Samanta Bhadra[2], to reconcile different philosophical view-points culminated in writings of Yaśovijaya. History of Jaina logical literature tells us that the texts belonging to this category are mostly devoted to the vindication of Anekāntavāda and general evaluation and reconciliation of non-Jainā philosophical viewpoints. In this *Adhyātmopaniṣatprakaraṇa* also, Yaśovijaya tried to uphold the same tradition. But here he does not stop but goes

beyond and speaks like a perfect mystic. This work is product of the mature mind of the author who has tasted the embrosia of spiritual experience. In this matter this work seems to be a later work of our author.

This *Adhyātmopaniṣatprakaraṇa* is written in beautiful melodious Sanskrit in 209 Verses and contains four chapters, viz. Śāstrayogaśuddhi, Jnānayogaśuddhi, Kriyāyogaśuddhi and Sāmya-yogaśuddhi. It is very important work from the point of view of Jaina philosophy and religion.

It seems to be a spontaneous expression of a mystic mind in its attempt to realise the Supreme Soul. The underlying current of this work is Umāsvāti Vācaka's statement viz. Right Faith, Right Knowledge and Right Action (conduct) are the means of liberation.[3] He goes a step further and describes the state of Liberation or *Mokṣa* (State of *Samatā*) which is necessary consequence of following the path of liberation.[4]

The first chapter is devoted to show the importance of Right Faith in the words of Jina; Right Knowledge is glorified in second chapter; importance of action is described in third and the last chapter is dedicated to describe the State of Sameness (*Samatā*), the undivided blissful state, which is the result of Right Faith, Right Knowledge and Right Action. these three gems together constitute one path and are to be simultaneously pursued. If one is absent the path of salvation is incomplete. Right Faith is responsible for placing a person on the right path, Right Knowledge illumines the path and Right Conduct leads to the goal. Thus it is emphatically maintained that all these three aspects must be present in a person, if one is to reach his spiritual goal.[5] It seems that on the basis of same foundation laid by Umāsvāti in fourth century A.D., Yaśovijaya, erected a beautiful palace illumined by his spiritual light. He has developed the same idea of Umāsvāti, but presented it in such an independent way, that it is very difficult to say that he is propagating Umāsvāti's thought. The chapter-wise study will reveal this fact very clearly. Now let us make a chapter-wise survey to understand the mind of Yaśovijaya.

In the beginning of the first chapter, he explains the correct meaning of the word *Adhyātma*. *Adhyātma* has two meanings. *Evembhūta* point of view (which declares that a thing bears a

particular name only while it performs action or *Kriyā* which entitles it to bear that name, not always) it means all kinds of religious or moral activities of the individual *Jiva*, which assists in the spiritual advancement of one's own *Ātman* or Self. Secondly, the *Citta* or the *Antaḥkaraṇa* which is purified by the practice of virtues in one's life, such as friendliness, compassion etc., is entitled to be called as *Adhyātma*, from the point of view of *Vyavahāra* and *Ṛjusūtra*. The first meaning is concerned with spiritual activities (*Kriyā*) and the second is with internal purification (*Bhāva*). But real meaning of *Adhyātma* is to be understood on the basis of *Anekāntavāda* which is free from any kind of contradiction and reconciles different view-points. From *Anekānta* point of view *Adhyātma* means combination of spitirual activities and purification of *Citta*. (i.e. *Kriyā* and *Bhāva*).[6] Then he tells us that, there are many things in the world which are beyond our sense organs and mere reason, which have to be understood with the help of Scriptures (*Āgamas*) utilising reasoning. To achive highest goal the knowledge of *Śāstra* (authority) is essential. The Scripture which is possessed of governing capacity and irreprochable power of protection is called real *Śāstra*, and that *Śāstra* is, only the words of Omniscient and not any other.[7] Because an untruth cannot come out of the mouth of passionless and desireless Jina, therefore, one must have Right Faith in the words of Omniscient. Unfaith in his words is nothing but exhibition of great ignorance. The Right Faith in his words is so powerful that, it brings attainment of all kinds of *siddhis*. In other words, the Highest State can be obtained by having firm faith in the words of *Vitarāga*, which is also called as eternal state, permanent abode, and peaceful state.[8]

The question is, there are many systems (*Śāstras*), then on what basis only the Jina *Śāsana* can be considered as real *Śāstra*. Is it not a narrow mindedness to say that ours is the only right system ? The answer of Yaśovijaya is that the statement i.e. Jina *Śāsana* is the real *Śāstra*, is not made on the basis of secterian approach but based on the examination purity and truthfulness of words of all the different kinds of systems *(Śāstra)*. Just as gold is tested by a touch-stone by rubbing, cutting and heating, similarly genuineness of *Śāstra* is to be determined by *Kaṣa, Cheda* and *Tapa*.[9] Jina *Śāsana* alone can get through this severe method of examination. In

*Kaṣaśuddhi*, we have to see whether prescribed injunctions and prohibitions for one and the same act is non-contradictory or not. If these are non-contradictory then, it is real *Śāstra*. For example, Jainism prescribes injunctions and prohibitions in the case of self-restraint (i.e. *Saṁyama*). In this case injunction is to observe carefulness in walking, speaking, taking food, keeping and receiving things and evacuating bowels etc. and control of psycho-physical activities of mind, speech and body, which are known as *Samitis* and *Guptis* respectively. Prohibition is to avoid injury to all living beings, speaking untruth, stealing, acquisition and so on. Here injunctions and prohibitions are for the perfection of *Saṁayama*, and non-contradictory in nature. Throughout *Jina Śāsana* the same method is followed. In other words, *Jina Śāsana* prescribes means of liberation, and obstacles on the path of liberation are prohibited. But this is not the case with other systems (*Śāstra*) where *Artha* and *Kāma* are dominant factors and *Mokṣa* is secondary. Secondly, in Jainism non-contradictory injunctions, and prohibitions are prescribed to protect particular religious action while in other systems, injunctions are found contradictory. Statements like 'no living beings can be injured and injury done for Sacrifice is not injury' make their nature very clear. Such type of *Śāstra* cannot be purified by *cheda* method. All other *Śāstras* uphold only onesided view and *Anekānta* alone reconciles different view-points giving all sided meaning of Reality. thus, *Jina Śāstra* which upholds *Anekānta* alone is real *Śāstra*.[10] According to it *Ātman* is one from the point of view of substance and many from the point of view of modifications. To judge things from all sides, *Anekānta* is only the alternative.

*Anekāntavāda* is systematic reconciliation of different kinds of *Nayas*. *Naya* is a partial view-point about reality. It cannot give complete picture of a thing.[11] It is right in its own way. But when only one aspect is taken to be real then it becomes fallacious, because reality has many aspects.[12] There is no contradiction involved and no violation of law of contradiction, in applying opposite predicates to the same thing in different capacities because, they are applied to its different aspects such as matter, state, space and time. It is seen that mutually contradictory elements can exist in one and the same thing in different capacity such as, the same man is a father to his son, son to his father, husband to his wife, and so on.[13]

In fact, positive and negative aspects must both belong to everything. If only the positive aspects belong to it there would be nothing to distinguish it from another and all things would become '*Sat*'. If instead, only the negative aspects belong to a thing, it would have no intrinsic value.[14] So, production, destruction and permanence is the nature of Reality and this many-sided characteristic of reality is the basis of *Anekāntavāda*.[15]

*Anekāntavāda* combines all view-points and this is the only way to know the real nature of a thing. By saying *Anekānta* is real method we are not emphasizing *Anekāntavāda* in the form of *Anekānta,* because, in this, on the basis of context and intention of the speakers particular view-point becomes dominant and other view-point becomes subordinate. *Anekānta* is not a single doctrine, it is a combination of many *Nayas* and does not uphold particular view-point. Thus, it cannot be said that, it is also *ekāntavāda*.[16] This is a doctrine of reconciliation and acceptable to almost all the systems of Indian philosophy. It harmonises all the conflicting views and sees unity in diversity.

Yaśovijaya beautifully describes how, no system of Indian philosophy can reject *Anekāntavāda*. Sāṅkhya system cannot reject *Anekāntavāda* because, it upholds the view that mutually contradictory attributes can exist in one and the same thing by stating that *Prakṛti* consists of *Sattva, Rajas* and *Tamas*. *Anekāntvāda* is not unacceptable to *Vijnānavādi* Buddhist because, he claims that *Vijnāna* is one but takes different forms. That means *Vijnāna* is one and many. Again, Naiyāyikas cannot reject *Anekānta* because according to them though conglomeration of several mutually exclusive *rūpas* belong to a single substance (*citrarūpa*), and its knowledge is authentic, it is one and many. In other words, according to Nyāya-Vaiśeṣikas *Citrarūpas* can exist in one and the same substance. Prabhākara Mimāmsakas will not object because they hold that though knowledge is one, still indirect knowledge is different from direct knowledge. Kumārila Bhaṭṭa, who claims that reality is both universal and particular, identity-cum-difference, upholds the *Anekāntavāda*. Even Advaita Vedāntins cannot refute *Anekānta* because for them *Ātman* is bound as well as unbound. From the phenomenal point of view, *Ātman* is bound and *Ātman* is unbound, ever free, from the transcendental point of view. The

*Vedas* upholding the different meanings of *Mantras* would not have any complaint against *Anekāntavāda*. In this way, Yaśovijaya tries to show all pervasiveness of *Anekānta* doctrine.[17] He mentions that Materialists' (*Cārvākas*) approval or disapproval of *Anekānta* is not worth considering because, they are too ignorant about metaphysical problems.[18]

Yaśovijaya points out that, both absolute eternalism and absolute non-eternalism, are untenable because of their one-sidedness. If *Ātman* is exclusively eternal, the experience of happiness and misery will thereby be rendered impossible. Eternal (*nitya*) means unchangable. Unless *Ātman* could pass from one state to another, there cannot be experiences of happiness and misery, one after another. Even injury and non-injury, merit and demerit etc., are not possible, if *Ātman* is taken to be absolutely eternal. Similarly if *Ātman* is absolutely non-eternal (*anitya*), then, merits and demerits, bondage and liberation become meaningless. Absolute non-eternality means an end of the law of retribution which requires personal identity of doer and enjoyer. So, both these views suffer from one-sidedness and the truth is that *Ātman* is neither absolutely real nor absolutely unreal or changing, but real as well as unreal, eternal as well as, non-eternal. *Ātman* is eternal, never changing, from the point of view of substance and it is ever changing, non-eternal from the point of view of modifications. Viewed from the transcendental stand-point it is un-chained but viewed from the phenomenal point of view it is chained. It is one from the stand-point of *ātmatva*, it is many from the point of view of *Saṁsāra*. This is a proper approach to everything which gives correct picture of reality. This approach is called *Anekāntavāda*.[19] The peculiarity of this doctrine is that it treats all the different view-points (*nayas*) impartially like a father.[20] It has no special affection towards any single *Naya*. Ignorant of this fact, many others criticise it as method of doubt and so on.[21] Really speaking, one who is aspirant of liberation must have not only erudite scholarship of this *Jaina Śāstra* but have firm Faith in it.[22]

The Second Chapter deals with importance of knowledge and consequence of its practical aspect. Mere knowledge of *Śāstra* Cannot lead one to the highest goal. The main aim of *Śāstra* is to give clear idea about reality and to show the path to realise it. But on its own it does not bestow the realization of *Ātman*. Realization is a

result of practice of those principles taught by *Śāstra.*[23] It is a matter of personal experiene. This highest goal is achieved by thinking that everything is play of matter like magical figures produced by magician and meditating on qualities of *Ātman*. The *Muni* who has engrossed in knowledge of *Ātman*, tasted the embrosia of knowledge of *Ātman* cannot have attachment towards worldly objects.[24] *Ātman* is self-luminous and realization of *Ātman* is real happiness. To attain this highest happiness is in one's own hand. Running after worldly things means invitation to misery. Thus, realization of self-luminous *Ātman* is a state of supreme happiness which cannot be described in words and cannot be compared with any mundane pleasure, such as embracing a beloved or anointment of body with sandal wood.

In describing the nature of *Ātman*, Yaśovijaya follows the Upaniṣadic path. He even quotes Upaniṣads. *Ātman* is pure consciousness and this characteristic demarcates *Ātman* from other objects. *Ātman* is really indescribable, beyond, thought and words and independent from all kinds of objects. This *Ātman* is pure Brahman and it cannot be known through even thousands of arguments of *Śastra*. It can be realized by direct, pure experience. This non-dual experience of *Brahman* cannot be gained either by scriptures, or mind or intellect. It is indescribable, undivided experience. It is the highest state, *Turiyāvasthā*, which is beyond the states of waking, dreaming and deep sleep. Existence of *Ātman* cannot be logically demonstrated but it is felt within. Realization of *Ātman* is called *Svasamaya* (transcendental state). and attachment towards wordly objects is *parasamaya*[26] (empirical state). *Ātman* is pure consciousness by nature, free from all kinds of blemishes. This so called impurity is superimposed on *Ātman* by karmic matter. When, the conception of duality about *Ātman* (such as pure and impure *Ātman*) vanishes, then there remains non-dual pure *Brahman.*[27] Here our author speaks like Advaitin[28] by stating that Brahman is highest universal in which all divisions born out of different view-points merge, like waves of ocean produced by ghastly wind, which merge in ocean ultimately.[29] This highest universal touches all the six substances on account of substantiality. But from phenomenal point of view, particulars are accepted for practical purpose.[30] Finally, Yaśovijaya, wants to say that nature of

Ātman is 'Existence, Consciousness and Bliss.'[31] It is non-contradicted by any kind of reasoning because it transcends all reasoning. It is a matter of Yogic perception. Just as a small girl cannot understand the pleasure derived from the husband, similarly the bliss which is produced by Yogic method cannot be known by ordinary people.[32]

In this chapter itself Yaśovijaya, tells that, in the beginning, aspirants of liberation must follow self-restraint, celibacy etc. When they become really competent then only the real nature of *Ātman*, and everything is Brahman etc., must be taught. To teach 'everything is Brahman' from the very beginning is dangerous because incompetent cannot understand such higher level thought and it may lead him to self-destruction. Thus, *guru* must be careful in imparting his knowledge.[33]

Third chapter is devoted to explain the importance of action. Yaśovijaya, some times speaks in terms of *Bhagavadgita*. He states that even after realization of self the realized person performs actions, but he is unaffected by those actions. He performs actions for the benefit of others. His actions are ideal for society. He who wants to achieve highest goal must follow the religious and moral duties. Without action, without practice, just knowledge is futile. Without walking, just by standing in one place, no one can reach his destination.[34] So, without conduct, knowledge cannot lead us to reach our destination. Actions are to be performed to develop spiritual qualities and to keep *Saṁyama* steady[35]. Following the code of conduct only one attains state of *sthitaprajna*[36]. Wrong knowledge is destroyed by both Right Knowledge and Right Action. So, both can be simultaneously pursued. There are some hypocrites in the world who claim that knowledge alone is enough to lead us to slef-realization and action is not necessary. Really speaking they are neither Jnāni nor men of action. Equal respect is to be shown to both knowledge and action.[37]

In the fourth chapter Yaśovijaya describes the state attained by the Yogi. An aspirant of *mokṣa*, riding on the chariot of sameness alongwith knowledge and action reaches the transcendental state[38]. It is a state of desirelessness and equanimity. He is unmoved by any kind of worldly attraction. This state itself is like blissful ocean. In this state all kinds of illusion vanishes. Reaching this state one enjoys

only bliss, nothing else[39]. To reach this state of sameness (*Samatva*) one has to give up 'mine'ness (*mamatva*). In this state *Ātman* shines in its pristine purity. In this state of permanent bliss, neither worldly pain nor pleasure exist.[40] It is a real state of liberation. Yaśovijaya, tells that for common people it (*Samatā*) is a means to achieve liberation but for liberated, it is a state of liberation itself.

This work of the author is undoubtedly an out-come of profound knowledge and experience. His originality can be seen in presenting the same old ideal presented by *Umāsvāti* in a different and convincing manner. He tries to reconcile different philosophical view-points on the basis of *Anekāntavāda*. Yaśovijaya's speciality here is, like Upaniṣadic sages, he describes his mystical experience in similar terms. This book of the learned author is a very important contribution to philosophy and deserves more attention of the scholars of comparative religion and philosophy.

**Footnotes :**

1. *Sanmatitarkaprakaraṇa*, Ed. Sukhalal Sanghavi and Pt. Bechardas Doshi. Pub. : Shri Jain Shvetambar Education Board, Bombay, 1939. Introduction.
2. *Āptamimāmsā*, Ed. Gajadharlal Jain, Pub. : Bharatiya Jain Siddhanta Prakashini Sanstha, Benares, 1914.
3. '*Samyagdarśanajnānacāritrāṇi mokṣamargaḥ*' – *Tattvārthasūtra* -I-1. Part-I, Ed. H. R. Kapadia, Pub. : J. S. Javeri, Bombay, 1926.
4. *Adhyātmopaniṣatprakaraṇa* (A.P.) IV. *Adhyātmasāra-Adhyatmopaniṣat-Jñāansāra prakaraṇtrayi*. Pub. : Sanghavi Nagindas Karamcanda, Jamnagar, V. S. 1994.
5. *Praśamaratiprakaraṇa of Umāsvāti* – Verse 230. Edited by Y. S. Shastri, Pub. : L. D. Institute of Indology, A'bad, 1989, p.53.
6. A. P.-I, 2-5.
7. *Śānsanāttrāṇaśakteśca budhaiḥ śastram nirucyate. Vacanam vitarāgasya tacca nānyasya kasyacit* – A.P. I-12.
8. *Enam kecit samāpattim vadantyanye dhruvam padam. Praśāntavāhitāmanye visabhāgakṣayam pare.* – A.P. I-15.
9. *Parikṣante kaṣacchedatāpaiḥ svarṇam yathā janāh. Śastre api varṇikāśuddhim parikṣantam tathā budhāḥ.* – A.P. I-17.
10. A.P. I, 18-32.
11. A.P. I, 33-34.
12. *Samagreṇa dvayālambe apyavirodhe samuccayaḥ. Virodhe durnayavrātāḥ svaśāstreṇasvayam hatāḥ.* A.P. I-37.

13. *Bhinnāpekṣā yathaikatra pitṛputrādikalpanā. Nityānityādyanekānta-stathaiva navirotsyate.* A.P. I-38.
14. A.P. 54-59.
15. *Utpannam dadhibhāvena naṣṭam dugdhatayā payaḥ. Gorasatvāt sthiram jānan syādvādavit janoapikah.* A.P. I-44 and See I-60.
16. *Anekānteapyanekāntādaniṣṭaivamapākṛtā. Nayasukṣmekṣikāprānte viśrānteḥ sulabhatvataḥ.* A.P. I-42.
17. *Icchan pradhānam sattvādyairviruddhairgumphitam guṇaiḥ. Sāṅkhyaḥ saṅkhyāvatām mukhyo nānekāntam pratikṣipet. Vijñānasyaikamākāram nānākārakarambhitam. Icchan tāthāgataḥ prājño nānekāntam pratikṣipet. citramekamanekam ca rūpam prāmāṇikam vadan. Yogo Vaiśeṣika vāpi nānekāntam pratikṣipet. Pratyakṣam mitimātramśe meyāmśetadvilakṣaṇam. Gururjñāanam vadannekam nānekāntam pratikṣipet. Jātivyaktyātmakam vastu vadannanubhavoctiam. Bhaṭṭo vāpi Murārirvā nānekāntam pratikṣipet. Abaddham paramārthena baddham ca vyavāharataḥ. Bruvāṇo brahma Vedānti nānekāntam pratikṣipet. Bruvāṇā bhinnabhinnārthānnayabhedavyapekṣayā. Pratikṣ-peytirno vedāḥ syādvādam sārvatāntrikam.* A.P. I, 45-51.
18. A.P. I, 52.
19. A.P. I, 54-60.'
20. *Yasya sarvatra samatā nayeṣu tanayeṣviva* – A.P. I, 61.
21. A.P. I, 64.
22. A.P. I, 70.
23. A.P. II, 3-5.
24. A.P. II, 6-7.
25. A.P. II, 8-13.
26. A.P., II, 15-26.
27. *Samalam nirmalam cedamiti dvaitam yadāgatam. Advaitam nirmalam brahma tadaikamavaśiṣyate.* A.P., II, 40.
28. *Ekasmin mahāsāmānye antarbhāvaḥ prajñānaghane,* – *Bṛhadāraṇyaka Upaniṣad with Śaṅkarabhāṣya.* II, IV, 9. The Principle Upaniṣads, Motilal Banarasidas, Delhi, 1978. p.762.
29. *Mahāsāmānyarūpesmin majjanti nayajāl bhedāh. Samudra iva kalloāḥ pavanonmāthanirmitāḥ.* A.P., II, 41.
30. A.P. II, 49.
31. *Saccidānadarūptvam brahmaṇo vyavatiṣṭhate.* A.P. II, 43.
32. *Kumāri na yathā vetti sukham dayitabhogajam. Na Jānāti tathā loko yoginām jñānajam sukham.* A.P., II, 47.
33. A.P. II, 48-52.
34. *Gatim vinā pathjño api nāpnoti puramipsitam.* A.P. III, 13.

35. A.P. III, 12.
36. A.P. III, 3.
37. A.P. III, 13 and 37-42.
38. A.P. IV, 1-2.
39. A.P. IV, 5-6.
40. A.P. IV, 8-23.

☐

दूरे स्वर्गसुखं मुक्ति-पदवी सा दवीयसी ।
मनः संनिहितं दृष्टं स्पष्टं तु समतासुखम् ।।

*સ્વર્ગનું સુખ દૂર છે અને મોક્ષપદવી એથીયે દૂર છે પણ સમતાસુખ તો મનની સમીપે જ છે એ અમે સ્પષ્ટ રીતે જોયેલું છે.*

ઉપાધ્યાય યશોવિજય
('અધ્યાત્મસાર')

# 'અધ્યાત્મસાર'માં યોગવિચારણા

નારાયણ કંસારા

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ અનુષ્ટુભ્ છંદોબદ્ધ ૯૪૯ શ્લોકપ્રમાણ 'અધ્યાત્મસાર' પ્રકરણગ્રંથમાં ખૂબ વિસ્તારપૂર્વક અધ્યાત્મદૃષ્ટિએ જૈન ધર્મની વિચારણા કરી છે. આ ગ્રંથને, એક બાજુ સાત પ્રબંધોમાં તો બીજી બાજુ એકવીસ અધિકારોમાં વિભાજવામાં આવ્યો છે. આ અધિકારોમાં નીચેના એકવીસ મુદ્દાઓની ચર્ચા-વિચારણા કરવામાં આવી છે : અધ્યાત્મપ્રશંસા, અધ્યાત્મસ્વરૂપ, દંભત્યાગ, ભવસ્વરૂપ, વૈરાગ્યસંભવ, વૈરાગ્યભેદ, વૈરાગ્યવિષય, મમતાત્યાગ, સમતા, સદ્-અનુષ્ઠાન, મનઃશુદ્ધિ, સમ્યક્ત્વ, મિથ્યાત્વત્યાગ, કદાગ્રહત્યાગ, યોગ, ધ્યાન, ધ્યાનસ્તુતિ, આત્મનિશ્ચય, જૈનમતસ્તુતિ, અનુભવ અને સજ્જનસ્તુતિ. વિષયવલ્લી સમી તૃષ્ણા મનોવનમાં વૃદ્ધિ પામતી હોય છે તેને પરમર્ષિઓ જે અધ્યાત્મશાસ્ત્ર રૂપી દાતરડાથી છેદે છે, તે જૈન સાધકોને સુલભ કરી આપવાનું આ ગ્રંથનું પ્રયોજન છે.

યશોવિજયજી આ વિષયના નિરૂપણમાં આચાર્ય કુન્દ, જોઈન્દુ (યોગીન્દુદેવ), હરિભદ્રસૂરિ, અને આચાર્ય હેમચંદ્રસૂરિ જેવા પુરોગામીઓના પંથે ચાલે છે. છતાં જૈનેતર શાસ્ત્રોમાં પણ પરમ નિપુણ હોવાથી તેમણે એમાંના કેટલાક પ્રશ્નો પણ આ અધ્યાત્મસારમાંની યોગની વિચારણામાં વણી લીધા છે, કારણકે તેમણે કાશીમાં જઈને શાસ્ત્રાભ્યાસ કર્યો હતો.

આચાર્ય ઉમાસ્વાતિએ મન, વાણી અને કાયાથી કરાતાં બધાં કર્મોને 'યોગ' કહ્યો છે; એમ ઇન્દ્રિયોને વિષયો તરફ પ્રેરનારાં, આત્માને શુભાશુભ ફળનું બંધન ઉત્પન્ન કરનારાં, સંસારમાં બાંધનારાં, અષ્ટવિધ કર્મો અભિપ્રેત છે. પરંતુ આચાર્ય હરિભદ્રસૂરિએ 'યોગ'ની વિભાવનામાં પરિવર્તન આણી દીધું. તેમણે 'મોક્ષહેતુ'ને 'યોગ' કહ્યો; પછી અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયને યોગનાં વિવિધ પાસાં ગણ્યાં. એમાં પણ ઉત્તરોત્તર પાસું પૂર્વપૂર્વ પાસા કરતાં ચઢિયાતું ગણાયું. આમ આચાર્ય હરિભદ્રસૂરિના મંતવ્ય અનુસાર મનુષ્યને મોક્ષ તરફ લઈ જતી બધી જ પ્રવૃત્તિનો સમાવેશ 'યોગ'માં થઈ જાય છે. તેમણે મનુષ્યની ઉત્તરોત્તર નૈતિક પ્રગતિને ચાર સોપાનોમાં ઉત્તરોત્તર ચઢિયાતા ક્રમે ગોઠવી છે : ધાર્મિક ભાવનાનો ઉદય, ધાર્મિકતાનો પરિપૂર્ણ વિકાસ, ચારિત્રની શુદ્ધિનો આરંભ અને ચારિત્રશુદ્ધિની પરિપૂર્ણતા. આચાર્ય હેમચન્દ્રસૂરિએ આ વિભાવનાને વધુ સરળ

અને સચોટ બનાવતાં 'યોગ'નો અર્થ જૈન ધર્મનાં સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ ચારિત્ર એ ત્રિરત્નો સાથે એકરૂપ કર્યો; એને સર્વોત્તમ ચતુર્થ પુરુષાર્થ મોક્ષ માટે હેતુભૂત ગણાવ્યો.

મહોપાધ્યાય યશોવિજયજીએ 'યોગ' શબ્દની કોઈ ચોક્કસ વ્યાખ્યા આપવાનું જરૂરી લેખ્યું નથી. પણ તેમણે મોક્ષપ્રાપ્તિ માટે સમ્યક્ત્વ અને અધ્યાત્મ એ બે પાસાંઓ ગણતરીમાં લીધાં છે તે ઉપરથી જણાય છે કે તેમને આચાર્ય હરિભદ્રસૂરિ અને આચાર્ય હેમચન્દ્રસૂરિ એ બંનેની 'યોગ'ની વ્યાખ્યાઓ સંમિલિત સ્વરૂપે અભિપ્રેત હતી. આચાર્ય ઉમાસ્વાતિને મન પુણ્યને લીધે શુભ અને પાપને લીધે અશુભ માનસિક, વાચિક અને દૈહિક કર્મો કરાવનાર આસ્રવ રૂપે જ 'યોગ'ની વિભાવના રહી હતી. આચાર્ય હરિભદ્રસૂરિને મન માનવીના મનમાંની મોક્ષ તરફ લઈ જતી શુભવૃત્તિઓ રૂપે 'યોગ'ની વિભાવના રહી, તેથી જ તેમણે 'યોગબિન્દુ'માં આત્મભાવના, સમ્યક્સંકલ્પ, ધ્યાન, સમતા, અને વૃત્તિનાશને યોગના વિવિધ પ્રકારો તરીકે ગણાવ્યા. પરંતુ 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં ચારિત્ર્યશુદ્ધિની પરાકાષ્ઠામાં પતંજલિ, ભગવદ્દત્ત અને ભદંત ભાસ્કર જેવા જૈનેતર વિચારકોની પરંપરામાંના વિચારોને આત્મસાત કરીને યોગના પ્રકારો તરીકે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની ગણના કરી. આચાર્ય હેમચંદ્રસૂરિએ સમાજજીવનના ગૃહસ્થ અને સાધુ એ બે વિભાગોને લક્ષમાં રાખીને 'યોગ'ની વિભાવનાને સાંખ્ય અને યોગની પ્રાચીન દાર્શનિક પ્રણાલિના પ્રવાહમાં ખેંચી આણી. મહોપાધ્યાય યશોવિજયજીએ હેમચંદ્રાચાર્યની વિચારણાનો તંતુ સાંધી રાખીને, જૈનધર્મનાં ત્રિરત્નોને પાયામાં રાખી, યોગના બે પ્રકારો ગણાવ્યા : કર્મયોગ અને જ્ઞાનયોગ. કર્મયોગ એટલે પ્રવૃત્તિમાર્ગ અને જ્ઞાનયોગ એટલે નિવૃત્તિમાર્ગ.

મહોપાધ્યાય યશોવિજયજીએ કર્મયોગને પ્રવૃત્તિમાર્ગ તરીકે નિરૂપીને તેમાં આવસ્સયસુત્ત, પક્ખિયખમણગ, સમયસુત્ત અને બીજા જૈન આગમગ્રંથોમાં ઉપદેશેલા ધાર્મિક આચારનો સમાવેશ થતો હોવાનું દર્શાવ્યું છે. આવસ્સયસુત્તમાં જૈન ધર્મીઓએ અવશ્ય આચરવાયોગ્ય છ ધાર્મિક બાબતો દર્શાવી છે : પાપમાંથી બચાવનાર અને સમતાની પ્રાપ્તિ કરવામાં હેતુરૂપ સામાયિક વ્રતો, ચોવીસ તીર્થંકરોનાં સ્તવનો, બાર વાર પરિક્રમા કરવાનું દ્વાદશાવર્તક વંદનક, વિવિધ વ્રતોના ભંગનું પ્રાયશ્ચિત કરવા માટે પ્રતિક્રમણ – પડિકમણ, શરીર પ્રત્યેની આસક્તિ છોડી દઈ તેને ધ્યાન માટે એક જ સ્થિતિમાં રાખનાર કાયોત્સર્ગ અને સાંસારિક પ્રવૃત્તિને ક્રમેક્રમે સંકેલી લેવા માટે પ્રત્યાખ્યાન – પચ્ચખાણ. આ વિભાવનાનું સમર્થન કરવા યશોવિજયજી કહે છે કે કર્મયોગ વડે જીવ ઉચિત શારીરિક પ્રવૃત્તિ દ્વારા પુણ્ય(કર્મ)પ્રાપ્તિ કરી યોગયુક્ત બને છે. અહીં એમણે ઉમાસ્વાતિના આસ્રવને વણી લઈને 'કર્મયોગ' એટલે 'શુભ આસ્રવ' એવું સમીકરણ

વિકસાવ્યું છે, અને હરિભદ્રસૂરિ પૂર્વેની યોગને લગતી વિભાવનાને આ રીતે પોતાની વિભાવનામાં વણી લીધી છે.

તીર્થંકરોના ઉપદેશમાં અનુરાગી બનીને શ્રદ્ધા ધારણ કરી જે આવસ્સયસુત્ત વગેરે જૈન આગમોમાં નિરૂપેલ કર્મયોગનું આચરણ કરે છે તેમને, મહોપાધ્યાય યશોવિજયજીના મંતવ્ય મુજબ, વિવિધ સ્વર્ગોમાં સુખોની પ્રાપ્તિ થાય છે, પરંતુ આ કર્મયોગ તેમને સીધી રીતે મોક્ષપ્રાપ્તિ કરાવી શકતો નથી. અહીં યશોવિજયજી શાંકરઅદ્વૈત મતની વિચારસરણીને આત્મસાત્ કરતા જોવા મળે છે. અને સાથેસાથે ઉમાસ્વાતિની વિભાવનાને વણી લેતાં યશોવિજયજી માને છે કે આ કર્મયોગ શુભ આસ્રવ સ્વરૂપનો હોય ત્યારે પણ સ્વર્ગસુખની પ્રાપ્તિ કરાવવા ઉપરાંત ભવચક્રમાંથી મુક્તિ અપાવી શકતો નથી તેથી બંધમાંથી મુક્તિ રૂપ યોગના માર્ગમાં વિઘ્નરૂપ તો રહે છે જ :

आवश्यकादिरागेण वात्सल्याद् भगवद्‌गिराम् ।
प्राप्नोति स्वर्गसौख्यानि न याति परमं पदम् ॥ (અ.સા.૧૫.૪)

મહોપાધ્યાયજીના મતે જ્ઞાનયોગ એટલે આત્માના આનંદપૂર્વક કરેલું શુદ્ધ તપ; આ માર્ગ દ્વારા જ વિષયો પ્રત્યેની આસક્તિની ઉપર ઊઠી શકાય અને વીતરાગ બનીને મોક્ષપ્રાપ્તિ કરી શકાય. આમ અહીં જ્ઞાનની સર્વોપરિતા અને સંન્યાસની અનિવાર્યતાના શાંકરસિદ્ધાન્તને આત્મસાત્ કરીને, યશોવિજયજી આચાર્ય ઉમાસ્વાતિનાં ત્રિરત્ન એ જ મોક્ષમાર્ગ એ દૃષ્ટિબિન્દુનું અને આચાર્ય હરિભદ્રસૂરિ તથા આચાર્ય હેમચન્દ્રસૂરિની વિચારસરણીનું સમર્થન કરતા જણાય છે.

ભગવદ્‌ગીતામાંના યજ્ઞચક્રના સિદ્ધાન્તને પોતાના અભીષ્ટ દર્શનમાં પોતાની રીતે સમાવી લેતાં મહોપાધ્યાયજી કહે છે કે આત્મજ્ઞાનીને કર્મો બંધનરૂપ બનતાં નથી :

न परं प्रतिबन्धोऽस्मिन्नल्पोऽप्येकात्मवेदनात् ।
शुभं कर्मापि नैवात्र व्याक्षेपायोपजायते ॥ (અ. સા.૧૫.૬)

છતાં, આત્મજ્ઞાનીને કર્મો કરવાં અનિવાર્ય નથી, આવશ્યક નથી :

न ह्यप्रमत्तसाधूनां क्रियाप्यावश्यकादिका ।
नियता ध्यानशुद्धत्वाद् यदन्यैरप्यदः स्मृतम् ॥ (અ.સા.૧૫.૭)

આત્મજ્ઞાની વીતરાગને ધ્યાનસ્થૈર્ય પ્રાપ્ત થયું હોવાથી તેને કર્મો પ્રત્યે રાગ કે દ્વેષ રહેતો નથી :

अवकाशो निरुद्धोऽस्मिन्नरत्यानन्दयोरपि ।
ध्यानावष्टम्भतः क्वास्तु तत्क्रियाणां विकल्पनम् ॥ (અ.સા.૧૫.૧૦)

આત્મજ્ઞાનીએ ગોચરી વગેરે દૈનિક કર્મોમાં પ્રવૃત્ત થવું કે ન થવું એ મુદ્દા અંગે ચર્ચા કરતાં મહોપાધ્યાયજી કહે છે કે આ કર્મો ધ્યાનમાં અંતરાયરૂપ થતાં નથી તેથી

શરીરધારણ પૂરતાં એ કર્મો કરવામાં હરકત નથી :

देहनिर्वाहमात्रार्था यापि भिक्षाटनादिका ।
क्रिया सा ज्ञानिनोऽसंगान्नैव ध्यानविघातिनी ॥ (અ.સા.૧૫.૧૧)

આ ક્રિયાઓ બહારથી એકસરખી લાગવા છતાં સામાન્ય સાધુ અને આત્મજ્ઞાની સાધુનું આ બાબતમાં આંતરિક રીતે ભિન્ન વલણ હોય છે; આત્મજ્ઞાનીએ એમાંથી મનને પાછું વાળી લીધું હોય છે :

ध्यानार्था हि क्रिया सेयं प्रत्याहृत्य निजं मनः ।
प्रारब्धा जन्मसंकल्पादात्मज्ञानाय कल्पते ॥ (અ.સા.૧૫.૧૩)

પરંતુ જેનું આત્મજ્ઞાન સ્થિર થયું ન હોય તેવા જ્ઞાનયોગના સાધકે તો સંસારમાંથી મનને વાળી લેવા માટે સર્વે ધાર્મિક કર્મો કરતા કરાવતા જ રહેવું એવું કહીને મહોપાધ્યાયજી ભાગવદ્ગીતાની નિષ્કામ કર્મયોગની વિચારસરણીને પોતાની વિચારણામાં સમાવી લે છે :

अत एवादृढस्वान्तः कुर्याच्छात्रादिना क्रिया ।
सकलां विषयप्रत्याहरणाय महामतिः ॥ (અ.સા.૧૫.૧૭)

આના અનુસંધાનમાં યશોવિજયજી એવી ભલામણ કરે છે કે પિશાચ અને ગૃહવધૂને લગતી વાર્તાઓ સાધકને સંયમને માર્ગે પળવાની પ્રેરણા આપશે. જ્ઞાનયોગમાં અંતરાયરૂપ ન થાય તેવી રીતે કર્મયોગ આચરવામાં કશો વાંધો નથી. શુભ કર્મોથી સાધકનું મન શુદ્ધ થાય છે અને જ્ઞાન પરિપક્વ થતાં આ કર્મયોગ તેને સમતા પ્રાપ્ત કરવામાં સહાયભૂત નીવડે છે. અહીં યશોવિજયજી ભગવદ્ગીતાની વિચારસરણી આત્મસાત્ કરતાં કહે છે કે –

कर्मणोऽपि विशुद्धस्य श्रद्धामेधादियोगतः ।
अक्षतं मुक्तिहेतुत्वं ज्ञानयोगानतिक्रमात् ॥ (અ.સા.૧૫.૨૦)
अभ्यासे सत्क्रियापेक्षा योगिनां चित्तशुद्धये ।
ज्ञानपाके शमस्यैव यत्परैरप्ययः स्मृतम् ॥ (અ.સા.૧૫.૨૧)

એ જ વિચારપ્રવાહમાં આગળ વધીને યશોવિજયજી કહે છે કે –

ज्ञानिनां कर्मयोगेन चित्तशुद्धिमुपेयुषाम् ।
निरवद्यप्रवृत्तीनां ज्ञानयोगौचिती त्वतः ॥ (અ.સા.૧૫.૨૫)

અર્થાત્ કર્મયોગ દ્વારા ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરી ચૂકેલા જ્ઞાનીઓ માટે શુદ્ધ કર્મયોગની પ્રવૃત્તિ જ્ઞાનયોગ પ્રાપ્ત કરવામાં સહાયરૂપ નીવડે છે. યશોવિજયજી આના સમર્થનમાં તીર્થંકરોના આચાર-ઉપદેશનું ઔચિત્ય દર્શાવતાં કહે છે કે –

अत एव हि सुश्रद्धाचरणस्पर्शनोत्तरम् ।
दुष्पाल श्रमणाचारग्रहणं विहितं जिनैः ॥ (અ.સા.૧૫.૨૬)

અર્થાત્ આ કારણે જ તીર્થંકર ભગવાનોએ ઉપદેશ કર્યો છે કે સમ્યક્શ્રદ્ધા

અને સમ્યક્આચારમાં સ્થિર થયા બાદ સાધકે પાળવામાં કઠણ શ્રમણાચાર ગ્રહણ કરવો.

અજ્ઞાની જીવો સાંસારિક કર્મો કરે તેથી તેમનાં મન શુદ્ધ થતાં નથી, તેથી એમનાં આચરણ તો મ્લેચ્છોનાં કર્મ જેવાં જ ગણાય. (અ.સા. ૧૫.૨૮) કર્મયોગમાં પણ ફળની ઇચ્છાનો ત્યાગ ન કરવામાં આવે તો શુભફળની – પુણ્યની – પ્રાપ્તિ થતી નથી. આત્મજ્ઞાનના પગલે જ કર્મસંન્યાસ આવે છે; એ વગરનો સંન્યાસ ખતરાઓથી ભરેલો છે :

न च तत् कर्मयोगेऽपि फलं संकल्पवर्जनात् ।
संन्यासो ब्रह्मबोधाद् वा सावद्यत्वात् स्वरूपतः ॥ (અ.સા.૧૫.૨૯)

તેથી ત્યાજ્ય કર્મોનું આચરણ ન થાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ; છતાં પૂર્વજન્મની વાસનાના યોગે એવાં કર્મો થઈ જાય તો તેમાં સંકલ્પ – કર્તૃત્વ-ભાવ – છોડી દેવો જોઈએ, જેથી એ કર્મો બંધનરૂપ ન નીવડે :

सावद्यकर्म नो तस्मादादेयं बुद्धिविप्लवात् ।
कर्मोदयागते तस्मिन्न संकल्पाद् अबन्धनम् ॥ (અ.સા.૧૫.૩૧)

જ્ઞાની કર્મો કરે છતાં તેનો મુક્તિભાવ હટતો નથી, કેમકે કર્મોમાં સંકલ્પ જ બંધનરૂપ હોય છે. અહીં યશોવિજયજી ભગવદ્ગીતાની વિચારકણિકા (ભ.ગી. ૪.૧૮)ને આત્મસાત્ કરી રહ્યા છે. વળી 'एतेन अकर्मणि कर्मदर्शनं प्रत्युक्ताम् એવી શાંકરમતની વિચારસરણીને આત્મસાત્ કરતાં યશોવિજયજી ઉમેરે છે કે સાધક સામે આવા પ્રસંગે કર્મમાં અકર્મ, અકર્મમાં કર્મ, કર્મમાં કર્મ, અકર્મમાં અકર્મ એવા ચાર વિકલ્પો ઉપસ્થિત થાય છે, ત્યારે તેણે અકર્મમાં કર્મનો બીજો વિકલ્પ કદી ન સ્વીકારવો :

पापाकरणमात्राद्धि न मौनं विचिकित्सया ।
अनन्यपरमात्मा स्याज्ज्ञानयोगी भवेन्मुनिः ॥ (અ.સા.૧૫.૩૬)

અર્થાત્ પાપ નથી કરતા એટલી કાળજી રાખવા માત્રથી જ મુનિ થવાતું નથી. સૂક્ષ્મ વિચારણાપૂર્વક આત્માથી પર એવું બીજું કશું જ નથી એવું જ્ઞાન પ્રાપ્ત કરનાર મુનિ જ જ્ઞાનયોગી થઈ શકે છે. વિષયો પ્રત્યે રાગ કે દ્વેષ ન ધરાવનાર સાચો મુનિ બને છે. તેમાં સમાન રૂપને ઓળખીને જ્ઞાનયોગી વિષયોથી લેપાતો નથી (અ.સા. ૧૫.૩૭). તે વિષયો ઉપસ્થિત થતાં તેમને તેમના સાચા સ્વરૂપે ઓળખે છે અને આત્મતુષ્ટ તથા જ્ઞાનતૃપ્ત હોઈ તેને ધર્મમય કે બ્રહ્મમય કહેવામાં આવે છે. (અ.સા. ૧૫.૩૭-૩૮). એને ચિદાનંદની મસ્તી લાધી હોવાથી આવા આત્મજ્ઞાનીનાં પાપો જ્ઞાનાગ્નિથી બળીને ખાખ થઈ ગયાં હોય છે, અને ભગવઈસુત્તમાં જણાવ્યું છે તેમ તેમનામાં પર્યાયક્રમે વૃદ્ધિ પામેલી તેજોલેશ્યા (ચિત્તપ્રસન્નતા) અભિવૃદ્ધ થઈ ગઈ હોય છે. મહોપાધ્યાયજીની જીવન્મુક્તની વિભાવના અનુસાર એવી વ્યક્તિ સાચો

જ્ઞાની, સાચો પંડિત, સ્થિરબ્રહ્મરૂપ સમદર્શી હોય છે. (અ.સા.૧૫.૪૨); ગીતાના જીવનમુક્ત સાથે તે તુલનીય છે.

યશોવિજયજી કહે છે કે મહાવીરે પ્રબોધ્યા મુજબ આચારાંગસુત્તના લોકસાર અધ્યયનમાંનો જ્ઞાનયોગ એ સર્વોત્તમ અધ્યાત્મમાર્ગ છે –

श्रेष्ठो हि ज्ञानयोगोऽयमध्यात्मन्येव यज्ञगौ ।
बन्धप्रमोक्षं भगवान् लोकसारे सुनिश्चितम् ॥ (અ.સા.૧૫.૫૬)

યશોવિજયજીના મતે 'ઉપયોગ'ની જૈન વિભાવનાનો સાર આ જ્ઞાનયોગમાં સમાયો છે, કારણકે એના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ – એ જ્ઞાન-પ્રકારો દ્વારા તે અજ્ઞાનને દૂર કરે છે. આ જ્ઞાનયોગની સર્વોત્તમતાના સમર્થનમાં યશોવિજયજીએ ભગવદ્‌ગીતાનો तपस्विभ्योऽधिको योगी એ શ્લોક (ભ.ગી. ૬.૪૬) ટાંક્યો છે.

જ્ઞાનયોગમાં પરમ આત્માની ભક્તિ દ્વારા સ્વાત્મા સાથે એકાત્મતા સાધીને શુદ્ધ આત્માની સર્વોચ્ચ અવસ્થાએ પહોંચવાની પણ જરૂર યશોવિજયજીએ પ્રબોધી છે :

समापत्तिरिह व्यक्तमात्मनः परमात्मनि ।
अभेदोपासनारूपस्ततः श्रेष्ठतरो ह्ययम् ॥ (અ.સા.૧૫.૫૯)

આ માટે યશોવિજયજીએ ભગવાનની અર્થાત્ તીર્થંકર ભગવાનની, ઉપાસનાની શ્રેષ્ઠ ઉપાસના તરીકે ભલામણ કરી છે, કેમકે એનાથી મોટામાં મોટાં પાપો પણ નાશ પામે છે :

उपासना भागवती सर्वेभ्योऽपि गरीयसी ।
महापापक्षयकरी तथा चोक्तं परैरपि ॥ (અ.સા.૧૫.૬૦)

અને એના સમર્થનમાં તેમણે ભગવદ્‌ગીતાનો योगीनामपि सर्वेषां मद्‌गतेनान्त-रात्मना। श्रद्धावान् भजते यां मां स मे युक्ततरो मतः ॥ (ભ.ગી.૬.૪૭) એ શ્લોક ટાંક્યો છે.

મહોપાધ્યાયજીના મતે જે લોકો આ યોગની આંટીઘૂંટીઓ ન જાણતા હોય તેમને પણ એના લાભો પ્રાપ્ત થાય છે, જો તે પોતાના હઠાગ્રહ કે અભિમાનનો ત્યાગ કરીને તીર્થંકર ભગવાનને ભજે તો. તીર્થંકર એ જ વિશ્વમાં પરમાત્મા છે અને બધા જ્ઞાનીઓ તેમના શરણે જઈને એ જ પદને પામે છે. (અ.સા.૧૫.૬૩). કેટલાંક દર્શનોનાં અનુયાયીઓને તીર્થંકરોની આ વિશેષતાનું જ્ઞાન નથી તેથી જ તેઓ તેમને શરણે આવતા નથી. પણ તેથી તેઓ સર્વજ્ઞના અંગભૂત મટી જતા નથી. તેઓ થોડાક દૂર છે કે જરા નજીક છે એટલામાત્રથી જ તેઓ તીર્થંકરોના સેવકો મટી જતા નથી. પરંતુ સર્વજ્ઞ અર્હતોની ઉપાસના બધા જ લોકો કરે તે જ ઉચિત છે. અર્હતોની

સર્વોચ્ચતાના સમર્થન માટે મહોપાધ્યાયજીએ કહ્યું છે કે મોક્ષ અને અજ્ઞાન અંગે અન્ય દર્શનીઓએ અપનાવેલાં વલણો વાસ્તવમાં વિવિધ નામે જૈનમતનાં વિવિધ પાસાંઓનો સ્વીકાર જ છે :

मुक्तो बुद्धोऽर्हंश्चापि यदैश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात् संज्ञाभेदोऽत्र केवलम् ॥ (અ.સા.૧૫.૬૯)

પરમાત્મા નિત્યશુદ્ધ હોવાનું માનવાનું યશોવિજયજી આવશ્યક લેખતા નથી; એ એમને સ્વીકાર્ય પણ નથી. એમાં વિશેષનું અપરિજ્ઞાન, યુક્તિઓની જાતિવાદિતા, પ્રાયોવિરોધ, અને ભાવનાનુસાર ફલભેદ કારણભૂત છે (અ.સા. ૧૫.૭૧). સંસારગતિનું મુખ્ય કારણ તો અવિદ્યા, ક્લેશ આદિ છે; જુદાંજુદાં દર્શનોએ જુદાંજુદાં નામે આ સ્વીકાર્યું છે જ. છતાં યોગ માટેની કેવળ જિજ્ઞાસા પણ લાભદાયક નીવડે છે, કેમકે એને લીધે એને શબ્દબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

યશોવિજયજીની વિભાવનામાં પ્રથમ સોપાન છે કર્મયોગ અને તે પછી બીજું સોપાન છે જ્ઞાનયોગ. કર્મયોગથી ચિત્તશુદ્ધિ થયા પછી જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય છે. અહીં શંકરદર્શનની વિચારસરણી યશોવિજયજી અપનાવતા હોય તેવું લાગે છે, કેમકે ગીતાનું અવતરણ (ગી.૪.૧૦) તેમણે ટાંક્યું છે.

યશોવિજયજીએ જ્ઞાનયોગીનું નિરૂપણ કરતી વખતે આર્ત અને રૌદ્ર ધ્યાનને પરહરીને એ ધર્મ અને શુક્લ ધ્યાનમાં રત થાય છે અને અંતે નાસાગ્રે દૃષ્ટિ સ્થિર કરીને, વ્રતો પાળીને, સ્થિર આસનબદ્ધ બનીને, હસતે મુખે, અહીંતહીં જોયા વિના, મસ્તક, ડોક, કેડ, શરીર ટટાર રાખીને, જડબાં અલગ રાખીને, હોઠ બીડીને બેસે છે એવું કહીને ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયમાંના ધ્યાનયોગી કે આત્મસંયમયોગીના જેવું ચિત્ર ઉપસાવ્યું છે. (અ.સા.૧૫.૮૦-૮૨)

યોગાધિકારના અંતે તેમણે એવી એક સરણી બાંધી આપી છે કે સાચા જૈન સાધકે પ્રથમ કર્મયોગની સાધના કરવી. પછી જ્ઞાનયોગમાં ચિત્ત પરોવવું. તે પછી ધ્યાનયોગમાં રત થવાથી છેવટે મુક્તિયોગ પ્રાપ્ત થાય છે :

कर्मयोगं समभ्यस्य ज्ञानयोगसमाहितः ।
ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ॥ (અ.સા.૧૫.૮૩)

વળી ધ્યાનયોગના પણ તેમણે ધર્મધ્યાન અને શુક્લધ્યાન એવા બે પ્રકાર પાડ્યા છે.

ઉપરની ચર્ચા ઉપરથી જાણવા મળે છે કે મહોપાધ્યાય યશોવિજયજીએ યોગની પોતાની વિભાવનામાં શંકરાચાર્યના અર્થઘટનને અનુસરીને ભગવદ્ગીતામાં છણેલા કેટલાક મુદ્દા જે એ જમાનામાં ખૂબ ચર્ચાના ચકરાવે ચઢેલા તેમને આત્મસાત કરી લીધા છે. કર્મ અને સંન્યાસના ક્ષેત્રની મર્યાદાઓ, ગોશાલની

વિચારસરણી, સાંખ્ય અને યોગદર્શનના વિચારો, ઉપનિષદોમાંના કેટલાક મુદ્દાઓ અને ભગવદ્ગીતામાં થયેલી ચર્ચા આ બધાનો સાર પોતાની વિભાવનામાં વણી લઈને આચાર્ય હરિભદ્રસૂરિની યોગને લગતી વિભાવનામાં તેને ઘટાવીને, કદાચ યોગી આનંદઘનની અસરને લીધે આ અભિનવ સમન્વયની ઉદ્ભાવના તેમણે કરી જણાય છે. જૈન યોગના ક્ષેત્રે આ તેમનું આગવું પ્રદાન છે.

☐

ब्रह्मस्थो ब्रह्मज्ञो ब्रह्म प्राप्नोति तत्र किं चित्रम् ।
ब्रह्मविदां वचसाऽपि ब्रह्मविलासा ननु भवामः ॥

*બ્રહ્મ(ચૈતન્ય) ભાવમાં જે રહે ને જે બ્રહ્મને જાણે તે બ્રહ્મને પ્રાપ્ત કરે એમાં શું આશ્ચર્ય ? ખરે, બ્રહ્મજ્ઞાનીના વચનથી પણ અમે બ્રહ્મના આનંદને – ચિદાનંદને અનુભવીએ છીએ.*

ઉપાધ્યાય યશોવિજય
('અધ્યાત્મસાર')

## 'જ્ઞાનસાર'નાં અષ્ટકો : વાટના દીવડા

માલતીબહેન શાહ

'જ્ઞાનસાર' એ ઉપાધ્યાયજી મહારાજની એક આધ્યાત્મિક કૃતિ છે. વિ.સં. ૧૭૧૧માં સિદ્ધપુરના ચોમાસા દરમ્યાન દિવાળીના દિવસે પૂર્ણ થયેલ આ કૃતિ, યોગી શ્રી આનંદઘનજી સાથેના તેમના મિલાપ પછીની કૃતિ હોવાથી તેનું સ્થાન તેમના જીવનના ઉત્તરાર્ધમાં રચાયેલ પ્રૌઢ કૃતિઓમાં છે.

આઠઆઠ શ્લોકો અર્થાત્ અષ્ટકના સ્વરૂપમાં રચાયેલ આ કૃતિનાં ૩૨ અષ્ટકોમાં જ્ઞાન એટલે માત્ર માહિતી નહીં પરંતુ ઉચ્ચ તત્ત્વની સાક્ષાત્ પ્રતીતિ સ્વરૂપ પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિનાં અર્થાત્ ચારિત્ર અને પરમ મુક્તની પ્રાપ્તિનાં ક્રમિક સોપાનોનું નિરૂપણ થયેલું છે. સામાન્ય માણસ સાધક બનીને પૂર્ણ જ્ઞાનીના ઉચ્ચ સ્વરૂપને પહોંચવા માટે આ ક્રમિક સોપાનોમાં રજૂ થયેલ ગુણો પોતાનામાં આવે તે માટે પ્રયત્ન કરે તો એ દૃષ્ટિએ આ કૃતિ જીવનમાં ઉત્તરોત્તર ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા મથતા સાધકને માટે એક માર્ગદર્શિકા સમાન છે. તેનાં એક પછી એક ક્રમિક સોપાનો સાધકના જીવનમાં અજવાળું પાથરનાર દીવાબત્તી સમાન છે. જેમ રસ્તા ઉપર રહેલ બત્તીના થાંભલાઓ રસ્તાના જે-તે ભાગને અજવાળું આપે છે તેમ અહીં ૩૨ અષ્ટકોમાં વર્ણવાયેલ વિષયો સાધકના જીવનના વિવિધ તબક્કાઓ દરમ્યાન પ્રકાશ પાથરતા દીવા સમાન છે.

મૂળ સંસ્કૃતમાં રચાયેલ આ કૃતિનો સ્વોપજ્ઞ બાલબોલ (બાલાવબોધ કે ટબો) પણ ઉપાધ્યાયજી મહારાજે પોતે જ ગુજરાતી ભાષામાં રચ્યો છે. આ કૃતિ માત્ર વિદ્વાનો સુધી મર્યાદિત ન રહેતાં સામાન્ય લોકો સુધી પહોંચે તેવી ઉપાધ્યાયજી મહારાજની ઉચ્ચ ભાવના આ બાલબોધની રચના દ્વારા સમજી શકાય તેમ છે.

આ કૃતિની મહત્તાને અનેક વિદ્વાનોએ વિવિધ દૃષ્ટિકોણથી વર્ણવી છે. કેટલાય સમર્થ વિદ્વાનોએ તેને 'જૈન ધર્મની ગીતા'નું ઉપનામ આપ્યું છે તે એક જ વિશેષણ તેની મહત્તાને સમજવા માટે પૂરતું થઈ રહેશે. જેમ હિન્દુ ધર્મમાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું એક વિશિષ્ટ અચલ સ્થાન છે તેમ જૈન ધર્મમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજની કૃતિ 'જ્ઞાનસાર'નું સ્થાન અચલ છે. બંને કૃતિઓ સાધકના જીવનની માર્ગદર્શિકા સમાન છે તે એક સામ્ય જ બંનેની ઉપયોગિતાને સમજવા માટે પૂરતું છે.

'જ્ઞાનસાર' કૃતિની રચના શા માટે થઈ તેનો ટૂંકો જવાબ ઉપાધ્યાયજી મહારાજ કૃતિના અંતે આ ગ્રંથની પ્રશસ્તિમાં આ શબ્દોમાં આપે છે –

"જ્ઞાનસાર એ પૂર્ણ આનંદઘન આત્માના ચારિત્રરૂપી લક્ષ્મીની સાથે પાણિ-ગ્રહણના મહોત્સવરૂપ છે. એમાં ભાવનારૂપી પવિત્ર ગોમયથી ભૂમિ લીંપાયેલી છે. ચારે તરફ સમતારૂપ પાણીનો છંટકાવ છે. રસ્તામાં ઠેરઠેર વિવેકરૂપી પુષ્પની માલાઓ લટકાવી છે અને આગળ અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલો કામકુંભ મૂક્યો છે. પૂર્ણ આનંદથી ભરપૂર આત્માએ આ ગ્રંથમાં કહેલા ૩૨ અધિકારોથી પોતાના અંતરંગ શત્રુઓને જીતીને અપ્રમાદરૂપ નગરમાં પ્રવેશ કરતાં પોતાનું મંગલ કર્યું છે."

તેના બાલબોધની રચનાનો હેતુ જણાવતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ બાલબોધની પ્રશસ્તિમાં કહે છે કે, સૂરજીના પુત્ર શાંતિદાસના હૃદયમાં આનંદ આપવાના હેતુથી બાલબોધની રચના થઈ છે અને બાલબોધ રચવામાં પોતાને તો રમત જેવું જ થયું છે.

પૂ. ઉપાધ્યાયજી મહારાજની આ પ્રૌઢ કૃતિમાં રજૂ થયેલ વિષયને જાણતાં પહેલાં એટલું જાણવું જરૂરી થશે કે આ કૃતિ માત્ર શુષ્ક ચિંતન રૂપ બનવાને બદલે કવિત્વમય બની છે. ચિંતનની સાથેસાથે ડગલે ને પગલે આપણને કવિહૃદયના ચમકારા પણ આ કૃતિમાં જોવા મળે છે. બહુ ઓછી કૃતિઓમાં જોવા મળતો કવિતા અને ચિંતનનો વિરલ સુમેળ આ કૃતિમાં જોવા મળે છે. જ્ઞાનનો સાર અહીંયાં શુષ્ક ચિંતન રૂપે નહીં પરંતુ કવિ-સુલભ કલ્પનાઓ, વિચારો, કાવ્યાલંકારો, લૌકિક દૃષ્ટાંતો યોજીને રસિક સંગીતમય સ્વરૂપે રજૂ થયો છે.

કમળપુષ્પની ૩૨ પાંખડીઓની જેમ આ કૃતિનાં ૩૨ અષ્ટકોમાં અનુષ્ટુપ-બંધી સંસ્કૃત આઠ શ્લોકો છે. તે પછી ઉપસંહારના ૧૨, આ ગ્રંથની પ્રશસ્તિના પાંચ અને સ્વોપજ્ઞ બાલબોધના ત્રણ શ્લોકો મળી કુલ ૨૭૬ શ્લોકો છે. આ ગ્રંથ નિશ્ચય અને વ્યવહાર, જ્ઞાન અને ક્રિયાની સંધિરૂપ છે. પહેલા અષ્ટકમાં પૂર્ણ જ્ઞાની પુરુષનું સ્વરૂપવર્ણન કરી બાકીનાં અષ્ટકોમાં પૂર્ણાત્મારૂપ નિશ્ચયદૃષ્ટિને સાધ્ય તરીકે રાખીને તેનાં સાધનોનું વર્ણન કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્માને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે જે-જે સાધનો કે ગુણો પારમાર્થિક દૃષ્ટિએ જરૂરી છે તે-તે સાધનો કે ગુણો અહીં રજૂ કર્યાં છે. આ કૃતિનાં ૩૨ અષ્ટકોનાં નામોનો ઉલ્લેખ આ જ કૃતિના ઉપસંહારના શ્લોક ૧થી ૪માં મુનિના ગુણો રૂપે વર્ણવીને નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે.

૧. પૂર્ણ (અષ્ટક), ૨. મગ્ન, ૩. સ્થિરતા, ૪. મોહત્યાગ, ૫. જ્ઞાન, ૬. શમ, ૭. ઈંદ્રિયજય, ૮. ત્યાગ, ૯. ક્રિયા, ૧૦. તૃપ્તિ, ૧૧. નિર્લેપ, ૧૨. નિઃસ્પૃહ, ૧૩. મૌન, ૧૪. વિદ્યા, ૧૫. વિવેક, ૧૬. મધ્યસ્થ, ૧૭. નિર્ભય, ૧૮. અનાત્મપ્રશંસા, ૧૯. તત્ત્વદૃષ્ટિ, ૨૦. સર્વસમૃદ્ધિ, ૨૧. કર્મવિપાકચિંતન, ૨૨. ભવોદ્વેગ, ૨૩. લોકસંજ્ઞાત્યાગ, ૨૪. શાસ્ત્રદૃષ્ટિ, ૨૫. પરિગ્રહ, ૨૬. અનુભવ, ૨૭. યોગ, ૨૮.

નિયાગ, ૨૯. પૂજા, ૩૦. ધ્યાન, ૩૧. તપ અને ૩૨. સર્વનયાશ્રય.

હવે આ બત્રીસ અષ્ટકોમાં રજૂ થયેલ વિષયનો પરિચય મેળવીએ.

પ્રથમ પૂર્ણ અષ્ટકમાં પૂર્ણજ્ઞાની પુરુષના સ્વરૂપનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે પૂર્ણ જ્ઞાની પુરુષની જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પૂર્ણતા સ્વયંપ્રકાશમાન રત્નની કાંતિ સમાન છે, વિકલ્પરહિત હોવાથી આ પૂર્ણતા સ્થિર સમુદ્ર જેવી પ્રશાંત છે અને આ પૂર્ણતાને કારણે આત્મસુખ અનુભવતા પુરુષને – મુનિને ઈંદ્રના સુખ કરતાં પણ અનંતગણા સુખનો અનુભવ થાય છે.

પૂર્ણ જ્ઞાની પુરુષના આ સ્વરૂપને સાધ્ય તરીકે પહેલા જ અષ્ટકમાં રજૂ કરીને ઉપાધ્યાયજી મહારાજે આ કૃતિનું અને સાથેસાથે માનવજીવનનું ધ્યેય તો સ્પષ્ટ રીતે રજૂ કરી દીધું. પણ હવે જીવનની આ ઉચ્ચ સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થાય તે માટે સાધનરૂપ ગુણોનું વર્ણન આ પૂર્ણતાની પ્રાપ્તિના પ્રયાસો રૂપે ક્રમિક સોપાનોમાં કર્યું છે. આ વર્ણન સમાજના સામાન્ય માણસને લક્ષમાં રાખીને કરવામાં આવ્યું છે એટલે તે લૌકિક દૃષ્ટાંતો અને લૌકિક સરખામણીઓથી ભરપૂર છે અને બીજી બાજુ પૂર્ણતાની પ્રાપ્તિનો આદર્શ નજર સમક્ષ છે એટલે સાદા શબ્દોમાં ઉચ્ચ વિચારણા પણ તેની સાથેસાથે જ રજૂ થઈ છે. આ કૃતિના કેટલાક નમૂનારૂપ શ્લોકોને જોતાંજોતાં ઉપાધ્યાયજી મહારાજના ચિંતનને સમજવાનો પ્રયત્ન કરીએ.

વ્યક્તિ અંતર્મુખી બનીને બાહ્ય વિષયોને બદલે આત્માના આંતરિક સ્વરૂપના ચિંતનમાં મગ્ન બને તો જ તેની પૂર્ણત્વ પ્રતિ ગતિ થાય તે વાત 'મગ્ન અષ્ટક'માં કરીને તે માટે જરૂરી સ્થિરતા કેમ પ્રાપ્ત કરવી તે વાત 'સ્થિરતા અષ્ટક'માં કરે છે. લૌકિક દૃષ્ટાંતથી તેઓ સ્થિરતાનું મહત્ત્વ આ રીતે સમજાવે છે –

"અસ્થિરતારૂપ ખાટા પદાર્થથી લોભના વિકાર રૂપ કૂચા થવાથી જ્ઞાનરૂપ દૂધ બગડી જાય છે એમ જાણીને સ્થિર થા." (અ.૩, શ્લો.૩)

સ્થિરતા પ્રાપ્ત કરવી હોય તો મનની અસ્થિરતાના કારણરૂપ મોહનો ત્યાગ કરવો જરૂરી છે એમ 'મોહત્યાગાષ્ટક'માં જણાવીને આવો મોહરહિત આત્મા જ્ઞાન અર્થાત્ આત્મસ્વરૂપમાં લીન બને છે તે 'જ્ઞાન અષ્ટક'માં જણાવ્યું છે. તેમના ઉદ્ગારો છે –

ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे । (અ.૫, શ્લો.૧)

જ્ઞાની પુરુષ પોતાની અંતર્મુખ પ્રવૃત્તિઓમાં નિમગ્ન બનીને ધ્યાન, તપ, શીલ, સમ્યક્ત્વ વગેરે ગુણો પ્રાપ્ત કરે પણ જો શમ = સમભાવ = સમતા ન કેળવે તો તે એકડા વગરનાં મીંડાં જેવું છે. જીવનમાં શમ આવતાં વિકારો કેવી રીતે નાશ પામે છે તે અંગે દૃષ્ટાંત આપતાં ઉપાધ્યાયજી મહારાજ 'શમ અષ્ટક'માં જણાવે છે –

"ધ્યાનરૂપ વૃષ્ટિથી દયા રૂપ નદીનું શમરૂપ પૂર વધે છે ત્યારે વિકારરૂપ કાંઠાનાં વૃક્ષોનું મૂળથી ઉન્મૂલન થઈ જાય છે." (અ.૬, શ્લો.૪)

હજી વધુ એક દૃષ્ટાંત જોઈએ –

"જેમાં જ્ઞાનરૂપ હાથીઓ ગર્જના કરી રહ્યા છે અને ધ્યાનરૂપ અશ્વો ખેલી રહ્યા છે એવી, મુનિરૂપ રાજાની શમરૂપ સામ્રાજ્યની સંપત્તિ સર્વોત્કૃષ્ટ છે." (અ.૬, શ્લો.૮)

આવા શમ રૂપ સામ્રાજ્યને મેળવવાની ઉત્કૃષ્ટ વાત તો કરી, પણ સામાન્ય માણસ ત્યાં સુધી કેમ પહોંચી શકે ? ત્યાં આવે છે 'ઇંદ્રિયજય-અષ્ટક', ઈંદ્રિયોમાં મૂઢ થયેલ જીવ સારાસાર વિવેકના અભાવે જ્ઞાનામૃતને છોડીને ઝાંઝવાના નીર તરફ દોડે છે. તેથી ઇંદ્રિયો પર વિજય મેળવીને, ત્યાગની ભાવના કેળવીને સત્ પ્રવૃત્તિ-ઓમાં ક્રિયાશીલ બનવું જરૂરી છે. લૌકિક માતા, પિતા, બંધુ, પત્ની આદિનો ત્યાગ કરીને આત્મરતિરૂપ માતા, શુદ્ધ આત્મજ્ઞાનરૂપ પિતા, શીલ, સત્ય, શમ, દમ, સંતોષ વગેરે બંધુઓ અને સમતારૂપ પત્નીની સાથે સંબંધ બાંધવાનું 'ત્યાગ અષ્ટક'માં ઉપાધ્યાયજી જણાવે છે.

આ બધી બાબતનું જ્ઞાન તો મેળવ્યું, પણ ક્રિયા વગર તે શૂન્ય છે. 'ક્રિયા અષ્ટક'નાં નીચેના સરળ દૃષ્ટાંતો આ વાત સહેલાઈથી સમજાવે તેવાં છે : ૧. માર્ગનો જાણકાર માણસ પણ ચાલવાની ક્રિયા વિના ઇચ્છિત શહેરમાં પહોંચતો નથી. ૨. દીપક સ્વયં સ્વપ્રકાશરૂપ હોવા છતાં તેમાં તેલ પૂરવા આદિ ક્રિયાની અપેક્ષા છે. ૩. વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરનાર મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ઇચ્છે છે.

માણસ યોગ્ય જ્ઞાન મેળવીને તેને અનુરૂપ ક્રિયા કરે તો તેને જે તૃપ્તિ પ્રાપ્ત થાય છે તે વાત 'તૃપ્તિઅષ્ટક'માં આ રીતે કરવામાં આવી છે –

"જ્ઞાનરૂપ અમૃત પીને, ક્રિયારૂપ કલ્પવેલડીનાં ફળ ખાઈને અને સમતારૂપ તાંબૂલનો આસ્વાદ કરીને મુનિ ઉત્કૃષ્ટ તૃપ્તિ પામે છે." (અ.૧૦, શ્લો.૧)

"કોઈની તુલનામાં ન આવે તેવા શાંતરસના આસ્વાદથી અનુભવગમ્ય જેવી તૃપ્તિ થાય છે તેવી તૃપ્તિ જિહ્વા ઇંદ્રિયથી ષડ્‌રસના ભોજનથી પણ થતી નથી." (અ.૧૦, શ્લો.૩)

"પુદ્‌ગલથી અતૃપ્તને વિષયવિલાસ રૂપ વિષના (ખરાબ) ઓડકાર આવે છે. જ્ઞાનથી તૃપ્ત ને ધ્યાનરૂપ અમૃતના (મીઠા) ઓડકારની પરંપરા ચાલે છે." (અ.૧૦, શ્લો.૭)

આ રીતે તૃપ્ત થયેલ જ્ઞાની પુરુષ જગતમાં નિર્લેપભાવે રહે છે તે વાત 'નિર્લેપ-અષ્ટક'માં કરીને આવો પૂર્ણ પુરુષ નિઃસ્પૃહ હોય છે તે વાત 'નિઃસ્પૃહ-અષ્ટક'માં કરે છે. નિઃસ્પૃહી મુનિનું વર્ણન કરતાં તેઓ જણાવે છે કે –

"પૃથ્વી એ જ શય્યા, ભિક્ષાથી મળેલો આહાર, જૂનું વસ્ત્ર અને વન એ જ ઘર હોવા છતાં નિઃસ્પૃહીને ચક્રવર્તીથી પણ અધિક સુખ છે ! આ એક આશ્ચર્ય છે." (અ.૧૨, શ્લો.૭)

'મૌન-અષ્ટક'ના પહેલા શ્લોકની બીજી લીટી મૌન ધારણ કરનાર મુનિના મુખ્ય લક્ષણને આ રીતે રજૂ કરે છે –

सम्यक्त्वमेव तन्मौनं मौनं सम्यक्त्वमेव वा ॥ (અ.૧૩, શ્લો.૧)

મૌન કોને કહેવાય તે અંગે તેઓ જણાવે છે કે –

"નહીં બોલવા રૂપ મૌન તો એકેંદ્રિયોમાં પણ સુલભ છે. પુદ્ગલોમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ રોકવી એ ઉત્કૃષ્ટ મૌન છે." (અ. ૧૩, શ્લો.૭)

પૂર્ણ જ્ઞાની પુરુષના બે મહત્ત્વના ગુણો વિદ્યા અને વિવેકને હવે પછીનાં બે અષ્ટકોમાં ઉપાધ્યાયજી મહારાજ વર્ણવે છે. આત્મામાં જ નિત્યપણાની, પવિત્ર-પણાની અને આત્મપણાની બુદ્ધિ એ વિદ્યા છે એ પતંજલિના મતને નોંધીને તેઓ વિદ્વાન કેવો હોય તે અંગે 'વિદ્યા-અષ્ટક'માં જણાવે છે –

"વિદ્વાન લક્ષ્મીને સમુદ્રના તરંગોની જેમ ચપળ, આયુષ્યને વાયુની જેમ અસ્થિર અને શરીરને વાદળની જેમ વિનાશશીલ ચિંતવે." (અ.૧૪, શ્લો.૩)

આ જ રીતે વિવેકને પણ પૂર્ણ જ્ઞાની પુરુષનું લક્ષણ જણાવીને 'વિવેક અષ્ટક'-ના અંતે તેઓ જણાવે છે કે –

"સંતોષરૂપ ધારથી ઉત્કટ અને વિવેકરૂપ સરાણથી અતિશય તીક્ષ્ણ કરેલું મુનિનું સંયમરૂપ શસ્ત્ર કર્મરૂપ શત્રુનું છેદન કરવા સમર્થ છે." (અ.૧૫, શ્લો.૮)

વિવેક દ્વારા જીવ-અજીવનું ભેદજ્ઞાન થવાથી અને આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખવાથી વ્યક્તિના રાગ-દ્વેષ દૂર થતાં, માધ્યસ્થ્યભાવ કેળવાય છે તે વાત 'મધ્યસ્થ-અષ્ટક'માં જણાવીને તેઓ મુનિના નિર્ભયતાના ગુણને 'નિર્ભય-અષ્ટક'માં રજૂ કરતાં જણાવે છે –

"જો મનરૂપ વનમાં મોરલી જેવી જ્ઞાનદૃષ્ટિ ફરતી હોય તો આનંદરૂપ ચંદનવૃક્ષમાં ભયરૂપ સર્પો ન વીંટાય." (અ.૧૭, શ્લો.૫)

પૂર્ણ પુરુષને આત્મપ્રશંસાની જરૂર શી ? આ વાત સાવ સાદી પણ અસરકારક દલીલથી તેઓ 'અનાત્મપ્રશંસા-અષ્ટક'માં આ રીતે રજૂ કરે છે –

"મહાનુભાવ ! જો તું કેવળજ્ઞાન આદિ ગુણોથી પૂર્ણ નથી તો જાત-પ્રશંસા નકામી છે. જો તું ગુણોથી પૂર્ણ છે તો પણ જાત-પ્રશંસાની જરૂર નથી." (અ.૧૮, શ્લો.૧)

વળી તેઓ એક દૃષ્ટાંત આપીને આ જ ભાવને દૃઢ કરે છે –

"સ્વોત્કર્ષરૂપ પાણીના પ્રવાહથી કલ્યાણરૂપ વૃક્ષનાં મૂળિયાં જેવાં સુકૃતોને પ્રગટ કરતો તું ફળ નહીં પામે. જે વૃક્ષનાં મૂળિયાં પ્રગટ થઈ જાય તે વૃક્ષમાં ફળ ન આવે." (અ.૧૮, શ્લો.૨)

જ્ઞાની પુરુષ અંતર્મુખ હોવાથી તેની બાહ્યદૃષ્ટિ નહીં પણ તત્ત્વદૃષ્ટિ – આંતરદૃષ્ટિ વિકસેલી હોય છે તે વાત 'તત્ત્વદૃષ્ટિ-અષ્ટક'માં રજૂ થઈ છે. અને આવા

તત્ત્વદૃષ્ટિવાન પુરુષની આંતરિક ગુણસૃષ્ટિની સમૃદ્ધિ આ જગતની સમૃદ્ધિ કરતાં ઘણી વધારે છે તેમ 'સર્વસમૃદ્ધિ-અષ્ટક'માં દર્શાવ્યું છે.

જે સાચી તત્ત્વદૃષ્ટિથી સંપન્ન છે તે માનવી કર્મની વિષમ ગતિને જાણીને પોતાના જીવનમાં આવતાં સુખ-દુઃખ વગેરેથી લેપાતો નથી. કર્મનો વિપાક થયા વિના બીજાં બધાં કારણો હાજર હોય તોપણ કાર્ય થતું નથી એ 'કર્મવિપાક ચિંતન-અષ્ટક'માં સ્પષ્ટ કર્યું છે.

સંસારરૂપ સાગરમાં કેવા ઝંઝાવાતો આવે છે તે વર્ણવીને જ્ઞાની પુરુષ આવા સંસાર-નાટકથી પેદા થતા ઉદ્વેગોથી મુક્ત રહે છે તે માટે 'ભવોદ્વેગ-અષ્ટક' રજૂ કર્યું છે. અને આ જ્ઞાની પુરુષ હિંમતવાન હોવાથી લોકો તેની પ્રશંસા કરે કે નિંદા કરે તેની પરવા કરતો નથી તે વાત 'લોકસંજ્ઞા-અષ્ટક'માં વર્ણવી છે. લોકસંજ્ઞાથી મુક્ત રહેવું તે ધારીએ તેટલી સરળ વાત નથી.

ગમે તેવો સમર્થ પુરુષ જ્યારે ન જોયેલા પ્રદેશમાં જાય ત્યારે તેને થોડાક પ્રકાશની જરૂર પડે. શાસ્ત્રરૂપી દીવાઓ જ્ઞાની પુરુષને મોક્ષમાર્ગ વગેરે અજાણ્યા વિષયમાં પ્રકાશ આપે છે. આ અર્થમાં મુનિને શાસ્ત્ર એ ચક્ષુ છે તે વાત 'શાસ્ત્રદૃષ્ટિ-અષ્ટક'માં સમજાવી છે. શાસ્ત્રોનું સ્થાન સ્પષ્ટ કરતાં તેઓ જણાવે છે –

"મહર્ષિઓ શાસ્ત્રને અજ્ઞાનરૂપ સર્પનું ઝેર ઉતારવા મહામંત્ર સમાન, સ્વચ્છંદતારૂપ જ્વરને દૂર કરવા લાંઘણ સમાન, ધર્મરૂપ બગીચાને વિકસાવવા અમૃતની નીક સમાન કહે છે." (અ.૨૪, શ્લો.૭)

ગમે તેટલું શાસ્ત્રજ્ઞાન હોય પણ લૌકિક વસ્તુના મોહને કારણે વ્યક્તિમાં પરિગ્રહવૃત્તિ જન્મે તો આ બધાં જ્ઞાન પર પાણી ફરી વળે. 'પરિગ્રહ-અષ્ટક'માં ખૂબ જ સરળ છતાં અસરકારક રીતે આ વાત આ રીતે રજૂ થઈ છે –

"જો ચિત્ત આભ્યંતર પરિગ્રહથી ખીચોખીચ ભરેલું હોય તો બાહ્ય પરિગ્રહનો ત્યાગ નિરર્થક જ છે. માત્ર ઉપરની કાંચળીના ત્યાગથી સર્પ વિષરહિત બની જતો નથી." (અ.૨૫, શ્લો.૪)

"જેમ પાળ નીકળી જતાં સરોવરમાંથી ક્ષણવારમાં સઘળું પાણી ચાલ્યું જાય છે, તેમ પરિગ્રહનો ત્યાગ થતાં સાધુનાં સઘળાં પાપો ચાલ્યાં જાય છે." (અ.૨૫, શ્લો.૫)

"જેમની બુદ્ધિ મૂર્છાથી આચ્છાદિત બની ગઈ છે તેમને સંપૂર્ણ જગત જ પરિગ્રહ છે અને મૂર્છાથી રહિત યોગીઓને તો સંપૂર્ણ જગત જ અપરિગ્રહ છે." (અ.૨૫, શ્લો.૮)

અપરિગ્રહી જ્ઞાની પુરુષનું જ્ઞાન ગમે તેટલું વિશાળ હોય પણ તેના જીવનમાં તત્ત્વનો સાક્ષાત્ અનુભવ ન હોય તો તેનું જીવન મિથ્યા છે તે સમજવા સમગ્ર 'અનુભવ-અષ્ટક' જોઈએ –

"જેમ સંધ્યા દિવસ અને રાતથી જુદી છે, તેમ પંડિતોએ અનુભવને કેવલજ્ઞાન

અને શ્રુતજ્ઞાનથી જુદો, કેવલજ્ઞાનરૂપ સૂર્યના અરુણોદય સમાન જોયો છે. (૧)

"સર્વ શાસ્ત્રોનો ઉપાયપ્રદર્શનરૂપ વ્યાપાર દિશાસૂચન માટે જ છે, અર્થાત્ શાસ્ત્ર મોક્ષના ઉપાયો બતાવીને માત્ર દિશાસૂચન કરે છે. સંસારસમુદ્રનો પાર તો એક અનુભવ જ પમાડે છે. (૨)

"ઇન્દ્રિયોથી ન જાણી શકાતો અને સઘળી ઉપાધિથી રહિત શુદ્ધ આત્મા વિશુદ્ધ અનુભવ વિના સેંકડો શાસ્ત્રયુક્તિઓથી પણ જાણી શકાય નહીં. આથી જ પંડિતોએ કહ્યું છે કે –

"જો અતીંદ્રિય પદાર્થો શાસ્ત્રોક્ત યુક્તિઓથી હથેલીમાં રહેલા આમળાની પેઠે જાણી શકાતા હોત તો પંડિત પુરુષોએ આટલા કાળ સુધીમાં ક્યારનોય, તે પદાર્થોમાં અમુક પદાર્થો અમુક સ્વરૂપે જ છે એમ અસંદિગ્ધ નિર્ણય કરી નાખ્યો હોત." (૩–૪)

"કોની કલ્પનારૂપ કડછી શાસ્ત્રરૂપી ક્ષીરાન્નમાં પ્રવેશ કરનારી નથી ? અર્થાત્ શાસ્ત્ર દ્વારા આત્માની વિચારણા બધા પંડિતો કરે છે પણ અનુભવરૂપ જિહ્વાથી તેના રસાસ્વાદનો અનુભવ કરનારા તો વિરલા જ હોય છે. (૫)

"ક્લેશરહિત આત્માને ક્લેશરહિત પ્રત્યક્ષ સાક્ષાત્કાર (અનુભવ) થયા વિના લિપીમયી (પુસ્તકોનું વાચન કરનારી), વાઙ્મયી (આત્મા સંબંધી ચર્ચા – વાદ-વિવાદ કરનારી) કે મનોમયી (આત્મા સંબંધી ચિંતન-મનન કરનારી) દૃષ્ટિ કેવી રીતે જુએ ? (૬)

"અનુભવ મોહરહિત હોવાથી તે ગાઢ નિદ્રારૂપ સુષુપ્તિદશા નથી અને તેમાં કલ્પનારૂપ કારીગરીનો (વિકલ્પોનો) વિરામ (અભાવ) હોવાથી તે સ્વપ્ન કે જાગ્રત દશા પણ નથી, પરંતુ તે ચોથી ઉજ્જાગર દશા છે." (૭)

"મુનિ શાસ્ત્રરૂપ દૃષ્ટિથી સંપૂર્ણ શબ્દબ્રહ્મને (શ્રુતને) જાણીને અનુભવજ્ઞાનથી સ્વપ્રકાશરૂપ વિશુદ્ધ આત્માને જાણે છે." (૮)

સાધક વ્યક્તિને પોતાના જીવનમાં આ અનુભવને પ્રાપ્ત કરવા માટે શું-શું જરૂરી છે તે સમજવા અનુક્રમે 'યોગ-અષ્ટક', 'નિયાગ-અષ્ટક', 'પૂજા-અષ્ટક', 'ધ્યાન-અષ્ટક' અને 'તપ-અષ્ટક'ની વિચારણા મદદરૂપ થાય છે.

'मोक्षेण योजनाद् योगः' અર્થાત્ 'આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ' એવી યોગની વ્યાખ્યા 'યોગઅષ્ટક'માં આપીને સ્થાનયોગ અને વર્ણયોગ એ બે કર્મયોગ અને અર્થયોગ, આલંબનયોગ, એકાગ્રતાયોગ એમ ત્રણ જ્ઞાનયોગ અને તે પાંચેયના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર પ્રકારે ભેદ ગણીને ૨૦ ભેદ તથા તે વીસેય ભેદના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એ ચાર પ્રકારે ભેદ ગણીને યોગના કુલ ૮૦ ભેદ ગણાવ્યા છે. યોગ એ શાસ્ત્રોક્ત ક્રિયા છે અને તે અનુષ્ઠાન જન્માવે છે.

કર્મને બાળવારૂપ ભાવયાગ – ભાવયજ્ઞથી મુનિ નિયાગને પામે છે તે વાત

નિયાગ-અષ્ટક'માં કરે છે.

ઉચ્ચ યોગદશા માટે ભાવપૂજા જરૂરી છે. દ્રવ્યપૂજાનાં દ્રવ્યોને અનુરૂપ ગુણો દર્શાવીને ભાવપૂજાને સરસ રીતે સમજાવી છે. દા.ત. 'ભાવપૂજા-અષ્ટક'માં ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે –

"મહાનુભાવ ! દયારૂપ જળથી સ્નાન કરીને, સંતોષરૂપ શુભ વસ્ત્રો પહેરીને, વિવેકરૂપ તિલક કરીને અને ભાવનાથી પવિત્ર આશયવાળો બનીને ભક્તિ-શ્રદ્ધારૂપ કેશરમિશ્રિત ચંદનરસથી નવપ્રકારના બ્રહ્મચર્યરૂપ નવ અંગે શુદ્ધ આત્મારૂપ દેવની પૂજા કર." (અ.૨૯, શ્લો.૧–૨)

આવી સરખામણીઓ આખા અષ્ટકમાં આપી છે.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતાને પામીને આત્મસ્વરૂપમાં એકચિત્ત બનવાની વાત 'ધ્યાન-અષ્ટક'માં કરી છે.

"ધ્યાતા સમ્યગ્દૃષ્ટિ આત્મા છે. ધ્યેય સિદ્ધ-અરિહંત ભગવાન છે અને સજાતીય જ્ઞાનની ધારારૂપ ધ્યાન છે. આ ત્રણેની એકતા સમાપત્તિ છે." (અ.૩૦, શ્લો.૨)

ધ્યાનથી આત્મા જ્ઞાનાનંદમાં લીન બને છે.

પૂર્ણ જ્ઞાની દશા પામવા માટે તપ પણ જરૂરી છે. 'कर्मणां तापनात् तपः' અર્થાત્ 'કર્મને તપાવે – બાળે તે તપ' આવી વ્યાખ્યા સાથે 'તપ-અષ્ટક'ની શરૂઆત કરીને બાહ્ય અને આભ્યંતર તપમાંથી જ્ઞાનરૂપ આભ્યંતર તપને મહત્ત્વ આપ્યું છે. શુદ્ધ તપ કોને કહેવાય તે માટે ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે,

"જેમાં બ્રહ્મચર્યની વૃદ્ધિ થાય, જિનેશ્વરની પૂજા થાય, કષાયોની હાનિ થાય અને અનુબંધસહિત વીતરાગની આજ્ઞા પ્રવર્તે તે તપ શુદ્ધ કહ્યું છે." (અ.૩૧, શ્લો.૬)

હવે આ કૃતિના છેલ્લા 'સર્વનયાષ્ટક'માં તેઓ જણાવે છે કે પૂર્ણ જ્ઞાની – મુનિ સર્વ નયોને માનનારા હોય છે. મુનિ માધ્યસ્થ્યભાવ ત્યારે જ અનુભવે જ્યારે તે બધા નયનો સ્વીકાર કરે. દરેક નય પોતપોતાના અભિપ્રાયે સાચા છે એમ માનીને કોઈ નય પ્રત્યે મુનિએ દ્વેષભાવ ન રાખવો જોઈએ. આ સર્વ નયનો સ્વીકાર કરવાથી કલ્યાણ થાય છે જ્યારે એકાંતદૃષ્ટિથી શુષ્કવાદ અને વિવાદ જન્મે જેનાથી અકલ્યાણ થાય છે.

ઉપસંહારમાં શરૂઆતના ચાર શ્લોકોમાં ૩૨ અષ્ટકોનાં નામ પૂર્ણ જ્ઞાની મુનિના ગુણો રૂપે આપીને જ્ઞાનસારનું માહાત્મ્ય બતાવ્યું છે. ત્યારબાદ જ્ઞાન અને ક્રિયા એ બંનેનો સ્વીકાર કર્યો છે.

**ઉપસંહાર**

નમૂનારૂપ થોડાક શ્લોકો દ્વારા આ થયો 'જ્ઞાનસાર' કૃતિનો માત્ર બાહ્ય

પરિચય. બાકી તો આ આધ્યાત્મિક કૃતિનાં ઘણાં અષ્ટકોમાં તત્ત્વજ્ઞાનના ઘણા મુદ્દાઓની ચર્ચાને અવકાશ મળે તેવા વિષયો રજૂ થયા છે. અહીં તો આ કૃતિનો પ્રારંભિક સમગ્ર પરિચય આપવાનો જ પ્રયાસ કર્યો છે.

છતાં આ પ્રારંભિક પરિચયને આધારે પણ આપણે એટલું તો ચોક્કસ કહી શકીએ કે પોતાના ધર્મના ઉચ્ચ ચિંતનના પરિપાકરૂપ વિચારોને લૌકિક દૃષ્ટાંતોની મદદથી સામાન્ય માણસ સુધી પહોંચાડવાનો પ્રયત્ન ઉપાધ્યાયજી મહારાજે સફળ રીતે કર્યો છે.

□

यत्र रोधः कषायाणां, ब्रह्मध्यानं जिनस्य च ।
ज्ञातव्यं तत् तपः शुद्धं, अवशिष्टं तु लंघनम् ॥

*જે તપમાં કષાયોનો રોધ, બ્રહ્મચર્યનું પાલન અને વીતરાગ દેવનું ધ્યાન થતું હોય, તે જ શુદ્ધ તપ જાણવું અને બાકીનું સર્વ તો લંઘન.*

ઉપાધ્યાય યશોવિજય

(શ્રી યશોવિજય સ્મૃતિ ગ્રંથ)

# 'વૈરાગ્યકલ્પલતા' – રૂપકાત્મક કથાસાર મહાકાવ્ય તરીકે

પ્રહ્‌લાદ ગ. પટેલ

ઉપાધ્યાય યશોવિજયજીકૃત કૃતિયુગલ 'વૈરાગ્યરતિ' અને 'વૈરાગ્ય-કલ્પલતા'નું પરવર્તી જૈન સંસ્કૃત સાહિત્યમાં અનેક રીતે વિશિષ્ટ સ્થાન છે. સ્વરૂપ – પ્રકારની દૃષ્ટિએ વિચારતાં આ કૃતિઓ રૂપકાત્મક કથાસાર મહાકાવ્યની અનેક લાક્ષણિકતાઓ ધરાવે છે.

'વૈરાગ્યરતિ' ખંડિત કૃતિ છે અને 'વૈરાગ્યકલ્પલતા' પૂર્ણ કૃતિ છે; વાસ્તવમાં તો નામભેદે ભિન્ન લાગતી આ એક જ કૃતિ છે; તેથી અહીં 'વૈરાગ્યકલ્પલતા'માં 'વૈરાગ્યરતિ' અભિપ્રેત સમજવી.

આ રૂપકાત્મક કૃતિ હોવાથી જૈન સંસ્કૃત સાહિત્યમાં તેનું સ્થાન વિચારતાં પહેલાં રૂપકસાહિત્યના ઊગમ-વિકાસ તરફ દૃષ્ટિપાત કરવાનો ઉપક્રમ છે.

જૈન સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યમાં રૂપકનાં આદિબિંદુઓ આગમગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે, અને એ જ રૂપકો ઉત્તરકાલીન કથાઓના મૂળ-સ્રોત સમાન છે. આ આગમિક રૂપકાત્મક યા પ્રતીકાત્મક દૃષ્ટાંતોમાં કથાદેહ માંસલ નથી, છતાંયે પરવર્તી જૈન કથાસાહિત્યમાં રૂપકાત્મક સાહિત્યનાં બી અહીં પડ્યાં છે.

સૂત્રકૃતાંગનું પુંડરીક અધ્યયન કે જ્ઞાતાધર્મકથાનું ધન શેઠ અને પુત્રવધૂઓનું દૃષ્ટાંત આકાર યા કથાવસ્તુની દૃષ્ટિએ પુષ્ટ નથી છતાં જૈન સાહિત્યનાં ઉપનયયુક્ત રૂપકોનાં કથાત્મક વર્ણનોની એ ઊગમભૂમિ છે. આને પગલે જ સંઘદાસગણીકૃત પ્રાકૃત કથા 'વસુદેવહિંડી'નું (છઠ્ઠી સદી) મધુબિંદુ-દૃષ્ટાંત, હરિભદ્રાચાર્યકૃત 'સમરાઇચ્ચકહા' (૮મી સદી)નું ભવાટવી-દૃષ્ટાંત કે ઉદ્યોતનસૂરિકૃત 'કુવલય-માલા' (શક સં.૭૦૦)નું કુડંગ-દ્વીપ-દૃષ્ટાંત ઉપનયો સાથે સર્જાયાં.

ભારતીય સાહિત્યમાં રૂપકનું ખેડાણ જૈન સાહિત્યમાં સવિશેષ થયું છે. અને તે પણ બે સ્વરૂપે : (૧) દૃષ્ટાંતરૂપકો તરીકે. (૨) સંપૂર્ણ રૂપકો તરીકે. આ બીજા પ્રકારમાં અમૂર્ત ભાવોને મૂર્ત કરીને તેમનામાં માનવીય ભાવોનું આરોપણ કરીને વિકસાવેલી એક વિશિષ્ટ પદ્ધતિ છે.

આ પદ્ધતિનું સૌ પ્રથમ મંડાણ કરનાર છે ઉદ્યોતનસૂરિ. 'કુવલયમાલા'માં તેમણે ક્રોધ, માન, લોભ, માયા વગેરે અમૂર્ત ભાવોનું માનવીકરણ કર્યું છે, અને ત્યાર પછી પરવર્તી જૈન સાહિત્યમાં આનો વિશાળ રાજમાર્ગ શરૂ થયો.

આ રૂપકસાહિત્યને તેની ચરમ સીમાએ પહોંચાડવાનો યશ 'ઉપમિતિ-

ભવપ્રપંચાકથા' દ્વારા સિદ્ધર્ષિગણીને ફાળે જાય છે. તો એ જ વિરાટ કૃતિને સંક્ષિપ્ત કરી, કથાસાર મહાકાવ્ય જેવા નવતર સ્વરૂપે મૂકવાનું માન 'વૈરાગ્યકલ્પલતા' દ્વારા ઉપા. યશોવિજયજીને ફાળે જાય છે.

સિદ્ધર્ષિગણીકૃત 'ઉપમિતિભવપ્રપંચાકથા'ને ડૉ. યાકોબીએ ભારતીય સાહિત્યની પ્રથમ રૂપક કૃતિ કહી છે. તો યશોવિજયકૃત 'વૈરાગ્યકલ્પલતા' ભારતીય સાહિત્યમાં સર્વોત્તમ સંસ્કૃત કથાસાર મહાકાવ્ય છે.

આમ રૂપકકથાઓએ ભારતના ધાર્મિક તેમજ ઔપદેશિક સાહિત્યનાં ઉત્તુંગ શિખરો સર કર્યાં છે. કારણકે અલંકારશાસ્ત્રીય બંધનરહિતતાની મોકળાશે તેને વિસ્તરવામાં આડકતરી મદદ કરી છે. પરિણામે જૈન આગમ સાહિત્યમાંથી વહેતાં આવતાં રૂપકઝરણાં ધીમેધીમે ઔપદેશિકતાંના મહાગિરિ ઉપરથી નીચે ઊતરી સિદ્ધર્ષિ સુધીમાં તો મહાનદ બની જાય છે. પછી તેના વિશાળ વારિરાશિમાંથી પરવર્તી રૂપકસાહિત્યની અનેક નહેરો નીકળી. પરંતુ તેમાંથી નિર્મળ, સુરમ્ય સરોવર સર્જાયું તે યશોવિજયજીની લાક્ષણિક કૃતિ 'વૈરાગ્યકલ્પલતા.'

વૈરાગ્યકલ્પલતા'નું કથાવસ્તુ, પાત્રો, પ્રસંગો, આંતરિક ભાવનાઓ, સિદ્ધાંતપ્રદર્શન, વર્ણનપરંપરા, કથયિતવ્ય – આ બધું જ 'ઉપમિતિ' અનુસાર જ છે. છતાં વૈરાગ્યકલ્પલતા'માં યશોવિજયજીએ પોતાની અસાધારણ વિદ્વત્તા પ્રકટ કરતાં કેટલાંક નવસર્જની-પરિવર્તનો કરીને મૌલિકતા રજૂ કરી છે, તો પણ કહેવું જોઈએ કે તેઓ મૂળ કૃતિની પ્રભાવક અસરમાંથી મુક્ત થઈ શક્યા નથી. મોતીચંદ કાપડિયાએ યોગ્ય જ કહ્યું છે કે યશોવિજયજીના ગ્રંથયુગલમાં 'ઉપમિતિ૰'નો ટૂંકો સાર જાણે કે સિદ્ધર્ષિએ જ લખ્યો હોય તેવી પદ્યરચના છે.

આમ છતાં એમાં યશોવિજયજીની અસાધારણ વિદ્વત્તા, મૌલિક સર્જનશક્તિ અને વિશેષ તો જૈન શાસનની સર્વોત્તમતાદર્શક રજૂઆતશક્તિનાં દર્શન થાય છે. તેથી સૂક્ષ્મતાથી જોનારને સંક્ષેપમાં નવસર્જનના અંશો અવશ્ય જણાશે. તેમનું નવસર્જન આ રીતે જોઈ શકાય.

વૈરાગ્યકલ્પલતા'નો પ્રથમ સ્તબક યશોવિજયજીનું મૌલિક સર્જન છે. આ આખોય સ્તબક તેમની પરિણત પ્રજ્ઞા અને અધ્યાત્મ તરફના અનુરાગનું સુફળ છે. વૈરાગ્યકલ્પલતા'નો આ પ્રસ્તાવરૂપ સ્તબક નવસર્જન હોવાથી 'ઉપમિતિ૰'માં આઠ પ્રસ્તાવ છે જ્યારે વૈરાગ્યકલ્પલતા'માં નવ સ્તબક છે.

'ઉપમિતિ૦'ના પ્રથમ પ્રસ્તાવ અને વૈરાગ્યકલ્પલતા'ના પ્રથમ સ્તબકમાં એક વૈષમ્ય નોંધપાત્ર છે. સિદ્ધર્ષિએ રૂપકાત્મક શૈલીની અપૂર્વતા છતાં તેની શાસ્ત્રસંમતિ પ્રસ્થાપિત કરતાં सत्कल्पितोपमानं तत्सिद्धान्तेऽप्युपलभ्यते (ઉપ. પ્ર.૧–૮૦) કહીને ઉપનયયુક્ત પીઠબંધમાં આત્મલઘુતાનું નિવેદન કર્યું છે, જ્યારે યશોવિજયજીએ પ્રથમ સ્તબકમાં સત્તરમી સદીના જૈન શાસનમાં તેમણે નિહાળેલી વિકૃતિઓ ઉપર પ્રહારો કર્યા છે. 'ઉપમિતિ' કથા કેટલાકને મતે ચંપૂકાવ્ય છે. પરંતુ

વૈરાગ્યકલ્પલતા' ઉચ્ચ સાહિત્યિક મૂલ્ય ધરાવતું કથાસાર મહાકાવ્ય છે.

વૈરાગ્યલતાને સાહિત્યિક રીતે મૂલવતાં તેમાં અનેક તત્ત્વોનું સંમિશ્રણ જોવા મળે છે, છતાં તેના આંતરિક સ્વરૂપને જોતાં તે મહાકાવ્યનું સ્વરૂપ ધરાવે છે. ટૂંકમાં કેટલીક જૈન કૃતિઓને કોઈ ચોક્કસ કાવ્યસ્વરૂપમાં જોવામાં મુશ્કેલીઓ પડે છે, તેવું આ કૃતિની બાબતમાં થયું છે.

અહીં કૃતિના સ્વરૂપનું શૈથિલ્ય એ દુર્ગુણ નથી પરંતુ વૈશિષ્ટ્ય છે. તે કથાસાર મહાકાવ્ય છે તેથી તેમાં અલંકારશાસ્ત્ર-કથિત કેટલાંક મહાકાવ્ય-લક્ષણો અનાયાસે જોઈ શકાય છે. જોકે અલંકારશાસ્ત્રની સુદીર્ઘ પરંપરામાં અનેક આલંકારિકોને હાથે અનેક પ્રકારના સાહિત્યિક, સાંસ્કૃતિક વાતાવરણ તથા તત્કાલીન અસરો નીચે વ્યાખ્યા ઘડાતી આવી હોવાથી 'સર્વલક્ષણયુક્ત' મહાકાવ્ય ભાગ્યે જ જોવા મળશે.

આમ છતાં કાવ્યશાસ્ત્રસંમત અનેક મહાકાવ્ય-લક્ષણો જેવાં કે સર્ગબદ્ધતા, છંદયોજના, પ્રારંભ, પુરુષાર્થનિરૂપણ, સર્ગાન્તે ભાવિકથનસૂચન, ઋતુવર્ણન, મંત્રણા, દૂતપ્રેષણ, યુદ્ધવર્ણન, રસનિરૂપણ વગેરે કાવ્યશાસ્ત્રીય પ્રણાલિકાનું સભાનતાપૂર્વકનું અનુસરણ સૂચવે છે.

આમ સિદ્ધર્ષિની રૂપકાત્મક અને પ્રસ્થાપિત શૈલીનો લાભ યશોવિજયજીએ પૂર્ણ સ્વરૂપમાં લીધો છે. ઉપરાંત તેમણે 'ઉપમિતિ' જેવી વિશાળ કથાને બે રીતે વિશિષ્ટતા અર્પીને જૈન સંસ્કૃત સાહિત્યમાં અંતિમ પ્રતિભાવંત સર્જક તરીકે અક્ષયકીર્તિ પ્રાપ્ત કરી છે. આ બે રીતોમાં એક છે સારસંક્ષેપ છતાં નવસર્જન કોટિની રૂપકાત્મકતા અને બીજી છે કથાસાર મહાકાવ્યમાં સ્વરૂપાન્તર.

રૂપકકથાઓમાં જેમ 'ઉપમિતિ' સર્વોત્તમ શિખર છે તેમ સંક્ષિપ્ત કથાસાર મહાકાવ્યમાં 'વૈરાગ્યકલ્પલતા' સર્વોત્તમ શિખર છે.

અલંકારશાસ્ત્રકથિત મહાકાવ્યવિષયક લક્ષણોની સુસંગતતા યા વિસંવાદિતાનો વિચાર કર્યા વગર, કોઈ નિશ્ચિત ધ્યેય યા આગવા દૃષ્ટિબિંદુની પૂર્તિ માટે જૈન સર્જકોએ પ્રાકૃત-સંસ્કૃત મહાકાવ્યો/કથાઓને આધારે કથાસાર મહા-કાવ્યનાં સર્જન કર્યાં છે; અને તે પરંપરા વિમલસૂરિકૃત 'પઉમચરિય'થી શરૂ કરીને છેક સત્તરમી સદીના યશોવિજયજીકૃત 'વૈરાગ્યકલ્પલતા' સુધી વિસ્તરી છે.

જોકે આ પ્રકારની પ્રવૃત્તિનાં મૂળ ઘણાં પ્રાચીન છે. ગોડાભિનંદે કાદંબરીનો સારસંક્ષેપ કર્યો છે. આ ઉપરાંત પ્રદ્યુમ્નસૂરિકૃત 'સમરાદિત્યસંક્ષેપ' અને ધનપાલની તિલકમંજરી'ના ચારેક સારસંક્ષેપો જાણીતા છે. 'ઉપમિતિ૦'ના સારસંક્ષેપો પણ નોંધપાત્ર છે, જેમકે વર્ધમાનસૂરિકૃત 'ઉપમિતિભવપ્રપંચા-કથાનામસમુચ્ચય', હંસગણીકૃત 'ઉપમિતિભવપ્રપંચાકથાસારોદ્ધાર', દેવસૂરિકૃત 'ઉપમિતિપ્રપંચોદ્ધાર'. આ ઉપરાંત હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર'ના સંક્ષેપો સુવિદિત છે.

આવી કથાસાર કૃતિઓના સર્જન પાછળ અનેક ઉદ્દેશો કામ કરે છે, જેમકે 'સમરાદિત્યસંક્ષેપ'માં પ્રદ્યુમ્નસૂરિએ લખ્યું છે કે आत्मनः हेतवे । પરંતુ ખાસ તો સારસંક્ષેપ કરવામાં જે-તે કૃતિની ભવ્યતા, ધાર્મિક સત્ત્વશીલતા, પ્રભાવકતા વધુ પ્રેરક બનતી હોય છે.

યશોવિજયજી તો સાક્ષાત કૂર્ચાલી સરસ્વતી હતા, તો તેમણે નવીન કૃતિ રચવાને બદલે સારસંક્ષેપ કેમ કર્યો ? એનું ગૂઢ કારણ એ હોઈ શકે કે સમગ્ર જૈન સિદ્ધાંતોને એક કથાના રૂપમાં મૂકવાનો સૌથી મહાન અને સફળ પ્રયત્ન 'ઉપમિતિ૦'માં થયો છે અને સર્વ જીવોને શાસનરસિત કરવાની તેમની નેમ હતી તેથી સર્વ જીવ-ઉપકારાર્થે 'ઉપમિતિ૦'નો સારસંક્ષેપ કર્યો હશે.

જોકે સમગ્ર સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કથાસાર મહાકાવ્યનો ઉલ્લેખ સરખો નથી. આ કૃતિ તેના આ સ્વરૂપમાં સર્વોત્તમ કૃતિ છે. આમ 'વૈરાગ્યકલ્પલતા' સમગ્ર ભારતીય સંસ્કૃત સાહિત્યમાં બે રીતે અનોખું સ્થાન ધરાવે છે. (૧) રૂપકકથા તરીકે, (૨) કથાસાર મહાકાવ્ય તરીકે.

યશોવિજયજી જેવા મહાન તાર્કિક, દાર્શનિક, કવિ અને પરમતખંડનપટુએ 'ઉપમિતિ૦' જેવી વિરાટકાય કૃતિનો સંક્ષેપ કરીને 'વૈરાગ્યકલ્પલતા' જેવી નવ્ય કૃતિ આપીને માત્ર જૈન સાહિત્યમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃત સાહિત્યની ઉત્કૃષ્ટ સેવા કરી છે.

□

मिथ्यादृष्टिगृहीतं हि मिथ्या सम्यगपि श्रुतम् ।
सम्यग्दृष्टिगृहीतं तु सम्यग् मिथ्येति नः स्थितिः ॥

મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલું સમ્યક્ શ્રુત હોય તોપણ મિથ્યા થાય છે; જ્યારે સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યા શ્રુત હોય તોપણ સમ્યક્ થાય છે – તેવી અમારી સ્થિતિ છે.

**ઉપાધ્યાય યશોવિજય**
('સમ્યગ્દૃષ્ટિ-દ્વાત્રિંશિકા')

# 'યોગવિંશિકા' ઉપરની વ્યાખ્યા

હરનારાયણ ઉ. પંડ્યા

વિક્રમની આઠમી-નવમી સદીમાં થયેલા શ્રી હરિભદ્રસૂરિએ[1] યમ-નિયમાદિ અષ્ટાંગયોગનું નિરૂપણ 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં કર્યું છે, જ્યારે યોગની પુષ્ટ અવસ્થાઓનું વર્ણન 'યોગવિંશિકા'માં માત્ર ૨૦ જ ગાથાઓમાં કરીને યોગના તલસ્પર્શી જ્ઞાનનો અને લાઘવકળાનો તેમણે પરિચય આપ્યો છે. એની પ્રથમ ગાથામાં યોગનું લક્ષણ, ત્રીજીમાં અધિકારીનું, બીજી તથા ચોથીથી આઠમી તેમજ અઢારથી વીસ ગાથાઓમાં યોગપ્રભેદોનું નિરૂપણ કરીને નવથી તેરમા દૃષ્ટાન્ત દ્વારા સિદ્ધાન્તની સ્પષ્ટતા કરી છે કે કોઈ પણ ધાર્મિક વિધિ જો સ્થાન આદિ પંચવિધયોગની પદ્ધતિથી કરવામાં આવે તો જ તે સદનુષ્ઠાનરૂપ બનીને મોક્ષપ્રદ થઈ શકે છે. અતિસંક્ષેપમાં લખાયેલા આ યોગ જેવા ગંભીર વિષયને વ્યાખ્યા દ્વારા અતિ સુસ્પષ્ટ કરવાનું શ્રેય શ્રી યશોવિજયજીના ફાળે જાય છે.

**યોગના વીસ ભેદો :** શ્રી હરિભદ્રસૂરિએ યોગના મુખ્ય પાંચ ભેદ ઉલ્લેખ્યા છે : સ્થાન, ઊર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન. આ પાંચેયના પ્રત્યેકના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એમ ચાર-ચાર ભેદ પડતાં વીસ ભેદ પ્રાપ્ત થાય છે.[2]

**સ્થાન અને ઊર્ણ :** શ્રી યશોવિજયજીએ સ્થાનનો અર્થ પદ્માસનાદિ આસન અને ઊર્ણનો અર્થ વર્ણ (સૂત્રવર્ણ) કર્યો છે. અહીં એક સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શ્રી હરિભદ્રસૂરિએ આસન અને વર્ણ એવા સરળ અને પ્રસિદ્ધ શબ્દો ત્યજીને સ્થાન અને ઊર્ણ એવા અપ્રસિદ્ધ અને વ્યાખ્યાજ્ઞેય શબ્દો કેમ પ્રયોજ્યા ? આમાંથી સ્થાનનો જવાબ તો એમ આપી શકાય કે જૈન પરંપરામાં પ્રાચીનકાળમાં આસનપરક અર્થમાં સ્થાન શબ્દ પ્રયોજાતો હતો.[3] રહી વાત ઊર્ણની. પ્રાકૃત શબ્દકોશ, મોનિયર વિલિયમ્સ, શબ્દકૌસ્તુભ અને અમરકોશમાં ઊર્ણ [प्रा. उन्न, उण्ण] શબ્દ વર્ણપરક અર્થનો વાચક નથી. આમ છતાં પ્રસ્તુત નિરૂપણમાં તો તે વર્ણપરક અર્થમાં જ પ્રયોજાયો છે. એની સંગતિ એમ બેસાડી શકાય કે શ્રી હરિભદ્રસૂરિએ સ્થાન, ઊર્ણ આદિ પાંચ યોગાંગોનો જે ઉલ્લેખ કર્યો છે તે યોગાંગોનાં નામ અને વિચારણા તેમની પૂર્વેના કાળમાં પણ અસ્તિત્વમાં હતાં. વળી, તેમણે ત્રીજી ગાથામાં केचित् (કેઇ) કહીને જે અન્ય આચાર્યોના મતનો ઉલ્લેખ કર્યો છે તે પણ ઉક્ત અનુમાનનું સમર્થન કરે છે. આના આધારે એમ કહી શકાય કે શ્રી હરિભદ્રસૂરિએ પરંપરાપ્રાપ્ત યોગ અને તેના નામાભિધાનને યથાવત્ સ્વીકારીને,

પરંપરાપ્રાપ્ત વિચારણાને અતિસંક્ષેપમાં રજૂ કરી છે. વર્ણપરક અર્થનો વાચક ઉન્ન, ઉણ્ણ શબ્દ પ્રાકૃત શબ્દકોશના સંપાદકની નજર બહાર રહી ગયો લાગે છે.

**અનાલંબન :** શ્રી યશોવિજયજીએ પ્રસ્તુત યોગાંગ માટે બે પાઠાન્તર સ્વીકાર્યાં છે : (૧) અનાલંબન અને (૨) સૂક્ષ્મ આલંબન. પ્રથમ પાઠ તેમણે સ્વીકાર્યો છે અને બીજાનો પાઠભેદ તરીકે સ્વીકાર કરીને તેનું અર્થઘટન અનાલંબન આપ્યું છે.[૪] આથી એમ કહી શકાય કે સુહુમો આલંબણો એ પાઠ લહિયાની ભૂલથી પ્રાપ્ત થયો નથી, પરંતુ યશોવિજયજીની પૂર્વેના કાળમાં ચાલતી વિચારણામાં બન્ને શબ્દો પ્રયોજાતા હતા.

**એંશી પ્રભેદો :** ઉપર્યુક્ત વીસ ભેદો વિશે કોઈ વિવાદ શક્ય નથી, કારણકે ગ્રંથકાર શ્રી હરિભદ્રસૂરિએ જ ચોથી ગાથામાં **इक्किक्को य चउद्धा** કહીને સ્પષ્ટતા કરી દીધી છે. પરંતુ તેથી આગળના ૮૦ પ્રભેદો કેવી રીતે પ્રાપ્ત થાય છે તે વિશે અસ્પષ્ટતા છે કારણકે, ગ્રંથકારે પોતે ૮૦ પ્રભેદોની સંખ્યા વિશે મૌન સેવ્યું છે. જોકે શ્રી યશોવિજયજીએ પ્રભેદોની ૮૦ની સંખ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ બે સ્થળોએ કર્યો છે પણ વીસ ભેદોના પ્રત્યેકના કયા ચાર પ્રભેદો તેની સ્પષ્ટતા કરી નથી. આ ગૂંચવાડો એટલા માટે ઉપસ્થિત થયો છે કે ગ્રંથકારે બે સ્થળોએ ચારચાર પ્રભેદોનો ઉલ્લેખ કર્યો છે : પ્રથમ આઠમી ગાથામાં અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ એ ચાર પ્રભેદોનો ઉલ્લેખ કર્યો છે અને તે પછી અઢારમી ગાથામાં પ્રીતિ, ભક્તિ, આગમ (વચન) અને અસંગ અનુષ્ઠાન એ ચાર પ્રભેદોનો ઉલ્લેખ કર્યો છે.

પં. સુખલાલજીના મત પ્રમાણે ઉક્ત ૨૦ ભેદોને પ્રીતિ આદિ (૧૮મી ગાથામાં કહેલા) ચારચાર પ્રભેદોથી ગુણતાં ૮૦ પ્રભેદો પ્રાપ્ત થાય છે.

શ્રી યશોવિજયજીને આ રીતે પ્રાપ્ત થતી ૮૦ પ્રભેદોની સંખ્યા અભિપ્રેત નથી, પરંતુ આઠમી ગાથામાં કહેલા અનુકંપા આદિ ચાર પ્રભેદોના આધારે થતી ૮૦ની સંખ્યા અભિપ્રેત છે એવું અનુમાન કરી શકાય છે, કારણકે (૧) અનુકંપાદિ ચારનો ઉલ્લેખ આઠમી ગાથામાં છે અને તે ગાથાની વ્યાખ્યામાં જ ૮૦ની સંખ્યાનો ઉલ્લેખ યશોવિજયજીએ કર્યો છે. આ સિવાય નવમી ગાથાના પ્રારંભમાં પ્રયોજાયેલા एवं પદની સ્પષ્ટતામાં પણ ૮૦ની સંખ્યાનો ઉલ્લેખ તેમણે કર્યો છે. એનો અર્થ એમ થાય કે આઠમી ગાથા સુધીમાં પ્રરૂપિત યોગાંગોથી બનતી ૮૦ની સંખ્યા શ્રી યશોવિજયજીને અભિપ્રેત છે. (૨) અનુકંપાદિ ચાર પ્રભેદો ઈચ્છાદિ ચારના કાર્યરૂપ છે, જે પ્રસ્તુત યોગપ્રક્રિયાની ઉચ્ચ અવસ્થા સાથે સુસંગત બને છે. (૩) વળી ૧૮મી ગાથામાં ઉલ્લેખેલા પ્રીતિ આદિ ચાર પ્રભેદો સદનુષ્ઠાનના છે અને અનાલંબન યોગાંગને સમજાવવા માટે ગ્રંથકારે પ્રયોજ્યા છે. આ ચાર પ્રભેદોના અંતિમ પ્રભેદ અસંગાનુષ્ઠાનમાં અનાલંબન યોગ અંતર્ભાવ પામે છે અને તે રીતે અસંગાનુષ્ઠાન અને અનાલંબન અભિન્ન છે તેવી સ્પષ્ટતા યશોવિજયજીએ કરી

છે.[૫] આથી સ્થાન, વર્ણ, અર્થ અને આલંબનનો પ્રભેદ અસંગાનુષ્ઠાન બની શકે નહીં.

પંડિતજીએ કઈ દૃષ્ટિએ પ્રીતિ આદિ ચારનો સ્વીકાર કર્યો છે તે સમજાતું નથી. સંભવ છે કે પંડિતજીએ જ્ઞાનસાર [૨૭–૭]ને અનુસરીને આ ગણના કરી હશે.

અહીં યશોવિજયજીસંમત ૮૦ પ્રભેદોની સંગતિ બેસાડવા પ્રયાસ કર્યો છે પરંતુ તેમાં પણ મુશ્કેલી તો છે જ. અનુકંપાદિ ચાર પ્રભેદો ઇચ્છાદિ ચારના પ્રત્યેકના પ્રભેદો બની શકે નહીં. કેમકે ગ્રંથકારે અનુકંપાદિ ચારને અનુક્રમે ઇચ્છાદિ ચારના અનુભાવ માન્યા છે. (एएसिं अणुभावा, इच्छाईणं जहासंखं–गा.૮) આથી ગ્રંથકાર-ના મત પ્રમાણે નીચે જણાવેલી સ્થિતિ પ્રાપ્ત થાય :

(૧) સ્થાન

| ઇચ્છા | પ્રવૃત્તિ | સ્થિરતા | સિદ્ધિ |
|---|---|---|---|
| અનુકંપા | નિર્વેદ | સંવેગ | પ્રશમ |

આ રીતે ૮૦ના બદલે ૪૦ ભેદો પ્રાપ્ત થાય છે.

જ્યારે યશોવિજયજીને અભિપ્રેત સ્થિતિ નીચે પ્રમાણે છે :

(૧) સ્થાન

| ઇચ્છા | પ્રવૃત્તિ | સ્થિરતા | સિદ્ધિ |
|---|---|---|---|

ઇચ્છા

| અનુકંપા | નિર્વેદ | સંવેગ | પ્રશમ |
|---|---|---|---|

આ જ રીતે પ્રવૃત્તિ આદિ ત્રણના પણ ચારચાર પ્રભેદો પ્રાપ્ત થતાં સ્થાનના ૧૬ ભેદો બને છે તે રીતે કુલ ૮૦ પ્રભેદો પ્રાપ્ત થાય છે.

જોકે આ મુશ્કેલીનો ખ્યાલ શ્રી યશોવિજયજીને હતો. તેમ છતાં તેમણે ૮૦ની સંખ્યાની વાત કરી છે. આ બધું જોતાં એમ લાગે છે કે, ગ્રંથકારે ૨૦ની સંખ્યાથી આગળના પ્રભેદોની સંખ્યા અંગે મૌન સેવ્યું છે એ જ વધારે યુક્તિસંગત છે.

**સ્થાનાદિ યોગાંગોની અન્ય યોગાંગો સાથે તુલના :** શ્રી યશોવિજયજીની દૃષ્ટિ સમન્વયકારી હોવાથી તેઓ જ્યાં આવશ્યક હોય ત્યા અન્ય યોગઘટકો સાથે તુલના કરવાનું ચૂકતા નથી. અહીં સ્થાનાદિ યોગાંગોની તુલના એક તરફ શ્રી હરિભદ્રસૂરિકૃત 'યોગબિંદુ'ગત યોગઘટકો સાથે અને બીજી તરફ જૈનેતર દર્શનગત (ખાસ કરીને પાતંજલયોગદર્શન – વૈદિકદર્શનગત) યોગઘટકો સાથે કરી છે. જેમકે શ્રી હરિભદ્રસૂરિએ 'યોગબિંદુ'માં અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા

અને વૃત્તિસંક્ષય એમ પાંચ ભૂમિકાઓ પ્રરૂપી છે, જેમાંની પ્રથમની ચાર પતંજલિસંમત સંપ્રજ્ઞાત છે અને અંતિમ ભૂમિકા પતંજલિસંમત અસંપ્રજ્ઞાત છે એમ હરિભદ્રસૂરિ સ્પષ્ટતા કરે છે.[૬] શ્રી યશોવિજયજીએ અધ્યાત્માદિ પાંચની તુલના સ્થાનાદિ પાંચ સાથે નીચે પ્રમાણે કરી છે. જેમકે –

૧. અધ્યાત્મ : અધ્યાત્મના અનેક ભેદો છે. તેમાં –

દેવસેવારૂપ અધ્યાત્મ = સ્થાન.
જપરૂપ અધ્યાત્મ = ઊર્ણ.
અને તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મ = અર્થ.

૨. ભાવના = સ્થાન, ઊર્ણ, અર્થ.

૩. આધ્યાન = આલંબન.

૪. સમતા
૫. વૃત્તિસંક્ષય = અનાલંબન[૭]

ગ્રંથકારને અનુસરીને શ્રી યશોવિજયજીએ આલંબનને રૂપીદ્રવ્ય વિષયક અને અનાલંબનને અરૂપીવિષયક ધ્યાન તરીકે ઓળખાવીને અનાલંબન ધ્યાનથી શરૂ થતી આગળની ઊર્ધ્વ ભૂમિકાઓને પાતંજલ યોગદર્શનસંમત ભૂમિકાઓ સાથે નીચે પ્રમાણે સરખાવી છે. જેમકે :

| | પાતંજલયોગદર્શનસંમત |
|---|---|
| નિરાલંબન ધ્યાન<br>ક્ષપકશ્રેણિ | = સંપ્રજ્ઞાત |
| ↓ | |
| કેવલજ્ઞાન | = અસંપ્રજ્ઞાત |
| ↓ | |
| અયોગયોગ | = ધર્મમેઘ |
| ↓ | |
| નિર્વાણ | = મોક્ષ[૮] |

અયોગયોગ અને ધર્મમેઘની ભૂમિકાને અન્ય દર્શનોમાં અમૃતાત્મા, ભવશત્રુ, શિવોદય, સત્ત્વાનંદ અને પર એવાં જુદાંજુદાં નામોથી ઓળખાવી છે.[૯] ધર્મમેઘ, અમૃતાત્મા આદિ નામોનો ઉલ્લેખ 'યોગબિંદુ'માં (ગા.૪૨૨) છે. યશોવિજયજીએ ત્યાંથી જ આ નામો ઉલ્લેખ્યાં હશે. પરંતુ એલ. સ્વેલી અને કે. કે. દીક્ષિત સંપાદિત બન્ને 'યોગબિંદુ'માં ભવશક્રશિવોદયઃ એમ ભવશત્રુની જગાએ ભવશક્ર પાઠ સ્વીકારાયો છે, જ્યારે શ્રી યશોવિજયજીએ ભવશત્રુ પાઠ સ્વીકાર્યો છે તે સર્વથા યોગ્ય છે. જોકે શ્રી યશોવિજયજી ભવશત્રુ અને શિવોદયને અલગઅલગ દર્શનાચાર્યસંમત નામ તરીકે ઉલ્લેખે છે. પરંતુ તે ત્યારે જ શક્ય બને કે જ્યારે

भवशत्रुशिवोदयौ એવું દ્વિવચન હોય ત્યારે. આથી 'યોગબિંદુ'માં भवशत्रुशिवोदयौ એવો પાઠ સ્વીકારાવો જોઈએ. અથવા भवशत्रुः शिवोदयः એવો પાઠ સ્વીકારાવો જોઈએ. લેશવ્યાખ્યામાં भवशत्रुः शिवोदयः પાઠ છે. (પા.યો. ૧–૧૮ પૃ.૭)

શ્રી યશોવિજયજીએ સ્પષ્ટ કરેલાં યોગાંગોમાંનાં કેટલાંક યોગાંગોને વૈદિક દર્શન સાથે નીચે પ્રમાણે સરખાવી શકાય.

૧. ઊર્ણ – અર્થ : વૈદિક પરંપરા પણ વર્ણનું સ્પષ્ટ ઉચ્ચારણ અને અર્થભાન એમ બન્નેનો આગ્રહ રાખે છે. જેમકે, પાતંજલિ સમાધિલાભ માટે પ્રણવજપ અને તેના અર્થચિંતનને આવશ્યક માને છે.[૧૦] સ્તોત્રપાઠમાં પણ અર્થાનુસંધાન સહિતના પઠન ઉપર ભાર દીધો છે.[૧૧] આના આધારે એવું અનુમાન કરી શકાય કે, અર્થ સમજવા સિવાય માત્ર શાસ્ત્રપાઠ કરવાની ક્ષતિપૂર્ણ એક પરંપરા ભારતમાં ચાલતી હશે, જે (શૈથિલ્ય)ને સુધારવા બન્ને પરંપરાના આચાર્યોએ પ્રયાસ કર્યો છે.

૨. સ્થિરતા : વૈદિક દર્શન પણ માને છે કે, આત્મદર્શનના માર્ગમાં રહેલો સાધક મોટા દુઃખથી પણ વિચલિત થતો નથી.[૧૨]

૩. સિદ્ધિ : વૈદિક પરંપરા પણ માને છે કે સિદ્ધયોગીની અસર જગત ઉપર પડે છે જેમકે, જેને અહિંસા સિદ્ધ થઈ હોય તેની નજદીકમાં હિંસક પશુઓ પણ પોતાનો હિંસક સ્વભાવ ત્યજે છે.

૪. ભાવના : વૈદિક પરંપરા પણ સ્વીકારે છે કે, આત્મદર્શનના માર્ગમાં પ્રગતિ માટે ચિત્તવૃત્તિના નિરોધનો અભ્યાસ આવશ્યક છે.[૧૩]

૫. આધ્યાન : વૈદિક પરંપરા પણ એકાર્થવિષયવાળા (સ્થિર દીપક જેવા) ચિત્તની વાત કરે છે.[૧૪]

૬. સમતા : ભગવદ્‌ગીતાની વિચારધારાના કેન્દ્રમાં સમતા છે. તે સમત્વને જ યોગ કહે છે. (समत्वं योग उच्यते)[૧૫]

૭. વૃત્તિસંક્ષય : શ્રી હરિભદ્રસૂરિ વૃત્તિસંક્ષયને અસંપ્રજ્ઞાત સાથે સરખાવે છે, જ્યારે શ્રી યશોવિજયજી તેને અનાલંબન સાથે સરખાવે છે. એટલે તેમના મત અનુસાર વૃત્તિસંક્ષય એ સંપ્રજ્ઞાત છે એવું અનુમાન કરી શકાય.

૮. ધર્મક્રિયાગત શૈથિલ્યનું ખંડન : ગ્રંથકાર કહે છે કે, સ્થાનાદિ યોગરહિત ક્રિયા અર્થાત્ શાસ્ત્રવિધિરહિત ચૈત્યવંદન એ જ સૂત્રક્રિયાનો નાશ છે. શ્રી યશોવિજયજી એને જ વાસ્તવિક તીર્થોચ્છેદ ગણીને સ્પષ્ટતા કરે છે કે, જો એક જ જીવ વિધિપૂર્વક ધર્મક્રિયા કરતો હોય તો તે તીર્થોન્નતિ જ છે. વૈદિક પરંપરા પણ શાસ્ત્રોક્ત વિધિ ઉપર ભાર દે છે. ગીતાકાર કહે છે કે જેઓ શાસ્ત્રવિધિ ત્યજીને ઇચ્છા અનુસાર વર્તે છે, તેઓ સિદ્ધિ, સુખ અને પરમગતિ પામતા નથી. તેથી શાસ્ત્રને જ પ્રમાણ માનવું અને શાસ્ત્રવિધાનોક્ત કર્મ કરવું.[૧૬] આના આધારે એમ સ્વીકારવું પડે કે જૈન અને વૈદિક બન્ને પરંપરામાં સમયેસમયે પ્રવર્તમાન શૈથિલ્યને

દૂર કરવા પ્રયાસ થતો હતો.

શ્રી યશોવિજયજીએ 'યોગબિંદુ'નો હવાલો આપીને એક એવી પણ સ્પષ્ટતા કરી છે કે, કોઈ પણ ધર્મક્રિયા સ્થાનાદિ યોગયુક્ત ભલે હોય, પરંતુ જો તે ઐહિક કીર્તિ આદિની પ્રાપ્તિ માટે કરાતી હોય તો તે વિષાનુષ્ઠાન છે (અર્થાત્ તત્કાલ અનર્થકારી છે.) અને જો કર્તાને ઐહિક ભોગની સ્પૃહા ન હોય, પરંતુ સ્વર્ગ આદિ પારલૌકિક ભોગની સ્પૃહા હોય તો તે ગરાનુષ્ઠાન છે (અર્થાત્ કાલાન્તરે અનર્થકારી છે.) આમ તેમણે સકામ ધર્મક્રિયાની (ભલે તે શાસ્ત્રસંમત સ્થાનાદિ યોગયુક્ત હોય) નિંદા કરી છે. વૈદિક પરંપરા પણ ભોગ અને સ્વર્ગપ્રાપ્તિના પ્રયાસને નિંદે છે.[૧૭] આ સ્પષ્ટતા દ્વારા શ્રી યશોવિજયજીએ પ્રસ્તુત વિચારણાને ગીતાસંમત વિચારધારાની સમકક્ષ મૂકી છે.

પ્રસ્તુત ટીકાનો અભ્યાસ કરતાં એમ અવશ્ય સ્વીકારવું પડે કે, માત્ર ૪૦ લીટીમાં લખાયેલા યોગ જેવા સ્વભાવગંભીર વિષયના હાર્દને સ્પષ્ટ કરવાનો યશોવિજયજીનો પ્રયાસ સફળ બન્યો છે. ગ્રંથકારની વિચારધારાનો તાગ પામવા અને તેમને અભિપ્રેત હોય તે રીતે વિષયના રહસ્યને સ્પષ્ટ કરવા તેમણે ગ્રંથકારના જ 'યોગબિંદુ'[૧૮] 'યોગદૃષ્ટિમુચ્ચય'[૧૯] અને 'ષોડશક'[૨૦]નો ઉપયોગ કર્યો છે એટલું જ નહીં પરંતુ ગચ્છાચાર પ્રકીર્ણક[૨૧], પિંડનિર્યુક્તિ[૨૨], વિશેષાવશ્યકભાષ્ય[૨૩], જ્ઞાનસાર[૨૪] આદિ જૈન પરંપરાના ગ્રંથો ઉપરાંત પાતંજલયોગદર્શન[૨૫] જેવા જૈનેતર ગ્રંથનો પણ આધાર લીધો છે, જે એક તરફ તેમના તલસ્પર્શી, વિશાળ જ્ઞાનનું અને બીજી તરફ પૂર્વસૂરિઓનું ઋણ સ્વીકારવાની તેમની નમ્રતાનું સમર્થન કરે છે. 'જ્ઞાનસાર'નો ઉલ્લેખ સૂચવે છે કે પ્રસ્તુત ટીકા તેમણે 'જ્ઞાનસાર' પછીથી રચી છે.

યોગવિંશિકાને સમજવા માટે પંડિત સુખલાલજીએ કરેલા કાર્યનું ઋણ સ્વીકારવું પડે જ, ઉપરાંત મારા આ લેખનકાર્યમાં સહાયરૂપ બનવા પૂ. દલસુખભાઈ માલવણિયાજીનો આભાર માનવો આવશ્યક છે. અસ્તુ.

**પાદટીપ**

૧. 'યોગદર્શન તથા યોગવિંશિકા'નો પરિચય, પં. સુખલાલજી, પૃ.૭.
૨. 'યોગવિંશિકા' ગા.૨; ૪.
૩. સ્થાનાંગ ૧૦; આવશ્યકચૂર્ણિ ૪; ઉદ્ધૃત પ્રાકૃત શબ્દકોશ.
૪. सुहुमो आलंबणो नाम त्ति क्वचित् पाठस्तत्रापि सूक्ष्मालंबनो मामैष योगस्ततोऽनालम्बन एवेति भाव उन्नेयः, ગા.૧૯.
૫. सदनुष्ठानभेदानेव प्ररूपयंश्चरमतद्भेदे चरमयोगभेदमन्तर्भावयन्नीह ગા.૧૮ની ભૂમિકા... एषः.... असंगानुष्ठानात्मा चरमो योगोऽनालम्बनयोगो भवति, सङ्गत्यागस्यैवानालम्बनलक्षणत्वादिति भावः । યો.વિં., ગા.૧૮.

૬. યોગબિંદુ, ગા.૪૧૮, ૪૨૦ ઉપરાંત જુઓ યોગવિંશિકાની પં. સુખલાલકૃત પ્રસ્તાવના પૃ.૬૩.

૭. યો.વિં. ગા.૩; समतावृत्ति संक्षयोश्च तदन्ययोगे इति भावनीयम् ગા.૩ પૃ.૬૩.

૮-૯. યો.વિં., ગા. ૨૦, પૃ.૮૮–૮૯.

૧૦. यज्ञानां जपयज्ञोऽस्मि । भ.गी. १०-२५; तस्य वाचकः प्रणवः । तज्जपस्तदर्थभावनम् । पा.यो. २७, २८.

૧૧. अर्थानुसंधानपूर्वकं मध्यमस्वरेण चंडीस्तवं पठेत । दुर्गासप्तशती

૧૨. यस्मिंस्थितो न दुःखेन गुरुणापि विचाल्यते । भ.गी., ६–२२.

૧૩. अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते । भ.गी., ६–३५.
अभ्यासवैराग्याभ्यां तन्निरोधः । पा.यो., १–१२.

૧૪. यथा दीपो निर्वातस्थो नेङ्गते सोपमा स्मृता । भ.गी., ६–१९.

૧૫. भ.गी. २–५७; ४–२२; ५–२०; १२–१७, १८; १४–२४; १८–५१, ५४.

૧૬. भ.गी. १६–२३, २४.

૧૭. भ.गी. २–४३, ४४; ९–२०, २१.

૧૮. યો.વિં. ગા.૩, ૧૨.

૧૯. યો.વિં. ગા.૧૬, ૧૯.

૨૦. યો.વિં. ગા.૧, ૧૫, ૧૮, ૧૯.

૨૧ યો.વિં. ગા.૧૬.

૨૨. યો.વિં. ગા.૧.

૨૩. યો.વિં. ગા.૧૯.

૨૪. યો.વિં. ગા.૧૬.

૨૫. યો.વિં. ગા.૨.

**સંદર્ભગ્રંથો**


૧. દુર્ગાસપ્તશતી.

૨. પા.યો. = પાતંજલયોગદર્શન, ચૌખમ્બા પ્રકાશન, વારાણસી, વ્યાસભાષ્યસહિત, વ્યાખ્યા બ્રહ્મલીન મુનિ. ઈ.સ.૧૯૭૦. પા.યો. = પાતંજલ યોગદર્શન – લેશ વ્યાખ્યા સમેત, જુઓ નીચે ક્રમ ૬.

૩. ભ.ગી. = ભગવદ્ગીતા.

૪. યોગબિંદુ, શ્રી હરિભદ્રસૂરિકૃત, સંશોધક એલ.સ્વેલી, જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ.સં.૧૯૬૭.

૫. યોગબિંદુ, સંપાદક-અનુવાદક : કે. કે. દીક્ષિત, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજી, અમદાવાદ, ઈ.સ.૧૯૬૮.

૬. યો.વિં. = યોગવિંશિકા = યોગદર્શન તથા યોગવિંશિકા, સંપાદક પં. સુખલાલજી, જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ.સ.૧૯૨૨.

૭. પ્રાકૃત શબ્દકોશ.


☐

# પાતંજલયોગદર્શન ઉપરની 'લેશ' વ્યાખ્યા

હરનારાયણ ઉ. પંડ્યા

બ્રાહ્મણ પરંપરામાં પ્રાચીન કાળથી ચાલી આવતી યોગવિષયક વિચારધારાને અત્યંત સુવ્યવસ્થિત અને સુસ્પષ્ટપણે દાર્શનિક શૈલીમાં રજૂ કરવાનું શ્રેય શ્રી પતંજલિના ફાળે જાય છે. તે પછી વ્યાસ, વાચસ્પતિ મિશ્ર, વિજ્ઞાનભિક્ષુ આદિ આચાર્યોએ એ વિચારણાને વિશેષ પરિષ્કૃત કરીને સવિશેષ સુસ્પષ્ટ કરી.

જૈન પરંપરામાં આગમ, નિર્યુક્તિ, તત્ત્વાર્થસૂત્ર આદિમાં ધ્યાન સંબંધી વિચારણા હતી, પરંતુ બ્રાહ્મણ પરંપરાની યોગધારાની સામે જૈનપરંપરાસંમત યોગવિચારણાને સ્વતંત્ર યોગગ્રંથમાં સર્વપ્રથમ રજૂ કરવાનું શ્રેય શ્રી હરિભદ્રસૂરિજીના ફાળે જાય છે. આ પછી શુભચંદ્રજી, હેમચંદ્રાચાર્ય આદિ આચાર્યોએ આ પરંપરામાં સ્વતંત્ર ગ્રંથો રચ્યા.[૧]

ઉપર્યુક્ત પૂર્વસૂરિઓ અને યશોવિજયજીના પ્રયત્નમાં તફાવત એ છે કે આ પૂર્વસૂરિઓએ જૈન મતને અનુકૂળ રહે તે રીતે સ્વતંત્ર વિચારણા રજૂ કરી છે, જ્યારે શ્રી યશોવિજયજીએ બ્રાહ્મણ પરંપરાના સ્થિર ચોકઠામાં જૈન વિચારણાને ગોઠવવાનું કઠિનતમ કાર્ય કર્યું. અલબત્ત, જૈનસંમત યોગઘટકોને બ્રાહ્મણ-પરંપરાસંમત યોગઘટકો સાથે સરખાવવાનું સર્વપ્રથમ શ્રેય શ્રી હરિભદ્રસૂરિના ફાળે જાય છે જેમકે તેમણે 'યોગબિંદુ'માં અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતાને પતંજલિસંમત સંપ્રજ્ઞાત સાથે અને વૃત્તિસંક્ષયને અસંપ્રજ્ઞાત સાથે સરખાવ્યાં છે.[૨] શ્રી યશોવિજયજીએ હરિભદ્રસૂરિના આરંભેલા કાર્યને 'લેશ' વ્યાખ્યાની રચના દ્વારા પરિપૂર્ણ કક્ષાએ પહોંચાડ્યું છે. આ ધ્યેયસિદ્ધિની પરિપૂર્ણતા માટે તેઓએ બ્રાહ્મણ પરંપરા તરફ નહીં રાખેલી સૂગ, પરદર્શનનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટેની તેમની નિર્ભીકતા, બન્ને વિચારધારાની તુલના વખતનું તેમનું તાટસ્થ્ય, અને આવી તુલના દ્વારા બન્ને પરંપરાના પુરાતન કાળથી ચાલ્યા આવતા પારસ્પરિક વિરોધનું શમન કરવાનો તેમનો સન્નિષ્ઠ તેમજ પ્રશસ્ય પ્રયાસ અવશ્ય નોંધપાત્ર છે. પ્રસ્તુત ટીકામાં બહુ જ અલ્પ સ્થળોએ તેમનો સ્વમત (જૈન મત) તરફનો આગ્રહ જોવા મળે છે, પણ તે સત્ય છે, કારણકે, પ્રાચીન કાળમાં પરમતનું ખંડન કરવાનું વાતાવરણ હતું, જે તેમને ખાસ સ્પર્શ્યું નથી.

પ્રસ્તુત વ્યાખ્યા દ્વારા પાતંજલયોગસૂત્રોને જૈનમતના પરિપ્રેક્ષ્યમાં તેમણે તપાસ્યાં છે અને તેમનું તુલનાત્મક અધ્યયન કરીને એ વિચારણાને સવિશેષ સ્પષ્ટ

કરી છે. આ પ્રકારના કાર્યનું સર્વપ્રથમ શ્રેય શ્રી યશોવિજયજીના ફાળે જાય છે.

તેમણે બધાં જ સૂત્રો ઉપર વૃત્તિ લખી નથી, પરંતુ માત્ર ૨૭ સ્થળોએ જ વૃત્તિ લખી છે. એટલેકે, જ્યાં જરૂર જણાઈ છે ત્યાં જ વૃત્તિ લખી છે. આ સ્થળોની સ્પષ્ટતા નીચે પ્રમાણે છે :

| | પાતંજલયોગ-સૂત્રનો વિભાગ | પા.યો. સૂત્રોની સંખ્યા | જે સૂત્રની વૃત્તિ લખી છે તે સૂત્રના ક્રમાંક | વૃત્તિવાળાં સ્થળોની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | સમાધિપાદ | ૫૧ | ૨, ૬થી ૧૧, ૧૨, ૧૭, ૧૮, ૧૯થી ૨૦, ૩૩, ૩૪, ૪૧થી ૪૬, ૪૮ | ૧૦ |
| ૨. | સાધનપાદ | ૫૫ | ૧, ૩થી ૪, ૫થી ૯, ૧૦, ૧૩, ૧૫, ૧૯, ૩૧, ૩૨, ૫૫ | ૧૦ |
| ૩. | વિભૂતિપાદ | ૫૫ | ૧ | ૧ |
| ૪. | કૈવલ્યપાદ | ૩૪ | ૧૨, ૧૩થી ૧૪, ૧૮, ૧૯થી ૨૩, ૩૧, ૩૩ | ૬ |
| | કુલ | ૧૯૫ | | ૨૭ |

ઉપર્યુક્ત લેશવ્યાખ્યામાં શ્રી યશોવિજયજીએ (૧) યોગસૂત્રસંમત કયાં ઘટકો જૈન વિચારધારામાં કયા શબ્દ રૂપે છે અને કયા અર્થ રૂપે છે તેની વ્યવસ્થા કરી છે. (૨) પતંજલિસંમત કેટલાંક યોગઘટકોની વિશેષ સ્પષ્ટતા કરી છે. (૩) જૈન મતને અનુકૂળ એવા સુધારા પતંજલિની વિચારધારામાં સૂચવ્યા છે. (૪) કેટલાંક સ્થળોએ ભિન્ન અર્થઘટન આપ્યું. (૫) અને કેટલાંક સ્થળોએ જૈન મતની પુષ્ટિ બતાવી, જૈન વિચારધારા તરફ અહોભાવ પ્રગટ કર્યો છે. તે ટૂંકમાં આ પ્રમાણે છે :

**(૧)** જૈન યોગઘટકો પાતંજલયોગના સુગ્રથિત ચોકઠામાં કયાં બંધબેસતાં આવે છે, તેની તેમણે નીચે પ્રમાણે સ્પષ્ટતા કરી છે :

| પાતંજલયોગ-સૂત્રક્રમાંક | પાતંજલયોગનાં ઘટકો | જૈનસંમત યોગઘટકો |
|---|---|---|
| ૧:૧૭ ૧:૧૮ | સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ | વૃત્તિક્ષય (અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એમ પાંચ ભેદો યોગના છે, જેનું નિરૂપણ હરિભદ્રસૂરિકૃત 'યોગબિંદુ'માં છે.) |
| ૧:૧૭ | સંપ્રજ્ઞાત સમાધિ | પૃથક્ત્વવિતર્ક સવિચાર અને એકત્વવિતર્ક અવિચાર આ બે શુક્લધ્યાનો છે. (પૂજ્યપાદે તત્ત્વાર્થવૃત્તિમાં કરેલી સ્પષ્ટતા અનુસાર આ બે ધ્યાનો ઉત્તરોત્તર ઊંચી વધતી બે ક્રમિક |

| | | |
|---|---|---|
| | | કક્ષાઓ છે.[3]) |
| ૧:૧૮ | અસંપ્રજ્ઞાત સમાધિ | કેવલજ્ઞાન. |
| ૨:૩;૪ | અવિદ્યા, અસ્મિતા આદિ પાંચ ક્લેશો | મોહનીય કર્મના ઔદયિક ભાવવિશેષ. |
| ૨:૫થી ૯ | (ક) અવિદ્યા | મિથ્યાત્વ. (સ્થાનાંગોક્ત ૧૦ પ્રકારનું મિથ્યાત્વ) |
| | (ખ) અસ્મિતા | (૧) જો અસ્મિતાનો અર્થ આરોપ એવો કરવામાં આવે તો તેનો અંતર્ભાવ મિથ્યાત્વમાં થાય. (૨) અને જો તેને અહંકાર – મમતાનું બીજ માનવામાં આવે તો તે રાગદ્વેષરૂપ છે. |
| | (ગ) રાગ<br>(ઘ) દ્વેષ | આ બન્ને કષાયના ભેદો છે. |
| | (ઙ) અભિનિવેશ | ભયસંજ્ઞા ઉપરાંત આહાર, મૈથુન અને પરિગ્રહનો સમાવેશ પણ અહીં થશે. |
| ૨:૪ | આ ક્લેશોની ચાર અવસ્થાઓ છે | |
| | (ક) પ્રસુપ્ત | કર્મદલિકનો નિષેક (રચનાવિશેષ) ન થાય ત્યાં સુધીની કર્માવસ્થા. |
| | (ખ) તનું | ઉપશમ કે ક્ષયોપશમ. |
| | (ગ) વિચ્છિન્ન | વિરોધી પ્રકૃતિનાં ઉદયાદિ કારણોને લીધે કોઈ કર્મપ્રકૃતિનો ઉદય રોકાઈ જવો તે. |
| | (ઘ) ઉદાર | ઉદયાવલિકાની પ્રાપ્તિ. |
| ૨:૧૦ | ઉપર્યુક્ત પાંચ ક્લેશોનો નાશ ચિત્તના નાશની સાથે થાય છે. | મોહપ્રધાન ઘાતિકર્મનો નાશ (બારમા ગુણસ્થાનસંબંધી) યથાખ્યાત ચરિત્રથી થાય છે. |
| ૨:૩૧ | સાર્વભૌમ યમાદિ મહાવ્રત છે. | સર્વવિશેષણયુક્ત યમાદિ મહાવ્રત છે. દેશવિશેષણયુક્ત યમાદિ અણુવ્રત છે. |
| ૨:૩૨ | બાહ્ય શૌચ | દ્રવ્યશૌચ. |
| | આભ્યંતર શૌચ | ભાવશૌચ. અહીં એવી પણ સ્પષ્ટતા કરી છે કે જે દ્રવ્યશૌચ ભાવશૌચને બાધિત ન હોય તે જ દ્રવ્યશૌચ ગ્રાહ્ય છે. |
| ૧:૪૮ | ઋતંભરા પ્રજ્ઞા | કેવલજ્ઞાનરૂપી સૂર્યોદયની પૂર્વે આવતો અરુણ પ્રકાશ. |
| ૨:૧ | ચિત્તની પ્રસન્નતાને બાધા ન પહોંચાડે તે જ તપ સેવવું. | જેનાથી આભ્યંતર તપમાં વૃદ્ધિ થાય તે બાહ્યતપ કરવું. |

| | | |
|---|---|---|
| ૧:૧૫ | અપર વૈરાગ્ય | આપાત ધર્મસંન્યાસ |
| ૧:૧૬ | પર વૈરાગ્ય | તાત્ત્વિક ધર્મસંન્યાસ |

ઉપર ક્રમાંક એકમાં એક સ્પષ્ટતા જરૂરી છે કે, શ્રી યશોવિજયજીએ લેશ-વ્યાખ્યામાં અધ્યાત્મ આદિ પાંચ યોગાંગોમાંના છેલ્લા યોગાંગમાં (વૃત્તિસંક્ષયમાં) સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત બન્નેનો અંતર્ભાવ કર્યો છે[૪], 'યોગવિંશિકા'માં સમતા અને વૃત્તિક્ષયને અનાલંબન સાથે સરખાવ્યાં[૫] છે. અને અનાલંબનને સંપ્રજ્ઞાત સાથે સરખાવ્યો છે.[૬] આમ વૃત્તિસંક્ષયને સંપ્રજ્ઞાત સાથે સરખાવવામાં કશો વિવાદ નથી. પરંતુ લેશવ્યાખ્યામાં તેમણે ત્યાં (વૃત્તિક્ષય)માં અસંપ્રજ્ઞાતનો પણ અંતર્ભાવ કર્યો છે તેની સંગતિ બેસાડવી પડે. તે એ રીતે બેસાડી શકાય કે શ્રી હરિભદ્રસૂરિ અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતાને પતંજલિસંમત સંપ્રજ્ઞાત સાથે અને વૃત્તિક્ષયને અસંપ્રજ્ઞાત સાથે સરખાવે છે.[૭] આમ વૃત્તિક્ષય શ્રી હરિભદ્રસૂરિના મતે અસંપ્રજ્ઞાત છે અને શ્રી યશોવિજયજીના મતે સંપ્રજ્ઞાત છે. અહીં વૃત્તિસંક્ષયમાં સંપ્રજ્ઞાત અસંપ્રજ્ઞાત બન્નેનો અંતર્ભાવ કરીને શ્રી યશોવિજયજીએ પોતાના મતનો અને પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિના મતનો સમન્વય કર્યો છે. અથવા બીજી રીતે પણ સંગતિ બેસાડી શકાય કે વૃત્તિક્ષય પછી કેવલજ્ઞાન થાય છે અને કેવલજ્ઞાનને યશોવિજયજી અસંપ્રજ્ઞાત સાથે સરખાવે છે.[૮] આમ વૃત્તિક્ષય એ કેવલજ્ઞાનનું કારણ હોવાથી તે પરંપરયા અસંપ્રજ્ઞાત છે. અહીં વૃત્તિક્ષયની પરિપક્વ અવસ્થા તેમને અભિપ્રેત છે એમ સ્વીકારવું પડે. આના આધારે એવું પણ અનુમાન કરી શકાય કે 'યોગવિંશિકા'માં આ ઉચ્ચ યોગ ભૂમિકાઓની સવિશેષ સ્પષ્ટતા છે તેથી યશોવિજયજીએ લેશ-વ્યાખ્યા પછી 'યોગવિંશિકા'ની વ્યાખ્યા લખી હશે. અલબત્ત, આ અનુમાનના સમર્થન માટે બન્ને વ્યાખ્યાની સૂક્ષ્મ તપાસ આવશ્યક છે.

(૨) પતંજલિસંમત કેટલાંક યોગઘટકોની તેમણે સવિશેષ સ્પષ્ટતા કરી છે જે ટૂંકમાં નીચે પ્રમાણે છે :

(ક) યોગસૂત્ર અને વ્યાસભાષ્યમાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાનો ઉપયોગ ક્યાં કરવાનો છે તેનો માત્ર નિર્દેશ કર્યો છે, જ્યારે યશોવિજયજીએ એ ચારેયનાં અર્થઘટનો આપીને તેમનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. જેમકે :

મૈત્રી = પરહિતની ચિંતા.

કરુણા = પરદુઃખનો નાશ કરવો તે.

મુદિતા = અન્યના સુખમાં સંતોષ.

ઉપેક્ષા = અન્યના દોષની ઉપેક્ષા કરવી તે.

ઉપરાંત મૈત્રી આદિના પ્રભેદો પણ બતાવ્યા છે.[૯]

(ખ) 'વિવેકી માટે દૃશ્ય પ્રપંચ દુઃખરૂપ છે' એવા યોગસૂત્રકારના વિધાનની સંગતિ જૈનસંમત 'નિશ્ચયનય દ્વારા બેસાડી શકાય.[૧૦]

(ગ) ભવપ્રત્યય અસંપ્રજ્ઞાત સમાધિ દેવો અને પ્રકૃતિલય નામના ઉપાસકોને હોય છે. યશોવિજયજી સ્પષ્ટતા કરે છે કે આ દેવો લવસમમ દેવો છે.[૧૧] અહીં એવો

પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, યશોવિજયજી અસંપ્રજ્ઞાતને કેવલજ્ઞાન સાથે સરખાવે છે.[૧૨] જ્યારે જૈન મત દેવોમાં કેવલજ્ઞાનનો અભાવ માને છે.[૧૩] આથી લવસપ્તમ દેવોને અસંપ્રજ્ઞાત સમાધિ શી રીતે સંભવે ? તેની સંગતિ એમ બેસાડી શકાય કે આ દેવોનો તે ભવ થોડા જ સમયમાં પૂરો થતાં તેમને કેવલજ્ઞાન થાય છે તેથી પરંપરયા તેમને અસંપ્રજ્ઞાત સમાધિ માની શકાય.[૧૪]

(૩) શ્રી યશોવિજયજીએ જૈનમતને સુસંગત હોય તે રીતે પાતંજલ વિચારણામાં સુધારા સૂચવીને એ વિચારણાને જૈનમતાનુરૂપ પરિષ્કૃત-પરિશુદ્ધ કરવા પ્રયાસ કર્યો છે જે ટૂંકમાં નીચે પ્રમાણે છે :

| પાતંજલયો.સૂત્ર ક્રમાંક | પાતંજલ-યોગદર્શનની વિચારધારા | જૈનમતાનુસારી તે વિચારણાની પરિશુદ્ધિ |
|---|---|---|
| ૧:૨ | લક્ષણ : योगश्चित्तवृत्ति-निरोधः | योगःक्लिष्टचित्तवृत्तिनिरोधः |
| ૧:૬થી ૧૧ | વૃત્તિઓ પાંચ છે : પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ | પ્રમાણ અને વિપર્યયમાં વિકલ્પાદિ ત્રણનો અંતર્ભાવ થતો હોવાથી પ્રમાણ અને વિપર્યય આ બે જ સ્વીકારવા જોઈએ. |
| ૨:૧૯ | અસત્‌ની ઉત્પત્તિ નથી અને સત્‌નો અભાવ નથી. | આ સિદ્ધાન્ત સ્વીકારવાથી પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવનો અસ્વીકાર કરવો પડશે. ઉપરાંત આ અસ્વીકારને લીધે કાર્યમાં અનાદિત્વ અને અનંતત્વ સ્વીકારવું પડશે. આથી એવી વ્યવસ્થા કરવી જરૂરી છે કે અસત્‌નો કથંચિત્ ઉત્પાદ છે અને સત્‌નો કથંચિત્ અભાવ છે. |
| ૨:૪૬ | સમાપત્તિ સબીજ છે. | ઉપશાન્ત મોહની અપેક્ષાએ તે સબીજ છે અને ક્ષીણમોહની અપેક્ષાએ તે નિર્બીજ છે. |
| ૩:૫૫ | (ક) ઐશ્વર્ય (સમાધિ-રૂપ) સંયમજન્ય છે. | ઐશ્વર્ય લબ્ધિરૂપ છે. |
| | (ખ) વિવેકજન્ય જ્ઞાનવાળાને અને તેના અભાવવાળાને પણ જો તે શુદ્ધિતુલ્ય બની જાય તો તેને કૈવલ્ય (મોક્ષ) મળે છે. | વિવેકજન્ય કેવલજ્ઞાન સિવાય શુદ્ધિતુલ્ય બનાતું જ નથી. |

| | | |
|---|---|---|
| | (ગ) મોક્ષનું સીધું કારણ વિવેકખ્યાતિ છે, સિદ્ધિરૂપ ઐશ્વર્ય હોય કે ન પણ હોય. | કેવલજ્ઞાનની હાજરી નકારી શકાય નહીં. |
| ૪:૧૮ | ચિત્ત દ્વારા બાહ્ય પદાર્થ ક્યારેક જ્ઞાત હોય છે તો ક્યારેક અજ્ઞાત હોય છે તેથી ચિત્ત પરિણામી છે, જ્યારે પુરુષ(આત્મા)ને ચિત્તવૃત્તિઓ સદા જ્ઞાત છે તેથી તે અપરિણામી છે. | વ્યંજનાવગ્રહ થાય ત્યારે વિષયોની જ્ઞાતતા અને ક્યારેક ન થાય ત્યારે અજ્ઞાતતાની સંગતિ બેસાડી શકાય. આત્મા પણ પરિણામી છે. આ વ્યવસ્થા પ્રમાણે સદાજ્ઞાતતાની બાબતમાં કોઈ વિસંગતિ આવતી નથી, કારણ કે, ચિત્ત જ્ઞાનરૂપ છે અને જ્ઞાન આત્માનો ધર્મ છે, તેથી તે આત્માથી અજ્ઞાત રહી શકે નહીં. |
| ૪:૧૯થી ૨૩ | (ક) ચૈતન્ય સ્વપ્રકાશ છે. | ચૈતન્ય અનાવૃત દશામાં સ્વપ્રકાશ છે અને આવૃત દશામાં પરપ્રકાશ છે. |
| | (ખ) ચૈતન્ય સ્વતંત્ર છે. | ચૈતન્ય ગુણ છે અને તે ગુણી (આત્મા)નું આશ્રિત છે. |
| | (ગ) ચૈતન્ય કોઈનો અંશ નથી એ અર્થમાં તે નિર્ગુણ છે. | સાંસારિક ગુણોના અભાવમાં તેને નિર્ગુણ કહી શકાય. |
| ૪:૩૧ | જ્ઞાન અનંત છે, જ્યારે જ્ઞેય અલ્પ છે. | જ્ઞેય અનંત છે તેથી જ્ઞાન અનંત છે. |
| ૪:૩૩ | નિત્યતા બે પ્રકારની છે : કૂટસ્થનિત્યતા અને પરિણામિનિત્યતા | કૂટસ્થનિત્યતાનું અસ્તિત્વ નથી. |
| ૧:૩૪ | પ્રાણાયામ મનની સ્થિરતા માટેના વિવિધ ઉપાયોમાંનો એક ઉપાય છે. | પ્રાણાયામ મનને વ્યાકુળ કરે છે. |

ઉપર જણાવેલા દશ સુધારામાં કેટલાક વિશે સ્પષ્ટતા કરવી આવશ્યક છે જેમકે (૧) યોગના લક્ષણની બાબતમાં બન્ને પરંપરા પોતપોતાની વિચારધારા પ્રમાણે સાચી છે. (૨) વૃત્તિઓના પ્રમાણાદિ પ્રકારોની બાબતમાં યશોવિજયજીનો તર્ક પણ ન્યાયસંગત છે અને યોગસૂત્રકાર સંમત પાંચ પ્રકારો પણ યોગ્ય છે, કારણકે યોગસૂત્રકારને વૃત્તિઓની વિચારણામાં આ પાંચ જ ઘટકો અભિપ્રેત છે.

આ પાંચ સિવાયનાં અન્ય ઘટકો અભિપ્રેત નથી. (૧૦) યશોવિજયજીની પ્રાણાયામ તરફની અરુચિ પ્રાણાયામપ્રધાન હઠયોગની નિંદાના સંદર્ભમાં છે.

(૪) યશોવિજયજીએ જૈન મતને સુસંગત હોય તેવાં ભિન્ન અર્થઘટનો પણ કેટલાંક સ્થળે આપ્યાં છે જેમકે :

(૧) ઇન્દ્રિયવશ્યતાની બાબતમાં ભાષ્યકાર અનેક મતોનો ઉલ્લેખ કરીને સ્વમત રજૂ કરતાં કહે છે કે વિષયોની સાથે ઇન્દ્રિયોનો સંબંધ રોકવો તે ઇન્દ્રિયજય છે, જ્યારે યશોવિજયજી જુદો ઉપાય બતાવે છે કે વ્યુત્થાન અને ધ્યાન બન્ને અવસ્થામાં સમાન ઉપયોગી બની રહે તે માટે ઇન્દ્રિય અને વિષયના સંબંધ વખતે પણ રાગદ્વેષનો અભાવ રાખવો તે ઇન્દ્રિયજય છે; ઉપરાંત ઇન્દ્રિયજયનો એક માત્ર ઉપાય જ્ઞાનરૂપ રાજયોગ છે, પ્રાણાયામાદિ હઠયોગ નહીં[૧૫] શ્રી યશોવિજયજીનું આ અર્થઘટન ભગવદ્ગીતાની વિચારધારાને સુસંગત છે, કારણકે ત્યાં પણ રાગ-દ્વેષરહિતતા કેન્દ્રમાં છે.[૧૬] અલબત્ત, ગીતામાં ઇન્દ્રિયજય માટે અનેક માર્ગોનું નિરૂપણ છે.

(૨) ઈશ્વરપ્રણિધાન એટલે સર્વ ક્રિયાઓ ઈશ્વરને અર્પવી અથવા કર્મફલનો સંન્યાસ કરવો તે, આવું અર્થઘટન ભાષ્યકાર આપે છે, જ્યારે જૈન મત એક ઈશ્વરનો સ્વીકાર કરતો નથી, તેથી યશોવિજયજી સ્વમતને સુસંગત રહે તેવું અર્થઘટન આપે છે કે પ્રત્યેક કર્માનુષ્ઠાન વખતે શાસ્ત્રનું સ્મરણ રાખીને આદિ પ્રવર્તક પરમગુરુને હૃદયમાં રાખવો તે ઈશ્વરપ્રણિધાન છે.[૧૭]

(૫) અલબત્ત, યશોવિજયજીએ બન્ને પરંપરાનાં યોગઘટકોની તપાસ અને તુલના તટસ્થ ભાવે અને આગ્રહ સિવાય કરી છે. આમ છતાં થોડાંક સ્થળોએ સ્વપરંપરા તરફનો આગ્રહ સેવ્યો છે ખરો. જેમકે :

(૧) યોગસૂત્રકાર સત્કાર્યવાદ અનુસાર વસ્તુના ધર્મની ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલીન કાળકૃત અવસ્થાઓની સંગતિ બેસાડે છે, પરંતુ શ્રી યશોવિજયજી એવી સ્પષ્ટતા કરે છે કે, વસ્તુને દ્રવ્યપર્યાયરૂપ માનવામાં આવે તો જ આ વ્યવસ્થા સુસંગત બની શકે.[૧૮] જોકે આ વિચારણામાં તેઓ એવું કહી શક્યા હોત કે આ વ્યવસ્થા સ્યાદ્વાદ દ્વારા સરળતાથી શક્ય બની શકે છે. પરંતુ તેમ ન કરતાં તેમણે ખંડનમંડનપદ્ધતિનો આશ્રય લીધો છે.

(૨) યોગસૂત્રકારના મતે તમામ પદાર્થો ત્રિગુણાત્મક છે. છતાં एकः शब्दः એવા એકત્વનો જે વ્યવહાર કરવામાં આવે છે તેની સંગતિ પરિણામની એકતાના સંદર્ભમાં માનવી જોઈએ, જ્યારે શ્રી યશોવિજયજી આગ્રહપૂર્વક કહે છે કે સ્યાદ્વાદના સ્વીકાર સિવાય આ સંગતિ શક્ય નથી.[૧૯]

સ્વમત તરફનો આવો અભિગમ સ્વાભાવિક છે. એટલું જ નહીં, સ્વમતને વળગી રહેવાની અને પરમતનું ગમે તે રીતે ખંડન કરવાના વાતાવરણમાં આટલો

સ્વલ્પ આગ્રહ તેમની તટસ્થતામાં કશો વિક્ષેપ કરતો નથી. તેમણે કરેલી આ તપાસણી જોતાં એટલું અવશ્ય કહી શકાય કે, તેમને બન્ને પરંપરાની યોગવિચારણાનું તલસ્પર્શી જ્ઞાન હતું અને તેમણે બન્ને પરંપરાના વિરોધને ટાળી, સમન્વય સાધવાનો નિર્ભીકપણે પ્રયાસ કરીને એક નવી કેડી પાડી છે, જે વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન જૈન-બ્રાહ્મણ પરંપરાના અભ્યાસીઓને આદર્શ માર્ગદર્શન પૂરું પાડે છે. તેની નોંધ અવશ્ય લેવી પડે. અસ્તુ

**પાદટીપ**

૧. યોગદર્શન, પં. સુખલાલજીકૃત પ્રસ્તાવના, પૃ.૧૪-૩૫.
૨. યોગબિંદુ, ૪૧૮, ૪૨૦ ઉપરાંત પં. સુખલાલજીકૃત પ્રસ્તાવના, પૃ.૬૩.
૩. તત્ત્વાર્થસૂત્ર, સર્વાર્થસિદ્ધિ ૯-૪૪.
૪. द्विविधोऽप्ययं अध्यात्मभावनाध्यानसमतावृत्तिक्षयभेदेन पंचधोक्तस्य योगस्य पञ्चम भेदेऽवतरति। પા.યો., ૧-૧૮, પૃ.૬.
૫. ध्यानस्यालम्बने। समतावृत्तिसंक्षयोश्च तदन्ययोगे इति भावनीयम्। યો.વિં., ગા.૩, પૃ.૬૩.
૬. निरालम्बनध्याने लब्धे मोहसागरस्य....तरणं भवति...एष एव सम्प्रज्ञातः समाधिस्तीर्थान्तरीयैर्गीयते, ... યો.વિં., ગા.૨૦, પૃ.૮૮.
૭. યોગબિંદુ, ૪૧૮; ૪૨૦ ઉપરાંત યોગદર્શન-યોગવિંશિકાની પં. સુખલાલજીકૃત પ્રસ્તાવના, પૃ.૬૩.
૮. પા.યો., ૧:૧૮, પૃ.૬.
૯. પા.યો., ૧:૩૩.
૧૦. પા.યો., ૨:૧૫.
૧૧. પા.યો., ૧:૧૯.
૧૨. પા.યો., ૧:૧૮.
૧૩. નંદિસૂત્ર.
૧૪. આ સંગતિ પૂ. પ્રદ્યુમ્નવિજયગણિએ બેસાડી છે.
૧૫. પા.યો., ૨:૫૫.
૧૬. ભગવદ્ગીતા, ૨:૫૭; ૨:૬૪; ૫:૨૦; ૧૨:૧૭; ૧૨:૧૮; ૧૮:૫૧.
૧૭. પા.યો., ૨:૧.
૧૮. द्रव्यपर्यायात्मनैवाध्वत्रयसमावेशो युज्यते, नान्यथा, निमित्तस्वरूपभेदस्य परेणापि अवश्याश्रयणीयत्वात्। પા.યો., ૪:૧૨.
૧૯. एकानेक परिणामस्याद्वादाभ्युपगमं विना दुःश्रद्धानमेतत्। પા.યો., ૪:૧૪.

☐

# 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા'

અભયશેખરવિજયજી

'महाजनो येन गतः स पन्थाः' આ ન્યાયને મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ જેમાં સાર્થક કર્યો છે તે ગ્રન્થ એટલે 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા.' તાર્કિકશિરોમણિ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજાએ બત્રીશ શ્લોકની બનેલી બત્રીશી રચી. અષ્ટક, ષોડશક, વિંશિકા અને પંચાશક જેઓના હાલ પણ ઉપલબ્ધ છે તે ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ બત્રીશી પણ રચી હશે એવી કલ્પના અશક્ય નથી. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજાએ પણ બત્રીશીઓ રચી છે. મહાજનોએ કંડારેલા આ માર્ગે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાયજીએ પણ પદાર્પણ કરી એક નહીં, બે નહીં... બત્રીશ-બત્રીશ બત્રીશીઓની હૃદયંગમ રચના કરી છે. ગ્રન્થના નામ અનુસાર બત્રીશેય પ્રકરણોમાં બત્રીશ-બત્રીશ મૂળ શ્લોકો છે, ન ન્યૂન, ન અધિક. આ થઈ મૂળ ગ્રન્થની વાત.

એના પર ઉપાધ્યાયજીએ 'तत्त्वार्थदीपिका' નામની સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે. આ સ્વોપજ્ઞ વૃત્તિનું નામ 'तत्त्वार्थदीपिका' છે એ પ્રશસ્તિના નીચેના શ્લોક પરથી જાણી શકાય છે –

यशोविजयनाम्ना तच्चरणांभोजसेविना ।
द्वात्रिंशिकानां विवृतिश्चक्रे तत्त्वार्थदीपिका ॥

કેટલાક મૂળ શ્લોકો પર વિસ્તૃત વૃત્તિ છે, તો કેટલાક પર સંક્ષિપ્ત અવચૂરિ જેવી. કેટલાક શ્લોકોની વૃત્તિમાં સાક્ષીપાઠો ટાંકીને જ અભિપ્રેતાર્થ જણાવ્યો છે તો કેટલાક શ્લોકોની વૃત્તિમાં માત્ર દિક્પ્રદર્શન કરી વિસ્તાર માટે અન્ય ગ્રન્થોનો નિર્દેશ કર્યો છે. આ અન્ય ગ્રન્થો તરીકે બહુધા સ્વકીય જ ધર્મપરીક્ષા, સ્યાદ્વાદ કલ્પલતા, ઉપદેશરહસ્ય વગેરે ગ્રન્થો છે. સંખ્યાબંધ શ્લોકો પર તો 'स्पष्टः' ઇત્યાદિ કહીને વૃત્તિ જ રચી નથી. જેમકે બત્રીશમી બત્રીશીના તો એકેય શ્લોક પર વૃત્તિ રચી નથી. વળી લગભગ ૮૦ % જેટલા શ્લોકોની અવતરણિકા કરી નથી. વૃત્તિગ્રન્થની આ બધી પ્રથમ નજરે આંખે ચડતી વાતો છે.

'અધ્યાત્મસાર'માં ઉપાધ્યાયજીએ કહ્યું છે કે –

शास्त्रात्परिचितां सम्यक् सम्प्रदायाच्च धीमताम् ।
ईहानुभवयोगाच्च प्रक्रियां कामपि ब्रुवे ॥७॥

શાસ્ત્ર, પ્રાજ્ઞ પુરુષોનો સંપ્રદાય અને સ્વકીય ઈહા ગ્રન્થગ્રથનના આ ત્રણ જે મૂળ સ્રોત આ શ્લોકમાં બતાવ્યા છે તેનો સ્પષ્ટ ઉપયોગ પ્રસ્તુત ગ્રન્થમાં જોવા મળે છે. અષ્ટકપ્રકરણ, ષોડશકપ્રકરણ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, ઉપદેશપદ અને પાતંજલ યોગદર્શન – મુખ્યતયા આ ગ્રન્થોમાંથી જાણવા મળેલી વાર્તાનો, સંપ્રદાય અને સ્વકીય ઈહા અનુસારે, પ્રસ્તુત ગ્રન્થમાં સંક્ષેપ યા વિસ્તાર કરવામાં આવ્યો છે. એટલેકે તે-તે મૂળ શાસ્ત્રમાં જ જેનો વિસ્તાર સુસ્પષ્ટ છે તેનો અહીં માત્ર સંક્ષેપથી જ ઉલ્લેખ કર્યો છે, જે-જે વાતનો પોતાને વધુ સ્પષ્ટ વિસ્તાર કરવાનો, સંપ્રદાય અને સ્વકીય વિચારણા-સ્ફુરણા અનુસારે, અવસર લાગ્યો તેનો-તેનો અહીં પરિમિત વિસ્તાર કર્યો છે, વિસ્તૃત વિસ્તાર માટે અન્ય ગ્રન્થનો નિર્દેશ કર્યો છે, કેમકે આ ગ્રન્થમાત્ર દિક્પ્રદર્શન માટે જ છે એવું ઉપાધ્યાય મહારાજે જ ૪/૧૨ની વૃત્તિમાં જણાવ્યું છે.

એટલે ઘડીકમાં એમ લાગે છે કે અષ્ટક-ષોડશક પ્રકરણ વગેરેનો આ સારસંક્ષેપગ્રન્થ છે, તો ઘડીકમાં એમ લાગે કે જુદાંજુદાં શાસ્ત્રોમાં પથરાયેલાં તે-તે સંદર્ભનાં પ્રતિપાદનોનો આ સંકલનાગ્રન્થ છે. દા.ત. અમુક બત્રીશીનો પ્રારંભ 'યોગબિન્દુ'ના અમુક અધિકારથી થયો હોય, પછી સમાન સંદર્ભવાળો એનો જ અન્ય અધિકાર આવે, પછી એના સંદર્ભવાળો પાતંજલ યોગદર્શનનો અધિકાર આવે, પછી 'યોગદૃષ્ટિસમુચ્ચય'નો થોડો અધિકાર આવે, પછી પાછો 'યોગબિન્દુ'-નો મૂળ અધિકાર આવી જાય. આવી-આવી સંકલનાઓ અષ્ટકપ્રકરણ વગેરેના પદાર્થોની પણ તે-તે બત્રીશીમાં છે. એમાં વળી વચ્ચેવચ્ચે ક્યારેક આગમપાઠોના સંદર્ભથી પણ પ્રસ્તુત અધિકારનું સમર્થન કરાયું છે. અન્યાન્યગ્રન્થમાં રહેલા સમાન સંદર્ભવાળા અધિકારોનું આ સંકલન, પદાર્થોની ધારણા કરી પૂર્વાપર અનુસંધાન કરવાની ઉપાધ્યાયજી મહારાજાની કુશળ પ્રતિભાને જણાવવા માટે પરિપૂર્ણ છે. વળી ક્યારેક એમ લાગે કે આ કોઈ ટિપ્પણગ્રન્થ છે. એટલેકે જેમ આચાર્યવર્ય શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજાએ કમ્મપયડી ચૂર્ણિ પર વિષમપદ ટિપ્પણ કર્યું છે – ચૂર્ણિગત તે-તે બાબતોનું હેતુ વગેરે બતાવવા દ્વારા સ્પષ્ટીકરણ કર્યું છે તેમ ઉપર્યુક્ત ગ્રન્થોના તે-તે અધિકારોની અમુકઅમુક બાબતો પર વિશેષ પ્રકાશ પાથરવા માટે ટિપ્પણગ્રન્થની રચના કરી ન હોય એવો આ ગ્રન્થ છે. ફેર એટલો છે કે અભિપ્રેત તે-તે ગ્રન્થાધિકારોનો એક સળંગ ગ્રન્થ જો હોત તો મને લાગે છે કે તેઓએ એવું ટિપ્પણ જ રચી લીધું હોત. પણ એવો સળંગ ગ્રન્થ ન હોવાથી, સ્વસંકલના અનુસારે એ-એ ગ્રન્થાધિકારોને ગોઠવી આ નવો ગ્રન્થ રચ્યો છે અને વિશેષ પ્રકાશ પાથર્યો છે.

૧૪૪૪ ગ્રન્થપ્રણેતા યાકિનીમહત્તરાસૂનુ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપલબ્ધ આગમાદિ શાસ્ત્રોમાં ન મળતી અથવા નિર્દેશમાત્ર રૂપે મળતી ઘણી બાબતો પર સ્વકીય માર્ગાનુસારી પ્રજ્ઞાના પ્રભાવે સુંદર પ્રકાશ પાડ્યો,

શંકા-સમાધાન દ્વારા ઘણી બાબતોનું યથાર્થ નિર્ણયાત્મક પ્રરૂપણ કર્યું – કેટલીય આગમિક બાબતોને હેતુવાદની કસોટી પર ચઢાવી તર્કપૂર્ણ સિદ્ધ કરી, કેટલાંય મૌલિક નિરૂપણો અને નિષ્કર્ષોથી જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને તૃપ્ત કરી છે. એ જ રીતે ઉપાધ્યાયજી મહારાજે શાસ્ત્રીય બાબતો અંગે ઢગલાબંધ નિષ્કર્ષો, મૌલિક સુસંવાદી પ્રરૂપણો, આગમિક બાબતોનું તર્કપુરસ્સર પ્રરૂપણ, નિર્દોષ લક્ષણો, શાસ્ત્રવચનોનાં તાત્પર્ય વગેરે પ્રરૂપવા દ્વારા જિજ્ઞાસુઓને સાનંદ આશ્ચર્યના અફાટ સમુદ્રમાં ગરકાવ કરી દીધા છે. આ ગ્રન્થમાં ઠેરઠેર આ વાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી. એ જ રીતે હરિભદ્રસૂરિ મહારાજાએ મૂળ ગ્રંથમાં સંક્ષેપમાં પ્રરૂપેલી વાતોને ઉપાધ્યાયજી મહારાજે એમાં હેતુપ્રદર્શન, શંકા-સમાધાન વગેરે કરીને વધુ સુસ્પષ્ટ કરી છે. પૂર્વવૃત્તિકારે વિભાગીકરણપૂર્વક વિશદ વિવેચન કદાચ ન કર્યું હોય, તો યોગ્ય વિભાગીકરણપૂર્વક તે બાબતને વધુ વિશદ કરેલી હોય એવું પણ આ ગ્રન્થમાં જોવા મળે છે.

જેમકે, ચોથી જિનમહત્ત્વદ્વાત્રિંશિકામાં પ્રભુના સંવત્સરીદાન અંગે એક વાત આવે છે કે "પ્રભુનો પ્રભાવ જ એવો હોય છે કે જીવો સંતોષ સુખવાળા બને છે." આમાં ઉપાધ્યાયજી મહારાજાએ સંતોષસુખનું એવું પૃથક્કરણ કરી દેખાડ્યું છે કે "ધનગ્રહણ કરવાની ઇચ્છા ઊભી કરનાર કર્મ જેઓનું સોપક્રમ હોય તેઓને અનિચ્છારૂપ સંતોષ થાય છે અને તે કર્મ જેઓનું નિરુપક્રમ હોય તેઓને પરિમિત ઇચ્છારૂપ સંતોષ થાય છે." આ વિભાગીકરણથી જ એ દાનનો સર્વથા અભાવ થઈ જવાની શંકાનું પણ નિરાકરણ કરી દીધું છે અને અસંખ્ય દાનની અસંભાવનાનું સમર્થન પણ કરી દીધું છે.

ઉપાધ્યાયજીએ ભવવિરહાંક શ્રી હરિભદ્રસૂરિ મહારાજાની પ્રરૂપેલી વાતોનું, તેમના પછી ઊભા થયેલા પૂર્વપક્ષોનું કે અન્ય સંભવિત શંકાઓનું નિરાકરણ કરીને સમર્થન કર્યું છે તેમજ વધુ સ્પષ્ટીકરણ કર્યું છે. જેમકે (૧) નિજભાવની જ નિજઆત્મામાં મુખ્ય પ્રતિષ્ઠા થાય છે અને પ્રતિમામાં ઉપચારથી પ્રતિષ્ઠા થાય છે. પ્રતિષ્ઠિતત્વના પ્રતિસંધાન દ્વારા થયેલ સમાપત્તિથી પૂજાફળની પ્રાપ્તિ થાય છે. આ વાસ્તવિકતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પ્રરૂપેલી છે. તત્ત્વચિન્તામણિકારનો મત એવો છે કે "प्रतिष्ठितं पूजयेद्" એવું વિધિવાક્ય क्तપ્રત્યયાન્ત હોઈ અતીતપ્રતિષ્ઠાને યાને પ્રતિષ્ઠાધ્વંસને પૂજાફળપ્રયોજક જણાવે છે. એટલેકે પ્રતિષ્ઠાકાલીન સઘળા અસ્પૃશ્યસ્પર્શાદિના સંસર્ગાભાવથી જે યુક્ત હોય એવો પ્રતિષ્ઠાધ્વંસ પૂજ્યતાનો પ્રયોજક છે. 'अविचारितरमणीयं' કહીને ઉપાધ્યાયજી મહારાજે આનું નિરાકરણ કર્યું છે કે પ્રતિષ્ઠા જો પ્રતિષ્ઠા અંગેની વિહિત ક્રિયાની ઇચ્છારૂપ હોય તો એનો ધ્વંસ પ્રતિમામાં રહ્યો ન હોઈ એ, પ્રતિમાને પૂજ્ય શી રીતે બનાવે ? પ્રતિષ્ઠા જો પ્રતિષ્ઠાપક અને પ્રતિમાના, વિધિ માટે થયેલ વિશિષ્ટ સંયોગરૂપ હોય તો એનો

ધ્વંસ દ્વિષ્ઠ હોઈ પ્રતિમાની જેમ પ્રતિષ્ઠાપક પણ પૂજ્ય બની જાય. વળી પ્રતિષ્ઠાધ્વંસ એ કારણીભૂત અભાવરૂપ બનવાથી પ્રતિષ્ઠા પૂજાફળની પ્રતિબંધક હોવાનું ફલિત થઈ જવાની આપત્તિ આવે. વળી क्तપ્રત્યયવાળાં 'प्रोक्षिता व्रीहयः' ઇત્યાદિ સ્થળે પણ ધ્વંસની વ્યાપારરૂપ કલ્પના કરાયેલી નથી તો અહીં પણ શી રીતે કરાય ? એ કલ્પના એટલા માટે નથી કરી શકાતી કે કાલાન્તરભાવી ફળ અંગે ચિરકાળનષ્ટ કારણનો વ્યાપાર ભાવાત્મક જ હોય એવો નિયમ છે. અન્યથા દાનાદિના વ્યાપાર તરીકે કલ્પાયેલ અપૂર્વ (અદૃષ્ટ) ઊડી જ જવાની આપત્તિ આવે, કેમકે દાનધ્વંસને જ ત્યાં વ્યાપાર તરીકે કલ્પી શકાય છે.

(૨) બાળાદિને આપવાની દેશનાનું વિધાન 'ષોડશકપ્રકરણ'માં છે. એને અનુસરીને ઉપાધ્યાયજી મહારાજે એનું દેશનાબત્રીશીમાં નિરૂપણ કર્યું છે. એ પછી અવશિષ્ટ રહેલ શંકા-સમાધાન પણ ત્યાં કરીને પરિપૂર્ણતા સંપન્ન કરી છે. ત્યાં શંકા આવી છે કે "બાળાદિને તે-તે એકનયની દેશના આપવાનું તમે કહો છો એ શી રીતે યોગ્ય છે ? કેમકે એકાન્ત (એકનય) એ મિથ્યાત્વ છે." આ શંકાનું સમાધાન આપતાં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે "ભવિષ્યમાં શ્રોતાની અન્ય નયથી પણ જે વ્યુત્પત્તિ કરવાની હોય છે તેનો આ એકનય સાથે સમાહાર થવાથી પ્રમાણતા સંપન્ન થઈ જાય છે. માટે આ એકનયની દેશના પણ યોગ્યતા રૂપે પ્રમાણદેશના જ હોઈ મિથ્યા નથી. બાકી જેનાથી બુદ્ધિનો અંધાપો થાય એવી તો પ્રમાણદેશના પણ પ્રમાણ નથી."

અન્ય શાસ્ત્રકારની સ્વમાન્ય વાતોની ન્યૂનતા વગેરેનો પરિહાર કરી પૂર્ણતા કરવાનું પણ ઉપાધ્યાયજી મહારાજ ચૂક્યા નથી. જેમકે પ્રભુ ધ્વસ્તદોષ હોય છે એની સિદ્ધિ માટે સમંતભદ્રોક્ત અનુમાન આવું છે કે "કો'ક આત્મામાં દોષ અને આવરણની સંપૂર્ણ હાનિ થાય છે, કેમકે તારતમ્યવાળી હાનિરૂપ હોય છે, જેમકે સ્વહેતુઓથી થતો સુવર્ણમલક્ષય." આમાં પક્ષનો વિચાર કરતાં જે બાધ અને અસિદ્ધિ દોષ આવે છે તેનું પ્રદર્શન કરી શંકા-સમાધાન કરવા દ્વારા નિષ્કર્ષ કાઢી આપ્યો છે કે "દોષત્વ અને આવરણત્વ નિઃશેષ ક્ષીણ થતા પદાર્થમાં રહેલ છે, કેમકે અંશતઃ ક્ષીણ થતા પદાર્થમાં રહેલ જાતિરૂપ છે, જેમકે સ્વર્ણમલત્વ." આવા અનુમાનપ્રયોગનું તાત્પર્ય હોવાથી કોઈ દોષ રહેતો નથી.

આચાર્યપુંગવ શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપલબ્ધ આગમાદિ શાસ્ત્રોમાં જોવા ન મળતા અનેક પદાર્થોનું અન્ય દર્શનશાસ્ત્રમાંથી જૈન શાસ્ત્રોમાં સમવતાર રૂપે પ્રરૂપણ કર્યું છે. જેમકે શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન, ભાવનાજ્ઞાન; પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ વગેરે. આ પદાર્થોનો તેઓના તે-તે ગ્રન્થોના વૃત્તિકારોએ તેઓના અન્યાન્ય ગ્રન્થોની વૃત્તિઓમાં ઉપયોગ કરેલો દેખાય છે. પણ ઉપાધ્યાયજી મહારાજ સિવાયના અન્ય કોઈ ગ્રન્થકારે એ પદાર્થોનું સ્વકીય ગ્રન્થોમાં પ્રરૂપણ કરેલું હોય કે સાક્ષી વગેરે તરીકે ઉલ્લેખ કરેલો હોય એવું પ્રાયઃ

જોવા મળ્યું નથી. સિવાય કે એક વિવાદાસ્પદ ગ્રન્થ. એટલે એમ કહી શકાય કે ઉપાધ્યાયજી મહારાજાએ શ્રી હરિભદ્રસૂરિ મહારાજાના પ્રરૂપેલા એ પદાર્થોનું વધુ સમર્થન કર્યું છે, એને માન્યતા બક્ષી છે અને એનો વધુ પ્રચાર-પ્રસાર કર્યો છે. પ્રસ્તુત ગ્રન્થ 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' તો આવા પદાર્થોનો દરિયો છે. આની સ્પષ્ટતા માટે બત્રીશેય બત્રીશીમાં મુખ્યતયા કયા-કયા ગ્રન્થાધિકારોનો અધિકાર છે તે જોઈએ :

૧. દાનબત્રીશી : અનેક ગ્રન્થગત દાનવિષયક પ્રરૂપણાઓ પરથી આમાં સ્વકીય ઈહા અનુસારે મૌલિક પ્રરૂપણ કરેલું છે. દાન અંગેની વ્યવસ્થા એક પ્રકરણમાં આ રીતે કરેલી હોય એવું ક્યાંય જોવા મળ્યું નથી. આમાં ૨૭મા તીર્થકૃદ્દાન નિષ્ફળતાપરિહારાષ્ટકનો થોડોઘણો અધિકાર છે.

૨. દેશનાબત્રીશી : આમાં મુખ્યતયા પ્રથમ ષોડશક, દશમું ષોડશક, ૨૧મું સૂક્ષ્મબુદ્ધિઆશ્રયણાષ્ટક અને બીજા ષોડશકનો અધિકાર છે.

૩. માર્ગબત્રીશી : આમાં 'ધર્મરત્નપ્રકરણ' અને 'ઉપદેશમાલા'ના અમુક અધિકારને અનુસરીને સ્વકીય ઈહાના બળે મૌલિક પ્રરૂપણા કરી છે.

૪. જિનમહત્ત્વબત્રીશી : આમાં થોડીક મૌલિક પ્રરૂપણા છે, અને ૨૪, ૨૫, ૨૬, ૨૭ તેમજ ૨૮મા અષ્ટકોનો અધિકાર છે.

૫. ભક્તિબત્રીશી : આમાં ૬, ૭, ૮ અને ૯મા ષોડશકોનો અધિકાર છે.

૬. સાધુસામગ્ર્યબત્રીશી : ૯મા જ્ઞાનાષ્ટક, ૫મા ભિક્ષાષ્ટક, ૬ઠ્ઠા સર્વસંપત્કરી ભિક્ષાષ્ટક, ૧૦મા વૈરાગ્યાષ્ટક, ૨૨મા ભાવશુદ્ધિ વિચારાષ્ટક અને ૨૩મા શાસનમાલિન્યનિષેધાષ્ટકનો આમાં અધિકાર છે.

૭. ધર્મવ્યવસ્થાબત્રીશી : ૧૭મા માંસભક્ષણદૂષણાષ્ટક, ૧૮મા માંસભક્ષકમતદૂષણાષ્ટક, ૧૯મા મદ્યપાનદૂષણાષ્ટક, ૨૦મા મૈથુનદૂષણાષ્ટક અને ૧૧મા તપોઽષ્ટકનો આમાં અધિકાર છે.

૮. વાદબત્રીશી : ૧૨મા વાદાષ્ટક, ૧૩મા ધર્મવાદાષ્ટક, ૧૪મા એકાન્ત-નિત્યપક્ષખંડનાષ્ટક, ૧૫મા એકાન્ત-અનિત્યપક્ષખંડનાષ્ટક અને ૧૬મા નિત્યાનિત્યપક્ષખંડનાષ્ટકનો આમાં અધિકાર છે.

૯. કથાબત્રીશી : શ્રી દશવૈકાલિકના ક્ષુલ્લિકાચારકથાઅધ્યયનની નિર્યુક્તિનો આમાં અધિકાર છે.

૧૦. યોગલક્ષણબત્રીશી : 'યોગબિન્દુ'ના ૮૬થી ૯૧ શ્લોક, ૩જા ષોડશક, 'યોગબિન્દુ'ના ૯૨થી ૯૬ શ્લોક અને 'યોગબિન્દુ'ના ૩૪૯થી ૩૫૧ શ્લોકોનો આમાં ક્રમશઃ અધિકાર છે.

૧૧. પાતંજલયોગલક્ષણબત્રીશી : પાતંજલયોગદર્શનનો આમાં અધિકાર છે. એ લક્ષણ કૂટસ્થનિત્ય અપરિણામી આત્મામાં સંગત થતું નથી એ આમાં દેખાડ્યું છે.

૧૨. પૂર્વસેવાબત્રીશી : યોગપૂર્વસેવા અંગેના 'યોગબિંદુ'ના ૧૦૯થી ૧૩૯

અને ૧૬૪થી ૧૭૦ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૩. મુક્તિઅદ્વેષપ્રાધાન્યબત્રીશી : 'યોગબિન્દુ'ના ૧૪૦થી ૧૬૩ અને ૧૭૩થી ૧૭૭ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૪. અપુનર્બન્ધબત્રીશી : 'યોગબિન્દુ'ના ૧૭૮થી ૧૮૯, ૧૯૩થી ૨૨૦ અને ૨૩૨થી ૨૫૧ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૫. સમ્યગ્દૃષ્ટિબત્રીશી : 'યોગબિન્દુ'ના ૨૫૩થી ૨૭૨ શ્લોકોનો આમાં અધિકાર છે. શેષ મૌલિક પ્રરૂપણા છે.

૧૬. ઈશાનુગ્રહબત્રીશી : પાતંજલ યોગદર્શનનો અને 'યોગબિન્દુ'ના શ્લોક ૩૦૦થી ૩૧૬નો આમાં અધિકાર છે.

૧૭. દૈવપુરુષકાર બત્રીશી : 'યોગબિન્દુ'ના ૩૧૮થી ૩૫૬ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૮. યોગભેદબત્રીશી : 'યોગબિન્દુ'ના ૩૫૮થી ૩૬૭ શ્લોકોનો અને ૧૩મા-૧૪મા ષોડશકનો આમાં અધિકાર છે.

૧૯. યોગવિવેકબત્રીશી : 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના ૨થી ૧૦, 'યોગબિન્દુ'ના ૩૬૯થી ૩૭૮ અને પછી 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના ૨૦૯થી ૨૨૧ શ્લોકોનો આમાં અધિકાર છે.

૨૦. યોગાવતારબત્રીશી : પાતંજલયોગદર્શન, 'યોગબિન્દુ'ના ૪૧૫થી ૪૨૪ અને 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના ૧૩થી ૨૦ શ્લોકોનો આમાં અધિકાર છે.

૨૧. મિત્રાબત્રીશી : 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના ૨૧થી ૪૦ શ્લોકોનો અને પાતંજલ યોગદર્શનનો આમાં અધિકાર છે.

૨૨. તારાદિત્રયબત્રીશી : 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના ૪૧થી ૭૮ શ્લોકોનો અને પાતંજલ યોગદર્શનનો આમાં અધિકાર છે.

૨૩. કુતર્કગ્રહનિવૃત્તિબત્રીશી : 'યોગબિન્દુ'ના ૬૬-૬૭ અને 'યોગદૃષ્ટિ-સમુચ્ચય'ના ૮૬થી ૧૪૮ શ્લોકોનો આમાં અધિકાર છે.

૨૪. સદ્દૃષ્ટિબત્રીશી : 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના ૧૫૪થી ૧૮૨ શ્લોકોનો આમાં અધિકાર છે.

૨૫. ક્લેશહાનોપાયબત્રીશી : પાતંજલ યોગદર્શનનો કેટલોક અધિકાર છે. શેષ મૌલિક પ્રરૂપણા છે.

૨૬. યોગમાહાત્મ્યબત્રીશી : પાતંજલયોગદર્શનનો કેટલોક અધિકાર છે.

૨૭. ભિક્ષુબત્રીશી : મૌલિક પ્રરૂપણા છે, અને દશવૈકાલિક-નિર્યુક્તિનો કેટલોક અધિકાર છે.

૨૮. દીક્ષાબત્રીશી : બારમા ષોડશકનો અને ૧૦મા ષોડશકનો આમાં થોડો અધિકાર છે.

૨૯. વિનયબત્રીશી ૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનબત્રીશી ૩૧. મુક્તિ-

બત્રીશી અને ૩૨મી સજ્જનસ્તુતિબત્રીશી : આ ચારેય બત્રીશીમાં મુખ્યતયા કોઈ ગ્રન્થનો સીધો અધિકાર નથી. મૌલિક પ્રરૂપણાઓ છે.

આ બધા અધિકારો પરથી અને એમાં ઉપાધ્યાયજી મહારાજાએ સંભવિત શંકાઓ ઉઠાવીને જે સમાધાન વગેરે આપ્યાં છે તેના પરથી સૂચિત થાય છે કે ઉપાધ્યાયજી મહારાજનું તે-તે શાસ્ત્રોના અધ્યયનથી થયેલ જ્ઞાન માત્ર શ્રુતજ્ઞાનરૂપ નહોતું કે માત્ર પદાર્થ-વાક્યાર્થબોધ રૂપ નહોતું કિન્તુ એની ઉપરની કક્ષાને પામેલું હતું. આનો જ પ્રભાવ લાગે છે કે લગભગ ક્યાંય સંભવિત પૂર્વપક્ષ-શંકા એમની નજરમાંથી ચૂકી શક્યાં નથી. અને પછી એનું સમાધાન તો હોય જ. જેમકે સાધુના આપવાદિક અનુકંપા દાન અંગે પૂર્વગ્રન્થમાં નહીં ઉઠાવાયેલી 'गिहिणो वेयावडियं' ઈત્યાદિ શાસ્ત્રવચનના ભાસતા વિરોધની શંકા ઉઠાવી એનું સમાધાન આપ્યું છે. દેશના અંગે 'न भवति धर्मः श्रोतुः' ઈત્યાદિવાચક વચનને આગળ કરી, અનુગ્રહબુદ્ધિ હોય તો શ્રોતા કેવો છે એ જોયા વગર બોલનાર વક્તાને પણ લાભ જ થવો જોઈએ એવી શંકા ઉઠાવીને એનું સમાધાન આપ્યું છે.

વાક્યાર્થ-મહાવાક્યાર્થાદિથી ભરેલા આ ગ્રન્થનું સૂક્ષ્મ બુદ્ધિથી અધ્યયન-અનુપ્રેક્ષણ વગેરે કરીને, ઉપાધ્યાયજી મહારાજાએ કરેલા અનન્ય ઉપકારને આપણે સહુ પણ ઝીલીએ અને આપણી બુદ્ધિને પણ એવી પરિકર્મિત કરીએ કે જેથી અન્ય શાસ્ત્રીય વિધાનો અંગે પણ વાક્યાર્થ-મહાવાક્યાર્થાદિ બોધ પામી શકવાની શક્તિ પ્રાપ્ત થાય એવી શુભેચ્છાથી એ જ્ઞાનમૂર્તિનાં ચરણોમાં મસ્તક ઝુકાવીએ.

॥ इति शम् ॥

☐

शोकमदमदनमत्सरकलहकदाग्रहविषादवैराणि ।
क्षीयन्ते शान्तहृदामनुभव एवात्र साक्षी नः ॥

*જેમનું હૃદય શાન્ત – શમભાવયુક્ત છે તેમના શોક, મદ, કામ, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વેર ક્ષીણ થઈ જાય છે – એ બાબતમાં અમારો અનુભવ જ સાક્ષી છે.*

ઉપાધ્યાય યશોવિજય
('અધ્યાત્મસાર')

## 'ઉપદેશરહસ્ય'

રમણલાલ ચી. શાહ

'જ્ઞાનસાર', 'અધ્યાત્મસાર', 'દ્રવ્યગુણપર્યાયનો રાસ', 'જંબૂસ્વામી રાસ', સવાસો ગાથા, દોઢસો ગાથા અને સાડી ત્રણસો ગાથાનાં સ્તવનો, ત્રણ સ્તવન-ચોવીસીઓ ઇત્યાદિ સુપ્રસિદ્ધ કૃતિઓના રચયિતા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિક્રમના સત્તરમા-અઢારમા શતકના એક મહાન જ્યોતિર્ધર છે. એમના કાળધર્મ પછી અદ્યાપિપર્યન્ત એવી બહુમુખી વિદ્વત્પ્રતિભા જોવા મળી નથી. એમણે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં શતાધિક ગ્રંથોની રચના કરીને તે-તે ભાષા ઉપરના અને તે-તે વિષય ઉપરના અસાધારણ પ્રભુત્વની પ્રતીતિ કરાવી છે. એમણે જેમ ગહન, સૂક્ષ્મ દાર્શનિક વિષયો પસંદ કર્યા છે તેમ સામાન્ય બોધના સરળ વિષયો પણ પસંદ કર્યા છે અને એ બંનેમાં એમની લેખિનીની પ્રવાહિતા અનુભવાય છે.

નવ્યન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પોતાની સમર્થ રચનાઓ દ્વારા જૈન પરંપરામાં એવું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે કે જેથી 'ઉપાધ્યાયજી મહારાજ' એ એમના નામના પર્યાય જેવું બની ગયું છે. એમને જે જુદાં-જુદાં બિરુદો આપવામાં આવ્યાં હતાં તેમાંનું એક 'લઘુ હરિભદ્રસૂરિ' છે. ઉપાધ્યાયજી મહારાજની કેટલીક દાર્શનિક કૃતિઓ વાંચતાં એમને આપવામાં આવેલું આ બિરુદ કેટલું યથાર્થ છે એની સદ્યપ્રતીતિ થાય છે. વસ્તુતઃ ઉપાધ્યાયજી મહારાજે શ્રી હરિભદ્રસૂરિની કેટલીક કૃતિઓને પ્રાકૃત કે ગુજરાતીમાં ઉતારવાનું સરસ કાર્ય કર્યું છે.

'ઉપદેશરહસ્ય' એ ઉપાધ્યાયજી મહારાજની એ પ્રકારની કૃતિ છે. શ્રી હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' નામના ગ્રંથ ઉપરથી ઉપાધ્યાયજી મહારાજે આ 'ઉપદેશરહસ્ય' નામના ગ્રંથની પ્રાકૃત ભાષામાં રચના કરી છે, અને છતાં એ અનુવાદ નથી. ઉપાધ્યાયજી મહારાજનું એ સ્વતંત્ર અનુસર્જન છે.

'ઉપદેશરહસ્ય' એ પ્રાકૃત ભાષામાં આર્યા છંદમાં ૨૦૩ ગાથામાં લખાયેલી કૃતિ છે. એના ઉપર ઉપાધ્યાયજી મહારાજે પોતે જ સંસ્કૃત ભાષામાં ટીકા લખી છે. આ ૨૦૩ ગાથામાં એમણે ૪૫૦થી વધુ વિષયોનો પરામર્શ કર્યો છે. ૨૦૩ ગાથાની ૪૦૬ પંક્તિઓ થાય. એમાં આટલાબધા વિષયોનો સમાવેશ કેવી રીતે થાય ? તરત માનવામાં ન આવે એવી આ વાત છે. પરંતુ 'ઉપદેશરહસ્ય'ની નવી પ્રગટ થયેલી

આવૃત્તિમાં એના સંપાદક અને એનો તાત્પર્યાર્થ લખનાર પૂ. મુનિશ્રી શ્રી જયસુંદર-વિજયજીએ આ વિષયોની જે નિર્દેશિકા આપી છે તે વાંચવાથી આ વાતની તરત પ્રતીતિ થાય છે. એટલે લાઘવ એ ઉપાધ્યાયજી મહારાજની શૈલીનો એક મહત્ત્વનો ગુણ છે. પ્રત્યેક ગાથાની પ્રત્યેક પંક્તિને ઉચિત શબ્દપસંદગી દ્વારા એમણે અર્થસભર બનાવી દીધી છે અને તેનો અર્થવિસ્તાર ટીકામાં કરીને પૂરી સ્પષ્ટતા કરી આપી છે. આમ છતાં આ એક ગહન દાર્શનિક કૃતિ છે અને એથી જ ઉતાવળે વાંચનારને તે તરત સમજાય એવી નથી.

આ ગ્રંથની રચનાનો આરંભ કરતાં પહેલાં ઉપાધ્યાયજી મહારાજ વાગ્દેવતા સરસ્વતી માતાનું સ્મરણ કરે છે. તેઓ લખે છે :

ऐंकार कलितरूपां स्मृत्वा वाग्देवतां विबुधवन्द्याम् ।
निजमुपदेशरहस्यं विवृणोमि गभीरमर्थेन ॥

ત્યાર પછી ગદ્યપંક્તિઓમાં તે જીવનું પરમ કર્તવ્ય શું છે તે સમજાવતાં લખે છે :

इह हि विपुलपुण्यप्राग्भारलभ्यमवाप्य मनुजत्वं, संसेव्य च गुरुकुलवासं, परिज्ञाय च प्रवचनानुयोगं सम्यक् स्वपरहितार्थितया मार्गोपदेशाय प्रयतितव्यमित्ययमुपक्रमस्तत्रेय-माद्यगाथा –

[વિપુલ પુણ્યરાશિના સંચય વિના અલભ્ય એવું મનુષ્યપણું કરીને, ગુરુકુળવાસનું સેવન કરીને, જિનપ્રવચનના અનુયોગને (વિસ્તૃત ગૂઢાર્થોને) યથાર્થપણે જાણવા જોઈએ અને સ્વપરહિત માટે સન્માર્ગના ઉપદેશને વિશે ઉચિત ઉદ્યમ કરવો જોઈએ.]

ત્યાર પછી ઉપાધ્યાયજી મહારાજ ગ્રંથરચનાનું મંગલાચરણ કરવા તરફ વળતાં પ્રથમ ગાથામાં ભગવાન મહાવીરસ્વામીને નમસ્કાર કરતાં લખે છે :

नमिऊण वद्धमानं वुच्छं भविआण बोहणट्ठाए ।
सम्मं गुरुवइठं उवएसरहस्समुक्किट्ठं ॥

[શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા માટે ઉત્કૃષ્ટ અને સમ્યક્ પ્રકારે ગુરુથી ઉપદિષ્ટ ઉપદેશના રહસ્યને કહીશ.]

'ઉપદેશપદ'માં શ્રી હરિભદ્રસૂરિએ ગ્રંથના આરંભમાં લખ્યું છે કે મનુષ્યભવની દુર્લભતા સમજીને કુશળ પુરુષોએ ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ.

लद्धूण माणुसत्त कहंचि अइदूलहं भवसमुद्दे ।
सम्मं नियुंजियव्वं कुशले हि सयावि धम्मंमि ॥

[આ ભવસમુદ્રમાં અતિ દુર્લભ મનુષ્યપણું કોઈ પણ રીતે પામીને કુશળ પુરુષોએ હંમેશાં ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ.]

ઉપાધ્યાયજી મહારાજ શ્રી હરિભદ્રસૂરિને અનુસરીને મનુષ્યભવની દુર્લભતા

અને ધર્માચરણ વિશે સમજાવે છે. પરંતુ તેઓ ગાથા પોતાના શબ્દોમાં આપે છે. જુઓ :

> लद्धूण माणुसत्तं सुदुलहं वीयरागपण्णत्तिं ।
> धम्मे पवट्टियव्वं निऊणेहिं सुत्तणीईऐ ॥

[સુદુર્લભ એવો મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યા પછી નિપુણ માણસોએ સૂત્રોક્ત આજ્ઞા પ્રમાણે વીતરાગપ્રણીત ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ.]

મનુષ્યભવની દુર્લભતા બતાવી ઉપાધ્યાયજી મહારાજ પ્રશ્ન કરે છે કે પરમ ધર્મ શું છે ? અહિંસાનું યથામતિ પાલન કે જિનાજ્ઞાનું પાલન ? સામાન્ય માણસોની દૃષ્ટિએ અહિંસા જ પરમ ધર્મ છે, પરંતુ ઉપાધ્યાયજી મહારાજ શાસ્ત્રના આધારે કહે છે કે હિંસા અને અહિંસાનું વાસ્તવિક સૂક્ષ્મ સ્વરૂપ સમજ્યા વિના જીવ હિંસાને અહિંસા અને અહિંસાને હિંસા સમજી લેવાની ભૂલ કરી બેસે એવો સંભવ છે. એટલા માટે જ્ઞાનની પહેલી આવશ્યકતા છે. માટે જ કહેવાયું છે કે पढमं नाणं तओ दया. એટલે જ જિનાજ્ઞા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જિનાજ્ઞાનો યથાર્થ બોધ થાય અને તેનું યોગ્ય પાલન થાય તો જ પરિણામવિશુદ્ધ અને શાસ્ત્રસુવિહિત એવું અહિંસાનું પાલન થઈ શકે. મિથ્યાત્વાદિ મોહનીય કર્મના ક્ષયોપશમ વિના બાહ્ય અને અંતરંગ એવી પરિણામવિશુદ્ધિ શક્ય નથી. ટીકામાં ઉપાધ્યાયજી મહારાજ દસવૈકાલિક સૂત્રની એક ગાથા ટાંકીને કહે છે કે હેતુ, સ્વરૂપ અને અનુબંધ એ ત્રણ પ્રકારે અહિંસાની શુદ્ધિ તપાસવી જોઈએ. પ્રમાદ અથવા અયતના તે હિંસાનો હેતુ છે; પ્રાણવિનાશ તે હિંસાનું સ્વરૂપ છે અને પાપકર્મના બંધથી ભાવિમાં પ્રાપ્ત થતાં દુઃખો એ હિંસાનો અનુબંધ છે. માટે યતના (જયણા) એ અહિંસાનો હેતુ છે; કોઈના પણ પ્રાણવિનાશથી નિવૃત્ત થવું એ અહિંસાનું સ્વરૂપ છે અને મોક્ષસુખનો લાભ એ અહિંસાનો અનુબંધ છે. આમ, અહિંસાના શાસ્ત્રસુવિહિત પાલન માટે, પરિણામ-વિશુદ્ધિ માટે શાસ્ત્રીય જ્ઞાનની આવશ્યકતા છે. પરંતુ શાસ્ત્રો ઘણાં ગહન, કઠિન અને જટિલ હોય છે. માત્ર શબ્દજ્ઞાનથી તેનાં ઊંડાં મર્મ અને રહસ્યને જાણી શકાતાં નથી. એ માટે જરૂર છે સુગુરુની. એટલા માટે ઉપાધ્યાયજી મહારાજ ગુરુપરતંત્રતા અને ગુરુકુલવાસ ઉપર બહુ ભાર મૂકે છે. એકાકી વિહાર કરનારા સ્વચ્છંદી મુનિઓ યોગ્ય માર્ગદર્શનના અભાવે પોતે ઉન્માર્ગે જાય છે અને અન્યને પણ ઉન્માર્ગે દોરી જાય છે. અલબત્ત ગીતાર્થ મહાપુરુષો એકાકી વિહાર કરી શકે છે.

ત્યાર પછી ઉપાધ્યાયજી મહારાજ સૂત્ર અને અર્થ ઉભયનું મહત્ત્વ સમજાવે છે, મોક્ષ અને મોક્ષાંગનું સ્વરૂપ સમજાવે છે અને મોક્ષ જવાને યોગ્ય એવા જુદી-જુદી કોટિના જીવોનાં લક્ષણો દર્શાવે છે.

જૈન દર્શનમાં મોક્ષપ્રાપ્તિ માટેના માર્ગમાં ગતિ કરનારા પરંતુ જુદેજુદે તબક્કે રહેલા જીવો માટે માર્ગાનુસારી, સમ્યક્દૃષ્ટિ, અપુનર્બંધક, દેશવિરતિ, સર્વવિરતિ,

ઇત્યાદિ પારિભાષિક શબ્દો વપરાય છે. ઉપાધ્યાયજી મહારાજે તે દરેકનાં સ્પષ્ટ લક્ષણો દર્શાવ્યાં છે. ઉ.ત. અપુનર્બંધક જીવ માટે તેઓ લખે છે :

सो अपुणबंधगो जो णो पावं कुणइ तिव्वभावेणं ।
बहु मण्णइ णेव भवं सेवइ सव्वत्थ उचियठिइं ॥

[જે જીવ તીવ્રભાવે પાપ ન કરે, ભવનું બહુમાન ન કરે, અને સર્વત્ર ઉચિત સ્થિતિનું સેવન કરે તે અપુનર્બંધક છે.]

અપુનર્બંધક એટલે એ જીવ કે જે સંસારમાં પરિભ્રમણ કરતાંકરતાં હવે એ સ્થિતિએ આવ્યો હોય કે પોતે હવે સંસારમાં હોય ત્યાં સુધી ફરીથી (પુનઃ) ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરે નહીં.

અવક્રગામી અથવા ઋજુચારી જીવનાં લક્ષણો જણાવતાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે :

मग्गणुसारी सड्ढो पन्नवणिज्जो क्रियावरो चेव ।
गुणरागी जो सक्कं आरभइ अवंकगामी सो ॥

[જે માર્ગાનુસારી હોય, શ્રદ્ધાવાન હોય, સુખબોધ હોય, ક્રિયામાં તત્પર હોય, શક્યમાં ઉદ્યમવંત હોય તે અવક્રગામી છે.]

દુનિયાના તમામ ધર્મોમાં સાધુસંન્યાસી થનારી બધી જ વ્યક્તિઓ અંતઃકરણના શુદ્ધ ત્યાગવૈરાગ્યના ભાવથી જ થાય છે એમ એકાન્તે કહી નહીં શકાય. જૈન ધર્મમાં પણ એવા સાધુઓ હોઈ શકે છે કે જેમણે માથે મુંડન કરાવ્યું હોય પરંતુ હૃદયમાં ત્યાગવૈરાગ્યનો ભાવ ન હોય. એવા માત્ર વેશધારી સાધુઓથી દૂર રહેવા માટે ઉપાધ્યાયજી મહારાજ કહે છે. જુઓ :

दिसंति बहू मुंडा दुसमदोसवसओ सपक्खेऽवि ।
ते दूरे मोत्तव्वा आणासुद्धेसु पडिबंधो ॥

[સ્વપક્ષમાં પણ દુષમકાળના દોષથી ઘણાય માથું મૂંડાવનારા દેખાય છે. તેઓનો દૂરથી જ પરિહાર કરવો અને વિશુદ્ધ આજ્ઞાનું પાલન કરનારાઓમાં બહુમાનનો ભાવ રાખવો.]

કેટલાકના મનમાં એવો ભ્રમ હોય છે કે આ દુષમ આરામાં, પડતા કાળમાં સારા, સાચા સાધુઓ હોય જ ક્યાંથી ? ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે આ પાંચમા આરામાં ગમે તેટલું કષ્ટ આવી પડે તોપણ ભગવાન મહાવીરનું શાસન પાંચમા આરાના અંત સુધી ચાલવાનું છે અને ત્યાં સુધી પંચાચારનું શુદ્ધ પાલન કરનારા સાધુઓ રહેવાના. તેઓ લખે છે :

एवं खु दुस्समाए समिया गुत्ता य संयमुज्जुत्ता ।
पन्नवणिज्जासग्गरहिया साहू महासत्ता ॥

[દુષમ કાળમાં પણ સમિતિ-ગુપ્તિવાળા, સંયમમાં ઉદ્યમ કરનારા, સુખબોધ્ય,

અસદ્‌ગ્રહરહિત તથા મહાસત્ત્વશાળી સાધુઓ વિદ્યમાન છે.]

સ્થૂળ ક્રિયા અને મનના ભાવ એ બંનેની દૃષ્ટિએ – દ્રવ્ય અને ભાવની દૃષ્ટિએ વિવિધ સ્થિતિઓની જૈન દર્શનમાં છણાવટ કરવામાં આવી છે. દ્રવ્ય ક્રિયા હોય અને ભાવ હોય, દ્રવ્ય ક્રિયા હોય પણ ભાવ ન હોય, દ્રવ્ય ક્રિયા ન હોય પણ ભાવ હોય અને દ્રવ્ય ક્રિયા પણ ન હોય અને ભાવ પણ ન હોય એવી ચતુર્ભંગિ બતાવવામાં આવે છે. દેખીતી રીતે જ દ્રવ્ય-ક્રિયા કરતાં ભાવનું મૂલ્ય વધારે છે. સાધુઓ દ્રવ્યક્રિયા કરતાં ભાવવિશુદ્ધિ પ્રતિ વધુ આગળ વધેલા હોવા જોઈએ. જિનેશ્વર ભગવાનની આરાધના દ્રવ્ય-ક્રિયાથી અને ભાવથી થઈ શકે છે. પરંતુ ભાવમાં આગળ વધેલા સાધુઓ પોતાનાથી નીચી કક્ષાની એવી ગૃહસ્થોની દ્રવ્યક્રિયાની અનુમોદના કરી શકે ? ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે હા, અવશ્ય કરી શકે. તેઓ લખે છે :

अह हीणं दव्वत्थयं अणुमाणज्ञा णं संजओ त्ति मई ।
ता कस्सवि सुहजोगं तित्थयरो णाणुमण्णिज्ञा ॥

[જો તમારી બુદ્ધિ એમ કહેતી હોય કે ઊતરતી કક્ષાનો હોવાથી દ્રવ્યસ્તવની સાધુએ અનુમોદના ન કરવાની હોય તો તીર્થંકર ભગવાન કોઈના પણ શુભોપયોગની અનુમોદના કરશે નહીં.]

અહીં ઉપાધ્યાયજી મહારાજે એક જ દલીલ આપીને શંકાનું સરસ નિવારણ કરી આપ્યું છે.

આમ, ઉપાધ્યાયજી મહારાજે 'ઉપદેશરહસ્ય'માં જે ભિન્નભિન્ન વિષયોની મીમાંસા કરી છે તેમાં દ્રવ્યચરિત્ર, દ્રવ્યાજ્ઞાપાલન, દેશવિરતિ અને સર્વવિરતિ અને તેના પેટા ભેદો, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ, દ્રવ્યસ્તવની આવશ્યકતા, વિનયના બાવન ભેદો, વૈયાવચ્ચ, દ્રવ્ય અને ભાવની ચતુર્ભંગિ, સમાન કર્મ છતાં ફળમાં તરતમતાનું રહસ્ય, સમ્યગ્‌દૃષ્ટિની સ્વભાવતઃ હિતપ્રવૃત્તિ, વ્યવહારનય અને નિશ્ચયનય, અનિયત સ્વભાવવાળા કર્મ ઉપર પુરુષાર્થની અસર, કર્મ અને પુરુષાર્થ ઉભયનું મહત્ત્વ, સમ્યગ્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિનાં સુખદુઃખ, અભિગ્રહ, ઉપદેશની પરિપાટી, મહત્તા અને સફળતા, ઉપદેશકની યોગ્યતા, સૂત્રનિષ્ઠા, એકાન્તવાદ અને અનેકાન્તવાદ, સ્યાદ્‌વાદ વિના ઉપદેશકની આત્મવિડંબના, સ્વાધ્યાય, જ્ઞાન અને શ્રદ્ધા, જયણા, ઉત્સર્ગ અને અપવાદ, હેતુવાદ અને આગમવાદ, અધ્યાત્મ અને ધ્યાનયોગ, સહજાત્મસ્વરૂપની ભાવના, શુદ્ધબુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન ઇત્યાદિ અનેક વિષય ઉપર સુંદર પ્રકાશ આપ્યો છે.

આ ગ્રંથની રચના કરતાં પૂર્વે ઉપાધ્યાયજી મહારાજે પ્રત્યેક વિષય, વિચાર કે મુદ્દા વિશે કેટલું મનનચિંતન કર્યું હશે અને કેટલાબધા ગ્રંથોનું અધ્યયન કરી લીધું હશે તેની અને તેમની બહુશ્રુતતા કેટલીબધી છે તેની પ્રતીતિ ગ્રંથની મૂળ ગાથાઓ તથા તેના ઉપરની ટીકા વાંચતાં સ્થળેસ્થળે થાય છે. ઉપાધ્યાયજી મહારાજે પોતાની

આ રચનામાં મુખ્ય આધાર શ્રી હરિભદ્રસૂરિનો લીધો છે એટલે શ્રી હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' ઉપરાંત 'યોગબિન્દુ', 'યોગદૃષ્ટિસમુચ્ચય', 'ષોડશક', 'પંચાશક' ઇત્યાદિ ગ્રંથોની ગાથાઓ એમણે આધાર માટે ટાંકી છે. તદુપરાંત ભગવતીસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, દસવૈકાલિકસૂત્ર, મહાનિશીથ, સ્થાનાંગ, આચારાંગ, અનુયોગ-દ્વાર, આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યક ભાષ્ય, વ્યવહારભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર, સન્મતિતર્ક, પ્રવચનસાર, શ્રાવકપ્રજ્ઞપ્તિ ઇત્યાદિ ગ્રંથોમાંથી એમણે આપેલાં પ્રમાણો ઉપરથી એમની દૃષ્ટિ કેટલાબધા શાસ્ત્રગ્રંથો ઉપર ફરી વળી છે અને એમની ગ્રહણશક્તિ કેટલીબધી સૂક્ષ્મ છે તેની સરસ પ્રતીતિ થાય છે.

આટલાબધા જુદાજુદા વિષયોની સૂક્ષ્મ છણાવટ કર્યા પછી તેમાંથી જીવે ગ્રહણ કરવા જેવું શું છે અને આરાધક જીવનું લક્ષ્ય શું હોવું જોઈએ તે વિશે ગ્રંથનો ઉપસંહાર કરતાં ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે

किं बहुण इह जह जह रागदोसा लहुं विलिज्झंति ।
तह तह पयट्टिअव्वं एसा आणा जिणिंदाणां ॥

[ઘણું શું કહીએ ! જે-જે રીતે વહેલામાં વહેલો રાગદ્વેષનો વિલય થાય તે-તે રીતે પ્રવર્તવું એ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા છે.]

વળી તેઓ અંતે શુભકામના વ્યક્ત કરતાં વિનમ્રતાથી લખે છે :

अणुसरिय जुत्तिगब्भं पुव्वायरियाण वयणसंदब्भं ।
रि काउमिणं लद्धं पुण्णं तत्तो हवउ सिद्धि ॥

[યુક્તિના મર્મોને અનુસરીને મેં પૂર્વાચાર્યોનાં જ વચનોનું અહીં ગૂંથન કર્યું છે. તે કરવાથી જે પુણ્યનું ઉપાર્જન થયું તેનાથી સ્વપર ભવ્ય જીવો પરમપદને પ્રાપ્ત કરો.]

પ.પૂ.પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજે લખ્યું છે, "પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજે 'ઉપદેશપદ'ના વિષયોને વધુ સુવાચ્ય શૈલીમાં આ ગ્રંથમાં રજૂ કર્યા છે. 'ઉપદેશરહસ્ય' એ 'ઉપદેશપદ'નો સારોદ્ધાર લાગે છતાં આ ગ્રંથ નિરૂપણની દૃષ્ટિએ મૌલિક છે, સ્વતંત્ર છે; સાચે જ તેઓશ્રી પ્રાચીન ગ્રંથોને પી-પચાવીને નવીન ગ્રંથ નિપજાવવાના વરદાનને વરેલા છે... સ્યાદ્વાદપરિપૂર્ણ રોચક શૈલીમાં આ ગ્રંથ લખાયો છે. કોઈ પણ શ્રમણે ઉપદેશદાન દેવાની કળા હસ્તગત કરવા માટે એટલેકે ભવભીરુ ગીતાર્થ મુનિવરે પણ સ્વપર કલ્યાણ કાજે ઉપદેશક બનતાં પહેલાં આ ગ્રંથનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ. માર્ગદર્શકની જવાબદારીનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે ઉપદેશકળા માટે કેવી અને કેટલી સજ્જતા અપેક્ષિત છે. યથાર્થ ઉપદેશક થવું તે ઘણું અઘરું કાર્ય છે."

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ 'ઉપદેશરહસ્ય' ગ્રંથનું જેમજેમ ફરીફરી વાર વાંચન-અધ્યયન કરવાનું થાય છે તેમતેમ નવોનવો અર્થપ્રકાશ સાંપડતો જાય

છે. અને એથી એમને બહુમાનપૂર્વક નતમસ્તકે બદ્ધ અંજલિ નમસ્કાર કરવાનું મન થાય છે. એમણે આ અને આવા બીજા અણમોલ ગ્રંથોની રચના કરીને આપણા ઉપર કેટલો મોટો ઉપકાર કર્યો છે એ વિચારતાં ભાવવિભોર થઈ જવાય છે !

તત્ત્વજ્ઞાનગર્ભિત, દાર્શનિક, જટિલ વિષયોને પ્રાકૃત ભાષામાં પદ્યમાં ઉતારી તેને કાવ્યત્વની કોટિએ પહોંચાડવાનું દુષ્કર કાર્ય ઉપાધ્યાયજી મહારાજે કેવી અનાયાસ લીલાથી કર્યું છે !

☐

માહરે તો ગુરુચરણ પસાયેં અનુભવ દિલમાં પેઠો
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહિ, આતમ-રતિ હુઈ બેઠો.

ઉપાધ્યાય યશોવિજય
('શ્રીપાળ રાસ')

## 'ધર્મપરીક્ષા'

**અજિતશેખરવિજયજી**

એક કુશળ માળી બગીચાના દરેક છોડની માતાની જેમ માવજત કરે છે, અને વિકાસની ચરમ સીમાએ પહોંચાડે છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાને જૈન શ્રુતઉદ્યાનના કુશળ માળી તરીકે ઓળખાવવામાં કશું ખોટું નથી. અપૂર્વ પ્રતિભા, તીવ્ર સ્મરણશક્તિ, શ્રુતસાગરનું ગહન અધ્યયન, મસ્તકે સરસ્વતીદેવીના ચાર હાથ, ગુરુવર્યોની ઉપાસના, પરમાત્મા પ્રત્યેનો અસીમ ભક્તિભાવ વગેરેથી પ્રાપ્ત થયેલી અજોડ સર્જનશક્તિના સહારે અને કસાયેલી કલમના બળ પર ન્યાય-વિશારદ ઉપાધ્યાયજીએ આર્હતશ્રુતબાગના પ્રત્યેક છોડની એવી સુંદર માવજત કરી છે કે જેથી સમસ્ત શ્રુતબાગ જાણે કે સોળે કળાએ મહોરી ઊઠ્યો.

ગુર્જરભાષામાં જ નજર કરો તો સાવ અબૂઝ પણ સમજી શકે તેવી સરળ તળપદી શૈલીમાં રચેલાં સ્તવનોથી માંડી પંડિતોના માથામાં પણ ટાલ પાડી દે તેવા 'દ્રવ્યગુણપર્યાયરાસ' વગેરે રચનાઓ સાહિત્યક્ષેત્રે તેઓશ્રીએ અર્પેલાં વિપુલ સર્જનોની ગવાહી પૂરે છે.

સંસ્કૃત સાહિત્યમાં પણ તેઓશ્રીની વણથંભી કલમે સર્જેલાં એક-એક અદકેરાં ગ્રન્થરત્નો કોના હૈયાને લોભાવતાં નથી ? સામાન્ય માન્યતા છે કે 'જે થોકબંધ થાય, તે માત્ર ઉત્પાદન હોય, સર્જન નહીં.' ઉપાધ્યાયજી મહારાજાની ગ્રન્થસૃષ્ટિ પર નજર નાખ્યા બાદ એ માન્યતા પર વિશ્વાસ ટકતો નથી. દરેક ચીજમાં જેમ અપવાદ હોય તેમ આમાં પણ ઉપાધ્યાયજી મહારાજનું સર્જન અપવાદ છે.

'ધર્મપરીક્ષા' ગ્રન્થ પણ આ જ પૂજ્યશ્રીની સિદ્ધહસ્ત કલમે આલેખાયેલો આગમાર્થદીપક ગ્રન્થ છે. સ્વપક્ષના જ પ્રબળ તાર્કિક સાથે સ્વપક્ષમાન્ય સૂત્રોના અર્થની ઊંડાણથી થયેલી ચર્ચાને કારણે આ ગ્રન્થ તેઓશ્રીના સર્જનમાં આગવું સ્થાન ધરાવે છે. જૈન વાઙ્મયમાં પણ આ ગ્રન્થનું સ્થાન અનોખું છે. તેમાં ખાસ કારણો આ છે : (૧) ઘણા ચર્ચાયેલા પદાર્થો અપૂર્વપ્રાયઃ છે. (૨) એક જ વિષય અંગે અનેક ગ્રન્થોમાં વેરાયેલા સંદર્ભોનું ખૂબ જ કુનેહપૂર્વક સંકલન થયું છે. (૩) તત્ત્વાવલોકનની નવી ક્ષિતિજનો પરિચય થાય છે. (૪) શાસ્ત્રની પંક્તિઓમાં દેખાતા વિરોધનો કેવી રીતે સમ્યક્ પરિહાર કરી સમન્વય સાધવો તેની કળા પ્રાપ્ત થાય છે. (૫) સિદ્ધાન્તવિધાનોના વિષયક્ષેત્ર આદિ પામવા આવશ્યક સૂઝનો ખ્યાલ અને ઉપાદેય પદ્ધતિનો બોધ મળે છે. આમાંથી કેટલાક મુદ્દાની આ ગ્રન્થના આધારે

જ છણાવટ કરીએ.

એક ચિંતકે લખ્યું છે કે "The two most engaging powers of an author are to make new things familiar and familiar things new" (લેખકની બે અધિકતમ પ્રભાવી શક્તિ છે – એક, નવી વસ્તુને પરિચિત બનાવવી અને બે, પરિચિત વસ્તુને નવું રૂપ આપવું.)

'ધર્મપરીક્ષા' ગ્રન્થમાં આ બે વાત ઠેરઠેર નજરે પડે છે. અલબત્ત, ઉપાધ્યાયજી મહારાજે કરેલી પ્રરૂપણા તદ્દન નવી છે તેમ નહીં પણ, પ્રતિભાના ઉન્મેષથી મૌલિક રજૂઆતરૂપ છે તેમ જ સમજવું. કેટલાંક સ્થાનો એવાં મળે છે કે જ્યાં નવા સંદર્ભો, પરિષ્કૃત વ્યાખ્યાઓ, ન્યાયસંગત વ્યાપ્તિઓ નજરે ચડે છે – જે પૂર્વના ગ્રન્થોમાં વિરલ છે. જેમકે, (૧) તાત્ત્વિક મધ્યસ્થતાનું સ્વરૂપ. (૨) આભિગ્રહિક આદિ પાંચ મિથ્યાત્વની વ્યાખ્યા. સ્વરૂપ અને સ્વામી વિચારણા. આ વિચારણા ખૂબ જ માર્મિક છે અને મિથ્યાત્વના સ્વરૂપ આદિ અંગે વિશદ માહિતી પૂરી પાડે છે. (૩) વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિ અંગેની તર્કબદ્ધ ચર્ચા આ બન્ને પદાર્થ અંગે નવો પ્રકાશ પાથરે છે. (૪) ભગવાનની અપ્રમાદભાવની આજ્ઞાનો વિસ્તાર મંદ-મિથ્યાત્વી – માર્ગનુસારી સુધી ફેલાયેલો છે. અને વિશાળ દૃષ્ટિએ જૈનત્વ ક્યાં સુધી પથરાયું છે તેની ખૂબ જ મનનીય ચર્ચા. આ વિભાગનું અધ્યયન પ્રત્યેક જૈન-જૈનેતરે કરવા જેવું છે. જૈન ધર્મની વિશાળદૃષ્ટિનો પરિચય અહીં થાય છે. (૫) ભગવતીસૂત્રમાં જ્ઞાન, દર્શન અને ક્રિયાને આશ્રયી બતાવેલી ચતુર્ભંગીનો ન્યાયબદ્ધ વિચાર પ્રાયઃ અન્યત્ર દુર્લભ છે. ભગવતીસૂત્રના ટીકાકારના મન્તવ્યને આપેલો ઈન્સાફ ખરેખર નોંધનીય છે. (૬) 'અનુમોદના' અને 'પ્રશંસા' આ બે દેખાતા પર્યાયવાચી શબ્દોમાં આર્થિક અંતર કેટલા અંશે છે તેની વિસ્તૃત ચર્ચા અભિગમનીય છે. (૭) 'યાવત્' પદ માત્ર અંતિમતા દર્શક છે કે અન્ય સંદર્ભમાં પણ ઉપયુક્ત છે ઈત્યાદિ ચર્ચા પ્રત્યેક શબ્દના સામર્થ્યને છતું કરે છે. સિદ્ધાન્તકારો માત્ર વાક્યપૂર્તિ કે અલંકાર અર્થે જ ઘણા શબ્દપ્રયોગો કરે છે તેવું નથી, પણ એ દરેક શબ્દ પાછળ ઊંડું રહસ્ય રહેલું હોય છે. (૮) કેવળજ્ઞાનીને દ્રવ્યહિંસા સંભવે કે નહીં તેની વિચારણામાં દ્રવ્ય આદિ હિંસા, અશક્યપરિહાર આદિની ચર્ચા ખાસ મનનીય છે. આ તો માત્ર તે-તે સ્થાનોનો નિર્દેશ જ છે. મીમાંસા કરવામાં આવે તો અનેક ગ્રન્થસર્જનનો લાભ મળી શકે, પણ અહીં તે અપ્રસ્તુત છે, અને ઉપાધ્યાયજી મહારાજાના ગ્રન્થો પર મીમાંસા કરવાનું ગજું નથી. 'ધર્મપરીક્ષા' ગ્રન્થમાં આવાં સ્થાનો આથી પણ વધુ છે જે અભ્યાસપ્રાપ્ત છે.

કહેવાય છે કે ધી (= બુદ્ધિ), ધૃતિ અને સ્મૃતિના સુમેળ સંયોજનથી 'પ્રજ્ઞા' તત્ત્વ ઉત્પન્ન થાય છે. 'ધર્મપરીક્ષા' ગ્રન્થ એટલે ઉપાધ્યાયજી મહારાજના ઉપર્યુક્ત ત્રણે ગુણોના ત્રિવેણીસંગમથી સર્જાયેલું તીર્થસ્થાન. તેથી ઉપાધ્યાયજી મહારાજને પ્રાજ્ઞપુંગવ કહેવામાં ન્યૂનતા આદિ દોષ નહીં નડે.

આ ગ્રન્થમાં એક જ વિષયમાં અનેક ગ્રન્થોમાં છવાયેલાં સંદર્ભરત્નોને ગૂંથી અનેક સુંદર રત્નહારો તૈયાર કર્યા છે. એ વાત તો સોથી અધિક ગ્રન્થોની અઢીસોથી અધિક સાક્ષીઓથી જ નજરે ચડે છે. પૂર્વપક્ષકાર – ખાસ કરીને ધર્મસાગર ઉપાધ્યાયજીના 'પ્રવચનપરીક્ષા' 'સર્વજ્ઞશતક' આદિ ગ્રન્થોનું તત્ત્વાવલોકન આ ગ્રન્થનો પ્રાણ છે. આ તત્ત્વાવલોકન કરતી વખતે ઉપાધ્યાયજી મહારાજે (૧) તે ગ્રન્થકારની વ્યાખ્યા પરંપરામાન્ય વ્યાખ્યાથી કેટલા અંશે જુદી પડે છે ? (૨) તે ગ્રન્થકારે કરેલી સૂત્રવ્યાખ્યા મૂળ સૂત્રકારના આશયને અનુસરે છે કે નહીં અને સૂત્રકારનાં જ અન્ય વચનો સાથે સંગત છે કે કેમ ? (૩) તે ગ્રન્થકારની પ્રરૂપણાથી શાસ્ત્રમાન્ય કે ગીતાર્થપરંપરામાન્ય સિદ્ધાન્તને વિરોધ આવે છે કે નહીં ? કયા અંશે વિરોધ આવે છે ? તથા (૪) પ્રરૂપણા કરતી વખતે તે ગ્રન્થકાર કેટલે અંશે થાપ ખાઈ ગયા છે ? ઇત્યાદિ અનેક બાબતોને ધ્યાનમાં લીધી છે. તેથી આ ગ્રન્થનું પરિશીલન ગ્રન્થોના તલસ્પર્શી અધ્યયન અને તત્ત્વાવલોકનમાં આવશ્યક પ્રતિભા અને ઐદંપર્યાર્થ પામવાની શક્તિના વિકાસમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઉપાધ્યાયજી મહારાજે તત્ત્વાવલોકન માટે, પૂર્વપક્ષના નિરાકરણ અર્થે, શાસ્ત્રની પંક્તિઓના સૂક્ષ્માર્થને પામવા કાજે અપનાવેલી શૈલીનાં મુખ્ય અંગો કાંઈક આવાં છે :

(૧) જૈન આગમવચનો અનેક નયો – દૃષ્ટિકોણથી કહેવાયાં હોય છે. 'ધર્મરત્નપ્રકરણ'માં કહ્યું જ છે – 'विहिउज्जमवन्नयभयउस्सग्गववायतदुभयगयाइं । सुत्ताइं बहुविहाइं समये गंभीरभावाइं ॥१॥' (વિધિ, ઉદ્યમ, વર્ણક, ભય, ઉત્સર્ગ, અપવાદ, તદુભય (= ઉત્સર્ગઅપવાદ) વિષયક અનેક પ્રકારના ગંભીર ભાવવાળાં સૂત્રો આગમમાં છે) તેથી અધ્યયન-અધ્યાપન કે વિવેચન કરતી વખતે તે-તે સૂત્રના યથાર્થ સંદર્ભને પકડીને જ અધ્યયન વગેરે કરવું.

(૨) ઉત્સર્ગવચન અને એકાન્તવચન વચ્ચેની ભેદરેખા પારખવી. જેમ દરેક વાક્ય સાવધારણ (= જકારયુક્ત) હોય છે, તેમ 'સ્યાદ્' અવ્યયયુક્ત પણ હોય છે. કહ્યું જ છે કે "सोऽप्रयुक्तोऽपि वा तज्ज्ञैः सर्वत्रार्थात्प्रतीयते । यथैवकारोऽयोगादि व्यवच्छेद प्रयोजनः ॥" (તે (= 'સ્યાત્' પદ)નો પ્રયોગ ન થયો હોય, તોપણ વિજ્ઞ પુરુષો દરેક સ્થળે અર્થથી તેની પ્રતીતિ કરે છે. જેમકે અયોગવ્યવચ્છેદ આદિ પ્રયોજનવાળો 'જ' કાર) 'સ્યાદ્' અવ્યય વિધાનને એકાંતગ્રહમાંથી છોડાવી ઔત્સર્ગિક આદિ બનાવે છે. પ્રસ્તુતમાં 'ઉત્સૂત્રપ્રરૂપક અનંતસંસારી હોય' આ વિધાન પણ આ જ દૃષ્ટિકોણથી મૂલવવું જોઈએ. તેથી તાત્પર્ય મળે કે સામાન્યતઃ ઉત્સૂત્રપ્રરૂપણાથી અનંતસંસાર થાય, પણ મરીચિ આદિની જેમ ક્યારેક અનંત સંસાર ન પણ થાય.

(૩) મુખ્ય કે ઉત્કૃષ્ટને ઉદ્દેશી કરેલા વિધાનમાં અન્ય પણ સંભવિતતાનો

સમાવેશ કરવો. પણ તે મુખ્ય આદિને જ સર્વથા તે વિધાનના સંબંધી ન માનવા. જેમકે અહીં જ ચર્ચાયેલું યોગશાસ્ત્રનું 'સંયમીઓને સકામ નિર્જરા હોય' વચન. આ વચન માત્ર સંયમીને જ સકામ નિર્જરા હોય તે અર્થે નથી. પણ સકામ નિર્જરાવાળામાં ઉત્કૃષ્ટ સંયમી હોય તેમ સૂચવે છે. બાકી પ્રકૃતિભદ્રક, માર્ગાનુસારી પણ સકામ નિર્જરાવાળો હોય છે. તાત્પર્ય કે યોગશાસ્ત્રનું વિધાન સકામ નિર્જરાવાળાઓમાં ઉત્કૃષ્ટને અપેક્ષીને છે. તદ્‌યોગ્ય બીજાઓને બાકાત નથી કરતું.

(૪) સામાન્ય વચનને સર્વવ્યાપી વચન ન સમજવું. જેમકે, અપુનર્બંધકના લક્ષણમાં 'સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરતો હોય' તેવું વિધાન છે. આ સ્થળે અપુનર્બંધકની બધી પ્રવૃત્તિ ઉચિત જ હોય, તેવા અર્થમાં અસંગતિ છે, કેમકે આ જ ગ્રન્થમાં કૃષ્ણ વગેરેના પલાદન વગેરે પ્રસંગથી સમ્યક્ત્વીની પણ કેટલીક પ્રવૃત્તિ અનુચિત સંભવે છે તે બતાવ્યું છે. તેથી આવાં વચનોના પૂર્વાપર અવિરોધી સામાન્ય અર્થ કરવા. અને 'સર્વત્ર' વગેરે પદોનો નિર્દેશ કયા વિષય અંગે છે તે સમજવા પ્રયત્ન કરવો.

(૫) પૂર્વાચાર્યોનાં વચનોમાં જ્યાં પરસ્પર વિરોધ આદિ દેખાય, ત્યાં શક્ય પરિહાર શોધી વિરોધ દૂર કરવો. અને સમન્વય સાધવો. ભગવાન મહાવીરસ્વામીએ પોતાના ગણધરોને પૂર્વાવસ્થામાં વેદવચનોમાં જ્યાં વિરોધ દેખાયો અને શંકાઓ ઊપજી ત્યાં તે વેદવચનોના વિરોધનો પરિહાર કરી સુંદર સમન્વય કર્યો. પ્રસ્તુતમાં પુદ્‌ગળપરાવર્તોમાં ભ્રમણ અંગે પ્રજ્ઞાપનાસૂત્ર અને 'ભવભાવના' ગ્રન્થકારના સૂત્ર વચ્ચે વિરોધ આવતો દેખાય છે ત્યાં ઉપાધ્યાયજી મહારાજે સુંદર સમન્વય કર્યો છે. સામાન્યથી પૂર્વસૂરિકૃત વ્યાખ્યાનું ખંડન ન કરવું એ જૈન શૈલી છે તેથી અયોગવ્યવચ્છેદમાં પૂ. હેમચંદ્રસૂરિ મહારાજે કહ્યું છે : "यदार्जवादुक्तमयुक्तमन्यैस्तदन्यथाकारमकारि शिष्यैः । न विप्लवोऽयं तवशासनेऽभूदहोऽधृष्या तव शासनश्रीः ॥" (હે ભગવન્ ! અન્ય તીર્થિકોએ સરળ ભાવથી જે કંઈ અયોગ્ય કથન કર્યું તેનું તેઓના જ શિષ્યોએ અન્યથારૂપે નિરૂપણ કર્યું. (= પોતાના જ ગુરુના મતને ખોટો ઠેરવ્યો.) આવો કોઈ બળવો આપના શાસનમાં થયો નથી. અહો ! તેથી જ તો આપની આ શાસનશ્રી પડકારી ન શકાય તેવી બની છે.) જૈન શ્રુતમાં ઘણે સ્થળે મતભેદ દેખાય ત્યાં 'ગીતાર્થગમ્ય' 'કેવળીગમ્ય' વગેરે કહી વાત પડતી મૂકી છે. પણ નિરહમ ખંડન નથી થયું. ઉપાધ્યાયજી મહારાજ પણ આ સમન્વયદૃષ્ટિના માર્ગે જ રહ્યા છે. જ્યાં બે પ્રખર મત ઊભા થયા હોય, ત્યાં પોતે તટસ્થ રહી બન્ને પક્ષના મત દર્શાવ્યા છે. આ બાબતમાં 'અધ્યાત્મપરીક્ષા'ગત 'સિદ્ધને ચારિત્ર હોય કે નહીં' તે અંગેની ચર્ચા અને 'જ્ઞાનબિંદુ'ગત 'કેવળીને જ્ઞાનદર્શન અખંડ ઉપયોગ પ્રત્યેક સમયે હોય કે નહીં' ઇત્યાદિ ચર્ચા સાક્ષીરૂપ છે.

(૬) નવ્યન્યાય, તર્ક વગેરેની સહાયથી પ્રાચીન પારિભાષિક શબ્દો,

વ્યાખ્યાઓને અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અસંભવદોષ ન આવે એવી વ્યાખ્યાઓથી તદ્દન નવો જ ઓપ આવ્યો છે. આ ગ્રન્થમાં જ મિથ્યાત્વ વગેરેની વ્યાખ્યા જોવાથી તે ખ્યાલ આવશે. સાત નયને માન્ય 'સામાચારી' પદની વ્યાખ્યા અને ઈચ્છામિચ્છાદિ સામાચારીઓનું વિવરણ કરતો 'સામાચારીપ્રકરણ' ગ્રન્થ અને સત્ય આદિ ચાર ભાષાઓનું નય વગેરેથી વિવરણ કરતા 'ભાષારહસ્ય' ગ્રન્થનું અવલોકન આ બાબતની ગવાહી પૂરશે.

ઉપાધ્યાયજી મહારાજ અને તેમના ગ્રન્થ અંગે આવી તો કેટલીય રસપ્રદ વાતો જાણી શકાય. પણ વિસ્તાર ન કરીએ. તે માટે તો મૂળ ગ્રન્થ પાસે જ જવું જોઈએ.

□

અનુભવ-ગુણ આવ્યો નિજ અંગે, મિટ્યો રૂપ નિજ માઠો,
સાહિબ સન્મુખ સુનજર કરતાં, કોણ થાયે ઉપરાંઠો ?

ઉપાધ્યાય યશોવિજય
('શ્રીપાળ રાસ')

# 'તત્ત્વાર્થભાષ્યટીકા'

નગીનદાસ જીવણલાલ શાહ

ઉપાધ્યાય યશોવિજયજી પ્રખર નૈયાયિક હતા. તેઓ અઢારમી સદીમાં થયા. તે જમાનામાં વિદ્વાનોમાં નવ્યન્યાયની ખાસ પ્રતિષ્ઠા હતી. તેથી બનારસમાં રહી અભ્યાસ કરનાર ઉપાધ્યાયજીએ પોતાના ન્યાયના તેમજ શાસ્ત્રીય ગ્રંથોમાં નવ્યન્યાયની શૈલી પ્રયોજી છે. નવ્યન્યાયનું અધ્યયન અમુક ક્ષેત્ર અને અમુક વર્તુળ પૂરતું મર્યાદિત રહ્યું છે. તેનું પ્રચલન બંગાળમાં, મિથિલામાં અને બનારસ જેવા વિદ્યાધામમાં રહ્યું છે. ગુજરાતમાં, રાજસ્થાનમાં કે મહારાષ્ટ્રમાં તેનો કોઈ ખાસ પ્રચાર નથી. તેથી ઉપાધ્યાયજીના ન્યાયગ્રંથો આપણા માટે દુરૂહ અને અભ્યાસ-બાહ્ય રહ્યા છે. મેં જેના પર આ નિબંધ લખ્યો છે તે 'તત્ત્વાર્થભાષ્યટીકા' પણ મહદંશે નવ્યશૈલીમાં રચાયેલી છે.

આ ટીકા છઠ્ઠી સંબંધકારિકાથી પ્રથમાધ્યાયની સમાપ્તિ સુધી જ ઉપલબ્ધ છે.[૧] તેમાં તેમણે પોતાની ઘણી કૃતિઓના ઉલ્લેખો કર્યા છે, જેમકે અધ્યાત્મપરીક્ષા, નયામૃતતરંગિણી, અનેકાંતવ્યવસ્થા, જ્ઞાનબિંદુ, અધ્યાત્મસાર અને નયોપદેશ. આ ઉપરથી જણાય છે કે આ ટીકાની રચના ઉપાધ્યાયજીએ પક્વ દશામાં કરી છે અને તેથી તે અતિ પ્રૌઢ બની છે. ટીકા જો સંપૂર્ણ ઉપલબ્ધ થાય તો આપણું અહોભાગ્ય ગણાય.

પ્રસ્તુત ટીકા વાંચતાંવાંચતાં મને જે નોંધપાત્ર જણાયું તેની નોંધ હું લેતો ગયો અને તે નોંધ જ અહીં હું રજૂ કરીશ.

સં.કા.૮ના 'મનઃપ્રસાદ' શબ્દનો અર્થ તેમણે મનની પરમનિર્મલતા કર્યો છે. અર્હત્‌ની અભ્યર્ચનાના ફળ રૂપે મનની પરમનિર્મળતા સાધક પામે છે. આ પરમનિર્મળતા છે રાગદ્વેષનો અભાવ. પ્રસાદ એટલે હર્ષ, આનંદ એવો અર્થ કરવાનો નથી. હર્ષ, આનંદ એવો અર્થ સામાન્ય રીતે કરવામાં આવે છે અને પરિણામે સાધક ભાવાવેશમાં આવવાનો સાત્ત્વિક-આંગિક અભિનય કરતો હોય છે. મનની પ્રસન્નતાનો – પ્રસાદનો સાચો અર્થ ઉપાધ્યાયજીએ અહીં ઉદ્‌ઘાટિત કર્યો છે. 'ચિત્તપ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે' એ આનંદઘનજીવચનને અને 'मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे' પંક્તિને ખરા અર્થમાં સમજવામાં આપણને આ અર્થ સહાય કરે છે.

સં.કા. ૮-૧૦ની ટીકામાં શંકાકાર આશંકા કરે છે કે તીર્થંકર કૃતાર્થ છે અને

ઉપદેશ કરે છે એમાં વિરોધ છે; કૃતાર્થ છે તો ઉપદેશ કેમ કરે છે ? ઉપદેશ કરે છે તો કૃતાર્થ શાના ? ઉપાધ્યાયજી ઉત્તર આપે છે કે તીર્થંકરનામકર્મના ઉદયના કારણે, તે કૃતાર્થ હોવા છતાં, ઉપદેશ આપે છે. શંકાકાર કહે છે કે તીર્થંકરનામકર્મોદય ઉપરની તીર્થંકરની પરતંત્રતાને કારણે તીર્થંકર એકાન્ત કૃતાર્થ ન કહેવાય. ઉપાધ્યાયજી ઉત્તર આપે છે કે કૃતાર્થતા ઘાતિકર્મક્ષયજન્ય હોઈ નિરપાયા છે. શંકાકાર વળી પૂછે છે કે ઇચ્છા વિના તીર્થંકરની ઉપદેશાદિમાં પ્રવૃત્તિ કેવી રીતે સંભવે ? ઉપાધ્યાયજી જણાવે છે કે આ આશંકા યોગ્ય નથી. જીવનજન્ય યત્ન ઇચ્છાજન્ય નથી. અહીં ન્યાયવૈશેષિકસંમત બે પ્રકારના પ્રયત્નનો ઉલ્લેખ છે – જીવનજન્ય યત્ન અને ઇચ્છાજન્ય યત્ન. જીવનનો અર્થ છે ધર્માધર્મસાપેક્ષ આત્મમનઃસંયોગ. જીવનજન્ય યત્નમાં કેવળ જીવન જ કારણ છે જ્યારે ઇચ્છાજન્યમાં જીવન ઉપરાંત પ્રધાનપણે ઇચ્છા કારણ છે. આધુનિક પરિભાષામાં કહીએ તો જીવનજન્ય યત્ન એ involuntary યત્ન છે જ્યારે ઇચ્છાજન્ય યત્ન એ voluntary યત્ન છે. નગ્નાટ અર્થાત્ દિગંબર મતાવલંબી પોતાનો મત રજૂ કરતાં કહે છે કે પુદ્ગલોને ગ્રહવા-છોડવા વગેરે પ્રવૃત્તિમાં મોહોદય જ કારણભૂત છે, ઉપદેશ કરવામાં ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહવા-છોડવાની પ્રવૃત્તિ અનિવાર્ય છે, આ પ્રવૃત્તિને કોઈ કારણજન્ય માનતાં દોષ આવે છે, એટલે એને નૈયતિક માનવી જોઈએ. ઉપાધ્યાયજી આ મતનો પ્રતિષેધ કરતાં જણાવે છે કે આ દિગંબર માન્યતા શ્રદ્ધેય નથી, મોહોદય આરંભ આદિ પ્રવૃત્તિવિશેષમાં જ કારણભૂત છે – સર્વપ્રવૃત્તિમાં નહીં; અન્યથા ગુરુવિનય, સ્વાધ્યાય, અધ્યયન, દાન આદિ પ્રવૃત્તિઓને મોહજન્ય માનવાની આપત્તિ આવે. ઇચ્છા વિના પ્રવૃત્તિ નહીં અને પ્રવૃત્તિ વિના ચેષ્ટા નહીં, એમ માનતાં ભગવાનને નિશ્ચેષ્ટ માનવા પડે – જે તમે પણ માનતા નથી. એટલે જેમ વિલક્ષણ ચેષ્ટામાં જ પ્રવૃત્તિને હેતુ માનો છો તેમ વિલક્ષણ પ્રવૃત્તિમાં જ ઇચ્છાને હેતુ માનો. આમ ઇચ્છારહિત પ્રવૃત્તિ ભગવાનમાં સંભવે છે. આ ચર્ચા ઉપરથી એ ફલિત થાય છે કે ભગવાન કરુણાથી પ્રેરાઈને ઉપદેશ આપે છે એને સિદ્ધાન્તનું સમર્થન નથી.

સં.કા. ૧૫માં કહ્યું છે કે ધીમાને પ્રવ્રજ્યા લીધી. આ મહાવીરને વિશે કહેવાયું છે. અહીં 'ધીમાન્' શબ્દની ટીકામાં ઉપાધ્યાયજી જણાવે છે કે 'ધીમાન્' શબ્દનો પ્રયોગ સપ્રયોજન છે, કારણકે તેમને નિષ્ક્રમણ પછી જ મનઃપર્યાયજ્ઞાન પ્રાપ્ત થયું હતું. આનો અર્થ એ કે 'ધી' પદથી મતિ, શ્રુત અને અવધિ જ સમજવાના છે એવું ઉપાધ્યાયજી જણાવવા માગે છે.

સં.કા.૧૮માં ભગવાનના જ્ઞાન-દર્શનને 'અનન્ત' વિશેષણ આપવામાં આવ્યું છે. તે 'અનન્ત' પદની ટીકામાં ઉપાધ્યાયજી લખે છે કે – 'अनन्तं प्रवाह-विच्छेदकावरणहेत्वभावाद् अन्तरहितम् ।' આનો અર્થ આ પ્રમાણે છે – જ્ઞાનપ્રવાહ અને દર્શનપ્રવાહ અતૂટ વહ્યા કરે છે, અર્થાત્ પ્રત્યેક ક્ષણે જ્ઞાનોપયોગ પણ છે અને

દર્શનોપયોગ પણ છે, કારણકે તેમના આવરણરૂપ કર્મો જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો અભાવ છે. જ્ઞાન-દર્શનના ભેદ-અભેદ, ક્રમયૌગપદ્ય પરત્વે મતમતાન્તર છે, અ સંદર્ભમાં આનું મહત્ત્વ છે.

સૂત્ર ૧.૧ની ટીકામાં જ્ઞાન અને શ્રદ્ધાનરૂપ દર્શનનો ભેદપક્ષ અને અભેદપક્ષ વિસ્તારથી રજૂ કરવામાં આવેલ છે. આ રજૂઆતમાં ઉપાધ્યાયજીએ સિદ્ધસેન-ગણિની ટીકાનું ખાસ્સું અવલંબન કર્યું છે. અભેદપક્ષના સમર્થનમાં સિદ્ધસેન દિવાકરના 'સન્મતિ'માંથી એક ગાથા ઉદ્ધૃત કરી છે. વળી, ઉપાધ્યાયજીએ જ્ઞાન અને ચારિત્રના અભેદની સ્થાપના પણ કરી છે. જેમ દર્શન એ જ્ઞાન છે તેમ ચારિત્ર પણ જ્ઞાન છે – જ્ઞાનવિશેષ છે. વિષયપ્રતિભાસ બુદ્ધિ છે, આત્મજ્ઞાન જ્ઞાન છે અને તત્ત્વસંવેદન અસંમોહ છે. તત્ત્વસંવેદનરૂપ અસંમોહ જ ચારિત્ર છે. ચારિત્રમોહના પૃથક્ અભિધાનનો ખુલાસો અભેદ માનીને પણ થઈ શકે છે એમ ઉપાધ્યાયજી જણાવે છે.

સૂત્ર ૧.૩ના ભાષ્યમાં સંસારના વિશેષણ તરીકે 'અનાદિ'પદ છે, તેની ટીકામાં ઉપાધ્યાયજીએ સૃષ્ટિકર્તા ઈશ્વરનો નિરાસ વિસ્તારથી કર્યો છે. 'સર્વ કાર્ય સકર્તૃક છે કારણકે તે કાર્ય છે, ઘટની જેમ' આ ઈશ્વરસાધક અનુમાનને તેમણે અપ્રયોજક સિદ્ધ કર્યું છે. સૃષ્ટિ પહેલાં જીવોને શરીર, ઇન્દ્રિય, વિષય આદિ સાથે કોઈ સંબંધ ન હોઈ તેઓ મુક્ત જેવા છે, સૃષ્ટિમાં ઈશ્વર તેમને સંસારીપણું આપે છે, પરિણામે મુક્તિમાં પણ આસ્થા ન રહેવાની આપત્તિ આવે. સૃષ્ટિ પહેલાં જીવોનો કર્મબીજ સાથે સંબંધ હોઈ તેઓ મુક્ત જેવા નથી એમ કહેવું યોગ્ય નથી કારણકે પહેલાં સૃષ્ટિકાલભોગ્ય કર્મોનો ભોગ કરી કર્મોનો ક્ષય કરી દીધો હોઈ પ્રલયમાં તેમની અવસ્થિતિ નથી, અને જો કર્મોનો ક્ષય ન કર્યો હોય તો ભોગકાળ વિરમ્યો ન કહેવાય અને તેથી પ્રલય ઘટે નહીં. વળી, જીવોના અનિયતવિપાકી કર્મો એકસાથે નિરોધ પામવા તત્પર ન બને, કારણકે એવું દેખ્યું નથી. પરિણામે પ્રલય ઘટે નહીં. પ્રલય ન ઘટે તો સૃષ્ટિ ક્યાંથી ઘટે ? સૃષ્ટિ ન ઘટે તો સૃષ્ટિકર્તા ઈશ્વર પણ ન ઘટે. વળી, કર્મનિરપેક્ષ ઈશ્વરનું કર્તૃત્વ માનતાં અમુકને સુખ અને અમુકને દુઃખ નહીં ઘટે અને કર્મસાપેક્ષ કર્તૃત્વ માનતાં ઈશ્વરનું ઈશ્વરપણું નહીં ઘટે, ઇત્યાદિ.

સૂત્ર ૧.૫ની ટીકામાં નિક્ષેપની વિશદ સમજૂતી છે. એકનો એક શબ્દ ચાર અર્થોમાં પ્રયોજાય છે. અર્થાત્ એકના એક શબ્દના ચાર અર્થ વાચ્ય છે – નામાર્થ, સ્થાપનાર્થ, દ્રવ્યાર્થ અને ભાવાર્થ. આ ચારને નિક્ષેપ કહેવામાં આવે છે. ઉપાધ્યાયજી કહે છે કે દ્રવ્ય એટલે વ્યક્તિ, સ્થાપના એટલે આકૃતિ અને ભાવ એટલે જાતિ. આમ ન્યાયસૂત્રનો હવાલો આપી શબ્દના આ ત્રણ વાચ્ય અર્થો છે એમ જણાવી આગળ કહે છે કે વૈયાકરણો નામને પદાર્થ ગણે છે. ઉપાધ્યાયજીની નિક્ષેપચર્ચા વિસ્તૃત, ગંભીર અને પ્રૌઢ છે. તેમાં 'દ્રવ્યજીવ' અને 'દ્રવ્યદ્રવ્ય'ની વિવિધ વ્યાખ્યાઓ કરી છે. આ સંદર્ભમાં અણુ અને સ્કંધની ચર્ચા કરી છે. આ

પ્રસંગે નૈયાયિકોની અણુ અને સ્કંધરચનાની માન્યતાનું વિસ્તારથી ખંડન કર્યું છે. જીવની બાબતમાં 'દ્રવ્યદ્રવ્યત્વ' કેમ નહીં તેનો ઉત્તર આપ્યો છે. પ્રસ્તુતાર્થવ્યાકરણ અને અપ્રસ્તુતાર્થપાકરણને નિક્ષેપનું ફળ કહ્યું છે.

સૂત્ર ૧.૧૦ની ટીકામાં કેટલાકનો એ મત રજૂ કર્યો છે કે બધાં જ જ્ઞાનો પ્રત્યક્ષ છે. આ પક્ષને અનુલક્ષી ઉપાધ્યાયજી જણાવે છે કે વિશુદ્ધશબ્દનયથી – એવંભૂતનયથી આ પક્ષ સાચો છે. 'અક્ષ'પદનો અર્થ 'ઇન્દ્રિય', 'મન' અને 'જીવ' એ ત્રણેય છે. એથી આપણાં બધાં જ્ઞાનો પ્રત્યક્ષ જ છે – આત્માભિમુખ્યથી થતાં ભય, હર્ષ, રાગ, મનોરાજ્યલાભ આદિ, મનઆભિમુખ્યથી થતાં સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, વિતર્ક, વિપર્યય આદિ, ઇન્દ્રિયાભિમુખ્યથી થતાં રૂપજ્ઞાન, રસજ્ઞાન, આદિ. આ પક્ષને સંગ્રહનયથી સમજાવતાં ઉપાધ્યાયજી કહે છે કે બધાં જ્ઞાનોમાં પ્રત્યક્ષત્વ જાતિ છે. બધી પ્રમિતિઓ અને પ્રમાતા પ્રત્યક્ષ છે. પરોક્ષત્વ તો વિષયાંશમાં છે, કલ્પિત છે, ઔપાધિક છે અને તુચ્છ છે. વળી, વિશદ-અવિશદભાવથી પ્રત્યક્ષ-પરોક્ષવિભાગૈકાન્ત યુક્ત નથી, કારણકે પરોક્ષ સ્થળે પણ જ્ઞાનથી અવચ્છિન્ન વિષય વિશદ જ હોય છે; કેટલાક કહે પણ છે કે બધી વસ્તુઓ જ્ઞાત તરીકે અને અજ્ઞાત તરીકે સાક્ષીપ્રત્યક્ષનો વિષય બને છે. સર્વ પ્રકારે વિશદતા તો સ્તંભાદિમાં પણ હોતી નથી કારણકે સ્તંભના પાછળના ભાગથી અવચ્છિન્ન સ્તંભ તો અવિશદ (અજ્ઞાત) જ હોય છે. આમ પ્રમાભેદાભાવે પ્રમાણભેદાભાવ સિદ્ધ થાય છે. જ્ઞાનાદ્વૈતનયથી સ્વાકારની જેમ વિષયાકારનું પણ સ્વતઃપ્રકાશત્વ હોઈ, કેવળ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ બધી નયદૃષ્ટિઓ છે.

સૂત્ર ૧.૧૨ની ટીકામાં મિથ્યાદૃષ્ટિ જીવના મતિ-શ્રુત-અવધિ અજ્ઞાન જ છે એ જૈન સિદ્ધાન્ત વિશે કોઈની આશંકા જણાવવામાં આવી છે કે મિથ્યાદૃષ્ટિએ શો અપરાધ કર્યો છે કે એનું બધું અજ્ઞાન અને સમ્યગ્દૃષ્ટિનું બધું જ્ઞાન ? ઉપાધ્યાયજી ઉત્તર આપે છે કે એનું કારણ એ છે કે મિથ્યાદૃષ્ટિ અનન્તપર્યાયવાળી વસ્તુને એકપર્યાય રૂપે ગ્રહણ કરે છે. શંકાકાર કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પણ ઘટાદિ વસ્તુના કોઈ ઘટત્વ આદિ એક પર્યાયને જ એક કાળે ગ્રહણ કરે છે તો તેનું તે જ્ઞાન કેમ કહેવાય ? ઉપાધ્યાયજી ઉત્તર આપે છે કે, જોકે સમ્યગ્દૃષ્ટિ પ્રયોજનાદિવશે એક પર્યાયને ગ્રહણ કરે છે તેમ છતાં બધી વસ્તુઓ અનન્તપર્યાયાત્મક છે એ આગમાર્થમાં તેને શ્રદ્ધા હોવાથી તેનું જ્ઞાન સર્વત્ર સર્વદા અનન્તપર્યાયાત્મકતાને વિષય કરનારું છે એટલે પ્રમાણ છે. આ ઉત્તરમાં કંઈક નવીનતા છે.

નૈયાયિકો સંજ્ઞા-સંજ્ઞીસંબંધજ્ઞાનને ઉપમિતિરૂપ સ્વતંત્ર પ્રમા ગણે છે. ઉપાધ્યાયજી ૧.૧૩ સૂત્રગત 'સંજ્ઞા'પદને સમજાવતાં જણાવે છે કે સંજ્ઞાજ્ઞાન એ પૂર્વાપરસંકલનાત્મક પ્રત્યભિજ્ઞાન છે, એટલે જ સંજ્ઞાસંજ્ઞીસંબંધ પણ એનાથી જ ગૃહીત થાય છે, તેથી 'સંજ્ઞા' શબ્દ અન્વર્થ છે.

સૂત્ર ૧.૧૫ની ટીકામાં ઈહા અને સંશય વચ્ચેનો ભેદ વિસ્તારથી સ્પષ્ટ કર્યો

છે. સંશય 'સ્થાણુ હશે કે પુરુષ' એવા આકારનો હોય છે જ્યારે ઈહા 'પ્રાયઃ આ સ્થાણુ હોવો જોઈએ' એવા આકારનો હોય છે. અથવા, સંશયમાં બે કોટિ તુલ્યબલ હોય છે, જ્યારે ઈહામાં બેમાંથી એક કોટિ ઉત્કટ હોય છે. અપાયનો વ્યુત્પત્ત્યાનુસારી અર્થ કરી ઉપાધ્યાયજી જણાવે છે કે અસદ્ભૂતાર્થવિશેષોનું (વિકલ્પોનું) દૂરીકરણ એ જ અપાય છે અને સદ્ભૂતાર્થવિશેષનું (વિકલ્પનું) અવધારણ કરવું – નિશ્ચય કરવો એ ધારણા છે. આ મતને તેમણે સ્પષ્ટપણે સમજાવ્યો છે, જોકે તેનો સ્વીકાર તેઓ કરતા નથી. ધારણા વિશે પણ વિસ્તારથી ચર્ચા છે. જેમ અવગ્રહના બે પ્રકાર છે (વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ) તેમ ધારણાના પણ ત્રણ પ્રકાર છે. ઉપાધ્યાયજી તેમને ધારણાત્રય કહે છે. એક ધારણા છે ધારાવાહિક અપાય, બીજી ધારણા છે વાસના અને ત્રીજી ધારણા છે સ્મૃતિ.

સૂત્ર ૧.૧૬ની ટીકામાં એવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે અવગ્રહ તો કેવળ એક સમય જ રહે છે એવું શાસ્ત્રમાં કહ્યું છે એટલે બહ્વવગ્રહ એક સમયમાં કેવી રીતે સંભવે ? આના ઉત્તરમાં ઉપાધ્યાયજી કહે છે કે નૈશ્ચયિક અવગ્રહ એકસામયિક જ છે, આ તો વ્યાવહારિક અવગ્રહને દૃષ્ટિમાં રાખી કહ્યું છે. સ્પાર્શન બહ્વવગ્રહ અનેક સ્પર્શોને ક્રમથી ગ્રહણ કરતો હોવા છતાં પદજ્ઞાન કે વાક્યજ્ઞાનની જેમ તેનામાં એકત્વ સમજવાનું છે.

સૂત્ર ૧.૧૯ની ટીકામાં ચક્ષુને પ્રાપ્યકારી માનનાર નૈયાયિકોનું વિસ્તારથી ખંડન કરી તેની અપ્રાપ્યકારિતા સિદ્ધ કરી છે. ખંડન નોંધપાત્ર છે.

સૂત્ર ૧.૨૦ની ટીકામાં ઉપાધ્યાયજી કહે છે કે શ્રુતગ્રન્થાનુસારી મતિજ્ઞાનથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે શ્રુતજ્ઞાન છે, અર્થાત્ પદવાક્યનું શ્રૌત્ર પ્રત્યક્ષ થયા પછી પદ-વાક્યના અર્થનું જે જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન છે. બીજો અર્થ છે – પોતાને થયેલું મતિજ્ઞાન અપેક્ષાકારણ રૂપે પોતાનામાં તદનન્તર જે શબ્દબદ્ધ જ્ઞાનને ઉત્પન્ન કરે છે તે શ્રુતજ્ઞાન છે. મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું અપેક્ષાકારણ છે. આ બીજા અર્થને લક્ષમાં રાખી કોઈ પ્રશ્ન કરે છે કે તે જ મતિજ્ઞાન શ્રુતજ્ઞાનમાં પરિણમે છે – જેમ માટી ઘટમાં પરિણમે છે તેમ – એમ શા માટે નથી માનતા ? આનો ઉત્તર ઉપાધ્યાયજી નીચે પ્રમાણે આપે છે : એમ માનતાં શ્રુતજ્ઞાન ઉત્પન્ન થતાં મતિજ્ઞાનનો નાશ થાય છે એમ માનવું પડે, જ્યારે એવું તો ઇચ્છવામાં આવ્યું નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે 'जत्थ मई तत्थ सुयं जत्थ सुअं तत्थ मई' તેથી શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં મતિજ્ઞાન અપેક્ષાકારણ જ છે, સમવાયિ-કારણ નથી. ઘટની ઉત્પત્તિમાં વ્યોમ જેમ અપેક્ષાકારણ છે તેમ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં મતિજ્ઞાન અપેક્ષાકારણ છે. જ્ઞાન એ ગુણ છે અને ગુણ કદી સમવાયિકારણ હોતો જ નથી.

આ જ સૂત્રની ટીકામાં નીચે મુજબ એક શંકા ઉઠાવવામાં આવી છે – શબ્દો સાંભળી શબ્દોના અર્થનું થતું શ્રુતજ્ઞાન શબ્દશક્તિગ્રહજન્ય હોય કે ગૃહીત-

શક્તિકશબ્દજન્ય હોય. આને કારણે એવું માનવું પડે કે એકેન્દ્રિય જીવોને શ્રુતજ્ઞાન ન થાય. પરંતુ શાસ્ત્રોમાં તો કહ્યું છે કે તે જીવોને મતિ અને શ્રુત એ બે જ્ઞાનો હોય છે. આનું સમાધાન ઉપાધ્યાયજી આ પ્રમાણે કરે છે – द्रव्यश्रुताभावेऽपि तेषां स्वापावस्थायां साधोरिवाशब्दकारणाशब्दकार्यश्रुतावरणक्षयोपशममात्रजनितभाव-श्रुताभ्युपगमात् । न च भाषाश्रोत्रलब्ध्यभावे तेषां भावश्रुताभावः ।

સૂત્ર ૧.૩૧ની ટીકામાં કેવળજ્ઞાન અને કેવળદર્શનની ઉત્પત્તિ યુગપત્ નથી પરંતુ ક્રમિક છે એ મતનું સમર્થન કર્યું છે.

સૂત્ર ૧.૩૩ની ટીકામાં ઉપાધ્યાયજીએ નૈયાયિકોએ તર્કસંગ્રહમાં બાંધેલા 'तद्वति तत्प्रकारकज्ञानत्वं प्रमात्वम्' એ પ્રમાલક્ષણનું વિસ્તારથી ખંડન કર્યું છે અને ગૌરીકાન્તના મતનો ઉલ્લેખ કરી તેનો પણ પ્રતિષેધ કર્યો છે. ઉપાધ્યાયજીએ એક દોષ તો એ બતાવ્યો છે કે આ લક્ષણ ઘટત્વગ્રાહી નિર્વિકલ્પક પ્રત્યક્ષને લાગુ ન પડતું હોઈ અવ્યાપ્તિદોષયુક્ત છે.

સૂત્ર ૧.૩૫ની ટીકામાં નૈગમ આદિ સાત નયોને વિસ્તારથી સમજાવ્યા છે. સમભિરૂઢનયના પ્રસંગમાં સંજ્ઞાના ત્રણ પ્રકારો જણાવ્યા છે – પારિભાષિકી, ઔપાધિકી અને નૈમિત્તિકી. જે નામકરણસંસ્કારાધીનસંકેતશાલિની સંજ્ઞા તે પારિભાષિકી, જેમકે નરેન્દ્ર ઇત્યાદિ; જે ઉપાધિપ્રવૃત્તિનિમિત્તકા તે ઔપાધિકી, જેમકે પશુ, ભૂત, આકાશ આદિ; જે જાતિપ્રવૃત્તિનિમિત્તકા તે નૈમિત્તિકી, જેમકે પૃથ્વી, જલ આદિ.

એ જ સૂત્ર પરની ટીકામાં દિગંબર દેવસેનના મતનું ખંડન છે. તે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, નૈગમ, સંગ્રહ આદિ નવ નયોમાં માને છે. તે મતનું ખંડન કરતાં ઉપાધ્યાયજી જણાવે છે કે કોઈ વૈશેષિકબાલ મૂર્ત, અમૂર્ત, પૃથ્વી, અપ્ આદિ અગિયાર દ્રવ્યો છે એમ કહે તેના જેવું દેવસેને કર્યું છે. જેમ પૃથ્વી આદિ નવ દ્રવ્યોમાં કેટલાક મૂર્ત છે. અને કેટલાક અમૂર્ત છે અને નહીં કે નવ ઉપરાંત બીજા બે મૂર્ત અને અમૂર્ત દ્રવ્યો છે, તેમ નૈગમ આદિ સાત નયોમાં કેટલાક દ્રવ્યાર્થિક છે અને કેટલાક પર્યાયાર્થિક છે અને નહીં કે નૈગમ આદિ સાત ઉપરાંત બીજા બે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો છે.

એ જ સૂત્ર પરની ટીકામાં, આખ્યાતસ્થળે ક્રિયાનું પ્રાધાન્ય અને કર્તાનો ગુણભાવ હોય છે એવા (અપ્પય) દીક્ષિતના એકાન્તવાદનું નિરસન કર્યું છે. અહીં વ્યાકરણના સિદ્ધાન્તોની માર્મિક અને વિસ્તૃત ચર્ચાઓ છે.

એ જ સૂત્ર પરની ટીકામાં, શુદ્ધ પદ 'જીવ'નો પ્રયોગ થતાં નૈગમ આદિ નયથી શું સમજવું તે જણાવી 'નોજીવ'નો ઉચ્ચાર થતાં તે નયોથી શું સમજવું તેની ચર્ચા કરી છે. પછી 'અજીવ'પદનો ઉચ્ચાર થતાં તે નયોથી શું સમજવું તેની ચર્ચા કરી છેવટે 'નોઅજીવ'પદનો ઉચ્ચાર થતાં તે નયોથી શું સમજવું તેની ચર્ચા કરી છે.

આ પ્રસંગે નઞ્‌નો અર્થ શો છે તેની શાસ્ત્રીય ચર્ચા કરી છે. અહીં કૈયટના મતનું ખંડન કર્યું છે. નઞ્‌સમાસ વિશે પણ રસપ્રદ વિચારણા કરી છે. વ્યાકરણનયનું વિવરણ કરી અન્તે લખે છે કે – तस्मात् सुष्ठूक्तं अजीव इत्यत्र सर्वनिषेधोऽर्थ इति । नोशब्दस्य तु न नञ्‌समानशीलत्वं परिभाषानुरोधेन देश-सर्वनिषेधयोः प्रवृत्तिदर्शनात् इति किमतिप्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः । ઉપાધ્યાયજી આગળ કહે છે કે 'અજીવ'પદ ઉચ્ચારાતાં પરમાણુ આદિ અજીવ દ્રવ્ય જ પ્રતીત થાય છે, કારણકે નઞ્ સર્વનિષેધક હોઈ બધા જીવોનો નિષેધ થાય છે. 'નો-અજીવ' એ પદ ઉચ્ચારાતાં બે પ્રતિષેધો પ્રકૃતિને જણાવે છે, એટલે 'નોઅજીવ' પદથી સંસારી જીવ જ જ્ઞાત થાય છે, મુક્ત જીવ જ્ઞાત થતો નથી.

એ સૂત્ર પરની ટીકામાં જ આગળ પાંચ જ્ઞાનો અને ત્રણ અજ્ઞાનોમાંથી કેટલાંને કયો નય સ્વીકારે છે – એ પ્રશ્નના ઉત્તરમાં શબ્દનય બાબતે ઉપાધ્યાયજી કહે છે કે શબ્દનય શ્રુતજ્ઞાન-કેવળજ્ઞાન બેને જ સ્વીકારે છે અને કોઈ અજ્ઞાનને સ્વીકારતો નથી. આ પ્રતિપાદનપ્રસંગે તેમણે પ્રભાકરના મતને રજૂ કર્યો છે. પ્રભાકર અનુસાર બધાં જ જ્ઞાનો યથાર્થ છે અને શુક્તિમાં રજતનું જ્ઞાન એ બે જ્ઞાનોના ભેદનું અગ્રહણમાત્ર છે – શુક્તિગ્રહણ અને રજતસ્મરણ બે જ્ઞાનો છે, કોઈ એક જ્ઞાન નથી અને બન્ને યથાર્થ છે.

આ તો સામાન્ય પરિચય જ છે, તેના સ્વરૂપની ઝાંખી છે, પરંતુ તે પરથી પણ એટલો ખ્યાલ તો જરૂર આવશે કે પ્રસ્તુત ટીકામાં શાસ્ત્રીય અને તાર્કિક ચર્ચાઓ વિપુલ પ્રમાણમાં છે, શંકાઓના સમાધાનમાં નાવીન્ય છે, તથા જૈન સિદ્ધાન્તોના રહસ્યોદ્‌ઘાટનમાં અને અન્ય દર્શનોના સિદ્ધાન્તોની સમીક્ષામાં ઉદારતા તેમ જ વિચારપ્રેરકતા છે. આમ આ ટીકાનો જેટલો ભાગ ઉપલબ્ધ છે તેટલો પણ અતિમહત્ત્વનો છે.

**ટિપ્પણ**

૧. 'તત્ત્વાર્થભાષ્ય'ના પ્રથમાધ્યાય ઉપરની ઉપાધ્યાય યશોવિજયજીની પ્રસ્તુત ટીકામાં પ્રથમ પાંચ મંગલકારિકાઓ ઉપરનું યશોવિજયજીનું વિવરણ ઉપલબ્ધ નથી. વિજયનેમિસૂરિના શિષ્ય વિજયોદયસૂરિએ એ પાંચ કારિકાઓ ઉપર વિવરણ રચી પૂર્તિ કરી છે. વિજયનેમિસૂરિના જ બીજા શિષ્ય વિજયદર્શનસૂરિએ ઉપાધ્યાયજીની આ ટીકા ઉપર પાંડિત્યપૂર્ણ 'ગૂઢાર્થદીપિકા' નામની વિવૃતિની રચના કરી છે. આ બન્ને આધુનિક વિદ્વાનોની વિદ્વત્તા પ્રશંસનીય છે. 'તત્ત્વાર્થભાષ્ય', પ્રથમ પાંચ મંગલકારિકાઓ ઉપર વિજયોદયસૂરિએ લખેલ વિવરણ, યશોવિજયજીની ટીકા, તે ટીકા પરથી વિજયદર્શનસૂરિની 'ગૂઢાર્થદીપિકા' – આ બધું એક ગ્રંથમાં ઈ.સ.૧૯૫૫માં પ્રકાશિત થયેલ છે. ભાવનગરના આનન્દ પ્રિન્ટિંગ પ્રેસે તેનું મુદ્રણ કર્યું છે. પ્રકાશકનું નામ છે કપૂરચંદ તારાચંદ. – સંપાદક

☐

## 'સ્યાદ્વાદકલ્પલતા'

મુકુન્દ ભટ્ટ

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ જૈન અને જૈનેતર પરંપરાઓના પ્રસિદ્ધ શાસ્ત્રવેત્તા હતા. તેમનો જૈન ધર્મમાં પ્રવેશ અને જૈન આગમોનો અભ્યાસ એક ગાથાનો મર્મ જાણવા માટે થયો એવી રમ્ય એક ઇતિહાસની ઘટના છે. પણ જૈન ધર્મના જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યના રત્નત્રયની સિદ્ધિથી તેમણે તેમની વિદ્યાને ઉર્જસ્વલ બનાવી અને તેમણે અનેક ગ્રંથો રચ્યા જેમાં 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' એક અદ્વિતીય રચના છે. તેમાં તેમણે પ્રચલિત દર્શનોના સિદ્ધાન્તોની સમીક્ષા કરી. માત્ર જૈન શાસ્ત્રના વિષયોનું જ વિવેચન નહીં પણ અન્ય દર્શનોના વિષયોની નિષ્પક્ષ ચર્ચા તેમાં તેમણે કરી છે અને તેમના સિદ્ધાન્તોમાં જે અપૂર્ણતા દેખાય તેનો સહજભાવે નિર્દેશ કરી તર્કથી જેટલો તેમનો સારોદ્ધાર કરી શકાય તેટલો કરવાનો પ્રયત્ન કર્યો છે. તદુપરાંત જૈન દર્શનના સિદ્ધાન્તોની ચર્ચા કરતાં તે પ્રત્યે કોઈ પક્ષપાતનો દુરાગ્રહ નથી રાખ્યો પણ અન્ય શાસ્ત્રકારોએ જૈન મતને જ્યાંજ્યાં અતર્કયુક્ત માન્યો છે તેનું પરિમાર્જન કરી શુદ્ધ સિદ્ધાન્તનું સ્થાપન કર્યું છે. આ ગ્રન્થ ઉપર પૂ. ઉપાધ્યાયજી યશો-વિજયજીની અત્યંત પ્રૌઢ એવી 'સ્યાદ્વાદકલ્પલતા' નામક ટીકા છે. ટીકા કહેવાથી 'સ્યાદ્વાદકલ્પલતા'નું સાચું સ્વરૂપ પામી શકાય તેવું નથી, કારણકે તેની ગરિમા સ્વતંત્ર ગ્રન્થ જેવી છે. હરિભદ્રસૂરિજીના શ્લોકનો આધાર લઈને તેનું ઉદ્‌ઘાટન કરતાં યશોવિજયજીએ તેમની વિદ્વત્તાનું એવું તેજોમય નિદર્શન કર્યું છે કે દરેક શાસ્ત્રના વિસ્તારને ઘણી સૂક્ષ્મતાથી તેમણે જોયો છે એમ કહી શકાય. અહીં શાંકરભાષ્ય ઉપર વાચસ્પતિની ટીકાનું સ્મરણ થયા વિના રહેતું નથી, કારણકે ભાષાના અંતરંગને ઉઘાડવા જતાં 'ભામતી' એક ટીકા માત્ર ન રહેતાં એક સ્વતંત્ર ગ્રન્થનું ગૌરવ પામે છે.

'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' ૧૧ વિભાગમાં વહેંચાયેલો છે. પ્રથમ સ્તબકમાં ભૂતચતુષ્ટયાત્મવાદી મતનું ખંડન છે; બીજા સ્તબકમાં કાલ-સ્વભાવ નિયતિ-કર્મ એ કારણચતુષ્ટયનું, (અન્યાન્યપેક્ષ) કારણતાના સિદ્ધાન્તનું ખંડન છે; ત્રીજામાં ન્યાય-વૈશેષિકના ઈશ્વરકર્તૃત્વનું અને સાંખ્યના પ્રકૃતિપુરુષવાદનું ખંડન છે; ચોથામાં બૌદ્ધ સૌત્રાન્તિક ક્ષણિકત્વનું (બાહ્યાર્થનું); પાંચમામાં યોગાચારના ક્ષણિક વિજ્ઞાનવાદનું; છઠ્ઠામાં ક્ષણિકત્વના હેતુઓનું ખંડન છે; સાતમામાં જૈન મતના સ્યાદ્વાદનું સુંદર નિરૂપણ છે. આઠમામાં વેદાન્તના અદ્વૈતમતનું ખંડન છે; નવમા

સ્તબકમાં જૈન આગમોમાં દર્શાવાયેલા મોક્ષમાર્ગની ચર્ચા છે; દશમા સ્તબકમાં સર્વજ્ઞના અસ્તિત્વનું સમર્થન છે અને અગિયારમામાં શાસ્ત્રપ્રામાણ્યને સ્થિર કરવા માટે શબ્દ અને અર્થના સંબંધને સ્વીકારનારા બૌદ્ધ મતનો પ્રતિકાર કર્યો છે. બીજા ઘણા અવાન્તર વિષયોને ઉપાધ્યાયજીએ 'સ્યાદ્વાદકલ્પલતા'માં સમાવ્યા છે જેનો વિસ્તારથી ઉલ્લેખ આ સ્થળે જરૂરી નથી. યશોવિજયજી જૈન શ્વેતામ્બર મતના પુરસ્કર્તા હોવા છતાં તેમની વિદ્યાની ઉપાસના અનેક જગ્યાએ સંપ્રદાયના સંકુચિત ક્ષેત્રને છોડીને, વિશાલ એવા માનવજીવનના ધર્માધર્મના ધ્યેય અને સંકેતને સ્પર્શે છે તેનો વિચાર ન થાય અને અભ્યાસી વૃત્તિ માત્ર પૂર્વગ્રહનું જ અવલંબન કરે એ સયુક્તિક નથી.

शैत्यगाम्भीर्यमाधुर्यवैधुर्यमवधार्यते ।
नावगाह्य न चाऽऽस्वाद्य तरङ्गिण्यास्तु तेन किम् ॥

'સ્યાદ્વાદકલ્પલતા' માત્ર ટીકા નથી એમ ઉપર નિર્દેશ કર્યો. તેના સમર્થનમાં થોડાંએક દૃષ્ટાંતો આપવાથી યશોવિજયજીના અભિગમનાં વધારે સ્પષ્ટ રીતે દર્શન થશે. 'શાસ્ત્રવાર્તા'નો ૧૪મો શ્લોક છે, સરલ છે, પણ તેમાં જેને કારણે જગતમાં ધર્મનો અભ્યુદય છે તેનો ઉલ્લેખમાત્ર છે, પણ ટીકા ઉપર ધ્યાન આપવાથી શ્લોકનું વ્યાપક સ્વરૂપ પ્રગટ થાય છે.

पुनर्जन्म पुनर्मृत्युर्हीनादिस्थानसंश्रयः ।
पुनः पुनश्च यदतः सुखमत्र न विद्यते ॥

યશોવિજયજી લખે છે :

जगति सुखं प्रवृत्त्युपयोगि न विद्यते व्यवहारतः प्रतिभासमानस्याऽपि सांसारिकस्य सुखस्य बहुतरदुःखानुविद्धत्वेन हेयत्वात् निश्चयतस्तु कर्मोदयजनितत्वात् सुखशब्द वाच्यतामेव नेदमास्कन्दति ।

બીજરૂપ અદૃષ્ટથી જન્માન્તરની પ્રાપ્તિ થાય છે અને પુનર્જન્મ થતાં પુનર્મૃત્યુ તો સંસારનો ક્રમ છે, અને કર્મ ફલોન્મુખ થતાં હીન, હીનતર જાતિમાં જન્મ થાય છે. તેથી સંસારમાં એવું કોઈ સુખ નથી જેને મનુષ્યની પ્રવૃત્તિનું ઉદ્દેશ્ય બનાવી શકાય. સંસારમાં વ્યવહારથી જેને સુખ માનવામાં આવે છે એ બહુતર દુઃખથી અનુવિદ્ધ રહેતું હોવાથી તથા કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલું હોવાથી ત્યજવાયોગ્ય છે. 'સુખ' શબ્દથી તેને વિશે વ્યવહાર શક્ય નથી. पुण्यफलं दुःखम् कर्मोदयजनितत्वात् पापफलदुःखवत् । જો વિષયસુખ પુણ્યથી પ્રાપ્ત થતું હોય તો વાસ્તવમાં એ પણ દુઃખ જ છે, પણ ચિકિત્સાની જેમ તેનાથી દુઃખનો પ્રતિકાર થતો હોવાથી, ઉપચારથી ગૌણી વૃત્તિથી તેમાં સુખનો વ્યવહાર થાય છે, અયથાર્થનો યથાર્થ પર આધાર થાય છે, ગૌણ મુખ્ય પર આશ્રિત થાય છે.

યશોવિજયજી લખે છે :

अत एव व्यासपतञ्जलिप्रभृतिभिरपि संसारे सुखाभाव एवोक्तः । गौतमेनापि चैकविंशतिदुःखमध्य एवं सुखं परिगणितमिति ।

આ કારણથી જ વ્યાસ, પતંજલિ આદિ ઋષિઓએ સંસારમાં સુખના અભાવને જ બતાવ્યો છે. ગૌતમે પણ એકવીસ દુઃખના સમુદાયમાં જ સુખની ગણના કરી છે. 'ઉદ્યોત'કારે પણ 'ન્યાયવાર્તિક'માં આરંભમાં આ વિચારનો ઉલ્લેખ કર્યો છે.

અહીં કોઈ પણ આગ્રહ કે આશંકા વિના વ્યાસ, પતંજલિનો ઉલ્લેખ છે; તેમના મતની અન્યત્ર યશોવિજયજીએ સબહુમાન ચર્ચા પણ કરી છે પણ વિતંડાનો દંશ લાગવા દીધો નથી એ તેમની અકલુષ ચિત્તવૃત્તિ અને શુદ્ધ વિદ્યાની ઉપાસનાનું ફલ છે. જન્મ-મૃત્યુના ઉપાયની ચર્ચામાં, કોઈ એક દર્શન જ સત્ય છે એમ કહેવામાં પણ કેવો વિવેક જોઈએ તેનું ગૌરવ તેમની શૈલીમાં દેખાય છે.

પતંજલિનો ઉલ્લેખ થયો છે ત્યારે તૃતીય સ્તબકમાં હરિભદ્રસૂરિએ કરેલું યોગના ઈશ્વરકર્તૃત્વનું ખંડન લક્ષમાં આવે તેવું છે અને તેના ઉપરની યશોવિજયજી-ની ટીકા તો તેમનું નવ્યન્યાયની પરિભાષા ઉપરનું સામર્થ્ય પ્રગટ કરે છે. યોગના પૂર્વપક્ષને પણ તેમણે સર્વગ્રાહી રૂપે પ્રદર્શિત કર્યો છે જે નીચેનાં એકબે અવતરણો ઉપરથી સ્પષ્ટ થશે.

ईश्वरः प्रेरकत्वेन कर्ता कैश्चिदिहेष्यते ।
अचिन्त्यचिच्छक्तियुक्तोऽनादिसिद्धश्च सूरिभिः ॥

પાતંજલ દર્શનમાં નિષ્ઠા રાખનારા કેટલાએક વિદ્વાનો, જગતની ઉત્પાદક સામગ્રીમાં ઈશ્વરને પણ ગણે છે કારણકે અચેતન કારણોને પ્રેરક એવા ચેતન કર્તાનો સ્વીકાર આવશ્યક છે. ઈશ્વરની શક્તિ અચિન્ત્ય છે. કારણકે ઇન્દ્રિયાદિ સાધનો વિના પણ સંપૂર્ણ વિષયો સાથે તેનો સંબંધ છે. ઈશ્વર સાધનનિરપેક્ષ સર્વવિષયક શાશ્વત જ્ઞાનનો આશ્રય છે અને અનાદિસિદ્ધ અને નિત્યમુક્ત છે. તેનામાં બંધનો સંભવ નથી.

આ રીતે ઈશ્વરકર્તૃત્વનો આધાર લઈને યશોવિજયજી યોગની મુખ્યમુખ્ય વિચારધારાઓનો ઉલ્લેખ કરે છે. અને જગત્કર્તૃત્વ સંબંધમાં પાતંજલોનો ઉલ્લેખ કરીને તેને માત્ર પ્રેરક નહીં માનતા નૈયાયિકો ક્યા સ્વરૂપે ઈશ્વરને જગતનો કર્તા કહે છે તેની વિશદ ચર્ચા ઉદયનાચાર્યનો આધાર ટાંકીને યશોવિજયજીએ કરી છે.

'ન્યાયકુસુમાંજલિ'કારના મતે ઈશ્વરના જગત્કર્તૃત્વને માટે નીચેનાં અનુમાનોનો આધાર લઈ શકાય તેમ છે.

कार्याऽऽयोजन धृत्यादेः पदात् प्रत्ययतः श्रुतेः ।
वाक्यात् संख्याविशेषाश्च साध्यो विश्वविदव्ययः ॥ ५–१

અન્ય અનુમાનોનો તો વિસ્તારથી ઉલ્લેખ શક્ય નથી પણ પ્રથમ અનુમાનને

યશોવિજયજી જે રીતે સ્થાપે છે તેને જરા વીગતથી જોઈએ. કાર્યહેતુથી ઈશ્વરની સિદ્ધિ થાય છે. कार्यं सकर्तृकम् कार्यत्वात् इति अनुमानात् ईश्वरसिद्धिः । આ અનુમાન ઉપરની યશોવિજયજીની વિસ્તૃત આલોચના તેમની નવ્યન્યાયની પારગામિની સજ્જતાને પ્રગટ કરે છે, અને તે પણ પૂર્વપક્ષના ન્યાયના ઈશ્વર-કર્તૃત્વના સમર્થનમાં :

न च कार्यत्वस्य कृतिसाध्यत्वलक्षणस्य क्षित्यादावसिद्धिरिति वाच्यम्, कालवृत्त्यिन्ताभावप्रतियोगित्वे सति, प्रागभावप्रतियोगित्वे सति, ध्वंसप्रतियोगित्वे सति सत्त्वस्य हेतुत्वात् । पक्षतावच्छेदकावच्छेदेन साध्यसिद्धेरुद्देश्यत्वाच्च न कार्यस्य घटादेः सकर्तृकत्वसिद्ध्यांशतः सिद्धसाधनम् न वा पक्षतावच्छेदकस्य हेतुत्वं दोषः, 'कार्यत्वं साध्यसमानाधिकरणम्' इति सहचारग्रहेऽपि कार्यं, सकर्तृकम् इति बुद्धेरभावाच्च ।

અહીં શંકા થાય કે કાર્યત્વહેતુનો અર્થ કૃતિસાધ્યત્વ છે અને એ પક્ષમાં અંતર્ગત ક્ષિત્યાદિમાં અસિદ્ધ છે. તેથી કાર્યત્વહેતુ ભાગાસિદ્ધ થઈ જવાથી તેનામાં સંપૂર્ણ કાર્યને વિશે સકર્તૃકત્વનું અનુમાન થઈ શકતું નથી, કારણકે તે માટે સમસ્ત કાર્યના હેતુ થવાનું આવશ્યક છે. આ શંકાને દૂર કરવા માટે કાર્યત્વહેતુનું નીચે પ્રમાણે નિર્વચન કરવું જરૂરી છે. 'કાર્યત્વ'નો અર્થ છે 'કાલવૃત્તિઅત્યન્તાભાવના પ્રતિયોગી થઈને ભાવાત્મક થવું તે.' આ પ્રકારનું કાર્યત્વ ક્ષિત્યાદિમાં વિદ્યમાન છે કારણકે ક્ષિત્યાદિ ભાવાત્મક છે અને ક્ષિત્યાદિનો ઉત્પત્તિના પૂર્વાકાળમાં અને (ક્ષિત્યાદિના) વિનાશકાળમાં અત્યન્તાભાવ થવાથી એ કાલવૃત્તિઅત્યન્તાભાવના પ્રતિયોગી છે. 'કાર્યત્વ'નો આ પરિષ્કૃત સ્વરૂપમાં 'સત્ત્વ' 'ભાવાત્મક' ઉલ્લેખ જરૂરી છે, જેથી ધ્વંસમાં હેતુનો વ્યભિચાર ન થાય. નવીન નૈયાયિકોના મતે ઉક્ત કાર્યત્વહેતુથી સકર્તૃકત્વની સિદ્ધિ થતી નથી કારણકે 'નિત્ય દ્રવ્ય' કોઈ પણ કાયિક સંબંધથી કોઈમાં રહેતું નથી. તેથી નિત્ય દ્રવ્ય 'કાલવૃત્તિઅત્યન્તાભાવ'નું પ્રતિયોગી ભાવાત્મક વસ્તુ છે પણ સકર્તૃક નથી. તેથી નિત્ય દ્રવ્યમાં કાર્યત્વ હેતુનો સકર્તૃકત્વમાં વ્યભિચાર સ્પષ્ટ છે. તેથી આ દોષનો પરિહાર કરવા માટે 'प्रागभावप्रतियोगित्वे सति सत्त्वम्' એ પરિષ્કાર જરૂરી છે.

આ સકર્તૃકત્વ એટલે શું – कर्तृसाहित्य કે कर्तृजन्यत्व ? આ તર્કને લઈને ટીકાકાર સકર્તૃકત્વને તપાસે છે અને ટીકાના અંતભાગમાં कार्यत्वहेतुની સિદ્ધિ કરી તેનું ખંડન કરે છે. ઉદયનાચાર્યે સ્થાપેલા 'ઈશ્વરકર્તૃત્વ'ના બધા હેતુઓને આ રીતે તર્કથી શુદ્ધ કરી તેનું ક્રમિક ખંડન તેમણે કર્યું છે.

પાંચમા અને છઠ્ઠા સ્તબકમાં બૌદ્ધ મતની સમીક્ષા છે. અહીં પણ વ્યાખ્યાકારે 'ઉપલબ્ધિયોગ્યતા'ના અનુસંધાનમાં ઉદયન અને ચિંતામણિકારના મતની સમીક્ષા કરીને તેનો પ્રતિવાદ કર્યો છે. બૌદ્ધ મતના 'सहोपलम्भ' નિયમનું સયુક્તિક નિરાકરણ, કર્મ-કર્તૃત્વભાવની પ્રતીતિનું સમર્થન કર્યું છે. બૌદ્ધ મતની સમાલોચના

પૂર્ણ કરીને ક્ષણિકત્વ અને વિજ્ઞાનવાદનું સમીચીન એવું તાત્પર્ય શું છે એ બતાવતાં યશોવિજયજીએ વિષયો પરની આસક્તિ તોડવાને માટે ક્ષણિકત્વનો ઉપદેશ કેટલો યથાર્થ છે એ બતાવ્યું છે અને ધનધાન્યાદિમાં વ્યસ્ત માનવસમાજ માટે 'જ્ઞાન' જેવા મહત્ત્વપૂર્ણ ગુણની આવશ્યકતા તરફ ધ્યાન ખેંચી વિજ્ઞાનવાદનું પણ સમર્થન કર્યું છે. સંસારની આસક્તિને શિથિલ કરવા માટે ઉપાયમાત્રની ઉપયોગિતાનું આવું નિષ્પ્રપંચ દર્શન યશોવિજયજીમાં જોવા મળે છે એ મનની નિર્ગ્રન્થ અવસ્થાનું દ્યોતક તો છે જ. પણ જ્ઞાનની શુદ્ધ સાત્ત્વિકતા કેવું પરિમાર્જન કરે છે તેનું પણ ઉદાહરણ છે.

વિસ્તારથી કહેવા માટે બહુ સમય નથી અને એટલો ધ્યાનપૂર્વક આ ગ્રન્થ હજુ હું જોઈ પણ શક્યો નથી. તેમાં ઘણી જગ્યાએ મને 'ग्रन्थग्रन्थि'નો અનુભવ પણ થતો રહ્યો છે. બધું નિરૂપણ સાદ્યન્ત સ્પષ્ટ કરવા માટે ઘણી વિશાલ સજ્જતા જરૂરી છે જે મારી પાસે નથી. અહીં તેથી ઉપાધ્યાયજીએ કરેલ 'વેદાંતમત'ના સમયનો ઉલ્લેખ માત્ર કરીશ. વેદાન્તમતના પરીક્ષણમાં પણ યશોવિજયજીએ પહેલાં અદ્વૈત મતની સ્થાપના કરી છે અને પછી તેની મર્યાદાઓ બતાવી છે. પણ આ આઠમા સ્તબકમાં મૂલ ગ્રંથ બહુ સંક્ષિપ્ત છે, માત્ર દસ કારિકાઓ છે, પણ તેના ઉદ્‌ઘાટનમાં યશોવિજયજીએ આખા વેદાન્તના તત્ત્વચિંતનને પૂર્વપક્ષ રૂપે સ્પષ્ટ કર્યું છે. બ્રહ્માદ્વૈત, પ્રપંચની અનિર્વચનીયતા, બ્રહ્મની સજાતીય-વિજાતીય ભેદશૂન્યતા, અવિદ્યાની સિદ્ધિ, મૂલાજ્ઞાન અને તૂલાજ્ઞાન, પારમાર્થિક સત્ત્વ, વ્યાવહારિક સત્ત્વ, અને પ્રાતિભાસિક સત્ત્વ, જીવ-ઈશ્વરાદિ પ્રપંચ, પ્રતિબિંબવાદ, આભાસવાદ, નિત્યાનિત્યવિવેક, વૈરાગ્ય, શમદમાદિ આ બધા વિષયો ઉપર મૂલગામિની ચર્ચા કરીને ઉપાધ્યાયજીએ પૂર્વપક્ષની સ્થાપના કરી છે. ચાર, પાંચ અને છ શ્લોકોમાં વેદાન્તમત વિરુદ્ધ ઉત્તર પક્ષની સ્થાપના કરી છે અને અવશિષ્ટ શંકાઓનું પણ સમાધાન કર્યું છે. પણ મોક્ષના નિરૂપણમાં પ્રસન્ન એવી ઉપાધ્યાયજીની શૈલીનું આ દૃષ્ટાન્ત શાંકર અદ્વૈતના સમર્થ વ્યાખ્યાતાઓના પ્રદેશમાં મનને લઈ જાય છે :

तदिदमात्मज्ञानमुत्पन्नमात्रमेवानन्तजन्मार्जितं कर्मराशिं विनाशयति, 'क्षीयन्ते चास्य कर्माणि' इति श्रुतेः । तेन कर्मक्षयार्थं न कायव्यूहकल्पना, 'स एकधा भवति' 'स त्रेधा' इत्यादिवाक्यानामुपासकविषयत्वात् । न च देहनाशप्रसङ्गः प्रारब्धप्रतिबन्धात् 'तस्य तावदेव चिरं यावद् न विमोक्ष्ये, अथ संपत्स्ये' इति श्रुत्याऽकर्मविपाकेनाऽप्रारब्धनिवृत्तावपि तस्य ज्ञानाऽनिर्वर्त्यत्वाभिधानात् । तस्यां चावस्थायां प्रारब्धफलं भुञ्जानः सकलसंसारं बाधितानुवृत्त्या पश्यन् स्वात्मारामो विधिनिषेधाधिकारशून्यः संस्कारमात्रात् सदाचारः प्रारब्धक्षयं प्रतीक्षमाणो 'जीवन्मुक्तः' इत्युच्यते । अस्य च प्रारब्धतो जन्मान्तरमपि । अत एव सप्तजन्मविप्रत्वप्रदे कर्मणि प्रारब्धे उत्पन्नतत्त्वज्ञानस्य पुनर्देहान्तरं, प्रारब्धस्य ज्ञानाऽनाश्यत्वादिति केचित् ।

'આ આત્મજ્ઞાન ઉત્પન્ન થતાં જ અનેક જન્માર્જિત કર્મરાશિનો નાશ કરે છે,

'આ મનુષ્યનાં કર્મો ક્ષય પામે છે' એમ શ્રુતિનું વિધાન છે. તેથી કર્મક્ષય માટે અનેક વિલક્ષણ જન્મની આવશ્યકતા રહેતી નથી. જ્યાં અનેક દેહ કહ્યા છે ત્યાં સગુણ બ્રહ્મના ઉપાસકોનો ઉલ્લેખ છે. પણ દેહનાશનો પ્રસંગ આવતો નથી, કારણકે પ્રારબ્ધકર્મનો નાશ આત્મજ્ઞાનથી થતો નથી. તેથી એ આત્મજ્ઞાનની અવસ્થામાં પ્રારબ્ધના ફલને ભોગવતો, સકલસંસારને બાધિતવૃત્તિથી જોતો, સ્વાત્મારામ, વિધિનિષેધના અધિકારથી શૂન્ય, સંસ્કારમાત્રથી સદાચારમુક્ત, પ્રારબ્ધક્ષયની પ્રતીક્ષા કરતો, જીવન્મુક્ત દશાને અનુભવે છે.'

પણ અહીંથી આગળ ઉપનિષદ્કાલમાં જવાની ઇચ્છા નથી એટલે પૂજ્ય ઉપાધ્યાયજીના મંગલથી સમાપ્તિ કરીશ.

सर्वः शास्त्रपरिश्रमः शमवतामाकालमेकोऽपि यत् –
साक्षात्कारकृते धृते हृदि तमो लीयेत यस्मिन्मनाक् ।
यस्यैश्वर्यमपङ्किलं च जगदुत्पादस्थितिध्वंसनैः
तं देवं निरवग्रहग्रहमहाऽऽनन्दाय वन्दामहे ॥

'જે દેવનું પ્રત્યક્ષ દર્શન કરવાના એકમાત્ર ધ્યેયથી, શમસંપન્ન સાધુપુરુષોનો શાસ્ત્રસંમત સંપૂર્ણ પરિશ્રમ, ભગવાન પ્રતિ ઉન્મુખ થઈને આજીવન ચાલ્યા કરે છે, અને જેમનું હૃદયમાં સ્ફુરણ માત્ર થતાં સંપૂર્ણ અજ્ઞાન-અંધકારનો વિલય થાય છે, જેમનું ઐશ્વર્ય જગતના ઉપાધિ, સ્થિતિ અને લયથી કલુષિત થતું નથી એ દેવનું નિરાવરણ જ્ઞાનયુક્ત આનંદને માટે અમે અભિવાદન કરીએ છીએ.'

☐

*તેમણે એક અતિ પ્રખર નૈયાયિક, તાર્કિકશિરોમણિ, મહાન શાસ્ત્રજ્ઞ, જબરા સાહિત્યસ્રષ્ટા, પ્રતિભાશાલી સમન્વયકાર, આચારવાન્ મુનિ અને સુધારક તથા પ્રભાવક સાધુ તરીકે જૈન શાસનની અનેકવિધ સેવા બજાવી. ઉપર જણાવ્યા પ્રમાણે બીજા હેમચંદ્રાચાર્યની ગરજ સારી છે. હેમાચાર્ય પછી સર્વશાસ્ત્રપારંગત, સૂક્ષ્મદ્રષ્ટા અને બુદ્ધિનિધાન યશોવિજય જેવા જૈન શાસનમાં કોઈ થયેલ નથી.*

**મોહનલાલ દલીચંદ દેશાઈ**
('જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ')

# 'જ્ઞાનબિન્દુ'માં કેવલાદ્વૈત વેદાન્તની સમાલોચના

એસ્તેર સોલોમન

પ્રકરણપ્રકારના આ ગ્રન્થનું નામ 'જ્ઞાનબિન્દુ' છે તે સૂચવે છે કે તેના કર્તા યશોવિજયજી આથી જણાવવા માગે છે કે આ ગ્રન્થમાં જ્ઞાનની ચર્ચા બિન્દુ કે ટીપા જેટલી અલ્પ છે. શક્ય છે કે તેમને અભિપ્રેત હોય કે જ્ઞાનની ચર્ચા આગમ ગ્રંથોમાં અને પૂર્વાચાર્યોના ગ્રંથોમાં વિપુલ પ્રમાણમાં છે તેની અપેક્ષાએ આ ચર્ચા તો બિન્દુ માત્ર છે. (ज्ञानबिन्दुः श्रुताम्भोधेः सम्यगुद्ध्रियते मया – ज्ञानबिन्दु, મંગલશ્લોક, પૃ.૧). આ નામ રાખવા પાછળ બીજું એ પણ કારણ હોઈ શકે કે યશોવિજયજીએ આ પહેલાં 'જ્ઞાનાર્ણવ' નામનો મોટો ગ્રન્થ લખ્યો હતો જેનો જ્ઞાનબિંદુ સંક્ષેપ છે. ગ્રંથકારે "અધિક મારા કરેલા 'જ્ઞાનાર્ણવ'માંથી જાણી લેવું" એમ પોતે કહ્યું છે (अधिकं मत्कृतज्ञानार्णवादवसेयम् – ज्ञानबिन्दु, પૃ.૧૬). बिन्दु શબ્દ અનેક ગ્રંથોના નામના અંતે મળે છે –, દા.ત. ધર્મકીર્તિકૃત हेतुबिन्दु અને न्यायबिन्दु, વાચસ્પતિ-મિશ્રકૃત तत्त्वबिन्दु, મધુસૂદન સરસ્વતીકૃત सिद्धान्तबिन्दु, (આ ગ્રંથોનો ઉલ્લેખ જ્ઞાનબિન્દુ (પૃ.૨૪)માં છે.) આચાર્ય હરિભદ્રકૃત योगबिन्दु અને धर्मबिन्दु.

ज्ञानबिन्दु પ્રકરણપ્રકારનો ગ્રંથ હોઈ તે કર્તાના પોતાના કે અન્યના ગ્રંથની વ્યાખ્યા નથી. તેમાં પ્રતિપાદન કરવા ધારેલ જ્ઞાન અને તેના પંચવિધ પ્રકારોનું નિરૂપણ કર્તાએ પોતાની રીતે કર્યું છે. આ વિષયનું નિરૂપણ કરતાંકરતાં સંબંધિત અનેક વિષયોની ચર્ચા કરી છે અને જરૂર જણાય ત્યાં પોતાના સમર્થનમાં આગમમાંથી કે પૂર્વવર્તી ગ્રંથોમાંથી અવતરણ પણ આપ્યાં છે અને વિપક્ષ રૂપે પણ અન્ય દર્શનના ગ્રંથોમાંથી અવતરણ આપી તેમનું ખંડન કર્યું છે. કેવલજ્ઞાનના નિરૂપણ પ્રસંગે જૈન આચાર્યોમાં કેવલદર્શન અને કેવલજ્ઞાનના ભેદાભેદ તથા ક્રમની બાબતમાં મતભેદ છે તેને વિશે રજૂઆત કરતાં યશોવિજયજીએ सन्मतिની ગાથાઓ ટાંકી તેમની પોતાની રીતે વ્યાખ્યા કરી છે. एतच्च तत्त्वं सयुक्तिकं सम्मतिगाथाभिरेव प्रदर्शयामः (પૃ.૩૩). અહીં યશોવિજયજી કહે છે તેમ આ તો માત્ર પ્રાસંગિક છે, 'જ્ઞાન'નું સમ્યક્ રીતે નિરૂપણ કરવા માટે આ જરૂરી જણાયું તેથી કર્યું છે.

ज्ञानबिन्दु ગ્રંથની પીઠિકા રચતી વખતે વિષયભૂત જ્ઞાનની સામાન્ય ચર્ચા કરી છે જેમાં તેમણે નીચેના મુદ્દાઓનો સમાવેશ કર્યો છે :

(૧) જ્ઞાન સામાન્યનું લક્ષણ. (૨) જ્ઞાનની પૂર્ણ-અપૂર્ણ અવસ્થાઓ અને તેમના કારણભૂત અને જ્ઞાનમાં પ્રતિબંધક કર્મનું વિશ્લેષણ. (૩) જ્ઞાનાવરણ-કર્મનું સ્વરૂપ. (૪) એક તત્ત્વમાં 'આવૃતત્ત્વ-અનાવૃતત્વ'ના વિરોધનો પરિહાર. પણ અદ્વૈતવેદાન્તમાં 'આવૃતત્વ-અનાવૃતત્વ'ની અનુપપત્તિ. (૫) અપૂર્ણજ્ઞાનગત તારતમ્ય. (૬) ક્ષયોપશમની પ્રક્રિયા.

આ સામાન્ય વિચારણા કર્યા પછી ગ્રંથકારે જ્ઞાનના પંચવિધ પ્રકારમાંથી પ્રથમ મતિ અને શ્રુતનું નિરૂપણ એકસાથે કર્યું છે કારણકે તેમનું સ્વરૂપ એકબીજાથી એટલું જુદું નથી કે એકને બાજુએ રાખીને બીજાનું નિરૂપણ કરી શકાય (तन्निरूपणेन च श्रुतज्ञानमपि निरूपितमेव, द्वयोरन्योन्यानुगतत्वात् तथैव व्यवस्थापितत्वाच्च – पृ.१६). અહીં નીચેના મુદ્દાઓ પર પ્રકાશ નાખ્યો છે :

(૧) મતિજ્ઞાનનું લક્ષણ. (૨) શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન. (૩) ચતુર્વિધ વાક્યાર્થજ્ઞાનનો શ્રુતરૂપ એક દીર્ઘ ઉપયોગ હોવાનું સમર્થન. (૪) મતિ અને શ્રુતનાં લક્ષણ અને ભેદ-રેખા. (૫) અવગ્રહ, ઈહા, અપાય અને ધારણાનો કાર્યકારણભાવ. (૬) પ્રામાણ્યજ્ઞપ્તિમાં ઈહાના સામર્થ્યની પરીક્ષા. (૭) જૈન દર્શન પ્રમાણે પ્રામાણ્ય અને અપ્રમાણ્યનાં સ્વતસ્ત્વ-પરતસ્ત્વનો અનેકાન્ત અને તેના અનુસંધાનમાં મીમાંસકોનો આક્ષેપ અને તેનો પરિહાર. (૮) અવગ્રહ અને ઈહાનું વ્યાપારાંશત્વ, અપાયનું ફલાંશત્વ અને ધારણાનું પરિપાકાંશત્વ. (૯) અન્ય મત અનુસાર શ્રુતનું લક્ષણ. (૧૦) સિદ્ધસેનનો મત કે મતિ અને શ્રુતના ઉપયોગ અભિન્ન છે.

મતિ અને શ્રુતજ્ઞાનની વિચારણા કર્યા પછી ક્રમશઃ અવધિ અને મનઃપર્યાય અંગે નિરૂપણ કર્યું છે અને ત્યાં છેલ્લે અવધિ અને મનઃપર્યાય જ્ઞાનોના અભિન્નત્વનું સિદ્ધસેન દિવાકરને અનુસરીને સમર્થન કર્યું છે.

આ પછી કેવલજ્ઞાનની ચર્ચા શરૂ કરી છે જે અન્ત સુધી ચાલે છે. તેમાં નીચે પ્રમાણે મુખ્ય મુદ્દાઓની ચર્ચા છે :

(૧) કેવલજ્ઞાનના અસ્તિત્વની સાધક યુક્તિ. (૨) કેવલજ્ઞાનના સ્વરૂપનું લક્ષણ. *(૩) કેવલજ્ઞાનનાં ઉત્પાદક કારણોનો પ્રશ્ન. (૪) રાગાદિ* દોષ આવરણ કરનારા છે તથા કર્મજન્ય છે એ પ્રશ્ન. (૫) બૌદ્ધોની નૈરાત્મ્યભાવનાનું તથા કેવલાદ્વૈત વેદાન્ત સંમત બ્રહ્મજ્ઞાનનું ખંડન. (૬) શ્રુતિ-સ્મૃતિનું જૈન મતને અનુકૂલ વ્યાખ્યાન. (૭) કેવલજ્ઞાન તથા કેવલદર્શનના ક્રમ તથા ભેદાભેદના સંબંધમાં પૂર્વાચાર્યોના પક્ષભેદ.

યશોવિજયજીએ જ્ઞાનબિન્દુમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનના સંબંધમાં પ્રાચીન સમયથી ચાલ્યા આવતા ત્રણ મતભેદો ન્યાયની પરિભાષામાં રજૂ કર્યા છે. આ ત્રણ પક્ષ આ પ્રમાણે છે :

(૧) જિનભદ્રગણિનો મત કે કેવલજ્ઞાન અને કેવલદર્શન બન્નેનો ઉપયોગ ભિન્ન છે અને એકસાથે ઉત્પન્ન ન થતાં ક્રમશઃ એકએક સમયના અંતરે ઉત્પન્ન થાય છે.

(૨) મલ્લવાદી વગેરેનો મત કે બન્ને ઉપયોગ ભિન્ન છે પણ તેમની ઉત્પત્તિ યુગપત્ અર્થાત્ એકસાથે થતી રહે છે.

(૩) સિદ્ધસેન દિવાકરનો મત કે આ બે ઉપયોગ વસ્તુતઃ ભિન્ન નથી, પણ માત્ર અપેક્ષાવિશેષકૃત કેવલજ્ઞાન અમે કેવલદર્શન એવાં બે નામ છે.

યશોવિજયજી સિદ્ધસેન દિવાકરના અભેદમતનું સમર્થન કરતા જણાય છે. તેમણે આ મતનું નિરૂપણ કરતાં 'સન્મતિ'ની કેટલીક ગાથાઓની વ્યાખ્યા કરી છે એટલું જ નહીં પણ પૂર્વવર્તી વ્યાખ્યાકાર અભયદેવના વિવરણની સમીક્ષા કરીને તેમાં ખામી બતાવી છે અને પોતાની રીતે તે ગાથાઓ સમજાવી છે (જુઓ પૃ.૩૪,૩૫,૪૩,૪૬; અનુક્રમે सन्मति०, २.३, २.४, २.२२, २.३०).

ધ્યાન ખેંચે એવી વાત એ છે કે યશોવિજયજીએ પોતાની વિશિષ્ટ સૂઝથી અંતમાં પ્રસ્તુત ત્રણે મતોનો નયભેદની અપેક્ષાથી સમન્વય કર્યો છે. મલ્લવાદીનો યૌગપદ્યવાદ વ્યવહારનયના અભિપ્રાયથી સમજવો જોઈએ. જિનભદ્રગણિ ક્રમવાદના સમર્થક છે તે કારણ અને ફલની સીમામાં ઋજુસૂત્રનયનું પ્રતિપાદન કરે છે, અને સિદ્ધસેન અભેદપક્ષના સમર્થક છે. તેમણે સંગ્રહનય અપનાવ્યો છે જેનું વલણ કાર્ય-કારણ કે અન્ય ભેદોના ઉચ્છેદ તરફ જ છે. તેમણે અનેકાન્તની ખૂબી સમજાવી છે કે તે સદ્‌ગુરુઓની પરંપરાઓને કદી મિથ્યા ઠરાવતો નથી, અને સર્વત્ર સામંજસ્ય સ્થાપે છે.

જ્ઞાનબિન્દુનો આટલો પરિચય કર્યા પછી હવે યશોવિજયજીએ વિશેષતઃ કેવલાદ્વૈતના કેટલાક વિચારોનું ખંડન કર્યું છે તેની થોડી ચર્ચા કરીએ.

જૈન દર્શન પ્રમાણે આત્માની ચેતના કેવલજ્ઞાનાવરણથી આવૃત છે અને તેમ છતાં અનાવૃત પણ છે તેથી મંદપ્રકાશને કારણે તારતમ્યવાળાં જ્ઞાન શક્ય બને છે એમ જે કહ્યું છે તેની સામે આક્ષેપ કરી શકાય કે એક જ તત્ત્વ આવૃત અને અનાવૃત બન્ને હોય એ કેવી રીતે સંભવે. આનો ઉત્તર યશોવિજયજીએ અનેકાન્ત દૃષ્ટિથી આપ્યો છે. કેવલજ્ઞાનાવરણ દ્વારા પૂર્ણ પ્રકાશ આવૃત થાય છે એ જ સમયે અપૂર્ણ પ્રકાશ અનાવૃત છે. આમ પર્યાયાર્થિક દૃષ્ટિથી એ ઉપપન્ન છે કે બે ભિન્ન પર્યાયોમાં આવૃતત્વ અને અનાવૃતત્વ હોય. દ્રવ્યાર્થિક દૃષ્ટિથી, પૂર્ણ અને અપૂર્ણ જ્ઞાનરૂપ પર્યાય દ્રવ્યાત્મક ચેતનાથી ભિન્ન નથી, તેથી આ દૃષ્ટિએ પર્યાયોના આવૃતત્ત્વ-અનાવૃતત્ત્વને એક ચેતનાગત માનવામાં કોઈ વિરોધ નથી. સ્પષ્ટ છે કે જૈન દર્શનમાં આત્માને પરિણામી માનવામાં આવે છે જ્યારે કેવલાદ્વૈત વેદાન્ત દર્શન કૂટસ્થત્વ-વાદનું હિમાયતી છે.

આમ તો જેમ કેવલાદ્વૈત વેદાંત બ્રહ્મને એકાન્ત કૂટસ્થ માને છે તેમ સાંખ્યયોગ પણ પુરુષને એકાંત કૂટસ્થ, અસંગ, નિર્વિકાર, નિરવયવ માને છે. તેમ છતાં યશોવિજયજીએ વેદાંતમતની જ સમાલોચના કરવાનું ઉચિત ધાર્યું તેનું કારણ એ હોઈ શકે કે તેની સાથે આવૃતત્વ-અનાવૃતત્વની ચર્ચાનું સામ્ય વિશેષ છે. વળી અજ્ઞાન દ્વારા આવરણનો ઊહાપોહ જેટલો કેવલાદ્વૈત વેદાંતના ગ્રંથોમાં મળે છે તેટલો અન્યત્ર નથી મળતો, અને કાશીમાં અધ્યયન કરનાર ઉપાધ્યાયજીનો આ ગ્રંથોનો અભ્યાસ ઘણો સારો હશે. જૈનમત પ્રમાણે કેવલજ્ઞાનાવરણ ચેતનતત્ત્વમાં રહીને બીજા પદાર્થોની જેમ પોતાના આશ્રય ચેતનનું પણ આવરણ કરે છે તેથી સ્વ-પરપ્રકાશક ચેતના પોતાનો કે અન્ય પદાર્થોનો પૂર્ણ પ્રકાશ કરી શકતી નથી. વેદાન્ત મતાનુસાર પણ અજ્ઞાનનો આશ્રય તેમ જ વિષય ચિદ્રૂપ બ્રહ્મ છે. અજ્ઞાન બ્રહ્મને આશ્રય બનાવી તેનું આવરણ કરે છે જેથી તેનો ચિદ્રૂપે પ્રકાશ થતો રહે છે પણ અખંડાદિ રૂપે પ્રકાશ થતો નથી.

વેદાન્તમતનો નિરાસ કરતાં યશોવિજયજી તેના બે પક્ષોનો પૂર્વપક્ષ તરીકે ઉલ્લેખ કરે છે – વિવરણાચાર્યનો અને વાચસ્પતિમિશ્રનો. વિવરણપ્રસ્થાન પ્રમાણે શુદ્ધ ચિત્ અજ્ઞાનનો આશ્રય તેમજ વિષય છે. વાસ્તવમાં સુરેશ્વરે નૈષ્કર્મ્યસિદ્ધિમાં અને સર્વજ્ઞાત્મમુનિએ સંક્ષેપશારીરકમાં આવું જ પ્રતિપાદન કર્યું છે પણ પ્રકાશાત્મયતિએ પદ્મપાદાચાર્યની બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય પરની પંચપાદિકાનું વિવરણ કર્યું તેથી શંકરાચાર્યને માન્ય આ વિચાર છે એમ બતાવવા કદાચ આ મત વિવરણપ્રસ્થાન તરીકે પ્રસિદ્ધિ પામ્યો. વાચસ્પતિમિશ્રના નિરૂપણ અનુસાર જીવ અજ્ઞાનનો આશ્રય છે અને બ્રહ્મ તેનો વિષય છે. આમ તો મંડનમિશ્રનો પણ આ જ મત છે પણ તે વાચસ્પતિમિશ્રના પ્રસ્થાન તરીકે પ્રસિદ્ધ થયો તેનું કારણ એ હોઈ શકે કે મંડન પહેલાં પૂર્વમીમાંસક હતા અને પાછળથી વેદાંતી થયા એમ મનાય છે. (કેટલાક મંડનમિશ્રને શંકરાચાર્યના સમકાલીન કે અહેજ પૂર્વવર્તી વેદાંતી માને છે. ગમે તેમ શંકરાચાર્યના ચુસ્ત અનુયાયી કહી શકાય એવા તો નહોતા અને એટલે જ વેદાંતના ગ્રંથોમાં વાચસ્પતિમિશ્રની 'મંડનપૃષ્ઠસેવી' તરીકે નિંદા કરવામાં આવે છે), વળી મંડનમિશ્રનું શંકરાચાર્યના કોઈ ગ્રંથ પર ભાષ્ય નથી.

વિવરણાચાર્યના મતનું ખંડન કરતાં યશોવિજયજી કહે છે કે તેઓ ચિન્માત્રને અજ્ઞાનનો આશ્રય અને વિષય માને છે પણ આ એકાન્તવાદીઓના મતમાં મોટી અનુપપત્તિ છે, કારણકે અજ્ઞાનના આશ્રય તરીકે જે ચૈતન્ય અનાવૃત છે તે જ તેના વિષય તરીકે આવૃત છે એ વિરોધ છે. એમ પણ નહીં કહી શકાય કે અખંડત્વાદિ અજ્ઞાનનો વિષય છે જ્યારે ચૈતન્ય આશ્રય છે અને આમ વિરોધ નથી. આ દલીલ બરાબર નથી. અખંડત્વ વગેરે ચિદ્રૂપ હોય તો ભાસમાન હોય અને તેમનું આવરણ ન થઈ શકે, અને અચિદ્રૂપ હોય તો જડમાં આવરણ સંભવે નહીં. ચિન્માત્ર તો એકરૂપ છે પણ ભેદની કલ્પના કરીને અખંડત્વાદિને વિષય માન્યાં છે

એમ દલીલ કરવામાં આવે તો ભિન્ન એવાં અખંડત્વાદિનું આવરણ થતાં, ચૈતન્યનું આવરણ નહીં થાય. વેદાન્તી દલીલ કરી શકે કે વાસ્તવમાં ચૈતન્યમાં આવરણ છે જ નહીં, પણ જેમ શુક્તિમાં રજત કલ્પિત છે તેમ તે કલ્પિત છે તેથી કોઈ વિરોધ નથી, અને તેથી જ ચિત્ત્વ અને અખંડત્વાદિના ભેદની કલ્પના કરવામાં આવે છે કે 'ચૈતન્ય સ્ફુરે (પ્રકાશે) છે, પણ અખંડત્વાદિ સ્ફુરતું નથી' તે સિદ્ધાન્તથી વિરુદ્ધ નથી. પણ આ દલીલ બરાબર નથી. જેમ કલ્પિત રજત સાચા રજતનું કામ નથી કરી શકતું તેમ કલ્પિત આવરણથી આવરણ થઈ શકે નહીં. અહીં વેદાંતી દલીલ કરે કે 'अहं मां न जानामि' એ અનુભવ જ કર્મત્વ-અંશમાં આવરણવિષયક છે અને તેથી એમ દર્શાવે છે કે કલ્પિત હોવા છતાં આવરણ કાર્યકારી છે કારણકે અજ્ઞાનરૂપ ક્રિયાથી ઉત્પન્ન થયેલ આવરણરૂપ અતિશય (ખાસિયત, નવો ઉમેરાયેલો ધર્મ) એ જ પ્રકૃતમાં કર્મત્વસ્વરૂપ છે, અને તેથી એ સાક્ષીને પ્રત્યક્ષ હોવાથી પોતાને વિષય કરનાર પ્રમાણની અપેક્ષાએ તેની નિવૃત્તિની આપત્તિ નથી. પણ વેદાંતીની આ દલીલ બરાબર નથી. 'मां न जांनामि' એ અનુભવ વિશેષ જ્ઞાનના અભાવવિષયક છે, પોતાનું જ્ઞાન નથી એમ નથી પણ પોતાની વિશેષતાનું જ્ઞાન નથી. આમ ન માનો તો 'मां जानामि' સાથે વિરોધ આવે. મધ્યસ્થો વિવાદમાં એવો પ્રયોગ કરતા હોય છે કે 'હું કંઈ પણ જાણતો નથી' એ આ અર્થમાં જ છે. વળી જ્યાં સુધી વિશિષ્ટાવિશિષ્ટનો ભેદાભેદ ન માનવામાં આવે ત્યાં સુધી અખંડત્વાદિથી વિશિષ્ટ ચૈતન્યના જ્ઞાનથી વિશિષ્ટના આવરણની નિવૃત્તિ થશે તોપણ શુદ્ધ ચૈતન્યનો અપ્રકાશ રહેવાનો પ્રસંગ આવશે કારણકે વિશિષ્ટ કલ્પિત છે અને અવિશિષ્ટનો અનુભવ થયો નથી.

યશોવિજયજીને આ સમાલોચનાથી અભિપ્રેત છે કે કેવલાદ્વૈત બ્રહ્મને સર્વથા નિરંશ, કૂટસ્થનિત્ય અને સ્વપ્રકાશ માને છે તો અજ્ઞાનથી તેનું આવૃતાનાવૃતત્વ અનુપપન્ન જ છે.

ઉપર્યુક્ત દલીલોથી વાચસ્પતિનો મત કે જીવ અજ્ઞાનનો આશ્રય છે અને બ્રહ્મ તેનો વિષય છે તેનો પણ નિરાસ થઈ જાય છે કારણકે જીવ અને બ્રહ્મનો ભેદ પણ કલ્પિત છે. વ્યાવહારિક ભેદ માનીએ તોપણ જીવમાં રહેલી અવિદ્યા ત્યાં જ પ્રપંચની ઉત્પત્તિ કરશે; જ્યારે જગતનો આરોપ તો બ્રહ્મમાં મનાય છે અને બ્રહ્મને ઉપાદાન કારણ માનવામાં આવે છે. (અહીં એ નોંધવું રહ્યું કે મધુસૂદન સરસ્વતીએ વાચસ્પતિના મતનું નિરૂપણ કરતાં સિદ્ધાન્તબિન્દુમાં કહ્યું છે કે જીવ જગતનું ઉપાદાન છે અને પ્રતિજીવ પ્રપંચભેદ છે પણ એ તેમની ગેરસમજ છે. અપ્પય્ય દીક્ષિતકૃત સિદ્ધાન્તલેશસંગ્રહમાં કહ્યું છે તેમ વાચસ્પતિના મતે જીવાશ્રિત માયાનો વિષય બનેલ બ્રહ્મ પ્રપંચાકારે વિવર્તમાન થતું હોવાથી તે જગતનું ઉપાદાન છે. યશોવિજયજીએ સિદ્ધાન્તબિન્દુનો આધાર આગળ ઉપર લીધો છે, પણ આ ગેરસમજથી ખોટે રસ્તે દોરાયા નથી એ તેમની ચોક્કસાઈ દાખવે છે). વેદાંતી દલીલ કરે છે કે અહંકારાદિ

પ્રપંચની ઉત્પત્તિ ત્યાં (જીવમાં) માનવામાં આવે જ છે (જીવ અહંકારાદિનું ઉપાદાન છે) જ્યારે આકાશાદિ પ્રપંચની ઉત્પત્તિ અવિદ્યા ઈશ્વરમાં વિષયપક્ષપાતિની હોઈને ત્યાં જ હોય એ યુક્તિયુક્ત છે. પણ આ દલીલ બરાબર નથી. આ મતમાં અજ્ઞાત બ્રહ્મ એ જ ઈશ્વર હોય તોપણ જેમ અજ્ઞાત શુક્તિને રજતનું ઉપાદાન ન કહી શકાય તેમ અજ્ઞાત બ્રહ્મને આકાશાદિ પ્રપંચનું ઉપાદાન ન કહી શકાય. રજતનો ભ્રમ થાય છે ત્યાં 'ઈદમ્' અંશના અવચ્છેદથી રજતાજ્ઞાન 'ઈદમ્' અંશના અવચ્છેદથી રજતનું ઉત્પાદક બને છે, જ્યારે અહીં તો બ્રહ્મની બાબતમાં અવચ્છેદ સંભવતો નથી. તેથી બ્રહ્મને આકાશાદિ પ્રપંચનું ઉપાદાન માની શકાય નહીં. અને જો અવચ્છેદ અનિવાર્ય ન હોય તો આકાશાદિની જેમ અહંકારાદિની ઉત્પત્તિ પણ ઈશ્વરમાં થવી જોઈએ.

ઉપસંહાર કરતાં યશોવિજયજી કહે છે કે અનેકાન્તવાદનો આશ્રય લો તો જ જ્ઞાનસ્વભાવ આત્મા દ્રવ્ય અને પર્યાયની દૃષ્ટિએ કેવલજ્ઞાનાવરણથી અનાવૃત અને આવૃત હોઈ શકે (ज्ञानबिन्दु, पृ.२–३).

કોઈ ને કોઈ સ્વરૂપે અજ્ઞાન સંસારના કારણ તરીકે ચાર્વાક સિવાય દરેક દર્શનને માન્ય છે અને તે અજ્ઞાનને દૂર કરવા માટે ભાવના કેળવવી જોઈએ એમ પણ સૌ માને છે ન્યાયવૈશેષિક, સાંખ્ય-યોગ અને જૈન વિવેકભાવનાનું અવલંબન લે છે, બૌદ્ધો નૈરાત્મ્યભાવનાનું અને વેદાન્તીઓ બ્રહ્મભાવનાનું. યશોવિજયજીએ બૌદ્ધોના નૈરાત્મ્યવાદનું ખંડન કર્યા પછી અદ્વૈતવાદીને માન્ય બ્રહ્મજ્ઞાનનું ખંડન કર્યું છે અને તેમ કરતાં મુખ્યતઃ મધુસૂદન સરસ્વતીકૃત વેદાન્તકલ્પલતિકા ગ્રંથને ધ્યાનમાં રાખ્યો છે અને તેનો ઉપયોગ કર્યો છે. અદ્વૈતવાદનું, વિશેષતઃ કેવલાદ્વૈત-વાદનું ખંડન બધા જ દ્વૈતવાદીઓએ કર્યું છે તેવું જ યશોવિજયજીએ કર્યું છે અને તેમ કરીને પોતાનો જૈન સિદ્ધાન્ત સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે (ज्ञानबिन्दु, पृ.२३–३३).

યશોવિજયજીએ પ્રતિપાદન કર્યું છે કે અદ્વૈતવેદાન્ત અનુસાર અખંડાદ્વયા-નન્દૈકરસબ્રહ્મજ્ઞાન એ જ કેવલજ્ઞાન છે અને તેનાથી જ અવિદ્યાનિવૃત્તિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે પણ આ બરાબર નથી, કારણકે આવો વિષય જ ન હોવાથી તેનું જ્ઞાન મિથ્યા છે. વળી કેવું બ્રહ્મજ્ઞાન અવિદ્યાનિવર્તક માનશો ? એ કેવલચૈતન્યરૂપ બ્રહ્મજ્ઞાન ન હોઈ શકે કારણકે એ સર્વદા વિદ્યમાન હોય છે તેથી અવિદ્યા નિત્યનિવૃત્ત હોવી જોઈએ અને તો પછી તન્મૂલક સંસારની ઉપલબ્ધિ ન સંભવે, કોઈ શાસ્ત્રનો આરંભ ન કરે અને અનુભવનો વિરોધ થાય. એ વૃત્તિરૂપ બ્રહ્મજ્ઞાન પણ હોઈ શકે નહીં – જો વૃત્તિ સત્ય હોય તો તેનાં કારણ એવાં અન્તઃકરણ, અવિદ્યા વગેરેની પણ સત્તા હોવી જોઈએ અને તે વૃત્તિથી તેમની નિવૃત્તિ શક્ય ન બને અને સર્વ ઉપનિષદોનો અર્થ બાધિત થાય. એ વૃત્તિરૂપ બ્રહ્મજ્ઞાન મિથ્યા હોય તો તે

અજ્ઞાન-નિવર્તક કેવી રીતે બની શકે ? કોઈ મિથ્યાજ્ઞાનને અજ્ઞાનનિવર્તક જોયું નથી, કારણકે, તેવું હોય તો સ્વપ્નજ્ઞાન પણ અજ્ઞાનનિવર્તક બને.

મધુસૂદન સરસ્વતી એવી દલીલ કરે છે કે પ્રમાણજન્ય અપરોક્ષ અન્તઃ-કરણવૃત્તિથી અભિવ્યક્ત થયેલું ચૈતન્ય જે સત્ય જ છે તે અજ્ઞાનનું નિવર્તક છે; વૃત્તિ તેની કારણતાવચ્છેદક છે તેથી અન્યથાસિદ્ધ હોઈને કારણ માનવામાં આવતી નથી. અવચ્છેદક કલ્પિત હોય તોપણ તેનાથી અવચ્છેદ્ય તત્ત્વની વાસ્તવતાને હાનિ થતી નથી; દા.ત. જે રજત તરીકે ભાસ્યું તે શુક્તિદ્રવ્ય – આમાં શુક્તિની વાસ્તવતાને કોઈ હાનિ નથી. ન્યાયવૈશેષિક વિચારકો પણ આકાશ શબ્દનું ગ્રાહક બને તેમાં કર્ણશષ્કુલીના સંબંધને અવચ્છેદક માને છે, પણ આ સંબંધ તો કલ્પિત છે કારણકે સંયોગમાત્ર નિરવયવ આકાશમાં સર્વથા વિદ્યમાન હોવાથી અતિપ્રસંગનો દોષ થાય. મીમાંસકો કલ્પિત એવા હ્રસ્વત્વ, દીર્ઘત્વ વગેરેના સંસર્ગથી અવચ્છિન્ન થયેલા વર્ણોને યથાર્થ જ્ઞાનના જનક માને છે. હવે હ્રસ્વત્વ વગેરે ધ્વનિના ધર્મો હોઈને ધ્વનિમાં જ ભાસે છે જ્યારે વર્ણો વિભુ છે તેથી જ્યાં સુધી હ્રસ્વત્વાદિની કલ્પના વર્ણનિષ્ઠ તરીકે કરવામાં ન આવે ત્યાં સુધી વર્ણોને જ્ઞાનનાં કારણ ન માની શકાય; તેમ વેદાન્તી પણ અન્તઃકરણવૃત્તિરૂપ કલ્પિત અવચ્છેદક માને તો શો દોષ ? (જુઓ अद्वैतसिद्धि, પૃ.३६५, નિર્ણયસાગર આવૃત્તિ).

યશોવિજયજીને આ દલીલ સ્વીકાર્ય નથી, અને આ દૃષ્ટાન્તો માન્ય નથી કારણકે નૈયાયિકો અને મીમાંસકો ઉક્ત સ્થલમાં પણ અનન્તધર્માત્મક વસ્તુ સ્વીકારે છે. અને ઉપર કહેલી રીતે વૃત્તિ અવચ્છેદક બની પણ ન શકે. જેમાં અને જેને વિશે જ્ઞાન થાય તેમાં અને તેને જ વિશે અજ્ઞાન હોય તો જ જ્ઞાન એ અજ્ઞાનનું નાશક બની શકે. મધુસૂદન સરસ્વતીએ પોતે सिद्धान्तबिन्दु (પૃ.२९१)માં કહ્યું છે કે આવરણ દ્વિવિધ છે – એક અન્તઃકરણથી અવચ્છિન્ન સાક્ષીમાં રહેલું અને અસત્ત્વાપાદક, અને બીજું વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્યમાં રહેલું અને અભાનનું આપાદક, કારણકે घटमहं न जानामिમાં ઉભય અવચ્છેદનો અનુભવ છે. પહેલું પરોક્ષ કે અપરોક્ષ પ્રમામાત્રથી નિવૃત્ત થાય છે – વહ્નિનું અનુમાન કર્યું હોય તોપણ એ નથી એવી પ્રતીતિનો ઉદય થતો નથી. જ્યારે બીજું આવરણ સાક્ષાત્કારથી જ નિવૃત્ત થાય છે કારણકે એવો નિયમ છે કે જે આશ્રય અને આકારવાળું જ્ઞાન હોય તે જ આશ્રય અને આકારવાળા અજ્ઞાનનો નાશ કરે છે.

યશોવિજયજી ટીકા કરતાં કહે છે કે ભૂખથી પેટમાં ખાડો પડ્યો છે (क्षुत्क्षामकुक्षि) તેથી શું તે તરત જ ભૂલી ગયો, જેથી ઉક્ત વૃત્તિને અવચ્છેદક તરીકે અન્યથાસિદ્ધ કહે છે. કોઈ એમ દલીલ કરે કે આ જ બીકથી મધુસૂદને કહ્યું છે કે ચૈતન્યનિષ્ઠ પ્રમાણજન્ય અપરોક્ષ અન્તઃકરણવૃત્તિને જ અજ્ઞાનનાશક માનીએ તોપણ દોષ નથી કારણકે તેની પારમાર્થિક સત્તા ન હોય તોપણ વ્યાવહારિક સત્તા

તો માની છે. સ્વપ્નાદિની જેમ મિથ્યાત્વની આપત્તિ નથી કારણકે સ્વરૂપતઃ મિથ્યાત્વ અપ્રયોજક છે, (તેની કોઈ અસર નથી, વૃત્તિ મિથ્યા હોય તોપણ જ્ઞાન આપી શકે) અને વિષયતઃ મિથ્યાત્વ સિદ્ધ થતું નથી, કારણકે બાધ થતો નથી (વૃત્તિનો વિષય મિથ્યા છે, તે અસમ્યગ્જ્ઞાન કરાવે છે એવું સિદ્ધ થતું નથી). ધૂમનો ભ્રમ થયો હોય અને તેનાથી અગ્નિનું અનુમાન કર્યું હોય તોપણ અબાધિત વિષય રહેતો હોય તો અપ્રામાણ્ય માનવામાં નથી આવતું; કલ્પિત પ્રતિબિંબથી પણ વાસ્તવ બિંબનું અનુમાન પ્રમાણ છે, સ્વપ્નમાંની વસ્તુઓ પણ અરિષ્ટાદિસૂચક હોય છે અને ક્યારેક સ્વપ્નમાં ઉપલબ્ધ થયેલા મંત્રાદિ જાગ્રત્ અવસ્થામાં ચાલુ રહેતા હોવાથી તેનો બાધ નથી.

યશોવિજયજી કહે છે કે આ દલીલ અવિચારિતરમણીય છે. વેદાન્તીના મતમાં સ્વપ્ન અને જાગ્રત્માં જુદા વ્યવહાર પણ ન કરી શકાય. બાધ નથી થતો તેથી બ્રહ્મની જેમ ઘટાદિના પરમાર્થસત્ત્વને કોઈ હાનિ નથી, અને જો પ્રપંચ અસત્ય હોય તો બંધ અને મોક્ષ પણ અસત્ય હોવાં જોઈએ અને આ તો વ્યવહારના મૂલમાં જ કુહાડાનો પ્રહાર છે.

વેદાન્તીઓએ પરમાર્થસત્તા, વ્યવહારસત્તા અને પ્રતિભાસસત્તાની પ્રતીતિને અનુકૂલ એવી ત્રણ શક્તિઓ અજ્ઞાનમાં કલ્પી છે. પહેલી શક્તિથી પ્રપંચમાં પારમાર્થિક સત્તાની પ્રતીતિ થાય છે અને તેથી નૈયાયિક વગેરે બધા જ્ઞેય પદાર્થોનું પારમાર્થિક સત્ત્વ માને છે. આ શક્તિ શ્રવણાદિના અભ્યાસના પરિપાકથી નિવૃત્ત થાય છે પછી બીજી શક્તિથી પ્રપંચનું વ્યાવહારિક સત્ત્વ પ્રતીત થાય છે. ઉપનિષદનાં શ્રવણાદિના અભ્યાસવાળા આ પ્રપંચને પારમાર્થિક જોતા નથી પણ વ્યાવહારિક જુએ છે. આ બીજી શક્તિ તત્ત્વસાક્ષાત્કારથી નિવૃત્ત થાય છે ત્યારે ત્રીજી શક્તિથી પ્રાતિભાસિક સત્ત્વની પ્રતીતિ ઉત્પન્ન કરવામાં આવે છે અને એ અન્તિમ તત્ત્વબોધની સાથે નિવૃત્ત થાય છે. પૂર્વપૂર્વ શક્તિ ઉત્તર-ઉત્તર શક્તિના કાર્યની પ્રતિબંધક છે તેથી ત્રણેનાં કાર્ય એકસાથે થઈ શકે નહીં. तस्याभिधानाद् योजनात् तत्त्वभावाद्भूयश्चान्ते विश्वमायानिवृत्तिः (શ્વેતા૦ ઉપ૦, ૧.૧૦) એ શ્રુતિનો પણ અભિપ્રાય છે. તેનો અર્થ આ પ્રમાણે છે – तस्य, તેના અર્થાત્ પરમાત્માના અભિધ્યાનથી, અભિમુખ ધ્યાનથી એટલેકે શ્રવણાદિના અભ્યાસના પરિપાકથી વિશ્વમાયાની એટલે સર્વને ઉત્પન્ન કરનાર અવિદ્યાની નિવૃત્તિ થાય છે, આદ્ય શક્તિના નાશથી વિશિષ્ટનો (તે શક્તિથી વિશિષ્ટ અવિદ્યાનો) નાશ થાય છે. युज्यत अनेनेति योजनम्, તત્ત્વજ્ઞાન – તેનાથી પણ વિશ્વમાયાની નિવૃત્તિ થાય છે, કારણકે દ્વિતીયશક્તિના નાશથી વિશિષ્ટનો નાશ થાય છે. तत्त्वभाव એટલે વિદેહ-કૈવલ્યવાળો અન્તિમ સાક્ષાત્કાર, તેનાથી અન્તે પ્રારબ્ધકર્મનો ક્ષય થતાં તૃતીય શક્તિની સાથે વિશ્વમાયાનિવૃત્તિ થાય છે. અભિધ્યાન અને યોજનથી બે શક્તિના

નાશથી વિશિષ્ટનો નાશ થાય છે તેની અપેક્ષાએ તત્ત્વભાવથી ફરી વિશ્વમાયા-નિવૃત્તિ થાય છે.

યશોવિજયજી કહે છે કે ઉપર જે કહ્યું કે પ્રપંચ અસત્ય હોય તો બંધ-મોક્ષ વગેરે બધું અસત્ય હોવું જોઈએ તેનાથી આનું પણ ખંડન થઈ જાય છે. અભિધ્યાનાદિની પહેલાં અપરમાર્થસત્ આદિમાં પરમાર્થસત્ત્વ આદિની પ્રતીતિ સ્વીકારવામાં આવે તો અન્યથાખ્યાતિમાં માનવું પડે જ્યારે વેદાન્તી અનિર્વચનીય-ખ્યાતિમાં માને છે. (જુઓ चित्सुखी पृ.३९३; अद्वैतसिद्धि, पृ. ६१२, ८९१; पञ्चदशी; चित्रदीप, १३० – तुच्छाऽनिर्वचनीया च वास्तवी चेत्यसौ त्रिधा । ज्ञेया माया त्रिभिर्बोधैः श्रौतयौक्तिकलौकिकैः ॥)

અદ્વૈતવેદાન્તી એવી દલીલ કરે કે તે-તે શક્તિથી વિશિષ્ટ અજ્ઞાન પરમાર્થસત્ત્વ આદિને ઉત્પન્ન કરીને તેનું જ્ઞાન કરે છે માટે આ દોષ નથી. પણ આમ કહેવું ઠીક નથી. જેને તત્ત્વસાક્ષાત્કાર થયો છે તેને કોઈ પણ વસ્તુ અજ્ઞાત રહેતી નથી તેથી પ્રાતિભાસિક સત્ત્વના ઉત્પાદનને સ્થાન નથી. "બ્રહ્માકાર વૃત્તિથી અજ્ઞાનની બ્રહ્મવિષયતાનો જ નાશ કરવામાં આવે છે જ્યારે તૃતીયશક્તિવિશિષ્ટ અજ્ઞાન પ્રારબ્ધકર્મ હોય ત્યાં સુધી રહે છે જ માટે બ્રહ્મથી અતિરિક્ત વિષયમાં પ્રાતિભાસિક સત્ત્વનું ઉત્પાદન્ થતું હોવાથી કોઈ વિરોધ નથી." – એવી દલીલ વેદાન્તી કરે તો એ બરાબર નથી. ધર્મીની સિદ્ધિ અને અસિદ્ધિ બન્નેને લીધે વ્યાઘાત થાય છે. વળી તત્ત્વમાં કોઈક અજ્ઞાન હજુ રહેતું હોય તો વિદેહકૈવલ્યમાં પણ તે ટકી રહેશે એવી શંકા થાય અને સર્વ અજ્ઞાનની નિવૃત્તિ થતાં મુક્તિ થાય છે તેમાં કોઈને વિશ્વાસ ન રહે તે આપત્તિ આવે.

દૃષ્ટિસૃષ્ટિવાદી વેદાન્તી કહે છે કે અમારા મતમાં આ અનુપપત્તિ નથી. દૃષ્ટિ-સૃષ્ટિવાદમાં બ્રહ્મ જ વસ્તુસત્ છે અને પ્રપંચ પ્રાતિભાસિક જ છે; આ પ્રપંચ અભિધ્યાનાદિની પહેલાં પારમાર્થિક સત્વ આદિ તરીકે ભાસે છે તે પારમાર્થિક સત્ત્વ આદિ આકારવાળું જ્ઞાન માનવાથી જ સમજાવી શકાય (કારણકે દૃષ્ટિ એ જ સૃષ્ટિ છે). યશોવિજયજી દૃષ્ટિસૃષ્ટિવાદની બાબતમાં કહે છે કે નવ્ય વેદાન્તીઓએ આની ઉપેક્ષા કરી છે કારણકે પ્રાચીનોએ સ્વીકારેલા આ વાદમાં બૌદ્ધ મત ઘણા પ્રમાણમાં છે, જ્યારે તેમને વ્યવહારવાદ જ માન્ય છે અને વ્યવહારવાદમાં તત્ત્વજ્ઞાનીઓ વ્યાવહારિક પ્રપંચને પ્રાતિભાસિક તરીકે જાણતા હોઈ તેઓ અત્યન્ત ભ્રાન્ત છે તે હકીકતને ટાળી શકાય તેમ નથી જ. વેદાંતી દલીલ કરે છે કે વ્યાવહારિક પ્રપંચ તત્ત્વજ્ઞાનથી બાધિત થયેલું હોવા છતાં પ્રારબ્ધના બળે બાધિત-અનુવૃત્તિ થાય છે તેથી તેનો પ્રતિભાસ એ ત્રીજી શક્તિનું કાર્ય છે; તેથી બાધિતાનુવૃત્તિથી પ્રતિભાસને અનુકૂલ ત્રીજી શક્તિ प्रातिभासिकसत्त्वसम्पादन-पटीयसी શક્તિ કહેવાય છે અને અન્તિમ તત્ત્વબોધથી તેની નિવૃત્તિ થાય છે તેથી

દોષ નથી.

યશોવિજયજી આ દલીલના ઉત્તરમાં કહે છે કે કેવલાદ્વૈતીના મતમાં બાધિત એટલે નાશિત; તેની અનુવૃત્તિના કથનમાં 'વદતો વ્યાઘાત' છે. જો વેદાન્તી એમ કહે કે બાધિત તરીકે કે બાધિતત્વથી અવચ્છિન્ન સત્તાથી પ્રતિભાસ એ તત્ત્વજ્ઞના પ્રારબ્ધનું કાર્ય છે તો ત્રીજી શક્તિ વ્યર્થ બની જાય છે, અને જ્યારે બધા જ વિશેષો બાધિત થઈ ગયા છે ત્યારે તેમનો તેમ પ્રતિભાસ થવો એ સર્વજ્ઞતા વિના અનુપપન્ન છે.

વેદાન્તી દલીલ કરે છે કે દ્વિતીય શક્તિથી વિશિષ્ટ અજ્ઞાનનો નાશ થવાથી સંચિત કર્મ અને તેનું કાર્ય નાશ પામે છે; પછી તૃતીય શક્તિથી પ્રારબ્ધના કાર્યમાં બળેલી દોરડીના જેવી બાધિતાવસ્થા ઉત્પન્ન કરવામાં આવે છે, આ જ બાધિતાનુવૃત્તિ છે. યશોવિજયજીને આ દલીલ માન્ય નથી. તેઓ કહે છે કે આમ હોય તો ઘટપટાદિની બાબતમાં તત્ત્વજ્ઞને બાધિત સત્ત્વની બુદ્ધિ નથી કે વ્યાવહારિક કે પારમાર્થિક સત્ત્વની બુદ્ધિ નથી માટે ત્યાં કંઈક જુદું જ કલ્પવાનું રહે અને એમ હોય તો લોક અને શાસ્ત્રનો વિરોધ થાય.

હરિભદ્રાચાર્યે બરાબર કહ્યું છે કે અગ્નિ, જળ, ભૂમિ સંસારમાં પરિતાપ કરનાર તરીકે અનુભવસિદ્ધ છે અને રૌદ્ર રાગાદિ લોકમાં અસત્પ્રવૃત્તિનું ઘર છે – જો આ બધું કલ્પિત હોય તો તે નથી, તો પછી તત્ત્વતઃ હોય કેવી રીતે; અને એમ હોય તો સંસાર અને તેમાંથી મુક્તિ કેવી રીતે યુક્ત હોય ? –

> अग्निजलभूमयो यत्परितापकरा भवेऽनुभवसिद्धाः
> रागादयश्च रौद्रा असत्प्रवृत्त्यास्पदं लोके ॥
> परिकल्पिता यदि ततो न सन्ति तत्त्वेन कथममी स्युरिति ।
> परिकल्पिते च तत्त्वे भवभवविगमौ कथं युक्तौ ॥
>
> (षोडशक, १६.८–९)

માટે વૃત્તિની વ્યાવહારિક સત્તા માનીને પણ બ્રહ્મજ્ઞાન સમજાવી શકાશે નહીં. પ્રપંચમાં પરમાર્થદૃષ્ટિની જેમ વ્યવહારદૃષ્ટિથી પણ કોઈ બીજી સત્તાનો પ્રવેશ હોઈ શકે નહીં (ज्ञानबिन्दु, पृ.२६).

બીજો પ્રશ્ન ચર્ચા માટે લીધો છે તે એ કે સપ્રકાર બ્રહ્મજ્ઞાન અજ્ઞાનનિવર્તક છે કે નિષ્પ્રકાર. જો જ્ઞાન સપ્રકાર હોય તો નિષ્પ્રકાર બ્રહ્મને વિશે સપ્રકારક જ્ઞાન અયથાર્થ હોવાથી એ અજ્ઞાનનિવર્તક હોઈ શકે નહીં, અને યથાર્થ હોય તો અદ્વૈતની સિદ્ધિ ન થાય. બીજો પક્ષ તો બરાબર છે જ નહીં. કારણકે નિષ્પ્રકારક જ્ઞાનને ક્યાંય અજ્ઞાનનું નિવર્તક બનતું જોયું નથી. આમ હોય તો શુદ્ધ બ્રહ્મજ્ઞાનમાત્રથી અજ્ઞાનની નિવૃત્તિ કેવી રીતે થાય ? કહેવાનો આશય એ છે કે સંશય કે ભ્રમ થાય છે એ વસ્તુની સત્તામાત્ર અંગે નહીં પણ તેના પ્રકારો કે ધર્મ અંગે થાય છે. તેથી અજ્ઞાન

જિ. ગાંધીનગર, પિન-૩૮૨૦૦૯.


અને જ્ઞાનનો વિષય સપ્રકાર હોવો જોઈએ અને અજ્ઞાનનિવર્તક જ્ઞાન પણ સપ્રકારક હોવું જોઈએ. માટે બ્રહ્મને નિર્ગુણ, નિર્ધર્મક ન માનતાં અનન્ત ધર્મવાળું માનવું જોઈએ. (ज्ञानबिन्दु २६–२७) બ્રહ્મ જો નિર્ધર્મક હોય તો તે વિષય પણ હોઈ શકે નહીં અને તેને વિશે જ્ઞાન પણ સંભવે નહીં. વિષય હોવું એટલે કર્મ હોવું એમ સ્વીકારવામાં આવે તો કર્મ તરીકે ક્રિયાફલશાલી હોવાથી ઘટ વગેરેની જેમ એ જડ હોવું જોઈએ, અને જો ઉપનિષદો બ્રહ્મને વિશે જ્ઞાન ઉત્પન્ન ન કરે તો તેમનું પ્રામાણ્ય ઉપપન્ન ન બને. એમ નહીં કહી શકાય કે બ્રહ્મ અંગેના અજ્ઞાનને જ્ઞાન દૂર કરે છે તેટલા માત્રથી બ્રહ્મને ઉપચારથી જ્ઞાનનો વિષય કહ્યો છે. આમ કહેવામાં અન્યોન્યાશ્રય દોષ છે (બ્રહ્મને વિષય કરે છે માટે જ્ઞાન તેને અંગેનું અજ્ઞાન દૂર કરે છે અને તેને અંગેનું અજ્ઞાન દૂર કરે છે માટે બ્રહ્મને તે જ્ઞાનનો વિષય માનવામાં આવે છે). આ વિષયતા કલ્પિત છે તેથી તે બ્રહ્મને કર્મ બનાવી શકે નહીં એમ કહેવું બરાબર નથી કારણકે સાચી વિષયતાનો ક્યાંય સ્વીકાર કર્યો નથી, અને જો વ્યાવહારિક વિષયતા હોય તો કર્મતા પણ વ્યાવહારિક છે અને વિષયતા કર્મતાને સાથે લાવે છે.

વળી અજ્ઞાનનિવર્તક વૃત્તિની નિવૃત્તિ કેવી રીતે થશે ? વેદાન્તી એમ કહે કે "તેના કારણરૂપ અજ્ઞાનના નાશથી", તો ઉત્તર એ છે કે અજ્ઞાનના નાશના ક્ષણે ટકી રહેલા અથવા વિનાશ પામવાની અવસ્થામાં છે તેવા અજ્ઞાનથી જનિત દૃશ્ય જો ટકી રહે તો મુક્તિમાં વિશ્વાસ બેસે નહીં. વેદાન્તી દલીલ કરે છે કે ઉક્ત પ્રમાવિશેષ તરીકે એ નિવર્તક છે પણ દૃશ્ય તરીકે એ નિવર્ત્ય છે તેથી દૃશ્ય રૂપે અવિદ્યાની સાથે એ નાશ પામે અને પોતાનાથી જ તેની નિવૃત્તિ થાય તો તેમાં કોઈ દોષ નથી. આ દલીલનો ઉત્તર એ છે કે પ્રમા જ અપ્રમાની નિવર્તક જોવામાં આવે છે તેથી દૃશ્યત્વ નિવર્ત્યતાનું અવચ્છેદક હોઈ શકે નહીં, અને જ્ઞાન અજ્ઞાનનું નાશક છે એ પણ પ્રમાણથી સિદ્ધ નથી, અન્યથા સ્વપ્નાદિ અધ્યાસના કારણભૂત અજ્ઞાનની જાગ્રદાદિના પ્રમાણજ્ઞાનથી નિવૃત્તિ થતાં ફરી સ્વપ્નાદિ અધ્યાસ થઈ શકે નહીં. જો અનેક અજ્ઞાન સ્વીકારવામાં આવે તો આત્માની બાબતમાં પણ તેમ સંભવે અને મુક્તિ અંગે વિશ્વાસ રહે નહીં. મૂલ અજ્ઞાનની જ વિચિત્ર અનેક શક્તિઓ માનવામાં આવે તો એક શક્તિનો નાશ થાય તોપણ બીજી શક્તિથી બીજાં સ્વપ્નાદિની પુનરાવૃત્તિ સંભવે છે, પણ સર્વશક્તિવાળા મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય ત્યારે બીજા કારણનો સંભવ રહેતો નથી, અને આવું બીજું અજ્ઞાન માનવામાં નથી આવ્યું તેથી પ્રપંચની ફરી ઉત્પત્તિ નહીં થાય – આમ કહેવું એ તો સ્વવાસના માત્ર છે. ચરમજ્ઞાન મૂલ અજ્ઞાનનું નાશક છે કે કોઈ ક્ષણવિશેષ એ નક્કી કરનાર કોઈ વિનિગમક નથી. અનન્ત ઉત્તરોત્તર શક્તિનાં કાર્યોમાં અનન્તપૂર્વપૂર્વ શક્તિઓનું પ્રતિબન્ધકત્વ હેતુરૂપ છે, ચરમશક્તિના કાર્યમાં ચરમશક્તિ હેતુરૂપ

છે, અને તેના નાશમાં ચરમજ્ઞાન હેતુરૂપ છે એમ કલ્પવામાં મહાગૌરવ છે. પૂર્વશક્તિના નાશ વખતે પણ જેમ મૂલ અજ્ઞાનની અનુવૃત્તિ હોય છે તેમ ચરમશક્તિનો નાશ થાય ત્યારે પણ મૂલ અજ્ઞાનની અનુવૃત્તિ થવી જોઈએ એ આપત્તિને દૂર કરી શકાતી નથી. માટે આ દલીલમાં કોઈ સાર નથી.

જાગ્રત્ આદિ ભ્રમથી સ્વપ્નાદિ ભ્રમનું માત્ર તિરોધાન થાય છે. જેમ સર્પભ્રમથી રજ્જુ અંગે ધારાના ભ્રમનું તિરોધાન થાય છે તેની જેમ (રજ્જુમાં સર્પભ્રમ હોય ત્યારે તેમાં જલધારાનો ભ્રમ થતો નથી). પણ અજ્ઞાનની નિવૃત્તિ તો બ્રહ્માત્મૈક્ય જ્ઞાનથી જ થાય છે – આ દલીલનો પણ ઉપર્યુક્ત ઉત્તરથી નિરાસ થઈ જાય છે. આમ જ્ઞાન અજ્ઞાનનિવર્તક છે એ અંગે કોઈ પ્રમાણ ઉપલબ્ધ ન થતાં અજ્ઞાનનિવૃત્તિમૂલક મોક્ષમાં વિશ્વાસ નહીં રહે. (ज्ञानबिन्दु, પૃ.૨૯)

યશોવિજયજીએ પણ બીજા જૈન આચાર્યોની જેમ એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે શ્રુતિવચનોથી પણ કેવલાદ્વૈતવાદનું નહીં પણ જૈનદર્શન સંમત કર્મવાદનું અને જેનાં કર્મોનો ક્ષય થયો છે એવા – આત્માના જ બ્રહ્મભાવનું સમર્થન થાય છે તેથી શશશૃંગના સગા ભાઈ જેવા અજ્ઞાન આદિની કલ્પના કરી કેવલાદ્વૈતનું પ્રતિપાદન કરવું એ વ્યર્થ છે (ज्ञानबिन्दु, પૃ.૨૯–૩૦). એકજીવમુક્તિવાદને માત્ર શ્રદ્ધાનું જ શરણ છે, અન્યથા સ્વપ્નના બીજા જીવોના પ્રતિભાસની જેમ જો બીજા જીવોનો પ્રતિભાસ વિભ્રમ હોય તો જીવપ્રતિભાસમાત્ર તેવો હશે અને કોઈ જીવ માની શકાશે નહીં અને વેદાન્તીને ચાર્વાકમતનું સામ્રાજ્ય જ પ્રાપ્ત થશે (ज्ञानबिन्दु, પૃ.૩૦).

બ્રહ્મજ્ઞાનની પ્રક્રિયા સાથે સંગત મુદ્દાઓની ચર્ચા કરતી વખતે યશો-વિજયજીએ જૈનદર્શન સંમત કેટલાક મુદ્દાઓની પણ સ્પષ્ટતા કરી છે. વેદાન્તપ્રક્રિયા અનુસાર બ્રહ્મવિષયક નિર્વિકલ્પ બોધ થાય છે ત્યારે તે બ્રહ્મમાત્રના અસ્તિત્વને તથા ભિન્ન જગત્‌ના અભાવને સૂચિત કરે છે. આ નિર્વિકલ્પ બોધ બ્રહ્મવિષયક થાય છે, અન્યવિષયક નહીં, અને આ નિર્વિકલ્પક બોધ થઈ જાય પછી ફરીથી ક્યારેય સવિકલ્પક બોધ થતો નથી. વેદાન્તનો અભિપ્રાય એ છે કે આત્મા એકરૂપ છે, તેમાં સજાતીય, વિજાતીય કે સ્વગત ભેદને કોઈ સ્થાન નથી. એક વાર નિર્વિકલ્પક બોધ થઈ ગયો કે અવિદ્યાકૃત ભેદકલ્પનાને અવકાશ જ નથી તેથી સવિકલ્પક બોધની સંભાવના રહેતી નથી. આત્માને કૂટસ્થ નિત્ય અને એકરૂપ માનનાર મતમાં જ આ માન્યતા ઉપપન્ન છે.

યશોવિજયજી દ્રવ્ય-પર્યાયની અનેકાન્તદૃષ્ટિથી આત્મા અને તેના બોધનો પણ વિચાર કરે છે, જે પ્રમાણે બ્રહ્મજ્ઞાન અને ઘટજ્ઞાનમાં કોઈ મૂળભૂત ભેદ નથી. જૈન મત અનુસાર નિર્વિકલ્પક બોધનો અર્થ છે શુદ્ધ દ્રવ્યનો ઉપયોગ જેમાં કોઈ પણ પર્યાયના વિચારની છાયા પણ ન હોય. અર્થાત્ જે સમસ્ત પર્યાયોના ઉપરાગના

અસંભવનો વિચાર કરી કેવળ દ્રવ્યને જ વિષય કરે છે તે નિર્વિકલ્પક બોધ છે, પણ આ જ્ઞાન ચિન્ત્યમાન દ્રવ્યથી ભિન્ન જગત્‌ના અભાવને વિષય કરે છે એવું નથી. આને જૈન પરિભાષામાં શુદ્ધદ્રવ્યનયાદેશ પણ કહે છે. આ નિર્વિકલ્પક બોધ ચેતન દ્રવ્ય તેમજ ઘટાદિ જડ દ્રવ્ય બન્નેમાં પ્રવૃત્ત થઈ શકે. તે ચેતન દ્રવ્યવિષયક જ હોય એવું નથી. એટલું જ જરૂરી છે કે તે દ્રવ્યના પર્યાયોના સંબંધના અસંભવનો વિચાર કરી કેવલ દ્રવ્યસ્વરૂપનું જ ગ્રહણ કરે. યશોવિજયજી એ પણ સ્પષ્ટ કરે છે કે જ્ઞાનસ્વરૂપ આત્માનો સ્વભાવ જ એવો છે કે તે એકમાત્ર નિર્વિકલ્પક જ્ઞાનસ્વરૂપ નથી રહેતું. તે શુદ્ધ દ્રવ્યનો વિચાર છોડીને પર્યાયોના વિચારમાં પ્રવૃત્ત થાય છે ત્યારે નિર્વિકલ્પક જ્ઞાન પછી પર્યાયસાપેક્ષ સવિકલ્પક જ્ઞાન પણ તેને થાય છે. તેથી નિર્વિકલ્પક જ્ઞાન પછી સવિકલ્પક જ્ઞાનનો સંભવ નથી એમ માનવું બરાબર નથી.

સામાન્ય રીતે જૈન પ્રક્રિયા પ્રમાણે નિર્વિકલ્પક બોધ એટલે અવગ્રહ. પણ યશોવિજયજી નિર્વિકલ્પક બોધને વિચારસહકૃત મનોજન્ય કે માનસિક કહે છે જ્યારે અવગ્રહ વિચારસહકૃત મનોજન્ય નથી હોતો. આનો ખુલાસો એ છે કે આ વિચારસહકૃત મનોજન્ય શુદ્ધ દ્રવ્યોપયોગરૂપ નિર્વિકલ્પક બોધ ઈહાત્મક વિચારજન્ય અપાયરૂપ છે અને નામજાત્યાદિ યોજનાથી રહિત છે. (ज्ञानबिन्दु, पृ.३०–३१)

કેવલાદ્વૈત વેદાન્ત અનુસાર બ્રહ્મનો નિર્વિકલ્પક બોધ तत्त्वमसि જેવા મહાવાક્યથી થાય છે અર્થાત્ શબ્દજન્ય છે. આ મહાવાક્યના શ્રવણથી અપરોક્ષજ્ઞાન થાય છે. આની વિરુદ્ધ ઉપાધ્યાયજી રજૂઆત કરે છે કે નિર્વિકલ્પક બોધ પર્યાયથી મુક્ત વિચારસહકૃત મનથી જ ઉત્પન્ન થાય છે તેથી મનોજન્ય માનવો જોઈએ, શબ્દજન્ય નહીં. જો કહેવામાં આવે કે બ્રહ્માકાર બોધને માનસ માનવામાં नावेदविन्मनुते तं बृहन्तं वेदेनैव तद्वेदितव्यम्, तं त्वौपनिषदं पुरुषं पृच्छामि (बृहदा० ३.९.२६) જેવાં શ્રુતિવચનોનો વિરોધ છે તો આનો ઉત્તર એ છે કે તેને શાબ્દ માનવામાં પણ यद्वाचाऽनभ्युदितम् (केन०, २.४), यतो वाचो निवर्तन्ते (तैत्ति० ,२.४.१) જેવાં શ્રુતિવચનોનો વિરોધ છે.

વેદાન્તી બચાવમાં કહે છે બ્રહ્મ વાણીથી ગમ્ય નથી એમ કહેનારી શ્રુતિઓનો અભિપ્રાય એવો છે કે મુખ્ય વૃત્તિથી તે બ્રહ્મની બોધક નથી પણ જહદજહલ્લક્ષણાથી તો બ્રહ્મ વિશે મહાવાક્ય દ્વારા જ્ઞાન થાય છે જ. મનમાં તો મુખ્ય-અમુખ્ય એવો ભેદ છે જ નહીં તેથી બ્રહ્મજ્ઞાનને માનસ માનતાં यन्मनसा न मनुते (केन १.५) જેવી શ્રુતિ સાથે વિરોધ આવે જ. स मानसीन आत्मा मनसैवानुद्रष्टव्यःમાં આત્માને 'માનસીન' કહ્યો છે તેનો અર્થ એ છે કે મનરૂપી ઉપાધિમાં તેની ઉપલબ્ધિ થાય છે, ત્યાં મનોજન્ય સાક્ષાત્કાર અભિપ્રેત નથી. मनसैवानुद्रष्टव्यःમાં मनसा – એ કર્તાના અર્થમાં તૃતીયા છે; આત્મા અકર્તા છે એમ બતાવવા માટે મનને દર્શનકર્તા માન્યું છે, કરણ નહીં, કારણકે આત્માને औपनिषद ઉપનિષદ્‌વેદ્ય કહ્યો છે.

આ દલીલનો જવાબ આપતાં યશોવિજયજી જણાવે છે કે मनसा ह्येव पश्यति मनसा शृणोति (बृहदा० १.५.३)માં ચક્ષુ આદિ કરણ હોવા છતાં દીર્ઘકાલિક સંજ્ઞાનરૂપ દર્શનની વાત હોવાથી મનને જ કરણ કહ્યું છે. તેથી મનથી બ્રહ્મજ્ઞાન થાય છે. અદ્વૈતવેદાન્તી પણ બ્રહ્મજ્ઞાન મનથી થાય છે અને નથી થતું એમ કહેનારાં બન્ને પ્રકારનાં શ્રુતિવાક્યો હોવાથી તેમની ઉપપત્તિ બતાવવા કહે છે કે બ્રહ્મ વૃત્તિનો વિષય છે પણ વૃત્તિથી ઉપરક્ત ચૈતન્યનો વિષય નથી. એમ પણ શબ્દ અપરોક્ષ-જ્ઞાનજનક છે એમ માનવામાં સ્વભાવભંગનો પ્રસંગ આવે કારણકે શબ્દનો સ્વભાવ જ પરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરવાનો છે.

વેદાન્તી દલીલ કરે છે કે શબ્દ પહેલાં પરોક્ષજ્ઞાન જ ઉત્પન્ન કરે છે અને પછીથી વિચારના સહકારથી અપરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરે છે તેથી ઉપર્યુક્ત દોષ નથી. આનો જવાબ આપતાં ઉપાધ્યાયજી કહે છે કે આમાં અર્ધજરતીય ન્યાયની આપત્તિ છે. જો શબ્દનો સ્વભાવ જ પરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરવાનો હોય તો હજાર સહકારીથી પણ તેનો સ્વભાવ બદલાવી શકાય નહીં. સંસ્કારના સહકારથી આંખ વડે પ્રત્યભિજ્ઞાનાત્મક પ્રત્યક્ષજ્ઞાન ઉત્પન્ન થાય છે તેની જેમ આ થશે એમ પણ નહીં કહેવાય. જે અંશમાં સંસ્કારની અપેક્ષા છે તે અંશમાં સ્મૃતિત્વની આપત્તિ થશે. અને જે અંશમાં ચક્ષુની અપેક્ષા છે તે અંશમાં પ્રત્યક્ષત્વની આપત્તિ થશે એ બીકે તો જૈનો પ્રત્યભિજ્ઞાને જુદું પ્રમાણ માને છે. વેદાન્તીઓ દાખલો આપે છે કે દશ છોકરા ગાય ચરાવવા ગયા અને પાછા ફરવાનો સમય થયો ત્યારે કોઈ ખોવાતું તો નથીને એમ ખાતરી કરવા ગણવા લાગ્યા; દરેકે પોતાના સિવાયના નવને ગણ્યા અને દશ ન થતાં ગભરાયા. એક ભલા વટેમાર્ગુએ દસ ગણી બતાવ્યા અને કહ્યું 'તું દશમો છે' – दशमस्त्वमसि; એ વાક્યથી સાક્ષાત્કાર થઈ ગયો. પણ અહીં વાક્યથી તો પરોક્ષજ્ઞાન જ થાય છે અને તે પછી બીજું માનસજ્ઞાન થાય છે તેનાથી ભ્રમની નિવૃત્તિ થાય છે. યશોવિજયજી કહે છે કે આ અમારા પર્યાયથી મુક્ત શુદ્ધદ્રવ્યવિષયતાવાળા દ્રવ્યનયનો વિષય છે તેથી બ્રહ્મવાદ બાજુએ રાખો. જૈન દર્શનની શાસ્ત્રવ્યવસ્થા અનુસાર વાક્યથી પણ દ્રવ્યાર્થાદેશથી અખંડ શાબ્દબોધ અને પદથી પણ પર્યાયાર્થાદેશથી સખંડ શાબ્દબોધ થાય છે, માટે શબ્દ અપરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરી શકે નહીં. મહાવાક્યજન્ય અપરોક્ષ શુદ્ધબ્રહ્મવિષયક જ્ઞાન તે જ કેવલજ્ઞાન એવો વેદાન્તીઓનો મિથ્યાત્વનો અભિનિવેશ મહાન જ છે ! – એમ જ્ઞાનીઓએ વિચારવું (ज्ञानबिन्दु, पृ.३१–३३).

યશોવિજયજીએ કેવલાદ્વૈત વેદાન્તની સમાલોચના કરી છે તેને વિશે એટલું જ કહેવું યોગ્ય છે કે આવો નિરાસ સૌ પરદર્શનવાદીઓએ કર્યો છે, વેદાન્તના જ વિશિષ્ટાદ્વૈતી વગેરે આચાર્યોએ કર્યો છે અને કેવલાદ્વૈત વેદાન્ત માટે ગૌરવ લેવા જેવી વાત તો એ છે કે કેવલાદ્વૈતવાદી ચિંતકોએ પોતે અવિદ્યાનું સ્વરૂપ કેવું હોઈ

શકે, બ્રહ્મ તેનો આશ્રય કે જીવ, અને બન્ને પક્ષમાં દેખાતી મુશ્કેલી, અવિદ્યા એક કે અનેક, જીવ એક કે અનેક, ઈશ્વર માન્યા સિવાય ચાલે કે નહીં, વ્યક્તિગત જીવની મુક્તિનું સ્વરૂપ કેવું હોઈ શકે – મુક્ત થતાં જીવ ઈશ્વરને પ્રાપ્ત કરે, અને સર્વ જીવોની મુક્તિ થાય ત્યારે જ બ્રહ્મભાવ પ્રાપ્ત કરે, કે પછી મુક્ત જીવ સીધો બ્રહ્મભાવ પામે છે –, જીવન્મુક્તિ શી રીતે સંભવે, શબ્દ-પ્રમાણથી અપરોક્ષજ્ઞાન સંભવે કે નહીં વગેરે વગેરે પ્રશ્નો કરીને કેવલાદ્વૈતની મર્યાદામાં રહીને તેની સાથે વધારેમાં વધારે સંગતિ બેસે એ રીતે પોતપોતાની રીતે પ્રક્રિયા બતાવી છે અને આમ અવચ્છેદવાદ, પ્રતિબિંબવાદ, આભાસવાદ, એકજીવવાદ, દૃષ્ટિસૃષ્ટિવાદ, સૃષ્ટિદૃષ્ટિવાદ વગેરેનું પ્રતિપાદન થયું.

અદ્વૈતવેદાન્તના પ્રતિપાદનમાં દોષો જોઈ શકાય છે જેમ બીજાં દર્શનોના સિદ્ધાન્તોનું પણ ખંડન કરી શકાય છે. કેવલાદ્વૈતનો પરમ ઉપદેશ અદ્વિતીય કૂટસ્થનિત્ય નિર્વિશેષ ચિન્માત્રસ્વરૂપ આત્મતત્ત્વ વિશે છે જે વાણીથી અને મનથી પર છે, જે પ્રમાણોથી અનુભાવ્ય નથી, જ્ઞાતા કર્તા ભોક્તા નથી, કેવલ ચિત્સ્વરૂપ છે, અસત્કાર્યવાદ, સત્કાર્યવાદ, પ્રતીત્યસમુત્પાદ વગેરેનો ઘણો વિચાર કર્યા પછી સર્વમાં દોષો દેખાતાં અને તેમાંથી કોઈ પણ વાદનો અંગીકાર કરતાં ઉપનિષત્-પ્રતિપાદિત અવિકારી અદ્વિતીય વિભુ કૂટસ્થનિત્ય નિર્વિશેષ બ્રહ્મની માન્યતામાં વિરોધ આવશે તેમ દેખાતાં કેવલાદ્વૈત વેદાન્તે બ્રહ્મ એકમાત્ર પરમાર્થ છે અને બ્રહ્મ સિવાય કશું નથી અને તે અવિકારી કૂટસ્થનિત્ય છે એ મુખ્ય સિદ્ધાન્ત અપનાવ્યો, પણ વ્યવહારમાં જે ભેદજ્ઞાન થાય છે તેનું શું ? તેની કોઈ રીતે ઉપપત્તિ બતાવવા અવિદ્યા અને તેનાં કાર્યોની પ્રક્રિયા ઉપદેશ ખાતર સ્વીકારી – એય પૂરી સમજ સાથે કે કોઈ પણ વાદમાં ખંડનને અવકાશ છે જ. પણ બને તેટલી યુક્તિયુક્ત રીતે પરમાર્થના જ્ઞાનની નજીક પહોંચાડવાનું કામ તત્ત્વચિંતકનું છે. તેથી ગૌડપાદે અજાતિવાદ અનુસાર, શંકરાચાર્યે અવિદ્યાવાદ અનુસાર આ કામ કરવાનો પ્રયત્ન કર્યો. અપરા વિદ્યાથી વ્યવહારના જ્ઞાનને અને ઉપનિષદ્ના કેટલાક મતોને ઘટાવ્યાં અને શાસ્ત્ર સહિત બધાં પ્રમાણ અવિદ્યાના ક્ષેત્રમાં જ છે એમ નિર્ભય રીતે કહ્યું. આ વિચારવિકાસ પાછળ, તત્ત્વોપપ્લવવાદ, વિજ્ઞાનવાદ, શૂન્યવાદની અસર છે, અને કોઈ પણ સંપ્રદાયને માટે તત્ત્વચિન્તનના ક્ષેત્રમાં બીજા ચિન્તકોના વિચારોની અસર હોવી એ આવકારદાયક બીના છે. પણ તત્ત્વવિચાર દ્વારા જેની નજીક પહોંચી શકાય પણ પામી ન શકાય એવા પરમાર્થનું જ્ઞાન તો ઋષિઓના સાક્ષાત્કારના પ્રતિપાદનમાંથી જ મળી શકે એટલે ઉપનિષદોનાં વચનોનું સમર્થન લીધું એટલું જ નહીં, પણ તેમને પાયામાં રાખી તેના પર જ અદ્વૈતવેદાન્તદર્શનની ઇમારત ચણી. પણ એટલું જોઈ શકાય છે કે કેવલાદ્વૈત વેદાંતના ચિંતકો અંધશ્રદ્ધાથી કે બુદ્ધિને કામ ન કરવા દઈને ઉપનિષદ્વાક્યો સમજ્યા નથી. પ્રત્યેક ડગલે પોતાને જે પ્રતીતિકર સિદ્ધાન્ત લાગ્યો તે અનુસાર જ તેમને શ્રુતિવચનોનો અર્થ સમજાયો છે અને તે

સમજવા માટે પૂર્વમીમાંસાએ વેદના અર્થનિર્ણય માટે જે નિયમો સ્થાપ્યા તેનો પણ ઉપયોગ કર્યો છે. સત્ય એક જ હોઈ શકે અને તેનું નિરૂપણ શ્રુતિવચનોમાં હોય જ એ શ્રદ્ધા સાથે દરેક દર્શન પોતે જેને પરમ સત્ય સમજે છે તે જ શ્રુતિમાં હોવું જોઈએ એમ માનીને શ્રુતિ-વાક્યોનો અર્થ એ રીતે કરે છે, કેટલાક અક્ષરશઃ અર્થ કરે છે અને જ્યાં વિરોધ દેખાય ત્યાં પરમાત્માની અચિન્ત્ય શક્તિઓ છે તેથી તેમાં કશું અસંભવ કે વિરોધી નથી એમ દલીલ કરી શ્રુતિવચનો સમજાવે છે. વિશિષ્ટાદ્વૈતી ચિત્ અને અચિત્ બ્રહ્મનું શરીર છે, પ્રકાર છે, વિશેષણ છે, બ્રહ્મ વિના તેમનું અસ્તિત્વ સંભવે નહીં માટે જ तत् त्वमसि, सर्वं खल्विदं ब्रह्मમાં પ્રકાર-પ્રકારી ભાવને આધારે સામાનાધિકરણ્ય છે એમ સમજાવે છે. શાંકર વેદાંત ઉપનિષદ્વાક્યોમાં જ્યાં વિરોધ જેવું દેખાય ત્યાં પરા વિદ્યા – અપરા વિદ્યા કે પારમાર્થિક દૃષ્ટિ – વ્યાવહારિક દૃષ્ટિનો આશ્રય લે છે (ઉપનિષદોમાં જુદાજુદા ઋષિઓના કે આચાર્યોના મત સંગ્રહાયેલા મળે છે તેથી જુદા વિચાર હોવાના જ પણ તેમને આધારે વેદાંતદર્શનનું ચોક્કસ રૂપ નક્કી થયું તથા સમન્વય બતાવી એક અર્થ નિશ્ચિત કરવાની જરૂર ઊભી થઈ ત્યારે ઉપર્યુક્ત ઉપાયોથી સમન્વય બતાવી દરેકે પોતાના સિદ્ધાન્ત માટે સમર્થન મેળવ્યું). માધ્યમિક બૌદ્ધોએ સંવૃતિ-સત્ય અને પારમાર્થિક સત્યનો આધાર લઈને બુદ્ધનાં વચનો સમજાવ્યાં છે. જૈનોની અનેકાન્તદૃષ્ટિને નયોનો સ્વીકાર અનુકૂળ આવ્યો જેમાં કોઈ પણ વચનના અર્થ કે મત કે વાદ ગોઠવી શકાય.

કેવલાદ્વૈત વેદાંતે લોકમાં થતા ભેદના અનુભવને અને બીજાં દર્શનોએ – ખાસ કરીને પ્રમાણમીમાંસાના ક્ષેત્રમાં ન્યાયવૈશેષિકે અને જગત્સૃષ્ટિ આદિમાં સાંખ્યદર્શને – પ્રતિપાદિત વિચારોને પોતાની રીતે સ્વીકારી તેમને અપરા વિદ્યામાં સ્થાન આપ્યું. ઉપનિષદ-પ્રતિપાદિત બ્રહ્મવિચાર (પોતાનો વિશિષ્ટ) તેને પરા વિદ્યામાં સ્થાન આપ્યું પણ એવી સમજણ સાથે કે આ બધું પણ અવિદ્યાના ક્ષેત્રમાં છે. પરમાર્થરૂપ જ્ઞાન તો સ્વયંસિદ્ધ, સ્વયંપ્રકાશ છે જેને પ્રાપ્ત કરી શકાય, પણ તેવા પૂર્ણપ્રકાશરૂપ થવા માટે અજ્ઞાનની નિવૃત્તિ બ્રહ્મજ્ઞાન દ્વારા કરવી પડે.

અપ્પય્ય દીક્ષિતે સિદ્ધાન્તલેશસંગ્રહના પ્રારંભમાં જ (શ્લોક ૨) બરાબર કહ્યું છે કે –

> प्राचीनैर्व्यवहारसिद्धविषयेष्वात्मैक्यसिद्धौ परं
> सन्नह्यद्भिरनादरात् सरणयो नानाविधा दर्शिताः ।

પ્રાચીન આચાર્યો આત્મૈક્યની સિદ્ધિમાં અત્યન્ત કટિબદ્ધ હતા અને તેમણે વ્યવહારસિદ્ધ વિષયો (જેવા કે જીવ, જગત્, ઈશ્વર) પ્રત્યે ખાસ આદર ન દાખવતાં નાનાવિધ સરણિઓ બતાવી. અર્થાત્ મુખ્ય સિદ્ધાન્ત માનીને જીવ આદિની અલગઅલગ રીતે ઉપપત્તિ બતાવવામાં આવતી હોય તો તેમને તે બાબતમાં કોઈ

દુરાગ્રહ નહોતો. સુરેશ્વરાચાર્યે પણ કહ્યું છે કે પ્રત્યગાત્માને વિશે જે-જે પ્રક્રિયાથી (અવચ્છેદવાદ કે પ્રતિબિંબવાદ કે આભાસવાદ કે એકજીવવાદ કે અન્ય) બોધ થતો હોય તે-તે જ પ્રક્રિયા અહીં સારી હોઈ શકે (કારણકે એનું ઉપાય તરીકે જ મહત્ત્વ છે), અને તે નાનાવિધ હોઈ શકે –

यथा यथा भवेत्पुंसां व्युत्पत्तिः प्रत्यगात्मनि ।
सा सैव प्रक्रियेह स्यात् साध्वी सा चानवस्थिता ॥

(बृहदारण्यकोपनिषद्भाष्यवार्तिक १.४.४०२)

કેવલાદ્વૈત વેદાંતની પ્રક્રિયાનો નિરાસ કરતી વખતે તેનું આ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખવું જોઈએ એટલું જ કહેવાનો આશય છે. બાકી બુદ્ધિના પરિષ્કારને માટે યશોવિજયજીએ બ્રહ્મજ્ઞાન આદિ પ્રક્રિયાનો નિરાસ કર્યો છે તે તેમના ગ્રંથમાં અસ્થાને નથી કારણકે જૈનોના આવરણના સિદ્ધાન્તની સાથે વેદાંતની પરિભાષા અને વિચાર-સરણિ કેટલીક બાબતોમાં મળતી આવે છે :

પંડિત સુખલાલજીએ ज्ञानबिन्दुની તેમની પ્રસ્તાવનામાં (પૃ.૫૧–૫૨) વેદાંતની અજ્ઞાનગત ત્રિવિધ શક્તિ (જેનું નિરૂપણ ઉપર કર્યું છે) અને જૈનદર્શનની ત્રિવિધ આત્મભાવવાળી પ્રક્રિયાની તુલના કરી છે તે અવતરણ લેખની સમાપ્તિએ આપ્યું છે :

जैन दर्शन के अनुसार बहिरात्मा, जो मिथ्यादृष्टि होने के कारण तीव्रतम कषाय और तीव्रतम अज्ञान के उदय से युक्त है अत एव जो अनात्माको आत्मा मान कर सिर्फ उसीमें प्रवृत्त होता है, वह वेदान्तानुसारी आद्यशक्तियुक्त अज्ञान के बल से प्रपञ्च में पारमार्थिकत्व की प्रतीति करने वाले के स्थान में है। जिस के जैन दर्शन अन्तरात्मा अर्थात् अन्य वस्तुओं के अहंत्वममत्व की ओर से उदासीन हो कर उत्तरोत्तर शुद्ध आत्मस्वरूप में लीन होने की ओर बढने वाला कहता है, वह वेदान्तानुसारी अज्ञानगत दूसरी शक्ति के द्वारा व्यावहारिकसत्त्वप्रतीति करने वाले व्यक्ति के स्थान में है। क्यों कि जैनदर्शनसंमत अन्तरात्मा उसी तरह आत्मविषयक श्रवणमननिदिध्यासन वाला होता है, जिस तरह वेदान्तसंमत व्यावहारिकसत्त्वप्रतीति वाला ब्रह्म के श्रवणमननिदिध्यासन में।

जैनदर्शनसंमत परमात्मा जो तेरहवें गुणस्थान में वर्तमान होने के कारण द्रव्य मनोयोग वाला है वह वेदान्तसंमत अज्ञान गत तृतीयशक्तिजन्य प्रातिभासिकसत्त्वप्रतीति वाले व्यक्ति के स्थान में है। क्यों कि वह अज्ञान से सर्वथा मुक्त होने पर भी दग्धरज्जुकल्प भवोपग्राहिकर्म के संबन्ध से वचन आदि में प्रवृत्ति करता है। जैसा कि प्रातिभासिक-सत्त्वप्रतीति वाला व्यक्ति ब्रह्मसाक्षात्कार होने पर भी प्रपञ्च का प्रतिभास मात्र करता है। जैन दर्शन जिस को शैलेशी अवस्था प्राप्त आत्मा या मुक्त आत्मा कहता है वह वेदान्तसंमत अज्ञानजन्य त्रिविध दृष्टि से पर आत्मबोध वाले व्यक्ति के स्थान में है। क्यों कि अब मन,

वचन, काय का कोई विकल्पप्रसंग नहीं रहता, जैसा कि वैदान्तसंमत अन्तिम ब्रह्मबोध वाले को प्रपञ्च में किसी भी प्रकार की सत्त्वप्रतीति नहीं रहती।

संदर्भ

(१) ज्ञानबिन्दुप्रकरण, श्रीमद् यशोविजयोपाध्याय, सिंघी जैन ग्रन्थमाला, संवत् १९९८.
(२) दर्शन और चिन्तन, पण्डित सुखलालजी, गुजरात विद्यासभा, अहमदाबाद, संवत् २०१३
(3) Studies in Jain Philosophy, Nathmal Tatia, Jain Cultural Research Society, Calcutta, 1951.

☐

*ઉપાધ્યાયજીના જૈન તત્ત્વજ્ઞાન, આચાર, અલંકાર, છંદ વગેરે અન્ય વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન ન્યાયવિષયક ગ્રંથો ઉપર નજર નાખીએ તો એમ કહેવું પડે છે કે, સિદ્ધસેન ને સમંતભદ્રથી વાદિદેવસૂરિ અને હેમચંદ્ર સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસિત થયો હતો, તે પૂરેપૂરો ઉપાધ્યાયજીના તર્કગ્રંથોમાં મૂર્તિમાન્ થાય છે, અને વધારામાં તે ઉપર એક કુશળ ચિત્રકારની પેઠે તેઓએ એવા સૂક્ષ્મતાના, સ્પષ્ટતાના અને સમન્વયના રંગો પૂર્યા છે કે જેનાથી મુદિતમના થઈ આપોઆપ એમ કહેવાઈ જાય છે કે, પહેલા ત્રણ યુગનું બંને (દિગંબર અને શ્વેતાંબર) સંપ્રદાયનું જૈન ન્યાયવિષયક સાહિત્ય કદાચ ન હોય અને માત્ર ઉપાધ્યાયજીનું જૈન ન્યાયવિષયક સંપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ હોય તોયે જૈન વાઙ્મય કૃતકૃત્ય છે.*

પં. સુખલાલજી
('જૈન ન્યાયનો ક્રમિક વિકાસ')

## 'જ્ઞાનાર્ણવપ્રકરણ'

યશોધરા વાધવાણી

શ્રી જૈન ગ્રંથ પ્રકાશન સભા (અમદાવાદ) તરફથી વિ.સં.૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૦)માં છપાયેલ 'જ્ઞાનાર્ણવપ્રકરણ'ના પ્રકાશકીય નિવેદનમાં જણાવવામાં આવ્યું છે તેમ, આ જ નામનો એક ગ્રંથ દિગંબરીય શ્રી શુભચંદ્રાચાર્યે પણ લખેલો. પરંતુ એ ગ્રંથમાં શ્રી હેમચંદ્રના યોગશાસ્ત્ર(ના પ્રારંભિક પ્રકાશો)ની જેમ જ મુખ્યત્વે યોગના સ્વરૂપ ઇત્યાદિ વિશે નિરૂપણ કરેલું; તેથી એને વિકલ્પે યોગાર્ણવ, યોગપ્રદીપ કે ધ્યાનશાસ્ત્ર નામોથી પણ ઓળખવામાં આવે છે.

પ્રસ્તુત ગ્રંથ એનાથી નિશ્ચિત જ ભિન્ન છે. એક તો એ શીર્ષક અનુસાર ખરેખર જ જ્ઞાન(ના પ્રકારો)ની મીમાંસા કરે છે; અને બીજું એના કર્તા દિગંબરીય નહીં પરંતુ શ્વેતાંબર મતના મુનિ નયવિજયજીના શિષ્ય, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય તથા શ્રી હરિભદ્રસૂરિ-લઘુબંધુ ઇત્યાદિ અનેક બિરુદોથી અલંકૃત થયેલા મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિ છે એવો સ્પષ્ટ ઉલ્લેખ ગ્રંથના પ્રથમ તરંગના અંતે સ્વયં લેખક દ્વારા કરાયો છે. કાશી તથા આગ્રા ખાતે ષડ્દર્શનનો અને તેમાંય સવિશેષ નવ્યન્યાયનો ઊંડો અભ્યાસ કરી આવેલા શ્રી યશોવિજયજીએ પોતાના અનેક (૧૧૦ જેટલા) નિર્મિત ગ્રંથો પૈકી કેટલાકમાં નવ્યન્યાયની જ શૈલીથી વિષયોનું પ્રતિપાદન કર્યું છે. એ કોટિમાં अष्टसहस्री, अनेकान्तव्यवस्था, नयोपदेश, नयामृततरंगिणी, वादमाला, न्यायखंडखाद्य, ज्ञानबिंदु વગેરેની સાથોસાથ ज्ञानार्णवને પણ મૂકી શકાય.

ज्ञानबिंदु તથા ज्ञानार्णव બંનેમાં શીર્ષક-સામ્ય છે તેમ પ્રકાર-સામ્ય પણ છે : બંનેને प्रकरण સંજ્ઞા આપવામાં આવી છે. પરંતુ વિષયની દૃષ્ટિએ બંનેની વ્યાપ્તિ ભિન્નભિન્ન છે, ज्ञानबिंदु એ ખરેખર જ્ઞાનસાગરના અનેકાનેક બિંદુઓ પૈકી એક (કેવલજ્ઞાન કે કેવલદર્શન) વિશે છે : જુદાજુદા જૈનાચાર્યોના વિચારો ચર્ચીને નયભેદના અવલંબનથી તેમનો સમન્વય સાધવાનો પ્રયત્ન તેમાં કરવામાં આવ્યો છે... એથી વિપરીત, પ્રસ્તુત ज्ञानार्णवप्रकरणમાં જૈન મતમાં માનવામાં આવેલા પાંચેય જ્ઞાનપ્રકારોને વિશે કથન છે; તેમાંય ખાસ કરીને તેમના સંબંધે બીજાઓ દ્વારા કરાયેલાં અપૂરતાં કે ભૂલભરેલાં વિધાનો સામે ખંડનાત્મક શૈલી

અપનાવવામાં આવી છે.

આ પ્રકરણના વિભાગોને तरंग કહીને તેની अर्णव સંજ્ઞાને કાવ્યદૃષ્ટિએ સાર્થક કરવામાં આવી છે. જોકે अर्णव (એટલેકે મહાસાગર) શબ્દથી જે અતિવિસ્તૃત વિપુલતાનો બોધ થાય, તે અહીં દેખાતી નથી : ગ્રંથ વચ્ચેવચ્ચે તેમજ અંતભાગમાં ત્રૂટિત રૂપે ઉપલબ્ધ થયો છે, તેથી તો એ ઓર જ અલ્પ સ્વરૂપનો લાગે છે. પરંતુ વિષયની તેમજ એના નિરૂપણ માટે પ્રયોજાયેલ તર્ક-વિતર્કની ગહનતા-અગાધતા સાચે જ એવી છે કે આ વિચાર-અર્ણવનો પાર પામવો એક અતિ દુષ્કર કાર્ય બની જાય છે.

ગ્રંથનું આ અગાધ અર્થગાંભીર્ય ધ્યાનમાં લઈને યશોવિજયજીએ પોતે જ એનું સ્વોપજ્ઞ વિવરણ રચેલું એવો ઉલ્લેખ મળે છે. પરંતુ એ વિવરણ હું પ્રાપ્ત કરી શકી નથી. તેથી, યોગ્ય સામગ્રી વિના જ મોતી માટે મહાસાગરમાં અવગાહન કરતા મરજીવા જેવી મારી સ્થિતિ થઈ છે. તે છતાં, આ ગ્રંથનું પુનઃપુનઃ પારાયણ કરીને મારી મંદબુદ્ધિથી જે કંઈ પામી શકી છું, તે આપ સૌની સમક્ષ ધરવાનો યથાશક્તિ પ્રયત્ન અહીં કર્યો છે.

**તરંગ પહેલો :** પ્રથમ તરંગની પ્રથમ ગાથા (= શ્લોક) બહુ જ કાવ્યમય છે. એમાં કહ્યું છે કે ધીમાન્ ન્યાયવિશારદ જન ચંદ્રની (પૂર્ણ) કળાનું સ્મરણ કરીને જ્ઞાનાર્ણવની સુધામાં સ્નાન કરી પોતાની વાણીને પવિત્ર બનાવે છે. ('ન્યાય-વિશારદ' શબ્દથી લેખકે પોતાનો જ ઉલ્લેખ કર્યો હોય, એ પણ શક્ય છે કારણકે આ તરંગને અંતે એમણે એ પ્રમાણે જ કર્યું છે; પોતાનો નામોલ્લેખ કર્યો નથી.)

બીજી ગાથામાં જૈન મતાનુસાર જ્ઞાનના પાંચ પ્રકારોનાં નામ ગણાવ્યાં છે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ(= મનઃપર્યાય)જ્ઞાન અને કેવલ-જ્ઞાન.

જ્ઞાનમાત્રને પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે સ્થૂળ વિભાગોમાં વહેંચીને ગાથા ૩ જણાવે છે કે પ્રત્યક્ષ એટલે અક્ષ (= ઇંદ્રિય) માત્રની મદદથી ઉત્પન્ન થાય તે. પરંપરાગત રીતે મતિ તથા શ્રુત એ બે જ્ઞાનપ્રકારોને પ્રત્યક્ષ વિભાગમાં, અને બાકીના ત્રણ પ્રકારોને પરોક્ષ એટલેકે ઇંદ્રિયાતીત/આત્મપ્રત્યક્ષ વિભાગમાં સમાવિષ્ટ કરવામાં આવે છે. પરંતુ આ પ્રાચીન જૈન પરંપરાને બદલે ન્યાયદર્શનને અનુસરતાં અહીં યશોવિજયજી કહે છે કે પરોક્ષ એટલે પરાપેક્ષ, અને તેમાં અનુમાન આદિ જ્ઞાનપ્રકારોનો સમાવેશ થાય છે. (પારંપરિક રીતે અનુમાન એ 'પ્રત્યક્ષ' ગણાયેલા મતિજ્ઞાનનો એક પેટાપ્રકાર છે.)

ગાથા પથી ૧૧માં શ્રુતજ્ઞાન તથા મતિજ્ઞાનના પરસ્પર સંબંધની તથા સામ્ય-વૈધર્મ્યોની ચર્ચા કરી છે. (આમ તો આ આખો તરંગ જ આ બેની વિસ્તૃત ચર્ચા માટે જ મુખ્યત્વે કરીને રચાયેલો જણાય છે.)

ગાથા ૧૨થી ૧૫માં વિધાન છે કે ફક્ત સમ્યગ્દૃષ્ટિવાળી વ્યક્તિનાં જ મતિ અને શ્રુત 'જ્ઞાન' સંજ્ઞાને ખરેખર પાત્ર છે; મિથ્યાદૃષ્ટિ જનની બાબતમાં એ બંને બંધના હેતુ કે મોક્ષના અહેતુ હોવાને લીધે અજ્ઞાનરૂપ જ ગણાય.

ગાથા ૧૬થી ફરીવાર મતિ-શ્રુતના પરસ્પર સંબંધની ચર્ચા આગળ વધે છે. એ બધું વીગતે સમજવા માટે ટીકાની સહાયતા અનિવાર્ય છે; જોકે ગાથા ૨૨ અને ૨૫[1] તથા આગળ ઉપર ૨૬થી ૨૯માંનાં વિધાનોનો સાર એવો જણાય છે કે શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય એવું શબ્દો કે વર્ણોનું જે અમૂર્ત સ્વરૂપ, તેને યશોવિજયજી ભાવશ્રુત એવી સંજ્ઞા આપે છે; અને એ અમૂર્ત શબ્દોને સ્વરવ્યંજનોનાં સંકેતચિહ્નો દ્વારા લિપિબદ્ધ કરીને આપેલ મૂર્ત સ્વરૂપ (દા.ત. શાસ્ત્રીય ગ્રંથ ઇત્યાદિ), તેને એઓશ્રી દ્રવ્યશ્રુત કહે છે. બીજી બાજુ, આ ઉભય પ્રકારોનો મતિજ્ઞાન સાથે સંબંધ નીચેની રીતે જોડી શકાય : ભાવશ્રુતનું સ્વરૂપ ધરાવતા શબ્દો સાથે ઇંદ્રિયનો સંસર્ગ, તથા એમાંથી મનમાં ઊઠતી અસ્પષ્ટ છાપ, જેમને આગળ ઉપર તરંગ ૨માં અનુક્રમે व्यसनावग्रह તથા अर्थावग्रह કહ્યા છે;[2] ઉપરાંત अवग्रहથી અનુભવેલા (શબ્દ) વિષયની બાબતમાં વિશેષ જાણવાની આકાંક્ષા કે વિચારણારૂપ ઈહા, તેમજ એ વિશે અન્યાપોહપૂર્વક બાંધેલ માનસિક વિચાર (=सविकल्प शब्दप्रत्यक्ष)રૂપ अपाय અને તેની મનમાં લાંબા સમય સુધી થતી ધારણા, – એ સર્વ મતિજ્ઞાનમાં સમાવિષ્ટ થાય છે (અને આ મતિજ્ઞાન લિપિબદ્ધ થતાં દ્રવ્યશ્રુતની સંજ્ઞા પામે છે) એવું યશોવિજયજી સૂચવે છે.

ગાથા ૩૦માં બીજા કેટલાકનો એવો મત નોંધ્યો છે કે મતિજ્ઞાન એ ભાવશ્રુતનો ભાષાવ્યાપાર (= ભાષા દ્વારા પ્રગટીકરણ) માત્ર છે; પરંતુ લેખકને આ મત માન્ય નથી, એવું આગળની ગાથાઓ ૩૧–૪૫ પરથી જણાય છે.

ગાથા ૪૬–૪૯માં વળી એક બીજો નવો મત નોંધાયો છે, જે કહે છે કે મતિ એ वल्क સમાન છે અને શ્રુત છે सुम्ब સમાન. યશોવિજયજીનું કહેવું છે કે આના આધારે જો બે વચ્ચે સદંતર ભેદ માનવામાં આવે તો શ્રુતજ્ઞાનનો ઉચ્છેદ થશે; વાસ્તવમાં આ દૃષ્ટાંત તો એ બે વચ્ચેના દેખીતા ભેદને અભેદાશ્લિષ્ટ પુરવાર કરવા પ્રયુક્ત થયેલ છે. આની સમજૂતી મને નીચે પ્રમાણેની લાગે છે : ઝાડની જે છાલ કોઈ કાળે વલ્કલ એટલેકે વસ્ત્રોનું કામ આપી શકે, એને જ વળ દઈને सुम्ब એટલેકે મશાલની વાટ બનાવી શકાય – પ્રકાશ પ્રગટાવવાના હેતુથી. એ જ રીતે, જે કંઈ મનમાં મતિજ્ઞાન રૂપે વિદ્યમાન હોય, તેને જ બીજા માટે જ્ઞાનજ્યોતિ પ્રગટાવવા સારુ લિખિત રૂપ આપવાથી તે દ્રવ્યશ્રુતનું રૂપ ધારણ કરે છે.

ગાથા ૫૦માં ઉલ્લેખ છે એક વધુ મતનો, જે મુજબ अनक्षर ज्ञान તે મતિ અને अक्षर (रूप) ज्ञान તે શ્રુત. પરંતુ એ રીતે તો મતિજ્ઞાનનો ઉચ્છેદ થવાની ભીતિ છે,

એમ કહી મુનિશ્રી તેને અસત્ મત ગણાવે છે.

ગાથા ૫૧ : જો શ્રુત ઉપર આધારિત હોવાને લીધે મતિને પણ શ્રુત(માં જ અંતર્ભૂત) માનવામાં આવે, તો મતિની વ્યાપ્તિ એના અવગ્રહરૂપ પ્રકાર સુધી જ સીમિત કરીને એના બાકીના પ્રકારોને શ્રુત સંજ્ઞા આપવી પડશે. (પરંતુ આવું યશોવિજયજીને માન્ય નથી, એ એમણે તરંગ ૨માં આપેલા મતિજ્ઞાનના પૃથક્કરણ પરથી સ્પષ્ટ જણાય છે.)

ગાથા ૫૨ : શ્રુતજ્ઞાનને આધારે ઉત્પન્ન થતો વિવેક તે મતિજ્ઞાન એવું પણ એક વિધાન મળે છે. યશોવિજયજીને એમાં નીચે મુજબ દોષ જણાય છે : (કાર્ય ઉત્પન્ન થતાં કારણાવસ્થાનો ઉચ્છેદ થતો હોવાથી) આ મતમાં મતિની ઉત્પત્તિ પછી શ્રુતનો ઉચ્છેદ માનવો પડે; જો એમ ન કરીને એ કાળે બંને ક્રિયાઓનું અસ્તિત્વ માનવામાં આવે તો યૌગપદ્ય (દોષ) લાગુ પડે.

આ જ પદ્ધતિથી આગળ ગાથા ૫૩–૫૭માં પણ મતિ અને શ્રુતના પરસ્પર ભેદ તથા સંબંધની ચર્ચા આગળ વધે છે. એ પૈકી ગાથા ૫૬માં આપેલ સુંદર દૃષ્ટાંતનો ખાસ ઉલ્લેખ કરવાનું મન થાય છે : મતિજ્ઞાન એ મૂંગા માણસની સ્વજ્ઞપ્તિ (= પોતાના પૂરતા જ્ઞાન)નું કારણ છે, જ્યારે દ્રવ્યશ્રુત એ મતિજ્ઞાનના આધારે કરેલી ચેષ્ટા છે, જે પારકાના જ્ઞાનનો હેતુ બને છે. (જેમ વાણી વડે શબ્દો ઉચ્ચારીને માણસ સાંભળનારને કંઈક જાણ કરી શકે છે, તેમ અક્ષરો/લિપિ વડે લખીને તે ઘણા બધા વાચકોને પોતાની પાસેના મતિજ્ઞાનનો બોધ કરાવી શકે છે. નહીં તો એની પાસેનું મતિજ્ઞાન એ મૂંગા માણસના જ્ઞાનની જેમ એની પાસે જ રહે, સંક્રાંત ન થઈ શકે.)

ગાથા ૫૮માં ઉપસંહાર રૂપે જાહેર કર્યું છે કે આ પ્રમાણે સ્થિર સંપ્રદાયની પવિત્ર દિશાને અનુસરીને સર્વ પ્રકારની દલીલો (હેતુ)થી મતિ અને શ્રુત વચ્ચેનો ભેદ પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

આ પછી ત્રણ જુદી ગાથાઓ મળે છે, જે પૈકી પહેલીમાં જણાવ્યું છે કે મુનિ શ્રી જિતવિજયજી, જે વિદ્વાનોમાં ખૂબ પ્રૌઢિ પામ્યા હતા, તેમના સતીર્થ્ય શ્રીમાન્ નયવિજયજીના શિશુ (અર્થાત્ શિષ્ય) ન્યાયવિશારદે (યશોવિજયજીનો પોતાના વિશેનો આ ઉલ્લેખ નોંધપાત્ર છે) જ્ઞાનાર્ણવનું સર્જન કર્યું, જેનો પહેલો તરંગ ભાષ્ય-વચનોના અમૃતથી પરિપૂર્ણ છે. અહીં જે ભાષ્યનો ઉલ્લેખ કર્યો છે તે વિશેષાવશ્યક ભાષ્ય કે જેનું પારાયણ કરતાં ઉપાધ્યાયજીને આ જ્ઞાનાર્ણવ-પ્રકરણ (સાર રૂપે) રચવાની પ્રેરણા થઈ હતી.

ગાથા ૨ અને ૩માં પણ એ ભાષ્ય તથા ભાષ્યકારની પ્રશંસા ભરેલી છે.

(૨) બીજા ગ્રંથોનું અધ્યયન કરનારાઓ જડ(ની માફક) રત્ન મેળવવાની ઇચ્છાથી નાનકડા તળાવને ઢંઢોળે છે; અમે તો જૈન વચનોના રહસ્યરૂપ મોતીઓની

ખાણ (रत्नाकर એટલેકે મહાસાગર) એવા ભાષ્યનો જ અભ્યાસ કરીએ છીએ.
रत्नाकरं जैनवचोरहस्यं, वयं तु भाष्यं परिशीलयामः ।

(૩) પરકીયો વડે (જૈનોના) તર્કોનું ખંડન કરાયું હતું એવે કાળે જેણે ભાષ્યરૂપ સંજીવનઔષધ (જીવાતુ) આપ્યું, તે ભગવંતોના મતના સૂર્ય સમા ભાષ્યકારને (મારું) નમન.

**તરંગ બીજો** : એ અપૂર્ણ અવસ્થામાં મળે છે. પુષ્પિકાના અભાવે, ઉપલબ્ધ ગાથાઓને આધારે અનુમાન કરી શકાય કે એનો મુખ્ય વિષય છે મતિજ્ઞાનના સ્વરૂપનું વિશ્લેષણ. ગાથા ૨–૪માં પ્રથમ એના બે સ્થૂળ વિભાગ (શ્રુતનિશ્રિત = શાસ્ત્રાધારિત અને અશ્રુતનિશ્રિત) કહીને પછી પ્રત્યેકના અવગ્રહ-ઈહા-અપાય-ધારણા એમ ૪-૪ પેટાભાગ પાડ્યા છે.

એ પૈકી, અવગ્રહની બાબતમાં સામાન્ય અને વિશેષ એવો ભેદ બીજાઓએ કર્યો છે, તે આપણા લેખકને માન્ય નથી કારણકે (જો વિશેષ પણ અવગ્રહ દ્વારા જ ગૃહીત થાય) તો પછી અપાયની પ્રવૃત્તિ સમજાવવી મુશ્કેલ થઈ પડશે (ગાથા ૫). એ જ રીતે ઈહાને સંશય (= તર્કવિતર્ક)રૂપ માનવું પણ ઠીક નથી, કારણ (અવગ્રહથી અસ્ફુટપણે જાણેલા વિષયની બાબતમાં) હેતુ અને ઉપપત્તિ (દલીલો) એવા વ્યાપાર દ્વારા વિશેષ જાણવાની ઈચ્છા (તથા એ માટે ઘટતો પ્રયત્ન) એ જ ઈહાનું સ્વરૂપ છે. 'અન્ય (વિશેષો)ના અભાવ રૂપે વિષયનું નિશ્ચિત જ્ઞાન તે અપાય, અને 'આ જ છે' એવો નિશ્ચય તે ધારણા' એ મતના સ્વીકારમાં પણ લેખકને મુશ્કેલીઓ જણાય છે (ગાથા ૭–૧૦).

આ રીતે બીજાઓના મતોનો નિરાસ કર્યા પછી સ્વમતનું પ્રતિપાદન કરતાં ગાથા ૧૧થી અવગ્રહની સુદીર્ઘ ચર્ચા આરંભાઈ છે. પ્રથમ (૧૧–૧૨માં) એના બે ભેદ ગણાવ્યા છે : व्यञ्जनावग्रह અને अर्थावग्रह. व्यञ्जनावग्रह એટલે માત્ર ઇન્દ્રિય અને વિષયનો પરસ્પર સંબંધ/સંયોગ. આ સ્થિતિમાં જ્ઞાનનો વ્યક્તપણે ઉદય ન થયો હોવા છતાં આને મતિજ્ઞાનનો અવ્યક્ત પ્રકાર ગણવાનું કારણ એ, કે જો આ કાળે જ્ઞાનનો અસ્તિત્વને નકારવામાં આવે, તો પાછળથી એ શેમાંથી ઉત્પન્ન થશે ?[૩]

ગાથા ૧૩ : પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન, એ પૈકી મન તથા ચક્ષુ अप्राप्यकारि છે : પોતપોતાના વિષયનું અમુક અંતરેથી જ જ્ઞાન પામી શકે છે; તેથી વિષયેન્દ્રિય સંયોગ રૂપ व्यञ्जनावग्रह બાકીની ચાર ઇન્દ્રિયો માટે જ સંભવી શકે, અને એ રીતે એના ચાર ઉપભેદ પડી શકે.

શા માટે અમુક ઇન્દ્રિયો પ્રાપ્યકારિ અને બાકીની (૨) અપ્રાપ્યકારિ ગણાય, એ વિશેની અનેક દલીલો ગાથા ૧૪થી શરૂ થાય છે, વચ્ચે ૧૮થી ૨૪ ત્રુટિતાવસ્થામાં મળે છે. ગાથા ૨૫થી ૪૦માં મનના भावमन અને द्रव्यमन એવા બે ભેદ કરીને

દલીલો દ્વારા સિદ્ધ કર્યું છે કે એ બે પૈકી એકેય મન (વસ્તુ તરફ) બહાર ગતિ ન કરી શકે. દ્રવ્યમનની બાબતમાં તો આ માની શકાય, પરંતુ ભાવમન કેમ ન જઈ શકે ? આ શંકાનું સમાધાન કરતી વખતે ભાવમન ને આત્મા સાથે એકરૂપ (!) માન્યું હોય એવું જણાય છે (किञ्च भावमनो गच्छेद् बहिर्द्रव्यमनोऽथवा । नाद्यः शरीवृत्तित्वादात्मनोऽनिर्गमाद् बहिः ॥ ગાથા ૨૫).

૪૦ પછીની (૯૩ સુધીની) છેલ્લી ૫૩ ગાથાઓ હસ્તપ્રતમાં ત્રુટિતાવસ્થામાં હોવાથી પ્રસ્તુત પ્રતિમાં છાપવામાં આવી નથી. તેથી તરંગ ૨ની ચર્ચા અહીં પૂરી થાય છે.

**તરંગ ત્રીજો :** આમાં પણ પહેલી ૪ ગાથાઓ ત્રુટિત છે. પાંચમીમાં કહ્યું છે કે ઈહા વગેરેમાં વિકલ્પોનું સ્મરણ તથા એ પૈકી કોનું અવલંબન કરવું તેનું નિયમન સારૂપ્યજ્ઞાન કરે છે.

ગાથા ૬ : સ્વપ્નકાળે ઇંદ્રિયોના વ્યાપાર વિના પણ મનમાં શબ્દાદિવિષયક अवग्रहादि (= अर्थावग्रह ?) પ્રકાશે છે.

ગાથા ૮ : પુનરાવર્તિત ક્રિયા દરમ્યાન સૂક્ષ્મતાને કારણે નિશ્ચિત જ્ઞાન તથા સ્મૃતિનો ક્રમ ધ્યાનમાં આવતો નથી; દા.ત. કમળની સો પાંદડીઓનો છેદ કરતી વખતે.

ગાથા ૯–૧૦ : (તરંગ ૨માં કહેલા) ચાર વ્યંજનાવગ્રહ ઉપરાંત, છયે ઇંદ્રિયોના ભેદથી અર્થાવગ્રહ, ઈહા, અપાય અને ધારણા (એ ચારેય)ના ૨૪ ભેદ મળીને કુલે ૨૮ પ્રકારનું મતિજ્ઞાન થાય. કેટલાક (અહીં) વ્યંજનાવગ્રહને સ્થાને ચાર પ્રકારનું શ્રુતનિશ્રિત મતિજ્ઞાન મૂકે છે, તે અયોગ્ય છે, એવું યશોવિજયજીનું કહેવું છે.

એ ૨૮ પ્રકારના વળી नाना, नानाविध, क्षिप्र, अनिश्रित, अनिश्चित, ध्रुव – એ ભેદથી કુલ ૩૩૬ ઉપપ્રકાર થાય, એમ ગાથા ૧૧માં કહ્યું છે. પ્રથમ દૃષ્ટિએ આ ગણતરી સમજાતી નથી. ૨૮ × ૬ = ૧૬૮ થાય; પરંતુ આગળ ઉપર ગાથા ૧૨થી ૧૫માં આપેલ વિવરણને આધારે नाना-अनाना, ઉપરાંત नानविध-अनानाविध, क्षिप्र-अक्षिप्र, निश्रित-अनिश्रित, निश्चित-अनिश्चित तथा ध्रुव-अध्रुव એમ ૧૨ ભેદથી ગુણીએ તો કુલ ઉપપ્રકાર ૩૩૬ થાય. આ પૈકી વિષય એક હોય કે અનેક એ ધ્યાનમાં લઈને अनाना કે नाना ઉપભેદ થાય; એ વિષયનો ગુણધર્મ એક હોય કે અનેક, એ ધ્યાનમાં લઈને अनानाविध-नानाविध બે પ્રકાર પડે; મતિજ્ઞાન (અવગ્રહાદિ) ત્વરિત થાય છે કે વિલંબથી, એ આધારે તેના क्षिप्र-अक्षिप्र ભાગ પડે; એ કોઈ કારણ (લિંગ)થી ઉદ્ભવે છે કે ઉત્સ્ફૂર્તપણે, એ મુજબ निश्रित-अनिश्रित ગણાય; સંશય-રહિત હોય તો निश्चित ગણાય અને સંશયગ્રસ્ત હોય તો अनिश्चित

ગણાય; સદા ટકનારું હોય તો ધ્રુવ કહેવાય અને નહીં તો અધ્રુવ...

ગાથા ૧૬ બહુ સ્પષ્ટ નથી. ૧૭–૧૯માં પ્રથમ તરંગની ગાથા ૧૨થી ૧૫ની જેમ જ વિધાન છે કે મિથ્યાદૃષ્ટિ જનોનું સર્વ જ્ઞાન પણ અજ્ઞાનરૂપ છે. (મોક્ષ ન આપવા કે રોકવાને કારણે), જ્યારે સમ્યગ્દૃષ્ટિઓનું અલ્પ જ્ઞાન પણ બહુમોલ છે. એકને જાણવાથી જ તેઓ સર્વનું જ્ઞાન પામી જાય છે; એમનો સંશય પણ જ્ઞાનરૂપ છે, કારણ તે જ્ઞાન માટે ઉપયોગી સિદ્ધ થાય છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિનો અભાવ હોવાથી મિથ્યાદૃષ્ટિઓનું સઘળું જ્ઞાન અજ્ઞાન સમાન (નિરુપયોગી અને બંધક) છે. ગાથા ૨૦ : આ પ્રમાણે (બંધ-મોક્ષ રૂપ) ફળભેદને આધારે જ્ઞાન-અજ્ઞાનનો ભેદ જાણવો. આ સર્વસામાન્ય નિરૂપણ હોવાથી, એને લીધે મતિજ્ઞાનના ઉપર્યુક્ત નિરૂપણમાં કોઈ દોષ (ક્ષતિઃ) આવતો નથી. આ પછી ગાથા ૨૧–૪૯ (તરંગના અંત સુધી) ત્રુટિત છે.

**તરંગ ચોથો** : આમાં તો ગાથા ૧થી ૨૯ અને વળી ૩૪થી અંત સુધી સર્વ જ ત્રુટિત મળે છે. ૩૦ અને ૩૨માં પણ વચ્ચેવચ્ચે શબ્દો ખૂટે છે, જે સંપાદકે પૂરા પાડ્યા છે; પરંતુ સંદર્ભ વિના તેમનો અર્થ સમજવો અઘરો છે. ફક્ત ગાથા ૩૩ પૂર્ણરૂપે મળે છે : ऊहापोहौ च मीमांसा मार्गणा च गवेषणा । संज्ञा स्मृतिर्मतिः प्रज्ञा सर्वमाभिनिबोधिकम् ॥

આ જ ગાથા જૈન આગમ સાહિત્યમાં પણ બે સ્થળે મળે છે : વિશેષાવશ્યક ૩૯૬માં અને નન્દીસુત્ત ગાથા ૭૭માં. ટીકાકારોએ આપેલ સમજૂતી અનુસાર आभिनिबोधिकમાં સ્વાર્થે इक પ્રત્યય લાગ્યો હોવાથી એ अभिनिबोधનો સમાનાર્થી છે, એટલેકે વિષયાભિમુખ નિયત (નિશ્ચિત) બોધ. તેથી આખી ગાથાનો અર્થ આ પ્રમાણે કરી શકાય : 'ऊह (= જ્ઞાનસામાન્ય) અને अपोह (= જ્ઞાનવિશેષ એટલેકે શાસ્ત્રવચન તેમજ દલીલોની મદદથી સંશયમૂલક વિકલ્પોને દૂર કરવા તે) આ બંને, તેમજ મીમાંસા, માર્ગણા, ગવેષણા, સંજ્ઞા, સ્મૃતિ, મતિ, પ્રજ્ઞા – એ સર્વે વિષયના નિયત બોધના પ્રકારો છે.' અને આ ગાથાને અંતે સંપાદક લખે છે : इति त्रुटितावस्थं ज्ञानार्णवप्रकरणं यावत्प्राप्तं समाप्तम् ।

ઉપર આપેલ સાર પરથી ખ્યાલ આવ્યો જ હશે કે જૈન મતાનુસાર જ્ઞાનની મીમાંસાના સંદર્ભે કેટલી સૂક્ષ્મતા, ગહનતા અને જટિલતાથી કરેલા વિચારો ન્યાયવિશારદ શ્રી યશોવિજયજીએ આ ज्ञानार्णवप्रकरणમાં મૂક્યા હતા. એ ગ્રંથ પૂર્ણ સ્વરૂપે સ્વોપજ્ઞ ટીકા સહિત ઉપલબ્ધ થાય તે માટે હસ્તપ્રતોની વધુ શોધખોળ, ઉચિત સંપાદન, મુદ્રણ તથા એના ઊંડા અભ્યાસ માટે યોગ્ય વિદ્વાનોને ઉત્તેજનની ખાસ જરૂર છે, જેથી આ જ્ઞાનસાગરના દુર્ગમ દુર્લભ વિચારમૌક્તિકોથી સહુ લાભાન્વિત થઈ શકે.

**પાદનોંધ :**

૧. ગાથા ૨૨ : व्यञ्जनाक्षरवद् द्रव्यश्रुतं लिप्यक्षरं मतम् ।
भावश्रुतं वर्णलाभः शेषं तु मतिरिष्यते ॥
ગાથા ૨૫ : भावः श्रुताक्षराणां यः स एव श्रुतमिष्यते ।
ईहादयो मतेर्भेदा नोच्छिद्येरन्कुतोऽन्यथा ॥

૨. सर्वार्थसिद्धि ૧:૧૫ ઇત્યાદિમાં માત્ર અવગ્રહનો જ ઉલ્લેખ છે(એના બે ભાગ પડાયા નથી) અને એને ન્યાયદર્શનના निर्विकल्प प्रत्यक्ष સાથે સરખાવી શકાય.

૩. 'જે અત્યારે નથી, તે કદી ઉદ્‌ભવી ન શકે : અસત્‌માંથી સત્‌ પેદા થઈ ન શકે, સત્‌માંથી જ થઈ શકે' એવા સાંખ્યમતના સત્કાર્યવાદને યશોવિજયજી સ્વીકારતા લાગે છે.

☐


*જૈન દર્શનમાં તર્કપદ્ધતિમાં સ્યાદ્વાદ, કાર્યકારણ ભાવમાં કર્મવાદ પ્રસિદ્ધ છે. તદુપરાંત ષડ્‌દ્રવ્ય અને નવતત્ત્વના ખાસ સિદ્ધાંત છે તે સર્વને અનુકૂળ રહીને અધ્યાત્મવાદનો સ્પષ્ટ રીતે સમન્વય કરનાર યશોવિજય છે. તેમણે ભગવદ્‌ગીતા, યોગવાસિષ્ઠ અને પાતંજલ યોગદર્શનને અવગત બરાબર કર્યાં હતાં, અને પોતાની મૌલિક પૃથક્કરણ અને સમન્વય કરવાની બુદ્ધિ અને શક્તિથી જૈન દૃષ્ટિને અનુકૂલ રહી આધ્યાત્મિક વચનોના સમૂહમાંથી શાસ્ત્રીય પદ્ધતિપુરઃસર અને તર્કપ્રચુર બુદ્ધિગ્રાહ્ય જે અધ્યાત્મશાસ્ત્રની રચના કરી છે, તે કૃતિ અધ્યાત્મસાર. તેમાં શાસ્ત્ર અને સંપ્રદાય એ બંને ઉપરાંત પોતાનો અનુભવયોગ પણ મિશ્રિત કર્યો છે.*

મોહનલાલ દલીચંદ દેશાઈ
('જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ')

# 'ન્યાયાલોક'

જિતેન્દ્ર શાહ

**ગ્રન્થકાર :** પ્રસ્તુત ગ્રન્થના કર્તા ઉપાધ્યાય યશોવિજયજી દાર્શનિક જગતના દેદીપ્યમાન સિતારા છે. ઉપાધ્યાયજીએ જૈન દર્શનવિષયક અનેક ગ્રન્થોની રચના કરી છે. તેમની દરેક રચનામાં પદાર્થોનું સૂક્ષ્મ ચિંતન, પૂર્વપક્ષનું પ્રદર્શન કર્યા પછી તેનું સયુક્તિક ખંડન તેમજ સ્વપક્ષનું તર્કબદ્ધ રીતે સ્થાપન તથા તેની સાક્ષી અર્થે આગમ તથા શાસ્ત્રોના પુરાવા આપવામાં આવ્યા હોય છે. તેમને જૈનદર્શનના અંતિમ દાર્શનિક ગણી શકાય. તેઓ જૈન દર્શનના પદાર્થો-તત્ત્વોને નવ્યન્યાયની શૈલીમાં રજૂ કરનાર પ્રથમ જૈન દાર્શનિક હતા. તેમની પૂર્વે પણ ઘણા જૈનાચાર્યો થઈ ગયા કે જેમણે દાર્શનિક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું હોય પરંતુ સારાય ભારતવર્ષમાં ફેલાઈ જનાર નવ્યન્યાયની શૈલીની ઊણપ જૈન દર્શનમાં વર્તાતી હતી જે ખોટને ઉપાધ્યાય યશોવિજયજીએ પૂરી કરી છે. તેમના જીવન વિશે આપણે સુપરિચિત છીએ તથા એ દિશામાં ઘણું કાર્ય થયું છે તેથી અહીં વિશેષ કશું કહેવાનું રહેતું નથી. 'ન્યાયાલોક'ની પ્રશસ્તિમાં દર્શાવેલ તેમની ગુરુ-શિષ્યની પરંપરા આ પ્રમાણે છે. દેવસૂરિ–સિંહસૂરિ–જિતવિજયના ગુરુભાઈ નયવિજયના શિષ્ય ઉપાધ્યાય યશોવિજયજી.[૧]




આ.દેવસૂરિ હીરસૂરિની પરંપરામાં થયેલ આચાર્ય છે[૨] તથા તેમની પરંપરામાં થયેલ નયવિજયજીના શિષ્ય ઉપાધ્યાય યશોવિજયજી છે. પરંતુ ગ્રન્થની રચના ક્યાં ને ક્યારે એ સ્થળ અને સમયનો ઉલ્લેખ પ્રસ્તુત ગ્રન્થની પ્રશસ્તિમાં કરવામાં આવ્યો નથી.

'ન્યાયાલોક' બે સ્થળોથી પ્રકાશિત થયેલ છે. (૧) જેમાં 'તત્ત્વપ્રભા' નામની પૂ. આ. નેમિસૂરિકૃત વિવૃત્તિ છે, તે જૈન ગ્રન્થ પ્રસારક સભા દ્વારા વિ.સં.૧૯૭૪માં

છપાયો છે. પ્રસ્તુત ટીકા નવ્યન્યાયાનુસારિણી હોવા છતાં ગ્રન્થને સમજવામાં પૂર્ણરૂપે સહાયક થઈ શકે તેવી નથી. (૨) મનસુખભાઈ ભગુભાઈ દ્વારા મુદ્રિત 'ન્યાયાલોક', જેમાં કેવળ મૂળ ગ્રન્થ જ છે. પરંતુ કઈ સાલમાં છપાવ્યો તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

**ગ્રન્થનામ :** મંગલાચરણ[3]માં તથા પ્રશસ્તિ[4]માં પ્રસ્તુત ગ્રન્થનું નામ 'ન્યાયાલોક' છે તે સ્વયં ગ્રન્થકાર જ જણાવે છે. 'ન્યાયાલોક' એ 'ન્યાય' અને 'આલોક' એમ બે શબ્દોથી નિષ્પન્ન શબ્દ છે. ન્યાયનો અર્થ પ્રમાણો દ્વારા પ્રમેયોનું પરીક્ષણ[5] અને આલોક અર્થાત્ પ્રકાશ. આમ ન્યાયાલોક એટલે અમુક પ્રમેયો/પદાર્થોને પ્રકાશિત કરનાર, સ્પષ્ટ કરનાર ગ્રન્થ. ભારતીય દાર્શનિક પરંપરામાં 'ન્યાય' શબ્દથી ગ્રન્થનું નામ રાખવાની પરંપરા પ્રાચીન છે. પૂર્વકાળમાં રચાયેલા, 'ન્યાય' શબ્દથી આદિવાળા ગ્રન્થો આજે પણ ઉપલબ્ધ છે. જેમકે ન્યાયસૂત્ર, ન્યાયભાષ્ય, ન્યાયવાર્તિક, ન્યાયસાર, ન્યાયમંજરી, ન્યાયકુસુમાંજલી, ન્યાયમુખ, ન્યાયાવતાર, ન્યાયવિનિશ્ચિય આદિ. તેમજ જેના અંતમાં 'આલોક' શબ્દ હોય તેવા ગ્રન્થો પણ ભારતીય સાહિત્યમાં જોવા મળે છે. જેમકે ધ્વન્યાલોક, ચિત્રાલોક, ગૂઢાર્થતત્ત્વાલોક, દેવસૂરિકૃત પ્રમાણનયતત્ત્વાલોક. ઉક્ત બન્ને પરંપરાઓનું અનુસરણ કરી પ્રસ્તુત ગ્રન્થનું નામ 'ન્યાયાલોક' રાખ્યું હોય તેમ જણાય છે. છતાં તેમની સમક્ષ મૂળ આધારગ્રન્થ કયો રહ્યો હશે તે જણાતું નથી. તેમના ગ્રન્થોમાં 'ત્રિસૂત્ર્યાલોક' અને 'તત્ત્વાલોક'ની રચના કર્યાનો ઉલ્લેખ મળે છે. તેમાંથી 'ત્રિસૂત્ર્યાલોક' આ.લાવણ્યસૂરિની વૃત્તિ સાથે પ્રકાશિત થયો છે. 'તત્ત્વાલોક' અનુપલબ્ધ છે.

**રચનાશૈલી :** દાર્શનિક સાહિત્યની રચનાશૈલીના સૂત્રશૈલી, કારિકાશૈલી, ભાષ્ય, ટીકા, પ્રકરણ અથવા વિવરણશૈલી એમ વિભિન્ન ભેદો પાડવામાં આવ્યા છે. સૂત્રશૈલીમાં ન્યાયસૂત્ર, પ્રમાણનયતત્ત્વાલોક આદિ, કારિકાશૈલીમાં ન્યાયાવતાર, ભાષ્યમાં તત્ત્વાર્થની સ્વોપજ્ઞ ટીકા, ટીકાશૈલીમાં વાદમહાર્ણવ આદિ ગ્રન્થોનો સમાવેશ થાય છે. પ્રસ્તુત ગ્રન્થ કોઈ ગ્રન્થની ટીકા કે ભાષ્ય સ્વરૂપ નથી પરંતુ ઉપાધ્યાયજીની સ્વતંત્ર રચના છે. વિવરણ કે પ્રકરણાત્મક શૈલીમાં રચાયેલો ગ્રન્થ છે; જેમાં વિભિન્ન વિષયો પર પૂર્વપક્ષનું ખંડન કરી સ્વપક્ષનું સ્થાપન કરવામાં આવ્યું છે. ઉપાધ્યાયજીએ આવા પ્રકારના અન્ય ગ્રન્થોની રચના પણ કરી છે જેમકે જ્ઞાનબિન્દુ, નયરહસ્ય આદિ.

પ્રકૃત ગ્રન્થને ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. તે વિભાગોને પ્રકાશ શબ્દથી વર્ણવવામાં આવ્યા છે. પ્રથમ પ્રકાશમાં મુખ્યત્વે મુક્તિવાદ, આત્મવાદ, જ્ઞાનવાદની ચર્ચા કરવામાં આવી છે. તથા પ્રસંગોપાત્ત શબ્દ તથા પ્રત્યક્ષ તથા પરોક્ષ સિદ્ધાન્તની ચર્ચા પણ કરેલ છે. દ્વિતીય પ્રકાશમાં બૌદ્ધ

(યોગાચાર) સંમત બાહ્યાર્થના અભાવવાદનું ખંડન, સમવાયસંબંધ, ચક્ષુના પ્રાપ્યકારી, ભેદાભેદ અને અભાવવાદની ચર્ચા કરી છે. તૃતીય પ્રકાશમાં ભાવની અર્થાત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવવિષયક ચર્ચા કરવામાં આવી છે.

ઉપાધ્યાય યશોવિજયજીનું જૈનદર્શનને મહત્ત્વનું પ્રદાન નવ્યન્યાયની શૈલીમાં જૈનદર્શનનાં તત્ત્વોનું નિરૂપણ છે. ૧૨મી સદીમાં થયેલ નવ્યન્યાયના જનક ગંગેશ ઉપાધ્યાયની અવચ્છેદક-અવચ્છિન્નની શૈલી ખૂબ જ વ્યાપક બની. તેમના પછી બહુ જ ટૂંકા ગાળામાં સમગ્ર ભારતમાં નવ્યશૈલી વ્યાપી ગઈ. ન્યાયવૈશેષિક ઉપર કરેલા આક્ષેપોનું નિરાકરણ કરી નૈયાયિકો નિષ્કર્ષરૂપ નવીન લક્ષણો બનાવવા લાગ્યા અને અન્ય દર્શનોનાં તત્ત્વોનાં લક્ષણોમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ આદિ દોષોનું આરોપણ કરવા લાગ્યા હતા. તદુપરાંત આ નવીનનો પ્રભાવ માત્ર દાર્શનિક ક્ષેત્રમાં જ નહીં પરંતુ સાહિત્યિક અને ધાર્મિક ગ્રન્થો પર પણ પડ્યો અને એ શૈલીમાં ગ્રન્થો રચાવા લાગ્યા હતા. ગંગેશ ઉપાધ્યાયની પરંપરાને તેમના જ વિદ્વાન પુત્ર વર્ધમાન ઉપાધ્યાયે વધુ વિકસાવી અને ત્યારબાદ પક્ષધર મિશ્ર, રઘુનાથ શિરોમણિ, જગદીશ તર્કાલંકાર, ગદાધર અને અંતે ધર્મદત્ત ઝા (બચ્ચા ઝા)એ વધુ સમૃદ્ધ કરી. પરંતુ ૧૭મી સદી સુધી જૈન દર્શનમાં નવ્યન્યાયની શૈલી પ્રવેશી નહોતી. ઉપાધ્યાયજીએ કાશીમાં રહીને નવીન શૈલીમાં રચાયેલા ગ્રંથોનું અધ્યયન કર્યું, દુરુહ અને કઠિનતમ વિષયોનું સૂક્ષ્મ ચિંતન કર્યું. ન્યાયસૂત્રથી લઈને ૧૭મી સદી સુધીના ન્યાયના વિકાસનું તથા પ્રશસ્તપાદથી પોતાના સમય સુધી વિકાસ પામેલી વિચારધારાનું ગહન અધ્યયન કર્યું. આ ઉપરાંત પણ અન્ય ભારતીય દાર્શનિક પરંપરાનું પણ અધ્યયન કરી જૈનદર્શનના મતની સ્થાપના કરવા ગ્રંથોની રચના કરવા લાગ્યા. તેમણે 'ન્યાયાલોક'માં ગંગેશોપાધ્યાય, વર્ધમાન ઉપાધ્યાય અને પક્ષધર મિશ્ર જેવા નવ્યન્યાયના દિગ્ગજ પંડિતોની આલોચના કરી તેમનું સયુક્તિક ખંડન કર્યું છે. તે-તે દર્શનોની ખામીઓ બતાવી જૈન દર્શનના સિદ્ધાંતોનું નવ્યશૈલીમાં સ્થાપન કર્યું છે. આમ ૧૭મી સદી સુધી વિકાસ પામેલી તમામ દાર્શનિક પરંપરાઓનું વિશ્લેષણ, તેની ખામીઓ અને જૈન સિદ્ધાન્તોની સ્થાપના એ જાણવા પણ ઉપાધ્યાયજીના ગ્રન્થોનું અધ્યયન આવશ્યક છે.

**ન્યાયાલોકનું આન્તરિક મૂલ્યાંકન :** 'ન્યાયાલોક'ના પ્રથમ પ્રકાશમાં મુક્તિ અંગે ચર્ચા કરવામાં આવી છે. મુક્તિ, મોક્ષ, અપવર્ગ, નિર્વાણ આદિ પર્યાયવાચી શબ્દો છે. મુક્તિ એ ભારતીય દર્શનોનું પ્રમુખ લક્ષ્ય છે, કેન્દ્રિય વિચારધારા છે. ભારતીય દર્શનોમાં જે વિચારણા થઈ તે દરેક મોક્ષને નજર સમક્ષ રાખીને કરવામાં આવી છે. જે-જે દર્શનોને મોક્ષ માટે જે-જે તત્ત્વોની આવશ્યકતા જણાઈ તેની વિવક્ષા કરી છે. તથા અન્ય સ્વમાન્ય તત્ત્વોથી અન્ય તત્ત્વોને પોતાને અભિમત તત્ત્વોમાં જ સમાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમ ન્યાયદર્શનને ૧૬ પદાર્થોની, વૈશેષિક-

દર્શનને ૬ ભાવ પદાર્થ અને પાછળથી સાતમા અભાવ પદાર્થની, સાંખ્યદર્શનને પ્રકૃત્તિ, પુરુષ આદિ ૨૫ તત્ત્વોની તથા વેદાન્તદર્શનને માત્ર બ્રહ્મના સાચા સ્વરૂપની તેમ જૈન દર્શનને ૭ અથવા ૯ તત્ત્વોની આવશ્યકતા જણાઈ. આ તત્ત્વોનું જ્ઞાન મોક્ષપ્રાપ્તિ માટે આવશ્યક છે. આમ મોક્ષ બધાં જ દર્શનને અભિપ્રેત છે છતાં મોક્ષના સ્વરૂપ વિશે વિપ્રતિપત્તિ છે. મોક્ષ દુઃખાભાવરૂપ છે કે સુખરૂપ છે, આનંદમય છે કે અભાવરૂપ એ વિશે વિભિન્ન મતો પ્રવર્તે છે. પ્રસ્તુત ન્યાયાલોકમાં મોક્ષ સંબંધી મતોની પૂર્વપક્ષમાં ચર્ચા કરવામાં આવી છે.

**ન્યાયદર્શનમાં મોક્ષ :** ન્યાયસૂત્રમાં જણાવ્યું છે કે तदत्यन्तविमोक्षोऽपवर्गः। અર્થાત્ દુઃખનો આત્યંતિક નાશ અપવર્ગ/મોક્ષ છે. નવ્ય નૈયાયિકો મોક્ષની વ્યાખ્યા કરતાં જણાવે છે કે समानाधिकरणदुःखप्रागभावसहवृत्तिदुःखध्वंसः[૬] અર્થાત્ મોક્ષ એટલે એકાધિકરણમાં રહેનારો દુઃખનો પ્રાગભાવ કે જેની સાથે દુઃખધ્વંસની વૃત્તિ ન હોય. એટલેકે દુઃખધ્વંસ રહિત દુઃખનો પ્રાગભાવ મોક્ષ છે. આ માટે વ્યભિચારદોષ આપ્યો છે. વર્ધમાન ઉપાધ્યાય[૭]ના મતનું સ્થાપન કરી તેમાં અપ્રયોજકત્વદોષ આપ્યો છે. આ ઉપરાંત અન્ય ચાર નૈયાયિકસમ્મત મતોનું પ્રદર્શન કરી[૮] તેમાં દોષારોપણ કર્યું છે.

**ત્રિદંડીનો મત**[૯] **:** આ મત પ્રમાણે આનંદમય પરમાત્મામાં જીવાત્માનો લય મોક્ષ છે. અહીં એકાદશેન્દ્રિય-સૂક્ષ્મતન્માત્રામાં અવસ્થિત પંચભૂતાત્મક લિંગ-શરીરનો નાશ/લય માનીએ તો કર્મક્ષય રૂપ જ છે અને જો જીવના લયરૂપ મોક્ષ માનવામાં આવે તો તે અનિચ્છનીય છે કેમકે સ્વનાશ કોઈને પણ અભિપ્રેત નથી હોતો તેમ ઉપાધ્યાયજી જણાવે છે.

**બૌદ્ધ**[૧૦] : ચિત્તસંતતિનો નાશ મોક્ષ છે. પરંતુ પ્રકૃતમત માનવામાં આવે તો નિરન્વય ચિત્તસંતતિ માનવા જતાં બદ્ધ-મુક્ત વ્યવસ્થાનો લોપ થઈ જશે તથા સંતાનને તો એમાં અવાસ્તવિક માનવામાં આવેલ છે. આ દોષો છે.

**અન્ય મત :** સ્વતંત્રતા મોક્ષ છે. સ્વતંત્રતા જો[૧૧] કર્મનિવૃત્તિ રૂપ હોય તો તે જૈન સિદ્ધાન્ત રૂપ જ છે અને ઐશ્વર્યરૂપ માનીએ તો ઐશ્વર્ય અભિમાનને અધીન હોવાથી સંસારરૂપ જ છે એથી એ યોગ્ય નથી.

**સાંખ્યદર્શન :** સાંખ્યદર્શન અનુસાર પ્રકૃતિના વિકારોનો વિલય કરી પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન મોક્ષ છે.[૧૨] આનું ખંડન કરતાં ઉપાધ્યાયજી જણાવે છે કે પ્રથમ તો પ્રકૃતિનાં પરિણામો જ અવાસ્તવિક છે તથા આત્માનું સ્વરૂપમાં અવસ્થાન અસાધ્ય છે. અર્થાત્ આત્મા સ્વરૂપમાં અવસ્થિત છે જ. માત્ર તેના પર રહેલાં આવરણોને દૂર કરવાં તે જ સાધ્યરૂપ છે.

**બૌદ્ધ મત :** અગ્રિમ ચિત્તનો અનુત્પાદ અને પૂર્વ ચિત્તની નિવૃત્તિ એ મોક્ષ છે[૧૩] એમ માનતા બૌદ્ધ મતમાં અસાધ્યત્વ અને અનુદ્દેશ્યત્વરૂપ દોષોનું આરોપણ

કરવામાં આવ્યું છે.

**ચાર્વાક :** આત્માનો નાશ મોક્ષ છે.[૧૪] આ મત પણ પ્રમાણસિદ્ધ નથી.

**વેદાન્તમત :** નિત્ય, વિજ્ઞાન આનન્દરૂપ બ્રહ્મ જ મોક્ષ છે.[૧૫] પરંતુ આ માન્યતામાં અનેક દોષોનું ઉદ્ભાવન ઉપાધ્યાયજીએ કરેલ છે. આ ઉપરાંત નિત્યસુખ જ મોક્ષ છે એવું માનનાર તૌતાતિતનો[૧૬] મત પણ પ્રદર્શિત કર્યો છે.

આમ ભિન્નભિન્ન મતસંમત મોક્ષનું પૂર્વપક્ષમાં કથન કરી તેમના મતનું ખંડન કર્યું છે. અને અંતે જૈનદર્શનસંમત મોક્ષની સ્થાપના કરી છે. સમગ્ર કર્મના ક્ષયરૂપ મોક્ષ જ સાચો મોક્ષ છે[૧૭] તેની સયુક્તિક સ્થાપના કરી છે. આ સમગ્ર મુક્તિવાદ ગંગેશોપાધ્યાયકૃત 'પરિશિષ્ટ ચિન્તામણિ'ના મુક્તિવાદનું ખંડન છે.[૧૮]

**આત્મવિભુવાદખંડન :** ન્યાયવૈશેષિકની માન્યતાનુસાર આત્મા-જીવાત્મા કર્તા, ભોક્તા, વિભુ છે. આત્માના વિભુત્વની સિદ્ધિ માટે અદૃષ્ટ આદિ યુક્તિનો આશ્રય લઈ જણાવાયું છે કે અન્યદેશસ્થિત વ્યક્તિ અન્ય દેશમાં જાય છે ત્યારે તેને ઉપભોગયોગ્ય વસ્તુ તૈયાર મળે છે. તે તૈયાર વસ્તુ અદૃષ્ટ વગર શક્ય નથી અને અદૃષ્ટ આત્મામાં સમવાયસમ્બન્ધથી રહે છે એટલે આત્મા સર્વત્ર વ્યાપ્ત માનવો પડે અને મહત્ પરિમાણત્વ તો વિભુત્વની સિદ્ધિ થતાં સ્વયં જ સિદ્ધ થઈ જાય છે એમ નૈયાયિકો માને છે. આત્માના વિભુત્વ માટે આપેલ યુક્તિનું ખંડન કરી જૈન દર્શન-સમ્મત શરીરપરિમાણ આત્મવાદની સ્થાપના કરી છે.

**શબ્દગુણત્વનું ખંડન :** પ્રસંગોપાત્ત નૈયાયિકમાન્ય શબ્દગુણત્વનું ખંડન કરી શબ્દદ્રવ્યત્વવાદનું સ્થાપન કર્યું છે. એ માટે જણાવ્યું છે કે શબ્દ દ્રવ્ય છે ક્રિયાવાન્ હોવાને કારણે, જેમકે ઘટ. શબ્દ દ્વારા આઘાત-પ્રત્યાઘાતનો અનુભવ થાય છે. ગુણરૂપ માનવામાં આવે તો આમ સંભવી ન શકે. આથી શબ્દ પુદ્ગલ રૂપ જ છે. તેની સાક્ષી માટે વિશેષાવશ્યક ભાષ્યની ગાથાઓ (બે) ઉદ્ધૃત કરી છે. આમ નૈયાયિકોની તમામ યુક્તિઓનું ખંડન કરી સ્વસિદ્ધાન્તનું સ્થાપન કર્યું છે.

**ચાર્વાકમત :** ચાર્વાકમતાનુસાર ચાર ભૂત – પૃથ્વી, જલ, તેજ, વાયુના સંઘાતથી જીવની ઉત્પત્તિ થાય છે. અને મૃત્યુ એ જ મોક્ષ છે. આત્મા એ શરીરથી ભિન્ન અન્ય કોઈ તત્ત્વ નથી તેમ જણાવી ભૂતચતુષ્ટયરૂપ આત્માનું પૂર્વપક્ષમાં સ્થાપન કર્યું છે તે માટેની યુક્તિઓ દોષયુક્ત છે તેવું જણાવી આત્માની સિદ્ધિ માટે અનેક પુરાવા તથા અનુમાનો દર્શાવ્યાં છે.

પ્રથમ પ્રકાશના અંતે જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકત્વ તથા પ્રત્યક્ષ અને પરોક્ષનું સવિસ્તર વર્ણન કર્યું છે.

**દ્વિતીય પ્રકાશ**

**બાહ્યાર્થ-અભાવ-સિદ્ધાન્ત :** દ્વિતીય પ્રકાશની શરૂઆત યોગાચાર બૌદ્ધોના મતથી કરી છે. યોગાચાર બૌદ્ધ વિજ્ઞાનવાદી છે. જેઓ બાહ્યાર્થની સત્તાનો

અસ્વીકાર કરે છે. જ્ઞાન માત્ર જ સત્ છે. બાહ્યાર્થ અસત્ છે. માત્ર માયા કે વાસનાને કારણે જ બાહ્યાર્થનો બોધ થાય છે. સ્વપ્નમાં જેમ બાહ્યાર્થનો બોધ થાય છે પરંતુ તે સ્વપ્નજ્ઞાન મિથ્યા છે, જાગૃતાવસ્થામાં તેના મિથ્યાત્વનો બોધ થાય છે તેવી જ રીતે બાહ્ય પદાર્થ અસત્ છે તે માટે પ્રમાણવાર્તિકની કારિકાઓ ઉદ્ધૃત કરી છે. પરંતુ બાહ્યાર્થને અસત્ માનવામાં આવે તો આન્તરિક અને બાહ્ય પદાર્થોનો ભેદ પ્રતિભાસિત નહીં થાય. બાહ્યાર્થનો અપલાપ કરવામાં આવે તો જ્ઞાનમાં પણ ભેદ ઉત્પન્ન નહીં થાય. બધા જ સમયે સમાન જ્ઞાન જ ઉત્પન્ન થશે. એક વ્યક્તિને કોઈ પદાર્થનું જ્ઞાન થાય તે પૂર્વે તે વસ્તુ અસત્ હોવી જોઈએ અને એમ માનવા જતાં અન્યને પણ તે વસ્તુનું જ્ઞાન થશે નહીં. અર્થાત્ મૈત્રને ઘટનું જ્ઞાન થાય તે પૂર્વે મૈત્રને ઘટનું જ્ઞાન નહીં થઈ શકે. આ સિવાય અનેક યુક્તિઓ આપી બાહ્યાર્થનું સ્થાપન કર્યું છે.

**સમવાયસમ્બન્ધ :** નૈયાયિક અને વૈશેષિક દર્શનકારો સમવાય નામનો એક અલગ સંબંધ માને છે. સમવાય સમ્બન્ધ એક અને નિત્ય છે. બે – આધાર અને આધેયરૂપ તથા અયુતસિદ્ધ પદાર્થોનો જે સંબંધ તે સમવાયસમ્બન્ધ છે, જેને કારણે इह तन्तुषु पटः, इह कपालयोः घटः જેવી પ્રતીતિ થાય છે. જે બે સંબંધીઓમાં આશ્રયત્વ અને આશ્રયીત્વ એકબીજાને છોડીને પદાર્થાન્તરમાં સંભવિત ન હોય તે બે સમ્બન્ધી અયુતસિદ્ધ કહેવાય છે. અવયવ-અવયવી, દ્રવ્ય-ગુણ, દ્રવ્ય-કર્મ, જાતિ-વ્યક્તિ આદિનો સમ્બન્ધ સમવાય છે. પ્રસ્તુત સમવાયસમ્બન્ધની સિદ્ધિ માટે ચિંતામણિકાર ગંગેશ ઉપાધ્યાય તથા પક્ષધર મિશ્રે જે-જે યુક્તિઓ દર્શાવી છે તેનું ખંડન કરવામાં આવ્યું છે.

**ચક્ષુનું પ્રાપ્યકારિત્વ અને પ્રકાશકત્વનું ખંડન :** ચક્ષુ અન્ય ઇન્દ્રિયોની જેમ પ્રાપ્યકારી છે કે નહીં તે વિશે દાર્શનિકોમાં મતભેદ પ્રવર્તે છે. ન્યાયવૈશેષિકકાર ચક્ષુને પ્રાપ્યકારી અને તેજસત્ત્વરૂપ માને છે. પણ તે માન્યતામાં અનેક આપત્તિઓનું પ્રદર્શન કરીને ઉપાધ્યાયજીએ જૈનદર્શનમાન્ય ચક્ષુનું અપ્રાપ્યકાર્ય સિદ્ધ કર્યું છે. કેમકે ચક્ષુ વિષય, દેશ સુધી ગયા વગર જ પદાર્થોનો બોધ કરે છે, પદાર્થોને ગ્રહણ કરે છે. અન્યથા જલ, તેજકિરણ, તલવાર આદિ દેખવાથી અનુક્રમે સ્નેહ, દાહ, પ્રતિઘાતની પ્રતીતિ થવી જોઈએ પણ તેમ થતું નથી માટે ચક્ષુ અપ્રાપ્યકારી છે. તેના માટે પુરાવા રૂપે વિશેષાવશ્યકભાષ્યની ત્રણ ગાથાઓ ઉદ્ધૃત કરી છે.

**ભેદાભેદવાદ :** જૈન દર્શન અનેકાન્તવાદી છે. પ્રત્યેક વસ્તુમાં અનન્ત ધર્મો છે. અનન્ત ધર્મોની સિદ્ધિ ન્યાયાલોકમાં નવ્યન્યાયની શૈલીને આધારે કરવામાં આવી છે. અવચ્છેદકનો અર્થ અસાધારણ ધર્મ છે તથા અવચ્છિન્નનો અર્થ યુક્ત – સહિત છે. એક જ વૃક્ષ કપિસંયોગવાળું છે અને નથી. જેમકે मूलावच्छेदेन કપિસંયોગનો અભાવ છે. તથા शाखावच्छेदेन કપિસંયોગવાળું છે. આમ ભિન્નભિન્ન અવચ્છેદથી

સંયોગ) સંયોગવાન્ છે. उत्पत्तिकालावच्छेदेन ઘટ શ્યામ રંગવાળો છે. અને पाकेतरकालावच्छेदेन ઘટ રાતા રંગવાળો છે. આમ એક જ ઘરમાં ભિન્નભિન્ન કાલાવચ્છેદે ભિન્નભિન્ન રંગની સિદ્ધિ પણ થઈ જાય છે. એટલે ઘટ કાળો પણ છે અને રાતો પણ છે. આમ નવ્યશૈલીને આધારે જૈન દર્શનના તત્ત્વને વધુ સ્પષ્ટ રૂપે સિદ્ધ કરેલ છે.

**અભાવવાદ** : ન્યાયવૈશેષિક દર્શનમાં અભાવને અલગ પદાર્થ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. 'नास्ति' એ પ્રકારની પ્રતીતિનો વિષય જે પદાર્થ તે અભાવ છે. અથવા સમવાયથી ભિન્ન તથા પોતાના આશ્રયમાં સમવાયથી અવર્તમાન પદાર્થ અભાવ છે. અભાવના ભેદો પણ પાડવામાં આવ્યા છે. પરંતુ અભાવ ભાવાત્મક છે કે અભાવાત્મક છે તે એક મૌલિક પ્રશ્ન છે. માથુરી વ્યાપ્તિમાં એ વિશે ચર્ચા કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચિંતામણિકારે અભાવ વિશે વિચારણા કરી છે. તેમના પક્ષને પૂર્વપક્ષ રૂપે સ્થાપી ઉપાધ્યાયજીએ તેનું ખંડન કરી અભાવને ભાવાત્મક સિદ્ધ કરેલ છે.

**તૃતીય પ્રકાશ**

પ્રથમ બે પ્રકાશની અપેક્ષાએ તૃતીય પ્રકાશ પ્રમાણમાં અત્યંત નાનો છે. તેમાં કોઈ પણ અન્ય દર્શનના મતોનું ખંડન નથી, માત્ર સિદ્ધાન્તનું સ્થાપન છે. કાળની ચર્ચામાં દિગમ્બરના મતની જ આલોચના કરી છે. પ્રસ્તુત પ્રકાશમાં ભાવસ્વરૂપનું વર્ણન કર્યું છે. ભારતીય દર્શનમાં ભાવના સ્વરૂપ વિશે વિભિન્ન મતો પ્રવર્તે છે. ભારતીય દર્શનમાં જેને સત્ કહેવામાં આવે છે તે જ જૈન દર્શનનો ભાવ પદાર્થ છે. મુખ્યત્વે સત્/ભાવ માટે ચાર મત પ્રવર્તે છે.

(૧) ન્યાયવૈશેષિકોનો સત્તાના યોગથી સત્નો સિદ્ધાન્ત.

(૨) બૌદ્ધોનો અર્થક્રિયાકારિત્વરૂપ સત્નો સિદ્ધાન્ત

(૩) મીમાંસકોનો શક્તિના યોગથી સત્નો સિદ્ધાન્ત.

(૪) જૈન દર્શનનો દ્રવ્ય-પર્યાયાત્મક સત્નો સિદ્ધાન્ત.

'ન્યાયાલોક'માં ભાવની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે द्रव्यपर्यायोभयात्मा भावः। જે દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક છે તે ભાવ છે. કેમકે દ્રવ્ય પર્યાય વગર કે પર્યાય દ્રવ્ય વગર સંભવી ન શકે. અર્થાત્ ભાવ નૈયાયિકોની જેમ એકાન્ત નિત્ય પણ નથી અને બૌદ્ધોની જેમ એકાન્ત ક્ષણિક પણ નથી. દ્રવ્યપર્યાયોભયાત્મક ભાવ માનવાથી નૈયાયિકો અને બૌદ્ધસમ્મત માન્યતાનું ખંડન થઈ જાય છે.

ભાવના બે ભેદ છે : (૧) દ્રવ્ય, (૨) પર્યાય.

દ્રવ્યના છ ભેદ છે : (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશ, (૪) કાલ, (૫) જીવ, (૬) પુદ્ગલ.

ઉપર્યુક્ત છ દ્રવ્યોમાંથી પ્રથમ બે તત્ત્વો તો જૈન દર્શનનાં મૌલિક દ્રવ્યો છે.

અન્ય કોઈ ભારતીય દર્શનમાં આ પ્રકારનાં દ્રવ્યોનો સ્વીકાર કરવામાં આવ્યો નથી.

**ધર્માસ્તિકાય :** ધર્માસ્તિકાય ગતિ-લક્ષણ/ગતિસ્વરૂપ છે. અર્થાત્ ગતિ-સહાયક દ્રવ્ય છે. જેમકે માછલીમાં તરવાની શક્તિ તો સહજ જ છે છતાં પણ પાણી વગર તરી શકતી નથી તેવી જ રીતે જીવ અને પુદ્ગલમાં ગતિ કરવાની શક્તિ સહજ હોવા છતાં ધર્માસ્તિકાય વગર ગતિ કરી શકતા નથી. અલોકમાં જીવ કે પુદ્ગલની ગતિ થતી નથી એથી લોકમાં ગતિદ્રવ્યની સિદ્ધિ થાય છે. જોકે જીવ અને પુદ્ગલ અલોકની અભિમુખ હોવા છતાં અલોકમાં ગતિનો અભાવ હોવાને કારણે લોકના અગ્ર ભાગે અટકી જાય છે.

**અધર્માસ્તિકાય :** અધર્માસ્તિકાય સ્થિતિસહાયક દ્રવ્ય છે. અલોકમાં સ્થિતિ/ગત્યભાવ છે. અધર્માસ્તિકાયને ધર્માસ્તિકાયના અભાવ રૂપે માનવામાં પણ આપત્તિ આવે છે. જો તેમ માનીએ તે અધર્માસ્તિકાય અભાવરૂપ માનવો પડે પરંતુ અધર્માસ્તિકાય તો પરિણામાન્તર છે. આથી અભાવરૂપ ન માની શકાય.

**આકાશ :** અવગાહન આકાશનો ગુણ છે. અન્ય પદાર્થને આધાર આપવો એ આકાશનું લક્ષણ છે. કેમકે દ્રવ્ય આધાર વગર રહી ન શકે. આકાશની સિદ્ધિ પ્રસંગે અન્ય આપત્તિઓનું યશોવિજયજીએ ખંડન કર્યું છે.

**કાલ :** વર્તના એ કાળનું લક્ષણ છે. પદાર્થમાં નવીન-પુરાણ આદિ પરિણામ જ વર્તના છે. કાળવિષયક જૈન દર્શનમાં બે મત છે. કેટલાક કાળને દ્રવ્ય માને છે અને કેટલાક દ્રવ્ય માનતા નથી. कालश्चेत्येके (પૃ. ૩૮) તત્ત્વાર્થનું આ સૂત્ર કાળ સંબંધી મતભેદને દર્શાવે છે. પરંતુ યશોવિજયજીનો મત છે કે કાળને દ્રવ્ય ન માનવામાં આવે તો છની સંખ્યા સંગત થતી નથી. આથી કાલને દ્રવ્ય રૂપે સ્વીકાર્યું છે. કાળના અઢી દ્વીપવર્તી કાળ અને દ્રવ્યના પર્યાયરૂપ કાળ એવા બે ભેદો પણ છે.

દિગમ્બર માન્યતાનુસાર પ્રત્યેક લોકાકાશમાં અસંખ્ય કાલાણુઓ રહે છે. તે દ્રવ્યકાળ છે. મંદગતિ પરમાણુને એક આકાશપ્રદેશમાંથી બીજા આકાશપ્રદેશમાં જતાં જેટલો સમય લાગે તેટલા સમયને પર્યાયકાળ કહેવામાં આવે છે. પરંતુ આમ માનવા જતાં કાળ-દ્રવ્યના દેશ-પ્રદેશ પણ માનવા પડે અને આમ માનવા જતાં કાળ પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયની જેમ અસ્તિકાયરૂપ એક અને અખંડ માનવો પડે. આથી કાળને ઉપચાર/વ્યવહારથી જ દ્રવ્ય માનવો ઘટે.

**પુદ્ગલ :** અન્ય દર્શનમાં જેને પરમાણુ કહેવામાં આવે છે તે જ જૈનદર્શનનું પુદ્ગલ દ્રવ્ય છે. પરંતુ તેના લક્ષણમાં ભિન્નતા છે. ગ્રહણગુણ પુદ્ગલનું લક્ષણ છે. સામાન્યતઃ પુદ્ગલ-દ્રવ્ય પ્રત્યક્ષ સિદ્ધ છે. સૂક્ષ્મ પુદ્ગલ દ્રવ્ય ચક્ષુગોચર નથી, તે અનુમાનથી સિદ્ધ થાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ આ ગુણો અન્ય દ્રવ્યમાં ન હોવાથી જેમાં આ ગુણોની સિદ્ધિ થાય તે પુદ્ગલ છે.

**પર્યાય :** પર્યાયો અનન્ત છે. પરંતુ તેનું વિવેચન પ્રસ્તુત ગ્રંથમાં ન કરતાં

'સ્યાદ્વાદરહસ્ય' જોવાનું કહી ગ્રન્થ સમાપ્ત કરવામાં આવ્યો છે.

આમ ઉપર્યુક્ત સર્વ વિષયોનું સૂક્ષ્મ ચિંતન 'ન્યાયાલોક'માં પ્રાપ્ત થાય છે. નવ્યન્યાયનો વિકાસ થવાથી જે નવીન યુક્તિઓથી ન્યાયવૈશેષિક દર્શનના સિદ્ધાંતોનો વિકાસ થયેલો તે તમામ યુક્તિઓનું ખંડન કરી જૈન મતનું સ્થાપન પ્રસ્તુત ગ્રન્થમાં કરવામાં આવેલ છે. 'ન્યાયાલોક'માં ઘણાં સ્થળોએ ચર્ચાઓ ખૂબ જ સંક્ષેપમાં કરવામાં આવી છે.

અને સ્થળેસ્થળે સ્વરચિત સ્યાદ્વાદરહસ્ય, અધ્યાત્મમતપરીક્ષા, જ્ઞાનાર્ણવ, સ્યાદ્વાદકલ્પલતા આદિ ગ્રન્થોનું અવલોકન કરવાની ભલામણ કરી છે. આમ છતાં 'ન્યાયાલોક' પદાર્થપરીક્ષણ અને સ્વપક્ષના સ્થાપનની દૃષ્ટિએ સંપૂર્ણ ગ્રન્થ છે. પ્રસ્તુત ગ્રંથના સંશોધનાત્મક અને વિસ્તૃત પ્રસ્તાવનાયુક્ત નવીન સંસ્કરણની આવશ્યકતા નકારી ન શકાય. જો પ્રસ્તુત ગ્રન્થ પર કોઈ સંશોધન કરે તો ઘણી બાબતો સ્પષ્ટ થશે અને યશોવિજયજીની બુદ્ધિપ્રતિભાનો ખ્યાલ આવી શકશે.

**પાદટીપ :**

૧. ન્યાયાલોક, પ્રશસ્તિ શ્લોક ૨–૩
૨. ભાષારહસ્ય, પ્રશસ્તિ શ્લોક ૧–૬
૩. प्रणम्य परमात्मानं जगदानन्ददायिनम् । न्यायालोकं वितनुते धीमान् न्यायविशारदः मंगलाचरण – न्यायालोक।
૪. कृत्वान्यायालोकं.... प्रशस्ति – न्यायालोक।
૫. प्रमाणैरर्थपरीक्षणं न्यायः। न्यायभाष्य (!)
૬. न्यायालोक, पृ. २/A
૭. न्यायालोक, पृ. २/B
૮. न्यायालोक, पृ. ७–८
૯–૧૦. न्यायालोक, पृ. ८–९
૧૧–૧૬. न्यायालोक, पृ. ९–१५
૧૭. न्यायालोक, पृ. १७
૧૮. परिशिष्ट चिन्तामणि का मुक्तिवादप्रकरण ।

□

અંજલિમાં જિમ ગંગ ન માયે,
મુજ મન તિમ પ્રભુહેજ.

**ઉપાધ્યાય યશોવિજય**
('શ્રુતાંજલિ')

# 'નયરહસ્યપ્રકરણ'માં નયપ્રકારો અને નયલક્ષણ

લક્ષ્મેશ વ. જોષી

પ્રથમ તો આપણે યશોવિજયજીના 'નયરહસ્ય-પ્રકરણ' ગ્રંથનો લઘુ-પરિચય મેળવીએ. મંગલપદ્યમાં લેખક, ઇન્દ્રોની શ્રેણિ દ્વારા વંદન કરાયેલા, તત્ત્વના અર્થનો ઉપદેશ આપનારા મહાવીરસ્વામીને પ્રમાણ કરે છે.[૧] પછી નયનું લક્ષણ-પરીક્ષણ (પૃ.૧થી ૩૦), નયના નિગમ વગેરે સાત ભેદોનું નિરૂપણ (૩૧–૪૩), નૈગમ વગેરે નયોનું ઉત્તરોત્તર સૂક્ષ્મત્વ (૪૪–૫૯), નૈગમ આદિ સાતેય નયપ્રકારોનાં લક્ષણો (૫૯–૧૩૮). ગ્રંથના અંતે નયના સ્વરૂપ અંગે ઊહાપોહ અને નયરહસ્યનું ફલ (૧૩૯–૧૬૧) – આ ક્રમથી વિષયોનું નિરૂપણ આવે છે.

ગ્રંથની સમાપ્તિમાં યશોવિજયજી કહે છે કે, જુદાજુદા નયના વાદોનું ફલ તો એ જ છે કે જિનપ્રવચનના વિષયમાં રુચિ ઉત્પન્ન કરાવીને જિજ્ઞાસુના મનમાંથી રાગ-દ્વેષને દૂર કરવા.[૨] નયજ્ઞાન ત્યારે જ ચરિતાર્થ થયું ગણાય કે જ્યારે નયજ્ઞાતાના મનમાંથી રાગદ્વેષ નષ્ટ થયા હોય. યશોવિજયનું નયજ્ઞાન ચરિતાર્થ હતું. તેમણે પોતાના 'અધ્યાત્મસાર' નામના ગ્રંથમાં 'ગીતા'ના પણ શ્લોકો ટાંક્યા છે.[૩]

'નયરહસ્યપ્રકરણ' ઉપર, લાવણ્યસૂરિની 'પ્રમોદાવિવૃત્તિ' નામની ટીકા છે. તે ટીકા અને પરિશિષ્ટો વગેરે સાથે આ ગ્રંથમાં નવ્યન્યાયની પરિભાષાનો પ્રયોગ થયેલો જોવા મળે છે.[૪]

'નયરહસ્યપ્રકરણ' ગ્રંથ, ભાસર્વજ્ઞના 'ન્યાયસાર', કેશવમિશ્રની 'તર્કભાષા', અન્નં ભટ્ટના 'તર્કસંગ્રહ' જેવો પ્રકરણપ્રકારનો ગ્રંથ છે. પ્રકરણના પ્રકારમાં, ગ્રંથનો કેટલોક ભાગ મૂળ-પરંપરાના શાસ્ત્ર સાથે સંબદ્ધ હોય છે, જ્યારે કેટલોક ભાગ મૂળ શાસ્ત્રના વિષયથી જુદી વસ્તુનું પણ નિરૂપણ કરે છે.[૫] આ થયો ગ્રંથનો લઘુ પરિચય.

હવે નયપ્રકારો અને નયલક્ષણની ચર્ચા કરતાં પહેલાં આપણે, જૈન પરંપરામાં પ્રચલિત નયનું સામાન્ય સ્વરૂપ વિચારીએ. તત્ત્વાર્થસૂત્ર પ્રમાણે જ્ઞાન મેળવવાનાં મુખ્ય બે સાધનો : (૧) પ્રમાણ અને (૨) નય.[૬] પ્રમાણ પદાર્થના અનેક અંશોનું જ્ઞાન કરાવે, જ્યારે નય વસ્તુના એક અંશનું જ્ઞાન કરાવે.

પદાર્થના બે મુખ્ય અંશો હોય છે : (૧) સ્થિર રહેતો સામાન્ય અંશ, જેમકે સમુદ્રનું જલ; (૨) અસ્થિર રહેતો વિશેષ અંશ, જેમકે સમુદ્રના તરંગ વગેરે. આમાંના પ્રથમ અંશને દ્રવ્ય-અર્થ કહે છે; બીજા અંશને પર્યાય-અર્થ કહે છે. હવે, પદાર્થના દ્રવ્યાર્થઅંશનો વિચાર જેમાં થાય તે દ્રવ્યાર્થિક નય. પદાર્થના પર્યાયઅર્થનો

જેમાં વિચાર થાય તે પર્યાયાર્થિક નય.[૭]

દ્રવ્યાર્થિક નયના ચાર પ્રકાર : (૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહારનય, (૪) ઋજુસૂત્રનય. પર્યાય-આર્થિક નયના ત્રણ પ્રકાર : (૧) શબ્દ નય, (૨) સમભિરૂઢ નય, (૩) એવંભૂત નય.[૮] લોકરૂઢિથી જન્મતો નય તે નૈગમનય, જેમકે "આજે રામનો જન્મદિવસ છે."[૯] પદાર્થની અનેક વ્યક્તિઓને એકમાં સંગ્રહીને, સામાન્ય તત્ત્વથી વિચારાય તે સંગ્રહનય; જેમકે કાપડ. પછી, અમુક ખાદીનું કાપડ, અમુક મિલનું – એમ વિચારાય ત્યારે તે પૃથક્કરણાત્મક દૃષ્ટિને વ્યવહારનય કહે છે. ભૂત અને ભવિષ્યને બાજુએ રાખીને વર્તમાનનો જ વિચાર કરવામાં આવે ત્યારે તેને ઋજુસૂત્ર નય કહેવાય; જેમકે, "હાલ અમદાવાદનો મિલ-ઉદ્યોગ સમૃદ્ધ નથી." જ્યારે વિચાર શબ્દપ્રધાન બને અને અર્થભેદ ઉત્પન્ન કરે ત્યારે તેને શબ્દનય કહે છે. જેમકે, વાર્તામાં કહે, "ઉજ્જયિની નામની નગરી હતી." ઉજ્જયિની તો આજે પણ છે. વાર્તામાં અભિપ્રેત નગરી આજની નગરીથી જુદી હતી એમ 'હતી' શબ્દ સૂચવે છે. આ શબ્દનય.

વ્યુત્પત્તિ અનુસાર અર્થ કલ્પવામાં આવે ત્યારે તેવા વિચારને સમભિરૂઢ નય કહે છે. જેમકે, નૃ(મનુષ્ય)નું પ એટલે પાલન કરે તે નૃપ. વળી, ખરેખર કાર્ય થતું હોય ત્યારે જ અમુક વિશેષણ પ્રયોજાય એવા પ્રકારના દૃષ્ટિકોણને એવંભૂત નય કહે છે. જેમકે, જ્યારે વ્યક્તિ છત્રચામર વગેરે રાજચિહ્નોથી રાજતી (શોભતી) હોય ત્યારે જ તેને 'રાજા' કહેવાય, અન્ય સમયે નહીં.

યશોવિજયજી આ પ્રકારભેદોના દૃષ્ટાંત તરીકે પ્રસ્થક (ધાન્ય માપવાનું માપિયું)ને પ્રસ્તુત કરે છે. આ નયો ઉત્તરોત્તર શુદ્ધ કે સૂક્ષ્મ બનીને વસ્તુના વિશેષ અંશના નિશ્ચય તરફ આપણને દોરી જાય છે. આ માટે, યશોવિજયજી એક દૃષ્ટાંત આપે છે. કોઈ પૂછે કે, દેવદત્ત ક્યાં રહે છે ? ઉત્તર આઠ પ્રકારનો છે : દેવદત્ત[૧]; લોકમાં [૨];તિર્યક્ લોક (મનુષ્ય-પશુ-પક્ષીને રહેવાના લોક)માં રહે છે[૩]; જમ્બૂદીપમાં રહે છે[૪]; ભરતક્ષેત્રમાં રહે છે[૫]; ભરતક્ષેત્રના દક્ષિણે વસે છે[૬]; પાટલિપુત્રમાં વસે છે[૭]; દેવદત્ત પોતાના ઘરમાં રહે છે[૮]; દેવદત્ત પોતાના ઘરના મધ્યભાગમાં વસે છે.[૯]

આગળ કહ્યું તેમ, દ્રવ્યાર્થિક નયના ચાર પ્રકારો અને પર્યાયાર્થિક નયના ત્રણ પ્રકારો – એમ કુલ સાત નયો થાય છે. આ સાત નયોના આવા પ્રકારના વિભાજનની પરંપરામાં જિનભદ્રગણિ વગેરે છે. યશોવિજયજી જિનભદ્રગણિના વિભાજન પ્રમાણે સાત નયો સ્વીકારે છે. કેટલાક વિદ્વાનો, ઋજુસૂત્ર નયને પર્યાયાર્થિકનો પ્રકાર ગણે છે. પરંતુ તેમ કરવા જતાં સૂત્રવિરોધ ઊભો થાય.[૧૦] આમ દ્રવ્યાર્થિક ચાર અને પર્યાયાર્થિક ત્રણ – એ રીતે થતા સાત નયોની પરંપરા જિનભદ્રગણિ વગેરેની છે; અને આ પરંપરાને, આગળ કહ્યું તેમ, યશોવિજયજી સ્વીકારે છે.

બીજી નયપરંપરા સિદ્ધસેન દિવાકરની છે. તે પણ સાત નયોને સ્વીકારે છે.

પરંતુ વિભાજન સહેજ જુદી રીતે કરે છે. તદનુસાર ઋજુસૂત્ર નય પર્યાયાર્થિક નયનો પ્રકાર છે, દ્રવ્યાર્થિકનો નહીં. એટલે પ્રથમ દ્રવ્યાર્થિક નયના ત્રણ અને પર્યાયાર્થિક નયના ચાર પ્રકારો બને.[૧૧]

નયપ્રકારોની ત્રીજી પરંપરા છે તત્ત્વાર્થસૂત્રના લેખક ઉમાસ્વાતિની. આ પરંપરામાં નયના મુખ્ય પાંચ પ્રકારો મનાય છે : (૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહારનય, (૪) ઋજુસૂત્ર અને (૫) શબ્દનય.[૧૨] તેમાંથી પ્રથમ નૈગમનયના બે ભેદો – (૧) દેશપરિક્ષેપી (=વિશેષગ્રાહી) અને (૨) સર્વપરિક્ષેપી ( = સામાન્યગ્રાહી). તેમજ, પાંચમા શબ્દનયના ત્રણ ઉપપ્રકારો – (૧) સામ્પ્રતનય (૨) સમભિરૂઢ નય, અને (૩) એવંભૂત નય.

ઉપરની ત્રણ નયપરંપરાઓમાંથી બીજી પરંપરા જે સિદ્ધસેન દિવાકરની છે તે નયસંખ્યાની દૃષ્ટિએ વિવાદાસ્પદ છે. આચાર્ય સિદ્ધસેનના 'સન્મતિ પ્રકરણ' ગ્રંથ પ્રમાણે, દ્રવ્યાસ્તિક નયના બે ભેદો – (૧) સંગ્રહનય અને (૨) વ્યવહારનય. તેમજ, પર્યાયાસ્તિકના ચાર નયપ્રકારો – (૧) ઋજુસૂત્ર, (૨) શબ્દ, (૩) સમભિરૂઢ અને (૪) એવંભૂત નય.[૧૩]

વળી, પં.સુખલાલજી પણ સિદ્ધસેન દિવાકરને ષડ્નયવાદી તરીકે ઓળખાવે છે.[૧૪] યશોવિજયજી, આગળ કહ્યું તેમ, સિદ્ધસેનના સાત નયો ટાંકીને, નય-સંખ્યાના વિભાજન અંગેનો એક મતભેદ દર્શાવે છે. તદનુસાર, જિનભદ્રગણિ અને સિદ્ધસેન દિવાકર બન્ને સાત નયોને સ્વીકારે છે. માત્ર મતભેદ એ છે કે જિનભદ્રગણિ ઋજુસૂત્ર નયને દ્રવ્યાર્થિક નયનો પ્રકાર ગણે છે; જ્યારે સિદ્ધસેન તે નયને પર્યાયાર્થિક માને છે. હવે, પ્રશ્ન એ થાય છે કે જૈન પરંપરામાં ષડ્નયવાદી તરીકે જાણીતા સિદ્ધસેન દિવાકરને, યશોવિજયજી સપ્તનયવાદી તરીકે કેમ ઉદ્ધૃત કરતા હશે ? આ સંશોધનનો વિષય છે.

બીજું, સિદ્ધસેન દિવાકરના 'ન્યાયાવતાર' નામના ગ્રંથમાં નયનું લક્ષણ આપ્યું છે – એક અંશથી વિશિષ્ટ એવો પદાર્થ નયનો વિષય મનાય છે.[૧૫] આ લક્ષણને વર્ણવતી ગ્રંથકારિકા ૨૯ ઉપરની વિવૃતિ-ટીકામાં સાત નયો ગણાવ્યા છે.[૧૬] આ વિવૃતિ-ટીકાના કર્તૃત્વ અંગે મતભેદ છે. ટીકાની સમાપ્તિના નિર્દેશ પ્રમાણે, વિવૃતિલેખક સિદ્ધસેન દિવાકર વ્યાખ્યાનક છે.[૧૭] આ લેખકને જ કેટલાક સિદ્ધર્ષિ તરીકે ઓળખાવે છે.[૧૮] સતીશચંદ્ર વિદ્યાભૂષણ પ્રમાણે, વિવૃતિ-ટીકાના લેખક ચંદ્રપ્રભસૂરિ છે.[૧૯] ટીકાકાર ગમે તે હોય, પણ મહત્ત્વની વાત એ છે કે એ ટીકાકાર, સિદ્ધસેન દિવાકરને સપ્તનયવાદી તરીકે સૂચવે છે.

આના પરથી ફલિત એ થાય છે કે 'ન્યાયાવતાર વિવૃતિ' ટીકા અને 'નયરહસ્યપ્રકરણ'ના લેખક યશોવજયજી – આ બન્ને, સિદ્ધસેન દિવાકરને સપ્તનયવાદી તરીકે પ્રસ્તુત કરે છે; જ્યારે ન્યાયપરંપરા તેમને ષડ્નયવાદી માને છે. આમાં ક્યો મત સ્વીકાર્ય ગણવો ? આ પ્રશ્નના સમાધાન માટે સુનિશ્ચિત આધારની

અપેક્ષા રહે છે. -

હવે આપણે યશોવિજયજીએ આપેલું નયનું લક્ષણ વિચારીએ. "પ્રસ્તુત વસ્તુના એક અંશને ગ્રહણ કરનારો (નિશ્ચય) અને તે જ વસ્તુના બીજા (વિરોધી) અંશનું ખંડન નહીં કરનારો, વિશિષ્ટ પ્રકારનો નિશ્ચય તે નય".[૨૦] જેમકે, घटः सन् – અસ્તિત્વમાં રહેલો ઘટ. આ એક નય છે. અહીં સત્તા કે અસ્તિત્વ એ પ્રસ્તુત વસ્તુ ઘટનો એક અંશ છે. પરંતુ, દેશ અને કાલની દૃષ્ટિએ, બીજા દેશમાં અને બીજા કાલમાં "એ ઘટ નથી – घटः अ-सन्" એમ પણ કહેવાય. આ "ન હોવું તે, પ્રસ્તુત વસ્તુ ઘટનો બીજો અંશ ગણાય. "અસ્તિત્વમાં ન હોવું" – એ બીજો અંશ વસ્તુના "અસ્તિત્વમાં હોવું" એ અંશથી વિરોધી છે. છતાં "ઘટ છે" એ નય, બીજી રીતે વિચારતાં "ઘટ ન હોઈ શકે" એ અંશ ઉપર આક્ષેપ કરતો નથી.[૨૧] પરંતુ આપણે જો એમ કહીએ કે "घटः सन् एव – ઘટની સત્તા જ છે" તો એને 'નય' નહીં પણ 'દુર્નય' કહેવાય; કારણકે, એ વિધાનમાં 'एव' અથવા 'જ' બીજી સંભાવનાઓનો નિષેધ કરે છે.

હવે, આ લક્ષણનાં પદોની સાર્થકતા વિશે વિચારીએ. નયનું લક્ષણ છે – प्रकृत-वस्तु-अंश-ग्राही तद्-इतर-अंश-अप्रतिक्षेपी अध्यवसाय-विशेषो नयः। આમાંથી જો प्रकृतवस्तुअंशग्राही એ પદ દૂર કરવામાં આવે તો तद्-इतर (તેનાથી ભિન્ન) શબ્દ પણ આપોઆપ દૂર થઈ જાય. 'પ્રસ્તુત વસ્તુ'ની વાત ન હોય તો, 'તેનાથી ભિન્ન' એમ કહી ન શકાય. તો બાકી રહેશે अंश-अप्रतिक्षेपी अध्यवसायविशेषो नयः; આ બનશે નયનું લક્ષણ. આ લક્ષણ "घटः सन् एव – ઘટ છે જ" એવા દુર્નયને પણ લાગુ પડશે; કારણકે દુર્નય કે જે બીજી સંભાવનાઓનો નિષેધ કરે છે તે પોતાના અંશ ઉપર તો આક્ષેપ નથી કરતો; અને તે દુર્નય પણ એક વિશિષ્ટ નિશ્ચય પણ છે. આમ प्रकृत-अंश-ग्राही પદ ન હોય તો લક્ષણ દુર્નયને લાગુ પડી જતાં અતિવ્યાપ્તિનો દોષ થાય.

જો, तद्-इतर-अंश-अप्रतिक्षेपी એ પદ, લક્ષણમાંથી દૂર કરવામાં આવે તો, વસ્તુના બીજા અંશ ઉપર આક્ષેપ કરવાની છૂટ મળી જાય. તેમ થતાં, આ લક્ષણ ઘટ બીજા દેશકાલની દૃષ્ટિએ ન પણ હોય એવા બીજા અંશ ઉપર આક્ષેપ કરતા, "घटः सन् एव – ઘટ છે જ" એવા દુર્નયને પણ લાગુ પડી જાય અને લક્ષણ અતિવ્યાપ્તિના દોષવાળું બને.

લક્ષણમાં જો अध्यवसाय શબ્દ ન હોય તો સપ્તભંગી ન્યાયના કોઈ પણ એક ભંગ(પ્રકાર)ને એ લક્ષણ લાગુ પડી જાત; કારણકે સપ્તભંગી ન્યાયનો કોઈ પણ ભંગ એવો હોય છે કે જે વસ્તુના એક અંશનું ગ્રહણ કરે છે અને તે જ વસ્તુના બીજા કોઈ પણ અંશ ઉપર આક્ષેપ કરતો નથી. પરંતુ, સપ્તભંગી ન્યાયનો ભંગ એ, સાતેય

ભંગથી થતા અધ્યવસાયનો એક ભાગ છે – અધ્યવસાયદેશ છે; જ્યારે નય પોતે અધ્યવસાયરૂપ છે, અધ્યવસાયદેશ નહીં.[૨૨]

લક્ષણમાં अध्यवसाय પછી विशेष શબ્દ ન હોત તો લક્ષણ, અપાય અને ધારણાના સ્વરૂપમાં[૨૩] થતા પ્રત્યક્ષ(મતિ)જ્ઞાનના નિશ્ચયને પણ લાગુ પડી જાત. પ્રત્યક્ષાદિમાં થતું નિશ્ચયજ્ઞાન, વસ્તુના રૂપાદિના અંશનું ગ્રહણ કરે. અને તે જ વસ્તુના રસાદિના અંશ ઉપર આક્ષેપ નથી કરતું એ રીતે તેવા પ્રત્યક્ષાદિ-નિશ્ચયમાં નયની અતિવ્યાપ્તિ થતી રોકવા, अध्यवसाय પછી विशेष શબ્દ મૂક્યો.[૨૪] અપ્રત્યક્ષમાં થતા નિશ્ચયથી, નયમાં થતો નિશ્ચય જુદો (=अध्यवसायविशेषः) હોય છે. અપ્રત્યક્ષના નિશ્ચયમાં વસ્તુના અનેક અંશોનું ગ્રહણ થાય છે; જ્યારે નયના નિશ્ચયમાં, વસ્તુના માત્ર એક જ અંશનું ગ્રહણ થાય છે.[૨૫]

આમ નયના લક્ષણનું પ્રત્યેક પદ, તત્ત્વના અવચ્છેદક ધર્મરૂપ લક્ષણને સુનિશ્ચિત બનાવે છે. આપણે આગળ જોયું તેમ નય કોઈ પણ પદાર્થ વિશે દેખાતા વિરોધોને દૂર કરી સમન્વય સાધી આપે છે. એ રીતે, જૈનદર્શનના મુખ્ય સિદ્ધાંત અનેકાન્તવાદના સ્થાપનમાં નય અત્યંત ઉપયોગી બને છે.

नयरहस्यप्रकरण ગ્રંથના સમાપ્તિપદ્યમાં યશોવિજયજી ગ્રંથનું (– નયનું તો ખરું જ –) રહસ્ય ઉદ્‌ઘાટિત કરતા હોય તેમ કહે છે કે रागद्वेषविरहतः ततोऽस्तु कल्याणसम्प्राप्तिः ॥ અર્થાત્ આ ગ્રંથ દ્વારા નયના રહસ્યનું જ્ઞાન થતાં, અને તે પ્રમાણે આચરણ કરતાં મનુષ્યના રાગદ્વેષ દૂર થાય છે. રાગદ્વેષ દૂર થતાં મનુષ્યને કલ્યાણની સમ્યક્ પ્રાપ્તિ થાય છે.

## ટિપ્પણી

(૧) ऐन्द्रश्रेणिनतं नत्वा, वीरं तत्त्वार्थदेशिनम् ।
परोपकृतये ब्रूमो, रहस्यं नयगोचरम् ॥

મંગલપદ્ય, ન્યાયરહસ્યપ્રકરણ, લે. યશોવિજયજી, લાવણ્યસૂરિની 'પ્રમોદાવિવૃતિ' ટીકાસહિત, પ્રકા. જૈનગ્રંથપ્રકાશક સભા, અમદાવાદ, વિ.સં.૨૦૦૩, પૃ.૨.

(૨) फलं पुनः विचित्रनयवादानां, जिनप्रवचनविषयरुचिसंपादनद्वारा रागद्वेषविलय एव । ન.ર. પ્રકરણ, તદેવ પૃ.૧૫૯.

(૩) चञ्चलं हि मनः कृष्ण...। ગીતા ૬, ૩૪થી ૩૬, 'અધ્યાત્મસાર', લે. યશોવિજયજી, હિન્દી અનુ. પદ્મવિજયજી, સંપા. નેમિચંદજી, પ્રકા. શ્રીનિર્ગ્રન્થસાહિત્ય-પ્રકાશન સંઘ, દિલ્હી, ૧૯૭૬ (ઈ.સ.), આવૃત્તિ પ્રથમ, પૃ.૨૯૭.

(૪) अत्र प्रापकत्वं प्रमाणप्रतिपन्नप्रतियोगिमद्भावापन्ननानाधर्मैकतरमात्रप्रकारत्वम्। ન.ર.પ્ર., તદેવ પૃ.૧૦–૧૧.

(૫) शास्त्रैकदेशसंबद्धं शास्त्रकार्यान्तरे स्थितम्।
आहुः प्रकरणं नाम ग्रन्थभेदं विपश्चितः ॥

પરાશર ઉપપુરાણ, ઉદ્ધૃત – એસ.સી. વિદ્યાભૂષણ, હિસ્ટરી ઑવ્ ઇન્ડિયન લૉજિક, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૧૯૭૧, પૃ.૩૫૬.

(૬) प्रमाणनयैः अधिगमः । તત્ત્વાર્થસૂત્ર ૧.૬, લે. ઉમાસ્વાતિ, વિવેચક : પં. સુખલાલજી, પ્રકા. શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ ઈ.સ. ૧૯૪૦, પૃ.૧૫.

(૭) द्वौ मूलभेदौ – द्रव्यार्थिकः पर्यायार्थिकश्च । ન.ર.પ્રકરણ, તદેવ પૃ.૩૧.

(૮) आद्यस्य चत्वारो भेदाः – नैगमः, सङ्ग्रहः, व्यवहारः, ऋजुसूत्रश्च इति जिनभद्रगणि-क्षमाश्रमणप्रभृतयः (पृ.३३),... पर्यायार्थिकस्य त्रयो भेदाः – शब्दः, समभिरूढः एवंभूतः च इति सम्प्रदायः। ન.ર.પ્ર., તદેવ પૃ.૩૫.

(૯) वसतिः आधारता, सा च यथोत्तरशुद्धानां नैगमभेदानां लोके तिर्यक् लोके, जम्बूद्वीपे, भरतक्षेत्रे, तद्दक्षिणार्धे, पाटलिपुत्रे, देवदत्तगृहे, तन्मध्यगृहे च अवसेया । ન.ર.પ્ર., તદેવ પૃ.૫૧.

(૧૦) ऋजुसूत्रो यदि द्रव्यं न अभ्युपेयात् तदा... इति सूत्रं विरुध्येत । ન.ર.પ્ર., તદેવ પૃ.૩૩.

(૧૧) ऋजुसूत्रवर्जाः त्रयः एव द्रव्यार्थिकभेदाः इति तु वादिनः सिद्धसेनस्य मतम् । (पृ.३३)... ऋजुसूत्राद्याः चत्वारः इति तु वादी सिद्धसेनः। ન.ર.પ્ર., તદેવ પૃ. ૩૫. જુઓ જૈન તર્કભાષા, લે. યશોવિજયજી, સં. દયાનંદ ભાર્ગવ, પ્રકા. મોતીલાલ બ., દિલ્હી, પ્રથમાવૃત્તિ, ૧૯૭૩, પૃ.૨૧.

(૧૨) नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दाः नयाः ॥ તત્ત્વાર્થાધિગમસૂત્ર, ૧.૩૪, સ્વોપજ્ઞભાષ્ય-કારિકા સહિત, લે. ઉમાસ્વાતિ વાચક, સં. હીરાલાલ, પ્રકા. જીવનચંદ ઝવેરી, મુંબઈ, પ્રથમાવૃત્તિ ઈ.સ. ૧૯૨૬, પ્રથમ ભાગ, પૃ.૧૧૪.

(૧૩) જુઓ સન્મતિ પ્રકરણ, પ્રથમ કાણ્ડ, પદ્ય ૪, ૫, પૃ.૧૯૭–૧૯૮. લે. આચાર્ય સિદ્ધસેન દિવાકર, અનુ. પં. સુખલાલ સંઘવી, પં. બેચરદાસ દોશી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૫૨.

(૧૪) "જિનભદ્રે પ્રાચીન પરંપરા પ્રમાણે સાત નયો સ્વીકારીને પણ સિદ્ધસેનના ષડ્નયવાદનો આદર કર્યો છે." સન્મતિ પ્રકરણ, તદેવ પૃ.૧૧૯; તથા વાંચો – "બીજી પરંપરા સિદ્ધસેન દિવાકરની છે. તે નૈગમને છોડીને બાકીના છ ભેદો સ્વીકારે છે." તત્ત્વાર્થસૂત્ર, ૧.૩૪,૩૫; લે. ઉમાસ્વાતિ, વિવેચક : પં. સુખલાલજી, પ્રકા. શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ, ૧૯૪૯, પૃ.૬૩.

(૧૫) एवकदेशविशिष्टोऽर्थो नयस्य विषयो मतः ॥ ન્યાયાવતાર, કારિકા ૨૯, લે. સિદ્ધસેન દિવાકર, સંપા. ડૉ. સત્યરાજન બેનરજી, કલકત્તા, પહેલી સુધારેલી આવૃત્તિ, ૧૯૮૧, પૃ.૨૨ (મૂળ સંપા. સતીશચન્દ્ર વિદ્યાભૂષણ, પ્રથમ આવૃત્તિ, કલકત્તા, ૧૯૦૯).

(૧૬) सप्त नयाः प्रतिपादिताः तद्यथा-नैगम-सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्र-शब्दसभिरूढएवंभूतनयाः । ન્યાયાવતાર વિવૃતિ ટીકા, તદેવ પૃ.૨૨.

(૧૭) कृतिरियं सितपट्ट श्री सिद्धसेनदिवाकरव्याख्यानकस्य तर्कप्रकरणवृत्तेरिति । ન્યાયાવતાર, વિવૃત્તિ, તદેવ પૃ.૨૬.

(૧૮) ન્યાયાવતાર, પ્રવેશક, એસ.એસ. વિદ્યાભૂષણ પૃ. ૨૯.

(૧૯) તદેવ પૃ. ૨૯.

(૨૦) प्रकृतवस्तु-अंशग्राही तद्-इतर-अंश-अप्रतिक्षेपी अध्यवसायविशेषः नयः । નયરહસ્ય

પ્રકરણ, તદેવ, પૃ.૭, ૮.

(૨૧) यथा घटः सन् इत्यत्र प्रकृतवस्त -अंशः सत्त्वम्.....तद्भिन्नः यः प्रतिपन्थी तद्विरोधी धर्मः असत्त्वम् तस्य उपस्थितेः, तद्-अप्रतिक्षेपित्वम्, घटः सन् इति नये वर्तते लक्षणसमन्वयः। પ્રમોદાવિવૃતિ, લે. લાવણ્યસૂરિ, ન.ર. પ્રકરણ, તદેવ પૃ. ૮.

(૨૨) सप्तभङ्गात्मकशब्दप्रमाणप्रदीर्घसन्तताध्यवसायैकदेशऽतिव्याप्तिवारणाय अध्यवसायपदम् । ન.ર.પ્રકરણ, તદેવ, પૃ.૯. વાંચો : सप्तभङ्गात्मकं यत् शब्दप्रमाणं ततो यः प्रदीर्घसन्तत-स्वरूपः अध्यवसायः तदेकदेश इत्यर्थः । પ્રમોદાવિવૃતિ, ન.ર.પ્રકરણ, તદેવ પૃ.૯.

(૨૩) अवग्रह-ईहा-अपाय-धारणाः । तत्त्वार्थसूत्र ૧.૧૫, વિવેચક : પં. સુખલાલજી, તદેવ પૃ. ૨૭, નામ, જાતિ વગરનું "આ કાંઈક છે" એવું જ્ઞાન તે અવગ્રહ; અવગ્રહના સામાન્ય ગ્રહણથી, વિશેષને ગ્રહવા તરફ ગતિ થાય તે ઈહાજ્ઞાન. જેમકે, પગને જેનો સ્પર્શ થયો તે સાપ નહીં પણ દોરડું હોવું જોઈએ. પછી અપાય એટલે અધ્યવસાય (નિશ્ચય) થાય કે "એ દોરડું જ છે." એ નિશ્ચયની સ્મરણ રૂપે મનમાં ધારણા થાય તે ધારણા. અહીં અપાય અને ધારણા એ પ્રત્યક્ષ કે મતિજ્ઞાનના અધ્યવસાયરૂપ જ્ઞાન છે. નયજ્ઞાન એ અધ્યવસાયરૂપ નથી પણ અધ્યવસાયવિશેષ છે.

(૨૪) रूपादिग्राहिणि रसादि-अप्रतिक्षेपिणि अपायादिप्रत्यक्षप्रमाणे अतिव्याप्तिवारणाय विशेष-पदम् । ન. ર પ્રકરણ, તદેવ પૃ.૧૦.

(૨૫) विशेषता च अध्यवसाये प्रकृतवस्तु-अंशत्व-व्यापक-विषयताशून्यत्वमेव, प्रमाणे च प्रकृतवस्तु-अंशग्राहित्वं प्रकृतवस्तुग्राहित्यादेव । પ્રમોદાવિવૃતિ ટીકા, નયરહસ્ય પ્રકરણ, તદેવ પૃ.૧૦.

☐

પૂરવ લિખિત લિખે સહુ, કોઈ લઈ મષી કાગળ કાંઠો,
ભાવ અપૂર્વ કહે તે પંડિત, બહુ બોલે તે બાંઠો-રે.

**ઉપાધ્યાય યશોવિજય**

('શ્રુતાંજલિ')

# 'જૈન તર્કભાષા'માં પ્રમાણનું સ્વરૂપ

મધુસૂદન બક્ષી

'જૈન તર્કભાષા'માં યશોવિજયજી પ્રમાણનું લક્ષણ આ રીતે આપે છે :

स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्[1]

જૈન તાર્કિક પંરપરામાં સિદ્ધસેન દિવાકરે प्रमाणं स्वपराभासि ज्ञानं बाधविवर्जितम् એ રીતે પ્રમાણનું લક્ષણ રજૂ કર્યું છે.[2] સમંતભદ્રે સ્વપર-અવભાસક જ્ઞાનને પ્રમાણનું લક્ષણ ગણ્યું છે.[3] પ્રમાણ અનધિગત અર્થનું અવિસંવાદી જ્ઞાન છે તેવું અકલંકદેવે દર્શાવ્યું છે.[4] માણિક્યનંદીએ 'પરીક્ષામુખસૂત્ર'માં પ્રમાણને સ્વ અને અપૂર્વ અર્થના વ્યવસાયાત્મક જ્ઞાન તરીકે ઘટાવ્યું છે.[5]

યશોવિજયજીએ પ્રમાણના લક્ષણમાં 'જ્ઞાન' શબ્દ મૂક્યો છે પણ 'બાધ-વિવર્જિત' કે 'અવિસંવાદી' એ શબ્દો મૂક્યા નથી. તેવી જ રીતે યશોવિજયજીએ 'પર' શબ્દ મૂકીને તેમના લક્ષણમાં અર્થને સ્થાન આપ્યું છે પરંતુ 'અપૂર્વ' કે 'અનધિગત' એવા શબ્દો અર્થના સંદર્ભમાં પ્રયોજ્યા નથી. યશોવિજયજી પ્રમાણના લક્ષણમાં વાદિ દેવસૂરિને શબ્દશઃ અનુસર્યા છે. વાદિ દેવસૂરિએ स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् તેવું પ્રમાણનું લક્ષણ આપ્યું છે.[6]

આમ જૈન તર્કશાસ્ત્રમાં સ્વ અને અર્થના વ્યવસાયાત્મક જ્ઞાનને પ્રમાણ તરીકે ગણવાની પરંપરા દૃઢ થતી ગઈ છે અને યશોવિજયજી તેને અનુસર્યા છે. જોકે હેમચંદ્ર સમ્યક્ અર્થનિર્ણયને જ પ્રમાણ તરીકે ઘટાવે છે.[7] તેમના મત પ્રમાણે સ્વનિર્ણય પ્રમાણ અને અપ્રમાણ બન્નેમાં પ્રવર્તે છે તેથી 'સ્વનિર્ણય' શબ્દ પ્રમાણના લક્ષણમાં વ્યાવર્તક પદ તરીકે સ્થાન પામી શકે નહીં. તેમના મતે પણ જ્ઞાન તો સ્વપ્રકાશક છે જ. હેમચંદ્રસૂરિએ પ્રમાણના લક્ષણમાં 'સ્વ' શબ્દ વ્યાવર્તક વિશેષણ ન હોવાથી મૂક્યો નથી જ્યારે યશોવિજયજીએ પ્રમાણના લક્ષણમાં પ્રમાણનું સ્વરૂપ દર્શાવતા સ્વરૂપબોધક વિશેષણ તરીકે 'સ્વ' શબ્દ પ્રયોજ્યો છે.

યશોવિજયજીના પ્રમાણ-લક્ષણમાં 'ज्ञान' અને 'व्यवसायि' પદો વ્યાવર્તક વિશેષણો તરીકે અને 'સ્વ' તેમજ 'પર' એ પદો સ્વરૂપબોધક વિશેષણો તરીકે પ્રયોજવામાં આવ્યાં છે.યશોવિજયજી કહે છે કે પ્રમાણના લક્ષણમાં 'જ્ઞાન' શબ્દ મૂકવાથી દર્શનમાં તેની અતિવ્યાપ્તિ નિવારી શકાય. 'દર્શન' શબ્દનો અર્થ અહીં નિર્વિકલ્પક બોધ એટલે નિર્વિશેષસત્તા માત્રનો નિષ્પ્રકારક બોધ તેવો જ થાય છે. જૈન તર્કશાસ્ત્રમાં નિર્વિકલ્પક એટલેકે નિષ્પ્રકારક બોધના અર્થમાં 'દર્શન' શબ્દને

પ્રમાણકોટિની બહાર મૂકવામાં આવે છે. માણિક્યનંદીએ દર્શન, સંશય આદિને પ્રમાણાભાસ તરીકે ગણાવ્યા છે.[૮] વાદિ દેવસૂરિએ પણ નિર્વિકલ્પક બોધ પ્રમાણ છે તે માન્યતાને પ્રમાણના સ્વરૂપ અંગેના આભાસ તરીકે ઘટાવી છે.[૯]

પંડિત સુખલાલજી નોંધે છે કે યશોવિજયજી નિર્વિકલ્પક દર્શનને પ્રમાણ તરીકે સ્વીકારતા નથી છતાં પણ તેમણે નૈશ્ચયિક અવગ્રહ સ્વરૂપમાં દર્શનનો પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો છે. યશોવિજયજીમાં આ મુશ્કેલીનો ખુલાસો કરતાં પંડિતજી જણાવે છે કે પ્રવૃત્તિનિવૃત્તિવ્યવહારની ક્ષમતાવાળો ન હોવાથી આવો અવગ્રહ પ્રમાણરૂપ ન ગણીએ અને તેથી તે અર્થમાં દર્શનને પ્રમાણકોટિની બહાર મૂકીએ તો કંઈ વાંધો આવતો નથી.[૧૦] પંડિતજીએ ઉઠાવેલો મુદ્દો વધુ વિચારવાયોગ્ય છે. યશોવિજયજી સ્વરૂપ, નામ, જાતિ, ક્રિયા, ગુણ અને દ્રવ્યની કલ્પનાથી કે વિકલ્પોથી રહિત સામાન્ય જ્ઞાનને અર્થાવગ્રહ ગણે છે.[૧૧]

નિર્વિકલ્પક અને સવિકલ્પક જ્ઞાન વિશે ભારતીય દર્શનોમાં વિવિધ મત પ્રવર્તે છે. બૌદ્ધમત પ્રમાણે નિર્વિકલ્પ જ્ઞાન જ પ્રમા છે, પરંતુ ભર્તૃહરિ, મધ્વાચાર્ય અને વલ્લભાચાર્યના મતે નિર્વિકલ્પ પ્રત્યક્ષ શક્ય જ નથી. ન્યાયદર્શનમાં નિર્વિકલ્પક અને સવિકલ્પક પ્રત્યક્ષનો પ્રમા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. નવ્યન્યાય મુજબ નિર્વિકલ્પક જ્ઞાન પ્રમા પણ નથી અને ભ્રમ પણ નથી. જૈન મત પ્રમાણે નિર્વિકલ્પક જ્ઞાન શક્ય છે પણ તે પ્રમા નથી.

જૈન મતમાં દર્શન અને જ્ઞાનનો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. સત્તામાત્રનો બોધ તે દર્શન. બીજાં દર્શનોમાં જેને નિર્વિકલ્પક પ્રત્યક્ષ ગણવામાં આવે છે તેને જૈન મતમાં દર્શન ગણવામાં આવે છે. દર્શનમાં માત્ર વસ્તુનો બોધ થાય છે. તેનાં સામાન્ય તેમ જ વિશિષ્ટ લક્ષણોનો બોધ દર્શન પછીના અવગ્રહના તબક્કે થાય છે. ત્યાર પછી વસ્તુની વધુ વીગતો જાણવાની ઈચ્છા થાય છે તેને 'ઈહા' કહે છે. ત્યાર પછી નિશ્ચિત જ્ઞાનનો જે તબક્કો છે તેને 'અવાય' કહેવાય છે.

પ્રમાણનું લક્ષણ નિર્વિકલ્પક દર્શનને લાગુ ન પડે એટલા માટે જેમ યશોવિજયજીએ 'જ્ઞાન' શબ્દ પ્રયોજ્યો છે તેમ પ્રમાણનું લક્ષણ સંશય વિપર્યય અને અનધ્યવસાયના સંદર્ભે અતિવ્યાપ્ત ન થાય તે માટે તેમણે 'વ્યવસાયિ' શબ્દ પ્રયોજ્યો છે.

યશોવિજયજી એ પણ સ્પષ્ટતા કરે છે કે મીમાંસકોના પરોક્ષજ્ઞાનવાદનો તેમજ નૈયાયિકોના જ્ઞાનાંતરવેદ્યજ્ઞાનવાદનો નિરાસ કરવા માટે સ્વરૂપબોધક વિશેષણ તરીકે પ્રમાણના લક્ષણમાં તેમણે 'સ્વ' શબ્દ મૂક્યો છે. વાદિ દેવસૂરિ મુજબ જ્ઞાનથી અન્ય અર્થ એટલે પર. યશોવિજયજી પણ જ્ઞાનથી ભિન્ન એવો અર્થ એટલે પર એમ સ્પષ્ટ કરે છે. યશોવિજયજી સ્વરૂપબોધાત્મક વિશેષણ તરીકે પ્રમાણના લક્ષણમાં 'પર' શબ્દ પ્રયોજીને જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ મતથી જૈન મતની ભિન્નતા સ્પષ્ટ કરે છે. જ્ઞાન સ્વ-પ્રકાશક છે; તેમજ જ્ઞાનથી ભિન્ન એવા અર્થનું પણ

પ્રકાશક છે; જ્ઞાન પોતાને જાણે છે; તે અજ્ઞાત રહેતું નથી અને તેને જાણવા માટે બીજા જ્ઞાનની જરૂર નથી. સિદ્ધસેન દિવાકરે સ્પષ્ટ કર્યું જ છે કે સકલ પ્રતિભાસો ભ્રમયુક્ત છે તેવું સિદ્ધ થાય જ નહીં તેથી પ્રમાણ સ્વ અને અન્યનો નિશ્ચય કરનારું જ ઘટી શકે. (ન્યાયાવતાર, ૭) તેઓ એમ પણ કહે છે કે જીવ પ્રમાતા છે, સ્વઅન્ય-નિર્ભાસી છે, કર્તા તેમજ ભોક્તા છે, પરિણામી છે અને સ્વ-સંવેદનસંસિદ્ધ છે. (ન્યાયાવતાર, ૩૧) હેમચંદ્રસૂરિ મુજબ સ્વપરાભાસી પરિણામી આત્મા એ જ પ્રમાતા. (પ્રમાણમીમાંસા, ૪૨)

પ્રમાણના લક્ષણની સમજૂતી આપીને 'પ્રમાણપરિચ્છેદ'માં જ યશોવિજયજી પ્રમાણના ફળ અંગેની શંકાઓનો ખુલાસો કરે છે. ન્યાય, મીમાંસા આદિ દર્શનોમાં પ્રમાણ અને ફળનો ભેદ સ્વીકારવામાં આવ્યો છે. બૌદ્ધો પ્રમાણ અને ફળનો અભેદ સ્વીકારે છે. જૈન દર્શનમાં પ્રમાણ અને ફળનો ભેદાભેદ સ્વીકારવામાં આવ્યો છે. યશોવિજયજી પ્રમાણ અને ફળમાં અમુક અપેક્ષાએ અભેદ હોઈને પ્રમાણને સ્વપરવ્યવસાયી અને ફળને પણ સ્વપરવ્યવસાયી તરીકે ઘટાવવામાં કોઈ મુશ્કેલી જોતા નથી. જૈન પરંપરામાં પ્રમાણના સાક્ષાત્ ફળ તરીકે અજ્ઞાનનિવૃત્તિને અને તેનાં વ્યવહિત ફળ તરીકે હાન, ઉપાદાન અન ઉપેક્ષાબુદ્ધિને ઘટાવવામાં આવે છે. દા.ત. સિદ્ધસેન દિવાકર મુજબ પ્રમાણનું સાક્ષાત્ ફળ અજ્ઞાનનિવૃત્તિ છે. (ન્યાયાવતાર,૨૮) યશોવિજયજી મુજબ પ્રમાણનું ફળ અજ્ઞાનનિવૃત્તિ અને અજ્ઞાનનિવૃત્તિ એ જ સ્વવ્યવસાય. યશોવિજયજી આ બાબત 'તર્કભાષા'માં તર્કના પ્રમાણની ચર્ચામાં સ્પષ્ટ કરે છે. પંડિત સુખલાલજી માને છે કે અહીં યશોવિજયજી-એ વિજ્ઞાનવાદી બૌદ્ધોને અનુસરીને સ્વવ્યવસાયને પ્રમાણના ફળ તરીકે ઘટાવ્યું હોય તેમ લાગે છે. (તાત્પર્યસંગ્રહવૃત્તિ, ૩૨, ૨૦) ન્યાયદર્શનમાં ઇન્દ્રિય કેવળ કરણ જ છે, ફળ નથી; અને હાન, ઉપાદાન, ઉપેક્ષાબુદ્ધિ ફળ જ છે.

કરણ નથી પરંતુ ઇન્દ્રિય અને હાન-ઉપાદાન-ઉપેક્ષાબુદ્ધિની વચમાં ફળોનો જે ક્રમ છે તેમાં પુરોગામી ફળને ઉત્તરગામી ફળની અપેક્ષાએ પ્રમાણ તરીકે સાપેક્ષ રીતે પણ ઘટાવવામાં આવે છે.

કેશવમિશ્રની 'તર્કભાષા'માં પ્રમાણ અને ફળની વ્યવસ્થા આ રીતે પણ રજૂ કરવામાં આવી છે.

| | કરણ | અવાન્તર વ્યાપાર | ફળ |
|---|---|---|---|
| ૧. | ઇન્દ્રિય | ઇન્દ્રિયાર્થસંનિકર્ષ | નિર્વિકલ્પક પ્રમા |
| ૨. | ઇન્દ્રિયાર્થ-સંનિકર્ષ | નિર્વિકલ્પક પ્રમા | સવિકલ્પક પ્રમા |
| ૩. | નિર્વિકલ્પક જ્ઞાન | સવિકલ્પક જ્ઞાન | હાનોપાદાનોપેક્ષાબુદ્ધિ |

અવાન્તર વ્યાપાર એટલે જે કરણથી ઉદ્ભવે અને કરણથી ઉદ્ભવતા ફળનું ઉત્પાદક બને તે. દા.ત. કુહાડી લાકડાંને કાપવાનું સાધન છે. તેનાથી લાકડાં સાથે સંયોગ કરીને પ્રહાર થાય છે તે અવાન્તર વ્યાપાર છે અને લાકડાંની છેદનક્રિયા તેનું

ફળ છે.[૧૨] અહીંયાં કરણનો અર્થ વિલંબ વગર ફળની ઉત્પત્તિ. જોકે 'ન્યાય-સૂત્રવૃત્તિ'માં વ્યાપારવત્ કારણને કારણ ગણીને કરણ અને ફળની વચમાં જે હોય તેને વ્યાપાર તરીકે ઘટાવવામાં આવે છે. તેથી એ યોજના મુજબ ઇન્દ્રિયને કરણ ગણીને સંનિકર્ષ અને નિર્વિકલ્પક તેમજ સવિકલ્પક જ્ઞાન વગેરેને અવાંતર વ્યાપાર તરીકે ઘટાવીને હાનબુદ્ધિ ફળને ગણ્યું છે.

એટલે ઇન્દ્રિયને જ કરણ માનનાર મુજબ કરણ, વ્યાપાર અને ફળની વ્યવસ્થા નીચે મુજબ ઘટે છે.

| ફળ | અવાન્તર વ્યાપાર | કરણ |
|---|---|---|
| ૧. નિર્વિકલ્પક પ્રમા | (ક) ઇન્દ્રિયાર્થસંનિકર્ષ | ઇન્દ્રિય |
| ૨. સવિકલ્પક પ્રમા | (ક) + (ખ) નિર્વિકલ્પક જ્ઞાન | ઇન્દ્રિય |
| ૩. હાનોપાદાનોપેક્ષાબુદ્ધિ | (ક)+(ખ)+(ગ) સવિકલ્પ જ્ઞાન | ઇન્દ્રિય |

જોકે હેમચંદ્રસૂરિએ વ્યવહિત ફળની વ્યવસ્થામાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણા, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, તર્ક અને અનુમાનના ક્રમમાં જે પૂર્વ-પૂર્વ છે તે પ્રમાણ અને જે ઉત્તર-ઉત્તર છે તે ફળ તેમ ઘટાવ્યું છે. દા.ત. અવગ્રહ પ્રમાણ અને ઈહા ફળ; ઈહા પ્રમાણ અને અવાય ફળ, વગેરે.[૧૩]

કેશવમિશ્ર અને હેમચંદ્રસૂરિને સરખાવતાં એ સ્પષ્ટ થાય છે કે જૈન મતમાં પ્રમાણ જ્ઞાનાત્મક જ છે તેથી ઇન્દ્રિયાર્થસન્નિકર્ષને કરણ કે અસાધારણ કારણ તરીકે ઘટાવવાનો પ્રશ્ન જ નથી. તે જ રીતે જ્ઞાન સવિકલ્પક હોય તો જ પ્રમાણ હોવાથી નિર્વિકલ્પક બોધને કરણ કે ફળ ગણવાનો પ્રશ્ન નથી. એટલે હેમચંદ્રસૂરિમાં આપણને પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણોના ક્રમમાં જ જ્ઞાનરૂપ મધ્યવર્તી પ્રમાણોને જ પૂર્વપદના સંદર્ભમાં ફળ અને ઉત્તરપદના સંદર્ભમાં પ્રમાણ એવો ક્રમ દેખાય છે.

યશોવિજયજીની 'તર્કભાષા'માં પણ ઇન્દ્રિય, સન્નિકર્ષ, કે નિર્વિકલ્પક બોધને પ્રમાના કરણ તરીકે સ્થાન નથી. જોકે યશોવિજયજી હેમચંદ્રસૂરિ જેવી પ્રમાણ-વ્યવસ્થાનો એટલે કે મધ્યવર્તી પદને પૂર્વ પ્રમાણનું ફળ અને ઉત્તરફળનું પ્રમાણ ગણવાની યોજનાનો ઉલ્લેખ કરતા નથી. યશોવિજયજી આત્માના વ્યાપારરૂપ ઉપયોગને જ પ્રમાણ ગણે છે. તેઓ કહે છે કે વ્યાપારરહિત કારક (કરણ) ક્રિયાને ઉત્પન્ન કરી શકે જ નહીં.

ઇન્દ્રિયોના પ્રથમ બે ભેદ – દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય – પાડવામાં આવે છે અને દ્રવ્યેન્દ્રિયના નિર્વૃત્તિ અને ઉપકરણ એ બે વિભાગો છે. દ્રવ્યેન્દ્રિય જડ છે. તે પ્રમાણ નથી. ભાવેન્દ્રિયમાં લબ્ધિ-ઇન્દ્રિય એટલે અર્થને ગ્રહણ કરવાની ક્ષમતા. યશોવિજયજી સ્પષ્ટ કરે છે કે લબ્ધિઇન્દ્રિય પણ પ્રમાણ નથી. દ્રવ્યેન્દ્રિય અજ્ઞાનાત્મક હોવાથી પ્રમાનું સાધન નથી. લબ્ધિઇન્દ્રિય ઉપયોગાત્મક ન હોઈને પ્રમાણ નથી. તેથી જ યશોવિજયજી સ્પષ્ટ કરે છે કે આત્મવ્યાપારરૂપ ઉપયોગ-ઇન્દ્રિય જ પ્રમાણ છે. દ્રવ્યઇન્દ્રિય મુખ્ય નથી, ગૌણ છે. લબ્ધિ જ્ઞાનાવરણકર્મના

ક્ષય અને ઉપશમથી યુક્ત છે. અર્થને ગ્રહણ કરવાની આત્માની શક્તિ લબ્ધિ છે. અર્થના બોધ માટેની સભાન પ્રવૃત્તિને વ્યાપાર કહેવાય છે. આ વ્યાપાર એ જ ઉપયોગઇન્દ્રિય. ઉપયોગ એટલે અર્થગ્રહણવ્યાપાર.[૧૪]

જૈન મત પ્રમાણે જ્ઞાન પોતે જ સ્વપરપ્રકાશક હોવાથી પ્રમાણ છે અને તેથી એ પ્રમાનું અસાધારણ કારણ કે કરણ છે. જૈન દર્શનમાં કરણ એટલે જે વિલંબ વિના પરિણામ લાવે તે. અબોધ સ્વભાવવાળી જ્ઞાનસામગ્રીને પ્રમાના કરણ તરીકે ઘટાવવાનું જૈન મતને માન્ય નથી. અબોધ કારણસામગ્રી પ્રમાનું અસાધારણ કારણ નથી, પ્રધાન કારણ નથી. સામગ્રીથી અર્થ-પ્રકાશ થતો નથી, જ્ઞાનથી જ થાય છે. જ્ઞાનરૂપી વ્યાપાર વગર કેવળ સામગ્રી અર્થગ્રહણ કરાવતી નથી. જ્ઞાન પોતાને તેમજ પોતાના અર્થને પ્રકાશિત કરે છે.

**પ્રમાણનું સ્વરૂપ : સંક્ષિપ્ત સાર**

(૧) દ્રવ્યેન્દ્રિય પ્રમાણ નથી.

(૨) લબ્ધિઇન્દ્રિય પ્રમાણ નથી.

(૩) ઉપયોગ-ઇન્દ્રિય જ પ્રમાણ છે.

(૪) ઇન્દ્રિયાર્થ સંનિકર્ષ કે કોઈ પણ આંશિક કે સકલ અબોધ સામગ્રી પ્રમાનું પ્રધાન કરણ નથી. ન્યાયે દર્શાવેલા વિવિધ પ્રકારના સંનિકર્ષ પ્રમાનું અસાધારણ કારણ નથી.

(૫) પ્રમાણ જ્ઞાનાત્મક છે; અજ્ઞાનાત્મક નથી.

(૬) અનધિગત એવા કે અપૂર્વ હોય તેવા અર્થને જાણે તે જ પ્રમાણ તેવું ઘટતું નથી.

(૭) પ્રમાણ સ્વ-અવભાસક છે પરંતુ માત્ર સ્વ-અવભાસક નથી. તે સ્વપરપ્રકાશક પણ છે.

(૮) પ્રમાણ જ્ઞાનથી ભિન્ન એવા અર્થનું અવભાસક છે પણ તે કેવળ અર્થનું જ પ્રકાશક નથી. જ્ઞાન અને અર્થ વચ્ચે અભેદ નથી. અર્થ જ્ઞાનથી સ્વતંત્ર રીતે સત્ છે. જ્ઞાન ગ્રાહક છે અને અર્થ ગ્રાહ્ય છે.

(૯) સ્વ-અવભાસક હોઈને તેમજ જ્ઞાનથી ભિન્ન અર્થનું અવભાસક હોઈને પ્રમાણ સ્વપર-અવભાસક તરીકે ઘટાવ્યું છે.

(૧૦) દર્શન એટલેકે નિર્વિકલ્પક બોધ પ્રમાણ નથી.

(૧૧) પ્રમાણ સંશય, વિપર્યય અને અનધ્યવસાયથી વ્યાવૃત એવું વ્યવસાયાત્મક જ્ઞાન છે.

(૧૨) આત્મા અને જ્ઞાન વચ્ચે ભેદાભેદનો સંબંધ છે.

(૧૩) જ્ઞાનની ઉત્પત્તિ અર્થથી જ થાય છે (તદુત્પત્તિ) અને જ્ઞાન અર્થનો આકાર ધારણ કરે છે (તદાકારતા) તે બન્ને અસ્વીકાર્ય છે. દીપકની જેમ જ્ઞાન અર્થનું પ્રકાશક છે. દીપક જેને પ્રકાશિત કરે છે તેને ઉત્પન્ન કરતો નથી અને તેનાથી ઉત્પન્ન

થતો નથી તેવું જ જ્ઞાનનું છે. પ્રતિનિયત અર્થને જાણવાની વ્યવસ્થા જ્ઞાનનું આવરણ કરવાવાળા ક્ષયોપશમ-લક્ષણવાળી યોગ્યતાથી શક્ય બને છે.

સાકારજ્ઞાનવાદ સ્વીકાર્ય નથી.

(૧૪) પ્રમાણનો વિષય દ્રવ્યપર્યાયાત્મક વસ્તુ છે. નય પ્રમાણ કે અપ્રમાણ નથી.

(૧૫) અજ્ઞાનનિવૃત્તિ પ્રમાણનું સાક્ષાત્ ફળ છે.

(૧૬) હાનબુદ્ધિ વગેરે તેનાં વ્યવહિત ફળ છે.

(૧૭) પ્રમાણ અને ફળ વચ્ચે ભિન્નતા અને અભિન્નતા બન્ને પ્રવર્તે છે. પ્રમાણમાં હિતની પ્રાપ્તિ અને અહિતના પરિહારનું સામર્થ્ય હોય છે.

**પાદટીપ**


૧. જૈન તર્કભાષા (હિન્દી), પંડિત શોભાચંદ્ર ભારિલ્લ પાથર્ડી, અહમદનગર, ૧૯૬૪
૨. સિદ્ધસેન્સ ન્યાયાવતાર એન્ડ અધર વર્ક્સ (અંગ્રેજી) સંપા. ડૉ. એ. એન. ઉપાધ્યાય, મુંબઈ, જૈન સાહિત્ય વિકાસ મંડળ, ૧૯૭૧
૩. પ્રમેયરત્નમાલા (હિન્દી), વ્યાખ્યાકાર : હીરાલાલ જૈન, વારાણસી, ચૌખમ્બા, ૧૯૬૪
૪. ધ જૈન થિયરી ઑફ પર્સેપ્શન (અંગ્રેજી), પુષ્પા બોથરા, દિલ્હી, મોતીલાલ બનારસીદાસ, ૧૯૭૬, પૃ.૨૨
૫. એજન, પૃ.૨૨
૬. વાદિ વેદસૂરિઝ પ્રમાણ-નય-તત્ત્વાલોકાલંકાર, (અંગ્રેજી) હરિ સત્ય ભટ્ટાચાર્ય, મુંબઈ, ૧૯૬૭, જૈન સાહિત્ય મંડળ, પૃ.૧
૭. હેમચંદ્રઝ પ્રમાણમીમાંસા, (અંગ્રેજી) સત્કારી મુકરજી, વારાણસી, તારા પબ્લિકેશનસ, પૃ. ૨–૪
૮. પ્રમેયરત્નમાલા (હિન્દી), પૃ.૩૦૩
૯. વાદિદેવસૂરિઝ પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, પૃ.૪૧૯
૧૦. દર્શન ઔર ચિંતન (હિન્દી), પંડિત સુખલાલજી, અમદાવાદ, ગુજરાત વિદ્યાસભા, પૃ.૭૨
૧૧. એજન, ૧૫૧–૧૫૪
૧૨. કેશવમિશ્ર પ્રણીતા તર્કભાષા (હિન્દી), શ્રીનિવાસ શાસ્ત્રી, મેરઠ, ૧૯૭૬, પૃ.૫૬
૧૩. હેમચંદ્રઝ પ્રમાણમીમાંસા (અંગ્રેજી), પૃ.૭૪, ૭૫
૧૪. જૈન તર્કભાષા (હિન્દી), પંડિત ઈશ્વરપ્રસાદ શર્મા, રામાનંદ પ્રેસ, અમદાવાદ, પૃ.૨૧–૨૭


☐

*વચન, કાયા તે તો બાંધીએ,*
*મન નવિ બાંધ્યો જાય, હે મિત્ત,*
*મન બાંધ્યા વિણ પ્રભુ ના મિલે*
*કિરિયા નિષ્ફળ જાય હે મિત્ત.*

ઉપાધ્યાય યશોવિજય
('શ્રુતાંજલિ')

# 'ભાષારહસ્ય'માં નિરૂપિત સત્યા ભાષા – એક અભ્યાસ

વસન્તકુમાર મ. ભટ્ટ

'તત્ત્વાર્થસૂત્ર'ની પ્રસ્તાવનામાં પંડિત શ્રી સુખલાલજીએ જણાવ્યું છે કે વૈશેષિક, સાંખ્ય અને વેદાન્ત જેવાં દર્શનો 'જ્ઞેયમીમાંસાપ્રધાન' છે. પરંતુ કેટલાંક દર્શનોમાં ચારિત્રની મીમાંસા મુખ્ય છે. જેમકે, યોગ અને બૌદ્ધદર્શનમાં. જીવનની શુદ્ધિ શું છે ? તેને કેવી રીતે સાધી શકાય ? તેમાં કોણકોણ બાધક છે ? ઇત્યાદિ જીવનસંબંધી પ્રશ્નોનો જવાબ શોધવાનો ત્યાં ઉપક્રમ છે. ભગવાન મહાવીરે પોતાની મીમાંસામાં જ્ઞેયતત્ત્વ અને ચારિત્રને એકસરખી રીતે સ્થાન આપ્યું છે. આથી તેમની તત્ત્વમીમાંસા એક તરફથી જીવઅજીવના નિરૂપણ દ્વારા જગત્‌ના સ્વરૂપનું વર્ણન કરે છે, અને બીજી તરફ આસ્રવ, સંવર આદિ તત્ત્વોનું વર્ણન કરીને ચારિત્રનું સ્વરૂપ દર્શાવે છે. તેમની તત્ત્વમીમાંસાનો અર્થ છે જ્ઞેય અને ચારિત્રનો સમાન રૂપથી વિચાર.[1] આ ચારિત્રના એક અંગ તરીકે ભાષાવિશુદ્ધિની જરૂરિયાત છે એમ જૈન દર્શનમાં અનેક જગ્યાએ કહેવાયું છે. તદ્દુપરાંત, ભાષાવિષયક બીજા અનેક તાત્ત્વિક વિચારો જૈન દર્શનમાં વિચારાયા છે. આજથી લગભગ ત્રણ સો વર્ષ પૂર્વે શ્રી યશોવિજય ઉપાધ્યાયે 'ભાષારહસ્ય' નામના એક પ્રકરણગ્રન્થની રચના કરી છે.

આ પ્રકરણગ્રન્થના આરંભે તેમણે જણાવ્યું છે કે – આ પૃથ્વી ઉપર જે કોઈ નિઃશ્રેયસ્‌ની ઇચ્છાવાળો હોય તેણે ભાષાવિશુદ્ધિ અવશ્ય પ્રાપ્ત કરવી જોઈએ. કારણકે વાક્‌સમિતિ (વાણીનો સંયમ) અને વાક્‌ગુપ્તિ (વાણીનું રક્ષણ) તે ભાષાવિશુદ્ધિને આભારી છે. વળી, આ વાક્‌સમિતિ અને ગુપ્તિ અન્તે તો પરમ નિઃશ્રેયસ્‌માં હેતુભૂત એવા ચારિત્રનાં અંગ છે. અહીંયાં વચનવિભક્તિમાં અકુશળ એવી વ્યક્તિને કેવળ મૌન સેવવા માત્રથી જ વાક્‌ગુપ્તિની સિદ્ધિ મળી જતી નથી. કેમકે અનિષ્ણાત વ્યક્તિ સર્વથા મૌન રહેવાથી તો વ્યવહારનો ઉચ્છેદ થશે અને આવા અનિષ્ણાતને વાક્‌ગુપ્તિમાં અધિકાર જ નથી. જેમ કહેવાયું છે કે –

वयणविभत्ति अकुसलो, वओगयं बहुविहं अयाणंतो ।
जइवि न भासइ किंची, न चेव वयगुत्तअं पत्तो ॥

– दश० अ०७ नि० गाथा २९०

અર્થાત્ વચનવિભક્તિમાં અકુશળ એવો જે વાણીગત અનેક પ્રકારોને જાણતો નથી તે જો કંઈ જ ન બોલે, એટલેકે મૌન સેવે તોપણ તેને વાગ્‌-ગુપ્તતા પ્રાપ્ત

થતી નથી. ઊલટાનું, અવાક્‌ગુપ્તને વાણી ગુપ્ત કર્યાનું (મિથ્યા) અભિમાન જાગવાથી દોષ જ પ્રાપ્ત થાય છે.

આ સન્દર્ભમાં, ભાષાની વિશુદ્ધિ જાહેર કરવા માટે 'ભાષારહસ્ય' પદથી અંકિત એવું, પ્રાકૃતગાથાઓમાં (સંસ્કૃતમાં સ્વોપજ્ઞ વિવરણ સહિતનું) રચેલું આ પ્રકરણ શરૂ કરવામાં આવ્યું છે.

આ 'ભાષારહસ્ય' પ્રકરણગ્રન્થમાં ભાષાનું મુખ્યત્વે ચતુર્વિધ વિભાજન કરવામાં આવ્યું છે : ૧. નામભાષા, ૨. સ્થાપનાભાષા, ૩. દ્રવ્યભાષા અને ૪. ભાવભાષા. આ ચતુર્વિધ ભાષાઓમાંથી ભાવભાષાના શીર્ષક હેઠળ સત્યા ભાવભાષા, અસત્યા ભાવભાષા, મિશ્રા ભાવભાષા અને અનુભયા ભાવભાષા એવા પ્રભેદો દર્શાવવામાં આવ્યા છે.

આમાંથી સત્યા ભાવભાષાનાં લક્ષણ, ઉપભેદાદિની ચર્ચા કરતાં શ્રી યશોવિજય ઉપાધ્યાયે તેમની સંસ્કૃત સ્વોપજ્ઞ વિવૃતિમાં લખ્યું છે કે "અવધારણા (નિશ્ચય) કરવાના એકમાત્ર ભાવથી 'તે પ્રકારની વસ્તુને વિશે તે જ પ્રકારનું વચન ઉચ્ચારવું' તેને સત્યા ભાષા કહે છે."[૨] અહીં, 'અવધારણા કરવાના એકમાત્ર ભાવથી' એવું વિશેષણ જોડીને અસત્યામૃષા ભાષાનો વ્યવચ્છેદ કરવામાં આવ્યો છે. આવી સત્યા ભાષાનું લક્ષણ બાંધતાં જણાવ્યું છે કે तद्धर्मवति तद्धर्मप्रसारकशाब्दबोधजनकः शब्दः । "તે ધર્મવાળા પદાર્થને વિશે તદ્‌ધર્મને પ્રકારીભૂત કરીને શાબ્દબોધ જન્માવનાર જે શબ્દ, તેને સત્યા ભાષા કહે છે." આવું લક્ષણ બાંધવાનું કારણ એ છે કે અનન્ત ધર્મોવાળી વસ્તુમાંથી કોઈ એકાદ ધર્મનું અભિધાન કરવું એ સત્ય ગણાય નહીં. આવા એકાદ ધર્મનો ઉલ્લેખ કરવામાં આવે તો તેમાં અવધારણાનો બાધ થાય છે એમ જાણવું.

આવી સત્યા ભાષા દશ પ્રકારની જોવા મળે છે :

| | |
|---|---|
| ૧. જનપદસત્યા | ૬. પ્રતીત્યસત્યા |
| ૨. સમ્મતસત્યા | ૭. વ્યવહારસત્યા |
| ૩. સ્થાપનાસત્યા | ૮. ભાવસત્યા |
| ૪. નામસત્યા | ૯. યોગસત્યા, અને |
| ૫. રૂપસત્યા | ૧૦. ઔપમ્યસત્યા |

આ દરેકનાં લક્ષણો અને ઉદાહરણો નીચે મુજબ છે :

**(૧) જનપદસત્યા ભાષા :** જે ભાષા જનપદમાં પ્રચલિત સંકેતને અનુસરીને લોકના પદાર્થોનો બોધ કરાવે છે તેને જનપદસત્યા ભાષા કહે છે. આવી ભાષા ધીરપુરુષો વડે પ્રયોજાય છે. અહીં 'ધીર પુરુષો' તરીકે તીર્થંકરો અને ગણધરો સમજવાના છે. આનું લક્ષણ આપતાં લખ્યું છે કે जनपदसङ्केतमात्रप्रयुक्तार्थप्रत्यायकत्वम् ॥

(૨) **સમ્મતસત્યા ભાષા :** જે ભાષા રૂઢિનું અતિક્રમણ કરીને કેવળ વ્યુત્પત્તિજન્ય અર્થમાત્રથી નિર્ણય કરતી નથી તે સમ્મતસત્યા ભાષા છે. જેમકે, કમળને માટે पङ्क-ज શબ્દ વપરાય છે. અહીંયાં પંક(કાદવ)માંથી તો શેવાળ-કીડાદિ અનેક જન્તુઓ જન્મી શકતા હોય છે. તથાપિ पङ्कज શબ્દ કેવળ अरविन्दને માટે જ વપરાય છે, શેવાળ વગેરેને માટે વપરાતો નથી.

(૩) **સ્થાપનાસત્યા ભાષા :** સ્થાપના વિશે રહેનારી ભાષાને સ્થાપનાસત્યા કહેવામાં આવે છે. જે સંકેતમાંથી ભાવાર્થ નીકળી ગયો હોય, એટલેકે વ્યુત્પત્તિલભ્ય અર્થ છૂટી ગયો હોય તેવી ભાષાને સ્થાપનાસત્યા કહે છે. જેમકે, જિનપ્રતિમાને વિશે જે 'જિન' શબ્દનો પ્રયોગ થાય છે તે. અહીં તાત્પર્ય એ છે કે જેવી રીતે 'જિન' શબ્દ ભાવજિન – વાસ્તવિક જિન – ને વિશે પ્રવર્તતો હોય છે, તેવી રીતે સ્થાપના જિનને – પ્રતિમાંકિત જિન – ને વિશે પણ, નિક્ષેપ પ્રામાણ્યથી વાપરી શકાય છે. જેમકે, અનેકાર્થક શબ્દોનું પ્રકરણાદિના મહિમાથી વિશેષાર્થને વિશે નિયમન થતું જોવા મળે છે. આનું લક્ષણ આપતાં લખ્યું છે કે यत्र प्रकरणादिबलाद् बहुशो भावे प्रवर्तमानानामपि शब्दानां नियन्त्रितशक्तितया स्थापनाप्रतिपादकत्वप्रतिपत्तिस्तत्र स्थापना-सत्यत्वमिति ॥ આવું લક્ષણ બાંધવા થકી અચેતન પ્રતિમા – મૂર્તિ – માં પણ अर्हद् આદિ પદોનું પ્રતિપાદન થઈ શકે છે.

(૪) **નામસત્યા ભાષા :** ભાવાર્થવિહીન હોય અને છતાંય 'નામ' તરીકે પ્રચારમાં આવેલ હોય તેને નામસત્યા ભાષા કહે છે. જેમકે, ધનરહિત હોય તોપણ તેનું કુબેર, ધનેશ, ધનજીભાઈ – એવું કોઈક નામ પાડ્યું હોય છે. આનું લક્ષણ આ પ્રમાણે છે : नामसङ्केतमात्रादेव योगार्थबाधम् अवगणय्य स्वप्रतिपाद्यं प्रतिपादयतीति यावत् ॥

(૫) **રૂપસત્યા ભાષા :** નામસત્યા જેવી જ આ રૂપસત્યા જાણવી. 'નામ' વાપરવાના પ્રસંગે કેવળ રૂપનો જ અભિલાષ, એટલેકે રૂપ(વાચક) શબ્દનો પ્રયોગ કરવો તેને રૂપસત્યા ભાષા કહે છે. દા.ત. अयं यतिः । આનું લક્ષણ બાંધતાં જણાવ્યું છે કે भावार्थबाधप्रतिसन्धानसध्रीचीनतद्रूपवद्गृहीतोपचारकपदघटितभाषात्वम् ॥

અહીં એક સ્પષ્ટતા એ કરવામાં આવી છે કે આ રૂપસત્યાનો સ્થાપનાસત્યામાં અન્તર્ભાવ કરવો નહીં. કારણકે अतद्द्रव्ये तदाकारः स्थापना, कूटद्रव्यं च रूपमिति ॥ એવો તફાવત કહેવામાં આવ્યો છે.

(૬) **પ્રતીત્યસત્યા ભાષા :** જેમાં પ્રતિયોગિ પદાર્થોનું પ્રદર્શન કરાવ્યું / થયું નથી એવી ભાષાને પ્રતીત્યસત્યા ભાષા કહે છે. જેમકે, એક ફળ. તે ફલાન્તરની અપેક્ષાએ નાનું કે મોટું હોય છે. એ જ પ્રમાણે, अनामिका તે કનિષ્ઠિકા અંગુલિની અપેક્ષાએ લાંબી હોય છે; પણ મધ્યમા અંગુલિની અપેક્ષાએ ટૂંકી હોય છે. આવી

ભાષામાં જો નિમિત્તાન્તર ભેદનું પ્રદર્શન કરવામાં/કરાવવામાં આવે તો તે ભાષા મૃષા (અસત્યા) જ પુરવાર થાય.

(૭) **વ્યવહારસત્યા ભાષા :** વ્યવહારનો અર્થ થાય છે : લોકની (ભાષકો)ની વિવક્ષા. વક્તાને અમુક અર્થ કહેવાની જે ઇચ્છા, તેને 'વિવક્ષા' કહે છે. જેમકે, ''નદી જેવું પદ નદીગત નીરાદિનો બોધ કરાવે.'' એવી (નદીપદ) પ્રયોક્તાની ઇચ્છા હોય છે. પરિણામે નદી એમ બોલવાથી નદીગત નીરાદિનો અર્થબોધ થતો હોય છે. અહીં કોઈકનું કહેવું છે કે નદી એવા પદથી નદી અને તેનું પાણી અભિન્ન છે એવી પ્રતિપત્તિ થતી હોય છે. તો બીજા કેટલાક કહે છે કે નદી પદ 'નદીથી અભિન્ન નદીનું નીર છે' એમ અર્થબોધ કરાવે એવી વિવક્ષા છે; આવી વિવક્ષાથી પ્રેરાઈને ભાષા પ્રયોજાય છે. જેમકે, सा पीयते नदी 'તે નદી પીવાય છે.' दह्यते गिरिः 'પર્વત સળગે છે' – તે ભાષાને વ્યવહારસત્યા કહે છે. અહીંયાં पीयते नदीનો અર્થ 'નદીગત નીર પીવે છે.' તથા दह्यते गिरिःનો અર્થ 'ગિરિગત તૃણાદિ સળગે છે' એવો થશે. આ એક પ્રકારનું ઉપલક્ષણ છે. જેમકે, गलति भाजनम् । अनुदरा कन्या । अलोमा एडका । વગેરે. ૧. અહીં 'વાસણમાંનું પાણી ટપકે છે.' ૨. 'સંભોગજ બીજથી ઉદરવૃદ્ધિ વિનાની કન્યા' ૩. 'કાપવાયોગ્ય વાળ વિનાની એડકા' એવા અર્થો મળે છે. અહીંયાં ગિરિ અને તૃણાદિનો અભેદ કહેવામાં મૃષાવાદિત્વનો પ્રસંગ આવી પડવાનો નથી. કેમકે વ્યાવહારિક અભેદાશ્રયથી આવા પ્રયોગો કરવામાં કોઈ દોષ નથી.

(૮) **ભાવસત્યા ભાષા :** જે સદ્અભિપ્રાયપૂર્વક જ બોલાઈ હોય તે ભાષા ભાવસત્યા છે. જેમકે, 'ઘડો લાવો' એવા અભિપ્રાયને ઉદ્દેશીને જ घटम् आनय એમ બોલાયું હોય. એ જ પ્રમાણે, गौः કે अश्वः એવા અભિપ્રાયપૂર્વક गौः કે अश्वः બોલાયા હોય ત્યારે તેને ભાવસત્યા ભાષા કહે છે. આ ઉદાહરણો ચૂર્ણિકારનાં વચનોનો આધાર આપીને રજૂ કરવામાં આવ્યાં છે.

(૯) **યોગસત્યા ભાષા :** કોઈ વસ્તુનો યોગ હોતાં ઉપચારથી જે ભાષા પ્રયોજાય તેને યોગસત્યા કહે છે. છત્ર કે દંડ ન હોય તોપણ તે વ્યક્તિને માટે छत्री, दण्डी એવા શબ્દનો પ્રયોગ થાય છે. આનું લક્ષણ બાંધતાં જણાવ્યું છે કે अतीतसम्बन्धवत्-लाक्षणिकपदघटिता योगसत्येत्यर्थः ।।

(૧૦) **ઔપમ્યસત્યા ભાષા :** ઉપમાન એટલે જ્ઞાત ઉદાહરણ, નિદર્શન કે દૃષ્ટાન્ત. આવા ઉપમાનપૂર્વકની જે ભાષા તેને ઔપમ્યસત્યા ભાષા કહે છે. આવું ઉપમાન ૧. ચરિત અને ૨. કલ્પિત એવા બે પ્રકારનું હોય છે. અહીં 'ચરિત ઉપમાન' એટલે પારમાર્થિક સત્યઘટના કે વસ્તુ ઉપર આધારિત એવું જે ઉપમાન. દા.ત. महारम्भो ब्रह्मदत्तादिवद् दुःखं भजते. 'ભારે ઉધામો કરનાર બ્રહ્મદત્તાદિની જેમ તે દુઃખ પામે છે.' હવે, કલ્પિત ઉપમાનનું ઉદાહરણ संसारः समुद्रः 'સંસારરૂપી સમુદ્ર'.

અહીં સ્વબુદ્ધિના વિકલ્પથી નિર્મેલું જે ઉપમાન તેને 'કલ્પિત ઉપમાન' કહે છે.

*

આ સત્યા ભાષાના દશેય ભેદોના લક્ષણાદિની ચર્ચામાં પ્રાસંગિક રીતે શ્રી યશોવિજય ઉપાધ્યાયે અપભ્રંશ શબ્દોના વાચકત્વ વિશે પણ ચર્ચા કરી છે. જેમકે, જનપદસત્યા ભાષાનું લક્ષણ जनपदसङ्केतमात्रप्रयुक्तार्थप्रत्यायकत्वम्– 'જનપદમાં પ્રચલિત થયેલા સંકેત માત્રથી પ્રયોજાતા શબ્દોમાં અર્થબોધ કરાવવાની શક્તિ હોય છે' એ પ્રમાણે આપ્યું છે. અહીં, પ્રસ્તુત લક્ષણમાં માત્ર શબ્દનું સ્વારસ્ય સમજાવતાં જણાવ્યું છે કે 'અનાદિ સિદ્ધ સંકેતનો વ્યવચ્છેદ કરવા માટે' તે (માત્ર) શબ્દ ઉમેર્યો છે. વળી, '(જનપદમાં વપરાતી) અપભ્રંશ ભાષામાં શક્તિનો અભાવ હોવાથી તે અપભ્રંશ ભાષામાં અર્થબોધકત્વ હોતું નથી. અને જો તેમાંથી અર્થબોધ થતો પણ હોય તો, તે કેવળ શક્તિભ્રમને કારણે જ' એવું જે (નૈયાયિકો) કહે છે તે પણ સ્વીકાર્ય નથી. કારણ કે ઈશ્વરનું અસ્તિત્વ સાબિત થતું નથી. તેથી 'તે-તે પદમાંથી તે અર્થનો બોધ થાય.' એવી ઈશ્વરેચ્છા રૂપ શક્તિની પણ સિદ્ધિ થતી નથી. ટૂંકમાં, જનપદમાં પ્રચલિત એવા સંકેતના જ્ઞાનથી જ શાબ્દબોધ થતો હોય છે. તદુપરાંત, 'સંસ્કૃત ભાષાના સંકેતો જ સાચા અને અપભ્રંશ ભાષાના સંકેત સાચા નહીં' એવો નિર્ણય તારવવા માટે કોઈ પ્રમાણ નથી. એ વિશે અન્યત્ર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે.

આ જ રીતે 'સદ્ભાવસ્થાપના સત્યા ભાષા'માં શક્તિ માનવા માટે व्यक्त्याकृति-जातयस्तु पदार्थः (न्या० सू० २.१.६८) એવા ગૌતમીય ન્યાયસૂત્રનું સ્મરણ કર્યું છે અને સ્પષ્ટતા કરી છે કે गवादि પદોની લાઘવને કારણે 'गोत्वादि વિશિષ્ટ (વ્યક્તિ)'નો અર્થબોધ કરાવવામાં શક્તિ રહેલી છે; અને આકૃતિનો બોધ થવા માટે લક્ષણા માનવી એમ પણ કહેવાની જરૂર નથી. કારણકે સ્થાપનામાં નિક્ષેપાનુશાસન કહેવામાં આવેલું જ છે. આમ શ્રી યશોવિજય ઉપાધ્યાયે 'આકૃતિ'માં પણ સીધી શક્તિ માની છે.

*

અહીં ભાષાકીય વિચારણાની દૃષ્ટિએ નોંધપાત્ર મુદ્દો જે જણાયો છે તે એ છે કે ભગવાન્ બુદ્ધ અને ભગવાન્ મહાવીરે પોતપોતાના તત્ત્વજ્ઞાનનો જે ઉપદેશ કર્યો છે તે પાલિ અને પ્રાકૃત ભાષાના માધ્યમથી કર્યો છે. આ પાલિ અને પ્રાકૃત ભાષાઓથી થતો અર્થબોધ નૈયાયિકોની દૃષ્ટિએ શક્તિભ્રમથી થતો હોય છે અથવા અસાધુ શબ્દો સાધુશબ્દોના સ્મારક બનતા હોવાથી અર્થબોધ થતો હોય છે. અહીં, શ્રી યશોવિજય ઉપાધ્યાય પણ ન્યાયશાસ્ત્રના અભ્યાસી હોવાથી, આ અપભ્રંશ શબ્દોમાં વાચકત્વ હોવા વિશે તેમના કેવા વિચારો છે ? તેની જિજ્ઞાસા સ્વાભાવિક રીતે જ થાય છે. તો ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી જોઈ શકાય છે કે અપભ્રંશ શબ્દોના

વાચકત્વ વિશે નૈયાયિકોનો જે મત છે તેનું ખંડન કરવા માટે તેમણે જૈન મતને જ આગળ કર્યો છે. એટલેકે 'ઈશ્વરની સિદ્ધિ થતી નથી' માટે 'ઈશ્વરેચ્છાની પણ સિદ્ધિ થતી નથી.' એવી દલીલ કરી છે. બીજી તરફ, સ્થાપનાસત્યા ભાષાની સિદ્ધિ કરવા માટે ગૌતમના એક ન્યાયસૂત્રનો સ્વીકાર પણ કર્યો છે.

**પાદટીપ**

૧. જુઓ ઉમાસ્વાતિપ્રણીત 'તત્ત્વાર્થસૂત્ર' (હિન્દી) પ્રસ્તાવના પૃ.પ૪, પપ. વિવેચનકર્તા : પં.સુખલાલજી સંઘવી, પ્રકાશક : જૈન સંસ્કૃતિ સંશોધન મંડલ, બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય, બનારસ–પ, ઈ.સ. ૧૯પ૨

૨. अवधारणैकभावेन तस्मिंस्तद्वचनं सत्या ।

☐

*વૈદિક અને બૌદ્ધ સાહિત્યે દાર્શનિક પ્રદેશમાં સત્તરમા સૈકા સુધીમાં જે ઉત્કર્ષ સાધ્યો હતો, લગભગ તે બધા ઉત્કર્ષનો આસ્વાદ જૈન વાઙ્મયને આપવા ઉપાધ્યાયજીએ પ્રામાણિકપણે આખું જીવન વ્યતીત કર્યું અને તેથી તેઓના એક તેજમાં જૈન ન્યાયનાં બીજાં બધાં તેજો લગભગ સમાઈ જાય છે, એમ કહેવું પડે છે.*

પં. સુખલાલજી
('જૈન ન્યાયનો ક્રમિક વિકાસ')

# 'તિઙન્વયોક્તિ'

વસન્તકુમાર મ. ભટ્ટ

**ભૂમિકા**

લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં શ્રી પુણ્યવિજયજી આદિના હસ્તપ્રતસંગ્રહમાં પ્રત-ક્રમાંક ૪૩૦૯૯થી શ્રી યશોવિજય ઉપાધ્યાયકૃત 'તિઙન્વયોક્તિ'ની એક અપ્રકાશિત હસ્તપ્રતનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ કૃતિની હસ્તપ્રતમાં આરંભે મૂકેલા મંગલશ્લોકમાં ગ્રંથકારનું નામ જણાવ્યું નથી. તથા હસ્તપ્રત અપૂર્ણ હોઈને તેની 'પુષ્પિકા' પણ અપ્રાપ્ત છે. તથાપિ શ્રી યશોવિજયોપાધ્યાયજીની એક અન્ય કૃતિ नयरहस्यप्रकरणमૂના આરંભે નીચે મુજબનો એક શ્લોક મળે છે :

ऐन्द्रश्रेणिनतं नत्वा, वीरं तत्त्वार्थदेशिनम् ।
परोपकृतये ब्रूमो, रहस्यं नयगोचरम् ॥

આ શ્લોકની જેમ જ પ્રસ્તુત 'તિઙન્વયોક્તિ'ની પ્રાપ્ત હસ્તપ્રતના આરંભે પણ ऐन्द्रव्रजाभ्यर्चितपादपद्म....।। શ્લોકમાં ऐन्द्र० પદનું ગ્રહણ કર્યું છે. તેથી જણાય છે કે આ કૃતિ પણ શ્રી યશોવિજય ઉપાધ્યાયજીની જ રચેલી હશે. વળી, મુનિશ્રી પુણ્યવિજયજીએ આ કૃતિની જે હસ્તપ્રત મળે છે તે મૂળ ગ્રન્થકારનો, એટલેકે શ્રી યશોવિજય ઉપાધ્યાયજીનો 'સ્વહસ્તલેખ' છે એમ જણાવ્યું છે. સુબન્ત અને તિઙન્ત રૂપ પદોના અર્થો, તથા વાક્યના અર્થનો નિર્ણય કરવા માટે વૈયાકરણોએ, નૈયાયિકોએ અને મીમાંસકોએ જે ચર્ચાઓ કરી છે, તેનાથી પ્રેરાઈને શ્રી યશોવિજય ઉપાધ્યાયજીએ આ 'તિઙન્વયોક્તિ'ની રચના કરી હોય એમ જણાય છે.

**પ્રાપ્ત હસ્તપ્રતનું વર્ણન**

(૧) શીર્ષક : तिङन्वयोक्तिः।

(૨) વિષય : વ્યાકરણ (શાબ્દબોધની ચર્ચા)

(૩) કર્તા : શ્રી યશોવિજય ઉપાધ્યાય

(૪) લેખક : સંભવતઃ મૂળ ગ્રન્થકારનો 'સ્વહસ્તલેખ' (?)

(૫) સમય : ૩૦૦ વર્ષ પૂર્વે (૧૭૦૦ વિક્રમ સંવત)

(૬) સંગ્રહસ્થાન : લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ. (પ્રતક્રમાંક ૪૩૦૯૯).

(૭) કુલ પૃષ્ઠ : કૃતિનું કેવળ આદ્યપત્ર. (એક પાનની બન્ને બાજુઓ ઉપર લખાણ છે)

(૮) સ્વરૂપ : એક પાનની બન્ને બાજુઓ ઉપર અઢાર-અઢાર પંક્તિઓ લખેલી છે. કદની દૃષ્ટિએ ૨૫ $\frac{૧}{૨}$ સે.મી. × ૧૧ $\frac{૧}{૨}$ સે.મી. છે. તેમાં બન્ને ધાર ઉપર ૨ સે.મી.નો હાંસિયો છે. કિનારીઓ ખવાયેલી છે. વચ્ચેવચ્ચે કીડાઓથી કાણાં પડ્યાં છે. કોઈક સ્થળે શાહીથી અક્ષરો ફેલાઈ ગયા છે, તેથી પ્રત ઉકેલવામાં મુશ્કેલી પડે છે. અક્ષરો કાળી શાહીથી લખાયેલ છે.

(૯) લિપિ : જૈન નાગરી લિપિ

(૧૦) ફલક : પાતળા કાગળ ઉપર લખાયેલી છે.

**સંશોધિત પાઠ**

નીચે રજૂ કરેલા સંશોધિત પાઠમાં જે ત્રિવિધ કૌંસનો ઉપયોગ કર્યો છે તેને આ પ્રમાણે સમજવા :

(૧) ( ) કૌંસમાં સુધારેલો પાઠ મૂક્યો છે.

(૨) { } કૌંસમાં મૂકેલો પાઠ સંદિગ્ધ અંશ છે, જે સંભવતઃ અસ્વીકાર્ય જણાતો પાઠ છે.

(૩) [ ] કૌંસમાં મૂકેલો પાઠ, પ્રસ્તુત સંપાદકે નવો ઉમેરેલો અંશ છે.

હવે આપણે આ 'તિઙન્વયોક્તિ'નો એક પ્રાપ્ત અંશ જોઈશું. આ પ્રાપ્ત ભાગને શક્ય એટલા અંશમાં સંશોધિત કરીને રજૂ કરવા પ્રયત્ન કર્યો છે :

**પાઠ**

ऐन्द्रव्रजाभ्यर्चितपादपद्मं सुमेरुधीरं प्रणिपत्य वीरम् ।
वदामि नैयायिकशाब्दिकानां मनोविनोदाय तिङन्वयोक्तिम् ॥

१. तत्र {स} शाब्दिक[ानाम् मते] तिग(ङ)र्थौ व्यापारफलयोराश्रयो; धात्वर्थौ व्यापारफले ॥

२. व्यापारः साध्यत्वेनाभिधीयमाना क्रिया, सैव भावनेन्युच्यते । साध्यत्वं क्रियान्तरा-[का]ङ्क्षानुत्थापकतावच्छेदकं(क)रूपम् । तदभिधाने मानं च – पचति पाकः, करोति कृतिरित्यादौ क्रियान्तराकाङ्क्षानाकाङ्क्षयोर्दर्शनमेव ॥

३. अयं च व्यापारः फूत्कारत्वाऽधःसंतापनत्वयत्नत्वादितत्तद्रूपेण वाच्यः । तत्तत्प्रकारकबोधस्यानुभविकत्वाच्च तदादाविव बुद्धिविशेषेण शक्यतावच्छेद-कानुगमनाच्च उनोर्थता (अन्वयार्थता) । [आ]ख्यात(ते)क्रियैकत्वमपि बुद्धि-विशेषैस्येनैव ।

४. व्यापारे च धात्वर्थे विक्लित्त्यादि-स्वार्थ-फलस्य विशेषणतया[न्वयः] ॥

५. [आ]ख्यातार्थेषु च कर्तृकर्मसंख्याकालेषु कर्तृकर्मणोव्यापारफलयोः, कालस्य च

व्यापारे, संख्यायाश्च कर्तृकर्मप्रत्यययोः कर्तृकर्मणोस्त[त्र विशेषणत]यान्वयः, समानप्रत्ययोपात्तत्वात् ॥

६. तथा चाख्यातार्थसंख्याप्रकारकबोधं प्रति आख्यातजन्यकर्तृकर्मोपस्थितिर्हेतुरिति लाघवम् ॥

७. नैयायिकानामाख्यातार्थसंख्यायाः प्रथमान्तार्थ एवान्वयाद् आख्यातार्थसंख्याप्रकारकबोधे प्रथमान्तपदजन्योपस्थितेर्हेतुत्वम् [इति कार्यकारणभावो वाच्यः] ॥

८. तथापि 'चन्द्र इव मुखम् दृश्यते', 'देवदत्तो भुक्त्वा व्रजती'त्यादौ चन्द्रक्त्वार्थयोराख्यातार्थानन्वयादितराविशेषणत्वघटितः कार्यकारणभावो वाच्यः ॥

९. राजपुरप्रवेशन्यायेन पदार्थोपस्थितिपक्षे इतरविशेषणत्वस्य तत्र यथाश्रुतस्या व्यावर्त्त(?)यादितरविशेषणत्वेन तात्पा(त्प)र्यविषयत्वं तद्वाच्यमित्यतिगौरवम् ॥

१०. एवञ्च तिङर्थो विशेषणमेव, धात्वर्थो भावनैव प्रधानमित्यापत्तिम्(?)।

११. न च 'प्रकृतिप्रत्यययोः प्रत्ययार्थप्राधान्यमिति' न्यायादाख्यातार्थभावनाया एव प्राधान्यमिति मीमांसकमतं युक्तम् । यतः प्रत्ययार्थप्रधानमित्यस्य यः प्रधानं स प्रत्ययार्थ एव, यः प्रत्ययार्थः सः प्रधानमेवेति वा नार्थः ।

१२. 'अजा-अश्वा-छागी'त्यादौ स्त्रीप्रत्ययार्थ(र्थे) स्त्रीत्वस्यैव प्राधान्यापत्तेः,[छा]ग्यादेस्तदा(द)नापत्तेश्च ।

१३. किन्तूत्सर्गो[ऽ]यं विशेष्यत्वा(?)दिना बोधस्तु व्युत्पत्त्यनुरोधाद् ।

१४. अत एव घटः कर्मत्वमित्यादौ विपर्ययेणापि व्युत्पन्नानां बोधोऽन्येषां तन्तिराकाङ्क्षमेव लक्षणायां चालङ्कारिकाणां शक्यतावच्छेदकप्रकारक एव लक्ष्यबोध इत्यादि संगच्छते ।

१५. किञ्च फलमात्रस्य धात्वर्थत्वे ग्रामो गमनवान् इति प्रयोगापत्तिः ।

१६. संयोगाश्रयत्वाव्यापारस्यापि धात्वर्थत्वे चाख्यातस्यापि पृथक् तत्र शक्तिकल्पने गौरवम् ।

१७. अपि चाख्यातार्थस्य प्राधान्ये तस्य देवदत्तादिभिः सममभेदान्वयात् प्रथमान्तप्राधान्यापत्तिः ।

१८. तथा च 'पश्य मृगो धावती'त्यत्र भाष्यसिद्धैकवाक्यताविरोधः । प्रथमान्तमृगस्य धावनक्रियाविशेष्यस्य दृशिकर्मतापत्तौ द्वितीयापत्तेः, न न(च)'पश्य' इत्यत्र 'तम्' इत्यध्याहार्य[म्],वाक्यभेदप्रसंगात्।

१९. तथा च भावनाप्रकारकबोधे प्रथमान्तपदजन्योपस्थितिः कारणमिति नैयायिकोक्तमपिनादरणीयम्।

२०. किन्तु आख्यातार्थकर्तृप्रकारकबोधे धातुजन्योपस्थितिर्भावनात्वात् भिन्नविषयतया कारणमिति कार्यकारणभावो द्रष्टव्यः ।

२१. भावनाप्रकारकबोधं प्रति तु धात्वर्थभावनोपस्थितिरेव हेतुः । पश्य मृगो धावति, पचति भवति इत्याद्यनुरोधाद् ।।

२२. इत्थञ्च पचतीत्यत्रैकाश्रय(यि)का पाकानुकूला भावना, 'पच्यत' इत्यत्रैकाश्रय(यि)का याविक्लिति(त्ति) स्तदनुकूला भावनेति बोधः ।।

२३. शप-तङादीनां व्यापारफलयोराश्रयान्वयद्योतकत्वात् देवदत्तादिपदप्रयोगे त्वाख्यातार्थकर्त्रादिभिस्तदर्थस्याभेदान्वयः ।

२४. 'घटो नश्यती'त्यत्रापि घटाभिन्नाश्रयको नाशानुकूलो व्यापार इति बोधः । स च व्यापारः प्रतियोगित्वविशिष्टनाशसामग्रीसमवधानम् । अत एव तस्यां सत्यां 'नश्यति', तदत्यये 'नष्टः', तद्भावे 'नङ्क्ष्यति' इति प्रयोगोपपत्तिः ।

२५. देवदत्तो जानातीच्छतीत्यादौ व(च)देवदत्ताभिन्नाश्रयको ज्ञानेच्छाद्यनुकूलो वर्तमानो व्यापार इति बोधः । स चान्तत आश्रयतैवेत्वादिरीत्योह्यमित्याहुस्तत्र नैयायिकनयानुसारिणो(?)वयं पर्यनुयुञ्ज्महे ।।

२६. पचतीत्यत्रैक(का)श्रय(यि)का पाकानुकूला भावनेति बोध इति यदुक्तं तत्कथं युक्तम्? पच्यर्थानां बुद्धिविशेषविषयतावच्छेदकत्वावच्छादिताऽधः संतापनत्वादिना भानस्वीकारेण तदनुकूलव्यापारस्यातिरिक्तस्याभानाद् धातुसामान्यार्थे व्यापारे धातुविशेषार्थस्य व्युत्पत्तिवैचित्र्येण भानस्वीकारेण अभेदान्वयः स्यात् ।

२७. तत्त्वनुकूलतया चरमं व्यापारं फलस्थानीयं कृत्वा तदितरेषां तदनुकूलानां भावनात्वेन भानस्वीकारे चगुणी(ण)भूतैरवयवैः समूहः क्रमजन्मनाम् । बुद्ध्या प्रकल्पिताभेदं क्रियेति व्यपदिश्यते ।।

इत्यादिना समूहस्य तुल्य व(?) ज्ञानोक्तिविरोध।

२८. 'घटो नश्यती'त्यत्रापि घटाभिन्नाश्रयको नाशानुकूलो व्यापार इति बोधस्वीकारे 'कपाले घटो नश्यति' इति प्रयोगानुपपत्तिः, प्रतियोगित्वविशिष्टनाशसामग्रीसमवधानात्मन उक्तव्यापारस्यकपालाऽवृत्तित्वात् ।

२९. 'घटपटो नश्यतः' इति प्रयोगानुपपत्तिश्च, उभय ाभिन्नाश्रयकस्य प्रतियोगित्वविशिष्टनाशसामग्री समवधानस्यैकस्याभावाद्, उभयव्यापारग्रहे च क्रियाभेदाद्वाक्यभेदापत्तिः । ''प्रतियोगित्वविशिष्टे''त्यत्र विशेषणविरोधाभावे विनिगमनाविरहादपि विशेष्यभेदध्रौव्यं भिन्नतया भासमानयोः क्रिययोरपि कल्पनयाऽभेदस्वीकारे च क्रियाभेदोच्छेदापत्तिः ।।

३०. एतेन 'जानातीच्छती'त्यादौ ज्ञानेच्छाद्यनुकूलैकव्यापारभानम् अपि अपास्तम् । तादृशव्यापारे मानाभावादेककर्तृकानाम् अनेककर्तृ.....।।

આથી વધારે આગળનો પાઠ મળતો નથી.


### 'તિઙન્વયોક્તિ'નો પ્રતિપાદ્ય વિષય

પ્રાચીન સમયથી વૈદિક દર્શનમાં શ્રદ્ધા રાખનારા મીમાંસકો, નૈયાયિકો અને વૈયાકરણોએ શાબ્દબોધ(અર્થાત્ શબ્દમાંથી થતા અર્થબોધ)ની પ્રક્રિયા વિશે અનેક ચર્ચાવિચારણા કરી છે. પરંતુ શાબ્દબોધનો વિષય મુખ્યત્વે પાણિનીય વ્યાકરણના ગ્રંથોમાં જ વિસ્તારથી ચર્ચાયો હોય એમ જણાય છે. ભર્તૃહરિના 'વાક્યપદીય' ગ્રંથ-માંથી પ્રેરણા લઈને પાણિનીય વૈયાકરણોએ શબ્દાર્થનિર્ણય કરી આપનારા અનેક ગ્રંથોની રચના કરી છે. તેમાં (૧) કૌણ્ડ ભટ્ટકૃત 'વૈયાકરણભૂષણ(સાર)' અને (૨) નાગેશ ભટ્ટકૃત 'વૈયાકરણસિદ્ધાન્તમંજૂષા' જેવા ગ્રન્થો ખાસ ઉલ્લેખનીય છે. ભટ્ટોજિ દીક્ષિતકૃત 'વૈયાકરણ-સિદ્ધાન્તકારિકા'ઓ ઉપર લગભગ સોળમી સદીના અંતભાગમાં (કે સત્તરમી સદીના આરંભે) તેમના જ ભત્રીજા કૌણ્ડ ભટ્ટે 'વૈયાકરણ-ભૂષણ'ની રચના કરી છે. આ ગ્રન્થનો અભ્યાસ કર્યા પછી, તેની પ્રગાઢ અસર નીચે શ્રી યશોવિજય ઉપાધ્યાયજીએ પ્રસ્તુત 'તિઙન્વયોક્તિ'ની રચના કરી છે.

ક્રિયાવાચક ધાતુઓને લગાડવામાં આવતા तिङ् (પરસ્મૈપદના નવ અને આત્મનેપદના નવ – એમ કુલ મળીને અઢાર) પ્રત્યયોના જે કર્તૃ, કર્મ, સંખ્યા અને કાળ એવા ચાર અર્થો છે, તેનો વિશેષણતયા ક્યાં અન્વય કરવો એ વિશે આ 'તિઙન્વયોક્તિ'માં ચર્ચા કરવામાં આવી છે. આ કૃતિના આરંભે મૂકેલા મંગલશ્લોકમાં સૂચવ્યું છે તે મુજબ શ્રી યશોવિજય ઉપાધ્યાયજીએ શાબ્દિકો (=વૈયાકરણો) અને નૈયાયિકોના મનોવિનોદન અર્થે આ કૃતિની રચના કરી છે.

'તિઙન્વયોક્તિ'ના આરંભે વૈયાકરણોના મતે ધાત્વર્થ અને તિઙર્થ કયા-કયા છે, અને તેમનો પરસ્પર વિશેષ્યવિશેષણતયા કેવી રીતે અન્વય કરવો તેની રજૂઆત કરવામાં આવી છે. વૈયાકરણોના મતે તિઙન્ત પદમાંથી મળતા અર્થો આ પ્રમાણે છે :

**તિઙન્તપદ**



ભટ્ટોજિ દીક્ષિતકૃત 'વૈયાકરણ-સિદ્ધાન્તકારિકા'ની પ્રથમ કારિકા નીચે મુજબ છે :

फलव्यापारयोर्धातुराश्रये तु तिङ् स्मृताः ।
फले प्रधानं व्यापारः तिङर्थस्तु विशेषणम् ॥

તેને સમજાવતાં 'વૈયાકરણભૂષણ'માં કોણ્ડ ભટ્ટે જે ભાષ્યને રજૂ કર્યું છે, તેને જ નહીંવત્ ફેરફાર સાથે શ્રી યશોવિજય ઉપાધ્યાયજીએ પ્રસ્તુત 'તિઙન્વયોક્તિ'માં આરંભે મૂક્યું છે. જેમકે, ૧. વ્યાપારાશ્રય અને ૨. ફલાશ્રય (રૂપી કર્તા અને કર્મ) તે તિઙ્ પ્રત્યયના અર્થો છે. તથા ૧. વ્યાપાર અને ૨. ફલ તે બે ધાતુમાંથી મળતા અર્થો છે.

ધાતુમાંથી જે બે અર્થો – વ્યાપાર અને ફળ – પ્રાપ્ત થાય છે, તેને વિશદ કરતાં 'તિઙન્વયોક્તિ'માં લખ્યું છે કે "વ્યાપાર એટલે 'સાધ્ય રૂપે રજૂ થતી ક્રિયા'. આ વ્યાપાર અર્થાત્ ક્રિયાને 'ભાવના' પણ કહેવામાં આવે છે." દા.ત. પચ્ ધાતુ લઈએ તો તેમાંથી ફૂત્કારત્વ, અધઃસંતાપનત્વ, સ્થાલીનું અધિશ્રયણ અધોશ્રયણાદિ અનેક રૂપનો વ્યાપારરૂપી અર્થ વાચ્ય છે. આ ફૂત્કારત્વાદિ વ્યાપારમાં તદાદિન્યાયથી અને એકત્વબુદ્ધિ સિદ્ધ કરવામાં આવે છે. આવા ફૂત્કારત્વાદિ વ્યાપારથી જન્ય ફલ તે વિકિલત્તિ આદિ છે. હવે અહીં નોંધપાત્ર એ છે કે 'ફલ'રૂપી અર્થ વ્યાપારમાં વિશેષણ રૂપે અન્વિત થાય છે. (જેમકે, विक्लित्त्यनुकूलो व्यापारः । "વિકિલત્તિના અનુકૂલ અર્થાત્ જનક એવો જે વ્યાપાર").

ધાત્વર્થને નિરૂપ્યા પછી, તિઙર્થ કયા-કયા છે અને તેમનો 'વ્યાપાર-મુખ્યવિશેષ્યક-શાબ્દબોધ'માં કેવી રીતે વિશેષણતયા અન્વય થાય છે એનું નિરૂપણ કરવામાં આવ્યું છે. (અગાઉ જણાવ્યું છે તેમ) તિઙર્થ બે છે : ૧. વ્યાપારાશ્રય અને ૨. ફલાશ્રય. આ બે તિઙર્થ ઉપરાંત બીજા બે અર્થો ૩. સંખ્યા અને ૪. કાલ રૂપી અર્થો પણ તિઙ પ્રત્યયમાંથી પ્રાપ્ત થાય છે. અહીં 'વ્યાપારાશ્રય'ને કર્તા કહે છે; અને ફલાશ્રયને 'કર્મ' કહે છે. હવે તિઙ્નો કર્તા રૂપી પ્રથમ અર્થ, ધાત્વર્થવ્યાપારમાં વિશેષણ રૂપે જોડાય છે. તિઙ્નો કર્મરૂપી બીજો અર્થ, ધાત્વર્થફલમાં વિશેષણ રૂપે જોડાય છે. અને તિઙ્નો કાલરૂપી ત્રીજો અર્થ, ધાત્વર્થવ્યાપારમાં વિશેષણ રૂપે અન્વિત થાય છે. પણ તિઙ્નો સંખ્યારૂપી ચોથો અર્થ તિઙ્રૂપે કહેવાયેલા પહેલા કે બીજા કર્તા/કર્મ રૂપી અર્થમાં જ વિશેષણ રૂપે જોડાય છે. આ પ્રમાણે વૈયાકરણોના મતે ધાત્વર્થ અને તિઙર્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

*

હવે પછીની ચર્ચામાં શાબ્દબોધના વિષયમાં નૈયાયિકો, અને પ્રસંગતઃ મીમાંસકોના મતનો પણ વિચાર કર્યો છે. નૈયાયિકોએ 'પ્રથમાન્તાર્થ-મુખ્યવિશેષ્યક' શાબ્દબોધ માન્યો છે.[1] અને આખ્યાતાર્થ (તિઙર્થ) 'સંખ્યા'નો

પ્રથમાન્ત – સુબન્ત-પદમાં વિશેષણતયા અન્વય થાય છે. ત્રીજી તરફ प्रकृतिप्रत्यययोः प्रत्ययार्थः प्रधानम् । "પ્રકૃતિ અને પ્રત્યયના અર્થોમાંથી જે પ્રત્યયનો અર્થ હોય છે તે પ્રધાન હોય છે." એવા નિયમને વશ વર્તીને મીમાંસકોએ ફલને ધાત્વર્થ તરીકે અને ભાવના (=વ્યાપાર)ને આખ્યાત તિઙ્ના અર્થ તરીકે સ્વીકાર્યો છે. પરંતુ આ બંને પક્ષોમાં અનેક દોષાપત્તિ દર્શાવવામાં આવી છે. એથી તે બંને સ્વીકાર્ય બની શકે એમ નથી.

શ્રી યશોવિજયજીની 'તિઙન્વયોક્તિ' કૃતિની હસ્તપ્રતનું કેવળ પ્રથમ પૃષ્ઠ જ મળે છે. તેથી નૈયાયિકો અને મીમાંસકોના મતો વિશે શ્રી યશોવિજયજીના વિચારો વિસ્તારથી હાલ જાણી શકાય એમ નથી. તથાપિ તેમને વૈયાકરણોનો મત ગ્રાહ્ય જણાયો હશે એમ લાગે છે. કારણકે 'તિઙન્વયોક્તિ'નો જેટલો અંશ મળે છે તેમાં નીચે મુજબનાં વાક્યો જોવાં મળે છે :

(क) પંક્તિ ૧૧ : न च "प्रकृतिप्रत्यययोः प्रत्ययार्थप्राधान्यम्" इति न्यायादाख्यातार्थभावनाया एव प्राधान्यमिति मीमांसकमतं युक्तम् ।

(ख) પંક્તિ ૧૯ : तथा च भावनाप्रकारकबोधे प्रथमान्तपदजन्योपस्थितिः कारणमिति नैयायिकोक्तमपि नादरणीयम् ।

(ग) પંક્તિ ૨૫ : स चान्नत आश्रयतैवेत्यादिरीत्या ऊह्यम् इत्याहुः, तत्र नैयायिकनयानुसारिणो(?) वयं पर्यनुयुञ्महे ॥

આમ આ વાક્યોમાં શ્રી યશોવિજયજીને મીમાંસકોનો મત યોગ્ય લાગ્યો નથી અને નૈયાયિકોક્તિ આદરણીય લાગી નથી. વળી, નૈયાયિકોને અનુસરનારાઓને તેઓ દોષાપત્તિ આપવા પ્રવૃત્ત થયા છે. અસ્તુ. આ કૃતિ અપૂર્ણ સ્વરૂપે મળતી હોઈને આથી વિશેષ કાંઈ કહી શકાય એમ નથી. પરંતુ ભવિષ્યમાં શ્રી યશોવિજયજીની આ કૃતિ જો સંપૂર્ણ સ્વરૂપે ક્યાંકથી મળી આવે તો તિઙર્થાન્વય વિશે તેમના જે કોઈ મૌલિક વિચારો હશે તે જાણવા મળશે.

પ્રસ્તુત ચર્ચાનો ઉપસંહાર કરતાં એટલું જણાવવાનું પ્રાપ્ત થાય છે કે (૧) આ કૃતિનો જેટલો અંશ મળે છે તેમાં મહદંશે કૌણ્ડ ભટ્ટના 'વૈયાકરણભૂષણ'ના પ્રથમ धात्वर्थनिर्णय પ્રકરણમાંથી ઘણાં વાક્યો લઈને વૈયાકરણોના શાબ્દબોધવિષયક મતનું ઉપસ્થાપન કરવામાં આવ્યું છે તથા નૈયાયિકો અને મીમાંસકોના મતમાં દોષાપત્તિ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તથા, (૨) પ્રસ્તુત કૃતિનું જે પ્રથમ પત્ર ઉપલબ્ધ થયું છે, તે શ્રી યશોવિજયજીના પોતાના સ્વહસ્તાક્ષરે લખાયેલ છે એવો મુનિશ્રી પુણ્યવિજયજીનો અભિપ્રાય છે તે ચિન્ત્ય છે. કારણકે હસ્તપ્રતના આરંભે બીજી પંક્તિમાં જ तिङर्थने બદલે तिगर्थ એમ લખ્યું છે. તથા બીજી પણ અનેક અક્ષરલોપાદિની ક્ષતિઓ જોવા મળે છે. તેથી એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે કે આજે પ્રાપ્ત થતું 'તિઙન્વયોક્તિ'નું પ્રથમ પત્ર જો મૂળ ગ્રંથકારના હાથે જ

લખાયું હોય તો આવી ભૂલો થવી સંભવિત નથી. આથી, વધુ સંભવ એ છે કે કોઈક લહિયાના હાથે શ્રી યશોવિજયજીકૃત 'તિઙન્વયોક્તિ'નું અનુલેખન(copy) કરવામાં આવ્યું હશે, અને આજે જોવા મળતી ક્ષતિઓ તે લેખક(લહિયા)ના હાથે પ્રવેશવા પામી હશે.

**પરિશિષ્ટ**

देवदत्तः तण्डुलान् पचति। વાક્યનો, વૈયાકરણોના મતે શાબ્દબોધ આ પ્રમાણે થાય છે :

अभेदसम्बन्धावछिन्नदेवदत्तत्वावच्छिन्नप्रकारतानिरूपितसमवायसम्बन्धावच्छिन्नैकत्व-त्वावच्छिन्न प्रकारतानिरूपिताश्रयत्वावच्छिन्नविशेष्यत्वावच्छिन्नाधेयत्वसम्बन्धावच्छिन्नाश्र-यत्वावच्छिन्नप्रकारता निरूपिता, अथ च समवायसम्बन्धावच्छिन्नबहुत्वावच्छिन्नप्रकार-तानिरूपिततण्डुलत्वावच्छिन्नविशेष्यत्वावच्छिन्नाभेदसम्बन्धावच्छिन्नतण्डुलत्वावच्छिन्नप्रकार-तानिरूपितकर्मत्वावच्छिन्नविशेष्यत्वावच्छिन्नाधेयत्वसम्बन्धावच्छिन्नकर्मत्वावच्छिन्नप्रकारता-निरूपितविक्लित्तित्वावच्छिन्नविशेष्यत्वावच्छिन्नानुकूलत्वसम्बन्धावच्छिन्नविक्लित्तित्वावच्छिन्न-प्रकारतानिरूपिता च या वर्तमानकालावच्छिन्नव्यापारत्वावच्छिन्ना विशेष्यता, तच्छाली शाब्दबोधः ॥

*

देवदत्तः पचति ।નો ખંડાન્વયથી શાબ્દબોધ કરીશું તો – देवदत्तपदार्थस्य अभेदेन, तिङर्थैकत्वस्य च समवायसम्बन्धेन तिङर्थकर्तरि अन्वयः। तिङर्थकर्तुश्च निष्ठत्वसम्बन्धेन, तिङर्थवर्तमानकालस्य चावच्छेद्यत्वसम्बन्धेन व्यापारेऽन्वयः। तथा च देवदत्ताभिन्नैकत्वविशिष्टविक्लित्त्यनुकूलोवर्तमानकालावच्छिन्नो व्यापारः इति ॥

*

નૈયાયિકોના મતે देवदत्तो ग्रामं गच्छति।નો શાબ્દબોધ : ग्रामनिष्ठोत्तरदेश-संयोगानुकूलव्यापारानुकूलवर्तमानकालिककृतिमान् एकत्वसंख्याविशिष्टो देवदत्तः इति शाब्दबोधः॥

**પાદટીપ**

૧. વૈયાકરણોના આવા શાબ્દબોધનું સ્વરૂપ પરિશિષ્ટમાં વર્ણવ્યું છે.

□

*ઉપાધ્યાયજીની પોતાની વિવેચનામાં જેવી મધ્યસ્થતા, ગુણગ્રાહકતા, સૂક્ષ્મ સમન્વયશક્તિ અને સ્પષ્ટભાષિતા દેખાઈ છે તેવી બીજા આચાર્યોમાં ઘણી ઓછી નજરે પડે છે.*

**પંડિત સુખલાલજી**
('યોગદર્શન તથા યોગવિંશિકા')

# 'કાવ્યપ્રકાશટીકા'

તપસ્વી નાન્દી

મમ્મટના કાવ્યપ્રકાશ ઉપર અનેક મહત્ત્વપૂર્ણ ગંભીર ટીકાઓ રચાઈ છે અને શ્રી યશોવિજયજી મહારાજે પણ આવી જ એક ટીકા રચી છે. વાસ્તવમાં 'કાવ્યપ્રકાશ' વિદ્વાનો માટે એવો પડકારરૂપ ગ્રંથ બની રહ્યો છે કે એક યુગમાં એ ગ્રંથ ઉપર ટીકા રચે એની જ વિદ્વાનમાં ગણતરી થાય એવી હવા જામી હતી. આથી કહેવાય છે કે 'કાવ્યપ્રકાશ'ની ટીકાઓ ઘેરઘેર રચાઈ અને છતાં એ એવો ને એવો જ દુર્ગમ એવરેસ્ટ જેવો રહ્યો છે.

આપણા દુર્ભાગ્યે શ્રી યશોવિજયજીએ રચેલી 'કાવ્યપ્રકાશટીકા' ફક્ત ઉલ્લાસ ૨ અને ૩ ઉપરની જ ઉપલબ્ધ છે. બાકીના ઉલ્લાસો ઉપરની ટીકા હાલ ઉપલબ્ધ નથી. જે ભાગ આપણને પ્રાપ્ત થાય છે એની મૂળ હસ્તપ્રત ઉપરથી મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે સ્વહસ્તે પ્રેસકૉપી તૈયાર કરી હતી, જે ખૂબ સ્વચ્છ અને દોષમુક્ત છે. ફક્ત એટલા આંશિક પ્રકાશન ઉપરથી આપણે વિક્રમની ૧૭મી–૧૮મી સદીના બહુશ્રુત આચાર્યશ્રી યશોવિજયજીની બહુમુખી પ્રતિભાનું પૂરું દર્શન મૂલ્યાંકન તો ન કરી શકીએ, પણ દેવમંદિરના બંધ બારણામાં પડેલી ફાટો અથવા છિદ્રમાંથી જેમ દેવનાં દર્શનની ઝલક પામી શકાય તેમ શ્રી મુનિજીની પ્રતિભાનો આછો અંદાજ કાવ્યશાસ્ત્રના ક્ષેત્રમાં આપણે પામી શકીએ તેમ છીએ. વાસ્તવમાં તો આ આંશિક ભાગનું પૂરું અવલોકન વિચારવા બેસીએ તો એક મોટો સંશોધનગ્રંથ રચી શકાય તેમ છે, પણ અમે તો અહીં ફક્ત થોડાં ઉદાહરણથી જ સંતોષ માનીશું. એટલાથી પણ એ વાતની પ્રતીતિ થાય છે જ કે

काव्येषु कोमलधियः वयमेव नान्ये,
तर्केषु कर्कशधियः वयमेव नान्ये ।

એ ઉક્તિ આચાર્યશ્રીને અક્ષરશઃ લાગુ પાડી શકાય તેમ છે. (૧) કા.પ્ર., ઉ.૨, મૂલ સૂત્ર ૫ (પૃ.૧) ઉપર આચાર્ય નીચે પ્રમાણે શાસ્ત્રાર્થ કરે છે :

દેખીતી રીતે જ શબ્દ વાચકાદિ ભેદથી ત્રિવિધ છે, છતાં મમ્મટે 'त्रिधा' એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે તે અંગે આચાર્યશ્રી નોંધે છે કે

यद्यपि विभागादेव त्रित्वं सिद्धं, तथाऽपि गौणीलक्षणा भिन्नेति न्यूनता, व्यञ्जनायां प्रमाणमेव नास्तीति आधिक्यं च विभागस्येति परविप्रतिपत्तिनिरासाय आह – '**त्रिधे**'ति ।

આ સ્પષ્ટતા માટે અને અન્યત્ર જ્યાં શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો છે તે-તે સ્થળે

આચાર્યના કયાકયા પૂર્વાચાર્યોની કઈકઈ ટીકાઓનો ઋણભાર એમના ઉપર છે એ વિચારવાનો આપણો ઉપક્રમ રહેશે. એ રીતે જોતાં. ઉદ્યોત (પૃ.૨૩)માં ત્રિધાની સમજ આ રીતે અપાઈ છે, જેમકે

"વાચકત્વ વગેરે ઉપાધિઓમાં ત્રિત્વ જાણવું, શબ્દમાં નહીં, કારણકે એકનો એક શબ્દ વાચક, લક્ષક અને વ્યંજક હોઈ શકે છે." – "**त्रिधेति** । वाचकत्वाद्युपाधौ त्रित्वं बोध्यम् ।" ત્યાં પા.ટી.માં એવી નોંધ છે કે

ननु य एव शब्दो वाचकः स एवान्यत्र लक्षकः । किं च वाचकलक्षकान्यतर एव व्यञ्जकः । अतः सांकर्यात्कथमेषां भेद इत्यत आह वाचकत्वाद्युपाधाविति ।। (चू)

આમ ઉદ્યોતે જે નોંધ કરી છે તે વીગતથી જુદી નોંધ શ્રી યશોવિજયજીએ કરી છે.

સાહિત્યચૂડામણિ (સા.ચૂ.)માં આની ચર્ચા નથી. પણ સુધાસાગર (સુધા.) ઉદ્યોતની જ વાત દોહરાવતાં નોંધે છે કે

अत्र उपाधीनानेव त्रित्वं, न तु उपधेयानाम् । न हि कश्चिद् वाचक एव, कश्चिद् लाक्षणिक एव, कश्चिद् व्यञ्जक एव इत्यस्ति नियम इति बोध्यम् ।

જોકે શ્રીધર નોંધે છે કે

**त्रिधेति** गौणी तु लक्षणातो न व्यतिरिच्यते, लक्षणाया गौणस्य व्याप्तत्वात् ।

આનો પ્રભાવ શ્રી યશોવિજયજીએ કરેલી નોંધમાં આંશિક રીતે જોવા મળે છે, જોકે પૂર્વપક્ષીએ સૂચવેલા આધિક્યદોષનો વિકલ્પ શ્રીધરે નથી આપ્યો. એટલો અંશ તેમના મૌલિક ચિંતનને આભારી લેખી શકાય. આમ, ઉપર કરેલી નોંધ પ્રમાણે આચાર્યશ્રીના મતે ત્રિધા એવા મમ્મટના નિર્દેશનું સ્વારસ્ય એ છે કે "જોકે વિભાગથી જ ત્રણ ભેદ સિદ્ધ હતા છતાં, 'ત્રિધા' શબ્દના ઉલ્લેખથી એવું બતાવાયું છે કે કાવ્યમાં શબ્દના ત્રણ જ ભેદ છે. ત્રણથી વધારે કે ઓછા નહીં." આથી ગૌણીને લક્ષણાથી જુદી માનીને 'ગૌણ' નામના શબ્દભેદના અનુલ્લેખથી કારિકાકારની ન્યૂનતા તથા વ્યંજના માનવામાં પ્રમાણાભાવ હોવાથી 'વ્યંજક' શબ્દના ઉલ્લેખને અધિક માનનારાના સંશયને દૂર કરવા જ ત્રિધા કહ્યું છે. ઉપાધ્યાયજી જૈન મુનિ હોવા છતાં આચાર્ય હેમચંદ્રે ગૌણી/ગૌણનો સ્વતંત્ર સ્વીકાર કર્યો છે તેનું સમર્થન કરતા નથી એ એમની તટસ્થ શાસ્ત્રદૃષ્ટિનો સબળ પુરાવો છે. આપણે અહીં શ્રીધરનો આંશિક પ્રભાવ જોયો છે.

એ ઉપરાંત, ઝળકીકરે (પૃ.૨૫) સ્પષ્ટ રીતે નોંધ્યું છે કે –

विभागादेव त्रित्वे सिद्धेऽपि न्यूनाधिकसंख्याव्ययच्छेदाय त्रिधेत्युक्तम् । एतेन गौणी लक्षणा भिन्नेति गौणशब्दस्य अत्र असंग्रहात् विभागस्य न्यूनता । व्यञ्जनायां च प्रमाणाभावेन व्यञ्जकशब्दस्य अभावात् विभागस्य आधिक्यं चेति परविप्रतिपत्तिर्निरस्ता ।

આ બધું લગભગ શબ્દશઃ યશોવિજયજીને અનુસરે છે, પણ ઝળકીકર તેમનો નામોલ્લેખ કરતા નથી. યશોવિજયજી વિ.સં.૧૭મી સદી ઉત્તરાર્ધમાં જન્મ્યા અને વિ.સં.૧૭૪૩માં અવસાન પામ્યા. એટલે અનેક ટીકાઓનું દોહન કરનાર ઝળકીકરની ધ્યાન બહાર એમની ટીકા રહી હોય એ માની શકાય તેમ નથી. યશોવિજયજીની લેખનપ્રવૃત્તિ ઈ.સ.ની ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં થઈ હશે એમ માની શકાય.

હવે નરહરિ સરસ્વતીતીર્થની બાલચિત્તાનુરંજનીમાં (પરિશિષ્ટ B, પૃ.૧૦) નીચે મુજબ નોંધ જોવા મળે છે, જેમકે –

नन्वर्थशास्त्रादौ व्यञ्जकशब्दव्यवहाराभावात् कथं त्रैविध्यमित्याशङ्क्य श्लोकगतात्रशब्दार्थमाह વગેરે.

અહીં વ્યંજના માટે પ્રમાણ નથી એથી આધિક્ય છે એવી યશોવિજયજીની નોંધનું મૂળ વાંચી શકાય. આમ, શ્રીધર અને નરહરિ આ સ્થળે એમનાં પ્રેરક બળ લેખી શકાય. નરહરિને અનુસરીને ગુણરત્નગણિ પોતાની કા.પ્ર. ઉપરની સારદીપિકા (પૃ.૪૫)માં નોંધે છે કે –

नन्वर्थशास्त्रादौ व्यञ्जकशब्दव्यवहाराभावात् कथं त्रैविध्यमित्याशङ्क्य श्लोकगतात्रशब्दार्थमाह। વગેરે.

ગુણરત્ન યશોવિજયજીના નજીકના પુરોગામી છે અને તેમના ઉપર નરહરિની બાલચિત્તાનુરંજની અને શ્રીવત્સની સારબોધિનીનો પ્રભાવ વિશેષ છે.

ત્રિધા વિશે શ્રી પરમાનંદ ચક્રવર્તીની વિસ્તારિકા ટીકામાં (પૃ.૩૩) ફક્ત આટલી જ નોંધ છે કે –

**त्रिधेति** । तेनामीषां नोपाधेयभेदः, किंतूपाधिभेद एवेत्यर्थः ।

અહીં પણ ઉદ્યોતની જ અસર છે. આપણે જોયું હતું કે ઉપાધ્યાયજીએ આ નોંધ પોતાની ટીકામાં સમાવી નથી.

આ પછી 'अत्र इति काव्ये' એવી મમ્મટની નોંધ ઉપર યશોવિજયજી (પૃ.૩) નોંધે છે –

**काव्ये** इति । ननु शास्त्रेषु व्यञ्जकशब्दानां नामाऽपि नास्तीत्यत आह, **काव्य** इति । चमत्कारविशेषस्य अन्यथाऽनुपपत्तेरिति भावः । न च य एव शब्दो वाचकः स एव लाक्षणिको व्यञ्जकश्चेति भेदाभावात् विभागोऽनुपपन्न इति वाच्यम् । तथात्वेऽपि सम्बन्धभेदात् भेदमङ्गीकृत्य तथा विभागात् एवमेवार्थ विभागोपपत्तिरित्यनुपदमेव व्यक्तम् । विभागानन्तरं लक्षणस्य जिज्ञासाविषयत्वेन अभिधातुमुचितत्वात् **तदनभिधानं** समर्थयति ।

આ સાથે ઝળકીકર(પૃ.૨૫)માં નીચે પ્રમાણેની નોંધ છે : चमत्कारविशेषस्य अन्यथा अनुपपत्तेरिति भावः । विभागानन्तरं लक्षणस्य जिज्ञासाविषयत्वेन

अभिधातुमुचितत्वात् **तदभिधानं** समर्थयति **एषामिति** ।

આ શબ્દો યશોવિજયજીમાં છે, પણ ઝળકીકરે એમનો નામોલ્લેખ કર્યો નથી એટલે સંભવ છે કે એનો મૂળ સ્રોત અન્યત્ર હોય, જોકે યશોવિજયજીમાં तदनभिधानं છે તે વધારે શુદ્ધ પાઠ છે એ નિર્વિવાદ છે.

આ બંનેના મૂળ સ્રોત માટે કદાચ નરહરિની બાલચિત્તાનુરંજનીમાં નજર નાખી શકાય. જેમકે – (પૃ.૧૦)

नन्वर्थशास्त्रादौ व्यञ्जकशब्दव्यवहाराभावात्......ननु विभागानन्तरं वाचकादीनां लक्षणं वाच्यं.... વગેરે.

યશોવિજયજીના શબ્દ ઝળકીકરમાં ઝિલાયા છે અને છતાં પાઠ યશોવિજયજીનો સારો છે, કારણકે અહીં દલીલ આ પ્રમાણે ચાલે છે, જેમકે "(શબ્દ)ના વિભાગના ઉલ્લેખ પછી (તેમના) લક્ષણના સંબંધમાં જિજ્ઞાસા થાય અર્થાત્ વાચક, લાક્ષણિક અને વ્યંજક શબ્દ કોને કહેવાય એવો પ્રશ્ન થાય, પણ અહીં એનું લક્ષણ આપવું ઉચિત હોવા છતાં **તેનું કથન થયું નથી** (अनभिधानं) તેનું કારણ આપે છે."

યશોવિજયજી (પૃ.૪) 'एषां' વગેરેમાં નોંધે છે કે શબ્દોનું લક્ષણ આગળ કહેવાશે, પણ પહેલાં જિજ્ઞાસાનો પ્રથમ વૃત્ત્યાશ્રય છે, કારણકે અર્થની ઉપસ્થિતિ વૃત્તિ ઉપર અવલંબે છે અને એનો જ શાબ્દબોધ થાય છે. આથી જેમ શબ્દ વિશે જિજ્ઞાસા થાય છે તેમ અર્થ કે જે વ્યંજનારૂપ વૃત્તિનો આશ્રય છે તેને માટે પણ જિજ્ઞાસા થાય છે, અને શિષ્યની પહેલી જિજ્ઞાસા થોડી વાર રોકી શકાય તેમ છે, જ્યારે બીજી જિજ્ઞાસા શાન્ત કરવા અર્થનું નિરૂપણ આવશ્યક છે. તેથી અર્થોનો વિભાગ પહેલો હાથ ધરાયો છે.

આ ચર્ચા સ્પષ્ટ રૂપે અન્યત્ર જોવા મળતી નથી એટલે યશોવિજયજીના સૂક્ષ્મ નિરૂપણનું તે ઉદાહરણ બને છે, જોકે વિસ્તારિકામાં (પૃ.૩૩) નીચેના શબ્દો છે :

ननु विभागस्य विशेषलक्षणाभिधानप्रयोजनकत्वेन विभागानन्तरं तदुचितमित्याह – **एषामित्यादि** । अत्रापि स्वरूपमित्येकवचनं पूर्ववत् । वक्ष्यत इति विभागप्रकरणसमाप्तौ, **सा च अर्थविभागसिद्धावेव** स्यादिति, सम्प्रति **तदनभिधानम्** ।

અહીં પણ 'अनभिधानं' પાઠ છે, જે યશોવિજયજીમાં આપણે નોંધ્યો છે. ઝળકીકર કદાચ વિસ્તારિકાનો આધાર લેતા હશે એમ કહી શકાય. યશોવિજયજી ઉપર પણ વિસ્તારિકાનો પ્રભાવ સ્પષ્ટ છે.

આ પછી યશોવિજયજી (પૃ.૪) "વાચ્ય વગેરે તેના અર્થો બનશે" એવી કા.પ્ર.ની નોંધ ઉપર વ્યાખ્યા કરે છે. તેમાં નૈયાયિક શૈલીમાં ખૂબ વિસ્તૃત રીતે શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો છે. નવ્યન્યાયદર્શનના પ્રભાવ નીચે જે નવ્યો, જેવા કે સિદ્ધિચન્દ્ર, શ્રીવત્સલાંછન ભટ્ટાચાર્ય, જગન્નાથ પંડિત, પંડિત વિશ્વેશ્વર વગેરેએ અલંકાર-

શાસ્ત્રના વિવેચનમાં જે નવો મોડ આણ્યો તેનો પ્રભાવ યશોવિજયજીમાં પણ જોવા મળે છે. એમણે અહીં જે વિસ્તૃત ચર્ચા કરી છે તે સાંગોપાંગ અન્યત્ર જોવા મળતી નથી, પણ એના મૂળ સ્રોત રૂપે સુધાસાગરના શબ્દો (પૃ.૪૧) હોવા સંભવ છે. જેવા કે –

स्वरूपं लक्षणं, तच्चार्थ घटितमेवेति प्रथमं तज्ज्ञानं आवश्यकमिति भावः ।

જોકે યશોવિજયજીએ અહીં જે વિસ્તાર અને વિદ્વત્તાનું પ્રકાશન કર્યું છે તે અન્યત્ર ક્યાંય સાંપડતું નથી.

યશોવિજયજી (પૃ.૪) નોંધે છે કે –

वाच्यादयः इति । शब्दानामपि लक्षणमर्थघटितमिति तेषां लक्षणमकृत्वा अपि अर्थविभागः इति **नव्याः** ।

અહીં 'नव्याः'માં કદાચ વિસ્તારિકાકાર શ્રી પરમાનંદ ચક્રવર્તીનો સંદર્ભ પણ હોઈ શકે.

યશોવિજયજી આગળ નોંધે છે કે 'वाच्यादयः'માં, "વાચ્ય આદિ છે જેમનો" એ રીતે વિગ્રહ કરીએ તો અને એ પ્રમાણે 'અતદ્‌ગુણસંવિજ્ઞાન-બહુવ્રીહિ' સમાસ માનીએ તો ('વાચ્યાદિ' એ પદમાં 'વાચ્ય'નું ગ્રહણ નહીં થાય) (અને) વાચ્યનો અર્થભેદમાં સમાવેશ નહીં થાય અને તેથી સાથેસાથે 'वाच्यादयः' એમાંનું બહુવચન પણ પ્રયોજી શકાશે નહીં; કારણકે વાચ્ય સિવાયના તો બીજા બે – લક્ષ્ય અને વ્યંગ્ય – જ બાકી રહેશે અને તેથી **'वाच्यादी'** એમ દ્વિવચન સિદ્ધ થશે, 'वाच्यादयः' એમ બહુવચન નહીં ! હવે જો આ સ્થળે તદ્‌ગુણ-સંવિજ્ઞાન-બહુવ્રીહિ માનીએ તો તે પદ 'વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય' એમ ત્રણેનું બોધક બની જશે.

અહીં યશોવિજયજી જણાવે છે કે આવું કહેવું જોઈએ નહીં કારણકે સમાસમાં પૃથક્ શક્તિ ન માનવાવાળા અને સમસ્ત પદોમાં લક્ષણા દ્વારા અર્થબોધ કરવાના પક્ષપાતી નૈયાયિકો પ્રમાણે મત ધરાવનારાઓ અનુસાર લક્ષણા દ્વારા ત્રણેની 'एकलक्ष्यतावच्छेदकरूप'માં અર્થાત્ 'एकवाच्यादिरूप'માં ઉપસ્થિતિ થશે. આવી પરિસ્થિતિમાં ભિન્નભિન્ન 'विभाजकतावच्छिन्नतारूप'માં ઉપસ્થિતિ ન થવાથી ત્રણ વિભાગોની ઉપપત્તિ નહીં થઈ શકે, કારણકે ભેદ તો એ જ વસ્તુઓની બાબતમાં માની શકાય જેમની ઉપસ્થિતિ ભિન્નભિન્ન રૂપમાં થાય છે. વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્યમાં ભેદ માની શકાય છે, કારણકે આ ત્રણેની વિભિન્ન રૂપોમાં ઉપસ્થિતિ થાય છે. પણ જો, 'वाच्यादि' એ શબ્દથી જ વાચ્ય લક્ષ્ય અને વ્યંગ્યની ઉપસ્થિતિ થઈ જાય તો એમનામાં ભેદ માની શકાય નહીં, કારણકે ત્રણેની ઉપસ્થિતિ વાચ્યાદિ એક જ રૂપમાં થાય છે તેથી તે ત્રણેને એક માનવા જોઈએ, અનેક નહીં. આ રીતે 'वाच्यादयस्तदर्थाः स्युः' એ સૂત્રમાં અર્થના જે ત્રણ ભેદ બતાવવાના અભિપ્રેત છે તે

સિદ્ધ નહીં થાય – આ મૂળ પ્રશ્ન છે. વળી, આ સૂત્રમાં 'वाच्यादयः' શબ્દને લીધે એક વધારાનો દોષ પણ આવ્યો છે, જેને ઉપાધ્યાયજી 'किञ्च'... વગેરેથી બતાવે છે અને તે દોષ છે '**ઉદ્દેશ્ય અને વિધેયની એકતા.**'

જેમકે, કોઈ એમ કહે કે 'ब्राह्मणादीन् भोजय' અર્થાત્ 'બ્રાહ્મણાદિને જમાડો' તો બધા જ બ્રાહ્મણ વગેરે મનુષ્યોને જમાડવાનું તો અશક્ય હોવાથી 'निमंत्रितान् ब्राह्मणादीन् भोजय' – 'નિમંત્રિત બ્રાહ્મણાદિને જમાડો' – એમ અર્થ માનવો પડે. 'निमंत्रितत्व' અહીં 'લક્ષ્યતાવચ્છેદક' અથવા 'ઉદ્દેશ્યતાવચ્છેદક' બનશે. એ જ રીતે 'वाच्यादि'માં 'અર્થત્વ' એ જ લક્ષ્યતાવચ્છેદક બનશે. તેથી છેવટે સૂત્રનું રૂપાંતર આ રીતે થશે, જેમકે, "अर्थाः (वाच्यादयः) तदर्थाः शब्दार्थाः". અહીં 'ઉદ્દેશ્યતાવચ્છેદક' એ અર્થ છે અને 'વિધેયતાવચ્છેદક' પણ અર્થ જ છે. આમ ઉદ્દેશ્યતાવચ્છેદક અને લક્ષ્યતાવચ્છેદક અભિન્ન હોવાથી સૂત્રાર્થની સમજૂતી બરાબર લાગતી નથી. આથી જો આગળના સૂત્રમાંથી 'त्रिधा' પદની અનુવૃત્તિ કરવામાં આવે તોપણ 'વિભાજકતાવચ્છેદકત્વ'ની અનુપસ્થિતિ (જે પહેલો દોષ બતાવ્યો ત્યારે નિર્દેશિત થઈ હતી) તે તો એકસરખી જ રહેશે. આથી (મમ્મટ) વૃત્તિમાં કહે છે કે वाच्यलक्ष्यव्यङ्ग्याः'. હવે વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્યમાંથી પ્રત્યેક અહીં લક્ષ્યતાવચ્છેદક બને છે. તેમને આધારે વિભાજકતાવચ્છેદક વાચ્યત્વ, લક્ષ્યત્વ અને વ્યંગ્યત્વની પૃથક્ ઉપસ્થિતિ થશે અને તેથી વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્યરૂપી વિભાજ્યોની પણ અલગઅલગ ઉપસ્થિતિ થાય છે. તેથી મમ્મટે કરેલા વિભાગમાં અનુપપત્તિ થતી નથી.

યશોવિજયજી આગળ નોંધે છે કે "અથવા અમે એમ કહીશું (પૃ.૫) કે 'વાચ્યાદિ પદ'ના 'વાચ્ય' પદમાં શક્તિને કારણે અને 'આદિ' પદમાં લક્ષણાને કારણે 'વાચ્યાદિ' પદ દ્વારા વાચ્યત્વરૂપ 'શક્યતાવચ્છેદકાવચ્છિન્ન' અને લક્ષ્યત્વ અને વ્યંગ્યત્વરૂપ 'લક્ષ્યતાવચ્છેદકાવચ્છિન્ન' એમ વાચ્યાદિ ત્રણેની ઉપસ્થિતિ થાય છે. અર્થાત્ 'વાચ્ય' પદ વડે એના મુખ્ય અર્થ = 'શબ્દાર્થનું ગ્રહણ થાય છે અને 'આદિ' પદ વડે બીજા બે – લક્ષ્ય અને વ્યંગ્ય – અર્થોનું ગ્રહણ થાય છે. આમ શક્તિ અને લક્ષણાથી 'વાચ્યાદિ' પદ – 'વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય' એમ ત્રણે અર્થોનું પ્રત્યાયક બને છે. આમ, પાર્થક્યસાધક ધર્મોની ઉપસ્થિતિ થઈ જતાં વિભાગ અનુપપન્ન થતો નથી.

આ લાંબો શાસ્ત્રાર્થ તો એકમાત્ર ઉદાહરણ છે. વાસ્તવમાં ઠેકાણેઠેકાણે યશોવિજયજી નવ્યન્યાયદર્શનની પરિપાટી અને શૈલીનો વિનિયોગ કરી અત્યંત ગંભીર, મૂલગામી અને સૂક્ષ્મ ચર્ચા છેડે છે. તેમાં ક્યાંક અંતઃસ્રોતોનું દર્શન જરૂર થાય છે, છતાં એમનાં પાંડિત્ય અને મૌલિકતાનાં વિશેષ દર્શન થાય છે. 'કાવ્યપ્રકાશ' ઉપરની એમની આખી ટીકા જો ઉપલબ્ધ થાય તો અલંકારશાસ્ત્રમાં યશોવિજયજીનું પ્રદાન અને સ્થાન અપ્પય્ય દીક્ષિત, પંડિત જગન્નાથ અને વિશ્વેશ્વર

પંડિતની સાથે, સમકક્ષ રીતે, મૂકી શકાય એ નિઃસંદેહ વીગત છે.

યશોવિજયજીએ પોતાની ટીકામાં અત્રતત્ર છ પ્રાચીન ટીકાકારોનો નામોલ્લેખ કર્યો છે. જેમકે ચંડીદાસ, સુબુદ્ધિમિશ્ર, પરમાનંદ ચક્રવર્તી, યશોધર ઉપાધ્યાય, પ્રદીપકાર (= ગોવિન્દ ઠક્કુર) અને મધુમતીકાર રવિ ઠક્કુર. આ ઉપરાંત નામોલ્લેખ વગર અહીંતહીં લગભગ ૧૫થી ૨૪ મતોની વિચારણા કરી છે. 'નરસિંહ-મનીષા'નો ઉલ્લેખ (ઈ.સ.૧૬૦૦/૧૭૦૦) ઉલ્લાસરના અંતમાં આવે છે તેથી યશોવિજયજીની ટીકાનો રચનાકાળ પણ ૧૭મી સદીનો ઉત્તરાર્ધ હોઈ શકે.

**સંદર્ભસાહિત્ય**


૧. કાવ્યપ્રકાશટીકા, યશોવિજયજી મહારાજ, શ્રી યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ.સ.૧૯૭૬ની આવૃત્તિ
૨. કા. પ્ર. ઉદ્યોત, નાગેશકૃત, અભ્યંકર શાસ્ત્રી દ્વારા સંપાદિત, આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથ, ૧૯૧૧
૩. કા. પ્ર. સુધાસાગર, ભીમસેન દીક્ષિતકૃત, રેવાપ્રસાદ દ્વારા સંપાદિત, કાશી વિશ્વવિદ્યાલય, વારાણસી, ૧૯૮૧
૪. કા. પ્ર. વિવેક, શ્રીધરકૃત, શિવપ્રસાદ ભટ્ટાચાર્ય દ્વારા સંપાદિત, કલકત્તા, ૧૯૫૯નું પ્રકાશન
૫. કા. પ્ર. બાલબોધિની, ઝળકીકરકૃત, ભાંડારકર ઑરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂના, ૧૯૮૩, પુનર્મુદ્રિત આઠમી આવૃત્તિ
૬. કા. પ્ર. બાલચિત્તાનુરંજની, નરહરિ સરસ્વતી તીર્થકૃત, સુકઠણકર દ્વારા સંપાદિત, ૧૯૩૩ની આવૃત્તિ
૭. કા. પ્ર. સારદીપિકા, ગુણરત્નગણિકૃત, ડૉ. નાન્દી સંપાદિત, ગુજ. યુનિ. ૧૯૭૬નું પ્રકાશન
૮. કા. પ્ર. સારબોધિની, શ્રી વત્સલાંછનકૃત, ગંગાનાથ ઝા સંસ્કૃત વિદ્યાપીઠ, પ્રયાગ, ૧૯૭૬નું પ્રકાશન
૯. કા. પ્ર. વિસ્તારિકા, શ્રી પરમાનંદ ચક્રવર્તીકૃત, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિદ્યાલય, સરસ્વતી ભવન ગ્રંથમાલા, ૧૯૭૬નું પ્રકાશન
૧૦. કાવ્યપ્રકાશ, નાગેશકૃત, 'ઉદ્યોત' સાથે અભ્યંકર શાસ્ત્રી દ્વારા સંપાદિત, આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથ, ૧૯૧૧
૧૧. કાવ્યપ્રકાશ, રેવાપ્રસાદ દ્વારા સંપાદિત


□

• *એ ચોવીસ સ્તવનો અદ્ભુત છે. પ્રભુની સાથે આત્માને એકમેક બનાવવા માટે એ ૨૪ સ્તવનો કરતાં બીજી કોઈ ચીજ વધારે સહેલી હજુ સુધી મારા અનુભવવામાં આવી નથી. એ નાનકડાં સ્તવનોનો એકએક અક્ષર અર્થગાંભીર્યથી ભરેલો છે. શાસ્ત્રોનો અધિક બોધ થયા પછી જ તેની અર્થગંભીરતાનો ખરો ખ્યાલ આવે છે.*

**પં. ભદ્રંકરવિજયગણી**

(મુનિશ્રી મહાસેનવિજયજી ઉપર લખાયેલા પત્રમાંથી)

# 'આર્ષભીયચરિત' મહાકાવ્ય : એક મૂલ્યાંકન

નીલાંજના શાહ

**પ્રસ્તાવના**

શ્રી યશોવિજય ઉપાધ્યાયરચિત 'આર્ષભીયચરિત' મહાકાવ્યનું મૂલ્યાંકન કરતાં પહેલાં જૈન પૌરાણિક મહાકાવ્યોની પરંપરા અને લાક્ષણિકતાઓ તરફ એક ઊડતો દૃષ્ટિપાત કરવો જરૂરી છે. જૈન મહાકવિઓએ સંસ્કૃત મહાકાવ્યના ક્ષેત્રે ઘણું આગત્યનું પ્રદાન કર્યું છે. તેમણે મોટે ભાગે લલિત મહાકાવ્યો કરતાં પૌરાણિક મહાકાવ્યો વધારે રચ્યાં છે. વિમલસૂરિકૃત પ્રાકૃત 'पउमचरिउ' (આ. ઈ.સ.ની ચોથી-પાંચમી સદી) અને રવિષેણકૃત સંસ્કૃત મહાકાવ્ય 'पद्मपुराण' (આઠમી સદી)થી જૈન પૌરાણિક મહાકાવ્યની આછી શરૂઆત થઈ ગણાય. જૈન કવિ જટાસિંહ નંદિએ લખેલું સંસ્કૃત 'वरांगचरित' (આઠમી સદી) ખરેખરા અર્થમાં મહાકાવ્ય ગણાય.

જૈન પૌરાણિક મહાકાવ્યો પ્રાચીન જૈન પુરાણોમાં આલેખાયેલાં એક કે અનેક મહાપુરુષોનાં ચરિતોને મુખ્ય વસ્તુ તરીકે લે છે. તે મહાકાવ્યોનો મુખ્ય ઉદ્દેશ કથાના માધ્યમથી ધર્મોપદેશ આપવાનો હોય છે. તેમાં કથારસ ગૌણ હોય છે અને જૈન ધર્મના સિદ્ધાંતો જેવા કે આત્મજ્ઞાન, સંસારની નશ્વરતા, વિષયત્યાગ, વૈરાગ્ય-ભાવના, સાધુઓના તથા શ્રાવકોના આચારવિચાર વગેરેનું પ્રતિપાદન હોય છે. આ મહાકવિઓ મહાકાવ્યોચિત વર્ણ્યવિષયોનું પણ કથાવસ્તુને અનુરૂપ રીતે વર્ણન કરતા હોય છે.

આવાં પૌરાણિક મહાકાવ્યો મોટે ભાગે તીર્થંકરોનાં ચરિત્રોને આલેખવાનું પસંદ કરતાં હોય છે. પ્રાચીન જૈન પુરાણોને બાદ કરતાં આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવના જીવન પર બીજા તીર્થંકરોના પ્રમાણમાં ઓછાં મહાકાવ્યો રચાયાં છે.

ગુજરાતમાં, ખાસ કરીને સોલંકીકાળમાં અને ત્યાર બાદ આવાં અનેક જૈન મહાકાવ્યો રચાયાં છે. ગુજરાતના જ એક મહાકવિએ ઋષભદેવના ચરિતના આધારે એક ભવ્ય મહાકાવ્ય લખવાનો પુરુષાર્થ આદર્યો પણ ગમે તે કારણે એ મહાકાવ્ય અધૂરું રહ્યું છે અને એના હાલ ચાર સર્ગો જ આપણને ઉપલબ્ધ થાય છે, જે એમણે રચવા ધારેલા મહાકાવ્યની કંઈક ઝાંખી કરાવે છે. આ મહાકાવ્યનું યથાશક્તિ મૂલ્યાંકન કરવા અહીં પ્રયાસ કર્યો છે. વિસ્તારભયથી, આ કાવ્યને લગતા અગત્યના મુદ્દાઓને જ અહીં ઉપસાવવા પ્રયત્ન કર્યો છે.

**કાવ્યનો સાર**

આ કાવ્યના હાલ જે ચાર સર્ગ મળે છે, તેમાં ચોથો સર્ગ અધૂરો રહ્યો છે. કુલ ૪૫૯ શ્લોકો મળે છે. પ્રથમ સર્ગમાં ઋષભદેવના મહિમાના નિર્દેશથી મંગલાચરણ કરી, તેમની આદર્શ શાસનવ્યવસ્થાની તેમજ તેમની દાનશીલતાની પ્રશંસા કરવામાં આવી છે. ત્યાર બાદ તેમના દીક્ષાપ્રસંગનું તેમજ તેમની તપશ્ચર્યાનું વૃત્તાંત મળે છે. સર્ગના અંતમાં શ્રેયાંસ રાજાએ, તેમને શેરડીના રસની ભિક્ષા આપી, પારણું કરાવ્યું તેનું નિરૂપણ કરી, તેમની કેવળજ્ઞાનપ્રાપ્તિનો ઉલ્લેખ છે. (૧૩૬ શ્લોક)

બીજા સર્ગમાં, તેમના પ્રતાપી પુત્ર ભરતના અતુલ પરાક્રમનું તથા તેના અભિષેકનું વિસ્તૃત વર્ણન છે. ભરતે ૯૮ ભાઈઓને શરણે આવવા કહેવડાવ્યું, ત્યારે તે બધા અષ્ટાપદ પર્વત પર રહેતા પિતા ઋષભદેવની સલાહ લેવા ગયા. તેમણે તેમને સંયમને માર્ગે ચાલવાનો ઉપદેશ આપીને વૈરાગ્યને પંથે વાળ્યા. (૧૩૬ શ્લોક)

ત્રીજા સર્ગમાં આ ભાઈઓના ઉન્નત આચરણથી પ્રભાવિત થયેલા દૂતો, ભરતને તેમનો પ્રતિસંદેશ સંભળાવે છે. શ્રેષ્ઠ આયુધ ચક્રરત્નના આયુધશાળામાં ફરી ન પ્રવેશવાના કારણ તરીકે મંત્રી, તેમના ભાઈ બાહુબલિએ ભરતની શરણાગતિ સ્વીકારી નથી, તે બાબતને ગણાવે છે, જ્યારે ભરત ભ્રાતૃપ્રેમને અવગણીને તેને પ્રતાપથી નમાવાય કે નહીં, તે બાબતે વિમાસણમાં પડે છે. અંતે મંત્રીની વ્યવહારુ સલાહથી, ભરત પોતાના ભાઈને શરણે આવવાનો સંદેશો કહેવા સુવેગ નામના દૂતને તક્ષશિલા મોકલે છે. (૧૩૧ શ્લોકો)

અધૂરા રહેલા ચોથા સર્ગમાં સુવેગ નામના દૂતને વિનીતાથી નીકળતાં નડેલાં અપશુકનો કવિએ દર્શાવ્યાં છે. તેના પ્રવાસ નિમિત્તે તેમણે ગ્રામસંસ્કૃતિનું સુંદર વર્ણન આપ્યું છે. ત્યારબાદ તક્ષશિલાના પ્રજાજનોનો રાજા બાહુબલિ પ્રત્યેનો અત્યંત આદર દર્શાવી, કવિએ તક્ષશિલા નગરીનું વર્ણન શરૂ કર્યું છે જે અધૂરું રહ્યું છે. (૬૬ શ્લોકો)

**મહાકાવ્યની સામગ્રીનું મૂળ**

આદિદેવ ઋષભદેવના જીવન વિશેની સામગ્રી કવિએ પ્રાચીન જૈન પુરાણો-માંથી લીધી છે તે બાબત નિર્વિવાદ છે. જિનસેન તથા ગુણભદ્રકૃત સંસ્કૃત 'महापुराण' (૮મી સદી) શીલાંકકૃત પ્રાકૃત 'चउप्पन्नमहापुरिसचरिय' (૯મી સદી), વર્ધમાનસૂરિકૃત 'युगादिजिणिंदचरिय' (૧૨મી સદી) અને હેમચંદ્રાચાર્યકૃત સંસ્કૃત 'त्रिषष्टिशलाकापुरुषचरित्र' (૧૨મી સદી) આ ચારે પૌરાણિક ગ્રંથોમાં ઋષભદેવના જીવન અંગેની સામગ્રી મળે છે. આ મહાકાવ્યમાં મળતા વૃત્તાંતને તપાસતાં સ્પષ્ટ જણાય છે કે કવિએ વસ્તુ તથા તેની રજૂઆત બંને માટે ત્રિ.શ.પુ.ને મુખ્ય આધાર

તરીકે સ્વીકાર્યું છે. તેમણે ત્રિ.શ.પુ.ના પ્રથમ પર્વના બીજા સર્ગના અંતભાગ (શ્લો. ૯૨૪–૯૩૩), ત્રીજા સર્ગનો પ્રારંભિક ભાગ (શ્લો.૧–૩૦૦) ચોથા સર્ગનો અંતભાગ (શ્લો.૭૯૮–૮૪૭) અને પાંચમા સર્ગનો પ્રારંભ (શ્લો.૧–૫૯) – આ ભાગોમાં મળતા વૃત્તાંત પર આ કથાનકની માંડણી કરી છે.

ત્રિ.શ.પુ. સાથેનું આ મહાકાવ્યનું સામ્ય નીચેની બાબતોમાં સ્પષ્ટ જણાય છે : ક્ષુધાથી ક્લાન્ત થયેલા રાજન્યમુનિઓનું વૃત્તાંત, ભરતે શરણે આવવાનું કહેવડાવતા ભાઈઓએ મોકલેલો પ્રતિસંદેશ, ભરતને મંત્રીએ આપેલી સલાહ તથા સુવેગને રસ્તામાં નડેલાં અપશુકનો વગેરે. આ મહાકાવ્યમાં કેટલેક સ્થળે તો આપણને એમ જ લાગે કે શ્રી યશોવિજયજીએ થોડા શબ્દોનો જ ફેરફાર કરીને ત્રિ.શ.પુ. પ્રમાણે જ રજૂઆત કરી છે.[૧]

ત્રિ.શ.પુ. ઉપરાંત આ મહાકાવ્ય ઉપર યશઃપાલમંત્રીએ ઈ.૧૩મી સદીમાં રચેલી 'મોહરાજ-પરાજય' નામની રૂપકાત્મક કૃતિની અસર પણ પડેલી જણાય છે. યશઃપાલે તેમના નાટકમાં મોહરાજાને, તેમના બે પુત્રો રાગકેસરી અને દ્વેષગજેન્દ્ર તથા મિત્ર કામદેવની મદદથી બધે સ્થળે વિજય પામતા શરૂઆતમાં બતાવ્યા છે, પણ પાછળથી વિવેકચંદ્ર રાજા તેમના પરિવારની મદદથી મોહરાજાનો પરાજય કરે છે. આ જ રૂપકને ટૂંકાવીને, યશોવિજયજીએ આ કાવ્યના બીજા સર્ગમાં આવતા ઋષભદેવના ઉપદેશમાં મૂક્યું હોય તેમ લાગે છે, કારણકે તેમાં પણ આ જ પ્રમાણે બધું વર્ણન મળે છે. તેમાં વિવેકચંદ્રને બદલે રાજાનું નામ સંયમક્ષિતિપાલ આપ્યું છે, એટલો ફરક છે.

ઉપર્યુક્ત પ્રાચીન જૈન પુરાણોમાં આપેલા શ્રી ઋષભદેવ અંગેના વૃત્તાંતને આ કાવ્યની ઉપલબ્ધ સામગ્રી સાથે સરખાવતાં સ્પષ્ટ જણાય છે કે લેખકે તેમના ચરિત્રના ઘણા પ્રસંગો – જેમકે તેમનો જન્મમહોત્સવ, તેમનો લગ્નમહોત્સવ, તેમણે પ્રવર્તાવેલી લોકવ્યવસ્થા, તેમને વૈરાગ્ય ઊપજ્યો તે પ્રસંગ, માતા મરૂદેવીનો વિલાપ તથા તેમની સાથેનું મિલન – આ બધાનાં વર્ણનો છોડી દીધાં છે. તેમણે આ મહાકાવ્યમાં આધ્યાત્મિક અને સાહિત્યિક દૃષ્ટિએ તેમને જે આવશ્યક લાગ્યા તેટલા જ પ્રસંગોને ઉપસાવ્યા છે.

**યશોવિજયજીની વિદ્વત્તા**

આ મહામુનિએ ન્યાયશાસ્ત્ર ઉપરાંત બીજાં પણ અનેક શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કર્યું હતું, તેની પ્રતીતિ તેમના આ મહાકાવ્યમાં ઠેકઠેકાણે થાય છે. 'નૈષધીયચરિત'ના મહાકવિને અનુસરીને હોય કે પછી શાસ્ત્રોના અધ્યયનના પરિપાકનું પ્રતિબિંબ આ કાવ્યમાં સ્વાભાવિકપણે પડતું હોય, ગમે તેમ પણ વિવિધ શાસ્ત્રોના સિદ્ધાંતો ને પારિભાષિક સંજ્ઞાઓનો ઉલ્લેખ ઉપમાન રૂપે આ કાવ્યમાં મળી આવે છે. જૈન દર્શન ઉપરાંત ન્યાયદર્શન પ્રત્યેનો તેમનો પક્ષપાત આ કાવ્યમાં છૂપો રહેતો નથી, અને ચારપાંચ શ્લોકમાં તેનો નિર્દેશ મળે છે. નીચેના શ્લોકમાં

તેનો નિર્દેશ મળે છે.

कपालनाशात्कलशक्षये यथा पुरातनन्यायमताभिमानिनाम् ।
विभोरथ स्वाङ्गणभूषणे तथा क्षणं विलम्बोऽपि न मे प्ररोचते ॥ (१.११४)

વૈશેષિક દર્શનનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે :

प्रवर्धमानं विनिरुद्धदिग्गणं गुणं गुणित्वेन नभो बभार तम् ।
कथञ्चिदेवोपहितत्वमस्पृशन् ममौ न स श्रोत्रशते तु देहिनाम् ॥ (१.७६)

સાંખ્યદર્શનની બુદ્ધિ વગેરે સંજ્ઞાનો ઉલ્લેખ આમ મળે છે :

कापिलीयमिव बुद्ध्यविलेपाद् गौणभोगमखिलेषु पुरेषु ।
तत्र सौवकरणैः स परार्थैरात्मसिद्धिपरमैक्षत लोकम् ॥ (४.४२)

યોગદર્શનનો ઉલ્લેખ નીચેના શ્લોકમાં જોઈ શકાય છે :

पूर्णप्रयत्ने विहितेऽपि चक्रे बहिश्चरेऽपायनिपातशङ्की ।
अलब्धसिद्धिर्महतीं तदानीं योगीव चिन्तां वितताान चक्री ॥ (३.३२)

વેદાંતનો નિર્દેશ શ્લોક ૨.૨૮માં અને નીચેના શ્લોકમાં જોઈ શકાય :

इत्युद्धतद्वैतविचारदोलालोलायमाने भरतस्य चित्ते ।
उदाहरन्न्यायविवेकशुद्धमद्वैतपक्षं सचिवो निजेष्टम् ॥ (२.१००)

તે જ પ્રમાણે બૌદ્ધ દર્શનનો સ્પષ્ટ નિર્દેશ નીચેના શ્લોકમાં મળે છે :

उपनीय विकल्प्यदृश्ययोर्नियतारोपवशादभिन्नताम् ।
व्यवहारकरः स्वलक्षणे भजते यः सुगतप्रमाणताम् ॥ (२.७५)

આ દાર્શનિક નિર્દેશો ઉપરાંત નીચેનાં શાસ્ત્રોનો ઉલ્લેખ પણ આ કાવ્યમાં મળે છે. કાવ્યશાસ્ત્રના ઉલ્લેખ બેચાર શ્લોકોમાં (૩.૨૦, ૩.૭૯, ૪.૬૬) મળે છે, જેમકે,

सम्भावितं युद्धरसं ह्यमीभिः संहत्य शान्तं हृदि दर्शयद्भिः ।
लब्ध्वा पुरः स्फूर्तिकमर्थमन्यं काव्ये कवीन्द्रैरिव मोहिताः स्मः ॥ (३.२०)

અથવા

प्रथमानरसप्रवाहिनी कठिनानामपि हृद्विभेदिनी ।
समतामयते विनिर्गता कविवक्त्राच्च यतः सरस्वती ॥ (३..७९)

નાટ્યશાસ્ત્રના ઉલ્લેખો પણ વચ્ચેવચ્ચે (૧.૪૮, ૧.૧૨૯) મળી આવે છે, જેમકે,

अभूद् विभोः शान्तरसः प्रसृत्वरस्ततो रसाद्भक्तिरसस्तु दायिनः।
तथा परेषां हृदि विस्मयाभिधो रसो रसेनेति मृषा न लोकत्रीः । (१.१२९)

વ્યાકરણશાસ્ત્રને લગતો એક નિર્દેશ ભરતની ઉક્તિમાં મળે છે :

कृतौ स्फुटं लाघवमीक्षमाणैर्या नेष्यते न्यायबुधैरिदानीम् ।
न शाब्दिका नामिव कर्त्तरीयं मंत्रि क्षमाऽऽख्यात पदप्रवृत्तिः ॥ (३.३७)

વૈદકશાસ્ત્ર (૩.૫) અને જ્યોતિષશાસ્ત્રના (૪.૧–૧૭) ઉલ્લેખો પણ આ

મહાકાવ્યમાં મળે છે. આ બધા ઉલ્લેખો તેમની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવવા પૂરતા છે.

આ પ્રખર નૈયાયિક વિદ્વાન કાવ્યમાં બેત્રણ સ્થળે શુદ્ધ વાણીનો આદર્શ પ્રસ્થાપિત કરતા જણાય છે :

न वेत्ति वक्तुं खलु नीचजिह्वा
ब्रूते न सम्यग्गुणिनां गुणं या । (३.१४)

આ પછીના જ શ્લોકમાં યશોવિજયજીએ કહ્યું છે કે

गुणग्रहेणैव विचिन्त्य वाचामाचारपूताः फलवज्ञनित्वम् ।
भवन्ति सन्तः किल सिद्धशुद्धसारस्वताः केचन तत्रपञ्चे । (३.१४)

જે ગુણનું ગ્રહણ કરે અને આચારપૂત હોય, તે જ વાણી સાચા અર્થમાં સફળ કહેવાય અને વિરલ એવા શુદ્ધ સારસ્વત સંતો જ આવી વાણીનું સર્જન કરી શકે છે.

આ મહાકાવ્યમાં ઋષભદેવની શાસનપદ્ધતિનું (૧.૨.૯) તેમજ ભરતની શાસનપદ્ધતિનું (૨.૧.૨૨) વર્ણન રાજનીતિશાસ્ત્રની તેમની વિદ્વત્તાનો અણસાર આપે છે, જેમકે,

न जातु कोपात् कुटिलीकृते भ्रुवौ शरासने नैव शिरो न्यधीयत ।
स्वशक्तिमोघीकृतशेषसाधनः प्रताप एवास्य ततान दिग्जयम् ॥
ग्रहेषु भास्वानिव कान्तिसम्पदा सदाशयो युग्मिषु सर्वतोऽधिकः ।
प्रजाहितार्थं कृतसारसङ्ग्रहो बभूव भूमान् भरते स आदिमः ॥ (१.७–८)
अवैति शत्रुक्षितिपान् समग्रान् युक्तं मृगानेव स राजसिंहः ।
मुखे तृणं ग्राहयिता रणे तानरण्यवासं भयकम्पतां च ॥ (३.४४)

ઉપર્યુક્ત ઉલ્લેખો શ્રી યશોવિજયની બહુશ્રુતતાની ઝાંખી કરાવે છે.

**'આર્ષભીયચરિત' મહાકાવ્ય તરીકે**

'નૈષધીયચરિત'ના પ્રભાવ નીચે રચાયેલા આ મહાકાવ્યને મહાકાવ્યનાં લક્ષણો બરાબર લાગુ પડે છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

સર્ગબન્ધ એવા આ મહાકાવ્યના કુલ કેટલા સર્ગ એમણે રચવા ધાર્યા હશે, એનો આ ચાર સર્ગ પરથી ચોક્કસ ખ્યાલ આવતો નથી, પણ તે પરથી એમ કહી શકાય કે મહાકવિએ વિસ્તૃત મહાકાવ્યની રચના કરવી ધારી હશે. તેના પ્રત્યેક સર્ગમાં ૧૩૦થી વધારે શ્લોક છે. તેના પ્રથમ સર્ગનો મુખ્ય છંદ વંશસ્થ છે, બીજાનો વિયોગિની છે, ત્રીજાનો ઉપજાતિ છે અને ચોથાનો સ્વાગતા છે. દરેક સર્ગને અંતે છેલ્લા ચારેક શ્લોકોમાં છંદ બદલાય છે.

આદિદેવને નિરૂપતા આ કાવ્યનું વસ્તુ આપણે ઉપર જોયું તેમ પૌરાણિક સામગ્રી પર નિર્ભર છે. આ કાવ્યના નાયક આદિદેવ ઋષભદેવ છે અને તે

મહાકાવ્યના નાયક તરીકે જરૂરી બધા ઉદાત્ત ગુણો ધરાવે છે તે પહેલા સર્ગમાં પ્રારંભમાં આપેલા તેમના ગુણોના વર્ણન (૧.૧-૨૦) પરથી ખ્યાલ આવે છે.

ઋષભદેવને નમન કરીને અને તેમનું રક્ષણ યાચીને આ કાવ્યનું મંગલાચરણ કરવામાં આવે છે. ભરત ચક્રવર્તીના ચરિત્રમાં 'અર્થ' નામના, 'ક્ષુધા' અને 'તૃષ્ણા' નામના અનર્થોના વર્ણનમાં, ઋષભદેવના ઉપદેશમાં ને ભાઈઓના પ્રવ્રજ્યા લેવાના વૃત્તાંત વગેરેમાં 'ધર્મ' અને 'મોક્ષ' નામના અંતિમ પુરુષાર્થનું નિરૂપણ છે.

**રસનિરૂપણ**

આ મહાકાવ્ય શાંતરસપ્રધાન છે. ઋષભદેવના દીક્ષા પ્રસંગમાં, તેમજ તેમના પુત્રોના પ્રવ્રજ્યા પ્રસંગમાં અને ઋષભદેવના ઉપદેશ વગેરેમાં શાંતરસનું નિરૂપણ છે, જ્યારે ભરતના ૯૮ ભાઈઓ ને ૯૯મો ભાઈ બાહુબલિ ભરતને નમ્યા નથી, તેથી ભરતને જે ક્રોધ થયો છે, તેમાં વીરરસનું નિરૂપણ થયું છે, જેમકે,

अथ पक्षयुगेऽपि वो रुचिर्न नयार्थद्वितये मुनेरिव ।
निजखड्गलतोपलाल्यतां तदनेकान्तकथेव सङ्गरे ॥ (२.४१)

ભરતનો બાહુબલિ પ્રત્યેનો ક્રોધ નીચેના શ્લોકમાં વર્ણવ્યો છે :

सकल भरतभर्तुर्मानसं सूर्यरत्नं
सचिवतरणि वाक्याभीशुयोगेन वह्निम् ।
यमुदगिरदमर्षं तेन दग्धं तदानीं
चिरपरिचयजातं सोदरस्नेहखण्डम् ॥ (३.११९)

રાજન્યમુનિઓની, તેમજ દૂતો વગેરેની ઋષભદેવ માટેની ભક્તિના નિરૂપણમાં ભક્તિરસ રેલાય છે :

यथा करिष्यत्ययमेष नः प्रभुस्तथा करिष्याम इति स्वनिश्चयम् ।
वयं तु हित्वा न परं जगद्गुरोः स्वचेतसोऽपि प्रबलं त्रपामहै ॥ (१.५०)
भाग्यं दृशोर्दोत्यमिषादमीषामस्माकमाकस्मिकमाप पाकम् ।
आकण्ठमग्नैर्यदम् सुधायां बभुव तुर्वृत्तविलोकनेन ॥ (३.११)

ઋષભદેવે કરેલા પારણા પ્રસંગે સુવર્ણવૃષ્ટિ થઈ, તે પ્રસંગમાં અદ્‌ભુતરસનું નિરૂપણ છે :

उज्जागरप्रशमसागरनाथदत्तसम्यक् कचं द्रवति किं शुचिधिष्ण्यसृष्टिः ।
आनन्दमेदुरसुरैर्विहिता तदानीं श्रेयांसमूर्ध्नि निपपात च पुष्पवृष्टिः ॥ (१.१३१)

જ્યારે તક્ષશિલાની નજીકના ગ્રામજનો, ભરત બાહુબલિને જીતવાનો વિચાર કરે છે, તે સાંભળી, બાહુબલિ પ્રત્યેની ભક્તિથી ભરતને પોતપોતાનાં ઓજારો વડે હરાવવાની વાતો કરે છે, ત્યારે સહેજ હસવું આવે છે, જેમકે, સાદા કઠિયારા પણ દૂતને કહે છે કે તારા રાજાના અભિમાનને કુહાડાથી તોડી પાડીશું :

पर्शुपाणिभिरपि स्वमुखेन्दोः कीलितः सकलया किल वाचा ।
किं न नः करशयालुकुठारास्त्वत्प्रभोर्बलगदप्रतीकाराः ॥ (૪.૫૪)

આ બધા ગૌણ રસોનું પર્યવસાન શાંતરસમાં થાય છે. ભરતના ભાઈઓની પ્રવજ્યા પ્રસંગે કવિ જે કહે છે તે એમના જ પોતાના કાવ્યને જાણે લાગુ પડે છે, જેમકે,

सम्भावितं युद्धरसं ह्यमीभिः संहत्य शान्तं हृदि दर्शयद्भिः ।
लब्ध्वा पुरःस्फूर्त्तिकमर्थमन्यं काव्ये कवीन्द्रैरिव मोहिताः स्मः ॥ (૩.૨૦)

બીજે એક સ્થળે કવિએ પોતે કહ્યું છે કે એક રસમાંથી બીજો રસ સ્ફુરે તે લોકવાણી ખોટી નથી, કારણકે શ્રી ઋષભદેવના હૃદયના શાંતરસમાંથી લોકોના હૃદયમાં ભક્તિરસ જાગ્યો :

अभूद् विभोः शान्तरसः प्रसृत्वरस्ततो रसाद्भक्तिरसस्तु दायिनः ।
तथा परेषां हृदि विस्मयाभिधो रसो रसेनेति मृषा न लोकगीः ॥ (૧.૧૨૯)

આમ આ મહાકાવ્યમાં રસનિરૂપણ સુંદર રીતે થયું છે.

**વર્ણનો**

સામાન્ય રીતે જૈન પૌરાણિક મહાકાવ્યોનાં વર્ણનો ચીલાચાલુ ને નીરસ હોય છે, જ્યારે એથી ઊલટું, 'નૈષધીયચરિત'ના પ્રભાવને કારણે કે સાહિત્યિક દૃષ્ટિકોણને લીધે, કાવ્યની ગુણવત્તા વધારે તેવાં વર્ણનો સારા પ્રમાણમાં આ કાવ્યમાં મળે છે. રાજન્યમુનિઓ તેમની તપશ્ચર્યા દરમિયાન ક્ષુધાથી ક્લાન્ત થઈ ગયા હતા, તેનો સુંદર ચિતાર મહાકવિએ આપ્યો છે, જેમકે –

कुठारिकामानकपाटपाटने विलज्ञता नाट्यनटीपटीयसी ।
विचित्रवंशस्थितिचित्रलुम्पने मषीसखीयं जठरोद्भवा व्यथा ॥ (૧.૪૮)
इमां जगद्भक्षणराक्षसीं क्षुधां निरोद्धुमेको भगवान् प्रगल्भते ।
अलाभलाभार्जितदैन्यविस्मयव्यपेतचेताः स हि योगिपुङ्गवः ॥ (૧.૪૯)

સંસ્કૃત મહાકાવ્યોનાં નોંધપાત્ર વર્ણનોની બરાબરી કરી શકે તેવું અષ્ટાપદ પર્વતનું વર્ણન આ મહાકાવ્યમાં મળે છે :

स्वकुलोपकृताधमर्णतां नियतं योऽपनिनीषुरुन्नतः ।
वनगुच्छजलाशयच्छलाञ्जलधिं कुम्भभुवो विनिह्नुते ॥
सकला स्वजलाशयोदकच्छलतो येन हृता दिवः सुधा ।
तदघक्षतये मरुत्पथेऽनुशयानेन कृता विधुप्रपा ॥(૨.૭૭–૭૮)
विवदन्त इवान्तराकृतद्विजराजोत्तमसख्यशोभिताः ।
शिखरेषु समच्छविच्छय निशि यन्नौषधयश्च तारकाः ॥ (૨.૮૦)

બીજા સર્ગની શરૂઆતમાં ભરતના પ્રતાપી શાસનનું વર્ણન મળે છે :

करवालकरालताधरो मुखमाधुर्यवशीकृतावनिः ।
द्विषतां सुहृदां च योऽभवद् विषपीयूषपयोमहोदधिः ॥ (२.८)

સુવેગ દૂતના વિનીતાથી તક્ષશિલા સુધીના પ્રવાસ દરમિયાન ગ્રામસંસ્કૃતિનું સુંદર વર્ણન મળે છે. જેમકે –

धान्यमैक्षि कृषिकैः सकृदुत्ते लूनमप्यसकृदुद्गतरोहम् ।
तेन यत्र पृथुधीभिरधीताध्यापितं मनसि शास्त्रमिवोच्चैः ॥
छायया कवलिताध्वसु यस्मिन् भूयसी क्षितिरुहामति कान्ता ।
सञ्चरद्रथमणिद्युतिदम्भात् तेन सौररुगचिन्त्यत वान्ता ॥
ग्रामराजिषु कृतान्तरमानस्ताम्रचूड तरुणोड्डयनेन ।
सन्तुतोष न तु यत्र स सीम्नां क्षेत्रपङ्क्तिभिरनन्तखेदी ॥ (४.३४–३६)

તે જ પ્રમાણે અધૂરા રહેલા ચોથા સર્ગના અંતભાગમાં તક્ષશિલા નગરીનું સુંદર વર્ણન મળે છે :

यद्गृहोन्नतगवाक्ष सलीलं भामिनिवदनलक्षमुदीक्ष्य ।
यातु शत्रुगणसङ्कटमग्नो भीतभीत इव शीतमरीचिः ॥
विस्तृतस्फटिकवेश्मविभायां पूर्णिमातिथिरुपेत्य न यस्याम् ।
कामिनिवदनपूर्णविधोः स्म प्रेमबन्धपरवत्यपयाति ॥
उन्मिषत्सुरदरास्य कुलीने मज्जिता ननु पुरन्दरयुक्ता ।
इन्दुबिन्दुविषयच्युतकात् किं चौर्ययेदमुदभाणि मदेन ॥ (४.६३–६५)

'આર્ષભીયચરિત' મહાકાવ્યમાં મળતાં વર્ણનોની કક્ષા કેટલા ઊંચા પ્રકારની છે તેનો કંઈક ખ્યાલ ઉપરનાં અવતરણો પરથી આવશે.

આ અધૂરા પૌરાણિક મહાકાવ્યમાં પૌરાણિક સંદર્ભો પણ ઠીકઠીક પ્રમાણમાં મળે છે. ઋષભદેવના ચરિત સાથે ઘનિષ્ઠપણે સંકળાયેલા ઇન્દ્રનો સંદર્ભ આ કાવ્યમાં વારંવાર આવે છે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત મહેશ્વરના હિમાલય પર વસવા અંગેના, તેમના મસ્તક રહેલાં ગંગા અને ચંદ્ર વિશેના તેમજ તેમના વિષપાન અંગેના કેટલાક સંદર્ભો (૧.૪૨, ૨.૫૦, ૨.૮૪, ૨.૯૦) મળી આવે છે, જેમકે –

स्मरति स्वतनुच्छविं न यच्छिरसीन्दुर्मणिचक्रचुम्बितः ।
कुपिताद्रिसुतांहिताडनप्रसृतालक्तकशम्भुभालजाम् ॥ (२.८४)

અગત્સ્ય ઋષિએ સમુદ્રપાન કર્યું હતું, તે અંગેનો ઉલ્લેખ બેત્રણ ઠેકાણે (૧.૧૨૫, ૨.૭૭ અને ૪.૩૩) મળે છે, જ્યારે બ્રહ્માનો (૧.૮૯) અને હરિ એટલેકે વિષ્ણુનો ઉલ્લેખ પણ મળે છે. (૨.૭૦)

**સંવાદકલા**

આ મહાકાવ્યને જીવંત બનાવતું કોઈ તત્ત્વ હોય તો તે તેની અનુપમ સંવાદકલા છે. આ પ્રખર નૈયાયિકની વાદવિવાદમાં સમર્થ પંડિતોને પણ હરાવનારી

પ્રતિભાનો અણસાર 'આર્ષભીયચરિત'ના સંવાદોમાં સાંપડે છે. ભરતે મોકલેલા દૂત ભાઈઓને સંદેશ આપે છે, ત્યારે પ્રતિસંદેશમાં ભાઈઓ તેની એકેએક દલીલનો જડબાતોડ જવાબ આપ છે. જેમકે,

अथ पक्षयुगेऽपि वो रुचिर्न नयार्थद्वितये मुनेरिव ।
निजखड्गलतोपलाल्यतां तदनेकान्तकथेव सङ्गरे ॥ (૨.૪૧)

ઉપર્યુક્ત શ્લોકમાં કરેલી દલીલનો જવાબ એ છે કે

शयिताः स्वसुखे वयं मदादभिभूता भरतेन भोगिनः ।
अधुना तदतीव भीषणामसिदंष्ट्रामुपदर्शयामहे ॥
अनुज्ञा यदि याचितारणं भरतेन स्फुटमग्रजन्मना ।
तदमी वितरीतुमुत्सुका न कृपाणः कृपणोऽत्र कोशभृत् ॥ (૨.૬૦–૬૧)

આ જ પ્રમાણે ભરત બાહુબલિને તાબે થવાનું કહેતાં અચકાય છે અને ભ્રાતૃસ્નેહને આગળ ધરે છે, ત્યારે કોઈ તાર્કિકની અદાથી તેમનો મંત્રી, તેમની પ્રત્યેક દલીલનું ખંડન કરી, બાહુબલિને જીતવાનું કહે છે તે સંવાદ ખાસ નોંધપાત્ર છે (૩.૪૨–૭૫). આ જ પ્રમાણે મોહરાજા અને તેમના પુત્રો વગેરે મનુષ્યને કેવી રીતે ફસાવે છે તે પ્રથમ બરાબર દર્શાવ્યું છે અને પછી સંયમક્ષિતિપાલ અને તેમનો પરિવાર ફસાયેલા મનુષ્યને મોહરાજાના પાશમાંથી કેવી રીતે છોડાવે છે, તે દર્શાવે છે (૨.૯૭–૧૩૧).

આ પરથી કવિની વેધક, ચોટદાર અને તર્કયુક્ત સંભાષણકલાનો ખ્યાલ આવે છે.

**અલંકારનિરૂપણ**

સત્તરમી સદીના અંત અને અઢારમી સદીના આરંભ ભાગમાં થઈ ગયેલા આ જૈન મુનિએ જાણે કે શ્રીહર્ષના 'નૈષધીયચરિત' જોડે સ્પર્ધા કરવાનું ન ધાર્યું હોય, તેવી કુશળતાથી અલંકારો પ્રયોજ્યા છે. આ કાવ્યના ચાર સર્ગોના અને ૪૫૯ શ્લોકોના પ્રમાણમાં તેમાં મળતું અલંકારોનું પ્રાચુર્ય અને વૈવિધ્ય ખાસ ધ્યાન ખેંચે તેવું છે. આ મહાકાવ્યમાં અતિશયોક્તિ, અર્થાંતરન્યાસ, અનુપ્રાસ, ઉત્પ્રેક્ષા, ઉદાત્ત, ઉપમા, એકાવલિ, કાવ્યલિંગ, દૃષ્ટાંત, નિદર્શના, પર્યાય, પર્યાયોક્ત, મીલિત, પરિણામ, પરિવૃત્તિ, પ્રતિવસ્તૂપમા, પ્રતીપ, ભ્રાંતિમાન્, રૂપક, યથાસંખ્ય, યમક, વ્યતિરેક, વિરોધ, વિનોક્તિ, શ્લેષ વગેરે અલંકારો પ્રયોજાયા છે. આ અલંકારોની એક યાદી આ કાવ્યને અંતે પરિશિષ્ટમાં આપી છે. શ્લેષ આ કાવ્યમાં ઘણે સ્થળે પ્રયોજવામાં આવ્યો છે, છતાં કવિએ તેનો અતિરેક ટાળ્યો છે તે બાબત પ્રશસ્ય છે. તેમણે પ્રયોજેલા શ્લેષ અલંકારનાં એકબે ઉત્તમ ઉદાહરણો આપવાનું ઉચિત લેખાશે :

श्रुतस्थितेर्यः कमलालयोयशः पुपोष विश्वे वृषभासनोचितः ।
तमःप्रमाथी पुरुषोत्तमः शुचिर्महेश्वरः पातु स नाभिनन्दनः ॥ (१.१)
तीक्ष्णाग्रभाजा भरतोक्तिसूच्या वेधेन सञ्जातगुणप्रवेशैः ।
एभिस्त्रिलोकीविभुवंशजातैः सम्भूय मुक्ताभिरलम्भि शोभा ॥ (३.१०)

તે જ પ્રમાણે શ્રી યશોવિજયજીનો અનુપ્રાસ પ્રત્યેનો પક્ષપાત પણ કાવ્યમાં ઠેકઠેકાણે દેખાય છે. જેમકે,

वियोगिभिस्तैरुपगङ्गमीदृशैः स्थितंसरङ्गैरिव जङ्गमैर्द्रुमैः ॥ (१.६०)
बुभुत्सुरेतस्य निदानमादितो विनिक्षिपन्नक्षि विदिक्षु दिक्षु । (१.७८)
अमानतद्दानजलप्रवाहे खेलत्यलं तस्य यशोमरालः ॥ (३.४९)
एकेन चक्रेण रथं यथार्कः सौभ्रात्रमेकेन तथाऽनुजेन ॥ (३.८७)

ઋષભદેવ ભિક્ષા લેવા આવ્યા, ત્યારે લોકોને જે આનંદ થયો અને ભિક્ષા લીધા વિના ગયા, ત્યારે તેમને જે દુઃખ થયું, તે પર્યાય અલંકાર રૂપે સુંદર રીતે રજૂ થયું છે :

विशिष्टपात्रप्रतिलम्भतो नृणां प्रमोदबाष्पैर्द्रुतलोचनं पुरा ।
गृहाद् विनिर्यन्नकृतप्रतिग्रहततश्च शोकाश्रुभिरिष्टवञ्चनात् ॥ (१.६८)

અર્થાન્તરન્યાસનાં કેટલાંક સુંદર ઉદાહરણો આ મહાકાવ્યમાં મળે છે, દા.ત.

(१) गुणग्रहात् प्रेम मिथः उल्लसेत् न दोषदृष्टिस्तु सुखाय कस्यचित् ।
विवादभाजोः करभामृताशिनोर्न क्लृप्तयुक्तिः कलहं व्यपोहमि ॥ (१.१२१)
(२) अचिन्त्यशक्तिः कुरुते क्षणान्नवं पुरातनं प्रेम दृगेव देवता ॥ (१.९९)
(३) उद्गृहणाति ह्यध्ययने च वादे भिन्नागुरोर्व्याहतयो न शिष्ये । (३.१०२)

શ્રી યશોવિજયજી લક્ષ્મીના સંતાપકર ગુણોને વર્ણવતાં કાવ્યલિંગ અલંકાર પ્રયોજે છે :

विषवद् कमला विषस्वसा परितापाय भवेन्न संशयः ।
शिरसा द्युनदीमुवाह यद् गिरिशोऽशेत हरिश्च वारिधौ ॥ (१.९०)

આ મહાકાવ્યમાં ઠેકઠેકાણે ઉપમા અલંકાર મળે છે :

क्रमोच्च भूर्दातृमनो गिरेरिव स्फुटेव तत्पुण्यपदी गृहच्छटा ।
शिखेव तत्कौशलवारिधेः पृथू रराज धारैक्षुरसो विभोः करे ॥ (१.१३२)
पितृवेश्मगतो महेश्वरः कनकेनैव तदेष माद्यतु ॥ (२.५०)
तस्य यत्र गगनोपगताग्रा ग्रामधामनिचिताः कणपुञ्जाः ।
पर्वता इव करालकुकालव्यालमूर्ध्नि पतिताः प्रतिभाताः ॥ (४.२५)

માલોપમાનું એક સુંદર ઉદાહરણ નીચેના શ્લોકમાં મળે છે :

अब्धिर्वारिगणैरिवानल इव ज्वालाकरालस्तृणै-
र्नीचः सज्जनदूषणैरिव कणैः कालः कलानामिव ।

आकाशं भगणैरिव प्रहरणैः शौर्यं भटानामिव
स्वान्ते संयमवर्जितेन विषयाकाङ्क्षा नृणां पूर्यते ॥ (૨.૧૩૩)

શ્રી યશોવિજયજીએ ઉત્પ્રેક્ષા અલંકાર ખૂબ સફળ રીતે અને વારંવાર પ્રયોજ્યો છે. નીચેના શ્લોકમાં અષ્ટાપદ પર્વત પરનાં જલાશયોનું વર્ણન છે :

स्वकुलोपकृताधमर्णतां नियतं योऽनिनीषुरुन्नतः ।
वनगुच्छजलाशयच्छलाज्जलधिं कुम्भभुवो विनिह्नुते ॥
सकला स्वजलाशयोदकच्छलतो येन हृता दिवः सुधा ।
तदघक्षतये मरुत्पथेऽनुशयानेन कृता विधुप्रपा ॥ (૨.૭૭–૭૮)

તે જ પ્રમાણે બાહુબલિ રાજાના ખડ્ગનું વર્ણન આપે છે :

अश्वव्रजोत्खातधरारजोभिर्नग्नो युधि प्रौढनिशान्धकारे ।
खड्गोऽस्य जैत्रं जपतीव मन्त्रं कृत्वाऽरितेजःकणवीरहोमम् ॥ (૩.૬૮)

'આર્ષભીયચરિત' મહાકાવ્યના ચોથા સર્ગમાં આવતા તક્ષશિલા નગરીના વર્ણનમાં ઉત્પ્રેક્ષા અલંકારનાં કેટલાંક સુંદર ઉદાહરણો મળે છે :

रत्नराशिषु हृतेषु ययोच्चैर्नन्वभूज्जलनिधिर्जलशेषः ।
यां रुरोध किमु तद्ग्रहणार्थं तेन नैष परिखाऽपरवेषः ॥ (૪.૫૯)

તક્ષશિલાની સ્ત્રીઓના સૌંદર્યને વર્ણવતાં કવિ કલ્પના કરે છે કે ચંદ્ર અનેક શત્રુઓને જોઈને જાણે નાસી જાય છે :

यद् गृहोन्नतगवाक्षलीलं भामिनिवदनलक्षमुदीक्ष्य ।
यातु शत्रुगणसङ्कटमग्नो भीतभीत ईव शीतमरीचिः ॥ (૪.૬૩)

શંભુના મસ્તક પર રહેલો ચંદ્રમા, લાલ રંગના મણિચક્રથી સતત સ્પર્શાતો રહે છે, તેથી કુપિત પાર્વતીના શંભુના કપાળ પર થયેલા પાદપ્રહારને લીધે લાગેલા અળતાને લીધે થયેલી પોતાની લાલ આભાને જુદી પાડી શકતો નથી – આ વર્ણનમાં મીલિત અલંકાર પ્રયોજાયેલો છે :

स्मरसि स्वतनुच्छविं न यच्छिरसीन्दुर्मणिचक्रचुम्बितः ।
कुपिताद्रिसुतां किं ताडनप्रसृतालक्तकशंभुभालजाम् ॥ (૨.૮૪)

ઋષભદેવનું વર્ણન કરતા આ શ્લોકોમાં દૃષ્ટાંત અલંકાર એક સાથે બે શ્લોકોમાં પ્રયોજાયો છે :

बहिः प्लवन्तामिह भूरिकल्पनाः स्पृशन्ति तानास्य गुणं मनागपि ।
अनेकमायाजलचक्रचुम्बनाद् रसो न गृह्येत हि तात्त्विकाम्बुनः ॥
अलक्षिताभ्यन्तरलक्षणः प्रभुर्बहिर्गुणैरेष तु तैर्न नूयते ।
पुरप्रतोलीपरिखादिवर्णने न वर्णितः स्यात् खलु तत्त्वतो नृपः ॥ (૧.૯૪–૯૫)

લેખકે રૂપક અલંકારને મહાકાવ્યમાં વારંવાર પ્રયોજ્યો છે. નીચેના શ્લોકમાં ક્ષુધાને નાટ્યનટી કહી છે :

कुठारिका मानकपाटपाटने विलज्जिता नाट्यनटीपटीयसी
विचित्रवंशस्थितिचित्रलुम्पने मषीसखीयं जठरोद्भवा व्यथा ॥ (૧.૪૮)

તેમણે સ્ત્રીને નદી સાથે સરખાવી છે :

अमुना विहिताङ्गनानदी नरके पातयति प्रमादिनः ॥ (૨.૧૦૩)

એક સુંદર માલારૂપક ત્રીજા સર્ગને અંતે મળે છે :

गुणकमलहिमानी स्नेहपानीयपङ्को
व्यसनविपुलखानी राजसीराजधानी ।
अहह विषयतृष्णा सर्वतोऽप्युग्रवीर्या
यदजनि जिननाथज्येष्ठपुत्रोऽनुजारिः ॥ (૩.૧૨૦)

કવિ બાહુબલિની ઉદારતાને વર્ણવતાં વિરોધાભાસ અલંકાર સુંદર રીતે પ્રયોજે છે :

अपारिजातोऽपि स पारिजातः सम्पूरयन्नर्थिगणे हितानि ।
अमन्दरागोऽपि च मन्दरागः स्थैर्येण किं भक्तजनैर्न दृष्टः ॥ (૩.૬૩)

તપશ્ચર્યા કરવા જતા ઋષભદેવને અનુસરતા રાજન્યમુનિઓએ જંગલમાં મંગલ કેવી રીતે કર્યું તે વર્ણવતાં પરિણામ અલંકાર સાહજિક રીતે પ્રયોજાયો છે. જેમકે

निकुञ्जगुञ्जमधुपालिलालितैर्द्विज स्वैरैरस्त्विह तूरपूरणम् ।
प्रभातसम्पादितमङ्गलारवाः शृगालबालाश्च भवन्तु बन्दिनः ॥
प्रदर्शयन्तामिह नृत्यपात्रतां सुमोदिताः पल्लवसङ्गता लताः ।
कुतूहलाच्छैलतटीमुपेयुषां मृधं च मत्तद्विरदा रदा ददि ॥
सृजत्वसौ वालमरालकूजितैः करक्वणत्कङ्कणनादसादरम् ।
स्ववीचिभिर्वीजितचारुचामरा सुरापगा वारविलासिनी रसम् ॥ (૧.૫૪-૫૬)

એમણે આ અધૂરા મહાકાવ્યના ચાર જેટલા સર્ગોમાં ઓછામાં ઓછા પચીસેક જેટલા અલંકારો પ્રયોજ્યા છે, જે તેમની અલંકારનિરૂપણ પરની પકડનો ખ્યાલ આપે છે.

**ઇતર વિશિષ્ટતાઓ**

આ મહાકાવ્યને બીજાં મહાકાવ્યોની જેમ પોતાની કેટલીક આગવી વિશિષ્ટતાઓ છે. શ્રી યશોવિજયજીએ પોતાના આ અધૂરા મહાકાવ્યની શરૂઆત-માં કે વચ્ચે ક્યાંય પોતાના વિશે કશું કહ્યું નથી. જેમ ભારવિના 'કિરાતાર્જુનીય' મહાકાવ્યના દરેક સર્ગને અંતે આવેલા શ્લોકમાં 'लक्ष्मी' શબ્દ આવે છે, જ્યારે 'શિશુપાલવધ'માં પ્રત્યેક સર્ગના અંતિમ શ્લોકમાં 'श्री' અને 'નૈષધીયચરિત'માં સર્ગના અંતિમ શ્લોકમાં 'आनन्द' શબ્દ આવે છે. તેમ, યશોવિજયજીના આ મહાકાવ્યના દરેક સર્ગના અંતમાં यशःश्रियम् શબ્દ આવે છે, તે બાબત નોંધપાત્ર છે.

આ કાવ્યમાં કેટલેક સ્થળે સ્થાનિક અસર પણ દેખાય છે. ઉત્તર ગુજરાતના કનોડા ગામમાં જન્મેલા આ મહામુનિ ઊંટને ઉપમાન તરીકે બેત્રણ વાર પ્રયોજે છે. (૧.૧૨૧, ૪.૩) એટલું જ નહીં, પણ એમના જમાનામાં 'ઊંટ આગળ અમૃત' એ કહેવત 'ભેંસ આગળ ભાગવત' કહેવતની જેમ પ્રચલિત હશે એમ નીચેના શ્લોક ઉપરથી લાગે છે :

गुणग्रहात् प्रेम मिथः समुल्लसेन्न दोषदृष्टिस्तु सुखाय कस्यचित् ।
विवादभाजोः करभामृताशिनोर्न क्लृप्तयुक्तिः कलहं व्यपोहति ॥ (१.१२१)

ચોથા સર્ગમાં દૂત સુવેગને નડેલાં અનેક અપશુકનોમાં, કવિએ વિધવાને માથે ખાલી ઘડાના દર્શનને પણ અપશુકન તરીકે ગણાવ્યું છે, તે પણ કદાચ સ્થાનિક અસરને પરિણામે હોવાનો સંભવ છે.

આ કાવ્યની કાવ્યશૈલી 'નૈષધીયચરિત'ને ઘણી મળતી આવે છે. આ કાવ્યમાં ગૌડી શૈલીનાં વધારે અને પાંચાલી શૈલીનાં કેટલાંક લક્ષણો જોવા મળે છે એમ કહી શકાય.

ગૌડી શૈલીમાં અનુપ્રાસ વારંવાર આવે છે, તે લક્ષણ આ કાવ્યમાં સ્પષ્ટ જણાઈ આવે છે. કવિનો અનુપ્રાસ પ્રત્યેનો પક્ષપાત પ્રથમ્ નજરે જ ધ્યાનમાં આવે તેવો છે. આ કાવ્યમાં પાદાન્તાનુપ્રાસ (૧.૩૮, ૩.૮૩) અને વૃત્ત્યનુપ્રાસના (૧.૪૮) પ્રયોગો મળી આવે છે.

ગૌડી શૈલીમાં શબ્દો જે અર્થમાં અતિ પ્રસિદ્ધ ન હોય તે અર્થ દર્શાવવા પણ વાપરવામાં આવે છે. આ લક્ષણ પણ આ મહાકાવ્યમાં જણાય છે, કદાચ 'નૈષધીયચરિત'ના પ્રભાવ નીચે આ કાવ્ય લખાયું છે તેથી પણ તેમ બનવા સંભવ છે. આ મહાકાવ્યમાં સૂર્ય માટે तरणि (૨.૩૯), घस्त्र (૩.૨૮), કાગડા માટે करटः (૪.૧૫), પક્ષી માટે सरङ्गः શબ્દ, કૂકડા માટે कृकुवाकु (૩.૭૮) વગેરે જે ઓછા પ્રસિદ્ધ શબ્દો વાપર્યા છે, તે ગૌડી શૈલી તરફનું કવિનું વલણ દર્શાવે છે.

ગૌડી શૈલી અર્થ અને અલંકારના ડમ્બરમાં – ઉત્કર્ષમાં રાચે છે. તે લક્ષણ પણ આ કાવ્યમાં કેટલેક સ્થળે જણાય છે, જેમકે –

सकलभरतभर्तुर्मानसं सूर्यरत्नं सचिवतरणिवाक्याभीशुयोगेन वह्निम् ।
यमुदगिरदमर्षं तेन दग्धं तदानीं चिरपरिचयजातं सोदरस्नेहखण्डम् ॥ (३.११९)

ગૌડી શૈલીમાં પાંડિત્યપ્રદર્શન પણ પ્રમાણમાં વધારે જણાય છે, જે લક્ષણ આ મહાકાવ્યમાં સ્પષ્ટ કળાય છે. અન્યત્ર આ બાબતનો ઉલ્લેખ થયો હોવાથી અહીં તેની પુનરુક્તિ ટાળી છે.

આ ઉપરાંત ગૌડી શૈલીમાં કાવ્યનો બન્ધ વિકટ કે વિષમ હોય છે, જેમકે,

बहिर्महः किञ्चिदगोचरो गिरां परावृतस्येव महामणेरहो ।
अमुद्रितं स्फूर्जति मुद्रमास्य यत् तदंशतः स्युः शतमंद्रिमालिनः ॥ (१.९१)

वाक्कौशलाद् वा पंतिमीहते स, प्रोद्दामधीर्जेतुमिहानु तं यत् ।
लक्ष्मच्छलोद्ग्राहनिगीर्णवर्णमालम्बितं पत्रमिवेदमिन्दुः ॥ (૧.૬૦)

આમ આ કાવ્યની શૈલીમાં ગૌડી શૈલીનાં લક્ષણો વધારે દેખાય છે, તેનું કારણ એ લાગે છે કે તેમણે પોતાના આદર્શ તરીકે 'નૈષધીયચરિત'ને સ્વીકારેલ છે. આ કાવ્યમાં દેખાતા અર્થગાંભીર્ય અને શ્લેષ વગેરેના પ્રયોગને લીધે કાવ્યની શૈલી પર પાંચાલી શૈલીનો પ્રભાવ જણાય છે.

એકંદરે કહીએ તો, 'આર્ષભીયચરિત' મહાકાવ્યની શૈલી મહાકાવ્યના ગંભીર વિષયને એકદમ અનુરૂપ છે.

**'નૈષધીયચરિત' મહાકાવ્યની આ મહાકાવ્ય પર અસર**

'આર્ષભીયચરિત' મહાકાવ્યને વાંચતાં પ્રથમ દૃષ્ટિએ જ ખ્યાલ આવે છે કે આ કાવ્ય 'નૈષધીયચરિત' મહાકાવ્યના આદર્શ ઉપર રચાયું છે. તે મહાકાવ્યના પ્રણેતા શ્રીહર્ષ પણ મહાનૈયાયિક હતા. તેથી શ્રી યશોવિજયજીને એ નૈયાયિક મહાકવિને અનુસરવાનું વધારે અનુકૂળ લાગ્યું હોય તે સ્વાભાવિક છે.

'નૈષધીયચરિત' મહાકાવ્યનો મુખ્ય રસ શૃંગાર છે અને આ મહાકાવ્યનો મુખ્ય રસ શાંત છે, તે જ દર્શાવે છે કે બંનેનું વિષયવસ્તુ સાવ અલગ પ્રકારનું છે, તેમ છતાં યશોવિજયજીની કાવ્યશૈલી 'નૈષધીયચરિત'ની શૈલીને ઘણી મળતી આવે છે એ હકીકત છે.

શ્રીહર્ષની જેમ યશોવિજયજી ચમત્કારપૂર્ણ વિન્યાસમાં કુશળ છે, એટલું જ નહીં જેમ શ્રીહર્ષ પ્રત્યેક સર્ગને અંતે 'आनंद' શબ્દનો પ્રયોગ કરે છે તેમ યશોવિજયજી 'यशःश्री' શબ્દનો પ્રયોગ દરેક સર્ગને અંતે કરે છે. તેઓ શ્રીહર્ષની જેમ मुद्रा શબ્દ અને मुद्रयति એ નામધાતુનાં સક્રિય રૂપો વારંવાર વાપરે છે. જેમકે,

अमुद्रितं स्फूर्जति मुद्रमास्य यत् तदंशतः स्युः शतमंद्रिमालिनः ॥ (૧.૯૧)
अमुद्रमुद्भयञ्जितसंस्तवस्मृतेरथास्तु पीयूषपयोधिमग्नता ॥ (૧.૧૦૦)
सुधीभिरक्षुद्रविमुद्रितार्थविस्तारिसारस्वतसारकोशैः ॥ (૩.૬૧)

આ મહાકાવ્યમાં પણ 'નૈષધીયચરિત'ની જેમ વચ્ચેવચ્ચે દર્શનો તથા શાસ્ત્રોનો ઉલ્લેખ આવે છે. આ ઉપરાંત આ મહાકાવ્યમાં મળતા ઋષભદેવના શાસનનું તથા તેમની દાનશીલતાનું વર્ણન 'નૈષધીયચરિત'માં મળતા નળના શાસન તથા દાનશીલતાના વર્ણન સાથે ઘણું મળતું આવે છે. આ ઉપરાંત, 'આર્ષભીય-ચરિત'માં મળતું અલંકારનિરૂપણ 'નૈષધીયચરિત'માંના અલંકારનિરૂપણ સાથે ઘણું સામ્ય ધરાવે છે, જેનો ખ્યાલ નીચેની સરખામણી પરથી આવશે :

विभज्य दद्यादयमर्थिने न मामिति स्वतः स्वर्णगिरिस्त्वकम्पत । (आर्ष.च.૧.૧૮)
विभज्य मेरुर्न यदर्थिसात्कृतो... न सिन्धुरुत्सर्गजलव्ययैर्मरुः ॥ (नै.च. ૧.૧૬)
मरुत्प्रियो रुद्धमरुत्पथोऽपि स... (आर्ष.च. ૧.૧૫)

अपारिजातोऽपि स पारिजातः..... अमन्दरागोऽपि च मन्दरागः (आर्ष.च. ३.६३)
अमित्रजिन्मित्रजित्...(नै.च. १.१३)
स्वकीयगाम्भीर्यहृतः पयोनिधिः
समुच्छलन् वीचिकशान्तताडनम् । (आर्ष.च.१.१५)
बभौ चलद्वीचिकशान्तशातनैः सहस्रमुच्चैः श्रवसामिवाश्रयम् ।। (नै.च. १.१०९)
दमनादमनागनाहतध्वनिपूर्णामृतपायिनो हृदः ।। (आर्ष.च. २.८२)
दमनादमनाक्प्रसेदुषः....स्तनयां तथ्यगिरस्तपोधनात् ।। (नै.च. २.१७)
अमिता वयमत्र सप्त तेगगनार्द्धादिति संहतक्रमैः ।
रविसप्तिजयादुदासितैर्तुरगैर्यस्य दिशो ललङ्घिरे ।। (आर्ष.च. २.१७)
त्रपा हरीणामिति नम्रिता न नैर्न्यवर्ति तैरर्धनभः कृतक्रमैः ।। (नै.च. १.७०)
यथा यथा नीतिमतिं करोत्यसौ ।
भवत्यनीतिः पृथिवी यथा तथा ।। (आर्ष.च. १.१३)
निवारितास्तेन महीतले निरीतिभावं गमितेऽतिवृष्टयः ।। (नै.च. १.११)

ઉપર્યુક્ત દૃષ્ટાંતો ઉપરાંત શ્રીહર્ષને અનુસરીને બીજા પણ કેટલાક શ્લોકોમાં શ્રી યશોવિજયજીએ શ્લેષનો સફળ ને સુંદર ઉપયોગ કર્યો છે, જેમકે,

नत्यर्थतायामनति प्रतिज्ञा रणेऽर्थिते ये चरणं प्रपन्नाः ।
वर्णाधिकं सर्वमकार्षुरुक्तं वर्णाधिकादेव तदानुजास्ते ।। (३.१७)

આ ઉપરાંત આગળ ઉપર ગૌડી શૈલીના લક્ષણના સંદર્ભમાં વાત થઈ છે કે શ્રી યશોવિજય શ્રીહર્ષની જેમ, કોશમાં નહીં આપેલા અને ભાષામાં તે અર્થમાં પ્રચલિત નહીં તેવા શબ્દોનો ઉપયોગ વધારે કરે છે, તેથી કાવ્યની શૈલી વિદ્વદ્ભોગ્ય જણાય છે અને કાવ્ય અમુક અંશે વ્યાખ્યાગમ્ય જણાય છે.

આમ શ્રીહર્ષના મહાકાવ્યનો ઘણો પ્રભાવ આ કાવ્ય પર પડેલો જણાય છે.

**યશોવિજયજીની કાવ્યશૈલીની કેટલીક મર્યાદાઓ**

'આર્ષભીયચરિત' મહાકાવ્યના કર્તાની શૈલીમાં પણ 'નૈષધીયચરિત'ના કર્તાની શૈલીની કેટલીક મર્યાદાઓ પણ જાણે પ્રતિબિંબિત થઈ છે, જેમકે હર્ષની જેમ પ્રાંતીય ભાષાઓના ધૂમરી, धोरणिः (૧.૩૦) જેવા શબ્દ પણ તે સ્વીકારે છે.

વ્યાકરણની દૃષ્ટિએ સાવ શુદ્ધ ન ગણાય તેવા 'अमानतद्दानजलप्रवाहे' (૩.૪૯) જેવા પ્રયોગો તેમણે કર્યા છે. કેટલાક શ્લોકોમાં બધા શબ્દોનો સુસંગત રીતે અર્થ બેસાડતાં મુશ્કેલી પડે છે. જેમકે,

अदस्तुलाभृत्परदेवगर्हणाप्यनर्हणामश्नुति काव्यशिल्पिना ।
विचारकृद् व्याहतिमीक्षतेऽत्र किं न सिद्ध्यसिद्ध्योः स्फुटनिग्रहस्थलाम् (१.९६)

કેટલાક આગલા શ્લોકના છેલ્લા પાદનો અન્વય પછીના શ્લોકમાં પ્રારંભિક

પાદ જોડે બંધબેસતો હોય અને તે પછીના શ્લોકના બાકીના પાદ જુદો અર્થ દર્શાવતા હોય છે,

रतिहासविलासशालिभिर्बहुशो भूमिभूजां गतागतैः ।
अभवत् प्रतिनायकं भुवः कुलवध्वा न कटाक्षलक्षणा ॥
किमपश्यदमुद्रितेक्षणा न तमिस्रापि विसंयुता २(?)रिः ।
निजमध्यदिशा गतागतैस्त्वरमाणोत्तरखण्डराजकम् ॥ (२.३१–३२)

તેમના આ કાવ્યમાં કેટલેક સ્થળે વિચિત્ર શબ્દપ્રયોગો મળે છે જેમકે 'सफल' એવો અર્થ દર્શાવવા તે 'फलवत्' શબ્દ પ્રયોજે છે :

गुणग्रहेणैव विचिन्त्य वाचामाचारपूताः फलवज्जनित्वम् ॥ (३.१४)

કોઈકોઈ શ્લોકમાં ક્લિષ્ટ કહી શકાય તેવી સંરચના જણાય છે જેમકે,

तनुं कृशीकृत्य हृताणुसञ्चया कया दिशा क्षुत्कृतमन्तुरीशितुः ।
यतस्तदा तैरणुभिः परिस्कृतं बभूव पुण्याङ्गममुष्य मेदुरम् ॥ (१.६३)

પૌરાણિક સંદર્ભોના આધારે નિરૂપાયેલા કેટલાક અલંકારોને લીધે કાવ્ય સહેલાઈથી સમજાય તેવું રહેતું નથી, જેમકે,

त्यक्तगोवधघटोद्भवभीतक्षीरसागरपयः कलशोध्न्यः ।
किं विभज्य जगृहुर्जनगव्यो वीक्ष्य ता इति स यत्र शशङ्के ॥ (४.३३)

આ મહાકાવ્યની ઉપર્યુક્ત મર્યાદાઓ, તેની ગુણવત્તાના પ્રમાણમાં ખાસ નોંધપાત્ર ન લેખાય.

**કાવ્યમાં વણાયેલ જૈન ધર્મસિદ્ધાન્તો અને કવિનું અધ્યાત્મદર્શન**

આ મહાકાવ્ય ચીલાચાલુ જૈન પૌરાણિક મહાકાવ્યોમાં સાવ જુદી જ ભાત પાડે છે. ગુજરાતમાં થઈ ગયેલા અમરચંદ્ર નામના કવિએ રચેલું 'પદ્માનંદ-મહાકાવ્ય' (૧૩મી સદી) પૌરાણિક મહાકાવ્યો અને લલિત મહાકાવ્યો વચ્ચેની શૃંખલારૂપ છે. આ મહાકાવ્ય પણ એ જ પરંપરાને અનુસરીને સાહિત્યિક પાસાને ઉપસાવતી વખતે પણ ધાર્મિક અને પૌરાણિક પાસા પ્રત્યે જરાયે દુર્લક્ષ કરતું નથી, એ એક પ્રશસ્ય હકીકત છે.

ઋષભદેવના ચરિત્ર પર આધારિત આ કાવ્યમાં જૈન ધર્મના સિદ્ધાંતોનો નિર્દેશ વારંવાર આવે તે સ્વાભાવિક છે. આ કાવ્યમાં આશ્રવ (૧.૫૧, ૨.૧૧૩), સંવર (૨.૧૧૩), ઈર્યાસમિતિ (૧.૭૦), ગુપ્તિઓ (૨.૧૧૨, ૨.૧૧૪), પરીષહો (૧.૬૨), કષાયો (૨.૮૭), નવ તત્ત્વો (૩.૨૭, ૩.૪૮), સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નો (૧.૩૧, ૩.૨૩), મોહનીય કર્મ (૩.૭૩), વગેરેનો નિર્દેશ છે. બીજા સર્ગમાં, ઋષભદેવે પુત્રોને આપેલા ઉપદેશમાં પણ સંયમ સેવીને મોહરાજને જીતવાનો જે રસ્તો દર્શાવ્યો છે તે પણ જૈન ધર્મના હાર્દ સમો છે.

જૈન ધર્મના નિર્દેશો જૈન પૌરાણિક કાવ્યમાં વારંવાર મળે તે જાણે સ્વાભાવિક

ગણાય, પણ આ કાવ્યમાં બીજા કેટલાક એવા નિર્દેશો પણ મળે છે કે જેના ઉપરથી મહામુનિની ધાર્મિક ઉપરાંત આધ્યાત્મિક પ્રગતિનાં પણ એંધાણ મળી આવે છે.

સહુ પ્રથમ તો તેમણે ઋષભદેવનું પાત્રાલેખન કરતી વખતે તેમનામાં બધા આધ્યાત્મિક ગુણોનો ઉત્કર્ષ દર્શાવ્યો છે, જેમકે તેમનામાં ઉચ્ચ કક્ષાના गाम्भीर्य (૧.૧૫), वदान्ययभाव (૧.૧૬), तितिक्षा (૧.૬૬) અને सहिष्णुता (૧.૭૧) દર્શાવી છે. પ્રથમ સર્ગના પ્રારંભમાં તેમને तमःप्रमाथी, शुचिः (૧.૧) કહ્યા છે. તેમને વાસનાને ભેદનાર (૧.૨) કહ્યા છે. આ ઉપરાંત તેમને ક્ષમારૂપી ધનવાળા (૧.૫) અને અપરિગ્રહી (૧.૫) કહ્યા છે. બીજા એક શ્લોકમાં તેમને આધ્યાત્મિક ગુણોથી શોભતા तपोमहीरुह (૧.૨૫) કહ્યા છે. ભિક્ષા માટે નીકળેલા ઋષભદેવને તેમણે સુંદર કવિત્વમય ભાષામાં વર્ણવ્યા છે :

अथ प्रभुः पारमहंस्य-वासनाविशीर्णनिःशेषविकारसारधीः ।
भ्रमन्ननेकेषु कुलेष्वसम्भ्रमादनाप्तभैक्षप्रसस्तपोबलः ॥ (૧.૬૭)

આ ઉપરાંત તેમણે કાવ્યના બીજા સર્ગમાં, જે રીતે અધ્યાત્મપુર (૨.૧૨૦), અધ્યાત્મરતિ (૨.૧૨૧), અધ્યાત્મરસ (૨.૧૨૨), અધ્યાત્મવિદો (૨.૧૨૩) વગેરેનો નિર્દેશ કર્યો છે તે ઉપરથી પણ લાગે છે કે આધ્યાત્મિક માર્ગની જેને ઊંડી લગની લાગી હતી, તેવા આ મહાપુરુષ હતા.

એથીયે વિશેષ નોંધપાત્ર તો એ છે કે તેમણે બ્રહ્મનો નિર્દેશ બે-ત્રણ સ્થળે કર્યો છે :

यदि वा न दिवि न वा निशि स्थिरतामेति यदन्तरिन्द्रियम् ।
प्रविधाप्य वशं तदेव नः परब्रह्मणि मज्जयिष्यति ॥ (૨.૫૭)

તે જ પ્રમાણે ભરતનો મંત્રી, ભરતની સેનાનું વર્ણન કરતાં બ્રહ્મ અંગેની ઉપમા આપે છે :

समग्रशास्त्रेऽपि, कृतप्रवेशा मोमुह्यते ब्रह्मणि दृग्यथोच्चैः ।
तथा तवास्मिन् जगदेकसारे प्रणीतषट्खण्डजयाऽपि सेना ॥ (૩.૭૪)

તક્ષશિલા નગરીનું વર્ણન કરતાં કવિ તેને બ્રહ્મ જેવી કહે છે :

ब्रह्मवत् सकलसारचरित्रा शुद्धबुद्धिभिरभूत् स्पृहणीया ॥ (૪.૬૬)

શ્રુતિમાં 'ઓમ્'કારનું મહત્ત્વ વધારે હોય છે, એ દર્શાવતો શ્લોક પણ આ મહાકાવ્યમાં મળે છે, તે કવિનો ઉદાર દૃષ્ટિકોણ દર્શાવે છે :

ॐकारमग्रेसरयत्यतश्चेदाज्ञा श्रुतौ तन्महतीष्टसिद्धिः । (૩.૭૭)

બ્રહ્મ વિશેના કવિના આ નિર્દેશો એટલો અણસાર ચોક્કસ આપે છે કે આ મહાકવિને પરમતત્ત્વનો, કે જેને એ બ્રહ્મ તરીકે વર્ણવે છે તેનો તેમને સાક્ષાત્કાર થયો છે, અને તે સુખદ અનુભૂતિનો રણકાર આ મહાકાવ્યમાં આપણને વચ્ચેવચ્ચે સંભળાય છે.

શ્રી યશોવિજયં જૈન દર્શનના તેમજ અન્ય ભારતીય દર્શનોના પ્રખર જ્ઞાતા હતા, સંસ્કૃત-પ્રાકૃતના એક મહાકવિ હતા, પણ તે ધર્મની મર્યાદિત સીમાઓને વટાવીને એક એવી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચ્યા હતા, જ્યાંથી તેઓ માનવમાત્રના માટે આદરપાત્ર અને પૂજ્ય બની રહે.

**મહાકાવ્યની વિશિષ્ટતા અને તેનું પ્રદાન**

'આર્ષભીયચરિત' નામનું આ સંસ્કૃત મહાકાવ્ય અનેક રીતે વિશિષ્ટ છે. આ કાવ્ય પૂરું થયું હોત તો 'નૈષધીયચરિત' જેવું એક સરસ સંસ્કૃત પૌરાણિક મહાકાવ્ય મળ્યું હોત. શ્રીહર્ષ જેવી કાવ્યશૈલીમાં તીર્થંકરનું ચરિત્ર વર્ણવતું કાવ્ય પણ રચાઈ શકે, એનું સુંદર ઉદાહરણ આ કાવ્ય પૂરું પાડે છે. વળી જૈન પૌરાણિક મહાકાવ્ય જૈન દર્શનના સિદ્ધાંતો નિરૂપવાની સાથેસાથે તેની સાહિત્યિક ગુણવત્તાનું ઊંચું ધોરણ પણ જાળવી શકે છે તેની પ્રતીતિ આ કાવ્યે કરાવી છે. ગમે તે સંજોગોને કારણે આ કાવ્યના ચાર જ સર્ગો મળે છે, તે સંસ્કૃત સાહિત્યની કમનસીબી છે, નહીં તો પંચ મહાકાવ્યોની લગભગ લગોલગ આવે તેવું એક સુંદર કાવ્ય મળ્યું હોત તેમાં શંકા નથી. સહુથી વધારે નોંધપાત્ર બાબત એ છે કે સત્તરમી સદીમાં ઉત્તર ગુજરાતમાં જન્મેલા એક મહાકવિએ, સંસ્કૃત ભાષા માત્ર પંડિતોની જ ભાષા તરીકે જે જમાનામાં અસ્તિત્વ ધરાવતી હતી, તે જમાનામાં આવું પાંડિત્યપૂર્ણ સંસ્કૃત મહાકાવ્ય રચવાનો પ્રયાસ કર્યો. આવા સુંદર ને વિદ્વદ્ભોગ્ય મહાકાવ્યની રચના કરવા માટે શ્રી યશોવિજયજીને આપણે જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

**પરિશિષ્ટ**

'આર્ષભીયચરિત' મહાકાવ્યમાં પ્રયોજાયેલ અલંકારોની સૂચિ

**અતિશયોક્તિ** – ૧.૭, ૧.૧૧૩, ૧.૧૯૧, ૨.૧૫, ૨.૧૬, ૨.૨૯, ૨.૬૯, ૨.૮૯, ૨.૧૦૨, ૩.૧૧, ૩.૧૫, ૩.૧૯, ૪.૪૦ વગેરે

**અનુપ્રાસ** – ૧, ૬૦, ૧.૬૨, ૧.૬૬, ૧.૭૧, ૧.૭૨, ૧.૭૪, ૧.૭૮, ૧.૯૧, ૩.૬૪, ૩.૭૮, ૩.૮૧

**અર્થાન્તરન્યાસ** – ૧.૯૯, ૧.૧૦૭, ૨.૫૯, ૨.૮૧, ૩.૧૩, ૩.૧૪, ૩.૪૫, ૩.૯૩ વગેરે

**ઉત્પ્રેક્ષા** – ૧.૧૫, ૧.૨૭, ૧.૬૯, ૧.૧૨૫–૧૨૭, ૧.૧૩૧, ૨.૧૨–૧૩, ૨.૭૮, ૨.૯૪, ૩.૬૮, ૪.૩૯, ૪.૫૯, ૪.૬૩ વગેરે

**ઉદાત્ત** – ૨.૨૯, ૨.૭૦

**ઉપમા** – ૧.૫, ૧.૮, ૧.૯, ૧.૭૩, ૧.૮૧, ૧.૯૧, ૧.૧૧૪, ૨.૩૬, ૨.૩૭, ૨.૮૭, ૨.૯૦, ૨.૯૧, ૨.૧૧૦ ૩.૨૦, ૩.૨૧, ૩.૨૮, ૩.૨૯, ૩.૩૪, ૩.૪૪ ૩.૭૦ (માલોપમા), ૩.૭૭, ૪.૫, ૪.૨૫, ૪.૪૨, ૪.૬૬

એકાવલિ – ૪.૧૯
કાવ્યલિંગ – ૧.૧૬, ૨.૧૭, ૨.૯૦
દૃષ્ટાંત – ૧.૪, ૧.૯૨, ૧.૯૪, ૧.૯૫, ૧.૧૦૯, ૨.૩૯, ૨.૬૨, ૨.૧૦૯, ૩.૬, ૩.૨૮, ૩.૭૨
નિદર્શના – ૧.૨૯, ૧.૭૫, ૧.૧૨૭, ૨.૨૯, ૨.૮૧, ૨.૯૬, ૩.૧૧૧, ૪.૪૧
પરિણામ – ૧.૫૪–૫૭
પરિવૃત્તિ – ૧.૮૫
પર્યાય – ૧.૬૮
પર્યાયોક્ત – ૨.૬, ૨.૧૪, ૨.૧૫
પ્રતિવસ્તૂપમા – ૩.૨૮
પ્રતીપ – ૨.૧૦૭
ભ્રાન્તિમાન્ – ૨.૧૦
મીલિત – ૨.૮૪
યથાસંખ્ય – ૧.૮, ૨.૮, ૪.૪૩
યમક – ૧.૭૧, ૧.૭૨ વગેરે
રૂપક – ૧.૩૦, ૧.૪૮, ૧.૬૨, ૧.૭૫, ૧.૮૩, ૧.૮૮, ૧.૧૦૦, ૧.૧૦૧, ૧.૧૦૩, ૧.૧૦૮, ૧.૧૧૧, ૨.૩, ૨.૮, ૨.૪૨, ૨.૫૪, ૨.૯૮, ૨.૯૯, ૨.૧૦૩, ૨.૧૧૯, ૨.૧૩૧, ૩.૫, ૩.૧૦, ૩.૨૨, ૩.૪૯, ૩.૧૨૦, ૪.૬૪ વગેરે.
વિનોક્તિ – ૧.૭૯
વિરોધ – ૧.૫, ૧.૧૩, ૨.૧૧, ૨.૧૧, ૩.૬૩
વ્યતિરેક – ૧.૮૭, ૧.૮૮, ૧.૮૯, ૧.૯૦, ૨.૧૨–૧૪ વગેરે
શ્લેષ – ૧.૧, ૧.૧૩, ૨.૧૫, ૩.૧૦ વગેરે.
સમાસોક્તિ – ૧.૮૪

અલંકારોની આ યાદી સંપૂર્ણ એ અર્થમાં નથી, કે બધા જ શ્લોકોમાંના બધા જ અલંકારો દર્શાવ્યા નથી. મુખ્ય અલંકારો દર્શાવ્યા છે. વળી અલંકારોની ઓળખ બાબતમાં પણ મતભેદને અવકાશ રહે છે.

**પાદટીપ**

૧. (૧) સરખાવો આર્ષ. ચ. અને ત્રિ.શ.પુ. :-

विमोः करस्येक्षुरसं नभोलिहं । (आर्ष. च.१.१.२५) અને
स्त्यानो नु स्तम्भिनोन्यासीत्, व्योम्नि लग्नशिखो रसः (त्रि.श.पु. १.३.२९४)

(૨) कुरुतां क इवास्य सेवनां तदहो तुल्य नृभावभावितः ॥ (आर्ष.च. २.५८) અને
इदृक् सेवाफलं दातुं न चेद् भरत ईश्वरः ।
मनुष्यभावे सामान्ये तर्हि कः केन सेव्यताम् ॥ (त्रि.श.पु. १.४.८१)

(૩) अर्गलामिव समीहितसिद्धेर्दन्द शूकमयमैक्षत मार्गे ॥ (आर्ष.च. ४.५) અને
उत्ततार पुरस्तस्य प्रलम्बः कृष्णपन्नगः ।
क्षिप्तार्गलेव देवेन तद्यानिरुरुत्सया ॥ (त्रि.श.पु. १.५.३२)

□

*ધાર્મિક જ્ઞાન આપવા માટે બીજા અનેક ઉપાયો કરવામાં આવે કે ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજની વિદ્યમાન કૃતિઓને વિભિન્ન વિભાગોમાં વહેંચી જેની જેટલી શક્તિ હોય તે પ્રમાણે તેને તે-તે વિભાગમાં નિષ્ણાત બનાવવામાં આવે અને વિભાગવાર અધ્યયન કરીને તેમાં નિષ્ણાત બનનારને સારામાં સારાં પારિતોષિકો આપવામાં આવે તોપણ થોડા જ વખતમાં જૈન ધર્મની વિશેષતાઓને સમજનાર એક સારા જેવો વિદ્વદ્‌વર્ગ તૈયાર થઈ જાય અને તેનું વચન સર્વ કોઈને આદેય બને અને તે દ્વારા જ્ઞાન અને શ્રદ્ધાનો નવો પ્રકાશ ફેલાય. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની સાચામાં સાચી સ્મૃતિ આ હોઈ શકે.*

પં. ભદ્રંકરવિજયજીગણી

# 'પ્રીતિરતિકાવ્ય'

નિત્યાનંદવિજયગણિ

श्री संघ तथा विद्वद्जगत के सद्भाग्य से मुझे कुछ समय पूर्व पूज्यपाद परमोपकारक न्यायविशारद महानहोपाध्याय श्रीमद् यशोविजयजी महाराज की अद्यावधि अज्ञात एक लघुकृति प्राप्त हुई है। इस रचना की प्राप्ति भी पूज्यश्रीजी की तीसरी निर्वाण शताब्दी वर्ष के अन्तर्गत मुझे हुई और उसका अल्प-स्वल्प परिचय करवाने का सौभाग्य मिला। तदर्थ में तथा प्रकार की धन्यता का अनुभव करता हूँ।

समग्र रचना में प्रस्तुत कृति का नामका पता नहीं चलता, पूज्यपाद उपाध्याय श्रीमद् यशोविजयजी महाराज ने अनेक रचनाओं का प्रारम्भ किया था परन्तु अन्यान्य अनेक कारणों से उन रचनाओं को पूर्ण कर पाने का उन्हें समय नहीं मिला, इस कारण उनकी कई रचनाएं अपूर्ण मिलती हैं। इसी तरह प्रस्तुत रचना को भी वे आरंभ करके पूर्ण नहीं कर सके। यह बात रचना को देखकर मुझे सहज भाव से ज्ञात हुई है।

यद्यपि प्रस्तुत कृति का नाम मूल रचना में उपलब्ध नहीं है किन्तु इस रचना की चार पत्रात्मक हस्तलिखित प्रति के प्रथम पत्र की दूसरी पृष्टि के मार्जिन में 'गुरुवर्णने प्रीतिरतिकाव्यं' तथा दूसरे और तीसरे पत्रक की प्रथम पृष्टि के मार्जिन में 'प्रीतिरतिकाव्यं' ऐसा शीर्षक लिखा है। अतः कर्ता को प्रस्तुत रचना का 'प्रीतिरतिकाव्य' नाम अभिप्रेत है।

प्रस्तुत समग्र रचना कर्ता ने स्वहस्त से लिखी है। इतना ही नहीं मार्जिन में जो कृति का नाम लिखा है, वह भी कर्ता के हस्ताक्षर में हैं। अतः इस रचना का नाम 'प्रीतिरतिकाव्य' सुस्पष्ट है।

अंत में लेखक के रूप में कर्ता ने स्वयं का नाम नहीं लिखा। अतः यह रचना कर्ता के हस्त से लिखी गई है, ऐसा निर्णय मैं नहीं कर पाता, लेकिन कर्ता के स्वहस्त से लिखी हुई अनेक प्रतियां उपलब्ध हैं। उनके आधार से पं. श्री अमृतलाल भोजक तथा पं. श्री लक्ष्मणभाई भोजक ने मुझको कर्ता के हस्ताक्षर की प्रतीति कराई। इसलिए यहां मैंने स्पष्ट लिखा है। उन दोनों भोजक बंधुओं ने दिवंगत पूज्यपाद आगमप्रभाकर मुनि भगवंत श्री पुण्यविजयजी महाराज के कार्यों में चिरकाल पर्यंत सहकार दिया है। अतः उनसे अपने ज्ञानभंडारों एवं हस्तलिखित ग्रंथों के सम्बन्ध में अनेक प्रकार की जानकारी मिलती है।

प्रस्तुत रचना के आदि से एक सौ आठ पद्य पर्यन्त प्रीति और रति का संवाद है। सो इस

प्रकार से १ से २५ पद्य पर्यन्त प्रीति का वक्तव्य, २६ से ४८ पद्यों में रति का वक्तव्य, ४९ से ७१ पद्य पर्यन्त प्रीति का वक्तव्य, ७२ से ८८ पद्य पर्यन्त रति का वक्तव्य, ८९ से १०१ पद्य पर्यन्त प्रीति का वक्तव्य, १०२ से १०६ पद्य पर्यन्त रति का वक्तव्य है। इसमें जहां-जहां प्रीति का वक्तव्य है सो स्वागता वृत्त में है और रति का वक्तव्य द्रुतविलम्बित वृत्त में है। १०७ एवं १०८ वां पद्य द्रुतविलम्बित छंद में है और इसमें रति प्रीति के कथन का स्वीकार करती है। १०८ वें पद्य के अन्त में कर्ता ने अपना नाम श्लेषालंकार में निरूपित किया है। बाद में 'इति प्रीति-रतिसंवादः' इतना वाक्य गद्य में है अर्थात् यहां प्रस्तुत रचना का एक विभाग पूर्ण होता है।

उपर्युक्त संदर्भ के बाद १ से २१ पद्य शार्दूलविक्रीडित छंद में हैं और इन २१ पद्यो में क्रुद्ध कामदेव का विस्तार से वर्णन है।

अब प्रस्तुत रचना का संक्षिप्त सार प्रस्तुत करता हूँ। १ से २५ पद्यो में सुगुरु के प्रति आन्तरिक और वास्तविक आकर्षण से प्रेरित होकर प्रीति का रति के प्रति वक्तव्य है। इसमें ब्रह्मा ने प्रीति और रति का जो योग कामदेव के साथ जमाया है सो ब्रह्मा की बडी भूल है ऐसा कहा गया है। इस वक्तव्य को विशेष पुष्ट करने के लिए प्रीति ने ब्रह्मा की अनेक क्षतियां कही हैं। यहां कामदेव को छोडकर सुगुरु का अवलंबन लेने का निरूपण है।

२६ से ४८ पद्यों में उपर्युक्त प्रीति के विधान का प्रत्युत्तररूप रति का वक्तव्य है। इसमें 'अपना पति कामदेव है' यह बात जगविख्यात है ऐसा कहकर रति ने कामदेव का प्रभाव और प्रताप का विविध प्रकार से निरूपण किया है। इसके बाद 'अपने पति का त्याग करना सो कुलाचार नहीं है' ऐसा भी रति ने कहा है। विशेषतः रति ने ऐसा भी कहा है कि सुगुरु तो सिद्धिवधू यानि मोक्ष की प्राप्ति में आसक्त है। अतः सुगुरु का स्वीकार करना सो एकपाक्षिक राग योग्य नहीं। इसकी पुष्टि के लिए रति ने मधुकरी भी चंपक के प्रति एकपाक्षिक राग रखती नहीं है इस प्रकार के विविध उदाहरणों और युक्तियों से प्रीति के अभिप्राय का प्रतिकार किया है।

४९ से ७१ पद्यों में 'बडे के संग से लघु भी महान बनता है' यह उचित कहकर प्रीति ने रति के प्रतिपादन का प्रतिकार किया है और सुगुरु का प्राधान्य निरूपित किया है। इस वक्तव्य में प्रीति ने रति को विशेषतः कहा है कि कामदेव में आसक्त होकर यदि तूं ऐसे सुगुरु का शरण नहीं लोगी तो कल्पवृक्ष को छोडकर करीर का स्वीकार करने जैसी तेरी बुद्धि मानी जाएगी।

७२ से ८८ पद्यों में रति को प्रीति का कथन सही लगा है किन्तु कामदेव को छोडकर सुगुरु के अवलंबन से होनेवाली अनेक प्रकार की लौकिक आपत्तियां कहकर रति ने एक प्रकार की अन्तर्व्यथा व्यक्त की है।

८९ से १०१ पद्यों में प्रीति ने रति को लौकिक आपत्तियों का तनिक भी भय न रखकर सुगुरु को स्वीकार करने के लिए अनेक युक्तियों से समझाया है। यहां प्रीतिने बौद्ध, सांख्य

आदि दार्शनिकों की क्षतियां भी कही है।

१०२ से १०६ पद्यों में रति का वक्तव्य है। इसमें रति प्रीति का आन्तरिक उपकार मानती है और स्वयं को धन्य समझती है। १०७ और १०८ पद्य में रति और प्रीति सुगुरु के आश्रय में रहती है यह बात कही है। यहां प्रीति और रति का संवाद पूरा होता है।

इसके बाद १ से २१ पद्यो में अपनी प्रीति और रति नामक दोनों पत्नियां एक त्यागी तापस के आश्रय में रही हैं यह बात जानकर क्रुद्ध कामदेव का विस्तार से वर्णन् है। यहां कामदेव के वक्तव्य में अपने बाण से शंकर जैसे भी चलायमान हुए हैं और नंदिषेण जैसे जैन मुनि को भी चलायमान किया है। इस विषय के विस्तृत निरूपण पूर्वक कामदेव का समस्त जगत जीतने के अहंकार का निरूपण है। तथा निर्ग्रंथ सुगुरुं को जीतने के लिए कामदेव ने अपने मंत्री को सैन्य तैयार करने का कहा है।

उपर्युक्त निरूपण के बाद ग्रंथ अपूर्ण लगता है ऐसा मुझे प्रतीत होता है। यहां कामदेव ने तपस्वी सुगुरु को चलायमान करने के लिए आगे क्या किया सो स्पष्ट नहीं होता। प्रीतिरति के संवाद के अन्त में कर्ता ने अपना नामनिर्देश किया है ऐसा यहां अन्त्य २१ वें पद्य में कर्ता ने अपने नाम का कोई उल्लेख नहीं किया। इस कारण भी पूज्यपाद उपाध्यायजी महाराज की यह रचना भी अपूर्ण है, ऐसा मेरा मन्तव्य है।

प्रस्तुत रचना की शैली महाकाव्य जैसी प्रौढ और गंभीर है। इसे संपूर्ण रूप से समझने की मेरी गुंजाइश नहीं है। मैंने मेरे एक दो सुपरिचित विद्वानों के साथ परामर्श किया था, लेकिन समग्र रचना का हार्द समझने के लिए कोई अधिकारी विद्वान का सहकार लेने का मैंने सोचा है
।

प्रस्तुत रचना को समझने के लिए पं. अमृतलाल भोजक ने सुख्यात विद्वान श्री के. का. शास्त्री के पास जाकर कितनेक स्थान पर पाठ ठीक किए हैं और छन्दोविषयक जानकारी भी इनसे मिली है, इस सहकार के लिए मैं श्री के. का. शास्त्रीजी के प्रति सादर कृतज्ञता प्रकट करता हूँ।

अन्तमें प्रस्तुत रचना के कितनेक पद्य प्रस्तुत करके में अपना वक्तव्य समाप्त करता हूँ।

✱ यस्य रूपभरमप्रतिरूपं निर्निमेषनयनेन निरूप्य।
प्रीतिरुत्पलकमेतदवादीत् सस्मितं प्रतिरति स्फुटभङ्गि ॥१॥

✱ आचचार नहि चारु विरञ्चिर्वञ्चिते यदिह साम्प्रतमावाम्।
आवयोरतनुना किल योगः श्रीगुरावुचितपर्यनुयोगः ॥४॥

✱ अथ रतिर्विलसत्पुलकावलिः प्रमदमेदुरमेतदवीवदत्।
मुकुलिताधरपल्लवपाटलद्युतिविसर्पणरञ्जितदिग्वधूः ॥२६॥

✱ सकललोकविलोकनकौतुकाकुलविलोचनदत्तसभाजनम्।

जगति साक्षिणि यं समशिश्रियद् विबुधगीत**यशोविजय**श्रियम् ॥१०८॥

✱ श्रुत्वाऽथ स्मृतिभूरनेकवचनैर्लोकास्यकौटुम्बिकैः
साद्धं येन निजप्रियापरिणयाभिष्वङ्गवार्त्तां मुहुः ।
उन्मीलत्त्रिवलीतरङ्गिततरभ्रूनृत्यदीक्षागुरुः
क्रीडत्कोपविपाटलद्विनयनीव्याघूर्णनाभ्यासवान् ॥१॥(१०९)॥

✱ निष्पीतासवरागविस्मितपटुप्रस्यन्दमानाधरम्
श्रीमद्भिर्दशनैर्दशन्निव रुषा प्रस्वेदधाराः किरन् ।
दर्पाद् दिग्जयदायिनीं निजधनुर्ज्याकोटिमास्फालयन्
मिथ्यादर्शनमन्त्रिणं प्रति जवादेतद् बभाषे वचः ॥२॥(११०)॥

✱ मद्बाणेन हरोऽपि गोपितमहायोगातुरं चुक्षुभे
सा वार्त्ता किमु तापसश्रुतिपथो नोन्माथिनी पप्रथे ।
येनासावधुना धुनान इव मञ्जायासमालिङ्गन-
प्रेम्णा मामवगण्य मन्दरगिरिं सिंहाभिमानीक्ष्यते ॥४॥(११२)॥

✱ मत्सम्मोहनकाण्डताण्डववशाद् दिङ्मूढतामाश्रयन्
भिक्षोरस्य न गच्छति स्मृतिपदं किं नन्दिषेणो मुनिः ।
सम्प्रत्यस्य मदीरितप्रणयिनीवक्षोजकस्तूरिका-
च्छायाच्छादितचेतसः शुभपथि स्थातुं किमालम्बनम् ?॥९॥(११७)॥

अंतिम वृत्त

✱ उत्फुल्लस्थलपद्मसद्मनि चिरं रागी स पुष्पन्धयः
सन्तुष्टोऽपि कथं रथाङ्गमिथुनोल्लासं जडः स्पर्ध्दताम् ।
एकेनाधिकमाम्बुजं मधु यतो मेने दृढासेवनात्
तेनेऽन्येन पुनः प्रियाधरसुधासन्तोषिणा पारणम् ॥२१॥(१२९)॥

☐

स्वागमं रागमात्रेण द्वेषमात्रात्परागमम् ।
न श्रयामस्त्यजामो वा किंतु मध्यस्थया दृशा ॥

*અમે માત્ર રાગથી સ્વ એટલે જૈન આગમનો આશ્રય કે માત્ર દ્વેષ વડે પર એટલે જૈનેતર આગમનો ત્યાગ કરતા નથી; પરંતુ મધ્યસ્થ દૃષ્ટિથી અવલોકન કરી યથોચિત કરીએ છીએ.*

**ઉપાધ્યાય યશોવિજય**
('જ્ઞાનસાર')

# 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા'નો પરિચય

આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિજી

'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા' એ ન્યાયાદિશાસ્ત્રનિષ્ણાત ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે રચેલ અનેક ગ્રંથો પૈકી એક ગ્રન્થરૂપ છે.

આ ચતુર્વિંશતિકામાં આ અવસર્પિણીકાલના પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ પ્રભુથી લઈને ચોવીશમા તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્મા સુધીના ચોવીશ તીર્થંકર પરમાત્માઓની સ્તુતિ કરવામાં આવી છે.

મૂળ શ્લોકો તો ૯૬ જ છે પણ એની રચના તેમજ એમાં યમક, અનુપ્રાસ આદિ વિવિધ અલંકારોની ગૂંથણી એટલી તો સુંદર છે કે એ વાંચનારને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની વિદ્વત્તા તથા કવિત્વશક્તિ માટે અપૂર્વ માન ઉત્પન્ન થયા વગર રહે નહીં.

'સ્તુતિચતુર્વિંશતિકા'ની શરૂઆત 'ऐन्द्रव्रात नतः ।' એ પદથી થતી હોવાથી આનું નામ 'ऐन्द्रस्तुति' એ રીતે પ્રસિદ્ધ થયું છે. આપણે ત્યાં ઘણાં સ્તુતિસ્તોત્રોનાં નામ તે સ્તુતિસ્તોત્રોના પ્રથમ પદથી પડેલાં છે. ભક્તામર, કલ્યાણમંદિર વગેરે તેનાં ઉદાહરણો છે. આ ચોવીશ સ્તુતિમાં એકએક ભગવાનની ચારચાર શ્લોકની સ્તુતિ છે તેમાં પ્રથમ શ્લોકમાં અધિકૃત જિનની સ્તુતિ, બીજા શ્લોકમાં સર્વ જિનની સ્તુતિ, ત્રીજા શ્લોકમાં શ્રુત જ્ઞાનની સ્તુતિ અને ચોથા શ્લોકમાં અધિકૃત તીર્થંકર ભગવાનના અધિષ્ઠાયક શાસનદેવ-દેવીની સ્તુતિ કરવામાં આવે છે.

એક મહાકવિની રચનામાં જે સાહિત્યિક ગુણો જોવામાં આવે તેવા ગુણો આ કૃતિમાં જોવા મળે છે. આપણે ત્યાં સ્તુતિસાહિત્ય ખૂબ જ વિપુલ પ્રમાણમાં મળે છે. એમાં કેટલીક સ્તુતિ તો એવી અદ્‌ભુત હોય છે કે જે વાંચતાં-સાંભળતાં આત્મા ભાવવિભોર બની કોઈ જુદી જ દુનિયામાં પહોંચી જાય છે. વળી એ પદોની રચના પણ એવી તો મધુર પ્રાસાદિક અને હૃદયંગમ હોય છે કે એ અનાયાસે જીભે ચડી જાય છે અને રહીરહીને જીભના ટેરવે નાચવા માંડે છે. એમાં પણ યમકમય સ્તુતિની રચના કરવી એ ઘણું જ કપરું કામ છે. 'ઐન્દ્રસ્તુતિ'ના લગભગ બધા જ શ્લોકોમાં પ્રાયઃ બીજું ચરણ અને ચોથું ચરણ એકસરખું આવે છે. શબ્દો એ જ હોય પણ અર્થ જુદા. આ જ એની ખૂબી ગણાય છે.

મહાકાવ્યની જેમ આ સ્તુતિનો પણ અન્વય, વિગ્રહ; સમાસ અને અર્થ આદિપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો અભ્યાસીને અવશ્ય વ્યુત્પત્તિ થયા વગર રહેતી નથી. ઉદાહરણ તરીકે ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિનો પહેલો

શ્લોક જોઈએ.

> सौधे सौधे रसे स्वे रुचिररुचिरया हारिलेखारि लेखा,
> पायं पायं निरस्ताधनय धनयशो यस्य नाथस्य नाऽथ ।
> पार्श्वं पार्श्वं ततोऽद्रौ तमऽहतमहमऽक्षोभजालां भजाऽलां,
> कामं कामं जयन्तं मधुर मधुरमा भोजनत्वं जन ! त्वम् ॥

આમાં 'सौधेसौधे' પદ છે એમાં એક 'સૌધ'નો અર્થ ભવન કરવામાં આવ્યો છે. બીજા 'સૌધ' પદનો અર્થ સુધા એટલે અમૃત સંબંધી અર્થ કરવામાં આવ્યો છે. 'पायं पायं'નો અર્થ 'पीत्वा पीत्वा' એટલેકે 'પાન કરીને' છે. 'पार्श्वं पार्श्वं' પદમાં એક 'पार्श्व'નો અર્થ પાર્શ્વનાથ ભગવાન કર્યો છે, જ્યારે બીજા 'पार्श्व' પદનો અર્થ 'પર્શૂનાં સમૂહઃ પાર્શ્વં' એટલેકે કુહાડીઓનો સમુદાય એવો અર્થ કર્યો છે. 'कामं कामं' પદમાં એક 'કામ'નો અર્થ છે કામદેવ અને બીજા 'કામ' પદનો અર્થ છે અત્યન્ત. વળી 'હારિલેખારિલેખા' પદમાં 'લેખા' શબ્દનો બે વાર પ્રયોગ છે. તેમાં એક 'લેખા' પદનો અર્થ લેખ એટલે દેવતા અને તેના અરિ(શત્રુ) એટલે દાનવ એવો કર્યો છે, જ્યારે બીજો લેખા શબ્દનો અર્થ પંક્તિ કરવામાં આવ્યો છે.

આ સ્તુતિમાં જુદાજુદા ૧૭ છન્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એમાં પહેલા, સોળમા અને બાવીશમા ભગવાનની સ્તુતિમાં એકસરખો શાર્દૂલવિક્રીડિત છંદનો ઉપયોગ કર્યો છે. ત્રીજા અને પાંચમા ભગવાનની સ્તુતિમાં સ્કન્ધક છન્દનો ઉપયોગ કર્યો છે. ચોથા, દશમા અને ચૌદમા ભગવાનની સ્તુતિમાં એક સરખો, દ્રુતવિલમ્બિત છન્દ પ્રયોજ્યો છે તેમજ સાતમા અને સત્તરમા ભગવાનની સ્તુતિમાં માલિની છન્દ વાપર્યો છે. બારમા તથા ત્રેવીશમા ભગવાનની સ્તુતિમાં એકસમાન સ્રગ્ધરા છન્દનો ઉપયોગ કર્યો છે. એ સિવાય બાર તીર્થંકર ભગવન્તોની સ્તુતિમાં અલગઅલગ બાર છન્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શ્રી શોભન મુનિએ રચેલી 'સ્તુતિચતુર્વિંશતિકા'ના અનુકરણરૂપ આ સ્તુતિ રચાઈ છે, તેમ છતાં પોતાની આગવી વિશેષતાઓ દ્વારા એ મૂળ કૃતિની સાથે બેસી શકે તેવી છે.

શ્રી શોભન મુનિએ રચેલી આ એક જ કૃતિ આપણને મળે છે. પણ આ એક જ કૃતિથી તેઓનું સ્થાન વિદ્વાનો તથા કવિઓની આગલી હરોળમાં મૂકવામાં આવે છે, એ જ એ કૃતિની મહત્તા છે. આ 'સ્તુતિચતુર્વિંશતિકા' ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે જેનાથી આ સ્તુતિનાં પદાર્થો, ભાવાર્થો અને રહસ્યો સમજવામાં આપણને ઘણી સુગમતા રહે છે. આ ગ્રંથ વિ.સં.૧૯૮૪માં આગમપ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ દ્વારા સંપાદિત (ત્રુટિત વૃત્તિ સહિત) પ્રકાશિત કરવામાં આવેલ. ત્યારબાદ મુનિરાજશ્રી યશોવિજયજી (હાલ આચાર્ય શ્રી યશોદેવસૂરિજી) મહારાજ દ્વારા સંપાદિત થઈ સંપૂર્ણ વૃત્તિ તથા હિન્દી અનુવાદ સહિત વિ.સં.૨૦૧૯માં પ્રકાશિત થયેલ છે.

શોભન સ્તુતિની જેમ આ સ્તુતિ પણ કંઠસ્થ કરી પ્રતિક્રમણ, દેવવંદન વગેરેમાં અવશ્ય ઉપયોગમાં લેવા જેવી છે.

કાવ્યદૃષ્ટિએ અનેક અલંકારોથી શોભતી આ સ્તુતિઓ સહૃદયના હૃદયને આકર્ષિત કર્યા સિવાય રહેતી નથી.

☐

*તેઓશ્રીની સાહિત્યકૃતિઓમાં અગાધ પાંડિત્ય જેમ જણાઈ આવે છે તે જ રીતે નાનું બાળક સમજી શકે તેવી સરલ લોકભોગ્ય શૈલી પણ સ્પષ્ટ દેખી શકાય છે. જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્ જેવાં ગ્રંથરત્નો દ્વારા તેઓશ્રીએ હિંદુસમાજમાં બહુ જ પ્રચલિત ગીતાનું તત્ત્વજ્ઞાન, અલૌકિક દૃષ્ટિએ સઘળાયે શાસ્ત્રગ્રંથોના દોહનરૂપે ગૂંથીને મૂક્યું છે. એક જ 'જ્ઞાનસાર'નું જો અધ્યયન, મનન, પરિશીલન આજે એકાગ્રચિત્તે કરવામાં આવે, આજના સભ્ય માનવસંસારને એ ગ્રંથની વસ્તુની ભેટ ધરવામાં આવે, તો વર્તમાનના વિષમ વાતાવરણમાં અનેકવિધ વિસંવાદિતાઓ, સમસ્યાઓ કે મૂંઝવણોનો વાસ્તવદર્શી સચોટ ઉપાય આ 'જ્ઞાનસાર'ના પ્રબોધેલા તત્ત્વજ્ઞાનમાં જગતને મળી શકે તેમ છે.*

**પં. શ્રી કનકવિજયજી ગણિવર**

('શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થ')

# 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા'

રમેશ બેટાઈ

ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદ તરીકે ખ્યાત, અનેકવિધ જ્ઞાનનાં ક્ષેત્રોને સર કરનારા, મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ જુદીજુદી ચાર ભાષાઓમાં એટલેકે સંસ્કૃત, પ્રાકૃત, જૂની હિન્દી અને જૂની ગુજરાતીમાં સેંકડો ગ્રન્થો રચ્યા હતા. આ પૈકી લગભગ સોએક ગ્રન્થોની ભાળ મળી છે. આ ગ્રન્થોમાં દાર્શનિક, ધાર્મિક, ઉપદેશાત્મક ગ્રંથોનો અને સ્તોત્રોનો સમાવેશ થાય છે. તે યુગની પરમ્પરા અનુસાર અગત્યના ઘણા ગ્રંથો પર તેમની સ્વોપજ્ઞ વૃત્તિ પણ ઉપલબ્ધ છે. આવો એક રસપ્રદ સ્વોપજ્ઞ વૃત્તિ સહિતનો કાવ્યગ્રંથ છે 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા', જેનો વિષય છે ચોવીસ તીર્થંકરોની સ્તુતિ અને પ્રશસ્તિ, અને જેને આપણે સ્તુતિ, ભક્તિ, આચાર, ધર્મ અને દર્શનના ગ્રંથ તરીકે ઓળખાવી શકીએ.

**કૃતિનું શીર્ષક**

આ કૃતિનું નામ 'ઐન્દ્રસ્તુતિ' કેમ પડ્યું એ એક પ્રશ્ન છે. પોતાના દાર્શનિક ગ્રંથ 'નયરહસ્યપ્રકરણ'માં તેમનું મંગલ આ પ્રમાણે છે :

ऐन्द्रश्रेणिनतं नत्वा वीरं तत्त्वार्थदेशिनम् ।
परोपकृतये ब्रूमो रहस्यं नयगोचरम् ॥

અને એક વાત સુવિદિત છે કે ખુદ ઉપાધ્યાયજી ઐં એવા સરસ્વતીના મૂળ મન્ત્રબીજની ઉપાસના કરીને, તેની કૃપાથી અને હૃદયમાં જાગેલી પ્રેરણાથી અસંખ્ય મૂલ્યવાન, વિવિધવિષયસ્પર્શી ગ્રન્થોનું સર્જન કરી શક્યા હતા. આ એમની શ્રદ્ધા હતી. દેવી સરસ્વતીની કૃપાને કારણે જ આ કૃતિ અને તેના પરની વૃત્તિ ઉપરાન્ત બીજી ઘણી કૃતિઓનો આરંભ તેમણે ઐંથી કર્યો છે. આપણી કૃતિમાં અન્તિમ મહાવીરસ્તુતિના ચોથા શ્લોકની વૃત્તિમાં તેમના જ તો શબ્દો છે કે –

ऐंकारेण वाग्बीजाक्षरेण विस्फारं अत्युदारं यत्सारस्वतध्यानं सारस्वतमन्त्रप्राणिधानं तेन दृष्टा भावनाविशेषेण साक्षात्कृता ।

પ્રસ્તુત કૃતિનું નામ 'ઐન્દ્રસ્તુતિ' રાખવાનું આ સંભવિત કારણ જણાય છે.

**કૃતિની આન્તરિક રચના**

આ સ્તુતિકાવ્યમાં ચોવીસ તીર્થંકરાદિની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિ એટલે પ્રશંસા, વંદના, સદ્‌ગુણસંકીર્તન, સંસ્તવ વગેરે. સ્તુતિમાં અહીં યશોવિજયજીએ નમસ્કાર કરીને સંતોષ માનવાને બદલે જિનેશ્વર દેવોના અનુપમ

ગુણોનું સંકીર્તન કરવાનું યોગ્ય માન્યું છે. એમાં પણ પ્રત્યેક સ્તુતિના ચાર શ્લોકોમાંથી પ્રથમમાં જે-તે તીર્થંકરની સ્તુતિ, તે પછી તમામ તીર્થંકરાદિનું સંયુક્ત ગુણસંકીર્તન અને તેમની વંદના યા સ્તુતિ, તે પછી શ્રુતજ્ઞાનની અને તે પ્રાપ્ત કરવાને માટે માનવોને આવાહનની અને અન્તિમ શ્લોકમાં એક યા બીજા સ્વરૂપે તીર્થંકરોને અભીષ્ટ દેવ-દેવીની ગુણગાથાનું ગાન, સ્તુતિ અને વંદના કરવામાં આવ્યાં છે. જરા વીગતે આ બાબતની સમજ મેળવીએ.

ઉપાસના એક જ તીર્થંકરદેવની કરવામાં આવે તો તે ઉત્કટ બનવાનું વિશેષ સંભવે, સરળ બને. આથી પ્રથમ સ્તુતિ કોઈ એક તીર્થંકરદેવની કરી જણાય છે. વળી "તીર્થંકરો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભિન્ન છે. છતાં ગુણથી સમાન છે." તમામનાં શક્તિ અને પ્રભાવ સમાન જ હોય છે. આથી બીજી સ્તુતિમાં તમામ તીર્થંકરદેવોની વંદના કરીને અને તેમની ગુણગાથાનું ગાન કરીને શ્રી ઉપાધ્યાયજી આપણને પ્રતીતિ કરાવે છે કે આપણે માટે શ્રેષ્ઠ ગુણો ધરાવતા તમામ તીર્થંકર દેવોની આપણે પૂજા કરીએ એ ઇષ્ટ છે. આના અનુસંધાને ત્રીજા શ્લોકમાં યોગ્ય રીતે જ આ અરિહન્તોએ પ્રબોધેલા શ્રુતજ્ઞાનરૂપ સિદ્ધાન્ત માનવના ઉત્થાન માટે આપી શ્રુતજ્ઞાનની સ્તુતિ કરી છે. અન્તિમ શ્લોકમાં અધિકૃત તીર્થંકરના વૈયાવૃત્યકર દેવ-દેવી અથવા અભીષ્ટ વિદ્યાદેવી અથવા કર્તાને પોતાને ઇષ્ટ એવા દેવદેવીની સ્તુતિ આપી છે, ગુણપ્રશંસા અને ચરણવંદના કરી છે. અહીં સ્તુતિઓમાં આપણને વાગ્દેવી, માનસીદેવી, વજ્રશૃંખલા, રોહિણી, કાલી, અચ્યુતા, વજ્રમુસલા, મહામાનસી વગેરે નામાભિધાન કે લક્ષણ ધરાવતી દેવીઓની સ્તુતિ મળી આવે છે. આ પદ્ધતિ અને ક્રમ ઉપાધ્યાયજીએ ચોવીસેય તીર્થંકરદેવોની સ્તુતિમાં જાળવી રાખ્યાં છે. આ આન્તરિક વ્યવસ્થા ખરેખર અનુપમ છે.

**કાવ્યવસ્તુ**

સ્તુતિકાવ્ય હોવા ઉપરાન્ત આ કાવ્ય વિલક્ષણ એવું ભક્તિકાવ્ય છે. પ્રત્યેક જિનેશ્વર, તમામ જિનેશ્વરો શ્રુતજ્ઞાનનાં સ્તુતિ અને ઉપાસના તથા અભીષ્ટ દેવીની સ્તુતિમાં તેમની મહત્તાનું ભાવપૂર્ણ જ્ઞાન કરાવવામાં આવ્યું છે. તમામ જિનેશ્વરોના અતિ ઉદાત્ત ગુણોનું ગાન કરવામાં આવ્યું છે. જૈનોને માટે અને જૈન જીવનસિદ્ધાન્તોના પ્રશંસક સૌને માટે આ તીર્થંકરદેવો, કવિશ્રી ઝવેરચંદ મેઘાણીના શબ્દોને સાર્થક કરે છે. તેઓનું વ્યક્તિત્વ આવું છે –

આભ લગી જેનાં મસ્તક ઊંચાં પગ અડતા પાતાળ,
યુગયુગના જેણે કાળ વલોવ્યા ડોલાવી ડુંગરમાળ,
ફોડી જીવનઝરણપાળ.

જૈન દર્શન, આચાર, નીતિના મૂળ સ્રોત એવા મહાનુભાવોની સ્તુતિ કરનારા આ કાવ્યને દાર્શનિક કાવ્ય પણ ગણી શકાય. સંક્ષેપમાં કેટલીક અતિ અગત્યની

સ્તુતિઓના વસ્તુનો પરિચય મેળવીએ એટલે સમગ્ર કાવ્યના વસ્તુનો પરિચય આપણને મળી જાય. પ્રથમ ઋષભદેવની સ્તુતિમાં ભગવાનના ચાર મૂલાતિશય – પૂજાતિશય, વચનાતિશય, અપાયાપગમાતિશય અને જ્ઞાનાતિશયનું નિરૂપણ કરવામાં આવ્યું છે (૧.૧). આ પછી કવિ કહે છે કે તીર્થંકરદેવો કેવલજ્ઞાન ફેલાવે છે, સાથેસાથે જ સૌનું સાંસારિક અને અન્ય પ્રકારનું કલ્યાણ સાધે છે, માનવોની મોક્ષની વાંછા તેઓ પૂર્ણ કરે છે (૧.૨). આથી માનવોને મિથ્યા દૃષ્ટિ છોડી, મહાન તીર્થંકરોએ પ્રબોધેલા આગમસિદ્ધાંતોને હૃદયથી યાદ કરવાની, જીવન અને વ્યક્તિત્વમાં ઉતારવાની સલાહ આપવામાં આવી છે (૧.૩), અને તે પછી માનવની મોક્ષગામિની સ્થિતિ તથા પ્રવૃત્તિમાં કલ્યાણકારી વાગ્દેવીની પ્રાર્થના અને વંદના કરવામાં આવી છે (૧.૪). ત્રીજી, સંભવજિનસ્તુતિમાં ઉપાધ્યાયજી કહે છે કે નિષ્કપટ, સમ્યક્ત્વનાશક મિથ્યાત્વરૂપ ભાવચક્રના અવયવવિશેષનો નાશ કરનાર, ઈન્દ્રોથી પૂજિત, મૂકને વાણી અર્પનાર, શુભધ્યાન ધરનાર પુરુષને સાચું સુખ આપનાર અને સાથે સમગ્ર સંસારની રક્ષા કરનાર તે સંભવજિન (૩.૧). પછી તેઓ નિરન્તર ઉદિતોદિત, સંસારીજનોને સાચું સુખ આપનાર ધર્મના દાતા, અખંડવચની, મહાદાની સૌ તીર્થંકરોનો (૩.૨) તથા મોક્ષની ઈચ્છા પ્રેરનાર, સંતોને ઉપશમસંપન્ન કરનાર નૈગમ આદિ માનવકલ્યાણકારક નયવાળી સ્વલ્પાક્ષર, ત્રિપદી વાણીનો જય (૩.૩) ઉદ્ઘોષિત કરે છે. અંતે આગમજ્ઞાનને યોગે સજ્જનોને દુર્જનો સામે રક્ષણ આપે છે, તે વજ્રશૃંખલા દેવી માનવોની દુર્જનતાનો નાશ કરો (૩.૪) એવી ભાવના પ્રગટ કરે છે.

વાસુપૂજ્યજિનની સ્તુતિમાં કવિ આ પ્રકારના ભાવો વ્યક્ત કરે છે. શ્રી વાસુપૂજ્યજિન પવિત્ર અન્તઃકરણવાળા, સ્વમતને અનુસરતા શ્રમણોને સહન ન કરનારાઓની પ્રભાને દૂર કરે છે. સજ્જનોની મધ્યમાં ધીર અને મનોહર પ્રભાવ ધરાવતા શ્રી વાસુપૂજ્ય પોતાની વાણીના વિલાસથી સંસારના ઘોર અજ્ઞાનને દૂર કરે છે. તેઓ શાન્ત રસમાં રુચિ રાખનારા અને સૂર્ય સમા રક્ષક છે (૧૨.૧). તમામ તીર્થંકરદેવો પોતાની વાણીથી જગતનાં ક્રોધ, માયા, કપટ વગેરેનું હરણ કરે છે. કમળના જેવાં નેત્રોવાળી, ઇન્દ્રિયોના જયમાં દૃઢ ચિત્તાદર રાખનારી, પાપત્યાગી, સંસારપીડાથી મુક્ત, સંસારની ખાઈમાં ડૂબેલા જનોને પતન તથા અજ્ઞાનથી મુક્ત કરનારી, કલ્પલતા સમાન ભગવાનોની શ્રેણી આ પ્રત્યક્ષ જન્મ નામના વનમાં માનવનો આધાર બનો (૧૨.૨). પ્રશસ્ત આદરના અધિકારી કંદર્પના દર્પનો નાશ કરનાર, માનવને શોકમુક્ત કરનાર, નિરુપમ નૈગમ આદિ નયથી સમૃદ્ધ અપરાધનાશક પુણ્યને વિસ્તારનાર તીર્થંકરદેવો અને તેમની વાણીમાં માનવનો અક્ષય પ્રેમ સતત વધતો રહો (૧૨.૩). દૂષિત નયને દૂર કરનાર, શાસ્ત્રોના વિષયોની મર્યાદાને યોગે તમામ સંદેહોનો નાશ કરનાર, કલ્યાણકારી, ઉત્તમ બુદ્ધિરૂપી કુમુદિનીનો વિકાસ કરવામાં ચન્દ્ર સમાન દેવી સરસ્વતીને વંદન. હે

સરસ્વતી, સત્ આચરણ કરનાર પુરુષને સંતોષ આપતાં, તમે તમારા વ્યક્તિત્વ અને સામર્થ્યથી જિનમતભક્તિશાળી પુરુષોના વાદવિવાદના વિષયમાં વરદાન-દાયી બનો (૧૨.૪).

અઢારમી અરજિનસ્તુતિ આ પ્રમાણે છે : તમને દાનવસમૂહ અને શ્રમણો સમાન રીતે વંદન કરે છે. અહંકારને દૂર કરનાર, હે ભરતક્ષેત્રના સ્વામી ! તમે ચક્રવર્તીના ઐશ્વર્યનો તૃણવત્ ત્યાગ કર્યો છે. અન્ય જીવોને યમ – મહાવ્રત આપનારા, સાંસારિક વિપત્તિઓ દૂર કરનારા આપની નિરન્તર સ્તુતિ કરવા હું તત્પર છું (૧૮.૧). હે જગતના લોકો ! અહંકાર અને ક્રોધને દૂર કરનાર, પરમ સુખ રૂપ, તુષ્ટિના સ્થાનરૂપ, ભક્તિભાવપૂર્વક જેમને તમામ દેવો નમે છે અને પોતાનાં મસ્તક પરનાં રત્નોથી જેમનાં ચરણોને રંજિત કરે છે તેવા, વ્રતધારીને આનંદદાયી, ભયાનક સંસારનાં કારણોના ઉચ્છેદક તીર્થંકરોના સમૂહનું નિરંતર સ્મરણ કરો (૧૮.૨). હે માનવો ! જિનેશ્વરના મહાન જ્ઞાનસિદ્ધાન્તોને નમસ્કાર કરો. આ સિદ્ધાંતો જગત આખાનો આધાર છે, ભયાનક સંસારસાગરના પારગમનમાં ચન્દ્રમા સમો ઉજ્જ્વલ રસ ધરાવે છે, ઉન્માદરહિત અને શુદ્ધ માર્ગ પર ગતિ કરાવે છે (૧૮.૩). શત્રુની વાણીને અતિ દૂર રાખનાર, દેવોથી નમસ્કૃત, વિપત્તિઓને ખંડિત કરનાર, ચક્રધારી દેવી ચક્રેશ્વરી જિનેશ્વરશાસનના ભક્તોનાં પાપને નિરંતર ખંડિત કરો (૧૮.૪).

સ્વાભાવિક રીતે જ મહાવીરસ્વામીની સ્તુતિમાં ઉપાધ્યાયજીનું હૃદય ભક્તિભાવનમ્ર બનવા સાથે એકદમ ખીલી ઊઠે છે : મહાવીર નિરન્તર આનંદિત, સમુદ્ર શા ગંભીર, વિગતસંસાર છે. પોતાની વાણીથી પવિત્ર આચરણમાં આસક્ત કરનારા, જ્ઞાનાચારના આરાધક, મોહનીયાદિ કર્મનો નાશ કરનારા, મુનિજનોને દેદીપ્યમાન કેવલજ્ઞાન આપનારા તેમનાં ચરણોમાં રહી હું યોગમાર્ગ એટલે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પવિત્ર માર્ગનું સેવન કરું (૨૪.૧). તેમના દર્શનથી માનવો અને દેવદેવીઓ આશ્ચર્યથી વિશાળ નયનોવાળાં બને છે (૨૪.૨). મહાવીર-સ્વામીએ પ્રબોધેલાં સર્વાંગસંપૂર્ણ, આનન્દિત, દ્રોહરહિત, અજ્ઞાનમુક્ત, દુર્નયી દર્શનોના સંગ્રામને સમાપ્ત કરનાર, ભવતાપનું શમન કરનાર, હેતુ અને દૃષ્ટાન્તથી સંશયો દૂર કરનાર, તીર્થંકરદેવોનાં વચનોનું શ્રદ્ધાસહ કલ્યાણસાધના માટે સેવન કરો (૨૪.૩). અન્તિમ શ્લોકમાં વાઙ્મયસ્વામિની એટલેકે પ્રવચનાધિષ્ઠાયિકા ભગવતી સરસ્વતી દેવીની તેના અસંખ્ય ગુણસંકીર્તન સાથે વંદના કરી છે અને પ્રાર્થના કરી છે કે તે આ સંસારમાં પાપોનો ત્યાગ કરવાનું અતિશયિત સામર્થ્ય સજ્જનોને આપે (૨૪.૪).

ચોવીસ સ્તુતિઓ પૈકી આ પાંચ આ સ્તુતિકાવ્યના વસ્તુને સમજાવવામાં પૂરતી છે. આ પાંચને આપણે પ્રતિનિધિ સ્તુતિઓ ગણી સમગ્ર કાવ્યનું હાર્દ પ્રગટ કરનાર ગણી શકીએ. તમામ તીર્થંકરદેવો માનવોને માટે, ઉપાધ્યાયજીને માટે

સમાન રીતે માનના અધિકારી, વંદ્ય છે. એમ કહી શકાય કે ઉપાધ્યાયજી માટે આ તમામ સર્વગુણસમ્પન્ન છે. તેમની યશોગાથા ગાતાં તેઓ થાકતા નથી. કબીરદાસજી કહે છે કે –

ધરતીકો કાગજ કરૌં, કલમ કરૌં વનરાઈ,
સાત સમંદર સ્યાહી કરૌં, હરિગુન લિખો ન જાય.

આ જ ભાવ જાણે કે તીર્થંકરોની પૂર્ણ શ્રદ્ધાભાવ સાથે સ્તુતિ અને વંદના કરનારા ઉપાધ્યાયજી અનુભવે છે અને આ જ ભાવ સમગ્ર માનવજગતનો બની રહે એ એમની ભાવના છે. એથી આ કાવ્યનાં પ્રાર્થના, સ્તુતિ, ગુણસંકીર્તન સર્વહૃદયને સ્પર્શનારાં, વિશ્વવ્યાપી, બની રહે છે. આ જ તો આ કાવ્યની સાચી મહત્તા છે.

જિનેશ્વરદેવોની સર્વાંગીણ મુગ્ધતાભરી પ્રશસ્તિ યશોવિજયજી કરે છે ત્યારે તેમાં એકની એક વાત, એકના એક ગુણો અને લક્ષણો સૌને લાગુ પડતા જણાય. આ કાવ્યમાં ભાવની પુનરુક્તિ અપાર છે એમ પણ લાગે. ઝીણવટથી અભ્યાસ કરનારને તમામ તીર્થંકરદેવોનાં ગુણ અને મહત્તા પ્રાયઃ સમાન જણાય. પરન્તુ આમાં અસ્વાભાવિક કશું નથી, સ્તુતિકાવ્યમાં આવી પુનરુક્તિ થવાની જ અને તેનું એક કારણ એ પણ છે કે ભક્તો ફરીફરી તીર્થંકરદેવોનાં યશોગાન કરતાં થાકતા નથી, થાકવાના નથી. જે વસ્તુ, ભાવના, ભક્તિ ઉપાધ્યાયશ્રીએ સ્વીકાર્યાં છે તેની મર્યાદામાં આ એક ઉત્કૃષ્ટ સ્તુતિકાવ્ય યા ભક્તિકાવ્ય છે.

'ઐન્દ્રસ્તુતિ' એ મૌલિક કૃતિ નથી, તેમાં યશોવિજયજી તેમના પુરોગામી શ્રી શોભન મુનિવરની 'સ્તુતિચતુર્વિંશતિકા' સાથે ઘણું સામ્ય ધરાવે છે. ઘણાં વિધાનો અને નિરૂપણો શોભનસ્તુતિને સમાંતર છે એમ જણાય છે. પરન્તુ આ બાબતનો નિર્દેશ કરીને એક વિદ્વાન સાચી રીતે જ કહે છે કે "ચોવીશી અનુકરણરૂપ ભલે હોય. પરન્તુ કોઈએ એમ તો ન જ માની લેવું કે તેમાં કશી નવીનતા નથી. તેઓશ્રીની સ્તુતિ ઉપરની સ્વોપજ્ઞ ટીકા જોતાં પ્રસ્તુત સ્તુતિમાં કેવીકેવી નવીનતા તેમજ ગાંભીર્ય છે તેનો સ્પષ્ટ ખ્યાલ તદ્‌વિદોને મળે છે."

ભાષા, શૈલી, લેખનકલા, ભાવાભિવ્યક્તિ, ભક્તિની ઉત્કટતા વગેરે યશોવિજયજીનાં પોતાનાં છે અને ભગવાનને અનેક ભક્તો જુદાંજુદાં સ્થાનેથી, જુદાજુદા સમયે, જુદીજુદી વાણીમાં, જુદીજુદી ભાવાભિવ્યક્તિ સાથે ભજે તોપણ તેમાં ઘણીઘણી સમાનતા આપણને જોવા મળશે જ. આથી આ કાવ્યની સ્તુતિકાવ્ય અને ભક્તિકાવ્ય તરીકેની ગુણવત્તાને આપણે ઓછી ન જ આંકવી ઘટે.

□

# શ્રી ગોડી પાર્શ્વનાથ અને યશોવિજયજીરચિત સ્તોત્ર

નારાયણ કંસારા

**પ્રાસ્તાવિક**

જૈનોના ચોવીસ તીર્થંકરોમાં શ્રી ઋષભદેવ, શ્રી શાન્તિનાથ, શ્રી અરિષ્ટનેમિ કે નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર સ્વામી એ પાંચ તીર્થંકરોની પૂજાભક્તિ જૈન સંઘમાં વધુ પ્રચલિત છે. આ પાંચમાં પણ સૌથી વધુ આરાધના-ઉપાસના શ્રી પાર્શ્વનાથની થતી આવી છે. શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ કહે છે[1] તેમ શક્તિ, સામર્થ્ય કે ગુણવિકાસમાં સર્વે તીર્થંકરો સમાન હોવા છતાં આદેયનામકર્મની વિશેષતા આમાં કારણભૂત છે. આ દૃષ્ટિએ જ જૈન શાસ્ત્રોમાં શ્રી પાર્શ્વનાથને 'પુરિસાદાણીઅ' અર્થાત્ 'પુરુષાદાનીય' કહેવામાં આવ્યા છે, કેમકે તેમનું પવિત્ર નામસ્મરણ કરતાં જ ભક્તની ઈચ્છિત સિદ્ધિના માર્ગનાં વિઘ્નો દૂર થવા માંડે છે અને કલ્યાણપરંપરામાં અભિવૃદ્ધિ થવા લાગે છે. ભારતવર્ષમાં ઘણા જૂના જમાનાથી યોગાભ્યાસીઓ, સાધુસંતો અને મુમુક્ષુઓ નિર્વાણપ્રાપ્તિ અર્થે, તેમજ સંસારની વિવિધ કામનાઓથી પીડાયેલા લોકો પોતાના મનોરથો પૂર્ણ કરવા, તેમની આરાધના-ઉપાસના કરતા આવ્યા છે. ઉપરાંત, મંત્રવિદ્યા કે રસાયણ-સિદ્ધિની આકાંક્ષા રાખનારા તાંત્રિક સાધકો પણ એમનું શરણ શોધતા રહ્યા છે. તીર્થંકરો સિદ્ધસ્વરૂપે આ લોકની પેલે પાર અલોકમાં બિરાજતા હોઈ, તેઓ સંસારની સર્વ જંજાળથી – રાગદ્વેષથી – પર હોઈ, કોઈ પર તુષ્યમાન થાય કે રોષ કરે તે સંભવિત જ નથી. પરંતુ તેમના અધિષ્ઠાયક તરીકે ગૌરવ લેતા શ્રી ધરણેન્દ્ર, પદ્માવતી, વૈરોટ્યા વગેરે દેવદેવીઓ પોતાના સ્વામીશ્રી પાર્શ્વનાથ ભગવાનની અનન્યભાવે ઉપાસના કરનારના સર્વ મનોરથો પૂર્ણ કરે છે. શ્રી પાર્શ્વનાથની આરાધના-ઉપાસના સૌથી વધુ પ્રમાણમાં થવાનું રહસ્ય આ છે.

**તીર્થંકર શ્રી પાર્શ્વનાથ**

તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પોતાના છેલ્લા – દશમા ભવમાં અશ્વસેન રાજા અને વામાદેવીના પુત્ર પાર્શ્વકુમાર તરીકે ઈ.સ. પૂર્વે ૮૭૭માં વારાણસીમાં જન્મ્યા હતા અને ઈ.સ. પૂર્વે ૭૭૭માં સમ્મેતશિખર પર નિર્વાણ પામ્યા હતા. તેઓ ચતુર્યામના પ્રરૂપક તરીકે સુવિખ્યાત છે. તેમને 'પુરુષાદાનીય' કહેવામાં આવે છે. પ્રો. હીરાલાલ કાપડિયાએ આ શબ્દના નીચે મુજબ અર્થો તારવ્યા છે : (૧) પુરુષોમાં મુખ્ય, અર્થાત્ પુરુષોત્તમ; (૨) પુરુષોમાં આદેય, અર્થાત્ સ્વીકારવા યોગ્ય; (૩) જ્ઞાન

વગેરે ગુણોને લીધે પુરુષો વડે આદેય; (૪) મુમુક્ષુઓને આશ્રય કરવા લાયક; (૫) પુરુષાકારે હોઈ આદેય; અને (૬) પુરુષોમાં પૂજ્ય.[૨]

**પાર્શ્વનાથનાં તીર્થો**

શ્રી પાર્શ્વનાથનાં હાલમાં ઉપલબ્ધ તીર્થોની સંખ્યા ઘણી મોટી છે. વિક્રમની સત્તરમી સદીના વચગાળે પં. શાંતિકુશલ, પં. રત્નકુશલ, અને અઢારમી સદીમાં પં. કલ્યાણસાગર તથા ઉપાધ્યાય મેઘવિજયજીએ રચેલાં પાર્શ્વનાથસ્તવનોમાં શ્રી પાર્શ્વનાથનાં ૨૦૦થી વધુ તીર્થોનાં જુદાંજુદાં નામો ગણાવ્યાં છે. આ બધામાં 'ગોડી પાર્શ્વનાથ'ની પણ ગણના બધાએ કરી છે, અને અનેક પ્રસિદ્ધ જૈન કવિઓએ ગોડી પાર્શ્વનાથનાં સ્તોત્રો, સ્તવનો, છંદો, અષ્ટકો વગેરે રચ્યાં છે.

શ્રી પાર્શ્વનાથનાં તીર્થોનાં નામોમાં પ્રાયઃ સ્થાનસૂચક, વર્ણસૂચક કે કોઈ ઘટનાસૂચક શબ્દ જોડાયેલો હોય છે. જેમકે 'શંખેશ્વર' સ્થાનવાચક છે, 'શામળિયા' વર્ણવાચક છે, અને 'નવખંડા' શબ્દ ઘટનાસૂચક છે.

**શ્રી ગોડી પાર્શ્વનાથ તીર્થ**

'ગોડી પાર્શ્વનાથ' નામમાં 'ગોડી' શબ્દ સ્થાનસૂચક છે, અને 'ગોડીપુર' નામના કોઈ ગામ સાથે સંબંધ ધરાવે છે.[૩] પં. ધીરજલાલના મતે સિંધમાં નગરપારકરથી રણપ્રદેશ ભણી પચાસેક માઈલ, અને ગઢરા રોડથી સિત્તેર-એંશી માઈલ દૂર આવેલું 'ગોડીમંદિર' ગામ એ જ આ ગોડીપુર છે.

આ તીર્થની સ્થાપનાને લગતો કથાપ્રસંગ વિ.સં.૧૬૬૦ના અરસામાં પ્રીતિવિજયજીએ રચેલ સ્તવન ઉપર આધારિત પં. નેમિવિજયરચિત 'બૃહત્સ્તવન' (વિ.સં.૧૮૧૭)માં વર્ણવાયો છે. વિ.સં. અઢારમી સદીમાં થયેલ અંચલગચ્છીય લાવણ્યમુનિરચિત ઓઢાલિયામાં પણ આને લગતા પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે.[૪]

મૂળ ગોડીપુર તીર્થમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની જે પ્રતિમા સ્થાપવામાં આવેલી તે સૌ પ્રથમ પાટણમાંથી પારકર ગઈ, અને ત્યાંથી ગોડીપુર ગઈ, અને ત્યારથી 'ગોડી પાર્શ્વનાથ'ની પ્રસિદ્ધિ થઈ.[૫] [આ ગોડી પાર્શ્વનાથની મૂળ પ્રતિમા હાલ વાવ (થરાદ)માં શ્રી અજિતનાથના મંદિરમાં વિરાજમાન છે. – સંપા.]

પ્રતિમાને લગતી આ ઘટનાઓની પાર્શ્વભૂમિમાંના બનાવો આ પ્રમાણે છે : પારકરના વતની મીઠડિયા ગોત્રના ઓશવાલવંશીય ખેતાશાના પુત્ર મેઘાશા વેપાર અર્થે વિ.સં.૧૪૭૦માં પાટણમાં આવ્યા. તેમણે એ પ્રતિમા જોઈ અને વિશેષ હકીકત જાણવા અંચલગચ્છીય આચાર્યશ્રી મેરુતુંગને બતાવી. વિ.સં.૧૪૩૨ની ફાગણ સુદી બીજને આ પ્રતિમા સાથે ખાસ સંબંધ છે, અને તે એની અંજનશલાકા કે પ્રતિષ્ઠાનો દિવસ હોવાનો સંભવ છે. એટલું તો નક્કી છે કે અંજનશલાકા-પ્રતિષ્ઠા પાટણ શહેરમાં કોઈ એવા બળવાન મુહૂર્તમાં થયેલી કે જેથી આગળ જતાં આ પ્રતિમાનો પ્રભાવ ખૂબ જ વિસ્તાર પામ્યો અને તેના દ્વારા લાખો લોકોને આત્મવિકાસની પ્રેરણા મળી. આ પ્રતિમા વિ.સં.૧૪૪૪–૪૫માં પાટણ પર

તોળાઈ રહેલા મહાન મુસલમાની ભયને કારણે ભોંયમાં ભંડારવામાં આવેલી અને વિ.સં.૧૪૬૫માં એ ફરીથી પ્રગટ થઈ. વિ.સં.૧૪૭૦માં એ પ્રતિમા પારકર ગઈ એમ માનવું યોગ્ય લાગે છે. અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં એમ જણાવ્યું છે કે પછી મેઘાશાએ ગોડીપુરમાં જિનપ્રાસાદ બંધાવી, વિ.સં.૧૪૭૨માં એ પ્રતિમાની ત્યાં પ્રતિષ્ઠા કરી. પ્રાસાદને ફરતી ચોવીસ દહેરીઓ ત્યાંના જૈન સંઘે કરાવી. તે મેઘાશાના વંશજો 'ગોઠી' અટકથી ઓળખાવા લાગ્યા. વળી તે જિનપ્રાસાદનો આગળનો રંગમંડપ વડેરા ગોત્રવાળા કાજળશાએ કરાવ્યો હતો. વિ.સં.૧૪૮૨માં મંદિર બંધાવવાનું શરૂ થઈને વિ.સં.૧૫૧૫માં મેઘાશાના પુત્ર મહેરાના હાથે તેનો કળશ ચઢાવવામાં આવ્યો હોય તેમ પટ્ટાવલીઓ ઉપરથી સાર નીકળે છે.[૬]

પછી તો 'ગોડી પાર્શ્વનાથ' એટલે અપૂર્વ ચમત્કારી, મહાપ્રભાવશાળી, અતિમંગલકારી એવી ભાવના લોકોના મનમાં દૃઢ થવા લાગી અને શ્રી પાર્શ્વનાથની પ્રતિમાઓને એ નામ અપાવા લાગ્યું. અને એ પ્રતિમાવાળાં મંદિરો શ્રી ગોડી પાર્શ્વનાથનાં મંદિરો તરીકે ઓળખાવા લાગ્યાં. આ રીતે છેલ્લા ચારસો-પાંચસો વર્ષોમાં ભારતના ઘણા પ્રાન્તોમાં આવાં મંદિરો બંધાતાં આવ્યાં છે. આજે શ્રી ગોડી પાર્શ્વનાથનાં ઓગણસાઠ જેટલાં મંદિરો વિદ્યમાન છે.[૭]

### શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવનો

શ્રી અગરચંદ નાહટાએ વિ.સં.૧૬૬૭થી ૧૭૭૨ સુધીમાં રચાયેલાં ૧૪૩ સ્તવનોની સૂચિ આપી છે.[૮] પં. ધીરજલાલે 'શ્રી ગોડી પાર્શ્વનાથ સ્મારક ગ્રંથ'માં છ સંસ્કૃત કાવ્યો અને ત્રીસ ગુજરાતી કાવ્યો પ્રસિદ્ધ કર્યાં છે. આ સંસ્કૃત કૃતિઓમાં એક 'અષ્ટક', એક 'સ્તોત્ર' અને ચાર 'સ્તવન' છે. ગુજરાતી કાવ્યોમાં ચાર 'છંદ', એક 'ચોઢાલિયું' અને પચ્ચીસ 'સ્તવન', છે. ઉપાધ્યાય યશોવિજયજીએ પાર્શ્વનાથ વિશે કેટલીક કૃતિઓ રચી છે, જેમાંથી એક કાવ્ય 'શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તોત્રમ્' સંસ્કૃતમાં અને 'શ્રી ગોડી પાર્શ્વનાથ જિન સ્તવન' ગુજરાતીમાં છે; ગુજરાતીમાં આવાં બે સ્તવનો હોય તેમ લાગે છે.[૯]

### યશોવિજયજીરચિત 'શ્રી ગોડીપાર્શ્વનાથ-સ્તોત્રમ્'

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વાચકપ્રવર શ્રી યશોવિજયજીગણિ (વિ.સં. ૧૭મી સદી ઉત્તરાર્ધથી ૧૭૪૩, અર્થાત્ ઈ.સ.૧૭મી સદી પૂર્વાર્ધથી ૧૬૮૬)-રચિત સંસ્કૃત 'શ્રી ગોડીપાર્શ્વનાથ-સ્તોત્રમ્'ના આજે ઉપલબ્ધ પાઠમાં ૧થી ૬, ૫૮થી ૬૨ અને ૬૮થી ૯૩ એમ કુલ મળીને ૩૭ પદ્યો લુપ્ત થયેલાં હોવાથી એનાં ૧૦૮માંથી ૭૧ પદ્યો જ મળી આવે છે, તેથી આ કૃતિ ખંડિત રહી જતી હતી. આ ક્ષતિ પૂરી કરવા પં. ધુરંધરવિજયજીગણિએ તેમાં ખૂટતાં પદ્યો જાતે રચીને ઈ.સ. ૧૯૬૨માં સ્વરચિત વૃત્તિ સહિત આ સ્તોત્રકાવ્યને પ્રસિદ્ધ કર્યું. અમદાવાદની શ્રી જૈન સાહિત્યવર્ધક સભાએ પ્રકાશિત કરેલ આ આવૃત્તિમાં આ ઉમેરેલાં પદ્યો કૌંસમાં છાપ્યાં છે અને શ્રી ધુરંધરગણિજીએ એના આરંભે ગુજરાતી ભાષામાં

'પરિચય' તરીકે પ્રસ્તાવના પણ લખી છે, જેમાં સર્વ પદ્યોનો ભાવાર્થ પણ સમાવિષ્ટ કર્યો છે.

શ્રી યશોવિજયજીએ રચેલા આ સ્તોત્રમાં પ્રથમ શ્લોક મળતો નથી. પણ જૈન સમાજમાં પ્રચલિત સ્તુતિશ્લોકોમાં એક શ્લોક નીચે પ્રમાણે જાણીતો છે :

नतानेकच्छेकत्रिदशमुकुटो दित्वरमणि-
व्रजज्योतिर्ज्वालास्नपितचरणाम्भोजयुगलम् ।
घनश्यामं कामं भुवनजनहर्षं प्रणयिनं
स्तुवे पार्श्वं गौडीपुरपरिसरप्रौढमहसम् ॥

આ શ્લોકમાં ०नेकच्छेक०, व्रजज्योतिर्ज्वाला०, ०श्यामं कामं, पुरपरिसरप्रौढ० વગેરેમાંની અનુપ્રાસપરંપરાવાળી રચના શ્રી યશોવિજયજીના સ્તોત્રના શ્લોકોની અચૂક યાદ અપાવી જાય છે. નમન કરી રહેલા વિશ્વાસભર્યા, દેવોના મુકુટમાંથી નીકળતી ઝગમગતી રમણીય કિરણાવલિની જ્વાલાથી લીંપાયેલાં ચરણકમળ જેવું શ્યામ પ્રતિમારૂપ, સમગ્ર જગતને હર્ષથી વિભોર કરી દેતા અને ગોડીપુરના ચોમેર ફેલાયેલ પ્રભાવવાળા શ્રી ગોડી પાર્શ્વનાથની સ્તુતિનો આરંભ પણ આ શ્લોકથી થતો સમજાય છે. શ્લોકની રચના પણ શિખરિણી છંદમાં જ છે. આ બધા સંજોગો જોતાં એવી સંભાવના જણાય છે કે શ્રી યશોવિજયજીના સ્તોત્રનો આ આરંભનો શ્લોક હોવો જોઈએ. શ્રી યશોવિજયજીની અન્ય કૃતિઓના આરંભે ऐं એ બીજાક્ષર મંત્ર હોય છે, તેમ આ કૃતિના આરંભે હશે જ. પણ શ્લોકના ભાગ રૂપે તે નથી જ. તેથી એ અંગે ચોક્કસ નિર્ણય ન કરી શકાય.

આ સ્તોત્રમાં શ્રી યશોવિજયજીએ ડગલે ને પગલે અનુપ્રાસની રમણીય ભાષાચ્છટા ઊભી કરી છે पुरस्ते चेदास्ते, जगति गति०, प्रान्तैः कान्तैः, प्रसिद्धस्ते हस्ते, मत्वा सत्वा, नियन्ता हन्ता०, भवेदस्मात् कस्मात्, अगण्यैः पुण्यै० दशानामाशानां, जैत्रैश्चित्रै, ज्वलन् ज्वालाजालैर्ज्वलनजनितै०, स्पष्टैः कष्टैः, स्वामी चामी, साक्षाद् द्राक्षा, समस्तो दस्तो, गलद्रोघ बोधं વગેરેમાં આ અનુપ્રાસપ્રિયતા આંખે ઊડીને વળગે છે. દરેકેદરેક શ્લોકમાં આવો અનુપ્રાસ અચૂક મળવાનો જ. પં. ધુરંધરવિજયજીગણિ-એ યશોવિજયની આ લાક્ષણિકતા પકડીને તેને સ્વરચિત પૂર્તિના શ્લોકોમાં આણવા પ્રયાસ કર્યો છે, એ पूर्णं तूर्णं (શ્લો.૩), ०रहितानुत्तरहिता (શ્લો.૫), स्वान्तं शान्तं (શ્લો.૬) વગેરેમાં જણાઈ આવે છે.

શ્રી યશોવિજયજીમાં પ્રખર પાંડિત્ય છે તે આ સ્તોત્રમાં ઠાંસીઠાંસીને ભરેલું દેખાઈ આવે છે. स्मारं स्मारं, पायं पायं, कारं कारं જેવા णमूल् પ્રત્યયાન્ત શબ્દરૂપો, हेवाक, पङ्केरुह, अह्नाय, नाकीश, ०उत्क, स्तुतिसृज्, स्थेम, जित्वर, अशनीया, अधिवसुधम्, नात्तभिदया, ०आसनजुषः, जरीजृम्भत्०, वरीवर्ति, शुभदृक्, ०आश्रयणकृत्,

अशोभि, त्रिपिण्डी, पुषाण વગેરે વ્યાકરણસૂત્રસાધ્ય અને અપ્રચલિત છતાં પંડિત-કાવ્યોમાં સુપ્રચલિત ભાષાપ્રયોગો તેમની પાંડિત્યપ્રદર્શનપ્રિયતાને સુપેરે પ્રગટ કરી દે છે. અનુપ્રાસના ગુંજનની સાથેસાથે ક્વચિત્ યમકની ચમક વેરતા રહીને યશોવિજયજીએ ભાષાને એવી તો મદમસ્ત બનાવી છે કે શ્લોકનું ઉચ્ચારણ કરતાં જ એક પ્રકારનું ધ્વનિનું ઘેન ચડવા લાગે છે અને એમાં મન ખોવાઈ જતાં અર્થ તરફથી લક્ષ હટી જાય છે. બીજી વાર અર્થ તરફ જ લક્ષ રાખીને શ્લોકનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે તેની રજૂઆતની બંકિમા મનનો કબજો લઈ લે છે. ત્રીજી વાર મનમાં વાંચવામાં આવે ત્યારે જ અર્થમાધુર્ય અને ભાવગાંભીર્યનો પરિચય થાય છે.

એકસો આઠ શ્લોકોના બનેલા મનાતા આ સ્તોત્રની રચનામાં શ્રી યશોવિજયની કૃતિ રૂપે ઉપલબ્ધ શ્લોકોમાં ૭થી ૫૭, ૬૩થી ૬૭, અને ૯૪થી ૯૮ એ એકસઠ શ્લોકો શિખરિણી છંદમાં, ૯૯થી ૧૦૨ એ ચાર શ્લોક દ્રુતવિલંબિત છંદમાં, શ્લોક ૧૦૩ સ્રગ્ધરા છંદમાં, શ્લોક ૧૦૪ ઉપજાતિ છંદમાં, શ્લોક ૧૦૫ સુંદરી છંદમાં, શ્લોક ૧૦૬ ભુજંગપ્રયાત છંદમાં, શ્લોક ૧૦૭ તોટક છંદમાં અને શ્લોક ૧૦૮ પૃથ્વી છંદમાં ઢાળેલ છે. શ્રી યશોવિજયજીની છંદોરચનાની હથોટી ખૂબ ચુસ્ત છે.

અલંકારોમાં વિકસ્વર (શ્લો.૭), ઉપમા (શ્લો.૮), નિદર્શના (શ્લો.૯,૪૫), રૂપક (શ્લો.૧૦,૪૮,૫૬,૫૭,૧૦૮), અર્થાપત્તિ (શ્લો.૧૪), દૃષ્ટાન્ત (શ્લો.૧૫), શ્લેષાનુપ્રાણિત ઉપમા (શ્લો.૨૬), ઉદાહરણ (શ્લો.૩૬), ઉત્પ્રેક્ષા (શ્લો. ૩૭,૪૦), અપહ્નુતિ-અનુપ્રાણિત ઉત્પ્રેક્ષા (શ્લો.૩૯,૪૯,૬૩), તુલ્યયોગિતા (શ્લો.૪૨), માલોપમા (શ્લો.૪૬), વ્યતિરેક (શ્લો.૪૭), શ્લેષાનુપ્રાણિત વ્યતિરેક (શ્લો.૫૨), શ્લેષાનુપ્રાણિત વિનોક્તિ (શ્લો.૫૪), વિચિત્ર (શ્લો.૫૫), અર્થાન્તર અને નિદર્શનાનો સંકર (શ્લો.૪૫), કાવ્યલિંગ (શ્લો.૯૭), યમક (શ્લો.૧૦૩), ભાવધ્વનિ (શ્લો.૧૨), ઉત્પ્રેક્ષાલંકાર ધ્વનિ (શ્લો.૬૬) આવી અલંકારોની ભરપૂર યોજના પણ આ રચનાને પ્રૌઢ પ્રમદા જેવી જાજરમાન બનાવે છે.

કાવ્યના બાહ્ય પરિસરની આટલીબધી કલાકારીગરી જૈન પ્રાસાદના બાહ્ય પરિસરની સૂક્ષ્મ કલાકારીગરીની યાદ અપાવે છે. શ્રી યશોવિજયજી આ સ્તોત્ર રૂપે જાણે કે એક ભવ્ય કાવ્યપ્રાસાદ રચી રહ્યા હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. બાહ્ય પરિસર જ આટલોબધો બુદ્ધિને મંત્રમુગ્ધ કરીને આંજી નાખે તેવો ઝાકઝમાળ છે તો અંદરનો ભાવ કેટલો ઉદાર, ગંભીર અને શમપ્રદ હશે એ જોવાની સ્વાભાવિક રીતે જ ઉત્કંઠા જાગે છે.

તીર્થંકર ભગવાનના શરણમાં તો સમત્વ અને શાન્તિની શીતળતા જ મળે. પણ કામદેવ જેવો હતભાગી તો પાર્શ્વનાથપ્રભુના શરણે આવે તો તેને શંકરના ત્રીજા નેત્રના અગ્નિની પીડા ફરીથી અનુભવાય, એ રીતે તીર્થંકર ભગવાને કામ ઉપર

સંપૂર્ણતઃ વિજય કર્યો હોવાની અને એમનું તેજ કામદાહક હોવાની હકીકત રજૂ કરતાં યશોવિજયજી કહે છે કે –

स्मरः स्मारं स्मारं भवदवथुमुत्त्यैर्भवरिपोः
पुरस्ते चेदास्ते तदपि लभते तां बत दशाम् ।
रिपुर्वा मित्रं वा द्वयमपि समं हन्त ! सकृतो-
ज्झितानां किं ब्रूमो जगति गतिरेषाऽस्ति विदिता ॥ ७ ॥

પોતાને મન શ્રી પાર્શ્વપ્રભુ જ પોતાનાં મા-બાપ, ભાઈ, આંખ, ગતિ, ત્રાતા, નિયંતા બધું છે; બીજા કોઈને તે ભજતા નથી; આમ અનન્ય ભક્તિની દુહાઈ દઈને દયાની યાચના કરતાં યશોવિજયજી કહે છે કે –

पिता त्वं बन्धुस्त्वं त्वमिह नयनं त्वं मम गति-
स्त्वमेवासि त्राता त्वमसि च नियन्ता नतनृपः ।
भजे नान्यं त्वत्तो जगति भगवन् ! दैवतधिया
दयस्वातः प्रीतः प्रतिदिनमनन्तस्तुतिसृजम् ॥ १९ ॥

પાર્શ્વનાથપ્રભુ પહેલા ભવમાં મરુભૂતિ નામે એક ગૃહસ્થપુત્ર હતા. એમની પત્ની અને એમનો ભાઈ કમઠ દુરાચરણમાં પડ્યા. રાજા સમક્ષ કમઠની પત્નીએ ફરિયાદ કરી, ત્યારે કમઠે ઉદ્ધતાઈ બતાવી. તેથી રાજાએ તેને નગરમાંથી હદપાર કર્યો. મરુભૂતિએ પોતાનાં અને ભાઈના ચિત્તને શાન્તિ મળે તે માટે ભાઈની ક્ષમા માગી, ત્યારે કમઠે તેના માથામાં પથ્થરનો ઘા કર્યો, અને મરુભૂતિનું મૃત્યુ થયું. તેમના દસમા ભવ સુધી કમઠ એમના પ્રત્યે વૈરભાવ જાળવીને જુદાજુદા જન્મો ધારણ કરતો રહે છે. પાર્શ્વનાથચરિત્ર સાથે સંકળાયેલું આ કમઠાખ્યાન છે. પાર્શ્વનાથ ભગવાને લાકડામાંથી બળતા સર્પને બહાર કાઢીને તેને નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરાવ્યું અને એ દ્વારા ઇન્દ્ર જેટલી ઉચ્ચ પદવીએ પહોંચાડ્યો. આ છે ધરણેન્દ્રને લગતું આખ્યાન. દયાની દિવ્ય દ્યુતિનું સ્મરણ કરાવતાં આ કથાનકો વણી લઈને કાકુપ્રશ્ન કરતાં યશોવિજયજી કહે છે કે –

ज्वलन् ज्वालाजालैर्ज्वलनजनितैर्देव । भवता
बहिः कृष्टः काष्ठात् कमठहठपूरैः सह दितात् ।
नमस्कारैः स्फारैर्दलितदुरितः सद्गुणफणी
किमद्यापि प्रापि प्रथितयशसा नेन्द्रपदवीम् ॥२२॥

શ્રી પાર્શ્વનાથપ્રભુનો પ્રતાપ જગતમાં પ્રસરે ત્યારે શું-શું થાય છે તે દર્શાવવા જિનને અને સૂર્યને એમ બન્નેને લાગુ પડે તે રીતે શ્લેષાનુપ્રણીત ઉપમાનો સુંદર પ્રયોગ કરતાં ઉપાધ્યાયજી કહે છે કે –

विकासः पद्मानां भवति तमसामप्युपशमः
प्रलीयन्ते दोषा व्रजति भवपङ्कोऽपि विलयम् ।

प्रकाशः प्रोन्मीलेत् तव जिन ! जगज्जित्वरगुणः
प्रतापानां भानोरिव जगदभि व्याप्ति समये ॥२६॥

ચંદ્રમાંના કલંકને અમૃતકુંભ ઉપર વાસેલું ઢાંકણ કલ્પીને એક વિલક્ષણ ઉત્પ્રેક્ષા દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાનની અમૃતમય વાણીની પ્રશંસા કરતાં ગણિજી કહે છે કે –

गिरः पायं पायं तव गलदपायं किमभवत्
सुधापाने जाने नियतमलसा एव विबुधाः ।
तदक्षुद्रा मुद्रा सितमहसि पीयूषनिलये
निजायत्ता दत्ता जठरविलुठल्लक्ष्ममिषतः ॥३१॥

શ્રી પાર્શ્વનાથપ્રભુના ચંદ્રસમા શીતલ મુખારવિન્દ અને સૂર્ય સમા પ્રખર તેજસ્વી ભામંડળ વચ્ચેના વિરોધાભાસના શમન અર્થે એક અદ્ભુત અપહ્નુતિ-અનુપ્રાણિત ઉત્પ્રેક્ષા દ્વારા ઉપપત્તિ દર્શાવતાં ન્યાયવિશારદજી કહે છે કે –

अभून्नेन्दुर्भूयःप्रभविभुमुखीभूय न सुखी
तमोग्रासोल्लासस्तदिह ननु मय्येव पतितः ।
इदं मत्वा सत्त्वात् किमु तव रविर्मौलिमधुना
श्रितो नेतश्चेतः सुखजननभामण्डलमिषात् ॥३९॥

અર્થાત્ ભગવાનના અતિશય રમણીય મુખ રૂપ બનીને ચંદ્ર તો અચૂક સુખી થઈ જ ગયો અને રાહુના ગ્રાસ બનવાનું મારે એકલાને જ રહ્યું – આવા વિચારે ભગવાનના સામર્થ્યને સમજીને તે આપત્તિમાંથી છૂટવા સૂર્ય ભામંડલ બનીને ભગવાનની પાછળ ભરાઈ બેઠો !

દેવોની અને મનુષ્યોની અનિમેષ દૃષ્ટિની તુલના કરીને પાર્શ્વનાથ પ્રભુના સંદર્ભમાં મનુષ્યોની એવી દૃષ્ટિની ઉત્કૃષ્ટતા દર્શાવતાં ન્યાયાચાર્યજી કહે છે કે –

इमां मूर्तिस्फूर्तिं तव जिन ! गतापायपटलं
नृणां द्रष्टुं स्पष्टं सततमनिमेषत्वमुचितम् ।
न देवत्वे ज्यायो विषयकलुषं केवलमदोऽ-
निमेषं निःशेषं विफलयतु वा ध्यानशुभदृक् ॥५०॥

શ્રી પાર્શ્વનાથપ્રભુના અનંત અગણ્ય ગુણોની ગણના માટેના વિધાતાના અવિરત પ્રયાસને ચંદ્રની વધતીઘટતી કલા સાથે સાંકળીને સુંદર ઉત્પ્રેક્ષા દ્વારા કાવ્યલિંગ રજૂ કરતાં યશોવિજયજી કહે છે કે –

विधिः कारं कारं गणयति नु रेखास्तव गुणान्
सुधाबिन्दोरिन्दोर्वियति विततास्तारकमिषाः ।
प्रतिश्यामायामान् व्रजति न विलासोऽस्य निधनं
ततो रिक्ते चन्द्रे पुनरपि निधत्तेऽमृतरसम् ॥६३॥

અર્થાત્, વિધાતા ચંદ્રના અમૃતમાંથી બિન્દુઓ લઈને રોજ રાત્રે પ્રભુના ગુણોની ગણના કરવા માટે રેખાઓ કર્યા કરે છે, જેને આપણે તારલાઓ તરીકે ઓળખીએ છીએ. પણ એમના આ પરિશ્રમનો કદી અંત આવતો નથી. તેથી ચંદ્રમાંનું અમૃત વપરાઈ જતાં વળી પાછા વિધાતા તેને અમૃતરસથી અજવાળિયામાં ભરવા માંડે છે !

કોયલના ટહુકારવાચક 'કુહૂ' શબ્દ ઉપરના શ્લેષનો આશ્રય લઈને, પ્રભુની યશશ્ચન્દ્રિકાને 'કહૂ' (= અમાવાસ્યા) તિથિ નામમાત્રની રહી ગઈ છે અને કોયલના મુખમાં જઈ વસી છે એવી અપૂર્વ કલ્પના ઉત્પ્રેક્ષાલંકાર ધ્વનિમાં મઢીને યશોવિજયજી કહે છે કે –

यशोभिस्तेऽशोभि त्रिजगदतिशुभ्रैर्भृशमित-
स्तिथिः सा का राका तिथिरिह न या हन्त ! भवति ।
कुहूर्नाम्नैवातः पिकवदनमातत्य शरणं
श्रिता साक्षादेषा परवदनवेषा विलसति ॥६५॥

મિથ્યાદર્શનખંડનમાં ન્યાયાચાર્યને અવશ્ય આનંદ આવે જ. આ કાર્યના જુસ્સાને પ્રગટ કરતાં પરદર્શનગત દેવો, ગુરુઓ અને વેદવિહિત ક્રિયાકાંડ તથા દયાહીન ધર્મના સંદર્ભ આપી, પાર્શ્વનાથપ્રભુએ એને સમ્યગ્દર્શનરૂપી ઘાણીમાં કેવી રીતે પીલી નાખ્યું તેનું નિદર્શન કરતાં યશોવિજયજી કહે છે કે –

मता देवा सुभ्रूस्तनजघनसेवासुरसिका
महादम्भारम्भाः प्रकृतिपिशुनास्तेऽपि गुरवः ।
दयाहीनो धर्मः श्रुतिविहित पीनोदय इति
प्रवृद्धं मिथ्यात्वं सुसमयघरट्टैर्दलितवान् ॥१६॥

શ્રી પાર્શ્વનાથપ્રભુના પવિત્ર નામસ્મરણનો મહિમા અને તેનાં સુફળ ગણાવતાં ગણિવર્યજી કહે છે કે –

भयं सर्वं याति क्षयमुदयति श्रीः प्रतिदिनं
विलीयन्ते रोगा लसति शुभयोगादपि सुखम् ।
महाविद्यामूलं सततमनुकूलं त्रिभुवना-
भिराम ! त्वन्नाम स्मरणपदवीमृच्छति यदि ॥९८॥

આ રીતે ઝાકઝમાળ ભાષાસૌષ્ઠવ, નવનવીન કલ્પનાઓ, ચમત્કૃતિપૂર્ણ અભિવ્યક્તિ, અડગ શ્રદ્ધા, પરમતખંડનનો ઉદ્દીપ્ત ઉત્સાહ, નામસ્મરણથી નગદ કલ્યાણપ્રાપ્તિની ખાતરી આ બધી સામગ્રી દ્વારા શ્રી પાર્શ્વનાથપ્રભુ પ્રત્યેની ગહન ભક્તિનિષ્ઠાને યશોવિજયજીએ આ રમણીય સ્તોત્રપ્રાસાદમાં પ્રધાનદેવપદે પ્રતિષ્ઠિત કરી છે. અને અંતે દેવોના મુકુટમણિઓરૂપી દર્પણોમાં પ્રતિબિમ્બિત થતા મુખારવિન્દનું સ્મરણ કરી, વામાદેવીના પુત્ર ભગવાન શ્રી પાર્શ્વનાથને સમસ્ત

મનોરથ સંપાદન કરાવનાર કલ્પતરુ તરીકે નવાજીને શ્રી યશોવિજયજી આ કાવ્યપ્રાસાદ ઉપર શુભાકાંક્ષા કે શિવસંકલ્પનો કળશ ચઢાવતાં સ્તોત્રના અંતિમ શ્લોકમાં કહે છે કે –

इति प्रथितविक्रमः कमनमन्मरुन्मण्डली
किरीटमणिदर्पणप्रतिफलन्मुखेन्दुः शुभः ।
जगज्जनसमीहितप्रणयनैककल्पद्रुमो
यशोविजयसम्पदं प्रवितनोतु वामाङ्गजः ॥१०८॥

**પાદટીપ :**

(૧) ટોકરશી, શતાવધાની પં. ધીરજલાલ, 'શ્રી ગોડી પાર્શ્વનાથ', શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધ-શતાબ્દી સ્મારકગ્રંથ, પૃ.૮૫
(૨) કાપડિયા, પ્રો. હીરાલાલ, શ્રી ગોડી પાર્શ્વનાથ સંબંધી કેટલીક માહિતી, શ્રી ગો. પા. સા. સ્મા. ગ્રંથ, પૃ.૧૦૨
(૩) ટોકરશી, શતા. પં. ધીરજલાલ, એજન, પૃ.૮૬
(૪) શ્રી લાવણ્યમુનિ, શ્રી અંચલગચ્છીય, 'શ્રી ગોડી પાર્શ્વનાથજીનું ચોઢાળિયું', શ્રી ગો. પા. સા. સ્મા. ગ્રંથ, પૃ.૪૮–૫૨
(૫) ટોકરશી, શતા. પં. ધીરજલાલ, એજન પૃ.૮૭
(૬) એજન, પૃ.૮૯–૯૮
(૭) શ્રી ગો. પા. સા. સ્મા. ગ્રંથ, પૃ.૧૮૧
(૮) નાહટા, શ્રી અગરચંદ, 'ગોડી પાર્શ્વનાથનાં સ્તવનોની સૂચી', શ્રી ગો. પા. સા. સ્મા. ગ્રંથ, પૃ.૧૦૬–૧૧૨
(૯) ટોકરશી, શતા. પં. ધીરજલાલ, ગો. પા. સા. સ્મા. ગ્રંથ, પૃ.૪૬–૪૭

☐

*તર્કશાસ્ત્રના અધ્યયનથી સૂક્ષ્મતમ થયેલી બુદ્ધિનો ઉપયોગ તેમણે માત્ર દાર્શનિક વિષયમાં નહીં, પણ લગભગ દરેક વિષયમાં કરેલો છે. તેથી જ્યારે તેઓ આગમિક વિષય ઉપર લખવા બેસે છે ત્યારે પણ તેમની પ્રતિભા અલૌકિક સ્વરૂપમાં ઝળકી ઊઠે છે, જેને પરિણામે સેંકડો વર્ષોથી નહીં ઉકેલાયેલા અનેક જટિલ પ્રશ્નોના ઉકેલ અને સમાધાન તેમણે કર્યાં છે. બધું આગમિક સાહિત્ય તેમને જિહ્વાગ્રે જ રમતું હતું. તેમણે કરેલી ચર્ચાઓ એટલી બધી તલસ્પર્શી અને યુક્તિ તથા ઉપપત્તિથી પરિપૂર્ણ છે કે વાંચનારના વર્ષોજૂના ભ્રમો અને સંશયો ક્ષણવારમાં દૂર થઈ જાય છે.*

શ્રી જમ્બૂવિજયજી
('શ્રુતાંજલિ')

# 'શ્રી ગોડીપાર્શ્વનાથ-સ્તોત્ર' – સંક્ષિપ્ત રસદર્શન

મુકુન્દ ભટ્ટ

તત્ત્વજ્ઞાનના પ્રદશોમાં વિહાર કરનારાઓ માટે કવિતાનું પ્રયોજન કે આકર્ષણ કંઈક ઓછું રહેવાનો સંભવ છે; સત્યપ્રાપ્તિની નિષ્ઠા અને આરાધના મનના કાવ્યોન્મેષને બહુ ઉત્તેજિત ન કરે એમ કહેવાય, કારણકે સત્યની પ્રતિષ્ઠા ચિંતનની ગરિમાને જેટલી પોષક છે તેટલી કદાચ રસાસ્વાદને નથી. છતાં એ પણ નિર્વિવાદ છે કે તત્ત્વચિંતન્‌માંથી વહી જતી કાવ્યધારાનું સ્વરૂપ ઘણું આકર્ષક રહ્યું છે અને તેના સર્જકોની પ્રતિભા પ્રભાવિત કરે તેવી રહી છે. સંસ્કૃત સાહિત્યમાં ઘણા વિદ્વાનો તત્ત્વજ્ઞાન અને કાવ્ય એ બંને પ્રદેશોને સમલંકૃત કરતા રહ્યા છે અને તેમની વિદ્વત્તાનું ગૌરવ કાવ્યની રમણીયતામાં કોઈ લાઘવદોષને અવકાશ આપતું રહ્યું નથી. શંકરાચાર્ય અને અભિનવગુપ્ત તેનાં સમર્થ દૃષ્ટાન્તો કહી શકાય અને ઉપનિષદોનો કાવ્યસંભાર તો તત્ત્વજ્ઞાનને પલ્લવિત કરતો વહ્યો છે. એટલે એમ કહી શકાય કે પ્રજ્ઞાનો ઉન્મેષ એ એવો સર્વમંગલરૂપ છે કે એ તત્ત્વને પ્રગટ કરીને રસ સ્વરૂપે વહેવડાવે છે. એ અર્થમાં જ સત્ય શિવ પણ છે અને સુંદર પણ છે.

મધ્યકાળમાં આ પ્રસ્તાવનું જ્વલંત ઉદાહરણ યશોવિજયજી ઉપાધ્યાય છે. તેમની વિદ્વત્તા ન્યાય, નવ્યન્યાય, સ્યાદ્વાદ અને અધ્યાત્મ જેવા પ્રગાઢ વિષયોને વિશદ કરતી રહી; પણ તેમણે લાલિત્યમય ઘણું સાહિત્ય રચ્યું. સ્તોત્રો, રાસો, સ્તવનો અને ગાથાઓના સાહિત્યપ્રકારને તેમણે શોભાવ્યો અને સંસ્કૃત, પ્રાકૃત, વ્રજ અને ગુજરાતી ભાષાઓમાં ભારતીને સમં લીલાયિત કરી. તેમનું કાર્ય તો ધર્મોદ્ધારનું હતું, ધર્મની દેશનાનું હતું. તે કાર્યની સજ્જતા તેમણે માત્ર જૈન ધર્મના આગમોના અભ્યાસથી ન મેળવી, પણ બૌદ્ધ, વૈદિક આદિ અન્ય ધર્મપ્રસ્થાનોમાંથી પણ મેળવી. તેનાથી તેમનું સત્યનું દર્શન વધારે વિશદ અને વ્યાપક બન્યું છે એ તેમના ગ્રન્થોના અધ્યયનથી જોઈ શકાય છે. કોઈ પણ ધર્મના સાહિત્યમાં સત્યની ગવેષણા ભિન્નભિન્ન કાલ અને દર્શનોના સાંપ્રદાયિક સ્વરૂપને લક્ષ્યમાં રાખ્યા સિવાય પ્રગટ થઈ શકતી નથી. એટલે યશોવિજયજીનું દર્શન પણ જૈનધર્મની પરંપરામાંથી ઉત્પન્ન થયું અને તેને પરિપુષ્ટ કરતું વિકાસ પામ્યું. પણ તેમની *વિશેષતા એ છે કે અન્ય પ્રસ્થાનોને પણ તેમણે આદરથી તપાસ્યાં,* તેમની મર્યાદાઓને બતાવી તેમનું રહસ્ય પણ પ્રગટ કર્યું. તેમણે ક્રિયાવાદી રહીને શ્રી હરિભદ્રસૂરિએ વર્ણવેલા યોગમાર્ગનું વિવેચન કર્યું અને ગુરુભક્તિ, તીર્થભક્તિ,

સંઘશક્તિ, શાસનપ્રેમ, ધર્મપ્રેમ, નમ્રતા, લઘુતા, દૃઢતા, ઉદારતા એ બધા ધર્મના અંશોને સુદૃઢ કરી, તેમનો સંસારનિવૃત્તિ અર્થે ઉપદેશ કર્યો. એવા સમન્વયકારી યશોવિજયજીના સાહિત્યના વિસ્તારનો પરિચય અલ્પકાલમાં આપી શકાય તેવો નથી પણ તેમની ભાવનાને અને ભક્તિને પ્રગટ કરતું 'ગોડીપાર્શ્વનાથ-સ્તોત્ર' સ્થલ અને સમય બંને માટે ઉપયુક્ત છે. કારણકે બધી વિદ્વત્તા અને વિદ્યાથી પર તેમનું ધ્યેય તો ધર્મ દ્વારા સંસારનિવૃત્તિનું હતું. તેથી તેમણે કાવ્યની સુષમાનો પ્રયોગ તો તીર્થંકરોના સંસારને ઉજાળતા જીવન ઉપર જ કર્યો અને તેમના સાંનિધ્યમાં આત્માનું શરણ શોધ્યું. સંતોનાં, તીર્થંકરોનાં, મહાત્માઓનાં જીવન તેમના ઉપદેશ કરતાં પણ વધારે રમણીય છે તેનું આ સ્તોત્ર એક વધારે દૃષ્ટાન્ત છે. તેનાથી મન આશ્વાસન અને શ્રદ્ધા પામે છે, પાપનું પ્રાયશ્ચિત્ત અનુભવે છે, સરલ બની સનાતનને તેમની કરુણાથી પામે છે. યશોવિજયજી ભગવાન પાર્શ્વનાથને પ્રાર્થે છે :

प्रभो । ते दासानां गणितिरिह नास्ते मम पुन-<br>
स्त्वमेवैको नाथः कमपरमहं वच्मि हृदयम् ।<br>
त्यजौदासीन्यं तद्धर हर मदीयां मलिनतां<br>
त्वदीयं सान्निध्यं नय नय परं मां भववनात् ॥

"હે પ્રભો, તારા દાસોની તો ગણના શક્ય નથી, પણ મારે માટે તો તું એક જ નાથ છે; બીજા કોની પાસે હું હૃદય ખોલી શકું ? તેથી મારા તરફની ઉદાસીનતાને તજી મારી મલિનતાને દૂર કર અને આ ભવવનમાંથી તારા સાન્નિધ્યમાં મને લઈ જા !"

છંદ શિખરિણી છે; સામાન્ય રીતે ઘણાં સ્તોત્રોમાં શિખરિણીનો ઉપયોગ થાય છે. તેની ગેયતા તો છે જ, ભક્તિનો ભાવ પણ પ્રગટ કરવાની શક્તિ છે. ભાષાનું લાલિત્ય તેને વધારે આકર્ષક બનાવે છે. આ સ્તોત્રમાં ઘણા શ્લોકો મનમાં રમી જાય તેવા છે.

બીજું ઉદાહરણ લઈએ. યમક અને અનુપ્રાસથી મંડિત વાણી કેટલી સરલતાથી વહે છે !

न ते गीतं गीतं श्रुतिविषयमानीतमथवा<br>
न ते रूपं दृष्टं प्रतिकृतिगतं कल्पितमपि ।<br>
न ते ध्यानं ध्यातं मनसि धृतिमाधाय भगवन्<br>
न जाने संसारं कथमिव तरिष्यामि तदहम् ॥

સંસારની નિવૃત્તિ માટે કશું થયું નથી તેનો સંતાપ મનને ભરે છે; ગુણાનુવાદ થયો નથી; સ્વરૂપ મનમાં સમાવ્યું નથી, તો પછી ધ્યાનની તો કા કથા !

શંકરે પણ આવો કલ્પાંત એક સ્રગ્ધરામાં કર્યો છે જેનો ઉલ્લેખ યશોવિજયજીની સ્રગ્ધરા કહેતાં પહેલાં કરું છું :

नो शक्यं स्मार्तकर्म प्रतिपदविहितप्रत्यवायाकुलाख्यम्
श्रौते वार्ता कथं मे द्विजकुलविहिते ब्रह्ममार्गे सुसारे ।
नास्था धर्मे विचारः श्रवणमननयोः किं निदिध्यासितव्यं
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्री महादेव शम्भो ॥

હવે ઉપાધ્યાયજીની સ્રગ્ધરા જુઓ :

सर्पत्कन्दर्पसर्पस्मयमथनमहामन्त्रकल्पेऽत्र कल्पे,
प्रत्यक्षे कल्पवृक्षे परमशुभनिधौ सत्तमोहे तमोहे ।
निर्वाणानन्दकन्दे त्वयि भुवनरवौ पावना भावना भा-
ध्वस्तध्वान्ते समग्रा भवतु भवतुदे सङ्गता मे गतामे ॥

ભાવાર્થ એ છે કે આ યુગમાં પ્રસરતા કામસર્પના ગર્વનું મથન કરનારા મહામન્ત્રરૂપ, સાક્ષાત્ કલ્પવૃક્ષ સમા, પરમ કલ્યાણના નિધિ, સજ્જનોના શુભવિચારના વિષય સમા, અજ્ઞાન-અંધકારના વિધ્વંસક, પરમ આહ્લાદભૂત ત્રિભુવનના આદિત્ય સમા; પરમ તેજથી તિમિરનો નાશ કરતા, સર્વવ્યાધિથી મુક્ત, સંસારવિનાશક એવા હે ભગવન્ પાર્શ્વનાથ, પવિત્ર એવી મારી સમગ્ર ચેતના પૂર્ણસ્વરૂપે આપની સંગતિને પામો !

રમ્ય શબ્દાવલી સાથે સંસાર થંભી જાય એવા છન્દનું સંયોજન અને આવર્તન પામતા ભિન્નાર્થી શબ્દયુગલો મનને લીન કરી દે છે. અર્થચમત્કૃતિ અને સ્તોત્રના અંતમાં તો છંદોનું વૈવિધ્ય પણ કવિની સિદ્ધિને પ્રગટ કરે છે.

જ્ઞાનની સીમાનું દર્શન પણ નીચેના શ્લોકમાં છે :

अलोके लोके चापरिमितमनन्तं खमखिलं
तवैकस्मिन् ज्ञाने विशति नियतं दर्पण इव ।
यदि ज्ञानं व्योम्नोऽप्यधिकतरमेकं तव ततो
गुणानामानन्त्यं तुलयतु कथङ्कारमतुलम् ॥

"હે ભગવન્ ! લોકાલોકમાં વ્યાપ્ત આ અનંત અવકાશ, આપના કેવલજ્ઞાનમાં દર્પણની જેમ પ્રતિબિંબિત થાય છે; જો એકમાત્ર જ્ઞાન પણ વ્યોમથી અધિક હોય તો તારા ગુણોના અતુલ આનંત્યને કેવી રીતે તોળી શકાશે ?"

વિશેષ વિસ્તારની ભીતિથી ઉપાધ્યાયશ્રીની એક સુંદર કલ્પનાનો નિર્દેશ કરીને સમાપ્તિ કરવાની અનુજ્ઞા માગું છું :

भवान् भानुर्भूत्वा हृदयकमलं स्मेरयतु मे
द्विरेफः पर्याप्तं तदनु वसतिं तत्र कुरुतात् ।
सुधांशुः सन्नस्मिन् किरणनिकरैर्वर्षतु ततो
न याचे त्वामन्यत् किमपि भगवन् भक्त्यधिकृतेः ॥

"હે ભગવન્ ! સૂર્ય બનીને આ દાસના હૃદયકમલને વિકસાવો અને પછી

ભ્રમર બનીને આપ તેમાં વાસ કરો. પછી ચંદ્ર બનીને તમારી શીતલ કરુણાનાં કિરણો એ કમલ ઉપર વરસાવો. તમારી ભક્તિના અધિકાર સિવાય બીજું કશું હું માગતો નથી."

આ પ્રાર્થના આપણા માટે છે, આપણા યુગને માટે પણ છે. સહુનાં હૃદયકમલ પરમધ્યાનમાં વિકસે, અને ઉપાધ્યાય યશોવિજયજીની શાસ્ત્ર અને સાહિત્યસેવા, કલિકાલના તિમિરને અજવાળી, સહુને સન્માર્ગમાં પ્રેરે એ જ અભ્યર્થના.

☐

*ઉપાધ્યાયજી મહારાજે પોતાના જીવનનાં બધાંય વર્ષો, જીવનનું સઘળું સુખ, જીવનની તમામ કમાઈ જૈન શાસનને અર્પણ કરી દીધાં હતાં. જીવનના અન્તિમ વર્ષ સુધી સાહિત્યસર્જન, શાસનસેવા અને ધર્મરક્ષાના શ્વાસ લેનાર એ વીર પુરુષ આપણી સમક્ષ સેવા, સ્વાર્પણ અને પુરુષાર્થનો આદર્શ નમૂનો મૂકતા ગયા છે. શાસનમાં બુદ્ધિમાનો ઘણા પાકે છે, પરંતુ કર્તવ્યપરાયણો અને નવ્ય સર્જકો ગણ્યાગાંઠ્યા જ પાકે છે. ઉપાધ્યાયજી એક સર્જક અને ક્રાન્તિકારી પુરુષ હતા.*

**શ્રી યશોવિજય**

('શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થ')

# એક અપ્રસિદ્ધ સંસ્કૃત પત્ર

પ્રદ્યુમ્નવિજયગણી

વર્તમાન વિશ્વના વિવિધ ભાષાના સાહિત્યમાં પત્રસાહિત્યનું આગવું સ્થાન ગણાય છે. પોતાની જાતને, સ્વાનુભવને, પોતીકા વિચારને જેવા છે તેવા વર્ણવવાની શક્યતા પત્રોમાં અને પ્રામાણિકપણે લખાયેલી આત્મકથામાં અને વધીને પ્રવાસકથામાં જોવા મળે છે.

આ ત્રણ સાહિત્યપ્રકારમાં પણ પત્ર એ અંગત પ્રકાર છે. એટલે એમાં તો ક્યારેક નિખાલસ માણસ પોતાનું નિઃશેષ વ્યક્તિત્વ પણ રજૂ કરી દે છે. આજે કોઈ પણ વ્યક્તિ એવી નહીં મળે કે જેણે ક્યારેય પણ પત્ર લખ્યો ન હોય કે લખાવ્યો ન હોય ! પછી એ પત્રના વિષયમાં વૈવિધ્ય રહેવાનું. વ્યાપારીના પત્રોમાં વ્યાપાર માધ્યમ રહે તો વિદ્વાનોના પત્રોમાં વિદ્યાનું માધ્યમ હશે. પત્રો લખાયા ઘણા હોય છે, સંઘરાયા બહુ ઓછા હોય છે. એમાં પણ જ્યારે સિદ્ધ અને પ્રસિદ્ધ વ્યક્તિના પત્રો મળે છે ત્યારે તો તેઓને સમજવા માટે, તેઓના દેશકાળને સમજવા માટે એમાંથી ભરપૂર સામગ્રી મળી રહે છે. આવા વિદ્યાપુરુષોના પત્રોમાં સમાન્ય કુશળ-પ્રશ્ન કે સુખ-સમાચારની માત્ર આપ-લે જ ન હોય પણ અંગત માન્યતા સમેત, ગહન પ્રશ્નો-ના ઉત્તરો, ચર્ચાઓ ને સામી વ્યક્તિના આશયને સમજીને અપાયેલાં સમાધાનો હોય છે.

પ્રાસંગિક, સમયપતિત વાતો હોય તો તેમાં પણ રજૂઆતનાવીન્ય આવવાનું. 'કથ્યું કથે તે શાનો કવિ' એ ન્યાય મુજબ તેઓ કોઈ પણ વાત એમ ને એમ ન મૂકે. તેઓનું જેમ દર્શન અસામાન્ય હોય છે – અ-લૌકિક દૃષ્ટિના કારણે, તેમ તેઓનું કથન પણ ચમત્કારિક હોય છે. પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે ઘણા પત્રો લખ્યા હશે – લખ્યા હોવા જોઈએ, પણ અત્યારે તો માત્ર ચાર પત્ર મળે છે : બે ગુજરાતીમાં અને બે સંસ્કૃતમાં. બે ગુજરાતીમાં છે તે ખંભાતથી લખેલા છે અને જેસલમેરના શ્રાવકોના પ્રશ્નોના ઉત્તરરૂપ છે. તે મૂળ પત્રો 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ' ભા.૨માં છપાયા છે અને પછી તેના અર્થવિવરણ સાથે 'પત્રોમાં તત્ત્વજ્ઞાન' એ મથાળાથી 'જૈન ધર્મ પ્રકાશ' માસિકમાં લેખમાળા રૂપે છપાયા છે. (પુ.૭૩, અં.૧થી ૫,૯,૧૧; પુ.૭૪, અં.૧, ૩, ૪) એ લેખના લેખક મુનિરાજ શ્રી ધુરન્ધરવિજયજી છે જેઓ પાછળથી આચાર્ય શ્રી ધર્મધુરન્ધરસૂરિજી મહારાજ તરીકે પ્રસિદ્ધ થયેલા.

ત્રીજો પત્ર સંસ્કૃતમાં, પદ્યમાં છે. अष्टसहस्री – પરિશિષ્ટ ત્રીજું (પત્ર ૨૮૨થી ૨૮૪)ના जगज्जैत्रं એ પદથી એ શરૂ થાય છે.

ચોથો પત્ર સંસ્કૃતમાં, પદ્યમાં છે. આ પત્રની વિશેષતા એ છે કે પત્રના હસ્તાક્ષર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના જ હોય એવું નક્કી થાય છે. આજથી ત્રણસો વર્ષ પૂર્વે પત્રો કેવા લખાતા હતા તે એમાંથી જાણવા મળે છે. જેને ઊભાં ચીરિયાં કહેવાય તેવા લાંબા કાગળમાં તે લખેલો છે. હાલ આ પત્ર લા.દ. વિદ્યામંદિરમાં (રજિ. નં.૨૭૩૪૧ સૂ.૪૩૦૯૨) સચવાયેલો છે.

કૃતિમાં નયવિજય વિજ્ઞપ્તિ કરે છે એવો ઉલ્લેખ છે (૪૪). ઉપાધ્યાયજીનું નામ તો છેડે બીજાં સાધુનામોની સાથે આવે છે, પરંતુ હસ્તાક્ષર ઉપાધ્યાયજી મહારાજના જ છે ને કાવ્યશૈલી પણ એમની જ છે – નયવિજયજીએ તો આવું કશું લખ્યું જ નથી. વળી ગુરુને નામે પત્ર લખવાની રૂઢિ છે. તેથી આ પત્ર ઉપાધ્યાયજી મહારાજનો જ રચેલો છે એમ માનવામાં બાધ નથી. છેલ્લે આવતાં સાધુનામોમાં એમનું નામ પહેલું જ છે.

પત્ર સિદ્ધપુરથી દીવ શ્રીપૂજ્યને લખાયેલો છે. દિવાળીને દિવસે – लिखितो दीपोत्सवे लेखः (૮૩) તત્કાળ રચાયેલાં મનોહર પદ્યોથી – हृद्यैस्तात्कालिकैः पद्यैः (૮૪) લખાયેલો છે. આ જ દિવસે ज्ञानसार નામનો અમર ગ્રન્થ રચાયો છે, પૂર્ણ થયો છે – दीपोत्सवे पर्वणि. સં.૧૭૧૧નું ચાતુર્માસ સિદ્ધપુરમાં હતું અને ત્યાં 'દ્રવ્ય-ગુણપર્યાય રાસ'ની રચના થઈ હતી. તેથી આ પત્ર પણ સં.૧૭૧૧માં જ લખાયેલો હોવાનું અનુમાન થઈ શકે. વિજયપ્રભસૂરિનાં ચાતુર્માસ વિ.સં.૧૭૧૨-૧૩-૧૪માં ઊના-દીવનાં નોંધાયાં છે ('દિગ્વિજયમહાકાવ્ય'). તેથી સં.૧૭૧૧માં દીવમાં ચાતુર્માસ કરી રહેલા શ્રીપૂજ્ય તે વિજયપ્રભસૂરિ હોવા સંભવ છે. એટલેકે પત્ર સં.૧૭૧૧ના દિવાળી દિને સિદ્ધપુરથી વિજયપ્રભસૂરિને દીવબંદરે લખાયેલો હોવાનું અનુમાન થાય છે. ઉપાધ્યાયજી મહારાજના સં.૧૭૧૨-૧૩-૧૪નાં ચાતુર્માસ ક્યાં હતાં તે જાણવા મળતું નથી. એ સિદ્ધપુરમાં હોય તો એ વર્ષોની સંભાવના પણ ગણાય.

કુલ ૮૪ શ્લોકનો આ પત્ર છે. છંદોનું વૈવિધ્ય પણ નોંધપાત્ર છે. ઉપજાતિ, અનુષ્ટુપ, શાર્દૂલવિક્રીડિત વગેરે છંદો સુંદર રીતે પ્રયોજાયા છે. રચના પ્રાસાદિક છે. સહજતાથી અર્થબોધ કરાવનારી છે. અલંકારમંડિત પદલાલિત્ય, શ્લેષ, યમક પણ આમાં છે.

પહેલાં દેવવર્ણનમાં ૨૨ શ્લોકથી પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિ કરી છે. બન્ને સ્થળે પાર્શ્વનાથ છે; દીવમાં નવલખા પાર્શ્વનાથ છે તો સિદ્ધપુરમાં સુલતાન પાર્શ્વનાથ છે. દેવના વર્ણન પછી નગરનું વર્ણન કર્યું છે. દીવની પાસે જ સમુદ્ર છે તો સમુદ્રનું પણ વર્ણન કર્યું છે. નગરના વર્ણનમાં બીજું બધું ઠીક વર્ણવ્યું છે પણ ત્યાંના માનવની

વિશેષતાનું વર્ણન સુંદર શબ્દોમાં કર્યું છે :

संलक्ष्यन्ते स्वरेणैव यत्र लोकाः कलिप्रियाः ॥ ३९ ॥

દીવના લોકોને મોટા અવાજે બોલવાની ટેવ હશે તે આના પરથી લાગે છે. જેમ ઉજ્જયિનીને માટે શ્રી હેમચન્દ્રાચાર્યે પરિશિષ્ટમાં લખ્યું છે કે –

इदमुज्जयिनी क्षेत्रं स्वभावादपि कर्कशम् ।

ઉજ્જયિનીની પ્રજાનું સ્વભાવથી કર્કશપણું જણાવ્યું છે.

ઉપાશ્રયને ઘણા થાંભલાવાળો વર્ણવ્યો છે (૩૮). પત્ર જેવા સામાન્ય સાહિત્યપ્રકારમાં પણ તેઓશ્રીની દાર્શનિક પ્રતિભાના ચમકારા જોવા મળે છે. પાતંજલ, સાંખ્ય, વૈશેષિક, મીમાંસા વગેરે છએ દર્શનનો ઉલ્લેખ તેઓએ કર્યો છે (૭૧–૭૪). તે કાળ અને તે સમયમાં અન્ય-અન્ય સંપ્રદાયમાં ઉત્સૂત્ર ભાષણ ખૂબ થતું હશે એટલે તેનો અહીં ખાસ ઉલ્લેખ કર્યો છે (૫૨–૫૮). તે તત્કાલીન પ્રવાહની અસર છે.

અહીં જે સાધુવર્ગનાં નામ છે તેમાં પરિચિત અને પ્રસિદ્ધ ન હોય તેવાં પણ નામ છે. જેમકે દીવબંદરે આચાર્યશ્રી વિજયપ્રભસૂરિજી મહારાજનાં સહવર્તી નામોમાં ઉપાધ્યાય શ્રી વિનીતવિજયજી, સેવાભાવી પં. શ્રી રવિવર્ધનવિજયજી, પં. શ્રી જસવિજયજી, પં. શ્રી અમરવિજયજી અને પં. શ્રી રામવિજયજીનાં નામ છે. તો સિદ્ધપુરમાં ઉપસ્થિત મુનિવરોનાં જે નામ છે તેમાં નવ નામ છે. તેમાં મુખ્ય તો પં. શ્રી નયવિજયજી મહારાજ છે. તે સિવાયના નવ મુનિવર છે. ૧. પં. શ્રી જસ-વિજયજીગણી, ૨. પં. શ્રી સત્યવિજયજીગણી, ૩. પં. શ્રી ભીમવિજયજીગણી, ૪. પં. શ્રી હર્ષવિજયજીગણી, ૫. પં. શ્રી હેમવિજયજીગણી, ૬. પં. શ્રી તત્ત્વવિજયજી-ગણી, ૭. પં. શ્રી લક્ષ્મીવિજયજીગણી, ૮. પં. શ્રી વૃદ્ધિવિજયજીગણી, ૯. પં. શ્રી ચન્દ્રવિજયજીગણી. એક વાત તો એ કે તે વખતે પણ સમાનનામધારી મુનિવરો એકથી વધારે હશે. દીવમાં પણ જસવિજયજી નામે મુનિવર છે. વળી આ જે નવ નામ છે તેમાં એક તો ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ છે. બાકીમાં એક જે પં. શ્રી સત્યવિજયજી છે તે ક્રિયોદ્ધારક પં. શ્રી સત્યવિજયજી છે. જે પં. તત્ત્વવિજયજી છે તે, પાટણમાં વિ.સં.૧૭૧૦માં સાત મુનિઓએ સાથે બેસીને नयचक्र ગ્રન્થ લખ્યો તે સાત પૈકીના એક છે. અને આઠમા પં.શ્રી વૃદ્ધિવિજયજી છે તે ધર્મદાસગણીની 'ઉપદેશમાળા' ઉપર જેમનો બાલાવબોધ મળે છે (જે બાલાવબોધ ઉપા. શ્રી યશોવિજયજીએ શોધી આપ્યો હતો) તે છે.

આમાં ઉપા. શ્રી યશોવિજયજી મહારાજના મોટા ભાઈ પં. શ્રી પદ્મવિજયજી મહારાજ નથી. તેથી તેઓ ત્યાં સાથે ન હોય તેમ બનવા જોગ છે, અથવા તે પહેલાં તેઓ સ્વર્ગવાસી પણ થયા હોય. કારણકે ઉપાધ્યાયજી મહારાજના વિ.સં.૧૭૧૦ પછીના ગ્રન્થોની પ્રશસ્તિમાં તેઓના નામનો નિર્દેશ મળતો નથી.

સિદ્ધપુરમાં તે ચોમાસામાં શ્રી ભગવતીજી સૂત્રની વાચના ચાલુ હતી (૪૫).

પત્ર વારંવાર વાંચવો ગમે તેવો છે. જે રીતે લખ્યો છે તે અક્ષરો જોતાં એમ લાગે છે કે સીધેસીધા જ શ્લોકો મન-મગજમાંથી કાગળ ઉપર ઉતાર્યા હોય. તેમાં તેમની પ્રતિભાનાં દર્શન થાય છે. આ પત્ર અહીં પહેલી જ વાર મુદ્રિત થાય છે.

**પત્ર**

ऐं नमः

स्वस्ति श्रियां चारुकुमुद्वतीनां विधुः समुल्लासविधौ जिनेन्द्रः ।
श्री अश्वसेनक्षितिपालवंश-स्वर्गाचलस्वर्गतरुः श्रिये वः ॥ १ ॥
स्वस्ति श्रियं यच्छतु भक्तिभाजामुद्दामकामद्रुमसामयोनिः ।
धर्मद्रुमारामनवाम्बुवाहः सुत्रामसेव्यः प्रभुपार्श्वदेवः ॥ २॥
स्वस्ति श्रियामाश्रयमाश्रयामः स्वनाममंत्रोद्धृतभक्तकष्टम् ।
सुस्पष्टनिष्टंकितविष्टपांतर्विवर्तिभावं जिनमाश्वसेनिम् ॥ ३ ॥
स्वस्ति श्रियां गेहमुदारदेहं मरुन्महेलाभिरखण्डितेहम् ।
अपोज्झितस्नेहमहेयभावं पार्श्वं महेशं व्रतिनां श्रयेऽहम् ॥ ४ ॥
स्वस्ति श्रिये स प्रभुपार्श्वनाथः कृतप्रसर्पद्दुरितप्रमाथः।
यन्नाममंत्रस्मरणप्रभावात् प्रयान्ति सद्यो विलयं भयानि ॥ ५ ॥
प्रसीदतु प्रत्तसमीहितार्थः पार्श्वः सतां ध्वस्तसमस्तपापः ।
नीरंध्रधाराधरनीरधाराविधौतवंध्याचलचारुकान्तिः ॥ ६ ॥
गभस्तिवद्ध्वस्ततमःप्रतानः कल्पद्रुवत् कामितदानदक्षः ।
अमुद्रगाम्भीर्यनिधानमुद्रः समुद्रवत् पार्श्वजिनोऽवताद् वः ॥ ७ ॥
विद्येव मुद्राजनि यस्य चित्रा, मुद्रेव कान्तिः परमा पवित्रा ।
दिग्व्यापिनी कान्तिरिवात्र कीर्तिः,
पार्श्वो जगत् सोऽवतु पुण्यमूर्तिः ॥ ८ ॥
सेवां मुखस्याब्जधिया विधातुं समागतं हंसयुवद्वयं किम् ।
यस्यालसच्चामरयुग्ममुच्चैः पार्श्वः स वः पुण्यनिधिः पुनातु ॥ ९ ॥
स्तवीमि तं पार्श्वजिनं यदीय-पदाग्रजाग्रन्नखरत्नदीपैः ।
स्थातुं रजन्यामपि नावकाशं तमःसमूहो लभते कदापि ॥ १० ॥
पिपर्ति स्फूर्तिमन्मूर्तिः कामं वामासुतः सताम् ।
स्वर्द्रुमा प्रययुर्दूरे यद्वदान्यत्वनिर्जिताः ॥ ११ ॥
धीरा धीराजमानं तं श्रयध्वं पार्श्वमीश्वरम् ।
कुरुते यत् प्रतापस्य नूनं नीराजनां रविः ॥ १२ ॥
पार्श्वो जयति यत्कीर्तेरुच्छिष्टमिव चन्द्रमाः ।
अत एव पतंगस्यापततो याति भक्ष्यताम् ॥ १३ ॥

पार्श्वो -जयति गाम्भीर्यं गृहीतं येन वारिधेः ।
ततः शिष्टानि रत्नानि भीतोऽसौ किमधो दधौ ॥ १४ ॥
श्रिये पार्श्वः स वो यस्य क्षमाभृत्त्वगुणोऽधिकः ।
लक्ष्मव्याजादतः शेषस्तल्लाभाय यमाश्रितः ॥ १५ ॥
मनःसरोवरेऽस्माकं पार्श्वो नीलोत्पलायताम् ॥
यद्धैर्यसख्यतो मेरुरुच्चैर्मूर्द्धनिमादधे ॥ १६ ॥
मच्चित्तनन्दने पार्श्वः कल्पद्रुरिव नन्दतु ।
हतं सप्तजगद्ध्वान्तं यदीयैः सप्तभिः फणैः ॥ १७ ॥
वन्दारुसुरकोटीररत्नांशुस्नपितक्रमः ।
नेदीयसीं जगद्वेदीं कुर्यात् पार्श्वः शिवश्रियम् ॥ १८ ॥
यः करोत्येव पापानां कलावपि बलाद् व्ययम् ।
महानंदाय तं श्रीमत्पार्श्वं वन्दामहे वयम् ॥ १९ ॥
तमीदृशोदारपवित्रचित्र-चरित्रसंत्रासितशत्रुवर्गम् ।
अनर्गलस्वर्गसुखापवर्गनिसर्गसंसर्गसमर्थमाग्रम् ॥ २० ॥
सुरद्रुचिन्तामणिकामकुम्भस्वर्धेनुवर्गादधिकप्रभावम् ।
समुल्लसल्लब्धिसमृद्धिपूर्णं सदा चिदानन्दमयस्वभावम् ॥ २१ ॥
जगदृगाप्यायकक्रान्तिकान्तं संसेवितोपांतममर्त्यवृन्दैः ।
श्री अश्वसेनान्वयपद्महंसं श्रीपार्श्वनाथं प्रणिपत्य मूर्ध्ना ॥ २२ ॥

(देववर्णनम्)

(अथ नगरवर्णनम्)

चिरकालं गुरूपान्ते परिशिक्षितलक्षणः ।
उच्चैर्घोषादिवांभोधिर्लक्ष्यते घर्घरस्वरः ॥१॥ २३ ॥
प्रसह्य जगृहुर्देवाः रत्नान्यब्धेरसौ ततः ।
तद्भिक्षां याचते यत्र विततोर्मिकरः किमु ॥२॥ २४ ॥
दृष्ट्वा क्षुभ्यति यत्राब्धिर्घटप्रतिभटस्तनीः ।
शंकमान इव स्वस्य घटोद्भवपराभवम् ॥३॥ २५ ॥
नार्यो हारेषु रत्नानि दधते चाधरे सुधाम् ।
यद्गतस्वपदं सिंधुः किमित्यावेष्ट्य तिष्ठति ॥४॥ २६ ॥
अब्धिसंगतया शुभ्रभासा स्फटिकवेश्मनाम् ।
सदैव लक्ष्यते यत्र गंगासागरसंगमः ॥५॥ २७॥
अप्येकमिंदुमुद्वीक्ष्य, स्यादब्धेरुत्तरंगता ।
नारीमुखेंदुकोटीभिर्यत्र सा वचनातिगा ॥६॥ २८ ॥

नानेन महता सार्द्धं स्पर्द्धा युक्तेति चिंतयन् ।
यस्मै किमब्धिरागत्य ददौ दुहितरं निजाम् ॥७॥ २९ ॥
यत्र भांति गरीयांसः प्रासादाः पर्वता इव ।
श्रृङ्गाग्रसंचरन्मेघघटाघटितविस्मयाः ॥८॥ ३० ॥
चैत्यस्फटिकभित्तीनां शुभ्रैः प्रसृमरैः करैः ।
वर्धमानेक्ष्यते यत्र तिथिष्वेकैव पूर्णिमा ॥९॥ ३१ ॥
दृष्ट्वा स्वर्णघटान् यत्र चैत्यचूलावलंबिनः ।
मन्यन्ते स्वःस्त्रियो मुग्धाः शतसूर्यं नभस्तलम् ॥१०॥ ३२ ॥
यत् प्रासादोच्चदेशेषु, प्रच्छन्नस्वप्रिया धिया ।
आश्लिष्यन्ति सुराः स्नेहविशालाः शालभंजिकाः ॥११॥ ३३ ॥
भान्ति यत्र स्त्रियः श्रोणीनवलंबितमेखलाः ।
दृष्यन्ते जातु नो दोषा नवलंबित मे खलाः ॥१२॥ ३४ ॥
दधते सुधियो लोका, न यत्रासारसाहसम् ।
कुर्वते द्युसदां वीता, न यत्रासारसाहसम् ॥१३॥ ३५ ॥
यत्र व्ययो दिनस्यासीन्न चैत्यरुचिराजितः ।
यद्वने स्वर्जनो नासीन्नचैत्यरुचिरा जितः ॥१४॥ ३६ ॥
तत्र त्रस्तकुरंगशावकदृशां नेत्रांचलैः पूरित-
स्मेरांभोरुहतो रणत्स्पृहगृहस्वेच्छापरैर्नागरैः ।
शोभाशालिनिसज्जनादृतलसच्छार्दूलविक्रीडित-
क्रीडासज्जकविप्रपंचितगुणे श्रीद्वीपसद्बंदिरे ॥१५॥ ३७ ॥
स्तंभसंरंभभृद्यानपात्रोपममुपाश्रयम् ।
समुद्रव्यवधिं भेत्तुमिवेष्टस्य बिभर्ति यत् ॥१६॥ ३८ ॥
संलक्ष्यंते स्वरेणैव यत्र लोकाः कलिप्रियाः ।
ऋषिस्थानमिदं मुख्यमित्येवाहुर्विशारदाः ॥१७॥ ३९ ॥
स्पर्द्धानुबंधतो यत्र मल्लयुद्धविधित्सया ।
आह्वयंति सुरावासानुत्पताकाकरा गृहाः ॥१८॥ ४० ॥
त्रिलोकीलोकसंत्रासहेरणायेव निर्मिता ।
यत्रचैत्यत्रयी भाति व्यक्तरत्नत्रयीमयी ॥१९॥ ४१ ॥
तस्मात्सिद्धपुरद्रंगाद् रंगासंगोल्लसज्जनात् ।
आनंदकंदलोद्भेदलसत्रोमांचकंचुकः ॥२०॥ ४२ ॥
स्नेहविस्मेरनयनो भक्तिसंभ्रमभासुरः ।
विनयादिगुणव्यासोल्लाससंबंधधुरः ॥२१॥ ४३ ॥
तरणिप्रमितावर्तैरावर्तैरभिवंद्य च ।

विज्ञप्तिं कुरुते व्यक्तां नयविजयः शिशुः ॥२२॥ ४४ ॥
ययाकृत्यमिह प्राच्यशैलचूलावलंबिनि ।
भानौ भगवतीसूत्रस्वाध्यायार्थविवेचने ॥२३॥ ४५ ॥
प्रस्तुताध्ययनग्रंथाध्यापनाद्ये च कर्मणि ।
प्रवर्त्तमाने संप्राप्तं पर्वपर्युषणाभिधम् ॥२४॥ ४६ ॥
तत्रापि पटहोद्घोषैः पापध्वंसपुरस्सरम् ।
दिनेषु पंचसु श्रीमत्कल्पसूत्रस्य वाचनम् ॥२५॥ ४७ ॥
मासार्द्धमासमुख्यानां तपसां पारदर्शनम् ।
षट्द्विषादिकसंख्यानां, महाधीरनिदर्शनम् ॥२६॥ ४८ ॥
साधर्मिकजनानां च वात्सल्यकरणं मिथः ।
दीनानाथादिवर्गस्य, वांछाधिकसमर्पणं ॥२७॥ ४९ ॥
एवमादिस्फुरद्धर्मकृत्यंस्फातिमशिश्रियत् ।
श्रयते च जिनेन्द्राणां श्रीपूज्यानां च भक्तितः ॥२८॥ ५० ॥

(अपरम्)

यः सूत्रसिंधुः शीतांशुरुत्सूत्राम्भोधिकुंभभूः ।
वंदामहे वयं तस्य चरणाम्भोजयामलम् ॥१॥ ५१ ॥
उत्सूत्रांभोनिधौ यस्योपदेशो वडवानलः ।
षट्त्रिंशद्गुण षट्त्रिंशद्गुणाढ्यं तं गुरुं श्रये ॥२॥ ५२ ॥
सूत्रारामसुधावृष्टिर्देशना यस्य पेशला ।
उत्सूत्रांभोधिकल्पांतवातोर्मिस्तं गुरुं श्रये ॥३॥ ५३ ॥
उत्सूत्राब्धिगतां लंकां मिथ्यामतिमुवोष यः ।
गुरुर्दाशरथिः क्लेशपाशच्छेदाय सोऽस्तु वः ॥४॥ ५४ ॥
क्षारं मत्वा वचश्चित्रमुत्सूत्रांभोनिधेः पयः ।
उपेक्षते स्म यः साक्षात् स एव गुरुरस्ति नः ॥५॥ ५५ ॥
नोर्जितं गर्जितं मेने वल्गु वा वीचिवल्गनं ।
उत्सूत्रांभोनिधेर्येन स गुरुर्जगतोऽधिकः ॥६॥ ५६ ॥
यत्सूत्रकुलिशच्छिन्नपक्षाः कुमतपर्वताः ।
उत्सूत्रांभोनिधौ वेतुर्गुरुरिंद्रः स वः श्रिये ॥७॥ ५७ ॥
उत्सूत्राब्धिपतज्जन्तुजाताभ्युद्धरणक्षमा ।
देशना नौरभूद्यस्य तं गुरुं समुपास्महे ॥८॥ ५८ ॥
सिद्धान्तनीतिजाह्नव्यां यो हंस इव खेलति ।
गुरौ दोषा न लक्ष्यन्ते तत्र खे लतिका इव ॥९॥ ५९ ॥

सूत्रस्थितिर्मनो यस्य जांगुलीवाधितिष्ठति ।
पराभवितुमेनं न प्रभवन्ति रिपूरगाः ॥१०॥ ६० ॥
वांतमोहविषस्वांतकांतशान्तरसस्थितिः ।
हताधध्वांतसिद्धांतनीतिभृज्जयताद्गुरुः ॥११॥ ६१ ॥
न्यायारामसुधाकुल्याः कुनीतिविपिनप्लुषः ।
देशना क्लेशनाशाय सद्गुरोर्गुणशालिनः ॥१२॥ ६२ ॥
ब्रह्माण्डभाण्डे तेजोऽग्नितप्ते यस्य यशःपयः ।
उत्फेनायितमेतस्य बुद्बुदास्तारका बभुः ॥१३॥ ६३ ॥
कर्तुं कः शक्नुयाद्यस्योकेशवंशस्य वर्णनं ।
समुद्रवदमुद्रश्रीरगाधः श्रूयते च यः ॥१४॥ ६४ ॥
योऽतिस्वच्छस्य गच्छस्य महापदमशिश्रियत् ।
अदृष्टशुभसंतानप्रथमानमहोभरः ॥१५॥ ६५ ॥
लक्ष्यंते कुशलोदर्का यस्य स्वांतमनोरथाः ।
गिरामपीह संपर्कास्तर्का एव न साक्षिणः ॥१६॥ ६६ ॥
यत्सुदर्शनभृत्ख्याते रसे नानुमिमीमहे ।
कलिपाथोधिमग्नायाः उद्दिधीर्षा भुवो ध्रुवं ॥१७॥ ६७ ॥
रत्नानीव पयोराशेर्वियतस्तारका इव ।
गणनायां समायाति गुणा यस्य न कर्हिचित् ॥१८॥ ६८ ॥
हृदयं ज्ञानगंभीरं वपुर्लावण्यपावनं ।
गर्जितेनोर्जिता वाणी यस्य किं विस्मयाय न ॥१९॥ ६९ ॥
युक्तं युक्तमिदं यस्मिन् ज्ञानाद्वैतावलंबिनि ।
ख्यातिस्फातिमनिर्वाच्यां गाहंते निखिला गुणाः ॥२०॥ ७० ॥
यस्य ध्यानानुरूप्येण ध्येयता विदुषामभूत् ।
व्यक्ता सेयं समापत्तिः पातंजलमताश्रिता ॥२१॥ ७१ ॥
यस्या प्रतिहतेच्छस्य क्षमाकर्तृत्वहेतुतः ।
ईश्वरत्वं न कैरिष्टं यौगवैशेषिकैरिव ॥२२॥ ७२ ॥
यन्मनोवैभवं ब्रूते मीसांसामांसलो न कः ।
स्वतंत्रां प्रकृतिं यस्य सांख्यः को नाभिमन्यते ॥२३॥ ७३ ॥
इत्थं षड्दर्शनारामप्रसरत्कीर्तिसौरभः ।
यः प्रतापप्रथाशाली शोभते स्फारसौरभः ॥२४॥ ७४ ॥
अमूदृशाचार्यसमूहवर्यहर्यक्षचर्याविहितानुवादैः ।
सदाऽवधार्या हृदि सुप्रसादैः श्रीपूज्यपादैः प्रणतिस्त्रिसंध्यं ॥२५॥ ७५ ॥

तथा तत्र

वाचक [१]विनीतविजया, विधृतमहागच्छभारविनियोगाः ।
[२]रविवर्धनाख्यविबुधाः प्रत्यग्रसपर्यया वर्याः ॥१॥ ७६ ॥
[३]जसविजयाख्या विबुधा [४]अमरविजयसंज्ञकास्तथा विबुधाः ।
[५]रामविजयबुधयुगली परेऽपि ये पूज्यपदभाक्ताः ॥२॥ ७७ ॥
साध्वीवर्गश्च मद्प्रमुखः शमरसपदपूतस्वांतः ।
क्रमतः प्रसादनीये नत्यनुनती तेषु सर्वेषु ॥३॥ ७८ ॥

अत्र

[१]जसविजयाख्या विबुधाः [२]सत्यविजयसंज्ञकास्तथा गणयः ।
[३]भीमविजयाख्यगणयो [४]हर्षविजयसंज्ञका गणयः ॥४॥ ७९ ॥
[५]हेमविजयाख्यगणय[६]स्तत्त्वविजयसंज्ञकास्तथा गणयः ।
[७]लक्ष्मीविजया गणयो [८]वृद्धिविजयसंज्ञका गणयः ॥५॥ ८० ॥
[९]चंद्रविजयाख्यगणयः पूज्यपदानुपनमंति भावेन ।
प्रणमति संघोप्यखिलस्तदेतदखिलं हृदि निधेयम् ॥६॥ ८१ ॥
स्खलितमिहाज्ञानभवं होतव्यं ज्ञानपावके दीप्ते ।
ज्ञानाद्वैतनयदृशां प्रतिभात्यखिलं जगद्ज्ञानं ॥७॥ ८२ ॥
ज्ञानक्रियासमुल्लसदनुभवदीपोत्सवाय भवतु सदा ।
श्रीपूज्यचरणभक्त्या लिखितो दीपोत्सवे लेखः ॥८॥ ८३ ॥
हृद्यैस्तात्कालिकैः पद्यैःस्वयं परिणतो ह्ययम् ।
साक्ष्येव केवलं तस्मिन् ज्ञानात्मास्मीति मंगलम् ॥९॥ ८४ ॥

## પૂર્તિ

જયંત કોઠારી

આ પત્રં તે અન્યત્ર 'વિજયપ્રભસૂરિક્ષામણકવિજ્ઞપ્તિપત્ર' તરીકે ઓળખાવાયેલો પત્ર જણાય છે. પત્ર વિજયપ્રભસૂરિને સંબોધાયેલો છે તથા સં.૧૭૧૧માં એ લખાયેલો છે એ હકીકતો અનુમાન-આધારિત છે ને શંકાસ્પદ છે.

પત્ર દિવાળીદિને લખાયો છે, પણ પત્રમાં સંવત નથી. સં.૧૭૧૧નું ચાતુર્માસ સિદ્ધપુરમાં હતું તેથી આ પત્ર એ જ ચાતુર્માસમાં લખાયો હશે એમ નિશ્ચિતપણે ન કહેવાય. સિદ્ધપુરમાં એકથી વધારે ચાતુર્માસ થયાં હશે. 'જ્ઞાનસાર' પણ સિદ્ધપુરમાં દિવાળીદિને પૂરો થયો હતો ને એમાં પણ સંવત નથી, પરંતુ એ વિજયદેવસૂરિના રાજ્યમાં રચાયેલો હોય એમ જણાય છે ને એમાં યશોવિજયજી પોતાને 'ન્યાયવિશારદ' તરીકે ઓળખાવે છે. એટલે સં.૧૭૧૧ના સિદ્ધપુરના ચાતુર્માસમાં રચાયો હોવાની વાત સંગત બને. જોકે 'જ્ઞાનસાર'ના બાલાવબોધની

પ્રશસ્તિમાં યશોવિજયજી પોતાને વાચક તરીકે ઓળખાવે છે. એટલે એ સં.૧૭૧૮ની કે તે પછી રચાયેલો ગણાય. એમાં રચ્યાસ્થળનો નિર્દેશ નથી. પત્રમાં યશોવિજયજી પોતાને 'વાચક' કે 'ગણિ' તરીકે પણ ઓળખાવતા નથી. અન્ય સાધુઓને એ રીતે ઓળખાવ્યા છે. એટલે એ સં.૧૭૧૧થીયે ઘણો વહેલો લખાયો હોવાનો સંભવ નકારી ન શકાય.

વિજયપ્રભસૂરિનું સં.૧૭૧૧નું દીવનું ચાતુર્માસ કેવળ અનુમાન-આધારિત છે, તે ઉપરાંત સં.૧૭૧૧માં રચાયેલ 'દ્રવ્યગુણપર્યાય રાસ'ની પ્રશસ્તિમાં વિજયદેવસૂરિના રાજ્યનો અને સ્વર્ગસ્થ પટ્ટધર વિજયસિંહસૂરિનો ઉલ્લેખ છે, વિજયપ્રભસૂરિનો નહીં. 'જ્ઞાનસાર'માં પણ વિજયપ્રભસૂરિનો ઉલ્લેખ નથી. એટલે પત્ર સં.૧૭૧૧માં લખાયેલો હોય તોયે વિજયપ્રભસૂરિને શ્રીપૂજ્ય કહ્યા હોય એ સંભવિત લાગતું નથી.

વળી, પત્રમાં શ્રીપૂજ્યની સાથેના સાધુઓમાં પહેલું નામ વિનીતવિજયનું છે અને તેમને ગચ્છભાર વહન કરનાર કહ્યા છે. એ વિજયદેવસૂરિના શિષ્ય હતા (જુઓ જૈગૂકવિઓ.). વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ સં.૧૭૧૧માં થઈ ચૂક્યો હતો. તો વિનીતવિજય ગચ્છભારનું વહન કરનાર કેમ હોઈ શકે ? અને એ ગચ્છભાર વહન કરતા હોય ત્યારે વિજયપ્રભસૂરિ શ્રીપૂજ્ય કેમ હોઈ શકે ? એટલે પત્ર વિજયદેવસૂરિને સંબોધાયેલો હોવાની અને સં.૧૭૧૧ પહેલાં લખાયેલો હોવાની સંભાવના ઊભી થાય છે. વિનયવિજયે 'નયકર્ણિકા' દીવબંદરે વિજયદેવસૂરિના શિષ્ય અને પોતાના ગુરુ વિજયસિંહસૂરિના સંતોષ માટે રચેલ છે. તો ત્યારે વિજયદેવસૂરિનું સાન્નિધ્ય હશે ? જોકે એ કૃતિમાં રચનાસંવત નથી.

છેવટે પત્ર કયા વર્ષમાં લખાયો છે અને કોને સંબોધાયેલો છે એ બાબતો અનિર્ણીત રહે છે.

પત્રમાં યશોવિજયજીની સાથેના સાધુઓનાં નામોમાં હેમવિજય, તત્ત્વવિજય અને લક્ષ્મીવિજય એમના શિષ્યો છે. સત્યવિજયગણિ તે ક્રિયોદ્ધારક સત્યવિજય નહીં પણ 'ઉપદેશમાલા બાલાવબોધ'ના કર્તા વૃદ્ધિવિજયના ગુરુ અને યશોવિજયજીના ગુરુબંધુ સંભવે છે. (જુઓ આ ગ્રંથમાં 'ઉપાધ્યાય યશોવિજયનું જીવનવૃત્ત' એ લેખ)

☐

# 'પ્રતિમાશતક'માં પ્રયોજાયેલા પ્રસિદ્ધ અલંકારો (સ્વોપજ્ઞવૃત્તિના સંદર્ભ સાથે)

પારુલ માંકડ

ઉપાધ્યાય યશોવિજયજીએ 'પ્રતિમાશતક' (= પ્ર.શ.) નામનો કાવ્યગ્રંથ લુંપકોને – કુમતિઓને (= મૂર્તિપૂજાના વિરોધીઓને) જૈન સિદ્ધાન્તોનો ખ્યાલ આપવા હિતશિક્ષાર્થે રચેલો છે, જેમાં તીર્થંકરોની પ્રતિમાનું અર્ચનપૂજન કરવાથી પ્રાપ્ત થતી સિદ્ધિની વાત કરવામાં આવી છે. કાવ્યમય રચના હોવાથી અલંકરણોનો પ્રયોગ તેમાં સહજ રીતે જ થયો છે. પ્રસ્તુત આલેખમાં આપણે જૈન સિદ્ધાંતની ચર્ચા ન કરતાં માત્ર કાવ્યશાસ્ત્રીય દૃષ્ટિએ પ્ર.શ.માં નિરૂપાયેલા કેટલાક અલંકારોને મૂલવવાનો પ્રયાસ કરીશું. આ જ શતક ઉપર યશોવિજયજીએ સ્વોપજ્ઞ વૃત્તિ પણ રચી છે જેમાં અમુક-અમુક અલંકારો અન્ય કાવ્યશાસ્ત્રીય ગ્રંથોમાં કઈ રીતે વ્યાખ્યાયિત થયા છે તેની પણ નોંધ લેવામાં આવી છે. આ સિવાય પ્ર.શ. ઉપર ભાવપ્રભસૂરિરચિત લઘુવૃત્તિ[1] પણ મળે છે, પરંતુ ખરેખર તો તે સ્વતંત્ર કૃતિ નથી કારણકે ભાવપ્રભસૂરિએ પ્ર.શ.ની યશોવિજયજીની સ્વોપજ્ઞ 'બૃહદ્-વૃત્તિ'નો જ સંક્ષેપ કર્યો છે. એટલે આપણે યશોવિજયજીની 'બૃહદ્વૃત્તિ'[2]ની જ સહાય લઈશું.

પ્ર.શ.ના મંગલમાં જૈનેશ્વરી મૂર્તિની પ્રશંસા કરતાં કવિ રૂપકાલંકારનો પ્રયોગ કરે છે. જેમકે,

ऐन्द्रश्रेणिनता प्रतापभवनं भव्याङ्गिनेत्रामृतं
सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ।
मूर्तिः स्फूर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्-
मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥

અહીં મોહરૂપી ઉન્માદને કારણે ગાઢ પ્રમાદરૂપી મદિરાથી મત્ત થયેલા અભક્તો દ્વારા તે જોવાતી નથી એમ કહ્યું છે એમાં રૂપકાલંકાર પ્રાપ્ત થાય છે. અહીં મોહ અને ઉન્માદ તથા પ્રમાદ અને મદિરાનું સાદૃશ્ય બન્નેના અભેદસંબન્ધ દ્વારા વર્ણવાયેલું છે.

દ્વિતીય શ્લોકમાં કવિએ ઉત્પ્રેક્ષાલંકારની ચમત્કૃતિ સર્જી છે. જેમકે,

नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं
शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।

तेनाऽर्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वता-
मन्धानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मति ?

અહીં માત્ર પોતાનું જ ધાર્યું કરનારા જે પુરુષો છે તેમની (= લુંપકોની) મતિ જાણે કે દર્પણમાં મુખ જોવાની ઈચ્છા રાખતા અંધપુરુષો જેવી છે એમ કહ્યું છે, તેમાં લુંપકો ઉપમેય છે, અંધપુરુષો ઉપમાન છે, 'इव' સાદૃશ્યવાચક છે. અંધત્વ = અજ્ઞાનાન્ધત્વ સાધારણ ધર્મ છે. સ્વોપજ્ઞ વૃત્તિમાં યશોવિજયજી નોંધે છે કે નિરુક્ત એટલેકે નિરૂપિત વિશેષણોથી યુક્ત લુંપકોમાં વિશિષ્ટ અંધસ્વરૂપની ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે, અથવા જો ઉપમાનને કલ્પિત ગણીએ તો કલ્પિતોપમા અલંકાર પણ સમજી શકાય. તે-તે અલંકારગ્રંથમાં નિપુણ એવા વિદ્વાનોએ ઉત્પ્રેક્ષા અથવા કલ્પિતોપમાન ઉપમા (બન્નેમાંથી કોઈ પણ એક) અલંકાર માનવો જોઈએ. આમ યશોવિજયજીએ બન્ને અલંકારોની શક્યતા સ્વીકારી છે, છતાં અહીં ઉપમાન કલ્પિત જણાતું નથી, ઉક્ત વિશેષણથી વિશિષ્ટ લુંપકમાં – નાસ્તિકમાં કવિએ ઉક્ત વિશેષણથી વિશિષ્ટ એવા અંધની = અંધત્વરૂપની ઉત્પ્રેક્ષા કરી છે. આથી ઉત્પ્રેક્ષાલંકાર વિશેષ યોગ્ય લાગે છે.

પ્ર.શ.ના ત્રીજા શ્લોકમાં પણ કવિએ મનોહર સ્વરૂપોત્પ્રેક્ષા નિર્મી છે :

लुप्तं मोहविषेण किं किमु हतं मिथ्यात्वदम्भोक्तिना
मग्नं किं कुनयावटे किमु मनो लीनं तु दोषाकरे ।
प्रज्ञप्तौ प्रथमं नतां लिपिमपि ब्राह्मीमनालोचयन्,
वन्द्यार्हत्प्रतिमा न साधुभिरिति ब्रूते यदुन्मादवान् ॥

અહીં અર્થ એવો છે કે જેઓ એમ કહે છે કે સાધુઓ અર્હત્‌ની પ્રતિમાને વંદન કરવા યોગ્ય નથી તેઓ મોહને વશ થયા છે ? મિથ્યાત્વરૂપી વજ્રથી શું તેમનું મન હણાઈ ગયું છે ? કુનય = દુર્નયરૂપી કૂવામાં શું ડૂબી ગયું છે કે પછી દોષાકરમાં લીન થયું છે ? અથવા દોષસમૂહથી અભિન્ન એવા દોષાકર = ચન્દ્રમાં લીન થયું છે ? (છાયાશ્લેષથી મન ચન્દ્રમાં પ્રવેશે છે એવો શ્રુતિનો મત છે – એ અનુસાર આમ કહ્યું છે.)

સ્વયં યશોવિજયજીના મત પ્રમાણે અહીં 'लिम्पतीव तमोऽङ्गानि' (જાણે કે અંધકાર અંગોને લીંપે છે) વગેરેમાં લેપનાદિ વડે વ્યાપનાદિની ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે તેમ વિષ ફેલાવાથી (લુંપકના મનની) લુપ્તતા વગેરે વડે લુંપકના મનની મૂઢતાનું અધ્યવસાન થવાથી (= મોહરૂપી વિષથી) લુપ્તતા અને મૂઢતાનું અભેદાધ્યવસાન થવાથી) સ્વરૂપોત્પ્રેક્ષા છે. किम् વગેરે શબ્દો ઉત્પ્રેક્ષાદ્યોતક છે.

ટીકાકાર આગળ મમ્મટની ઉત્પ્રેક્ષાની વ્યાખ્યા ટાંકતાં કહે છે "પ્રકૃતનું સમાન દ્વારા સંભાવન તે થઈ ઉત્પ્રેક્ષા." (કાવ્યપ્રકાશ, ૧૦/૯૧) હેમચન્દ્રાચાર્યના મત મુજબ અસદ્ધર્મના સંભાવનમાં અહીં 'वा' વગેરે વડે ઉત્પ્રેક્ષા છે એટલેકે અહીં મનમાં

હણાવું, ચૂર્ણિત થવું, મગ્ન થવું વગેરે અસદ્ધર્મોની સંભાવના કરવામાં આવી છે એ રીતે અહીં અસદ્ધર્મસંભાવનરૂપ ઉત્પ્રેક્ષા છે. યશોવિજયજીએ સ્પષ્ટ કહ્યું નથી પરંતુ અધ્યવસાન દ્વારા થતી ઉત્પ્રેક્ષા રુય્યકે સ્વીકારી છે એટલે અભેદાધ્યવસાન દ્વારા થતી ઉત્પ્રેક્ષા રુય્યકના મત મુજબ સમજવી જોઈએ. (જુઓ અલંકારસર્વસ્વ, સૂત્ર ૨૧)

પાંચમા શ્લોકમાં યશોવિજયજી અનુસાર કાવ્યલિંગ-અનુપ્રાણિત અતિ-શયોક્તિ છે :

स्वांतं ध्वान्तमयं मुखं विषमयं दृग्धूमधारामयी
तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्तिर्न वा प्रेक्षिता ।
देवैश्चारणपुंगवैः सहृदयैरानंदितैर्वंदिता
ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः ॥

અહીં અર્થ એવો છે કે જેમણે જૈન પ્રતિમાની ઉપાસના કરી નથી તેમનું અંતઃકરણ અંધકારભર્યું છે, કારણકે, હૃદયમાં નમન દ્વારા પ્રયોજાતા પ્રકાશનો અભાવ છે, તેમનું મુખ સ્તુતિરૂપી સૂક્તામૃતના અભાવવાળું હોવાથી તેમાં માત્ર વિષ જ છે, તેમની દૃષ્ટિ ધુમાડાવાળી છે. આ ઉદાહરણમાં 'ધ્વાંત' વગેરે દ્વારા દોષવિશેષો અધ્યવસાન પામે છે એટલે અતિશયોક્તિ અલંકાર થયો છે, અને તે કાવ્યલિંગથી અનુપ્રાણિત છે, કારણકે જેમણે એ મૂર્તિ પ્રેક્ષી નથી તેમની દશા માટે કાવ્યમય કારણો આપવામાં આવ્યાં છે. પરંતુ ઉપાધ્યાયજીએ કહેલો આ અતિશયોક્તિ અલંકાર સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં જે અતિશયોક્તિનું નિગીર્યાધ્ય-વસાનનું સ્વરૂપ છે તે નથી. ભેદમાં અભેદ બતાવવો હોય તોપણ ઉપમાન જ શબ્દતઃ કથિત હોય, ઉપમેયનું તો નિગરણ થઈ ગયું હોય. અહીં નિગરણમૂલક અધ્યવસાન નથી પરંતુ રૂપક છે, જેમાં સ્વાન્ત (= અંતઃકરણ) વગેરે ઉપર અંધકારનો આરોપ કરવામાં આવ્યો છે. આથી યશોવિજયજીએ અતિશયોક્તિ કહી તે ચિંત્ય છે. હા, હેતુનું વાક્ય કે પદાર્થરૂપ હોવું એ કાવ્યલિંગનું લક્ષણ ઘટિત થાય છે.

૮મા શ્લોકમાં મનોરમ ઉપમાલંકાર છે :

ज्ञानं चैत्यपदार्थमाह न पुनर्मूर्तिप्रभोर्योद्विषन्
वंद्यं तत्तदपूर्ववस्तुकलनादृष्टार्थसंचार्यपि ।
धातुप्रत्ययरूढिवाक्यवचनव्याख्यामजानन्नसौ
प्रज्ञावत्सु जडः श्रियं न लभते काको मरालेष्विव ॥

અર્થ એ છે કે જેમ કાગડો હંસ – રાજહંસોની વચ્ચે શોભા પામતો નથી તેમ જે જડ પ્રતિમાપૂજનમાં માનતો નથી તે પ્રજ્ઞાવાનોની મધ્યે શ્રિય એટલે સદુત્તર સ્ફૂર્તિરૂપ સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. આમ, અહીં વસ્તુ-પ્રતિવસ્તુભાવરૂપ

સાધારણધર્મા ઉપમા છે. અહીં જડ – લુંપક ઉપમેય છે. કાગડો ઉપમાન છે, પ્રજ્ઞાવાન ઉપમેય છે, રાજહંસ ઉપમાન છે, इव શબ્દ સાદૃશ્યવાચક છે, શ્રી અને અશ્રી સાધારણધર્મો છે.

યશોવિજયજીના મત પ્રમાણે ૯મો શ્લોક વ્યતિરેકગર્ભિત આક્ષેપથી સમલંકૃત છે :

अर्हच्चैत्यमुनीन्दुनिश्रिततया शक्रासनक्ष्मावधि
प्रज्ञप्तौ भगवान्जगाद चमरस्योत्पातशक्तिं ध्रुवं ।
जैनीं मूर्तिमतो न योऽत्रजिनवज्जानाति जानाति क-
स्तं मर्त्यं बत श्रृंगपुच्छरहितं स्पष्टं पशुं पंडितः ॥

અહીં જિનમૂર્તિને જિનવત્ ગણી હોવાથી અનન્વય નામનો અલંકાર થાય કારણકે જિનમૂર્તિની તુલના સાક્ષાત્ જિન (= તીર્થંકર ભગવાન) સાથે જ થઈ શકે. પરંતુ યશોવિજયજીએ વ્યતિરેક કલ્પ્યો છે. છતાં મૂળ શ્લોકમાં સ્પષ્ટ રીતે ઉપમેયનું અતિશાયિત્વ નથી દર્શાવ્યું. 'વત્'નો પ્રયોગ તુલના સૂચવે છે, એટલે અનન્વય અલંકાર માનવો વિશેષ યોગ્ય લાગે છે.

મનુષ્ય પર પશુનો આક્ષેપ 'આક્ષેપ' અલંકાર નથી. દંડી પ્રમાણે પ્રતિષેધોક્તિ આક્ષેપ છે. (કાવ્યાદર્શ, ૨/૧૨૦) પરંતુ મમ્મટ વગેરે પ્રમાણે સીધો નિષેધ એ આક્ષેપ નથી, નિષેધનો આભાસ એ આક્ષેપ છે. આથી યશોવિજયજીએ અહીં કલ્પેલો આક્ષેપ ચિંત્ય છે. અહીં તો મનુષ્યત્વ પર પશુત્વનો આરોપ છે. યશોવિજયજી મમ્મટનું વ્યતિરેકલક્ષણ ઉદ્ધરે છે અને આની વીગતે ચર્ચા તેમણે 'અલંકારચૂડામણિ' વૃત્તિમાં કરી છે એમ કહે છે. આ અનુપલબ્ધ કૃતિ હેમચન્દ્રના 'કાવ્યાનુશાસન' પરની ટીકા હોવાનો સંભવ છે.

૧૦મા શ્લોકમાં ત્રણ અલંકારોનો સંકર છે :

मूर्तीनां त्रिदशैस्तथा भगवतां सकूथ्नां सदाशातना
त्यागो यत्र विधीयते जगति सा ख्याता सुधर्मासभा ।
इत्यन्वर्थ विचारणापि हरते निद्रां दृशोर्दुर्नय-
ध्वांतच्छेदरविप्रभा जडधियं घूकं विना कस्य न ॥

અહીં સુધર્મા સભા ઘુવડ સિવાય કોની નિદ્રા હરતી નથી ? તે કેવી છે ? તો કહે છે દુર્નયરૂપી અંધકારનો છેદ કરનારી રવિપ્રભા (= સૂર્યપ્રભા) છે. અહીં 'રવિપ્રભા જેવી' એવી વ્યાખ્યા ન કરવી કારણકે, તેના જેવા કાર્યની ઉત્પત્તિ થતી નથી. ટૂંકમાં 'રવિપ્રભા'માં રૂપક જ સમજવું. વળી અહીં વિનોક્તિ, રૂપક અને કાવ્યલિંગ આ ત્રણેય અલંકારો રહેલા છે. વિનોક્તિ એટલે જ્યાં એક વિના બીજું રહી ન શકે (ઘુવડ જેવા જડમતિ સિવાય અંધકાર ન રહી શકે). રૂપક એટલે જ્યાં ઉપમાન અને ઉપમેયનો અભેદ છે અને કાવ્યલિંગ અર્થાત જ્યાં હેતુ વાક્ય કે પદાર્થરૂપ છે.

રવિપ્રભારૂપી પદાર્થ નિદ્રાહરણમાં હેતુરૂપ છે એટલે પદાર્થરૂપ કાવ્યલિંગ જાણવો. રૂપક અહીં કાવ્યલિંગ અને વિનોક્તિનો અનુગ્રાહક છે. આમ અહીં અનુગ્રાહ્ય-અનુગ્રાહકભાવ સંકર છે. અત્રે સ્વોપજ્ઞ વૃત્તિમાં યશોવિજયજીએ મમ્મટનાં અલંકારલક્ષણો ઉદ્ધરીને અલંકારો સમજાવ્યા છે.

૧૬મા શ્લોકમાં પર્યાયોક્ત અલંકાર છે. જેમકે,

> सद्भक्त्यादिगुणान्वितानपि सुरान् सम्यग्दृशो ये ध्रुवं
> मन्यंते स्म विधर्मणो गुरुकुलभ्रष्टा जिनार्चाद्विषः ।
> देवाशातनयाऽनया जिनमतान्मातंगवल्लेभिरे
> स्थानांगप्रतिषिद्धया विहितया ते सर्वतो बाह्यताम् ॥

અહીં જિનપ્રતિમાના પૂજનનો દ્વેષ કરનારા (લુંપકો)નો ચાંડાલની જેમ બહિષ્કાર કરવાનું કહ્યું છે કારણકે તેઓ દેવોની આશાતના કરનારા છે. આશાતનાથી જ તેમને 'કર્મચાંડાલત્વ' પ્રાપ્ત થયું છે એવું ગુણીભૂતવ્યંગ્ય પણ પ્રતીત થાય છે. યશોવિજયજીએ હેમચન્દ્રની પર્યાયોક્તની લક્ષણકારિકા ઉદ્ધરતાં કહ્યું છે કે "વ્યંગ્યની ઉક્તિ તે પર્યાયોક્ત છે" આ હેમવચનથી અહીં પર્યાયોક્ત અલંકાર થયો છે. વળી દેવની આશાતનાને કારણે તેમની (લુંપકોની) બધી બાજુએથી બાહ્યતા (બહિષ્કાર) સમજવી. આ હેતુના ઉત્પ્રેક્ષણને લીધે અહીં ગમ્યોત્પ્રેક્ષા છે એમ જાણવું. આ સિવાય 'वत्' શબ્દના પ્રયોગને કારણે 'मातंगवत् लेभिरे'માં ઉપમાલંકાર પણ છે કારણકે દેવની આશાતના કરનારાઓને કવિએ ચાંડાલની ઉપમા આપી છે. આમ પર્યાયોક્ત, ગમ્યોત્પ્રેક્ષા અને ઉપમા ત્રણેય અલંકારો સ્વીકારવા જોઈએ.

૨૨મા શ્લોકમાં સુંદર પ્રતિવસ્તૂપમા અલંકાર કવિએ યોજ્યો છે :

> ज्ञातैः शल्यविषादिभिर्नु भरतादीनां निषिद्धा यथा
> कामा नो जिनसद्मकारणविधिर्व्यक्तं निषिद्धस्तथा ।
> तीर्थेशानुमते परानुनुमते द्रव्यस्तवे किं ततो
> नेष्टा चेज्ज्वरिणां ततः किमु सिता माधुर्यमुन्मुञ्चति ॥

અહીં એમ કહેવામાં આવ્યું છે કે જેમ સાકર પોતાની મધુરતા છોડતી નથી, ભલે તાવવાળા માટે તે યોગ્ય ન હોય તોપણ તેની સ્વભાવસિદ્ધ મધુરતા તો રહે જ છે તેમ ભગવંતોએ સ્વીકારેલા દ્રવ્યસ્તવનું બીજાઓના દોષથી અસુંદરપણું સિદ્ધ થતું નથી. યશોવિજયજીએ સ્પષ્ટ નથી કર્યું પણ સાકરની મધુરતા અને દ્રવ્યસ્તવ વચ્ચે વસ્તુપ્રતિવસ્તુભાવ રહેલો છે. સાધારણગુણ માધુર્ય અને સૌન્દર્ય છે.

૩૪મા શ્લોકમાં અંતિમ ચરણમાં સમાલંકાર છે :

> सत्तन्त्रोक्तदशत्रिकादिविधौ सूत्रार्थमुद्राक्रिया
> योगेषु प्रणिधानतो व्रतभूतां स्याद् भावयज्ञो ह्ययम् ।

भावापद्विनिवारणाद्बहुगुणे ह्यत्र हिंसामति-
मूढानां महती शिला खलु गले जन्मोदधौ मज्जताम् ॥

અંતિમ ચરણમાં કહ્યું છે કે મૂઢમતિઓ સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા હોય છે, તેમના ગળે મોટો પથ્થર ઉચિત જ છે. ટીકામાં યશોવિજયજી 'કાવ્યપ્રકાશ'કારનું લક્ષણ ટાંકતાં કહે છે કે "યોગ્યતાનો યોગ તે સમ" અલંકાર છે. ડૂબતા પાપીઓ અને તેમના ગળે શિલારોપ એમ યોગ્ય પણ અસદ્ પદાર્થોનો યોગ થયો છે. અહીં બીજા પ્રકારનો સમાલંકાર છે.

૪૪મા શ્લોકમાં અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે એવું સ્વોપજ્ઞ વૃત્તિમાં યશોવિજયજી સ્વયં જણાવે છે :

भ्रान्त ! प्रान्तधिया किमेतदुदितं पूर्वापरानिश्चयात्
येन स्वश्रमकॢप्तचैत्यममता मूढात्मनां लिङ्गिनाम् ।
उन्मार्गस्थिरता न्यषेधि न पुनश्चैत्यस्थितिः सूरिणा
वाग्भङ्गी किमु यद्यपीति न मुखं वक्रं विधत्ते तव ॥

અહીં છેલ્લા ચરણમાં કહ્યું છે કે વાક્યરચનાએ તારું મુખ વાંકું નથી કર્યું શું ? અર્થાત્ કર્યું જ છે. અવ્યાકરણિકને સંબોધીએ અહીં મુખને વાંકું કરવા રૂપી કાર્યનું અભિધાન થયું છે જે દ્વારા પ્રસ્તુતમાં વક્રોક્તિના અભિધાનથી આ અપ્રસ્તુતપ્રશંસા અલંકાર થયો છે. "પ્રસ્તુતાશ્રયવાળી તે અપ્રસ્તુતપ્રશંસા છે" એવું તેનું લક્ષણ છે. જોકે અહીં પર્યાયોક્ત વિશેષ યોગ્ય જણાય છે કારણકે 'મુખ વાંકું થઈ ગયું' એ વ્યંગ્ય છે પણ ઉક્ત થઈ ગયું – કહેવાઈ ગયું છે. આથી પર્યાયોક્ત વિશેષ બંધ બેસે છે.

૬૯મા શ્લોકમાં ઉપમા અને રૂપકની મનોહર સંસૃષ્ટિ રચાઈ છે :

प्राप्या नूनमुपक्रिया प्रतिमया नो कापि पूजा कृता
चैतन्येन विहीनया तत इयं व्यर्थेति मिथ्या मतिः ।
पूजा भावत एव देवमणिवत्सा पूजिता शर्मदे-
त्येतत्तन्मतगर्वपर्वतभिदावज्रं बुधानां वचः ॥

અહીં પ્રતિમાની પૂજા ભાવથી કરી હોય તો તે દેવમણિની જેમ કલ્યાણ કરનારી છે. આથી વિદ્વાનોનું વચન તેમના (= લુંપકના) મતના ગર્વરૂપી પર્વતને છેદવામાં વજ્રરૂપ છે એમ અનુક્રમે ઉપમા અને રૂપકની સંસૃષ્ટિ રચાઈ છે, જે અત્યંત રોચક છે. પૂજા અને દેવમણિ વચ્ચે ઉપમેયોપમાન ભાવ છે, શર્મત્વ સાધારણધર્મ છે, વત્ ઉપમાવાચક છે. રૂપકમાં ગર્વ-પર્વત અને વચન-વજ્રનો અભેદારોપ છે, કઠોરતા સાધારણધર્મ છે. બન્ને તિલતંડુલન્યાયે રહેલા હોવાથી સંસૃષ્ટિ અલંકાર થયો છે.

૭૯મા શ્લોકમાં સુંદર રશનોપમા અલંકાર થયો છે.

उत्फुल्लामिव मालती मधुकरो रेवामिवेभः प्रियां
माकन्दद्रुममञ्जरीमिव पिकः सौन्दर्यभाजं मधौ ।
नन्दच्चन्दनचारुनन्दनवनी भूमिमिवद्योः पति-
स्तीर्थेशप्रतिमां नहि क्षणमपि स्वान्ताद्विमुञ्चाम्यहम् ॥

અહીં એમ કહ્યું છે કે જેમ ભ્રમર ખીલેલી માલતીલતાને, જેમ હાથી સુંદર રેવાનદીને, જેમ કોકિલ વસંતમાં સૌન્દર્યવાળી આમ્રમંજરીને, જેમ ઇન્દ્ર સુંદર ચંદનના વૃક્ષોથી રમણીય બનેલી નન્દનવનની ભૂમિને છોડતો નથી તેમ હું (= કવિ) તીર્થંકરની પ્રતિમાને હૃદયમાંથી એક ક્ષણ પણ છોડીશ નહીં.

આમ, અહીં કંદોરાની કડીઓની જેમ ઉપમા ગૂંથાયેલી છે. આથી રસનોપમા અલંકાર થયો છે.

૧૦૦મા શ્લોકમાં મનોહર સ્વરૂપોત્પ્રેક્ષા છે :

किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु
ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।
इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीक्षिता
किं शब्दातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः ॥

અહીં किम् દ્વારા હેતૂત્પ્રેક્ષા – સ્વરૂપનું ઉત્પ્રેક્ષણ હોવાથી સ્વરૂપોત્પ્રેક્ષા પણ છે. વળી 'किमुत्सवमयी' વગેરેમાં ઉત્સવાદિમાં નવરૂપની ઉત્પ્રેક્ષા છે તેમાં અક્રમદોષ નથી, કારણકે ઉત્પ્રેક્ષામાં ક્રમનું કોઈ નિયંત્રણ નથી. મમ્મટની જેમ અંતે ભગવત્-પ્રતિમાના દર્શનને બ્રહ્માસ્વાદ જેવું દર્શાવવા 'सकलप्रयोजन मौलिभूत' વગેરે શબ્દો પણ ટીકાકારે પ્રયોજ્યા છે.

આમ 'પ્રતિમાશતક'માં યશોવિજયજીએ 'પ્રતિમા'સ્થાપન માટે શાસ્ત્રાર્થ પ્રયોજ્યો હોવા છતાં અનેક શ્લોકો કવિત્વથી ભરપૂર છે અને હળવાં ઉદાહરણોને કાવ્યમય સ્વરૂપ આપીને તર્ક અને કવિતા બન્નેનો સુભગ સમન્વય તેમણે સાધ્યો છે. તેમની સ્વોપજ્ઞ વૃત્તિમાં શ્લોકોનું સ્પષ્ટીકરણ કરતી વખતે મોટે ભાગે તે-તે અલંકારોનો પણ નિર્દેશ કર્યો છે. તેમણે મમ્મટ અને હેમચન્દ્રનાં ઉદ્ધરણો ટાંક્યાં છે. મમ્મટના 'કાવ્યપ્રકાશ' ઉપર તેમણે ટીકા રચી છે, જે હાલ દ્વિતીય અને તૃતીય એમ બે ઉલ્લાસ પર્યંત પ્રાપ્ત થાય છે. પરંતુ અલંકારોના સંદર્ભમાં તેમણે 'પ્રતિમાશતક'ની વૃત્તિમાં અલંકારોનું સ્વનિરૂપણ પણ ક્વચિત્ કર્યું છે તે જોતાં કદાચ 'કાવ્યપ્રકાશ'ના દસમા ઉલ્લાસ સુધી તેમણે ટીકા રચી હોવાનો સંભવ છે. જોકે સંપૂર્ણ ટીકા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપણે કોઈ ચોક્કસ નિર્ણય ન બાંધી શકીએ.

યશોવિજયજીએ મહદંશે સાદૃશ્યમૂલક અલંકારોનો પ્રયોગ કર્યો છે, જેમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અતિશયોક્તિ, દૃષ્ટાંત અને વિનોક્તિ મુખ્ય છે. ઉપમા, રૂપક અને ઉત્પ્રેક્ષાનો 'પ્રતિમાશતક'માં પ્રચુર પ્રયોગ પ્રાપ્ત થાય છે; ખાસ કરીને

પ્રતિમાવિરોધી લુંપકોના મતનું નિરસન કરવામાં હળવા કટાક્ષો કે તીવ્ર કટાક્ષોના યોજનમાં યશોવિજયજીએ ઉપર્યુક્ત અલંકારોનો પ્રયોગ કર્યો છે. એ જ રીતે જિનપ્રતિમાની પ્રશંસામાં અને અંતે ભક્તહૃદયના સમર્પણ દ્વારા જે આર્દ્રભાવોની અભિવ્યક્તિ કરવામાં આવી છે તેને ઉપર્યુક્ત અલંકારો પુરસ્કારે છે.

વૃત્તિમાં અપ્રસ્તુતપ્રશંસા, પર્યાયોક્ત વગેરે અલંકારોનો નિર્દેશ 'કાવ્ય-પ્રકાશ'ની લક્ષણકારિકાઓ સાથે કરવામાં આવ્યો છે. હેમચન્દ્રના 'કાવ્યાનુ-શાસન'માંથી પણ તેઓ લક્ષણો ઉદ્ધરે છે. આગળ નોંધ્યું તેમ 'કાવ્યાનુશાસન' ઉપરની 'અલંકારચૂડામણિ' વૃત્તિ ઉપર પણ તેમણે વૃત્તિ રચી હતી પરંતુ દુર્ભાગ્યે તે અનુપલબ્ધ છે. આનંદવર્ધન અને અભિનવગુપ્તના ગ્રંથોનો પણ યશોવિજયજીએ ઊંડો અભ્યાસ કરેલો છે. 'પ્રતિમાશતક'ની સ્વોપજ્ઞ વૃત્તિમાં તેમણે અલંકાર-નિર્દેશની સાથેસાથે ક્યારેક પૂર્વપક્ષના નિરસનના શ્લોકોમાં અર્થાન્તર- સંક્રમિત-વાચ્ય (૧,૨૪), વ્યંગ્યાર્થ અને શાન્તરસના (૧,૩૦) ઉલ્લેખો કર્યા છે. આ ચર્ચાઓ પૂર્વાચાર્યોના ગ્રંથોને આધારે જ કરી છે. સંભવતઃ તેઓ આનંદવર્ધનના ધ્વનિ-સિદ્ધાન્તને સ્વીકારે છે એટલે અલંકારનિરૂપણ પણ તેમણે શાન્તરસને ઉપકારક થાય એ રીતનું કર્યું છે. પ્રશાંતપ્રતિમાના દર્શનથી થતા આનંદને 'સકલપ્રયોજન-મૌલિભૂત' કહેવામાં મમ્મટના 'કાવ્યપ્રકાશ'ની સ્પષ્ટ છાયા ઝિલાઈ છે. (પ્ર.શ. પૃ.૩૦૦)

અલંકારોના જે પેટાપ્રકારો છે તેનાથી પણ યશોવિજયજી સુમાહિતગાર છે. જેમકે પ્ર.શ.૨માં (પૃ.૩) પ્રતિમાલુંપકોને તેમણે અંધપુરુષો સાથે સરખાવ્યા છે. યશોવિજયજીએ સ્વયં આમાં કલ્પિતોપમા અને ઉત્પ્રેક્ષા બન્ને અલંકારોની સંભાવના દર્શાવી છે. આંધળો જાણે કે દર્પણમાં જુએ તેમ આ કુમતિઓ ધાર્યું જ કરનારા છે. અહીં સંભાવનામૂલક ઉત્પ્રેક્ષા છે અથવા કલ્પિતોપમાન ઉપમા છે પરંતુ કલ્પિતોપમાન ઉપમામાં ઉપમાન સદંતર કલ્પિત હોય છે, તેમાં ઘણી વાર 'यदि'થી આરંભ થાય છે, જ્યારે અહીં લુંપકોમાં અંધપુરુષની ઉત્પ્રેક્ષા સહજ છે. લુંપકો અજ્ઞાનરૂપી અંધકારથી અંધ છે એવું સહજ રીતે ફલિત થઈ શકે છે. જોકે અલંકારશાસ્ત્રના ગ્રંથકારોએ ઔચિત્યપૂર્વક જે યોજ્યું છે તે રીતે નિર્ણય કરવો એવો નમ્ર નિર્દેશ પણ તેમણે કર્યો જ છે.

શ્લોક ૩માં વેદાદિ શાસ્ત્રને આધારે પણ ઉત્પ્રેક્ષા પ્રયોજી છે. જેમકે દોષાકર એટલે ચન્દ્ર. છાયાશ્લેષથી મન ચન્દ્રમાં પ્રવેશે છે એ શ્રુતિમતને આધારે તેમણે સ્વરૂપોત્પ્રેક્ષા રચી છે. 'કાવ્યપ્રકાશ'કારના મત પ્રમાણે આ દ્યોતક ઉત્પ્રેક્ષા છે, જેમાં સંભાવના છે, જ્યારે હેમચન્દ્રના મત પ્રમાણે અહીં અસદ્ધર્મ – જે ધર્મ ઉપમેયમાં હોતો જ નથી તેની સંભાવના 'किम्' દ્વારા કરવામાં આવી છે, તો સ્વયં યશોવિજયજી અહીં 'लिम्पतीव' વગેરેની જેમ વિષ ઉત્પન્ન કરનાર મોહની જેમ 'लुप्त' વગેરે વડે

લુંપકની મનોમૂઢતાનું અધ્યવસાન થયું છે અર્થાત્ મોહરૂપી વિષનો મૂઢતા સાથે અભેદાધ્યવસાય થયો છે તેથી સ્વરૂપોત્પ્રેક્ષા છે એમ કહે છે. આમ, 'સાધ્યવસાના વ્યાપારપ્રધાના' ઉત્પ્રેક્ષા એવો રુય્યકનો મત અહીં યશોવિજયજી સ્વીકારતા જણાય છે. અંતિમ શ્લોકમાં પણ કવિએ હેતૂત્પ્રેક્ષા રચી છે. ઉપમા પછી ઉત્પ્રેક્ષા કવિનો પ્રિય અલંકાર જણાય છે.

શ્લોક ૯ના વ્યતિરેક અલંકારને સમજાવ્યા પછી તેઓ 'કાવ્યપ્રકાશ'નો મત ઉદ્ધરે છે અને પછી નોંધે છે કે વ્યતિરેક માત્ર ઉપમેયના ઉત્કર્ષમાં જ હોય એવું નથી, પરંતુ અપકર્ષમાં પણ હોઈ શકે. વિશેષ ચર્ચા 'અલંકારચૂડામણિ'ની વૃત્તિમાં જોઈ લેવાનું કહે છે. આમ યશોવિજયજી ઉપમેયનો અપકર્ષ પણ સ્વીકારે છે, જે રુય્યક અને જયરથના મતનું અનુસરણ છે. 'અલંકારચૂડામણિ'ની વૃત્તિ અનુપલબ્ધ હોવાથી અહીં આથી વિશેષ પ્રકાશ પાડી શકાતો નથી. (પ્ર.શ.પૃ.૩૦)

આ સિવાય વ્યતિરેક, અસંબન્ધે સંબન્ધમૂલા અતિશયોક્તિ, આક્ષેપ, કાવ્યલિંગ અને સંકર અલંકારોનાં મનોરમ ઉદાહરણો તેમણે રચ્યાં છે. ૧૬મા શ્લોકમાં પર્યાયોક્ત, ગમ્યોત્પ્રેક્ષા અને ઉપમાલંકારની મનોહર સંસૃષ્ટિ રચી છે. પૂર્વપક્ષ (લુંપક)ના મતનું નિરસન કરવા તેમણે ઉત્પ્રેક્ષા, રૂપક, તો કયારેક નિદર્શના અને દૃષ્ટાન્ત પણ પ્રયોજ્યા છે. મોટે ભાગે યશોવિજયજી મમ્મટના મતને અનુસર્યા છે. તેમણે 'કાવ્યાનુશાસન'ને આધારે પણ અલંકારલક્ષણો આપ્યાં છે. છતાં સ્વોપજ્ઞવૃત્તિ જોતાં લાગે છે કે મમ્મટના મત તરફ તેમનો ઝોક વિશેષ છે. જેમકે ૪૪મા શ્લોકમાં વ્યંગ્ય એવું કાર્ય કહેવાયું છે એટલે પર્યાયોક્ત વિશેષ યોગ્ય ગણાય છતાં મમ્મટ પ્રમાણે અહીં અપ્રસ્તુતપ્રશંસા થાય છે અને યશોવિજયજી એને અનુમોદન આપે છે.

૭૯મા શ્લોકનો શાન્તરસને પુરસ્કૃત કરતો રસનોપમાલંકાર ચમત્કૃતિસભર છે.

આમ 'પ્રતિમાશતક'માં યશોવિજયજીનું કવિ તરીકેનું સ્વરૂપ સુપેરે વ્યક્ત થાય છે. આથી નીરસ ગણાતી શાસ્ત્રચર્ચા સરળ અને રસાવહ બની રહી છે.

**પાદટીપ**

૧. પ્રતિમાશતક, ભાવપ્રભસૂરિકૃત લઘુવૃત્તિ સમેત, સંપા. શ્રી વિજયકમલસૂરિ, શ્રી આત્માનન્દ ગ્રન્થરત્નમાલા–૪૨, સં.૧૯૭૧, ભાવનગર (આ કૃતિ સં.૧૭૯૩માં રચાયેલી છે.)

૨. પ્રતિમાશતક, બૃહદ્વૃત્તિ સમેત, સંશો. મુનિશ્રી પ્રતાપવિજય, શ્રી મુક્તિકમલ જૈન મોહનમાલા–૭, વીર સં.૨૪૪૬ (ઈ.સ.૧૯૨૦).

**સંદર્ભગ્રંથો**

૧. શ્રી યશોવિજયસ્મૃતિગ્રંથ, સંપા. શ્રી યશોવિજયજી મહારાજ, શ્રી યશોભારતી પ્રકાશન સમિતિ, વડોદરા, ઈ.સ.૧૯૫૭.

૨. યશોદોહન, હીરાલાલ રસિકદાસ કાપડિયા, યશોભારતી જૈન પ્રકાશન સમિતિ પુષ્પ : ૨. ઈ.સ.૧૯૬૬. મુંબઈ.
૩. પ્રતિમાશતક, સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિ સમેત, મુનિશ્રી પ્રતાપવિજયજી, શ્રી મુક્તિકમલ જૈન મોહનમાલા–૭, ઈ.સ.૧૯૨૦.
૪. કાવ્યાદર્શ, સંપા. ડી.કે. ગુપ્ત, પ્રકા. મેહરચન્દ લછમનદાસ, દિલ્હી, ઈ.સ.૧૯૭૩.
૫. કાવ્યપ્રકાશ, ઝળકીકરની બાલબોધિની સાથે, સંપા. રઘુનાથ કરમારકર, ભાંડારકર ઓરિયન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, ઈ.સ.૧૯૬૫.
૬. અલંકારસર્વસ્વ, સંજીવની ટીકા સાથે, સંપા. ડૉ. રામચન્દ્ર દ્વિવેદી, પ્રકા. મોતીલાલ બનારસીદાસ, વારાણસી, ઈ.સ.૧૯૭૭.
૭. પ્રતિમાશતક, અનુવાદક વકીલ મૂલચંદ નાથુભાઈ, પ્રકા. નિર્ણયસાગર, મુંબઈ, સંવત ૧૯૫૮ (?)

**નોંધ :** આ કાર્ય દરમ્યાન જૈન દર્શનના પારિભાષિક શબ્દોની સમજૂતી અને યથાર્થ માર્ગદર્શન આપવા બદલ હું પં. રૂપેન્દ્રકુમાર પગારિયાનો આભાર માનું છું.

☐

भवान् भानुर्भूत्वा हृदयकमलं स्मेरयतु मे
द्विरेफः पर्याप्तं तदनु वसतिं तत्र कुरुतात् ।
सुधांशुः सन्नस्मिन् किरणनिकरैर्वर्षतु ततो
न याचे त्वामन्यत् किमपि भगवन् भक्त्यधिकृतेः ॥

*હે ભગવન્ ! સૂર્ય બનીને આ દાસના હૃદયકમલને વિકસાવો અને પછી ભ્રમર બનીને તેમાં વાસ કરો. પછી ચંદ્ર બનીને તમારી શીતલ કરુણાનાં કિરણો એ કમલ ઉપર વરસાવો. હે ભગવાન્, તમારી ભક્તિના અધિકાર સિવાય બીજું કશું હું તમારી પાસે માગતો નથી.*

**ઉપાધ્યાય યશોવિજય**
('શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર')

# 'અમૃતવેલની સજ્ઝાય'માં સાધનાપદ્ધતિઓનું આલેખન

પંડિત યશોવિજયગણિ

નકશા વિના મોટા શહેરની ગલીકૂંચીમાં માર્ગ ગોત્યો જડે નહીં. સ્નેહીનું ઘર મળે નહીં.

સાધનાક્ષેત્રે પણ નવાસવા સાધકને આ મૂંઝવણ ઘણી વાર થતી હોય છે : પોતાની ચાલુ ભૂમિકાથી આગળ શરૂઆત કેમ કરવી અને ક્યાંય અટવાઈ ન જવાય તેમ લગાતાર શી રીતે આગળ ધપ્યા કરવું. સાધનાપથનો નકશો હોય તો સારું એમ લાગ્યા કરે.

'ચેતન ! જ્ઞાન અજવાળીએ...'ના મધુરા આમંત્રણથી શરૂ થતી 'અમૃતવેલ-ની સજ્ઝાય' સાધકો માટે માર્ગદર્શિકાની ગરજ સારે તેવી આસ્વાદ્ય, નાનકડી, ગેય કૃતિ છે. ગાતા જાવ ને આગળ વધતા જાવ ! મધુર કંઠે, ભાવવાહી રીતે કોઈ સાધક પ્રસ્તુત સ્વાધ્યાયની ઓગણત્રીસ કડીઓ ગાતો હોય તો શ્રોતાઓય તેના રસપ્રવાહમાં સાથેસાથે વહ્યા કરે તેવી સરસતા પ્રસ્તુત કૃતિમાં છે.

'પંચસૂત્રક' ગ્રન્થના પ્રથમ સૂત્રને નજર સામે રાખી બનાવવામાં આવેલ ગણાતી આ કૃતિ માત્ર અવતરણ ન બની રહેતાં સુન્દરતર મૌલિક રચના બની ઊઠી છે, તે મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજાની કલમનો ચમત્કાર છે.

જોકે, સૌથી વધુ મહત્ત્વની બાબત તો એ જ છે કે આ કૃતિ ગાગરમાં સાગરની જેમ સાધનામાર્ગને સચોટતાથી, એકદમ સંક્ષેપમાં મૂકી જાય છે.

ફોલ્ડેડ નકશાની જેમ 'અમૃતવેલની સજ્ઝાય'ને જોઈએ તો ફોલ્ડ્સ આ રીતે ખૂલશે : પહેલી કડીમાં આત્મગુણના અનુભાવનનું આમંત્રણ છે. આ અનુભાવન પહેલાં હૃદયમાં જે મધુમય ઝંકાર ઊપડે છે તેની નોંધ બીજી અને ત્રીજી કડી આપે છે. સાધનાની પૃષ્ઠભૂનું મધુર આલેખન.

ચોથીથી ૨૩મી કડી અનુભાવનના માર્ગનું વિશદ વર્ણન આપે છે. ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનાની સાધનાનું રસ ઝરતું બયાન ઉપર્યુક્ત કડીઓમાં છે.

સાધનાપદ્ધતિનું બીજી વાર વર્ણન કરતા પહેલાં ૨૪મી અને ૨૫મી કડી સાધક તરફ કેમેરા ફેરવે છે. આત્મદર્શનની મધુરી વાતો આ બે કડીઓમાં છે.

૨૬થી ૨૮મી કડીમાં ફરી સાધનામાર્ગના માર્મિક પક્ષનું ઉદ્ઘાટન થયું છે. હિતશિક્ષા સાથે ૨૯મી કડીએ કૃતિ પૂરી થાય છે.

સાધનામાર્ગનું વર્ણન બે વાર થયું છે : ચોથીથી શરૂ કરીને ૨૩મી કડી સુધી; ૨૬થી ૨૮મી કડી સુધી. પહેલી વખતે ચતુઃશરણગમન આદિ ત્રણ તત્ત્વોની વાત છે, બીજી વખતે સ્વાધ્યાય, નિર્મોહતા આદિ આઠ સોપાન બતાવાયાં છે.

ચાલો કડીઓને ગાતાંગાતાં આ ફોલ્ડેડ નકશાએ ચીંધેલા રાહ પર ચાલીએ :

**પહેલી કડી**

ચેતન ! જ્ઞાન અજવાળીએ, ટાળીએ મોહસંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજગુણ આપ રે.

મઝાનું નિમંત્રણ છે આત્મગુણના અનુભાવનનું : 'પાળીએ સહજગુણ આપ રે.' કેવો અનેરો આનંદ આવે – જ્ઞાન કે અસંગતા જેવા ગુણોના અનુભાવનનો !

અનુભાવન. ડૂબી જવાનું. Feel કરવાનું. પછી સ્વાધ્યાયમાં વંચાતાં મહર્ષિઓનાં વચનો, પ્રવચનો કે સંગોષ્ઠીઓમાં ટાંકવા માટેનાં જ નહીં, અંદરની દુનિયામાં પ્રવેશ કરાવનારાં બની રહેશે. આનંદની છાકમછોળ ઊડી રહે.

ચાલો, આમંત્રણ તો મઝાનું છે. પણ એ સમારોહમાં પ્રવેશવા માટેનું આમંત્રણપત્ર ક્યાં ?

ચિત્તસ્થૈર્યની કેડીએ ચલાય તો જ પેલા સમારોહમાં ઉપસ્થિત રહી શકાય. એ કડી તરફ જ આનંદલોકનું દ્વાર ખુલ્લું હોય છે. 'ચિત્ત ડમડોલતું વાળીએ.' ચિત્તનું ડામાડોળપણું જાય અને તે સ્થિર બને તો આત્મગુણોનું અનુભાવન થઈ શકે. આત્મગુણોની અને આપણી વચ્ચે જે પડદો છે તેને ચીરી નાખવાનો છે. સંત કબીર માર્મિક રીતે કહે છે : 'ઘૂંઘટ કા પટ ખોલ રે, તોહિ પિયા મિલેંગે...' ચિત્તની ડામાડોળ અવસ્થા જ પડદો છે.

તો, ચિત્તની બહિર્મુખી સફરને અન્તર્મુખી બનાવી શકાય તો જ જ્ઞાનાદિ ગુણોનું અનુભાવન થાય.

તમે પૂછશો : પણ આખરે ચિત્ત બહાર જ કાં દોડ્યા કરે ?

ચિત્તની આ દોડનું કારણ છે પદાર્થો અને વ્યક્તિઓ પરનો મોહ. મનગમતા પદાર્થોને જોતાં જ ચિત્તનું ત્યાં અનુસંધાન થાય છે. એ પદાર્થો પર પોતાનું સ્વામિત્વ સ્થાપવા માટેના પ્રયાસોની લાંબી હારમાળા શરૂ થાય છે. એકએક પદાર્થને જુએ અને ચાહે યા ધિક્કારે એવું આ ચિત્ત. એને સ્થિર બનાવવા અમોહ લાવવો પડે. તમે વસ્તુને માત્ર જુઓ જ. નિર્ભેળ દર્શન, આકર્ષણ નહીં.

વાત તો ઠીક છે. પણ જન્મોથી ઘર કરી બેઠેલા મોહના ચોરને કઈ લાકડીએ હાંકી કાઢવો ? 'ચેતન ! જ્ઞાન અજવાળીએ.' જ્ઞાનનો ઉજાસ અંદર જતાં જ મોહ ભાગશે. પ્રકાશમાં રહેવાનું ચોરને પાલવે નહીં.

જ્ઞાન, અમોહ, ચિત્તસ્થૈર્ય – આત્મગુણોનું અનુભાવન. કેટલો મઝાનો ક્રમ !

શાસ્ત્રીય વચનોના અનુપ્રેક્ષણાત્મક જ્ઞાનથી મોહ હટે. મોહ ઓછો થતાં ચિત્તનું ડામાડોળપણું – અસ્થૈર્ય દૂર થાય. ને ત્યારે જ્ઞાનાદિ ગુણોનું અનુભાવન

થાય. અનુપ્રેક્ષાથી પ્રારંભાઈ અનુભૂતિમાં વિરમતી આ યાત્રા કેવી તો સુખદ છે !

**બીજી અને ત્રીજી કડી : મધુમય ઝંકાર**

ઉપશમઅમૃતરસ પીજીયે, કીજીયે સાધુગુણગાન રે;
અધમવયણે નવિ ખીજીયે, દીજીએ સજ્જનને માન રે...
ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીયે વયણ મુખ સાચ રે;
સમકિતરત્ન રુચિ જોડીયે, છોડીયે કુમતિ-મતિ-કાચ રે...

સાધનાના ક્ષેત્રે કદમ ઉપાડતાં પહેલાં હૃદયે જોઈશે મધુમય ઝંકાર. બીજી અને ત્રીજી કડી આ ઝંકારની વાતો લઈ આવી રહી છે.

ઉપરના બે દુહામાં વર્ણવેલ આઠ હિતશિક્ષાઓનું પાલન આપણને સમતા, સાધુપુરુષો પ્રત્યેનું સન્માન, સત્યભાષણ અને સમકિત જેવી સંપદાઓની ભેટ આપે છે.

'ઉપશમ અમૃત રસ પીજીએ', 'અધમ વયણે નવિ ખીજીયે' અને 'ક્રોધ અનુબંધ નવિ રાખીએ' આ ત્રણ હિતવચનોના પાલનથી સમતા પુષ્ટ બને છે. 'કીજીયે સાધુગુણગાન રે' અને 'દીજીયે સજ્જનને માન રે' પંક્તિઓ સાધુપુરુષોની ભક્તિ કરવા પ્રેરે છે. 'ભાખીએ વયણ મુખ સાચ રે' કડી સત્ય ભાષણ માટે ઉદ્‌બોધન આપે છે. 'સમકિતરત્ન રુચિ જોડીએ' અને 'છોડીયે કુમતિ-મતિ-કાચ રે' આ બે હિતવચન મિથ્યા દૃષ્ટિ છોડી સમ્યક્‌ત્વપ્રાપ્તિ માટે પ્રેરણા આપે છે.

આઠે હિતશિક્ષાઓનું પાલન કેવો ઝંકાર ખડો કરે છે ?

ચિત્તમાં સમત્વ વ્યાપી જાય ત્યારે અનાદિની રાગ અને દ્વેષની ગાંઠો થોડી ઢીલી પડવાથી ચિત્ત રસથી છલકાતું બને છે. 'શ્રીપાળ રાસ'માં ગ્રન્થકારે કહ્યું છે તેમ સરસતાને ગ્રન્થિમુક્તતા – નિર્ગ્રન્થતા જોડે પૂરો સંબંધ છે. (પ્રેમ તણી પેરે શીખો સાધો, જોઈ શેલડી સાંઠો; જિહાં ગાંઠ તિહાં રસ નવિ દીસે, જિહાં રસ તિહાં નવિ ગાંઠો રે...)

હવે મહાપુરુષોનાં ગુણગાન કરવાનું મન થાય છે. ફૂફાડા મારતો અહમ્‌નો ફણિધર હવે હેઠો બેઠો છે. અહમ્‌ની શિથિલતાને જ કારણે કોઈ કદાચ જેમતેમ બોલી જાય છે તો મન પર કશું આવતું નથી. એવી સામાન્ય વ્યક્તિત્વોની વાતોને કુદાવી જઈએ છીએ. (અધમવયણે નવિ ખીજીએ.) હા, સત્પુરુષોની વાતો પર, તેમના હિતોપદેશ પર પૂરતું ધ્યાન અપાય છે.

નિર્ગ્રન્થતા એટલી હદે વિકસવી જોઈએ કે વાતેવાતે ગાંઠો મારતા હતા તે ભૂતકાળની ઘટના બની જાય. 'ક્રોધ અનુબંધ નવિ રાખીએ.' અનુબંધ ન રહે. ક્રોધ તાત્કાલિક આવી જાય, પણ એ ઘણો સમય ટકનારો ન બને. ગાંઠ મહાગાંઠ ન પડતાં સૈડકાના પ્રકારની ગાંઠ જ પડે, જે પલકવારમાં છૂટી જાય.

ક્રોધનો અનુબંધ ન રહે, તેનું સાતત્ય ન રહે એનું કારણ ઉપશમરસનું કરાયેલું પાન છે. અસત્ય બોલવા આદિનાં દૂષણો પણ જઈ રહ્યાં છે.

ગ્રન્થિઓ બધી ઓગળી રહી છે. નિર્ગ્રન્થતા વિકસી રહી છે. મિથ્યાત્વની ગ્રન્થિ જતાં, એ મોતિયાનું ઓપરેશન થતાં દૃષ્ટિ ઝળાંહળાં થઈ ગઈ છે. 'સમકિતરત્ન' સાથેની આત્મીયતા – સમીપતાએ મિથ્યાત્વના કાચની અસલી ભૂમિકા છતી કરી દીધી છે.

આ ઝંકાર – ભીતરી રણત્કારની પૃષ્ઠભૂ ઉપર સાધક સાધનાને પંથે પળે છે. આગળની કડીઓ એ સાધનાપથનું માર્મિક વર્ણન લઈ આવી રહી છે.

**કડી ૪થી ૮॥ : ચતુઃશરણગમન**

શુદ્ધ પરિણામના કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે...
જે સમવસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે,
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત જેમ મેહ રે...
શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે...
સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂળ-ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા, ભાવ નિર્ગ્રન્થ રે...
શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે;
જે સુખ હેતુ જિનવર કહ્યો, પાપજળ તરવા નાવ રે...
ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે...

ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદના, સાધનાનો રાજપથ. ઉપશમ-અમૃતનાં પાન અને સાધુજનોનાં ગુણગાન વડે જેના હૈયે મધુર ઝંકાર ઊપડ્યો છે તે સાધનામાર્ગ ભણી ઢળે છે.

શરણ સ્વીકાર આદિની ત્રિપુટી દ્વારા મોક્ષ મળે છે. જનમજનમથી વિષયો ને કષાયો ને કર્મોનાં બન્ધનમાં ફસાયેલ આતમ મુક્તિપંથે પ્રયાણ કરવા હવે પાંખો વીંઝે છે.

પવિત્ર પંચસૂત્રક ગ્રન્થ કહે છે તેમ આ ત્રિપુટી દ્વારા સંસારનાશનો ક્રમ આ પ્રમાણે છે : ત્રિપુટીની સાધના તથા ભવ્યત્વનો પરિપાક, પાપકર્મનો નાશ, શુદ્ધ ધર્મની પ્રાપ્તિ, સંસારનાશ.

'અમૃતવેલની સજ્ઝાય'માં ચતુઃશરણગમન આદિ દરેક દ્વારા પ્રાપ્ત થતા અલગઅલગ ગુણની ચર્ચા છે.

ચતુઃશરણસ્વીકાર દ્વારા શુભ ભાવ પ્રાપ્તિ.[1]
દુષ્કૃતગર્હા દ્વારા સંવરની વૃદ્ધિ.[2]
સુકૃતઅનુમોદના દ્વારા કર્મક્ષય.[3]

શરણસ્વીકારની સાથે પરમાત્માના અનુગ્રહક્ષેત્રમાં અને ધર્મમહાસત્તાના પ્રભાવક્ષેત્રમાં આવેલ સાધકના હૈયામાં શુભ ભાવોનો પ્રવાહ ઊછળવા માંડે છે.

પાપોની નિન્દા દ્વારાં કર્મોને આવવાનાં દ્વારો બંધ થાય છે. સુકૃત અનુમોદના દ્વારા જૂનાં કર્મો નિર્જરી જાય છે. કેવી સુન્દર આ ત્રિપુટી ! મોહથી કલુષિત ચિત્તને નિર્મોહ બનાવવા માટેનો આ કેવો સરસ સાધનાક્રમ !

અદ્‌ભુત છે શરણસ્વીકાર.

અહમ્‌નું વિગલન સાધકને શરણાગતિને પંથે લઈ જાય છે.

'શુદ્ધ પરિણામના કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે...'

જગતના સ્વામી અને જગતના મિત્ર અરિહંત પરમાત્માનું શરણ સાધક સ્વીકારે છે. સાધકની મનની આંખો સમક્ષ સમવસરણ ખડું થઈ જાય છે. સમવસરણમાં પરમાત્મા સિંહાસન પર બેઠા છે. દેશનાની રમ્ય ઝડી વરસી રહી છે. વચ્ચેવચ્ચે પુછાતા પ્રશ્નોનો પણ મધુરતાથી પરમાત્મા ઉત્તર આપી રહ્યા છે.

સમ્મેતશિખરની યાત્રાએ જઈ રહેલા એક મુમુક્ષુને મેં કહેલું : ઋજુવાલિકા નદીના કાંઠે કલાક-બે કલાક જો ધ્યાનમાં સરી શકાય તો અઢી હજાર વરસોનો સમય કંઈ મોટો નથી. 'કૈવલ્યપ્રાપ્તિ પછી દેવાધિદેવ મહાવીર પ્રભુના પ્રથમ સમવસરણની ધ્યાન દ્વારા મળેલ એ ઝલક ખરેખર અદ્‌ભુત હોય.

બીજું શરણ સિદ્ધ પરમાત્માનું. જેમણે તમામ કર્મોનો ક્ષય કર્યો અને શિવનગરીનું રાજ હાથવગું કર્યું. એક સિદ્ધ પરમાત્મા સિદ્ધિમાં ગયેલા ત્યારે આપણે અનાદિ નિગોદમાંથી નીકળી બહાર આવેલા. આપણી વિકાસયાત્રા જેમની સિદ્ધિ દ્વારા શરૂ થઈ તે પરમાત્માના ચરણોમાં અનંતશઃ વન્દના.

ત્રીજું શરણ સાધુ મહારાજનું. ભાવનિર્ગ્રન્થનું. મુક્તિમાર્ગની આરાધના કરતા, મહાવ્રતોના ધારક, ઉત્તર ગુણો (ચરણ સિત્તરિ કરણ સિત્તરિ આદિ)ના પાલક મુનિરાજના ચરણોમાં વન્દના.

ચોથું શરણ ધર્મનું. દયાથી સોહતો આ ધર્મ સુખના હેતુરૂપ છે અને આ ધર્મ જ સંસારના સાગરને પેલે પાર જવા માટે નાવડી સમાન છે.

**કડી ૮ાથી ૧૪ાા : દુષ્કૃતગર્હા**

દુરિત સવિ આપણા નિંદીયે, જેમ હોય સંવરવૃદ્ધિ રે...
ઇહભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણા, નિન્દીયે તેહ ગુણઘાત રે...
ગુરુ તણાં વચન તે અવગણી, ગૂંથિયાં આપ-મતજાળ રે;
બહુ પરે લોકને ભોળવ્યા, નિંદીયે તેહ જંજાળ રે...
જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે,
જેહ પરધન હરી હરખિયા, કીધલો કામઉન્માદ રે...
જેહ ધનધાન્ય મૂર્છા કરી, સેવિયા ચાર કષાય રે,
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કિયો કલહ ઉપાય રે...
જૂઠ જે આળ પરને દીયા, જે કર્યાં પિશુનતા પાપ રે;

રતિ અરતિ નિંદ માયા મૃષા, વળીય મિથ્યાત્વ સંતાપ રે...
પાપ જે એહવા સેવિયા, તેહ નિંદીયે તિહું કાળ રે...

સાધક પોતાનાં પાપોની નિન્દા કરે છે. બહુ માર્મિક પંક્તિઓ છે આ દુષ્કૃતગર્હાની. સાધક એ કડીઓ રટતો જાય છે ને રડતો જાય છે. આંસુજળથી ભીના મુખકમલથી ઉચ્ચારાતી આ કડીઓ ધસમસતા આવી રહેલા કર્મના પૂરને ખાળવા માટે સમર્થ છે.

તીર્થંકર પરમાત્માની અને ગુરુદેવની અશાતનાથી લઈને હિંસા આદિ અઢાર પાપસ્થાનકો પૈકીના કોઈ પણ પાપને પોતે આચર્યું હોય તો તેને સાધક નિન્દે છે.

**કડી ૧૪થી ૨૩ : સુકૃતઅનુમોદના**

સુકૃતઅનુમોદના કીજિયે, જિમ હોય કર્મ વિસરાલ રે...
વિશ્વઉપકાર જે જિન કરે, સાર જિનનામસંયોગ રે;
તે ગુણ તાસ અનુમોદિયે, પુણ્યઅનુબંધ શુભ યોગ રે...
સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સીંચવા મેહ રે...
જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્રસજ્ઝાય પરિણામ રે;
સાધુના જે વળી સાધુતા, મૂળ-ઉત્તર ગુણધામ રે...
જેહ વિરતિ-દેશ શ્રાવક તણી, જે સમકિત સદાચાર રે;
સમકિતદૃષ્ટિ સુર નર તણો, તેહ અનુમોદિયે સાર રે...
અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે,
સર્વ તે ચિત અનુમોદીએ, સમકિતબીજ નિરધાર રે...
પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે...
થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણ રે...
ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નયભાવના, પાવનાશય તણું ઠામ રે...

બહુ સરસ છે બાવીસમી કડી. આખીય 'અમૃતવેલની સજ્ઝાય' અદ્‌ભુત છે. પણ કોઈ કહે કે, ઓગણત્રીસ કડી યાદ રહે તેમ નથી; કોઈ બેચાર 'ઉત્કૃષ્ટ' કડી બતાવો, તો બાવીસમી કડી કંઠસ્થ કરવાનું સૂચવવાનું મન થાય.

'થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ મન આણ રે; દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણ રે...' આપણી દૃષ્ટિને અનુમોદનાનો ઝોક આપવા માટે આ કડીનું વારંવારનું રટણ જરૂરી છે.

સુકૃતની અનુમોદના. 'જિમ હોય કર્મ વિસરાલ રે...' કલ્યાણમંદિર સ્તોત્રનું પેલું રૂપક યાદ આવી જાય છે : 'ગોસ્વામિનિ સ્ફુરિતચેતસિ દૃષ્ટમાત્રે...' ચોરો

ગાયોના ધણને લઈ જઈ રહ્યા છે. ભરવાડને ખબર પડે છે અને તે ડંગોરો લઈ દોડતો પાછળ પડે છે. તેની હાક અને તેનું રૌદ્ર સ્વરૂપ જોઈ ચોરો ધણ મૂકી 'ગચ્છન્તિ' કરી જાય છે.

અરિહન્તોના આર્હન્ત્યની અનુમોદના કરતી વખતે થાય કે પરમાત્માના પ્રભાવથી મારાં કર્મો વિલીન થઈ રહ્યાં છે. સિદ્ધોના સિદ્ધત્વની, આચાર્ય મહારાજના આચારની, ઉપાધ્યાયજીના અધ્યાપનની અને મુનિરાજના મહાવ્રતપાલનની આપણે અનુમોદના કરીએ અને તે-તે ગુણો ઉત્કટ રીતે આપણામાં કઈ રીતે આવે એનું ચિન્તન કરીએ.

શ્રાવકોના દેશવિરતિ ધર્મની અને સમકિતના સદાચારની જ નહીં, જ્યાંજ્યાં કોઈનામાં પણ પાપભીરુતા, કરુણા આદિ દેખાય ત્યાંત્યાં તેના તે-તે ગુણની અનુમોદના કરવાની છે.

આ અનુમોદના આપણા હૃદયને વિશુદ્ધ બનાવે છે.

**કડી ૨૪–૨૫**

> દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
> અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન-આનંદ-સ્વરૂપ રે...
> કર્મથી કલ્પના ઊપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
> રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે...

ત્રિપુટી સાધનાથી મોહ પાતળો પડ્યો. નિર્મોહિતા આવવાથી આત્મગુણોનું અનુભાવન શક્ય બન્યું. 'હું' કોણ અને 'મારું' શુંની તાત્ત્વિક ભૂમિકા પ્રાપ્ત થઈ.

આ ભૂમિકા ભણી ઈશારો કરતાં મહોપાધ્યાયજી કહે છે : તું કોણ છે એ જાણ. તું શરીર નથી, તું મન નથી, તું શબ્દો નથી, તું પુદ્ગલ પરમાણુઓનો સંચય નથી, તું કર્મ દ્વારા ચાલિત પૂતળું નથી, તું એ બધાથી ઉપર છે. ચોવીસમી કડીનો પૂર્વાર્ધ 'નેતિ-નેતિ'ની ઔપનિષદિક ભાષામાં આત્મસ્વરૂપ દર્શાવે છે. ઉત્તરાર્ધ હકારાત્મક ભાષામાં એ વાત રજૂ કરે છે. 'અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન-આનંદ-સ્વરૂપ રે.' આત્માનું આ જ્ઞાનમય અને આનંદમય સ્વરૂપ છે તે કદી ક્ષીણ ન પામે તેવું અને બિલકુલ ડાઘ વગરનું છે.

પ્રશ્ન એ થશે કે, ભીતર આવો આનંદનો ઉદધિ ઊછળી રહ્યો છે તો મનુષ્ય ચપટી આનંદ માટે વલખાં કાં મારી રહ્યો છે ?

મહોપાધ્યાયજી કહે છે : સંકલ્પો ને વિકલ્પોના પવનના કારણે તરંગાયિત બનેલ ચિત્તસમુદ્રમાં આત્મિક આનંદની ઝાંય પડી શકતી નથી. પવન મોજાંને હિલોળે ચડાવી રહ્યો હોય તો દરિયાના પાણીની આરપાર નજર જઈ શકે નહીં. હા, દૃષ્ટિને વેધક ને સ્થિર બનાવીએ તો આભાસ પામી શકાય. ચિત્તસ્થૈર્ય આ રીતે પડદો ઉઠાવે છે.

'રૂપે પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે.' દૃષ્ટિ પેલા તરંગોને

વીંધીને ભીતર પહોંચે એવું કંઈક કરવું છે. એક વાર આત્મગુણોના અનુભાવનનો રસાસ્વાદ લીધા પછી વારંવાર એ અનુભવ દોહરાવવાનું મન થશે.

**કડી ૨૬થી ૨૮ : શ્રેણિબદ્ધ સાધનાસોપાન**

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોર રે;
જ્ઞાનરુચિ-વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે...
રાગવિષ-દોષ ઉતારતાં, ઝારતાં દ્વેષરસ શેષ રે,
પૂર્વ મુનિવચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે...
દેખિયે માર્ગ શિવનગરીના, જે ઉદાસીન પરિણામ રે,
તેહ અણછોડતાં ચાલિયે, પામીયે જેમ પરમધામ રે...

એ રસાસ્વાદ કઈ રીતે મળે ? આ માટે એકી સાથે ખૂબખૂબ કામ કરવાનું છે. ચિત્તવૃત્તિઓને નિયન્ત્રિત કરવા માટે એને ખૂબ બધું home-work સોંપી દીધું છે મહોપાધ્યાયજીએ.

આઠ સોપાનો છે અહીં.

ધર્મધ્યાનમાં ગરકાવ થવું ને મોહને દબાવવો, સ્વાધ્યાયરુચિતાને વિસ્તારવી ને કર્મના આક્રમણને ખાળવું, રાગ અને દ્વેષ રૂપી ઝેર ઉતારવું, પૂર્વમહર્ષિઓનાં વચનોને વારંવાર સમરવાં અને કર્મોના ક્ષય તરફ આગળ વધવું.

સાધનાનો આ બીજો તબક્કો શરણગમન આદિ દ્વારા મળેલ ગુણપ્રાપ્તિને સ્થાયીભાવ આપે છે. પાપોની નિંદાય કરી અને સુકૃતની અનુમોદનાય કરી; હવે એનું સાતત્ય ચાલુ રહે એ માટે ધર્મધારણા અને સ્વાધ્યાય. મોહને વારવા માટેનો અને રાગદ્વેષરૂપી ઝેરને ઉતારવાનો ઉપદેશ સમતાગુણને ટકાવી રાખવા માટે છે.

સમતાનું સાતત્ય પહેલેથી રાખવાનું છે. બીજી અને ત્રીજી કડીમાં પ્રબોધેલ આઠ સોપાનોમાં પણ સમત્વપુષ્ટિની વાત છે.

આગળ મેં કહ્યું હતું કે બીજી અને ત્રીજી કડી સાધકના જીવનમાં એક મધુમય ઝંકાર રેડવા માટે છે. આ વાતના અનુસંધાનમાં કહી શકાય કે ૨૬થી ૨૮મી કડી પેલા ઝંકારને કાયમી કેમ કેદ કરી શકાય તે વાત સૂચવવા આવી છે. ત્રિપુટીની મધ્યવર્તી સાધનાનાં આઠઆઠ સોપાનમય પ્રારંભિક અને અન્ત્ય બિન્દુઓ.

અથવા તો સાધનાને જ ત્રિપથગામિની ગંગા તરીકે કલ્પી શકીએ. બીજી અને ત્રીજી કડી : પ્રથમ ફાંટો, ચોથીથી ૨૩મી કડી સુધી બીજો ફાંટો અને ૨૬મીથી ૨૮મી કડી સુધી સાધનાનો ત્રીજો ફાંટો. ગંગા, જમના ને સરસ્વતીનો આ કેવો મધુર સંગમ !

ઉદાસીનતાના આ સંગમમાં સ્નાન કરનારનો પરિભ્રમણનો થાક દૂર થઈ જાય છે. ઉદાસીન – ઊંચે ચઢેલો. સાધનાની ઊંચાઈએ ચડ્યા પછી હવે 'પરમ-ધામ' સામે જ દેખાય છે.

કડી ૨૯મી : ઉપસંહાર

શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી જેહ અમૃતવેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગરેલ રે...

આનંદની રંગરેલ માટેનું આ મધુમય આમંત્રણ, મહોપાધ્યાયજીનું આમંત્રણ. તે ન સ્વીકારીએ તો ચાલે કેમ ?

ભક્તિયોગમાં ઊતરવા માટે મહોપાધ્યાયજીની ચોવીશી, સાધનાક્ષેત્રે આગળ વધવા માટે પ્રસ્તુત 'અમૃતવેલની સજ્ઝાય' અને દ્રવ્યાનુયોગના ચિંતન માટે 'દ્રવ્યગુણપર્યાયનો રાસ'. કેવળ ગુજરાતી ભાષા જાણનારાઓ માટે પણ મહોપાધ્યયાયજીએ કેવો મોટો ખજાનો ખોલી દીધો છે !

મહોપાધ્યાયજી, વન્દન તમને !

પાદટીપ

૧. શુદ્ધ પરિણામના કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે...
૨. દુરિત સવિ આપણાં નિંદિયે, જિમ હોય સંવરવૃદ્ધિ રે...
૩. સુકૃતઅનુમોદના કીજિયે, જિમ હોય કર્મ વિસરાલ રે...

□

ममतान्धो हि यन्नास्ति तत्पश्यति न पश्यति ।
जात्यन्धस्तु यदस्त्येतद् भेद इत्यनयोर्महान् ॥
જન્માન્ધ જન તો માત્ર, છતી વસ્તુ ન દેખતો.
મમત્વે અન્ધ તો કિન્તુ, જે નથી તેય દેખતો.

**ઉપાધ્યાય યશોવિજય**
('અધ્યાત્મસારપ્રકરણ')
**અનુ. પં. શીલચન્દ્રવિજયગણી**

# 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' : એક નોંધ

દલસુખ માલવણિયા

શ્રી શ્રેયસ્કર મંડળ, મહેસાણા દ્વારા ઉપા. યશોવિજયજીકૃત 'દ્રવ્યગુણ-પર્યાયનો રાસ' તેના ટબા સાથે ઈ.૧૯૩૮માં પ્રકાશિત થયેલ છે. તેમાં વિસ્તૃત વિષયાનુક્રમ ઉપરાંત અંતમાં તેના 'છૂટા બોલ' પણ છાપવામાં આવ્યા છે. આ કૃતિ જૂની ગુજરાતી ભાષામાં લખાઈ છે.

સંસ્કૃતમાં લખાયેલ 'દ્રવ્યાનુયોગતર્કણા' નામનો ગ્રન્થ છે. આના કર્તા ભોજ સાગર છે. ભોજ સાગરે યશોવિજયજીના 'દ્રવ્યગુણપર્યાયરાસ'નો આધાર લઈને આની રચના કરી છે.

'દ્રવ્યગુણપર્યાયનો રાસ' એ ગ્રન્થ ઘણા ભાગે ગુજરાતીમાં તે સૈકામાં લખાયેલ એક માત્ર દાર્શનિક ગ્રન્થ હોવાનો સંભવ છે. આમ ગુજરાતી ભાષામાં લખાયેલ દાર્શનિક સાહિત્યમાં આનું મહત્ત્વનું સ્થાન છે.

આ ગ્રન્થની જૂનામાં જૂની હસ્તપ્રત સં.૧૭૨૯ (ઈ.૧૬૭૩)માં લખાયેલી મળે છે. એટલે એ પૂર્વે ક્યારેક તેની રચના ઉપાધ્યાય યશોવિજયજીએ કરી હશે એમ માની શકાય. ઉપાધ્યાય યશોવિજયજીકૃત 'જંબૂસ્વામીનો રાસ' સં.૧૭૩૯માં રચાયો છે એટલે 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' એ પૂર્વે જ રચાયો છે એમાં શંકા નથી.

જૂના કાળથી ચાલી આવતી ચર્ચા જ્ઞાન ચડે કે ક્રિયા – એ ચર્ચા એમના કાળમાં પણ શમી ન હતી. એટલું જ નહીં પણ કેટલાક જ્ઞાનની સર્વથા ઉપેક્ષા જ કરતા હતા. તેમાં સ્થાનકવાસી સંપ્રદાય પણ એક હતો. એટલે ગ્રન્થના પ્રારંભમાં શાસ્ત્રનાં અવતરણો આપીને ઉપાધ્યાયજીએ સિદ્ધ કર્યું છે કે જ્ઞાન વિનાની ક્રિયા નિષ્ફળ છે અને આચારમાં પણ અપવાદ કરવા પડે તો તેમ કરીને પણ જ્ઞાનની આરાધના કરવી જોઈએ એમ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન ઉપાધ્યાયજીએ કર્યો છે.

આ ગ્રંથનું નિર્માણ કરવામાં ઉપાધ્યાયજીએ અનેક ગ્રન્થોનાં અવતરણોનો ઉપયોગ કરેલ છે. તેથી તેમની બહુશ્રુતતા સિદ્ધ થાય છે અને તેથી જ કહી શકાય કે ભગવાન મહાવીરથી માંડીને ઈસાની સત્તરમી સદી સુધીમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વિશે ભારતીય દર્શનોમાં જે વિચારણા થઈ હશે તેનું પરીક્ષણ આમાં છે. અને છેવટે તે બાબતમાં જૈન દર્શનની માન્યતાની સ્થાપના ઉપાધ્યાયજી જેવા બહુશ્રુત વિદ્વાન કરે એ પણ અપેક્ષિત છે જ. ગ્રન્થનું પારાયણ કરતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે આમાં ઉપાધ્યાયજીએ એ અપેક્ષાને ન્યાય આપ્યો જ છે.

ભારતીય દર્શનોમાં ભેદવાદ અને અભેદવાદના વ્યવસ્થાપકો થયા છે અને એ વાદોની પરાકાષ્ઠા થયા પછી જ જૈન દર્શને વાદવિવાદમાં પ્રવેશ કર્યો છે એટલે સ્વાભાવિક છે કે તે દર્શનમાં વિરોધી વાદોના સમન્વયને સ્થાન મળે તેથી જ જૈનોના ભેદાભેદવાદ છે. આમ જૈન દર્શન સમન્વયવાદી હોઈ તે અનેકાન્તવાદી દર્શન તરીકે પ્રતિષ્ઠિત થયું છે.

અન્ય દર્શનોએ પદાર્થ વિશે વિચાર કર્યો છે તેમાં વેદાંતના અદ્વૈતદર્શનમાં એકમાત્ર બ્રહ્મપદાર્થનું અસ્તિત્વ માન્યું છે. બાકી બધો તેનો જ પ્રપંચ છે અને તે તેનાથી ભિન્ન નથી – આમ અભેદવાદનું પ્રાધાન્ય તેમાં છે. એ સિવાયના દાર્શનિકોએ પદાર્થની સંખ્યા એકાધિક માની છે. એ બધાનો ભેદભાવ એટલા માટે છે કે એકાધિક પદાર્થો એકબીજાથી સર્વથા ભિન્ન છે. એવી સૌની માન્યતા સ્થિર થયેલી છે. આ બન્ને વાદોનો સમન્વય કરી જૈનોએ ભેદાભેદવાદની સ્થાપના કરી છે.

પ્રસ્તુત ગ્રન્થમાં એવી સ્થાપના છે કે જગતમાં પદાર્થ બે જ છે – દ્રવ્ય અને પર્યાય. ગુણ એ પર્યાય જ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય – આમ ત્રણ પદાર્થ માનનારા જૈનોમાં પણ થયા છે, પરંતુ ઉપાધ્યાયજીએ એ મત સ્વીકાર્યો નથી પણ ગુણ અને પર્યાયની એકતા માની છે. આમ બે જ મૂળ પદાર્થો જૈનોને માન્ય છે એમ ઉપાધ્યાયજીની સ્થાપના છે.

વૈશેષિક અને નૈયાયિકોએ પદાર્થની લાંબી યાદી આપી હતી તેમાં તેમણે પણ દ્રવ્ય અને ગુણનો સ્વીકાર કર્યો જ છે. ભેદ એ છે કે તેમણે ગુણ અને દ્રવ્યનો આત્યંત ભેદ માની તેમને જોડનાર એક અન્ય પદાર્થ સમવાય નામના સંબંધનો સ્વીકાર કર્યો છે; જ્યારે જૈનોએ તેમને જણાવ્યું કે સમવાય નામના સંબંધને કારણે જ બે પદાર્થો જોડાતા હોય તો એ ત્રીજા પદાર્થ સમવાયને પણ દ્રવ્ય-ગુણ સાથે જોડનાર અન્ય પદાર્થ કલ્પવા જતાં અનવસ્થા થશે માટે દ્રવ્ય અને ગુણનું તાદાત્મ્ય = અભેદ માનવો જોઈએ. એ બન્ને અભિન્ન છતાં લક્ષણભેદને કારણે અનુભવને આધારે તેમને ભિન્ન માની શકાય. અનુભવ એવો છે કે ગુણના ગ્રહણ માટે કોઈ એક જ ઇન્દ્રિય કામે લાગે છે, જ્યારે દ્રવ્યગ્રહણ એકાધિક ઇન્દ્રિયો વડે થઈ શકે છે. આમ બન્ને અભિન્ન છતાં તેમને ભિન્ન માનવામાં આપત્તિ નથી.

ગુણને પર્યાય એટલા માટે કહેવામાં આવે છે કે ગુણ સદૈવ પરિવર્તનશીલ છે. તેનું અસ્તિત્વ દ્રવ્ય સાથે સદૈવ છે જ પણ તે નવાનવા રૂપે તેમાં રહે છે, એક રૂપે નહીં. આથી તેને પર્યાય સંજ્ઞા દીધી છે.

અહીં એક બીજી ચર્ચા પણ શરૂ થાય છે કે પર્યાય જે નવાનવા રૂપે આવે છે તે કાર્ય હોઈ તેને સત્કાર્ય – એટલેકે વિદ્યમાન એવું કાર્ય માનવું કે અસત્કાર્ય એટલેકે સર્વથા વિદ્યમાન ન હોય છતાં નવું જ ઉત્પન્ન થાય છે, એમ માનવું. અહીં પણ બે પક્ષો છે. નૈયાયિકો કાર્યને અસત્કાર્ય માને છે જ્યારે સાંખ્યો અને બીજા અભેદવાદીઓ સત્કાર્ય માને છે. અહીં પણ જૈનોને મતે કાર્ય સત્-અસત્ બન્ને છે. તે

ગુણ રૂપે સદૈવ સત્ છે જ. વળી દ્રવ્યના અભેદને કારણે પણ સત્ છે જ. તે કાર્ય અવ્યક્ત હતું તે માત્ર હવે વ્યક્ત રૂપે પ્રકટ થયું છે તેથી તે સત્ અને અને અસત્ બંને છે. અવ્યક્ત રૂપે હતું જ માટે સત્ અને વ્યક્ત ન હતું માટે અસત્ – આમ બે વિરોધી મતોનો સમન્વય કાર્ય પરત્વે પણ જૈનોએ કર્યો છે તે અહીં રાસમાં પણ ઉપાધ્યાયજીએ સ્પષ્ટ કર્યું છે.

દ્રવ્યનું વ્યાવર્તક લક્ષણ તેનો ગુણ જ બને છે તેથી ગુણને દ્રવ્યથી સર્વથા ભિન્ન માની શકાય નહીં કારણ તે તેનો સ્વભાવ છે. અને સ્વભાવને ભિન્ન માનવા જતાં તે વ્યાવર્તક બની શકશે નહીં. છતાં પણ ભિન્ન એટલા માટે માનવો ઘટે કે દ્રવ્ય ધ્રુવ છે જ્યારે ગુણ પરિવર્તનશીલ છે. આમ દ્રવ્ય અને ગુણનો ભેદાભેદ ઉપાધ્યાયયજીએ સિદ્ધ કર્યો છે.

નૈયાયિકોએ સામાન્ય અને વિશેષ નામે સ્વતંત્ર પદાર્થો સ્વીકાર્યા છે. તે બાબતમાં ઉપાધ્યાયજીએ સ્પષ્ટ કર્યું છે કે દ્રવ્ય એ જ સામાન્ય છે અને પર્યાય એ વિશેષ છે. તેથી તેમને ભિન્ન માનવાની જરૂર નથી.

મુખ્ય રૂપે આ ચર્ચા પછી સપ્તભંગી અને નયોની ચર્ચા વિસ્તારથી દ્રવ્યગુણના સંદર્ભમાં કરવામાં આવી છે, અને ગ્રન્થને પૂર્ણ કરવામાં આવ્યો છે. અંતના પદ્યમાં **જશ** એવું નિર્દિષ્ટ હોઈ તે નિશ્ચિત રૂપે યશોવિજયજીની કૃતિ છે –

> જે દિનદિન એમ ભાવએ દ્રવ્યાદિ વિચાર
> તે લેશે **જશ** સંપદા સુખ સઘળા સાર. (૧૪.૧૯)

☐

> जागर्ति ज्ञानदृष्टिश्चेत्, तृष्णाकृष्णाहिजाङ्गुली ।
> पूर्णानन्दस्य तत् किं स्यात्, दैन्यवृश्चिकवेदना ॥

*તૃષ્ણારૂપી કાળોતરા નાગનું ઝેર ઉતારનાર જ્ઞાનદૃષ્ટિ જો જાગે તો એ પૂર્ણાનંદમય પુરુષને દૈન્યરૂપી વીંછીની વેદના શાની હોય ?*

**ઉપાધ્યાય યશોવિજય**

('જ્ઞાનસાર')

## 'શ્રીપાલ રાજાનો રાસ'

ગુલાબ દેઢિયા

ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજે રાંદેર ગામમાં સંઘની વિનંતીથી સંવત ૧૭૩૮માં આ રાસનો આરંભ કર્યો હતો. પરંતુ ગ્રંથ પૂર્ણ થાય તે પહેલાં જ ત્રીજા ખંડની પાંચમી ઢાળની અમુક ગાથાઓ રચીને, વિનયવિજયજી મહારાજે સ્વર્ગ-ગમન કર્યું. એમણે કુલ સાડાસાતસો ગાથાઓ રચી હતી. આ અધૂરી કૃતિને ઉપાધ્યાય યશોવિજયજીએ પાંચસો એકાવન જેટલી ગાથાઓ રચીને પૂર્ણ કરી.

પ્રજાપાલ રાજા સુરસુંદરીને અરિદમન સાથે પરણાવે છે. મયણાસુંદરીએ કર્મના સર્વોપરિપણાની વાત કરી તો રાજા એને ઉંબર રાણા જોડે પરણાવે છે.

કોઢિયાઓનું વર્ણન વિનયવિજયજીએ જુગુપ્સાજનક રીતે કર્યું છે :

> એક મુખે માખી બણબણે રે, એક મુખે પડતી લાળ,
> એક તણે ચાંદા ચગચગે રે, એક શિર નાઠા વાળ.

તો બીજી જગ્યાએ લખે છે કે, બળેલા ઘણા બાવળ વચ્ચે જેમ દાઝેલો આંબો હોય તેમ ઉંબર રાણો કોઢિયાઓ વચ્ચે દેખાય છે.

તો એમનો તિરસ્કાર કરતા લોકોનું દૃશ્ય કેવું છે ?

> ઢોર ધસે, કૂતર ભસે રે, ધિક્‌ધિક્ કહે મુખ વાચ,
> જન પૂછે તુમે કોણ છો રે, ભૂત કે પ્રેત પિશાચ.

મયણાનાં લગ્ન ઉંબર રાણા સાથે થાય છે, એ અનુચિત કાર્ય જોઈ, કવિ કહે છે,

> અનુચિત દેખી આથમ્યો રવિ, પ્રગટી તવ રાત.

તો અચલ શીલવતી મયણાને જોવા રવિ ઉદયાચલે ચડ્યો છે, એટલેકે સવાર પડી. આમ રાત અને સવાર પડ્યાનાં કારણો બતાવવામાં કવિકર્મનો વિશેષ જોવા મળે છે.

શ્રીપાલ એવું નામ ભૂઆ (બુઆ) ફોઈએ પાડ્યું એમ કવિ લખે છે. બુઆ જેવો શબ્દ કે, અરબી ભાષાનો કસીદો = જરીનું ભરતકામ શબ્દ કવિને સહજ છે. સુંદર પોશાક માટે 'અવલવેષ' શબ્દ પણ પ્રયોજે છે.

બાળક શ્રીપાળને લઈ વનમાં દોડતી માતા કમળપ્રભા વિશે કવિ લખે છે :

> ઉજડે અબલા રડવડે રે, રયણી ઘોર અંધાર,
> ચરણે ખૂંચે કાંકરા રે, વહે લોહીની ધાર.

વનવર્ણન કરતાં લખે છે :

ઘૂ ઘૂ ઘૂ ઘૂઅડ કરે રે, વાનર પાડે હીક,
ખલખલ પર્વતથી પડે રે, નદી નિઝરણાં નીક.

બાણાસુરના લશ્કર સામે અનિરુદ્ધ એકલો લડ્યો હતો તેમ શ્રીપાળ ધવળ શેઠના સૈન્ય સામે એકલો લડે છે.

ધવળ શેઠ જિનપ્રાસાદ ન જતાં પોતાની હાલત બતાવે છે :

અમને જમવાનો નહીં, ઘડી એક પરવાર.
સીરામણું વાળું જિમણ, કરીએ એક જ વાર.

કવિ વિનયવિજયજીએ સરળ ભાષામાં જ રાસ આગળ વધાર્યો છે, કથા જ ચાલે છે.

યશોવિજયજીએ પોતાને પ્રિય તત્ત્વજ્ઞાનનો વિષય નવપદજીનો મહિમા ગાતાં ભરપટ્ટે ખીલવ્યો છે. ગાથાએગાથાએ નવીનવી ઉપમાઓ અને અવનવા પ્રાસો પ્રયોજ્યાં છે.

ચાર પુત્ર ઉપર પુત્રી છે તો તે માટે ઉપાધ્યાયજી મહારાજે કેવી ઉપમા આપી છે ?

તેહને સુત ચારની ઉપરે, ત્રૈલોક્યસુંદરી નામ રે,
પુત્રી છે વેદની ઉપરે, ઉપનિષદ યથા અભિરામ રે.

ત્રૈલોક્યસુંદરીને ઘડતાં પહેલાં બ્રહ્માએ શું કર્યું હતું ?

રંભાદિક જે રમણી કરી, તે તો એહ ઘડવા કરલેખ રે,

રંભા વગરે અપ્સરાઓને તો ત્રૈલોક્યસુંદરી ઘડતાં પહેલાં હાથ બેસાડવા – પ્રેક્ટિસ માટે - સેમ્પલ તરીકે ઘડી હતી !

કૂબડાનું અંગવર્ણન વિનયવિજયજી મહારાજે આઠ પંક્તિઓમાં કર્યું છે, જ્યારે યશોવિજયજી મહારાજે બે જ પંક્તિમાં એ જ વાત વધુ અસરકારક રીતે કરી છે કે, 'કૂબડાના દાંત ગધેડા જેવા છે, નાક નાનું છે, હોઠ લાંબા છે અને પીઠનો ભાગ ઊંચો છે, આંખો પીળી છે. અને વાળ કાબરચિતરા છે.' આ વર્ણન વધુ તાદૃશ છે.

કુંવરીનું વર્ણન કરતાં લખે છે :

ઈણી અવસરેં નરપતિ કુંવરી, વર અંબર શિબિકારૂઢ રે,
જાણીએ ચમકતી વીજળી, ગિરિ ઉપર જલધર ગૂઢ રે.

સુંદર વસ્ત્રો ધારણ કરી, પાલખીમાં બેસી કુંવરી આવે છે, તે ડુંગર પર વાદળ વચ્ચે ચમકતી ગૂઢ વીજળી જેવી લાગે છે.

ત્રૈલોક્યસુંદરી કૂબડાને શ્રીપાળરાજાના મૂળ રૂપમાં જુએ છે, તેને ઉપાધ્યાયજી મહારાજ યોગની વાત સાથે સરખાવે છે : 'જેમ અનુભવયોગી પુરુષ વિભાવદશામાં હોવા છતાં સ્વભાવદશાના સ્વરૂપને જુએ છે તેમ સુંદરીએ શ્રીપાળને મૂળ સ્વરૂપમાં જોયો.'

શૃંગારસુંદરીનું વર્ણન કરતાં કવિ લખે છે :

પલ્લવ અધર હસિત સિતફૂલ, અંગ ચંગ કૂચફલ બહુમૂલ,
જંગમ તે છે મોહનવેલી, ચાલતી ચાલ જિસી ગજગેલી.

પર્ણ સરીખા હોઠ, શ્વેત પુષ્પ જેવા દાંત, સુંદર શરીર અને અતિ કિંમતી ફળ જેવા સ્તન છે. તે હાલતીચાલતી મોહન-વેલડી છે. એની ચાલ ગજ જેવી છે.

તિલકસુંદરી વિશે આમ કહ્યું છે : તિલકસુંદરીના ઘડનાર બ્રહ્મા નહીં પણ કામદેવ છે. એણે બધી ઉપમાઓ જીતી લીધી છે. બ્રહ્મા શ્રુતિજડ થઈ ગયા છે તેથી હવે બધી રચનાઓ એકસરખી કરે છે. કવિ નૂર સહિત માટે 'સનૂર' શબ્દ પ્રયોજે છે.

ચોથા ખંડના આરંભે શ્રોતા કેવો હોવો જોઈએ તે કવિએ દર્શાવ્યું છે :

જાણજ શ્રોતા આગલેં, વક્તા કલા પ્રમાણ,
તે આગેં ઘન શું કરે, જે મગસેલ પાષાણ.

જાણતલ શ્રોતા આગળ વક્તાની હોશિયારી – કલાનું પ્રમાણ છે, સાર્થક છે. મગસેલિયા પથ્થર પર મેઘ શું કરી શકે ?

એક સરસ દોહરો પણ મૂક્યો છે :

દર્પણ અંધા આગલે, બહિલા આગલ ગીત,
મૂરખ આગેં રસકથા, ત્રણે એક જ રીત.
તે માટે સજ થઈ સુણો, શ્રોતા દીજે કાન,
બૂઝે તેહને રીઝવું, લક્ષ ન ભૂલે ગ્યાન.

માટે હે શ્રોતાજનો ! કાન દઈ સાંભળો, જે મારા કથનને સમજી શક તેને હું રીઝવી શકુ છું, આનંદિત કરી શકુ છું. જ્ઞાની પોતાનું લક્ષ્ય ભૂલતો નથી.

ચંપાનગરીના અજિતસેન રાજા અને શ્રીપાલ વચ્ચે કવિ સરખામણી કરે છે :

કિહાં સરસવ કિહાં મેરૂ ગિરિંદ, કિહાં તારા કિહાં શારદ ચંદ,
કિહાં ખદ્યોત કિહાં દિનાનાથ, કિહાં સાર કિહાં છિલ્લર પાથ.
કિહાં પંચાયણ કિહાં મૃગબાળ, કિહાં ઠીકર કિહાં સોવનથાલ,
કિહાં કોદ્રવ કિહાં કૂર કપૂર, કિહાં કુકશ ને કિહાં ઘૃતપુર.
કિહાં શૂન્ય વાડી કિહાં આરામ, કિહાં અન્યાયી કિહાં નૃપ રામ,
કિહાં વાઘ ને કિહાં વલી છાગ, કિહાં દયાધરમ કિહાં વલી યાગ.

ક્યાં શૂન્ય વાડી અને ક્યાં ઉદ્યાન ? ક્યાં અન્યાયી રાવણ અને ક્યાં રામ રાજા ? ક્યાં વાઘ અને ક્યાં બોકડો ? ક્યાં દયાધર્મ અને ક્યાં હિંસાપૂર્ણ યજ્ઞ ?

અડધી પંક્તિમાં જ યશોવિજયજી કેવી મોટી વાત કરી દે છે ! અજિતસેન શ્રીપાલના દૂતને કહે છે, 'ખડ્ગની પૃથિવી, વિદ્યાનું દાન.' બળવાળાની પૃથ્વી છે અને વિદ્યાનું દાન શ્રેષ્ઠ છે. નજીક માટે 'અવિદૂર' શબ્દ યોજે છે.

સ્ત્રી યુદ્ધમાં જતા પોતાના પતિને કહે છે, 'તું મારાં નેત્રબાણ સહન નથી કરી શકતો તો તલવાર-ભાલાના ઘા કેમ સહન કરી શકીશ ?'

તો બીજી સ્ત્રી કહે છે. 'મારો મોહ ન રાખશો. તમને તો અધરરસને અને

અમૃતરસમાંથી એક તો સુલભ થશે જ.'

યુદ્ધભૂમિને વર્ષાઋતુ સાથે કવિએ ખૂબીપૂર્વક સરખાવી છે :

નીર જિંમ તીર વરસે તદા યોધ ઘન, સંચરે બગ પરેં ધવલ નેજા.
ગાજ દલસાજ ઋતુ આઈ પાઉસ તણી, વીર જેમ કુંત ચમકે સતેજા.

મેઘ જેવાં કાળાં વસ્ત્રો ધારણ કરેલા યોદ્ધાઓ નીરની જેમ તીર વરસાવી રહ્યા છે. બગલાની સફેદ પાંખોની જેમ ધજાઓ લહેરાઈ રહી છે. વર્ષાઋતુની જેમ સૈન્ય ગર્જના કરી રહ્યું છે. વીજળીની જેમ ભાલા ચમકી રહ્યા છે.

બ્રહ્માંડ રૂપી વાસણના ટુકડા કર્યા હોય એવા ગોળા તોપમાંથી છૂટે છે. યમરાજાના લાલચોળ ડોળા જેવા એ દેખાય છે.

ઝડઝમકવાળી પંક્તિ જુઓ, પ્રાસાનુસારા કેવા છે !

મધરસ સદ્ય અનવદ્ય કવિ પદ્યભર, બંદિજન બિરુદથી અધિક રસિયા,
ખોજ અરિ ફોજની મોજ ધરિ નવિ કરે, ચમકભર ધમક દઈ માંહિ ધસિયા.

તરતના મદિરાનો રસ પીધેલા, કવિઓની દોષરહિત કવિતા સાંભળેલા અને બિરદાવલીથી ઉત્સાહિત થયેલા સુભટો આનંદથી દુશ્મનોના ટોળામાં પેસતા હતા.

યુદ્ધનું બિહામણું રૂપ કેવું છે !

વાલ વિકરાલ કરવાલ હત સુભટશિર, વેગ ઉચ્છલિત રવિ રાહુ માને,
ધૂલિધોરણિમિલિત ગગનગંગાકમલ, કોટિ અંતરિત રથ રહત છાને.

તલવારથી હણાયેલાં, વાળથી વિકરાળ દેખાતાં, આકાશમાં ઊડતાં સુભટોનાં શિર જોઈ સૂર્ય તેમને રાહુ માની લે છે અને ધૂળથી આકાશગંગા ઘેરાઈ ગઈ છે તેમાં છુપાઈ જાય છે.

યુદ્ધભૂમિમાં ઊડતી ધૂળ અને ઊછળતાં માથાંઓ વચ્ચે સૂર્ય દેખાતો નથી તેનું કેવું તાદૃશ વર્ણન છે ! કોઈને ખ્યાલ ન આવે કે એક અહિંસાપ્રિય સાધુએ આ વર્ણન કર્યું છે.

ઉદાસીનતારૂપી શેરી હાથ લાગે તો ભવના વક્ર ફેરામાંથી બચી જવાય એવી વાત કવિ કરે છે. પરિગ્રહના કંટાળાને ઉદાસીનતા કહેલ છે.

અજિતસેન મુનિ બને છે, એમને અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. કવિએ પોતાના પ્રિય વિષય તત્ત્વજ્ઞાનની બહુ જ સુંદર રીતે દરેક ગાથામાં લાઘવથી ગૂંથણી કરી છે. ધર્મવચનના શ્રવણમાં શું-શું બાધક છે, તેની વાત કરી છે. સરળતા, આશ્રવ, પાંચ પ્રકારની ક્ષમા, ચાર અનુષ્ઠાન, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ નવ પદ વિશે લાઘવથી સમજાવ્યું છે.

પાયસમાં જિમ વૃદ્ધિનું કારણ, ગોયમનો અંગૂઠો,
જ્ઞાન માંહિ અનુભવ તિમ જાણો, તે વિણ જ્ઞાન જૂઠો રે.

ખીરની વૃદ્ધિ માટે ગૌતમસ્વામીનો અંગૂઠો કારણરૂપ બન્યો તેમ જ્ઞાનની વૃદ્ધિ માટે અનુભવજ્ઞાન કારણરૂપ છે. તે વિના જ્ઞાન અધૂરું છે. અહીં ગૌતમસ્વામીના

અંગૂઠાને કેવી સરસ રીતે યાદ કર્યો છે !

ચોથા ખંડની તેરમી ઢાળમાં એમણે 'તૂઠો-વૂઠો' જેવા પ્રાસ લઈ સોળ ગાથાઓમાં ૩૨ પંક્તિને અંતે 'ઠો' અક્ષરના પ્રાસ મેળવ્યા છે. અનુભવજ્ઞાનની અઘરી વાત કરી છે અને આવા પ્રાસ પણ કઠિન છે. એ કેટલા મોટા ગજાના કવિ હશે ? ઉપાધ્યાયજી મહારાજ પોતાને વિશે કહે છે :

માહરે તો ગુરુચરણ પસાયે, અનુભવ દિલ માંહિ પેઠો રે,
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટ માંહે, આતમરતિ હુઈ બેઠો રે.

મને તો મારાં ગુરુચરણોની કૃપાથી અનુભવજ્ઞાન દિલમાં પ્રવેશ્યું છે. તેથી સર્વ પ્રકારની ઋદ્ધિ અને વૃદ્ધિ આત્મામાં પ્રગટી છે. આત્મા આનંદિત થઈ બેઠો છે.

કવિ એક જગ્યાએ વાદ કરતાં લખે છે :

જિનહી પાયા તિનહી છિપાયા, એ પણ એક છે ચીઠો,
અનુભવમેરુ છિપે કિમ મહોટો, તે તો સઘલે દીઠો.

જેને પ્રાપ્ત કર્યું તેને છુપાવ્યું; આ પણ એક આશ્ચર્ય છે. પણ અનુભવરસ તો મેરુ પર્વત સમાન છે. તે કેમ છુપાવી શકાય ? તે બધે જોઈ શકાય છે.

આગળ લખે છે :

શાહી, કાગળ અને કલમ લઈને જ્ઞાનને ઘણા લખી શકે છે. અપૂર્વ ભાવને લખે તે પંડિત છે. અને બહુ બોલબોલ કરે તે બાંઠો છે.

કવિ રાસને અંતે કહે છે :

ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતેંજી,
તિણે વલિ સમકિતદૃષ્ટિ જે નર તેહ તણેં હિ હેતેંજી.

મહોપાધ્યાય વિનયવિજયજીના વાચનના સંકેતો સમજીને મેં આ રાસ સમ્યક્‌દૃષ્ટિ મનુષ્યોના હિત માટે પૂર્ણ કર્યો છે.

આ રાસમાં શ્રીપાલ અને અજિતસેન તથા મયણાસુંદરી સિવાય અન્ય કોઈની પૂર્વભવની કથાઓ નથી. આડકથાઓ પણ નથી. રાસના આરંભે પ્રજાપાલ રાજા બન્ને કુંવરીઓને બે સમસ્યાઓ પૂછે છે. પછી સમસ્યાઓ આવતી નથી. શૃંગારરસ પણ અતિ મર્યાદિત વર્ણવાયો છે. શૃંગાર ઉપરાંત વીર, રૌદ્ર, બીભત્સ, કરુણ અને શાંત રસ વર્ણવાયા છે.

નવપદનો મહિમા ઉપાધ્યાયજી મહારાજે અતિ લાઘવમાં છતાં ઊંડાણથી વર્ણવેલ છે.

અન્ય રાસકૃતિઓની જેમ 'શ્રીપાલ રાજાનો રાસ' કૃતિમાં પણ ઉપાધ્યાયજી મહારાજની ભારોભાર કવિત્વશક્તિનાં દર્શન થાય છે. તત્ત્વજ્ઞાનની વાતમાં તેઓ વિશેષ કૌશલ્ય દાખવે છે. શબ્દો અને પ્રાસ એમને સહજ છે.

□

# પરંપરાનો દૃષ્ટિપૂત વિનિયોગ : 'જંબુસ્વામી રાસ'

બળવંત જાની

કેટલીક વિલક્ષણ રાસકૃતિઓથી જૈન કથાસાહિત્ય સમૃદ્ધ છે; એમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત 'જંબુસ્વામી રાસ'નું પણ સ્થાન છે. જૈન કથાસાહિત્ય બહુધા ચરિત્રાશ્રિત છે. સ્વાભાવિક છે કે આ ચરિત્રો ધાર્મિક, ઐતિહાસિક કે લૌકિક પરંપરાનાં હોય. એમાં ઐતિહાસિક કે લૌકિક પરંપરાનાં ચરિત્રોને તો કલ્પનાના બળે, વર્ણનની વિવિધ છટાના બળે કે પ્રચલિત લોકમાન્યતાઓ અથવા દંતકથાઓના બળે ચિત્તાકર્ષક રીતે કથામાં પ્રયોજી શકાય પરંતુ ધર્મચરિત્રને ચિત્તાકર્ષક રીતે રાસકૃતિમાં પ્રયોજવું અઘરું છે. ધર્મચરિત્રમૂલક રાસકૃતિઓમાંથી આ કારણે જ બહુ ઓછી રાસકૃતિઓ હૃદયસ્પર્શી બની છે. ધર્મચરિત્રમૂલક રાસમાં હકીકતોને વફાદાર રહીને કથાનું નિર્માણ કરવાનું હોય છે. એમાં જો એના રચયિતા પાસે કથનકળાની આગવી હથોટી હોય તો જ એમાંથી કથારસ નિષ્પન્ન કરાવી શકે.

યશોવિજયજી એવા એક દૃષ્ટિપૂત સર્જક છે. હકીકતનિષ્ઠ – પરંપરાસ્થિત કથાને પોતાની રીતે પ્રયોજીને એમણે 'જંબુસ્વામી રાસ' કૃતિનું નિર્માણ કર્યું છે. યશોવિજયને જ્ઞાનની અનેક વિદ્યાશાખાઓનો અભ્યાસ હતો. જ્ઞાનની લગભગ બધી જ શાખાઓથી તેઓ અભિજ્ઞ હતા. એમની એ અભિજ્ઞતાનો લાભ 'જંબુસ્વામી રાસ'ને મળ્યો જણાય છે. આમ સર્જકનું બહુપરિમાણી વ્યક્તિત્વ કૃતિને આગવું પરિમાણ અર્પતું હોય છે, એનો પરિચય પણ અહીંથી મળી રહે છે.

જૈન રાસસાહિત્યની પરાંપરામાં 'જંબુસ્વામી રાસ' બેત્રણ બાબતે મહત્ત્વ ધારણ કરે છે :

(૧) જૈન સાહિત્યમાં જંબુસ્વામી-કથાનકની ઘણી પરંપરા પ્રચલિત છે, પણ એમાંથી બે પરંપરા વિશેષપણે પ્રચલિત છે. એક સંઘદાસગણિની 'વસુદેવહિંડી' અને બીજી, હેમચંદ્રાચાર્યની 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર'ની. આ બન્ને પરંપરામાંથી યશોવિજયજી હેમચંદ્રાચાર્યની પરંપરાને અનુસર્યા છે. માત્ર અનુસર્યા નથી, એમણે પોતાની રીતે કથાનું નિર્માણ કર્યું છે. એમની મૂળ કથાને પદ્યમાં ઢાળવાની શક્તિ તથા કથનકળાને કારણે ધર્મચરિત્રમૂલક કથાનકવાળી કૃતિ રસપ્રદ રાસકૃતિ બની શકી છે.

(૨) બીજા દૃષ્ટિબિંદુથી જોઈએ તો જંબુસ્વામીનું ચરિત્ર રાસકૃતિને પોષક નથી. એમાં કથાનો ક્રમિક વિકાસ નથી, જંબુસ્વામીનો ઉછેર, લગ્ન, દીક્ષા લેવાની ઇચ્છા, કુટુંબીજનોની અનિચ્છા, જંબુસ્વામીની દલીલો, અંતે સંમતિ મળવી, અન્ય

વ્યક્તિઓનું પણ દીક્ષા લેવા તત્પર થવું – આ સિવાય કશાં કારણો, પ્રત્યાઘાતો કે સંઘર્ષ નથી, પરંતુ યશોવિજયજી અહીં કથાનાં તત્ત્વોનું ઉમેરણ કરી શક્યા છે. સામસામા બે પક્ષો ઊભા કર્યા છે. એક પક્ષે ઘણાંબધાં છે, જેઓ ભોગવિલાસ જેવી સ્થૂળ બાબતોની તરફેણ કરે છે, અને બીજા પક્ષે માત્ર જંબુકુમાર એકલા જ છે, તેઓ સંયમવૈરાગ્યનો મહિમા ગાય છે. આ સામસામા મુકાબલાને કારણે ભાવકને કથામાં રસ પડે છે. બન્ને ભાવને પોષક એવી તર્કપૂર્ણ દૃષ્ટાંતકથાઓ ક્રમશઃ પ્રસ્તુત થાય છે. ભાવક એમાં ખૂંપતો જાય છે. એ રીતે 'જંબુસ્વામી રાસ' એ દૃષ્ટાન્ત-કથાઓની અટવી છે. પણ એ અટવીમાં જંબુકુમાર કેન્દ્રસ્થાને રહ્યા છે. આથી અનેકાનેક દૃષ્ટાંતકથાઓને એકસૂત્રતા પ્રાપ્ત થાય છે. આમ જંબુકુમાર એ કથાને એકતા અર્પનાર ચરિત્ર તરીકેની મહત્તા ધારણ કરે છે અને એમાંથી રાસકૃતિ નિર્મિત થઈ છે.

(૩) સમગ્ર કથાને યશોવિજયજીએ પાંચ અધિકારમાં વિભાજિત કરી છે. એમાં કથાઓ પ્રસ્તુત કરવા માટે યશોવિજયજી કથનકેન્દ્રો બદલતા રહે છે. આ બધી કથાઓને વિવિધ ઢાળ, દેશી, દુહા અને ચોપાઈબંધમાં ઢાળી છે. આ રીતે કથાનું નિર્માણ અને એની અભિવ્યક્તિનું સ્વરૂપ, કેન્દ્રમાં રહેલ તર્કપૂર્ણ દલીલો તથા સંઘર્ષનું તત્ત્વ રાસકૃતિને રસપ્રદ બનાવે છે.

આમ, કથાનું સ્વતંત્ર રીતે નિર્માણ, દૃષ્ટાંતકથાઓનો દૃષ્ટિપૂત વિનિયોગ અને કથનકળાની ઊંડી સૂઝ એમ બેત્રણ બાબતે 'જંબુસ્વામી રાસ' મને મધ્યકાલીન રાસકૃતિઓના ઇતિહાસમાં મહત્ત્વ ધારણ કરતી કૃતિ જણાઈ છે. આ ત્રણેય મુદ્દાઓ વીગતે જોઈએ.

(૧)

ભારતીય કથાસાહિત્યમાં તેમજ જૈન કથાસાહિત્યમાં અવાંતરકથાની એક સુદીર્ઘ પરંપરા છે. પરંતુ મુખ્ય ચરિત્રના જીવનનો માત્ર એક જ પ્રસંગ અને એની આસપાસ ત્રેવીશ જેટલી કથાઓ ગૂંથાયેલી હોય, એમ છતાં એકસૂત્રતા પણ જળવાઈ હોય એ વિરલ છે. અહીં યશોવિજયજીએ આવું વિરલ કથાનક રાસકૃતિ માટે પસંદ કર્યું છે.

શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તર રૂપે મહાવીર પ્રભુ પોતે સ્વમુખે વિદ્યુન્માલીની કથા કહે છે. ગુપ્તમતિના બે પુત્રો ઋષભદત્ત અને જિનદાસ. જિનદાસની સેવા ઋષભદત્ત કરે. એમાં પાછી મગધદેશના સુગ્રામમાં રાષ્ટ્રકૂટ-રેવતીની અવાંતરકથા આરંભાય, આ કથામાં ભવદેવ અને ભવદત્ત એ બે ચરિત્રો કેન્દ્રસ્થાને છે. ભવદત્તે દીક્ષા લઈને આગમનો અભ્યાસ કર્યો. કોઈ મૂળ પોતાના અનુજબંધુને દીક્ષા અપાવવામાં અસફળ રહ્યા એટલે ભવદત્ત મુનિએ ટકોર કરી. ભવદત્ત મુનિએ પોતાના અનુજબંધુને દીક્ષા લેવરાવવાનું કબૂલ્યું. જ્યારે ભવદત્ત મુનિ વિહાર કરતા-કરતા ભવદેવ પાસે પહોંચે છે ત્યારે ભવદેવનાં નાગિલા સાથે લગ્ન થતાં હોય

છે. ભવદત્ત આ પ્રસંગે યુક્તિપૂર્વક પાછા ફરે છે. ભવદેવ અને નાગિલા આથી ભવદત્ત મુનિની પાછળપાછળ નીકળી પડે છે. ભવદેવને ભવદત્તે પોતાનું એક પાત્ર ઊંચકવા આપ્યું. છેવટે બધા પાછા ફર્યા, પણ શિષ્ટાચારના ભાગ રૂપે ભવદેવ તો ભવદત્તની પાછળપાછળ પાત્ર ઊંચકીને ચાલતા જ રહ્યા. રસ્તામાં ભવદત્ત મુનિએ પૂર્વાશ્રમની બધી વાતો ઉખેળી. એ રીતે રસ્તો પસાર થઈ ગયો. ગુરુ પાસે પહોંચીને ભવદત્ત મુનિએ કહ્યું કે 'મારો અનુજબંધુ દીક્ષા લેવા ઉત્સુક છે.' ભવદેવને પૂછ્યું. ભવદેવને આશ્ચર્ય તો થયું કે મારા વિશે ખોટું બોલીને કેમ મને દીક્ષાર્થી તરીકે ઓળખાવ્યો હશે ? પણ પોતાના મોટાભાઈને કંઈ ખોટા પડાય ? એવું વિચારીને હા કહી દીધી અને દીક્ષા પણ લીધી. પછી થોડાં વર્ષો બાદ ભવદત્ત મુનિ તો ઉગ્ર તપશ્ચર્યા કરીને અનશન આચરીને દેવલોકના દેવ થયા. આ બાજુ ભવદેવના મનમાંથી નાગિલા દૂર થઈ ન હતી. એટલે હવે ભાઈના કાળધર્મ પામ્યા પછી દીક્ષાનો વેશ ત્યજીને નાગિલાને મેળવવાના હેતુથી ભવદેવ નાગિલાના નગરમાં આવે છે. નાગિલાને પોતાના મનની વાત જણાવે છે. નાગિલાના ઉપદેશથી ભવદેવ દીક્ષાનો સાધુવેશ છોડતા નથી અને વ્રતનાં આચરણ તરફ વળે છે. પછી તો નાગિલાએ પણ દીક્ષા લીધી.

બીજી બાજુ ભવદત્તના જીવે દેવલોકમાંથી ચ્યવીને પૂંડરીકિણી નગરીમાં વજ્રદત્ત રાજાની યશોધરા રાણીને ત્યાં પુત્ર રૂપે જન્મ લીધો. એનું નામ સાગરદત્ત રાખ્યું. અનેક રાણીઓને પરણીને વાદળાના દર્શનથી વૈરાગ્ય પામીને દીક્ષા લઈને તે અવધિજ્ઞાનને પામ્યો.

ભવદેવનો જીવ વીતશોક નગરીના પદ્મરથ રાજાની રાણી વનમાલાને ત્યાં પુત્ર રૂપે અવતર્યો. એનું નામ શિવકુમાર રખાયું.

શિવકુમારે સાગરદત્ત મુનિ પાસે દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી. માતા-પિતાની અનુજ્ઞા ન મળવાથી દીક્ષા ન લીધી. પૂર્વભવનું જ્ઞાન થયું અને અંતે વ્રતાચરણ કરીને મનથી સાગરદત્ત મુનિનો શિષ્ય બનીને સમય પસાર કરીને અંતે દેવલોકને પામ્યો. તે પછી વિદ્યુન્માલી રૂપે જન્મ્યો.

વળી પાછી અવાન્તરકથા. જેમાં ખોડીનપુર નગરના સોમચંદ્ર રાજા અને ધરિણી રાણી, એના પ્રસન્નચંદ્ર, વલ્કલચિરિ – એ ચરિત્રોની કથા ચાલે. આમ શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તર રૂપે જંબુકુમારના પૂર્વભવના ચરિત્રને સ્પર્શતી ચાર કથાઓ મહાવીર ભગવાન પોતે કહે છે. ઋષભદત્ત અને જિનદાસની કથા છે, એમાં અવાંતરકથા રૂપે ભવદત્ત-ભવદેવની કથા અને એમાંથી સાગરદત્ત-શિવકુમારની તથા બીજી એક પ્રસન્નચંદ્ર અને રાજર્ષિની કથા ફૂટી નીકળે છે. એ રીતે પ્રથમ અધિકારમાં ચાર કથાઓ એક મુખ્ય કથામાંથી અવાંતરકથા રૂપે પ્રગટીને વિકસતી જોવા મળે છે.

બીજા અધિકારમાં જંબુકુમારના જન્મ, ઉછેર અને લગ્ન સુધીના કથાનક

પછી પ્રથમ રાત્રીએ શયનકક્ષમાં પ્રભવ નામનો ચોર પ્રવેશે છે અને અમુક વિદ્યા શીખવીને એના બદલામાં બીજી વિદ્યા શીખવાની સ્પૃહા વ્યક્ત કરે છે. પણ એને ખ્યાલ આવે છે કે જંબુકુમાર તો દીક્ષા લેવાની ઈચ્છા ધરાવે છે એટલે એને અટકાવવા માટે સંસારના સુખને ભોગવવાનું કહે છે, જેના પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર એક પછી એક એમ ત્રણ ચોટદાર કથાઓ કહે છે – મધુબિંદુની, કુબેરદત્તની અને મહેશ્વરદત્તની. એમ ત્રણ દૃષ્ટાંતકથાઓ દ્વારા જંબુકુમાર તર્કબદ્ધ રીતે વૈરાગ્યની મહત્તા રજૂ કરે છે. એ રીતે બીજા અધિકારમાં જંબુકુમારના મુખે ત્રણ કથાઓ નિરૂપાઈ છે.

ત્રીજા અધિકારમાં જંબુકુમારની આઠ પત્નીઓમાંથી ત્રણ પત્નીઓ દીક્ષા ન લેવા માટે સમજાવે છે અને એ માટે પોષકરૂપ દૃષ્ટાંતકથાઓ કહે છે. આ ત્રણેયને જંબુકુમાર એક પછી એક પ્રત્યુત્તર રૂપે વૈરાગ્યભાવને દૃઢાવતી કથાઓ કહે છે. આમ કુલ છ દૃષ્ટાંતકથાઓ આ ત્રીજા અધિકારમાં જંબુકુમારની ત્રણ પત્નીઓને મુખે તથા જંબુકુમારને મુખે નિરૂપાઈ છે.

ચોથા અધિકારમાં બાકીની બીજી ચાર પત્નીઓ જંબુકુમારને દીક્ષા ન લેવા સમજાવવાના ભાગ રૂપે દૃષ્ટાંતકથાઓ કહે છે, જેની સામે પ્રત્યુતર રૂપે જંબુકુમાર પણ ચારેયને એક પછી એક કથાઓ કહે છે. આમ અહીં આઠ કથાઓ નિરૂપાયેલ છે.

પાંચમા અંતિમ અધિકારમાં આઠમી પત્ની જયશ્રી જંબુકુમારને દીક્ષા ન લેવાનું સમજાવતાં નાગશ્રીની કથા કહે છે, જેના પ્રત્યુતર રૂપે જંબુકુમાર લલિતાંગ-કુમારની કથા કહે છે.

સમગ્ર રાસમાં વૈરાગ્યનો મહિમા રજૂ કરતી અગિયાર દૃષ્ટાંતકથાઓ જંબુકુમારના મુખે રજૂ થઈ છે. ત્રણ પ્રભવ ચોરની સમક્ષ અને આઠેય પત્નીઓ સમક્ષ એકએક મળીને કુલ આઠ. ઉપરાંત ચાર મહાવીર ભગવાનને મુખે, અને આઠેય પત્નીઓ દ્વારા એકએક મળીને આઠ. એમ બધી મળીને કુલ ત્રેવીશ દૃષ્ટાંતકથાઓ અહીં છે. આ બધી કથાઓ ભાવશબલતા અને સંઘર્ષથી પૂર્ણ હોઈ સ્વતંત્ર કથા તરીકે પણ રસપ્રદ છે. પરંતુ એનું સ્વતંત્ર કથા તરીકેનું મૂલ્ય ભાવકચિત્તમાં અંકાતું નથી, કારણકે કેન્દ્રસ્થાને જંબુકુમાર છે. બીજી કથા માટે કુતૂહલ રહે છે. અને એમ 'જંબુકુમાર રાસ' એક કથાકૃતિ તરીકે વિકસે છે. આમ યશોવિજયજી પરંપરાને અનુષંગે પોતાની રીતે રાસકૃતિ માટે આવું કથાનક પસંદ કરીને અંતે એમાંથી કથાનું નિર્માણ કરી શક્યા એ મધ્યકાલીન ગુજરાતી રાસસાહિત્યની પરંપરામાં વિષયસામગ્રીની દૃષ્ટિએ મહત્ત્વનું ઉદાહરણ છે.

(૨)

'જંબુસ્વામી રાસ'નું કથાનક આમ દૃષ્ટાંતકથાઓથી સભર છે. પરંપરામાંથી પ્રાપ્ત આ બધી કથાઓને એમણે પોતાની રીતે પદ્યમાં ઢાળી છે. એ રીતે

યશોવિજયજી દ્વારા પુનઃઅભિવ્યક્તિ પામેલી આ કથાઓ એમની દૃષ્ટિપૂત વિનિયોગશક્તિની પરિચાયક છે. દૃષ્ટાંતકથાઓનાં ચરિત્રોનાં વર્ણનોમાં કે પ્રસંગાલેખનમાં અનેક સ્થાને પોતાની સર્ગશક્તિનો પરિચય તેમણે કરાવ્યો છે. લલિતાંગકુમારનું આલેખન, જંબુકુમારના દીક્ષાપ્રસંગનું આલેખન, તથા એ માટે સંઘનું રૂપક પ્રયોજ્યું છે એ બધાંને આના ઉદાહરણ રૂપે નિર્દેશી શકાય.

આ બધી દૃષ્ટાંતકથાઓનો વિનિયોગ પદ્યવાર્તામાં ભાવકનાં ઉત્સુકતા તથા કુતૂહલને વધારવા કે પોષવાના પરિબળ રૂપે જ માત્ર નથી; કથાઓ ચોટદાર, રસપ્રદ હોવા છતાં હકીકતે એની સામે બીજી શી કથા હશે એ મુદ્દો – વિચાર ભાવકના ચિત્તમાં સતત ઉદ્દ્ભવતો રહે છે. એટલે આ બધી કથાઓ મૂળ કથાને વિકસાવનાર પરિબળરૂપ – પ્રસંગરૂપ કથાઓ તરીકે અહીં વિનિયોગ પામી છે. આવો ભાવ જાળવી રાખવામાં યશોવિજયજીની મૂળ કથાનાયક કેન્દ્રમાં રહે તેવા વાતાવરણનું નિર્માણ કરી શકવાની દૃષ્ટિ – સૂઝ કારણભૂત છે.

જંબુકુમારની દીક્ષા લેવાની ઇચ્છાથી તે એની પરિપૂર્ણતા સુધીની ઘટના અહીં કેન્દ્રમાં છે. આ માટે અવાંતરકથાઓની હાથવગી પરંપરાને પોતાની રીતે પ્રયોજી એમાંથી યશોવિજયજીની સર્જકદૃષ્ટિનો પરિચય મળી રહે છે. અવાંતરકથાઓ માત્ર કથારસ માટે નહીં પણ અભિવ્યક્તિના એક ભાગ રૂપે અર્થપૂર્ણ બની રહે અને સાથોસાથ મૂળ કથાને વિકસાવનાર પરિબળ બની રહે એ રીતે અહીં ખપમાં લેવાઈ હોઈ એનું વિશેષ મહત્ત્વ છે.

(૩)

યશોવિજયજીએ દૃષ્ટાંકથાઓને આધારે કથાનું નિર્માણ કર્યું એ ખરું, પરંતુ એ કથાની અભિવ્યક્તિનું સ્વરૂપ પણ અભ્યાસનો વિષય બની રહે એ કક્ષાનું છે. એમાંથી યશોવિજયજીની કથનકળાની સૂઝનું દર્શન થાય છે.

સમગ્ર કથા પાંચ અધિકારમાં વહેંચાયેલી છે. આ પ્રત્યેક અધિકાર ઢાલમાં વહેંચાયેલા છે. પ્રથમ અધિકારમાં પાંચ ઢાલ છે. બીજામાં આઠ, ત્રીજામાં નવ, ચોથા અને પાંચમા અધિકારમાં સાતસાત એમ કુલ છત્રીસ ઢાલમાં કથા રજૂ થયેલી છે. વચ્ચેવચ્ચે દુહા અને ચોપાઈઓ છે. બહુધા ધર્મોપદેશ કે સર્જકને અભિપ્રેત અન્ય મુદ્દાઓ આ ચોપાઈ કે દુહાબંધમાં અભિવ્યક્ત થયેલ છે. કથાપ્રસંગ પૂર્ણ થાય ત્યાં ઢાલ પૂર્ણ થાય છે. કેટલીક લાંબી કથાઓ બેત્રણ કે ચાર ઢાલ સુધી પણ વિસ્તરેલ છે.

પદ્યમાં – ઢાલમાં માત્ર કથાનક જ રજૂ થયું છે એવું નથી. વચ્ચેવચ્ચે કથાંતર્ગત પાત્રના સુખ, દુઃખ, વિરહ આદિ ભાવોને ઉપસાવતાં વર્ણનો પણ સર્જકે પ્રયોજેલ છે. પાત્રનાં વિવિધ પ્રકારનાં વર્તણૂક-વ્યવહારનાં વર્ણનો પણ સર્જકે કર્યાં છે. પ્રભવ ચોર, કુબેરદત્ત, વિદ્યુન્માલી, નાગિલા, દુર્ગિલા ઇત્યાદિ ચરિત્રોને આનાં ઉદાહરણ તરીકે દર્શાવી શકાય. આ વર્ણનો ચરિત્રોનાં ચિત્તના ભાવને તાદૃશ કરે છે,

એ કારણે કથાકૃતિ ભાવપૂર્ણ અને હૃદયસ્પર્શી બની છે. આમ પદ્યમાં પોતીકી રીતે અર્થપૂર્ણ વર્ણનો યશોવિજયે પ્રયોજ્યાં છે.

બોધ-ઉપદેશ માટે બહુધા દુહાબંધ ખપમાં લીધેલ છે. ધર્મનો મહિમા, જે આગલી ઢાળમાં કથામાં નિહિત હોય છે, એ અહીં તારસ્વરે પ્રગટ થાય છે.

ઢાલને દેશીમાં ઢાળેલ છે. ક્યાંય દેશીનું પુનરાવર્તન નથી. તે સમયની પ્રચલિત દેશીઓની પસંદગી અને એમાં પણ અમુક પ્રકારની ભાવપૂર્ણ કથા માટે એને અનુકૂળ દેશીની પસંદગી યશોવિજયે કરેલી જણાય છે. દેશીવૈવિધ્ય આમ સૂઝપૂર્વકનું છે. આ કૃતિની ગેયતાનું એ સૂચક છે.

ત્રીજા અધિકારની પાંચમી ઢાલમાંની 'શાંતિ સદા મનમાંઇ વસઇ' એ દેશીમાં પદ્મસેનાએ કહેલી નુપૂરપંડિતા અને શિયાળની કથાનો પ્રારંભનો ભાગ સમુચિત રીતે નિરૂપાયેલ છે. એ જ રીતે ચોથા અધિકારની ત્રીજી ઢાલની બુદ્ધિસિદ્ધિની કથા માટે પસંદ કરેલી દેશી 'બેડલઇ ભાર ઘણો છઇ એ જ વાર્તા કેમ કરો છો ?' પણ અર્થપૂર્ણ જણાય છે. આ દેશીવૈવિધ્યમાંથી યશોવિજયજીની તત્કાલીન પ્રચલિત ગીતો તરફની પ્રીતિ-રુચિનો પણ પરિચય મળી રહે છે.

આમ યશોવિજયજીની કથનકળાની સૂઝનો પણ 'જંબુસ્વામી રાસ'માંથી ખ્યાલ આવે છે.

આ રીતે 'જંબુસ્વામી રાસ' કથાનું નિર્માણ, એ માટે દૃષ્ટાંતકથાઓનો સૂઝપૂર્વકનો વિનિયોગ અને અર્થપૂર્ણ એવી કથનકળા એમ ત્રણ બાબતે મધ્યકાલીન ગુજરાતી રાસપરંપરામાં મહત્ત્વની કૃતિ લાગી છે. પરંપરાથી પરિચિત એવા સર્જક એનો દૃષ્ટિપૂત રીતે વિનિયોગ કરે ત્યારે એમાંથી એક પોતીકી રચનાનું સર્જન કઈ રીતે શક્ય બને છે એ દૃષ્ટિબિંદુથી પણ આ રાસકૃતિનું મૂલ્ય છે. આમ યશોવિજયજીએ 'ત્રિષષ્ઠિસલાકાપુરુષચરિત્ર'માંની કથાને પોતીકી પ્રતિભાનો પાસ આપીને 'જંબુસ્વામી રાસ' કૃતિનું નિર્માણ કર્યું છે.

### સંદર્ભસામગ્રી

૧. 'જંબુસ્વામી રાસ', સંપા. રમણલાલ ચી. શાહ
૨. 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય', હસુ યાજ્ઞિક
૩. 'આરામશોભા રાસમાળા', સંપા. જયંત કોઠારી

☐

શાસ્ત્ર સુભાષિત કાવ્યરસ, વીણા નાદ વિનોદ,
ચતુર મલે જો ચતુરને, તો ઊપજે પ્રમોદ.

ઉપાધ્યાય યશોવિજય
('શ્રીપાલ રાસ')

## 'સમુદ્ર-વહાણ સંવાદ'

કનુભાઈ જાની

આજે એક સ્વસ્થ, મૂલ્યનિષ્ઠ સમાજની આપણે ચિન્તા લઈને બેઠાં છીએ ત્યારે, છેલ્લાં પાંચસોક વર્ષના આપણા સામાજિક નવોત્થાનના ત્રણ જૈન/વણિક ભાગીરથો યાદ આવે : આપણે સૌ ગુર્જર ભારતીઓ આ ત્રણ જૈનોના વારસદારો છીએ – જે ત્રણેય ભારતીય જીવનને નવપલ્લવિત કરવા મથ્યા હતા. એક હેમાચાર્ય – બીજા પાણિનિ; બીજા યશોવિજયજી – બીજા શંકરાચાર્ય; અને ત્રીજા ગાંધીજી – બીજા ક્રાઈસ્ટ. એમની શબ્દગંગામાં જૈન-અજૈનનાં દ્વંદ્વો શમે છે, ને પરમ ભારતીયતા એના શુદ્ધ રૂપે પ્રગટે છે. ત્રણેય અધ્યાત્મરાગી, ત્રણેય તત્ત્વદર્શી, ત્રણેય સમગ્ર સમાજના હિતૈષી, ત્રણેય પોતાની પહેલાંની સમગ્ર ભારતીય ચિંતન-સામગ્રીને ઉથલાવી જઈ, નવદર્શનો બાંધનાર. ત્રણેય વ્યુત્પન્ન પંડિતો છતાં એમની વ્યુત્પત્તિને જનસામાન્ય માટે શબ્દો દ્વારા સરળતાથી વહાવનાર. ત્રણેય ધર્મપરસ્ત છતાં સંપ્રદાયમુક્ત. દંભ, દુરાચાર, બાહ્યાચાર પર યશોવિજયજીના પ્રહારો અખાની યાદ આપે એવા છે :

નિજગુણ સંચે, મન નવિ ખંચે, ગ્રન્થ ભણિ જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તે ન રહે વ્રત પંચે.

*

જો કષ્ટે મુનિમારગ પાવે, બળદ થાય તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો.

આ ત્રણમાંથી યશોવિજયજીને જાણવામાં આપણે મોડા પડ્યા. પણ જાગ્યા ત્યારથી જાણવું ભલું.

યશોવિજયજીની 'સમુદ્રવહાણ સંવાદ' એ કૃતિ ઠીકઠીક લાંબી છે, છતાં રસ જળવાઈ રહે છે તેમાં એમની તર્કકુશળતા ને કાવ્યકુશળતા બન્ને કામે લાગે છે, યોજના એવી છે કે પહેલાં દુહા આવે પછી ઢાળ, પછી દુહા પછી ઢાળ – એમ કુલ સત્તર ખંડો છે. અપવાદે છેલ્લે દુહાને સ્થાને છે ચોપાઈ. કાવ્યસમગ્રની ૭૦૦ પંક્તિઓ છે; દુહા-ચોપાઈ ૮૯ છે. દુહાસંખ્યા ને ઢાળમાંની કડીઓની સંખ્યા નિશ્ચિત નથી, પ્રસંગાનુસાર વધતી-ઓછી છે. ઢાળમાં આરંભે કેમ ગાવું તેના જે ઈશારા-નિર્દેશો છે તે આજે ભલે આપણે માટે તુંબડીમાં કાંકરા, પણ ત્યારનાં લોકપ્રચલિત ગીતોના ફૉસિલ્સ છે – બચેલાં ચિહ્નો ! એનો અલગ અભ્યાસ, કોઈ સંગીતજ્ઞ, ગીતપ્રેમી વિદ્વાન કરે તો, રસિક બને એમ હું ધારું છું.

દુહાના બંધ પર કવિને સારો કાબૂ છે. એ હેમાચાર્ય પહેલાંનું લોકમુક્તક, ઉપદેશ ને ચિન્તન બંને માટે ઉપયોગી. અહીં કથન, વર્ણન માટે પણ પ્રયોજાય છે. પાત્ર ને પ્રસંગના મુખમાં રહ્યે છતે એ મુક્ત રહીને સૌને કામનુંયે બને છે. દા.ત. સાગર વહાણને કહે છે કે તું પારકી પંચાત કેમ કરે છે ? એનો દુહો જુઓ :

આપકાજ વિણ જે કરે, મુખરી પરની તાતિ;
પરઅવગુણ-વ્યસને હુએ તે દુઃખીઆ દિનરાતિ.

દેશીઓમાં લોકપ્રચલિત ગીતો ઉપરાંત સુગેય માત્રમેળ છંદો પણ છે. દા.ત. ઢાલ ૧૧માં સવૈયા છે. એ વીરરસાનુકૂળ, નાટ્યાત્મકતાવાળો, રણહાક જેવો અહીં બની જાય છે. સાગર વહાણને કહે છે કે હવે જો બોલ્યો તો મારા પવનને છુટ્ટો મૂકીશ, પર્વતવિદારક ભમરીઓ છુટ્ટી મૂકીશ, મારી તળેના શેષશય્યાનો નાગ છુટ્ટો મૂકીશ :

પવનઝકોલે દિએ જલભમરી, માનું મદ-મદિરાની ઘૂમરી;
તેહમાં શૈલશિખર પણિ ત્રૂટે, હરિશય્યા ફણિબંધ વિછૂટે.
(ઢાલ ૧૧, કડી ૭)

દસમી ઢાળમાં જે ઝૂલણા પ્રયોજ્યો છે તેય સબળ ઉક્તિ માટે ! નરસિંહમાં જે પ્રભાતિયું છે તે અહીં દાહક ઊંબાડિયું છે ! લોકપરંપરામાં ને ચારણી પરંપરામાં આવું જોવા મળે છે :

ચોર કરિ સોર મલબારિયા ધારિયા,
ભારિયા ક્રોધ આવે હકાર્યા;
ભૂત અવધૂત યમદૂત જિમ ભયકરા
અંજના-પૂત નૂતન વકાર્યા. (૧૦,૩)

ઢાળ સાતમીમાંનો હરિગીત જુઓ :

જલધાર વરસે તેણિ સઘલી હોઈ નવ-પલ્લવ મહી;
સર કૂપ વાવિ ભરાઈ ચિહું દિશિ, નીઝરણ ચાલે વહી;
મુદમુદિત લોકા ગલિતશોકા કેકિ કેકારવ કરે;
જલધાન સંપત્તિ હોઈ બહુલી, કાજ જગજનનાં સરે. (૭,૧)

આમ ઢાળમાં બધે જ વૈવિધ્ય એવું છે કે આખીયે કૃતિ વચમાંવચમાં દુહાવાળી, ગીતોની માળા જેવી બની રહે છે.

મધ્યકાળમાં આ જાતના 'સંવાદો' ઘણા છે. એમાં 'રાવણમંદોદરી' જેવાં પૌરાણિક પાત્રપ્રસંગોવાળા સંવાદો, વડછડ વગેરે છે; તો કેવળ ભાવોનાં રૂપકવાળાં કે અન્યોક્તિપ્રકારના પણ છે : સમયસુંદરકૃત 'દાનશીલ-તપભાવના સંવાદ' (૧૬૦૬), સુધનહર્ષકૃત 'મોતીકપાસિયા સંવાદ' (૧૬૩૩), ઉદયવિજયકૃત 'સમુદ્રકલશ સંવાદ' વગેરે. 'સમુદ્રવહાણ સંવાદ' રૂપકાત્મક છે, અન્યોક્તિ પણ બને છે. મૂળ વિવાદ ભલે સાગર અને વહાણ વચ્ચે હોય, એ છે માણસોને માટે.

અન્યોક્તિ-પરંપરાની રચનાઓમાં આ કૃતિ કાવ્યગુણે જુદી તરી આવે એવી છે.

ઉપાડ એકાએક થાય છે, નમન કરીને તરત કાવ્યપ્રયોજનનો નિર્દેશ કરે છે. કૃતિ શા માટે છે ? તો, આરંભે તો આટલું જ કહે છે :

કરસ્યૂં કૌતુક કારણે વાહણ-સમુદ્ર વૃત્તાંત.

બસ, મોજ માટે આ વાત માંડી છે, કોને માટે ને શો બોધ ?

મોટાનાનાં સાંભળો મત કરો કોઈ ગુમાન...

પણ શું થયું ? ઘોઘા બંદરેથી એકવાર વહાણ ઊપડ્યાં. સઢ તાણ્યા, તૂરી બજી, નાળિયેર વધેરાયાં, આવજોઆવજો ને લાવજોલાવજો થયું. ને વહાણો ઊપડ્યાં. જાણે પાંખાળા પર્વતો, જાણે હાલતાંચાલતાં નગરો. હલેસાં ને પાણી બંને એકબીજાને મદદ કરવા લાગ્યાં :

સાહ્ય દિએ જિમ સજ્જન, તિમ બેહુ મિલે રે !

પણ જેવાં એ મધદરિયે પહોંચ્યાં કે સાગર ઊછળવા લાગ્યો. ધમપછાડા કરવા લાગ્યો. ગરજવા લાગ્યો. એ જોઈને એક વહાણથી ન રહેવાયું. કહે : ભાઈ. વૃથા આ કકળાટ શો – લવારો શો ? ગર્વ શો ? તો સાગર કહે : તારે પારકી પંચાત શી ? વહાણ ને સાગર વચ્ચે એમ વાદ ચાલ્યો. સાગર કહે, મારે ગર્વ કરવા જેવું ઘણું છે. મારા દ્વીપો ને એની સમૃદ્ધિ જો. રાજા રાવણને મારે કારણે સોનાની લંકા થઈ એ યાદ રાખ. પેલો ઈન્દ્ર બધા પર્વતોની પાંખો કાપવા આવ્યો ત્યારે પેલા મૈનાક પર્વતને મેં આશરો આપ્યો'તો. હું ખુદ વિષ્ણુની શય્યા. ને તું હળવો – ફૂંક માર્યે ઊડી જાય. એટલે જ આમ હલકટ વાણી વદે છે.

વહાણ કહે : તેં સજ્જનોને મૂકીને દુર્જનોનો સંગ કર્યો – રાવણનો !

હલુઆ પિણ અમે તારૂજી, સાયર સાંભળો,

બહુ જનને પાર ઉતારૂજી, સાયર સાંભળો.

હું નાનો, પણ મોટા તો ઉકરડાય હોય છે. હીરો નાનો, પણ સૌને જોઈએ. દીવો નાનો, અંધારું નાસે, ચંદ્ર નાનો, કાળી રાત ઊજળી થાય. આંખ મોટી છે પણ કીકી નાની છે. આ દૃષ્ટાન્તોની હારમાળા ધરાવતી અત્યંત મીઠી ઢાળ ત્રીજી આખીય સરસ ઉપમાનોથી ને ગેયતાથી આ કાવ્યનો એક ઉત્તમ ખંડ છે. કવિની કલ્પના ક્યાં- ક્યાં પહોંચે છે !

નાને અક્ષરે ગ્રંથ લિખાએજી, સાયર સાંભળો,

તેહનો અર્થ તે મોટો થાએજી, સાયર સાંભળો ! (૩,૭)

વળી અહીં નાના-મોટાની તુલના જ નકામી છે. એ હઠ ખોટી. વાત મુદ્દાની તો સાર-અસારની કહેવાય :

મોટાનાનાનો સ્યો વહરો જી ? સાયર૦

ઈંહાં સાર-અસારનો વહરો જી ! સાયર૦

તમે રાવણનો પક્ષ લઈને નીતિને છોડી. ચોરને પક્ષે ગયા. માટે જ રામે તમને બાંધ્યા.

ને તમે પેલા દ્વીપાદિકની સમૃદ્ધિની વાત કરી, તો એમાં સમૃદ્ધિ કોને કારણે ? એ તો દ્વીપનો ગુણ, તમારો નહીં. દલીલ સાંભળીને સાગર ગર્જ્યો : લ્યા તું તો લાકડું. તને કીડા કોરી ખાય. તારું કુલ જ એવું. જ્યારે મારું ?

વહાણ કહે : મારું કુલ તો સુરતરુનું, ને વળી કુલગર્વ શો કરવો ? એ ચોથી ઢાળ પણ અત્યંત સુંદર છે. બોધક છે, પણ બોધ સીધો નથી; વળી કાવ્યરસ અક્ષુણ્ણ રહે છે. કુલ નહીં, ગુણ જ મુખ્ય વાત. એ વાત વાહણ અનેક દૃષ્ટાન્તોથી કહે છે. સાગરને કહે છે : તમે રત્નાકર છો એમ કહો છો પણ તમે ક્યાં કોઈને રત્ન જાતે આપો છો ? બિચારાં ડહોળીને – ખોળીને લઈ જાય છે. તમે તો લાકડું-તણખલાં તરાવો, ને રત્નોને તળિયે સંતાડો છો ! કવિ સંસ્કૃતના પંડિત છે. પ્રચલિત સંસ્કૃત સુભાષિતોનેય ગુજરાતીમાં વણી લે છે. સંસ્કૃતમાં છે :

> अधः करोषि रत्नानि मूर्ध्ना धारयसे तृणम् ।
> दोषस्तवैव जलधे रत्नं रत्नं तृणम् तृणम् ॥

તમે તો રત્નો ને કાંકરા ભેગાં રાખો છો !

સાગરની દલીલ તૂટી ! ખિજાયો. કહે : લ્યા, મારાથી તો જગનો વેપાર ચાલે છે ને તારો ખેલ પણ ! ને મારું પાણી કોઈ દિ' ખૂટ્યું છે ? મારું ધન અખૂટ છે. વહાણ કહે : ધનનો વળી માંડી બેઠા ગર્વ ! પણ તમારાં પાણી કોને કામનાં ? નાનું ઝરણુંય કામ આવે, પણ તમે ?

સાગર કહે : પણ બધી નદીઓનાં પવિત્ર જળ મારામાં ઠલવાય છે. હું તીરથ !

વહાણ કહે : તીરથ એટલે ત્રીહું અર્થ : ત્રણ અર્થ સારે તે 'તીરથ'. કયાકયા ?

> ટાલે દાહ, તૃષા હરે, મલ ગાલે જે સોઈ
> ત્રિહુ અર્થે તીરથ કહ્યું, તે તુજમાં નહિ કોઈ.

અહીં બુદ્ધિચાતુર્ય છે, 'તીરથ' શબ્દના વર્ણોને લઈને વ્યુત્પત્તિચાતુરી કરી છે. હજી સાગર જળવાળી વાત છોડતો નથી. કહે છે : આ મેઘ કોનું જલ લે છે ? એના જળથી તો પૃથ્વી પાંગરે છે.

વહાણ કહે છે : તું આપતો નથી, એ તો ગર્જીને આવીને, ડરાવીને, તારું પાણી લઈ જાય છે; તું જાતે આપતો નથી, સાચું પાણી જ જીવન કહેવાય, બાકી તું તો ખાર ! તું પડ્યે બધું બળે, પલ્લવે નહીં. એય પાણી ને તુંય પાણી એ સરખામણી પણ છેતરામણી છે. એક ચિંતામણિ ને બીજો કાંકરો. એક એરંડો ને બીજો સુરતરુ એમ દૃષ્ટાંતમાળા ચાલે છે ! વહાણ કહે છે કે અમે તરીએ છીએ તે તો અમારે ગુણે. તું તો ડુબાડવા મથ્યા જ કરે છે.

સિંધુ કહે છે : તું ગુણજ્ઞ જ નથી. તું હજી મને ઓળખતો નથી. આ ચાંદો – મારો પુત્ર. (ચંદ્ર સમુદ્રમંથનમાંથી નીકળેલો.) એ કેવો બધે શીતળતા ફેલાવે છે. એના ઉત્તરમાં વહાણ કહે છે : પણ તારાથી એ ભડકીને ભાગે છે કેમ તે જાણે છે ?

અહીં કવિ ભરતીને ખ્યાલમાં રાખીને સરસ કલ્પના કરે છે. વહાણ સમુદ્રને કહે છે કે આ ચાંદની, તારા પુત્રની દુહિતા; એનો સંગ કરવા તું ધમપછાડા કરે છે એ જોઈને એ ભાગે છે, તપસ્યા કરે છે. વળી પુત્રના ગુણ બાપને શા કામના ?

સગા સણીજા જાતિનો ગુણ ના'વે પરકાજ.

કોઈ એકના ગુણ કોઈ બીજાને કામ ન આવે. ત્યાં દુહો છે :

નિજ ગુણ હોય તો ગાજીએ, પરગુણ સવિ અકયત્થ;
જિમ વિદ્યા પુસ્તક રહી, જિમ વલિ ધન પરહત્થ. (૮, ૪)

સાગર કહે : તું તો દૂધમાંથી પોરા કાઢે છે ! ફરીથી કહે છે કે બધાંનાં નીર સુકાય છે, મારાં નહીં. હવે જાણે સાગરની દલીલો ખૂટી છે ! ત્યારે વહાણ ચકોર ને દલીલસમૃદ્ધ છે, કહે છે : 'તું ભૂલી ગયો, પેલા ઘડામાં જન્મેલ ઋષિએ હથેળીનું ચાંગળું કરીને તને શોષી લીધો હતો એ ! ને આટઆટલી નદીઓ તારામાં આવે છે તોય તું ભૂખાળવો ને ભૂખાળવો ! તું કહીશ કે તું મર્યાદા લોપતો નથી, તો મારે કહેવાનું કે એ તો ચારે બાજુથી કિનારાની જે ઝાપટો વાગે છે ને તેને કારણે તું પાછો પડે છે. કિનારા ભાંગવા તો મથ્યાં જ કરે છે ! આમ આ બન્ને વચ્ચેની દલીલ નવ ઢાળ સુધી અખંડ ચાલે છે.

ત્યાંથી પલટો આવે છે. સાગર હવે ધમકી આપે છે. શરણે આવવા કહે છે (ઢાળ ૧૦). ત્યારે ઝૂલણામાં વહાણ કહે છે :

વાહણ કહે, શરણ જગિ ધર્મ વિણ કો નહિ.
તું શરણ સિંધુ ! મુજ કેણિ ભાંતિ ?... (૧૦,૧)

તું તો ધાડાં ને ધાડાં લૂટારાનાં મારા પર હવે છૂટાં મૂકે છે ! તારાં મોજાંનું સૈન્ય મને પૂરો કરવા મથે છે. એનું વર્ણન પણ સરસ છે, યુદ્ધ જાણે મચ્યું છે – વહાણ અને મોજાં વચ્ચેનું. સમુદ્રે મચેલ તોફાનમાં સપડાયેલાં વહાણોનું આ ચિત્ર અત્યંત આબેહૂબ થયું છે :

ભંડ બ્રહ્માંડ શતખંડ જે કરી સકે,
ઊછલે તેહવ નાલિ-ગોળા;
વરસતા અગન રણ-મગન રોસે ભર્યા;
માનું એ યમ તણા નયન-ડોલા. (૧૦,૯)

વહાણ કહે છે કે આવે વખતે તું નહીં, ધર્મ જ બચાવે છે. તું તો તમાશો જુએ છે !

સાગર કહે છે : એ તને તારા પાપની જ સજા મળે છે. તેં તારી જાતમાં ખીલા ઠોક્યા છે, જાતને દોરડે બાંધી છે, તારા પેટમાં ધૂળ ને પથરા ભર્યા છે. (કેવી સરસ કલ્પના – કેવી સ્વભાવોક્તિ ને કેવી અન્યોક્તિ પણ !)

વહાણ કહે છે કે તારે તો પગ વચ્ચે જ અગ્નિ છે (વડવાનળ). મેરુમંથન વખતે તને તો વલોવી નાખ્યો હતો, રામે તને બાળ્યો, પાતાળમાં પેસાડી દીધો હતો, એ તો પવને તને બહાર કાઢ્યો. તારે મોઢે તો જો, હજીયે એનાં ફીણ વળે છે !

હવે સાગરને ક્રોધ ચડે છે, કહે છે : તું માઝા મૂકે છે. મોટાની સાથે વાદ ન હોય. મારી ભમરીમાં તું ક્યાંય તણાઈ જશે, રહેવા દે ! દલીલો ખૂટે ત્યારે ધમકી શરૂ થાય છે. ૧૦મી ઢાલથી એ મિજાજ આરંભાયો છે. વહાણ ડરતું નથી, પેલો જે કહે એનો તરત સામો ઉત્તર આપ્યા વિના રહેતું નથી. કહે છે :

સાયર ! સ્યૂં તું ઉછલે ? સૂં ફૂલે છે ફોક ?
ગરવવચન હું નવી ખમું, દેસ્યૂં ઉત્તર રોક.

તને રોકડો જવાબ દેવાનો જ. તેં તો વળી મારાં છિદ્રો જ જોયાં છે. મારું નાનું છિદ્ર હોય તો તું અનેક છિદ્રો પાડે છે ! પણ મને રક્ષનાર ધર્મ છે. તું વિચાર કે હું છું તો તારું મૂલ્ય છે, મને નિર્મૂળ કરીશ તો તારી પાસે પછી કાદવ જ રહેશે. હંસ વિના સરોવર ન શોભે, અલિ વિના પદ્મ, આંબો કોકિલ વિના... વગેરે જાણીતાં દૃષ્ટાન્તો આપીને કહે છે કે જેમ રાજાપ્રજા બન્ને મળીને ચાલે તો સુખ બન્નેને મળે એમ આપણે બેય સાથે હોઈએ તો તું શોભે. પ્રજા વિનાનો રાજા એકલો છત્રચામર લઈને નીકળે તો કેવો વરવો લાગે ! વિનોક્તિઓ પાછી ચાલે છે. આ ભાગમાં જરા લંબાણ વધુ થયું છે. કેટલીક પુનરુક્તિઓ પણ છે.

ત્રીજો વળાંક હવે ઢાળ ૧૩થી આવે છે. સાગર કોપે છે. એનું વર્ણન ૧૩મી ઢાળમાં છે. પણ અહીંનાં બધાં જ વર્ણનો સંવાદે ગૂંથાઈને કાવ્યપ્રસંગમાં એકાકાર થઈને આવે છે, અલગ પડી જતાં નથી.

વહાણને ધરાર બોલતું જોઈ કોપેલ સાગર જ્યારે હુમલો કરે છે ત્યારે ચૌદમી ઢાળના આરંભના દુહામાં છે કે સાગરપુત્ર વચમાં પડે છે. એ આ કાવ્યનું ત્રીજું પાત્ર છે, અહીં છેક અંત ભાગે પ્રવેશે છે ને વહાણને કહે છે કે નમી પડ. આ સાગર તો સાહેબ છે, તારા માલિક છે.

ત્યારે પંદરમી ઢાળમાં વહાણ એનેય જવાબ આપે છે. વહાણનો જવાબ એક જ છે : એ માલિક નથી. સાહેબ તો પાર્શ્વ, સાહેબ તો પ્રભુ પોતે. એ જ રત્ન. એ મૂકીને કાંકરો કોણ ઝાલે ? મારા મનમાં પ્રભુ છે, પછી મને શો ભો છે ?

આવી નિષ્ઠા, આવી દૃઢ ધર્મમતિ જોઈને દેવો ત્રૂઠ્યા. દેવવાણી થઈ : તું ધન્ય છે. તને વૈભવની પડી નથી, ધર્મની પડી છે. સુખદુઃખ બન્નેમાં તું સમાન ભાવે રહે છે.

હરખ નહીં વૈભવ લહે, સંકટિ દુખ ન લગાર,
રણસંગ્રામે ધીર જે, તે વિરલા સંસાર.

ને છેલ્લી બે ઢાળમાં કાવ્ય સમેટાઈ જાય છે. વેપારીઓ પોતાના નિયત બંદરે વેપાર કેવો કરે છે ને શું-શું કેમ વેચે છે એની વાત ઢાલ ૧૬માં છે, તો ૧૭મીમાં પાછા હીરચીર કરિયાણાં લઈને ઘોઘા બંદરે આવી પહોંચે છે, સ્વજનો મછવામાં બેસી સામા લેવા આવે છે; એ વીગત છે. એમાં તે કાળનું હૂબહૂ ચિત્ર મળે છે. આમ –

એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વત્યાગ હિત કાજ.

ઉદ્દેશ તો સ્પષ્ટ હતો, પણ વચમાં જણાવા દીધો નહીં. વચમાંવચમાં વહાણ કે

સાગરના મુખમાં બોધ આવ્યા કર્યો તે મુખ્ય પ્રસંગમાં ભળીને આવ્યો. દેવો સીધા આવ્યા એ મધ્યકાળનું સમાજમાનસ જોતાં કઠે એવી વાત નથી, આમ જ થાય.

'ઘોઘા બંદિરે એ રચ્યો, ઉપદેશ ચઢ્યો સુપ્રમાણ.' એમ કાવ્યરસિકોને પણ કહેવું પડે.

કૃતિ દીર્ઘ છે છતાં એકંદરે રસ જળવાઈ રહે છે તે તર્કકુશળતાને કારણે. વાદી-પ્રતિવાદી બન્નેને પક્ષે થતી દલીલો કવિ કલ્પતા જ જાય છે – જેમજેમ કાવ્ય આગળ વધે છે તેમતેમ. બહુ સહજ રીતે એમ થતું જાય છે. એમની વાક્પટુતા ને વ્યુત્પત્તિ, કલ્પનાશક્તિ ને વર્ણન-કથન-હથોટી બધું કામે લાગ્યું છે. ભાષા અલંકારમંડિત ખરી, પણ અલંકારપ્રચુર નથી. એકંદરે સરળ ને રસાળ છે. ફરી વાંચવી ગમે એવી કૃતિ છે. આનું અલગ શાસ્ત્રીય સંપાદન થાય તે જરૂરી છે.

☐

રસિયાને રસિયા મલે, કેલવતાં ગુણગોઠ,
હિયે ન માયે રીઝ રસ, કહેણી નાવે હોઠ.

**ઉપાધ્યાય યશોવિજય**
('શ્રીપાલ રાસ')

# સ્તવનચોવીશીઓ

પન્નાલાલ ર. શાહ

આપણા સાક્ષર કવિ-વિવેચક સ્વ. મનસુખલાલ ઝવેરીએ એક કાવ્યકૃતિનો આસ્વાદ કરાવતાં બહુ સરસ વાત કરી છે. એમણે કહ્યું છે : "મનુષ્યના વાટશત્રુઓ બે : વિષયલાલસા અને વિપત્તિ. તેમાં વિષયલાલસા મનુષ્યને અવળે રસ્તે દોરી જાય ને વિપત્તિ મનુષ્યની મતિને એવી તો મૂંઝવી દેતી હોય છે કે મનુષ્ય સત્ય શું છે એ જોઈ શકતો નથી." આ વાતને લંબાવતાં એમણે સરસ કહ્યું છે : "એ વાટશત્રુઓની સામે મનુષ્ય ટકી શકે, જો એને બળ અને જ્ઞાન મળે તો. વિષયનાં પ્રલોભનો સામે ટકી રહેવાનું બળ અને સત્યનું દર્શન કરાવી શકે એવું જ્ઞાન પરમાત્માની કૃપા – કૃપા નહીં, કરુણા હોય તો જ પામી શકાય તેવી વસ્તુઓ છે." મધ્યકાળમાં ભક્તિમાર્ગના આરાધક આપણા સંતકવિઓએ પરમાત્માની કરુણાને પામવા ઉપાસના કરી છે. એમાં અખૂટ કાવ્યરસ ઝરે છે.

જૈન ધર્મમાં દર્શનપૂજા, તીર્થયાત્રા આદિ નિમિત્તે મંદિરે જતાં શ્રાવક-શ્રાવિકાને પ્રભુસ્તુતિ અને સ્તવનનો મહિમા વિશેષ છે. આ કારણે જૈન કવિઓ ચોવીસ તીર્થંકરોનાં સ્તવનોની ચોવીસીના સર્જન તરફ વિશેષ વળ્યા હોય એવું જણાય છે. આવી ચોવીસીના રચયિતાઓમાં આનંદઘનજી, દેવચંદ્રજી, મોહન-વિજયજી, ચિદાનંદજી વગેરે મુખ્ય છે. એમાં આનંદઘનજીની રચનાઓનો વિષય યોગ અને તત્ત્વજ્ઞાનની અભિવ્યક્તિ છે, જ્યારે દેવચંદ્રજીની ચોવીસીમાં મુખ્યત્વે દ્રવ્યાનુયોગની રજૂઆત છે. સામાન્ય શ્રાવકો-શ્રાવિકાઓને માટે એવી કૃતિઓ દુરારાધ્ય ગણાય.

ઉપાધ્યાય યશોવિજયજીએ જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોનાં સ્તવનો રચ્યાં છે. એટલેકે એમણે ચોવીસી રચી છે. એમણે રચેલી આવી ત્રણ ચોવીસી હાલ ઉપલબ્ધ છે. એમાંની બે ચોવીસીમાં ઊર્મિભાવની છટા અને તીવ્રતાની અભિવ્યક્તિ છે, અને એક ચોવીસીમાં કથન, ચરિત્રવીગતસંગ્રહ વિશેષ છે. એકેક તીર્થંકર વિશે આ રીતે ત્રણત્રણ સ્તુતિકાવ્યો રચાય એટલે એમાં એકવિધતા અને પુનરુક્તિદોષ આવી જાય એવું આપણને સ્વાભાવિક લાગે. પરંતુ યશોવિજયજીનાં ભક્તિસભર સ્તવનોમાં માત્ર મહિમા-સ્મૃતિ નથી, એમાં ઉલ્લાસ, લાડ, મર્મ, નમ્રતા, મસ્તી, ટીખળ, ધન્યતાદિ ભાવોની દૃષ્ટાંતસુભગ, સુઘડ અને કલ્પનાશીલ રજૂઆત છે. નિર્વ્યાજ નૈકટ્યલાડ આ સ્તવનોનું છટાળું પાસું છે, જે ભાવકમાં સમભાવ,

સમસંવેદન જગાવે છે.

જિજ્ઞાસા અને વિસ્મયથી પોતાની આંખે સૃષ્ટિનું નિરીક્ષણ કરતાં બાળકો અવનવા પ્રશ્નો કરે છે અને એમાં કેટલાક પ્રશ્નો આપણને મૂંઝવણમાં મૂકી દે તેવા હોય છે. 'નય વિબુધનો પય સેવક' કે 'વાચક જશ'થી ઓળાખાતા ઉપાધ્યાય યશોવિજયજી એવી જ બાળસુલભ જિજ્ઞાસા, વિસ્મય અને નિર્દોષતા આ સ્તવન-ચોવીસીમાં પ્રગટ કરે છે. શ્રી સુવિધિનાથના સ્તવનમાં તેઓ પ્રશ્ન રજૂ કરે છે :

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે
જગગુરુ તુમને દિલમાં લાવું રે
કુણને એ દીજે શાબાશી રે
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાશી રે.

હું નાનો હોવા છતાં તમારા મનમાં મારો સમાવેશ થતો નથી. એથી ઊલટું તમે મોટા હોવા છતાં મારા મનમાં તમારો સમાવેશ થયો છે એ આશ્ચર્યનું આશ્ચર્ય છે. એની શાબાશી કોને દેવી એ વિચારી જોશો. સર્જકની વાણીમાં રહેલી બાળકના જન્મ જેટલી સંકુલતા તથા વિસ્મય અને તાજગીપૂર્ણ અનુભૂતિની અહીં વેધક અભિવ્યક્તિ છે.

હવે પ્રત્યુત્તરમાં કવિ તર્ક લડાવે છે. સ્થિર અને શાશ્વત વસ્તુનો સમાવેશ ન થઈ શકે. કદાચ સમાવેશ થાય તો એ ક્ષણિક નીવડે. એટલે લઘુ હોવા છતાં ગુરુમાં સમાવિષ્ટ ન થઈ શકવાનું અહીં સમાધાન સાધ્યું છે. બીજી પણ એક વાત છે – લઘુમાં ગુરુના પરાવર્તનની. તે માટે અરીસાનું ઉદાહરણ આપતાં કહે છે કે નાના અરીસામાં મહાકાય હાથીનું પ્રતિબિંબ ઝિલાય છે. અહીં કહે છે :

અથવા થિરમાંહી અથિર ન આવે,
મ્હોટો ગજ દર્પણમાં આવે રે.
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ શાબાશી રે...

આ આશ્ચર્યજનક ઘટનાનું શ્રેય પોતાના બુદ્ધિચાતુર્યને ઘટે છે. પરંતુ એ બુદ્ધિપ્રકાશ પણ મહાપ્રાણના તેજથી થયો છે એટલે એની શાબાશી એમને જ ઘટે છે એવો તોડ કવિ અહીં લાવ્યા છે. આખા સ્તવનમાં પ્રશ્નોત્તર દ્વારા રચાતા આંતરિક સંવાદ અને એમાં રહેલું ભરપૂર નાટ્યતત્ત્વ કાવ્યને આહ્‌લાદક બનાવે છે.

શ્રી વાસુપૂજ્યસ્વામીના સ્તવનમાં ઉપાધ્યાયજી કહે છે :

અમે પણ તુમ શું કામણ કરશું
ભક્તે ગ્રહી મન-ઘરમાં ધરીશું... સાહેબા.

અહીં ભગવાન પર કામણ કરવાની વાત છે અને તે ભક્તિ વડે એમને વશ કરી મનરૂપી ઘરમાં ધારણ કરવાનો એમણે વિશ્વાસ દર્શાવ્યો છે. આ જ વાત એમણે બીજી એક ચોવીસીના પ્રથમ સ્તવનમાં આ રીતે કરી છે :

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી
જેહશું સબલ પ્રતિબંધ લાગો,
ચમક પાષાણ જ્યમ લોહને ખીંચશે
મુક્તિને સહજ મુજ ભક્તિરાગો.

જૈન ધર્મમાં એક પારિભાષિક શબ્દ છે : નિયાણુ. એનો એટલેકે પુણ્યકર્મ દ્વારા ફળ માગવાનો નિષેધ છે. ભૌતિક, આધિભૌતિક કે સાંસારિક સિદ્ધિ અર્થે સુકૃત પણ નિષિદ્ધ છે. એટલું જ નહીં પરંતુ એવી સિદ્ધિની અભિલાષા પણ મનમાં ન ઊગવી જોઈએ. આમ છતાં એવું થાય તો એનું ફળ અવશ્ય મળે, પણ અંતે તો એનું પરિણામ સંસારવૃદ્ધિ છે. આવી તાત્ત્વિક ભૂમિકાને લક્ષમાં રાખી ઉપાધ્યાયજી આપણને એક ડગલું આગળ લઈ જાય છે. ભગવદ્ભજન અને ભક્તિથી મુક્ત – સિદ્ધ થવાનું પણ તેઓ વર્જ્ય ગણે છે અને સરસ વિરોધાભાસ સર્જે છે. મુક્તિ કરતાં પણ એમના મનમાં ભક્તિ સવિશેષ વસી છે. નિયાણુ તો નહીં જ, પરંતુ મુક્તિનીય અભિલાષા નહીં. મુક્તિ નં ઇચ્છતાં સંસારમાં રહેવું પડે અને એ થાય તો પ્રેમલક્ષણા ભક્તિનો યોગ સતત ચાલુ રહે. ચુંબકીય તત્ત્વથી જેમ લોઢું પાસે ખેંચાઈ આવે તેમ ભક્તની ભક્તિથી મુક્તિ પણ આપોઆપ ખેંચાઈ આવે એવી એ સહજ પ્રક્રિયા છે.

પ્રેમલક્ષણા ભક્તિની વાત આવી એટલે એમ થાય કે વૈરાગ્યપ્રધાન ધર્મમાં કે જ્ઞાનમાર્ગમાં પ્રેમલક્ષણા ભક્તિને સ્થાન ન હોય. આમ છતાં આપણા ભક્ત-કવિઓએ આવી ભક્તિ ઉલ્લાસપૂર્વક કરી છે. એટલું જ નહીં પરંતુ એવા ઉલ્લાસને શૃંગારમંડિત સંબંધોની પરિભાષામાં પ્રગટ કરવામાં આવી છે. એનું કારણ એ છે કે ઉત્કટતાપૂર્વકની ભાવાત્મક સ્થિતિમાં દેહની પૃથક્તા ઓગળી જાય અને એકતાની ભરતી છલકાઈ ઊઠે એવું નરનારીના સંબંધમાં જ સંભવે છે. આવી સ્થિતિ, અલબત્ત જુદી અને એથી પણ ઉચ્ચ કક્ષાએ આપણા ભક્તકવિઓએ સિદ્ધ કરી છે. એવી એકતાની, તદ્રૂપતાની, તાદાત્મ્યભાવની, એકાકારતાની વાત કરવા સાથે એની પ્રબળ અને વ્યાપક અસર સંસારી પર ત્યારે જ થાય, જો એ સંસારીને પરિચિત એવા ભાવની ભૂમિકાનો આશ્રય લેવાય. પતિ કે પત્નીમાં અન્ય અનેક સંબંધો સમાઈ શકે છે. સ્ત્રી પત્ની હોવા ઉપરાંત મિત્ર – સલાહકાર બને છે. માતૃભાવ આપી શકે છે. તેવી જ રીતે પતિ મિત્ર ને રક્ષક બને છે અને પૈતૃક ભાવો આપી શકે છે. બીજા સંબંધો આટલા વ્યાપક નથી. તેથી જે સાધક ભગવાનને આ ભાવે ભજે તેમાં ઉત્કટતા આવે છે. મૂળે પરસ્પરમાં લોકોત્તર વિશ્વાસ અને પ્રત્યેક સ્પંદનમાં એકાનુભૂતિ એ આનો પાયો છે. સખી કે સખાભાવમાં આખરે તો આ જ તત્ત્વ છે. ઈલિયટે પોતાની પત્નીને અર્પણ કરેલ કાવ્યમાં આ અનુભવ મૂર્ત થયો છે. આ બધું જોતાં વૈરાગ્ય અને જ્ઞાનમાર્ગમાં પણ પ્રેમલક્ષણાભક્તિ ઔચિત્યપૂર્ણ અને ઉપકારી જણાય છે.

શ્રી ચંદ્રપ્રભસ્વામીના સ્તવનમાં આવી પ્રેમલક્ષણાભક્તિનો ઉપાધ્યાય

યશોવિજયજીએ વિનિયોગ કર્યો છે :

ચંદ્રપ્રભ જિન સાહેબા રે,
તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા
સેવા જાણો દાસની રે, દેશો ફળ નિરવાણ
આવો આવો રે ચતુર સુખભોગી,
કીજે વાત એકાંતે અભોગી.

પ્રેમમાં વિશ્રંભે થતી ગોઠડીનું સુખ કલ્પનાતીત છે. વસ્તો વિશ્વંભર આ સુખને ચૌદ લોકની પડછે મૂકી એનાથી રૂડું બીજું કશું એને લાગતું નથી એમ જણાવી એનો મહિમા કરે છે. અવધૂત આનંદઘનજી પણ આવી જ અનુભૂતિ કરે છે :

મીઠો લાગે કંતડો ને ખારો લાગે કોક
કંત વિહુણી ગોઠડી, તે રણ માંહે પોક.

આ સ્તવનમાં રમ્ય કોટિ જોવા મળે છે. યાચકને યાચકભાવ ન આવે એ રીતે આપવાથી દાતાની શાખ વધે છે અને યાચકની ઈજ્જત થાય એવી સહૃદયતાથી દાન કરવું જોઈએ. એવું ન થાય તો

જળ દીએ ચાતક ખીજવી
મેઘ હુઓ તીણે શ્યામ

ચાતકને ખીજવીખીજવીને વૃષ્ટિ દ્વારા જળસિંચન કરવાથી મેઘ જેમ શ્યામ થયો એવી હાલત દાતાની થાય. અહીં વાદળોની શ્યામતાના કારણ અંગેની કલ્પનામાં રમ્ય કોટિ જોવા મળે છે. ચાતક અંગેની પુરાકથાનો એમાં ઉપયોગ થયો છે. આપણાં પ્રાચીન મુક્તકો અન્યોક્તિ, અત્યુક્તિ અને કલ્પનોના કારણે, બદલાતી કાવ્યરુચિ અને પલટાતા કાવ્યપ્રવાહો વચ્ચે, આધુનિક રચનાઓ જેવાં જ અને જેટલાં જ, (કદાચ ચડિયાતાં) તાજગીપૂર્ણ અને આકર્ષક રહ્યાં છે. આ કડી એનું ઉત્તમ ઉદાહરણ છે.

શ્રી ધર્મનાથસ્વામીના સ્તવનમાં કવિ કવે છે :

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહશ્યો તો લેખે
મેં રાગી, પ્રભુ થેં છો નિરાગી, અણજુગતે હોએ હાંસી...

પ્રેમમાં કજોડું થાય તો હાંસી થાય. ભગવાન વીતરાગી અને હું રાગી. એવી સ્થિતિ અને એકતરફી સ્નેહ રાખવામાં હાંસી થાય છતાં એ પ્રીતિ રાખવામાં મારી શાબાશી છે એમ કવિ ઉમેરે છે.

કેટલીક વાર સાવ સરળ લાગતી બાબત શબ્દોથી સમજાવી શકાતી નથી, તેમ કેટલીક વાર ગહન લાગતી બાબતોને પણ શબ્દદેહ આપી શકાતો નથી. પ્રેમની, ઉત્કટ પ્રેમની અને ભાવોલ્લાસની અભિવ્યક્તિ અંગે પણ આવું કહી શકાય. હૃદયના સંકુલ ભાવોની છબિ શબ્દની ફ્રેમમાં મઢી શકાય કે કેમ એની શંકા રહે છે.

એ ભાવો અનુભવગોચર છે. એની અનુભૂતિ માણી શકાય. ઉપાધ્યાય યશોવિજયજી એવી અનુભૂતિએ શબ્દદેહ આપવામાં સફળ રહ્યા છે. જેમ કે,

સુમતિનાથ ગુણ શ્યું મિલીજી વાધે મુજ મન પ્રીતિ

ગુણગ્રાહક દૃષ્ટિથી ભગવાન તરફ પ્રીતિ તો વધતી જ રહે. એનો અવિહડ રંગ કેવો લાગ્યો છે માટે રોજિંદા જીવનમાંથી અને સ્વાભાવિક દૃષ્ટાંતો એક પછી એક આવે છે. કસ્તુરીનો પરિમલ, આંગળીએ મેરુ, છાબડીએ રવિતેજ, નાગર-વેલના પાનથી લાલ થયેલા ઓષ્ઠ જેમ છૂપાં ન રહે તેમ ભગવત્-પ્રીતિ પણ છાની ન રહે. શ્રી અનંતનાથજીના સ્તવનમાં એમણે એ રંગને 'ચોળ મજીઠનો રંગ' કહ્યો છે.

ઉપાધ્યાય યશોવિજયજીની એક વિશિષ્ટતા છે. સ્તવનના પ્રારંભમાં ભાવની એક છટા લ્યે. ત્યાર બાદ એને અનુરૂપ દૃષ્ટાંતસુભગ કલ્પના તેઓ દોડાવે. એક પછી એક કડીમાં પ્રતીતિજનક અને અનુભૂતિજન્ય દૃષ્ટાંતો આપી એ ભાવને પુષ્ટ કરે. એમાં આટલાંબધાં સ્તવનોમાં ક્યાંય પુનરુક્તિ થતી જણાતી નથી એથી એમનાં કાવ્યોમાં તાજગી અને નાવીન્ય જણાય છે. થોડાંક ઉદાહરણો જોઈએ.

ઋષભ જિન સ્તવનમાં તેઓ કહે છે :

કવણ નર કનક મણિ છોડી તૃણ સંગ્રહે
કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે
તુજ તજી અવર સુર કોણ સેવે ?

શ્રી અજિતનાથ જિન સ્તવનમાં ભગવાન (અજિતનાથ) સાથે પ્રીત છે અને બીજાનો સંગ જચતો નથી. એના સમર્થનમાં સરસ કહે છે :

માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળતરુ ભૃંગ કે
ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે
સરોવરજળ જલધર વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે;
કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરુવર નવિ ગમે, ગિરુઆ શું હો હોવે ગુણનો પ્યાર કે,
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ શું પ્રીત
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચહે હો કમળા નિજ ચિત્ત કે.

વર્ણાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસથી શોભતી આ રચના કવિહૃદયના ઉત્કટ ભાવોની દ્યોતક છે.

શ્રી અભિનંદનસ્વામીના સ્તવનમાં ભગવાનની મૂર્તિ દીઠી અને જે ભાવ જાગ્યા એનું તાદૃશ આલેખન છે. વિચારોની શુદ્ધિ અને કવિત્વની ઉત્કટતાથી સીંચાયેલી આ કૃતિ છે. એમની કલમ દ્વારા થતી ભાવનિષ્પત્તિ આવી છે :

સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હથ્થ

આંગણે હો મુજ આંગણે મુજ સુરતરુ ફળ્યો જી
જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકુર
માગ્યા હો પ્રભુ ! મુહ માગ્યા પાસા ઢળ્યા જી
ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મળ્યા ઘૃતપૂર
તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્ય ઉદક મળ્યા જી
થાક્યા હો પ્રભુ ! થાક્યા મિલ્યા સુખપાલ,
ચાહતા હો પ્રભુ ! ચાહતા સજ્જન હેજે હળ્યા જી

અનુભૂતિની ઉત્કટ અવસ્થાએ જ આવી રસાળ – રસાર્દ્ર કાવ્યરચના થાય.

ઉપાધ્યાયકૃત શ્રી પદ્મપ્રભસ્વામીનું સ્તવન અને દેવચંદ્રજીનું ઋષભજિન સ્તવન લગોલગ મૂકવા જેવાં છે. યશોવિજયજી કહે છે :

ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ જેહ કહે સંદેશોજી
જેહનું મિલવું રે દોહિલું તેહશું નેહ તે આપ કિલેશોજી...પદ્મપ્રભ...

તો દેવચંદ્રજી કહે છે :

કાગળ પણ પહોંચે નહિ નવિ પહોંચે હો તિહાં કો પરધાન
જે પહોંચે તે તુમ સમો નવિ ભાખે હો કોનું વ્યવધાન,
ઋષભ જિણંદ શું પ્રીતડી.

એક સારો શ્લોક, કડી, દુહો કે લીટી : એ તો ક્યારેક મંદિર બની જાય, ક્યારેક તીર્થસલિલ બની જાય તો ક્યારેક ગોકુળવૃંદાવનનો વગડો બની જાય. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની સ્તવનચોવીસીઓમાં આવી જ રચનાઓ છે. અહીં તો કાવ્યની વિશેષતાને અનુલક્ષી માત્ર અંગુલિનિર્દેશ કર્યો છે. ગાય સૂંઘીને ચરે. જે સારું હોય, પોષણ મળે એવું હોય તે ચરી લે ને પછી નિરાંતે બેસી વાગોળે એમ ઉપાધ્યાય યશોવિજયજીની કૃતિઓનો, મધ્યકાલીન સાહિત્યમાંથી ચારો ચરીને, નિરાંતે વાગોળવા જેવો છે.

□

*આજે પણ પૂ. ઉપાધ્યાયજી ગણિવર્ય અજરામર છે. જે રસ અને ઊંડાણ સાથે પૂ. ઉપાધ્યાયજી મહારાજે સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં સર્જન કર્યું છે, એ જ રસ અને એ જ ઊંડાણ સાથે એઓશ્રીએ ગુજરાતી સ્તવન-સજ્ઝાય જેવું કાવ્યસાહિત્ય રચ્યું. આ કારણે પંડિતો અને વિદ્વાનો માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજ આરાધ્ય જ્ઞાનમૂર્તિ રહ્યા એમ સામાન્ય પ્રજા માટે ય 'જગજીવન જગ વાલહો' જેવી ઢગલાબંધ સ્તવનરચનાઓ દ્વારા તેઓશ્રી આરાધ્ય ભક્તિમૂર્તિ રહ્યા.*

**શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ**
('શ્રુતાંજલિ')

# 'વિહરમાન જિન વીશી'

---

કાન્તિભાઈ બી. શાહ

આજથી ત્રણસો વર્ષ પૂર્વે ૧૭મી સદીમાં થયેલા, આધ્યાત્મિક, દાર્શનિક અને સર્જક તરીકેની બહુમુખી પ્રતિભા ધરાવતા આ સાધુકવિએ જેમ સંસ્કૃતપ્રાકૃતમાં ગ્રંથો રચ્યા તેમ ગુજરાતી ભાષામાં પણ; આધ્યાત્મિક-દાર્શનિક ગ્રંથો આપ્યા તેમ ભક્તિભાવસભર કાવ્યરચનાઓ પણ; અને જંબુસ્વામી રાસ, શ્રીપાળ રાસ, દ્રવ્ય-ગુણપર્યાયનો રાસ, સમુદ્ર-વહાણ સંવાદ, ૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાનાં સ્તવનો જેવી લાંબી રચનાઓ આપી તેમ ટૂંકી પદરચનાઓ પણ. એમની આ ટૂંકી રચનાઓમાં સ્તવનો, સઝાયો, સ્તુતિઓ, હરિયાળીઓ વગેરેનો સમાવેશ થાય. સ્તવનોમાં ધ્યાન ખેંચે એવી ત્રણ 'ચોવીશી'ઓ આપવા સાથે એક 'વીશી' પણ એમણે આપી છે. નામ 'વિહરમાન જિન વીશી'.

આ 'વિહરમાન જિન વીશી' શું છે ? જૈન ધર્મની માન્યતા પ્રમાણે ભરતક્ષેત્રની આગામી ચોવીશીના સાતમા તીર્થંકર નિર્વાણ પામશે અને આઠમા તીર્થંકર જન્મ પામશે તે વચ્ચે શ્રી સીમંધરસ્વામી આદિ વીશ વિહરમાન જિનેશ્વર દેવો શ્રાવણ સુદ ત્રીજને દિવસે નિર્વાણપદને પામશે. આ વીશ જિનેશ્વર દેવોને વિશે રચાયેલાં ૨૦ સ્તવનોનો સમૂહ તે 'વીશી'.

આ વીશીનાં સ્તવનોની રચનાના લઘુ માળખામાં એક ચોક્કસ ભાત અને પ્રમાણ જોવા મળે છે. આ સ્તવનો ઓછામાં ઓછાં ૫ કડીનાં અને વધુમાં વધુ ૭ કડીનાં છે. પ્રત્યેક સ્તવનને કાં તો આરંભે, કાં તો છેવટની કડીઓમાં જિનેશ્વરદેવનાં ઓળખપરિચય અપાયાં છે. જન્મસ્થાન, નગર, માતાપિતાનાં નામ, પોતે કઈ નારીના કંથ અને એમનું લાંછન – સામાન્યતઃ આ છે પરિચયની વીગતો. છેલ્લી કડીમાં કવિનું નામ 'વાચક જશ', 'ગુરુ નયવિજય સુશીશ', 'નયવિજય તણો સેવક' એ રીતે મળે છે અને વચ્ચેની કડીઓમાં જિનેશ્વર પ્રત્યેના ભક્તિભાવનું આલેખન છે. આ બધાં જ સ્વતનો વિવિધ ગેય દેશીઓમાં મળે છે.

વીશીનો મુખ્ય વિષય છે તીવ્ર, ઉત્કટ ભક્તિભાવ. જૈન ધર્મે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષપદને પામ્યા છે તેવા તીર્થંકરોને પંચ પરમેષ્ટીમાં સર્વોચ્ચ પદે સ્થાપ્યા છે. એમના પ્રત્યેની ભક્તિનો મહિમા જૈનોમાં અપરંપાર છે. દહેરાસરોમાં પૂજન-કીર્તન-ઓચ્છવની વર્ષોથી એક પરંપરા રહી છે અને તે સંદર્ભે અઢળક સ્તવન, સઝાય, સ્તુતિ, પૂજાનું સાહિત્ય રચવામાં આવ્યું છે જે આજે પણ વિવિધ રાગરાગિણીઓથી સભર સંગીત અને નૃત્યની સહાય સાથે રજૂ કરાય છે. આ

વીશીમાં ઉપાધ્યાય યશોવિજયજીએ જિનેશ્વર દેવ પ્રત્યેનો ભક્તિભાવ ખૂબ ઉત્કટતાથી ગાયો છે ને એમાં અનેક દૃષ્ટાંતોની સહાય લીધી છે.

ભક્તના ભગવાન પ્રત્યેના સ્નેહના મેળની વાત કરતાં કવિ કહે છે :

> તુજ શું મુજ મન નેહલો રે ચંદન ગંધ સમાન,
> મેળ હુઓ એ મૂળગો રે સહજ સ્વભાવ નિદાન. (સ્ત.૨)

ભક્તિ વિનાના જીવનની વ્યર્થતા કવિ આ રીતે દર્શાવે છે :

> તે દિન સવિ એળે ગયા, જિહાં પ્રભુ શું ગોઠ ન બાંધી રે (સ્ત.૩)

ભક્ત તરીકે કવિ ક્યાંક ઉપાલંભ – ચીમકી આપવાના, કટાક્ષ કરવાના અને મહેણું મારવાના અધિકારો પણ ભોગવે છે :

> મુજ શું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. (સ્ત.૧)
> મુખ દેખી ટીલું કરે તે નવિ હોવે પ્રમાણ,
> મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ. (સ્ત.૧)
> એકને લલચાવી રહો રે, એકને આપો રાજ,
> એ તુમને કરવો નવિ ઘટે રે પંક્તિભેદ જિનરાજ. (સ્ત.૬)

ભક્ત કહે છે કે જો મુક્તિનો ઉપાય મળશે તોય ભગવાનને લઈને મળશે :

> અગ્નિ મિટાવે શીતને, જે સેવો થઈ થિર થંભ હો,
> જિમ એ ગુણ વસ્તુસ્વભાવથી તિમ તુમથી મુગતિઉપાય હો. (સ્ત.૭)

ભક્ત પોતાનો દૃઢ નિર્ધાર અને પરમાત્મા પ્રત્યેની લગની આ રીતે વ્યક્ત કરે છે :

> ચખવી સમકિત સુખડી રે, હોળવીઓ હું બાળ,
> કેવળરત્ન લહ્યા બિના રે ન તજું ચરણ ત્રિકાળ. (સ્ત.૬)

અર્થાત્ હે ભગવાન, જો સમકિત-સુખડીની લાલચ આપીને તેં મને હોળવ્યો જ છે તો હું પણ તને કેવળરત્ન પામ્યા વિના તજવાનો નથી જ. કવિ આગળ લખે છે :

> કાગળ લિખવો કારમો, આવે જો દુરજન હાથ રે,
> અણમિલવું દુરંત રે, ચિત્ત ફિરે તુમ સાથ રે. (સ્ત.૧૪)

ભક્ત-ભગવાન વચ્ચેનો પ્રેમનો રંગ કેટલો પાકટ છે તે દર્શાવતાં કવિ લખે છે :

> મસિ વિણ જે લિખ્યા તુજ ગુણે અક્ષર પ્રેમના ચિત્ત રે,
> ધોઈએ તિમ તિમ ઊઘડે ભગતિજલે તેહ નિત્ય રે. (સ્ત.૧૭)

કવિ ભક્તિની તુલનાએ અનુભવની ભૂમિકાને ઊંચેરી ઠેરવે છે. ભક્તિને દૂતિકા અને અનુભવને મિત્ર ગણ્યાં છે. એમાંથી આ વાત સ્પષ્ટ થાય છે :

> ભગતિદૂતિકાએ મન હર્યું, પણ વાત કહી છે આધી રે,
> અનુભવમિત્ત જો મોકલું તો તે સઘળી વાત જણાવે રે. (સ્ત.૪)

અને છેવટે ભક્તને માટે ભગવાન જ સર્વસ્વ – સર્વ કાંઈ છે તે દર્શાવતાં કવિ કથે છે :

તું માતા તું બંધવ મુજ તુંહી પિતા તુજ શું મુજ ગુજ. (સ્ત.૧૫)

વીશીમાં નિરૂપાયેલા કવિના ભક્તિભાવને આપણે જોયો. એની અભિવ્યક્તિકલામાં કવિ કેવી સૌંદર્યછટા દાખવે છે તે જોઈએ. કવિની નિરૂપણ-કલામાં ઊડીને આંખે વળગે છે તે તો કવિને હાથે થયેલો દૃષ્ટાંતોનો પ્રચુર ઉપયોગ. ક્યારેક તો સળંગ દૃષ્ટાતમાલા કવિ પ્રયોજે છે.

ગરવા જનો કદી ભેદભાવ ન કરે એ વાત કવિ આ રીતે કરે છે :

મોટા-નાહના અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત,
શશિ દરિશણ સાયર વધે રે, કૈરવવન વિકસંત. (સ્ત.૧)
ઠામકુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર.
રાયરંક સરિખા ગણે રે, ઉદ્યોતે શશીસૂર, (સ્ત.૧)
ગંગાજલ તે બિહું તણા રે, તાપ કરે સવિ દૂર. (સ્ત.૧)

ભગવાન ભક્તની સાથે – સહાયમાં હોય પછી દુરિત – પાપકર્મો કેમ જ ટકે એ વાત નિરૂપતાં કવિ કહે છે :

ભુજંગ તણા ભય તિહાં નહિ, જિહાં વન વિચરે મોર. (સ્ત.૩)
જિહાં રવિ તેજે ઝલહલે, તિહાં કિમ રહે અંધકાર. (સ્ત.૩)
કેસરી જિહાં ક્રીડા કરે, તિહાં ગજનો નહિ પ્રચાર,
તિમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરિતસંભાર. (સ્ત.૩)

ભક્તનું પ્રભુમાં મન કેવું ભળી ગયું છે ?

ઊગે ભાનુ આકાશ, સરવર કમલ હસેરી,
દેખી ચંદ, ચકોર પીવા અમીઅ ધસેરી,
દૂર થકી પણ તેમ પ્રભુ શું ચિત્ત મિળ્યું રી. (સ્ત.૫)

કવિ કહે છે કે હે ઈશ્વર ! તારી પાસે તો સમ્યક્ત્વનો – કેવળજ્ઞાનનો અનંત ખજાનો છે. એમાંથી એક કણ આપતાં આટલી વિમાસણ શાને ?

કેવલજ્ઞાન અનંત ખજાનો, નહિ તુજ જગ માંહે છાનો રે,
તેહનો લવ દેતાં શું નાસે, મન માંહે કાંઈ વિમાસે રે. (સ્ત.૧૨)

પછી એનાં દૃષ્ટાંતોની માલા પ્રયોજતાં કવિ લખે છે –

રયણ એક દિયે રયણે ભરિયો, જો ગાજંતો દરિયો રે,
તો તેહને કાંઈ હાણ ન આવે, લોક તે સંપત્તિ પાવે રે. (સ્ત.૧૨)
અલિ માચે પરિમલ લવ પામી, પંકજ વન નહિ ખામી રે,
અંબલુંબ કોટિ નવિ છીજે, એકે પિક સુખ દીજે રે. (સ્ત.૧૨)
ચંદ્ર કિરણ વિસ્તારે છોછું, નવિ હોયે અમીયમાં ઓછું રે,
આશાતીર કરે બહુત નિહોરા, તે હોવે સુખિત ચકોરા રે. (સ્ત.૧૨)

અહીં જૈનેતર કથાનકોમાંથી પણ દૃષ્ટાંતો મળે છે. જેમ કે –

...કમળા મન ગોવિંદ રે. (સ્ત.૮)
જિમ નંદનવન ઈંદને રે. (સ્ત.૮)
સીતાને વહાલો રામ રે. (સ્ત.૮)

કેટલાંક અન્ય દૃષ્ટાંતો જુઓ :

ચાતક ચિત્ત જેમ મેહલો રે, જિમ પંથી મન ગેહ રે,
હંસા મન માનસરોવરું રે, તિમ મુજ તુજ શું નેહ રે. (સ્ત.૮)

કેટલાક વ્યતિરેક અલંકારો પણ કવિ પ્રયોજે છે તે જુઓ :

કટિલીલાએ કેસરી, તે હાર્યો ગયો રાન,
હાર્યો હિમકર તુજ મુખે, હજીય વળે નહીં વાન. (સ્ત.૧૯)
તુજ લોચનથી લાજિયાં, કમળ ગયાં જળ માંહી,
અહિપતિ પાતાળે ગયો, જીત્યો લલિત તુજ બાંહી. (સ્ત.૧૯)
જીત્યો દિનકરતેજ શું ફિરતો રહે તે આકાશ,
નિંદ ન આવે તેહને, જેહ મન ખેદઅભ્યાસ. (સ્ત.૧૯)

આ વીશીમાં કાવ્યપદાવલિની કેટલીક છટાઓ આપણું અવશ્ય ધ્યાન ખેંચશે. દેશીબદ્ધ પંક્તિઓમાં અંતે હો, રે, જી જેવી ધ્રુવાઓ તો અહીં છે જ, એમાં 'રી' ધ્રુવા વિશેષ લાડકી લાગે છે – 'પ્રભુ શું ચિત્ત મિળ્યું રી', 'હેજે હિળ્યું રી', 'ભલો રી – કર્યો રી' વગેરે. (સ્ત.૫)

ઝડઝમક અને 'ન'-'દ'ની પુનરુક્તિઓથી ઊભા થતા સંગીતનું એક ઉદાહરણ જુઓ :

દેવાનંદ નરીંદનો જનરંજનો રે લાલ,
નંદન ચંદન વાણી રે દુઃખભંજનો રે લાલ. (સ્ત.૧૩)

'ભોજન વિણ ભાંજે નહિ ભામણડે જિમ ભૂખ રે' (સ્ત.૬)માંની વર્ણસગાઈ ધ્યાન ખેંચે છે. 'અલિ માચે પરિમલ લવ પામી, પંકજ વન નહિ ખામી રે' (સ્ત.૧૨) એ પંક્તિમાંની લલિત-કોમલ પદાવલિ કર્ણપ્રિય બની છે.

કવિ ક્યારેક પંક્તિ-અંતર્ગત પ્રાસ મેળવે છે તે જુઓ :

રવિચરણ ઉપાસી, કિરણ વિલાસી (સ્ત.૧૬)
ભવિજનમનરંજન, ભાવઠભંજન (સ્ત.૧૬)
નેમિ પ્રભુ વંદુ, પાપ નિકંદુ, (સ્ત.૧૬)
ગંગાજલ નાહ્યો, હું ઉમાહ્યો (સ્ત.૧૬)
તું દોલતદાતા, તું જગત્રાતા (સ્ત.૧૬)
મુખમટકે જગજન વશ કરે, લોયણલટકે હરે ચિત્ત,
ચારિત્રચટકે પાતિક હરે, અટકે નહિ કરતો હિત. (સ્ત.૯)

'પ્રભુ દૂર થકી પણ ભેટ્યા, તેણે પ્રેમ દુઃખ સવિ મેટ્યા.' (સ્ત.૧૧) આ

પંક્તિમાં કવિ 'ભેટ્યા' સાથે પ્રાસ મેળવવા શબ્દને મરડીને 'મેટ્યા' આપે છે. પણ આવી શબ્દમરોડ કાવ્યમાં આકર્ષક બની જાય છે.

આ ઉપરાંત અનેક સ્થળે મળતી હિન્દીની છાંટ કાવ્યલઢણને આકર્ષકતા આપે છે. જેમકે 'યું મેરે મન તુ વસ્યો જી.' (સ્ત.૬–૮)

જૂની પશ્ચિમી રાજસ્થાની (પ્રાચીન ગુજરાતી) પછીની ભૂમિકાએ હિન્દી, ગુજરાતી વગેરે ભાષાઓએ અલગઅલગ અસ્તિત્વ ધારણ કર્યું ત્યારે હિન્દીમાં મધ્યવર્તી ઈકાર, ઉકાર ચાલુ રહ્યા. ગુજરાતીમાં નીકળી ગયા. (લિખના = લખવું, ફિરના = ફરવું, મિલના = મળવું, લુનના = લણવું વગેરે) પણ આ કવિમાં હિન્દી શબ્દોની છાંટ ધ્યાન ખેંચશે – 'ચિત્ત ફિરે તુમ સાથ' (સ્ત.૧૪), 'કાગળ લિખવો કારમો' (સ્ત.૧૪) 'ચિત્ત મિળ્યું રી' (સ્ત.૫), 'હેજે હિળ્યું રી' (સ્ત.૫) ઉપરાંત 'ઈસારત', 'ખિજમત', 'દીદાર' જેવા અરબી-ફારસી શબ્દપ્રયોગો પણ અહીં નજરે ચઢશે.

ટૂંકાંટૂંકાં પદોની આ નાનકડી 'વીશી' ભક્તિભાવે ભીંજાયેલી છે. એના કેટલાક અંશો કાવ્યાત્મક બની આવ્યા છે અને કેટલીક પદાવલિઓ પ્રાસઆંતર-પ્રાસ, વર્ણસગાઈ અને લયની આકર્ષક છટાઓ દાખવે છે એમ જરૂર કહી શકાય.

☐

*અઢારમી સદીમાં ઉપાધ્યાયજી મ. શ્રી યશોવિજયજીએ જે કામ કર્યું તે પાછું ત્યાં જ અટકી ગયું. ત્યાર પછી ભારતીય દર્શનોમાં પણ કશો વિશેષ વિકાસ થયો નથી જે હાલમાં વીસમી સદીના પૂર્વાર્ધમાં થયો છે. ડૉ. રાધાકૃષ્ણ જેવાએ પશ્ચિમનાં દર્શનોનો અભ્યાસ કરીને પૂર્વ અને પશ્ચિમનો સમન્વય કરતું નૂતન વેદાંત દર્શન આપ્યું છે અને એ રીતે ભારતીય દર્શનોમાંના વેદાંત પક્ષને અદ્યતન બનાવવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આધુનિક દર્શનશાસ્ત્રમાંથી ગ્રાહ્ય કે ત્યાજ્યનો વિચાર કરનાર હજુ કોઈ જૈન દાર્શનિક પાક્યો નથી. એ જ્યાં સુધી નહીં પાકે ત્યાં સુધી વાચક યશોવિજયજી જૈન દર્શન વિશે અંતિમ પ્રમાણ રહેશે, પરંતુ વાચક યશોવિજયજીના આત્માને એથી સંતોષ ભાગ્યે જ થાય. તેમણે અષ્ટસહસ્રી જેવા ગ્રંથને દશમી સદીમાંથી બહાર કાઢીને અઢારમી શતાબ્દીનો બનાવી દીધો તે તેમના એ અષ્ટસહસ્રીના વિવરણને જ્યાં સુધી કોઈ વીસમી સદીમાં લાવીને ન મૂકે ત્યાં સુધી એમનો આત્મા અસંતુષ્ટ જ શા માટે ન રહે ?*

**દલસુખભાઈ માલવણિયા**

('શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ')

# આધ્યાત્મિક પદો

મહેન્દ્ર અ. દવે

મધ્યકાલીન ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરવામાં જૈન સંતકવિઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. આવા સંતકવિઓમાં ઉત્તર ગુજરાતના કનોડાના વતની મુનિશ્રી યશોવિજયજીનું નામ મોખરે છે. સંસ્કૃત-પ્રાકૃતના પરમ જ્ઞાતા, ભિન્નભિન્ન શાસ્ત્રોના મેધાવી પંડિત અને કવિતારાગી એવા આ વિરાગી સંત 'કૂર્ચાલી શારદા' તરીકે પ્રકીર્તિત થયા છે. એમની કાવ્યરચનાઓ 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ ૧-૨'માં પ્રસિદ્ધ થઈ છે. મુનિશ્રીની કેટલીક આધ્યાત્મિક અને ઉપદેશાત્મક રચનાઓનો અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ છે.

આ સંગ્રહના આધ્યાત્મિક પદવિભાગમાં મુનિશ્રીનાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યવિષયક કાવ્યો સંગૃહીત થયાં છે. આ વિભાગને 'આધ્યાત્મિક વિભાગ' ગણ્યો છે પણ આ પછીના વિભાગમાંય (ત્રીજા ખંડમાં) તત્ત્વગર્ભિત રચનાઓ મળે છે, જોકે એ વિશેષપણે સાંપ્રદાયિક છે. આ બીજા ખંડમાં બધી જ રચનાઓ આધ્યાત્મિક રંગની નથી. સંપાદન પૂરતો 'આધ્યાત્મિક' શબ્દ એના સરળ અર્થમાં સ્વીકારાયો છે એમ માનવું રહ્યું.

આ રચનાઓમાં પદેપદે આપણી પરંપરાપ્રાપ્ત સંતકવિતાના સંસ્કારો, વિચારો અને અભિવ્યક્તિમાં દેખાઈ આવે એ કુદરતી છે. સંતકવિતા એ તો વહેતી ગંગા છે. એની ગંગોત્રી વેદોપનિષદો કે આપણાં પ્રાચીન ધર્મકાવ્યો છે. પ્રાચીન કાળમાં પ્રગટેલી આ કાવ્યમંદાકિનીમાં મધ્યકાળના અનેક સંતકવિઓએ પોતાની શક્તિરુચિ અનુસાર વિમલ કુસુમોના ગણની અંજલિ અર્પીને સંતકવિતાને પરિપુષ્ટ કરી છે. યશોવિજયજીની રચનાઓમાં પણ આપણી પ્રાચીન તત્ત્વવિચારણા દેખાય એમાં કશું નવું નથી. જૂની પરંપરાને કવિએ પોતાની વાણી દ્વારા કેટલી સફળતાથી મૂર્ત કરી છે તે તપાસનો વિષય હોય.

યશોવિજયજી પ્રભુસ્મરણને માનવી માટે અનિવાર્ય તત્ત્વ માને છે. 'પ્રભુભજન'માં ભજન વિનાના માનવીને જીવતા પ્રેત સાથે સરખાવે છે. બીજી એક રચનામાં કવિ, પ્રભુની અનુભૂતિની વાત, કબીરની યાદ આવે તેમ, કહે છે. 'પરમ પ્રભુ સબ જન શબ્દે ધ્યાવે.' આપણે સહુ શબ્દ દ્વારા – લૌકિક કર્મકાંડો દ્વારા પ્રભુને પામવા પ્રયત્ન કરીએ છીએ. પણ એ તો, અખો કહે છે તેમ 'બાવન બાહેરો' કે 'શબ્દાતીત' છે. God is an experience and not a creed – આ વિધાનમાં

સત્ય છે. 'જબ લગ અંતર ભરમ ન ભાંજે, તબ લગ કોઉ ન પાવે'. હૈયાના અંધકારને, ભરમને દૂર કરવાનો છે. આ ભ્રમ દૂર થશે – અસત્ અસત્ છે તેની પ્રતીતિ થશે, 'હું' 'મારું' ખોવાશે ('હું મારું ખોયા શું કામ, મળે અખા ઘર બેઠા રામ') ત્યારે બધો જ દિવ્ય આનંદ આપણું રોમરોમ અનુભવશે. પ્રભુ ક્યાં શોધવો ? બહાર નહીં, આપણી અંદર અણુએ અણુમાં અને અખિલ બ્રહ્માંડમાં જ્યાંજ્યાં નજર પડે ત્યાં સર્વત્ર પ્રભુ વસેલો છે. વિશ્વમાં અને વિશ્વની પાર એનો વાસ છે. આ તો દૃષ્ટાન્તોથી જ સમજાવાય. કવિ કહે છે – 'પુદ્ગલસે ન્યારો પ્રભુ મેરો, પુદ્ગલ આપ છિપાવે.'

'અબ મેં સાચો સાહિબ પાયો' એ કાવ્ય તો કબીરની રચનાની નવી આવૃત્તિ જ લાગે. 'સાચો જૈન' અને 'સજ્જન રીતિ' અખાના 'અખેગીતા' અંતર્ગત કે નરહરિના 'સંતલક્ષણ'ની યાદ અપાવે. આ કાવ્યમાં કવિ 'જૈન દશા'ની મહત્ત્વની વાત કરે છે :

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત આપ અપૂઠી,
જૈન દશા ઉનમેંહી નાહી, કહે સો સબહી જૂઠી.

જૈન દશા એ કર્મકાંડ નથી, એક પ્રકારની mental state – મનની તટસ્થ વૃત્તિ છે. કર્મકાંડ આદિ તો બહારી ઉપકરણો છે. જેનું અંતર તટસ્થ છે, જે વીતરાગ છે, તુલસીએ કહ્યું તેમ 'કામ ન ક્રોધ ન લોભ ન મોહા ઉનકે ઉર વસહિ રઘુરાયા', આવી ઉદાસીન, અનાસક્ત વૃત્તિ તે જૈન દશા. મેથ્યુ આર્નોલ્ડે કહેલું તેમ 'Sweet resignation of soul' – આત્માની પ્રસન્ન વિરતિ. આ કહેવાય જૈન દશા ! આથી જ કવિ આ કાવ્યમાં આગળ કહે છે – 'ભાવ ઉદાસે રહીએ'.

'સજ્જન રીતિ' વધુ સરળ, માટે કાંઈક સુંદર, રચના છે. નિઃસ્વાર્થ ભાવે જે બીજાને ઉપયોગી થાય એ સાચો સજ્જન – 'બિનુ કારણ ઉપકારી ઉત્તમ'.

મનુષ્યની સર્વ વૃત્તિપ્રવૃત્તિનું કેન્દ્ર છે એનું મન. આપણા સર્વ બન્ધનમોક્ષના કારણરૂપ મનની ગતિ તો કેવી વિચિત્ર છે, વાયવી છે ? 'મનની સ્થિરતા'માં કવિ મનના આવા અરૂપ રૂપને સમજવા પ્રયત્ન કરે છે. મનમાંથી મમતા જતી નથી માટે મધ્યકાળનો અન્ય સંતકવિ કેવી વેદના અનુભવે છે ? 'મમતા તું ના ગઈ મોરે મનસે.' કબીર સાહેબ મનને લાડ લડાવતાં કહે છે – 'મન લાગો મેરો યાર ફકીરી મેં'. અખો 'ફેરવવું છે મન' એમ કહેતાં 'અમન' બનવાની વાત ઉપર આવી જાય છે. અહીં કવિ પણ આવી જ વાત કરે છે. 'જબ લગ આવે નહિ મન ઠામ', ત્યાં લગી બધી જ પ્રવૃત્તિઓ નિરર્થક છે. કષ્ટ, તપ, ઉપવાસ, કથા, કીર્તન, દેવદર્શન – 'સવિ ક્રિયા' આકાશમાં ન દોરાઈ શકાતા ચિત્રની જેમ નિરર્થક છે – 'જ્યોં ગગને ચિત્રામ'. મુનિશ્રીની વાણી ક્યારેક ઉગ્ર પણ બને છે. 'મુંડ મુડાવત સબહિ ગડરિયાં, હરિણ રોઝ વન ધામ' જેવી પંક્તિઓમાં કવિની વૈચારિક સ્વતંત્રતાનો અનુભવ થાય છે.

'સમતા અને મમતા' કાવ્યમાં સમતાની સાથે મમતાની સ્થાપના વિચારપ્રેરક છે. મમતા કેન્દ્રગામી ભાવ, સમતા કેન્દ્રોત્સર્ગી દૃષ્ટિ. મમતા ધરતી, તો સમતા

આકાશ. સુંદર વિચારને રમણીય કાવ્યઆકાર ન મળી શક્યો તેનો અફસોસ છે. 'મમતા મોહચાંડાલકી બેટી' કે 'મમતા મુખ દુર્ગંધ' – આવા શબ્દોમાં વ્યક્ત થતો મધ્યકાલીન સંતપરંપરાનો મમતાદ્વેષ અજાણ્યો નથી. યશોવિજયજી આમાંથી મુક્ત રહી શક્યા હોત ! આ કાવ્યની તુલનામાં 'સમતાનું મહત્ત્વ' વધુ સુરુચિવાળી રચના ગણાય, એમાંય એની છેલ્લી લીટી તો સ્વચ્છ આરસકણિકા સમી શોભે છે. કવિ કહે છે, 'ખેમા કરતાં ખરચ ન લાગે, ભાંગે કોડ કલેશ'. ગુજરાતી કવિ ખરચનો હિસાબ પહેલાં ગણે ? ક્ષમા એ તો જીવતરના બધા સંતાપો શમાવી દે એવી સંજીવની છે. સંસારના કેટકેટલા કલેશો, કષાયો આ ક્ષમાભાવથી આપોઆપ ટળી જશે. મહાવીરે, ઈસુએ, ગાંધીએ આ માટે તો જીવન ખર્ચી નાખ્યું. સંસ્કૃતિમાં ઝમી રહેલાં સત્યોને આવા અનેક નાનામોટા કવિઓએ કેવી સહજતાથી લોકભાષામાં ઉતારી આપ્યાં છે ?

'સુમતિને ચેતનાનો વિરહ' અને 'ચેતના' બન્ને રૂપકાત્મક વિરહકાવ્યો છે. કબીરના પંથે અહીં નિર્ગુણ પ્રેમલક્ષણાભક્તિને કાવ્યમાં ઉતારવાનો પ્રયત્ન થયો છે. પ્રથમ રચનામાં સુમતિ પ્રિયતમ ચેતનના વિરહમાં આકુલ છે. તે કહે છે – 'કબ ઘર ચેતન આવેંગે', 'વિરહ-દીવાની ફિરું ઢૂંઢતી પીઉપીઉ કરકે પોકારેંગે'. સુમતિ મિત્ર અનુભવને આ માટેનો ઉપાય કરવા કહે છે. અનુભવ કહે છે, 'મમતા ત્યાગ સમતા ઘર અપનૌં, વેગ જાય મનાવેંગે'. મમતાથી નહીં, સમતાથી પ્રભુ અનુભવ થશે. 'ચેતના' કાવ્યમાં પાત્રોનાં નામ બદલાય છે. વિરહિણી ચેતના ચિદાનંદના વિરહમાં કહે છે, 'કંત વિનુ કહો કોન ગતિ ન્યારી.' (યાદ આવી જાય છે અહીં જયશેખરસૂરિના 'પ્રબોધચિંતામણિ'માં રાજા પરમહંસના વિયોગમાં ચેતનારાણીનો વિલાપ.) ચેતના સખી સુમતિને પ્રિયતમને મનાવી લાવવા વિનંતી કરે છે.

> વિભ્રમ મોહ મહા મદ બિજુરી, માયા રેન અંધારી;
> ગર્જિત અરતિ લવૈં રતિ દાદુર, કામકી ભઈ અસવારી.

અને

> પિઉ મિલવેકું મુઝ મન તલફે, મૈં પિઉ ખિજમતગારી;
> ભુરકી દેઈ ગયો પિઉ મુજકો, ન લહે પીર પિયારી.

બન્નેમાં આ બીજી રચનામાં કવિતાની મીઠી હવાનો સ્પર્શ થયો.

શુદ્ધ કવિતા લેખે આ સર્વ રચનાઓને કેવી ગણીશું એ પ્રશ્ન છે. ક્યારેક કવિતાનો ચમકાર અનુભવાય છે. પરંપરાપ્રાપ્ત વિચારો અને નિરૂપણશૈલી, 'સધુક્કડી' હિંદી ભાષા આ રચનાઓમાં જણાય એનું વિસ્મય ન હોય. કવિની સર્જનશક્તિ કરતાં સર્જનનો ઉત્સાહ વધુ સંતોષકારક છે. મધ્યકાલીન ગુજરાતી સંતકવિતાની એક મહત્ત્વની કડી રૂપે યશોવિજયજીની રચનાઓનો પરિચય ઉપયોગી બની રહે છે.

☐

# 'આનંદઘન અષ્ટપદી' :
# લોઢામાંથી કંચન બન્યાની ચમત્કારકથા

જયંત કોઠારી

**આનંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી**

૧

મારગ ચલતચલત ગાત આનંદઘન પ્યારે, રહત આનંદ ભરપૂર.
મારગ૦

તાકો સરૂપ ભૂપ, ત્રિહું લોકથેં ન્યારો, વરસત મુખ પર નૂર.
મારગ૦ ૧

સુમતિસખિકે સંગ નિતનિત દોરત, કબહુ હોત હી ન દૂર.
જશવિજય કહે, સુનો હો આનંદઘન ! હમતુમ મિલે હજૂર.
મારગ૦ ૨

૨

આનંદઘનકો આનંદ સુજશ હી ગાવત, રહત આનંદ સુમતિ સંગ.
આનંદ૦

સુમતિસખિ ઓર નવલ આનંદઘન, મિલ રહે ગંગતરંગ. આનંદ૦ ૧
મન મંજન કરકે નિર્મલ કીયો હે ચિત્ત, તા પર લગાયો હે અવિહડ રંગ,
જશવિજય કહે સુનત હી દેખો, સુખ પાયો બોત અભંગ. આનંદ૦ ૨

૩

આનંદ કોઉ નહીં પાવે, જોઇ પાવે સોઇ આનંદઘન ધ્યાવે. આનંદ૦
આનંદ કોન રૂપ ? કોન આનંદઘન ? આનંદગુણ કોન લખાવે ?
આનંદ૦ ૧

સહજ સંતોષ આનંદગુણ પ્રગટત, સબ દુવિધા મિટ જાવે,
જસ કહે, સો હી આનંદઘન પાવત, અંતરજ્યોત જગાવે. આનંદ૦ ૨

૪

આનંદ ઠોરઠોર નહીં પાયા, આનંદ આનંદમેં સમાયા. આનંદ૦
રતિ-અરતિ દોઉ સંગ લીય વરજિત, અરથને હાથ તપાયા. આનંદ૦ ૧
કોઉ આનંદઘન છિદ્ર હી પેખત, જસરાય સંગ ચડી આયા,

આનંદઘન આનંદરસ ઝીલત, દેખત હી જસ ગુણ ગાયા. આનંદ૦ ૨

૫

આનંદ કોઉ હમ દેખલાવો, આનંદ૦
કહાં ઢૂંઢત તૂં મૂરખ પંથી[1], આનંદ હાટ ન બેકાવો. આનંદ૦ ૧
એસી દશા આનંદ સમ પ્રગટત, તા સુખ અલખ લખાવો,
જોઈ પાવે સોઈ કછુ ન કહાવત, સુજસ ગાવત તાકો વધાવો.
આનંદ૦ ૨

૬

આનંદકી ગત આનંદઘન જાને, આનંદકી૦
વાઈ સુખ સહજ અચલ અલખ પદ, વા સુખ સુજસ બખાને.
આનંદકી૦ ૧
સુજસવિલાસ જબ (અબ) પ્રગટે આનંદરસ, આનંદ અક્ષય ખજાને,
એસી દશા જબ પ્રગટે ચિત્ત અંતર, સો હિ આનંદઘન પિછાને.
આનંદકી૦ ૨

૭

એ રી આજ આનંદ ભયો, મેરે તેરો મુખ નિરખનિરખ,
રોમરોમ શીતલ ભયો અંગોઅંગ. એ રી૦
શુદ્ધ સમજણ સમતારસ ઝીલત, આનંદઘન ભયો અનંતરંગ,
એ રી૦ ૧
એસી આનંદદશા પ્રગટી ચિત્ત અંતર,
તાકો પ્રભાવ (પ્રવાહ) ચલત નિરમલ ગંગ,
વારિ ગંગા સમતા દોઉ મિલ રહે, જસવિજય ઝીલત તાકે રંગ.
એ રી૦ ૨

૮

આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ, તબ આનંદ સમ ભયો સુજસ,
પારસ સંગ લોહા જો ફરસત, કંચન હોત હી તાકે કસ.
આનંદઘનકે૦ ૧
ખીરનીર જો મિલ રહે આનંદ જસ, સુમતિસખિકે સંગ
ભયો હે એકરસ,
ભવ ખપાઈ સુજસ વિલાસ ભયે, સિદ્ધસ્વરૂપ લિયે ધમમસ.
આનંદઘનકે૦ ૨

**ઉપાધ્યાય યશોવિજય**

('ગૂર્જર સાહિત્યસંગ્રહ ભા.૧' : કૌંસમાં મૂક્યાં છે તે અન્યત્રથી પ્રાપ્ત થયેલાં પાઠાંતર છે.)

આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ,
તબ આનંદ સમ ભયો સુજસ.
પારસ સંગ લોહા જો ફરસત,
કંચન હોત હી તાકે કસ.

આનંદઘનનો સંપર્ક થવાથી યશોવિજયજીમાં કંઈક અદ્‌ભુત પરિવર્તન આવ્યું – એ આનંદમય – આનંદરૂપ બની ગયા, ચિદાનંદસ્વરૂપ બની ગયા. પરિવર્તનની અદ્‌ભુતતા પ્રગટ કરવા યશોવિજયજી દૃષ્ટાંત આપે છે કે લોઢું જો પારસને સ્પર્શે તો એના દબાવથી, એના બળથી એ સોનું બની જાય છે. 'આનંદઘન અષ્ટપદી' લોઢામાંથી સોનું બન્યાની ચમત્કારઘટનાનો એક પ્રબળ ભાવાવેશભર્યો ઉદ્‌ગાર છે.

યશોવિજયજીનું આ પરિવર્તન, આ સ્વરૂપાંતર શું છે, કયા પ્રકારનું છે, કઈ દિશાનું છે ? યશોવિજયજી મુખ્યત્વે જ્ઞાની હતા, પંડિત હતા. જ્ઞાનોપાસનાનો ભારે મોટો શ્રમ એમણે ઉઠાવ્યો હતો. એ કાશી ગયા, ન્યાયવિશારદ થયા, ષડ્‌દર્શનવેત્તા બન્યા. એમણે વાદીઓને – પ્રતિપક્ષીઓને હરાવ્યા. કાશી જતાં પહેલાં એમણે આઠ અવધાનનો પ્રયોગ કર્યો હતો, તો કાશીથી આવીને એમણે અઢાર અવધાનનો પ્રયોગ કરી બતાવ્યો. સ્મરણશક્તિના આ ખેલ યશોવિજયજીનું વિદ્યાસિદ્ધિ તરફ કેવું લક્ષ હતું એના નિદર્શક છે.

જ્ઞાનવિકાસ – બૌદ્ધિક વિકાસ એ યશોવિજયજીના જીવનની જાણે નેમ હોય એમ લાગે છે. જ્ઞાનના ક્ષેત્રમાં એમણે વ્યાપ અને ઊંડાણ બન્ને સાધ્યાં. વિવિધ વિષયો પર એમણે અનેક ગ્રંથો લખ્યા અને કુશાગ્ર બુદ્ધિથી એ વિષયોની ગહનતા તાગી. ખંડનમંડનમાં ઘણો રસ લીધો. એનો દર્પ પણ અનુભવ્યો. 'લુમ્પકો (મૂર્તિ-પૂજામાં ન માનનારા)ને મુખે કાળો કૂચડો ફેરવી દીધો' જેવા કઠોર, અસહિષ્ણુતા-ભર્યા કહેવાય એવા ઉદ્‌ગારો કર્યા. પોતાની જાતને 'સિતામ્બર-શિરોમણિ' તરીકે ઓળખાવી. 'વાણી વાચક જસ તણી કોઈ નયે ન અધૂરી' '('જ્ઞાનસાર'માં) તત્ત્વનું સ્પષ્ટ આલેખન કરી બતાવ્યું છે.' '('જ્ઞાનસાર'નો બાલાવબોધ) બાળકોને લાળ ચાટવા જેવો નીરસ નહીં, પરંતુ ન્યાયમાલારૂપ અમૃતના પ્રવાહ સરખો છે' એમ આત્મગૌરવભરી ઉક્તિઓ કરી, આત્મપ્રશસ્તિ કરી. ક્રિયાની સામે જ્ઞાનનું મહત્ત્વ કર્યું –

બહુવિધ ક્રિયાકલેશ શું રે, શિવપદ ન લહે કોય,
જ્ઞાનકલા-પરગાસ સો રે, સહજ મોક્ષપદ હોય.

કોરી ક્રિયાઓને નિરર્થક ગણાવી – માથું તો ઘેટાઓ પણ મુંડાવે છે ને હરણ-રોઝ વનમાં રહે છે, ગધેડો તાપ સહન કરે છે ને ભસ્મમાં આળોટે છે, પણ એથી શું ? – અને જ્ઞાનયુક્ત ક્રિયાની જિકર કરી. એટલેકે જ્ઞાનને ધર્મજીવનની કસોટી બનાવી.

આ જ્ઞાનીપણાના વિકાસ – બૌદ્ધિક વિકાસ તરફ જ યશોવિજયજીની નજર રહી હોત તો તેઓ આઠમાંથી અઢાર અવધાન સુધી પહોંચ્યા તેમ સો અવધાન

કરવા સુધી પહોંચ્યા હોત. પણ એમ થતું નથી. ઊલટું, એ કહેવા લાગે છે કે –

પઢપઢ કેઈ રિઝાવત પરકું, કષ્ટ અષ્ટ અવધાનમઈ,
આપકું આપ રિઝાવત નાહી, ભેદ ન જાન-અજાનમઈ.

પોથીપંડિતાઈ, આઠ અવધાનનો શ્રમ – આ બધું તો બીજાને રિઝાવવા માટે છે, બીજાને પ્રભાવિત કરવા માટે છે. ખરી વાત તો પોતાને રિઝાવવાની છે. પોતે પોતાને ન રિઝાવે તો જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે કશો ભેદ નથી. મતલબ કે જ્ઞાની અજ્ઞાની જેવા જ છે.

આ ઉદ્‌ગારો બતાવે છે કે યશોવિજયજી જ્ઞાનની પણ મર્યાદા જોતા થયા છે, જેમ ક્રિયાની મર્યાદા એમણે જોઈ છે. આ જ્ઞાન તે પંડિતાઈ – શાસ્ત્રજ્ઞાન. યશોવિજયજી ક્રિયા અને જ્ઞાનનો પરિહાર કરતા નથી પણ શુદ્ધ ક્રિયા અને શુદ્ધ જ્ઞાનની હિમાયત કરે છે. ક્રિયાક્લેશથી મોક્ષપદ મળતું નથી એમ કહેતી વખતે મોક્ષપદ જેના વડે મળે છે એને એમણે 'જ્ઞાનકલા' કહી છે. 'જ્ઞાન' નહીં પણ 'જ્ઞાનકલા'. તરત જ 'જ્ઞાન'ને સ્થાને 'અનુભવ' શબ્દ વાપરે છે અને એને 'ચિંતામણિ રત્ન' તરીકે ઓળખાવે છે. અનુભવ એટલે આત્માનુભવ, આત્મભાવ, આત્મસ્થતા. ક્રિયા નકામી છે તે આવી આત્મસ્થતા વિના –

જબ લગ આવે નહિ મન ઠામ,
તબ લગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફલ, જ્યોં ગગને ચિત્રામ.

અનુભવ એ જ્ઞાનની એક જુદી કોટિ છે. યશોવિજયજી ઉપમાથી જ્ઞાનના ત્રણ પ્રકાર બતાવે છે – પાણી સમાન, દૂધ સમાન અને અમૃત સમાન. અમૃત સમાન જ્ઞાન તે અનુભવ. પાણી સમાન તે લૌકિક જ્ઞાન – જગતજ્ઞાન અને દૂધ સમાન તે શાસ્ત્રજ્ઞાન – શ્રુતજ્ઞાન એમને અભિપ્રેત હોય એમ જણાય છે. શાસ્ત્રજ્ઞાન અને અનુભવજ્ઞાનનું તારતમ્ય તે વિવિધ રીતે સમજાવે છે :

પાયસમાં જેમ વૃદ્ધિનું કારણ ગોયમનો અંગૂઠો,
જ્ઞાન માંહિ અનુભવ તિમ જાણો, તે વિણ જ્ઞાન તે જૂઠો રે.
અવયવ સવિ સુંદર હોયે દેહે, નાકે દીસે ચાઠો,
ગ્રંથજ્ઞાન અનુભવ વિણ તેહવું, શુક જિસ્યો શ્રુતપાઠો રે.
સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને, અનુભવ નિશ્ચય જેઠો,
વાદવિવાદ અનિશ્ચિત કરતો, અનુભવ વિણ જાય હેઠો રે.
જિમજિમ બહુશ્રુત બહુજનસંમત, બહુલ શિષ્યનો શેઠો,
તિમતિમ જિનશાસનનો વયરી, જો નવિ અનુભવ નેઠો રે.

('શ્રીપાલ રાસ')

આ અનુભવ શી ચીજ છે ? યશોવિજયજી કહે છે કે એમાં પ્રેમની ગરિમા છે, એની સાધના એ પ્રેમની સાધના છે. પ્રેમરસ હોય ત્યાં કોઈ ગાંઠ રહેતી નથી. શેરડીમાં જેમ રસ હોય ત્યાં ગાંઠ ન હોય અને ગાંઠ હોય ત્યાં રસ ન હોય એના જેવું

આ છે. એ નિશ્ચયરૂપ છે, પરમ સત્યની પ્રતીતિરૂપ છે. એમાં આત્માની પ્રસન્નતા છે, આત્માની ઋદ્ધિવૃદ્ધિનો આવિષ્કાર છે. એમાં સમ્યક્ત્વ – સમ્યગ્દૃષ્ટિ ઊઘડે છે અને સમ્યક્શ્રુત તથા મિથ્યાશ્રુતના ભેદો અપ્રસ્તુત થઈ જાય છે કેમકે સમ્યગ્દૃષ્ટિથી ગ્રહણ કરેલું મિથ્યા શ્રુત પણ સમ્યક્ બની જાય છે, જ્યારે મિથ્યાદૃષ્ટિથી ગ્રહણ કરેલું સમ્યક્ શ્રુત મિથ્યા બની જાય છે. એમાં સમતાનું સુખ છે, દંભનો અભાવ છે, મોહમલનો પરાજય છે અને અનુભવના અમૃતરસથી સર્વ તૃષા છીપી જાય છે. ટૂંકમાં પોતાનું મિથ્યા રૂપ મટી જઈ ખરું આત્મતત્વ સિદ્ધ થાય છે.

યશોવિજય આવા 'અનુભવી' બન્યા છે – 'જ્ઞાની'માંથી 'અનુભવી' કે જ્ઞાની ઉપરાંત અનુભવી. એમણે કહ્યું છે કે અનુભવની જીભ વડે શાસ્ત્રરૂપી ક્ષીરના રસાસ્વાદને જાણનારા-પારખનારા વિરલ હોય છે. યશોવિજય આવા વિરલા માંહેના એક હતા. પોતાની આ અનુભવી અવસ્થાનો હવાલો પણ યશોવિજયજી આપે છે :

"મિથ્યા દૃષ્ટિએ ગ્રહણ કરેલું સમ્યક્ શ્રુત પણ મિથ્યા બને છે ને સમ્યગ્ દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યા શ્રુત સમ્યક્ બને છે – એ અમારી સ્થિતિ છે."

"જે શાન્ત હૃદયવાળા – શમભાવને પામેલા છે તેમનાં શોક, મદ, કામ, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ, વૈર ક્ષીણ થઈ જાય છે એનો અમારો અનુભવ જ સાક્ષી છે."

"સ્વર્ગનું સુખ દૂર છે અને મુક્તિપદવી તો એથીયે દૂર છે, પણ સમતાસુખને તો અમે મનમાં રહેલું સ્પષ્ટ રીતે જોયેલું છે – અનુભવેલું છે."

'શ્રીપાલ રાસ'નું અનુભવાસ્થાનું વર્ણન એમની પોતાની સ્થિતિના વર્ણન તરીકે જ આવેલું છે :

તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગનો તૂઠો,
એ શ્રીપાળનો રાસ કરંતા, જ્ઞાન-અમૃતરસ વૂઠો રે.
અનુભવવંત અદંભની રચના, ગાયો સરસ સુકંઠો,
ભાવસુધારસ ઘટઘટ પીયો, હુઓ પૂરણ ઉતકંઠો રે.

આ સ્થિતિ બ્રહ્મજ્ઞાનીના વચનથી થઈ છે એ પણ એમણે કહ્યું છે :

"બ્રહ્મ (શુદ્ધ ચૈતન્ય – ચિદાવસ્થા)માં રહેનાર ને બ્રહ્મને જાણનાર બ્રહ્મને પામે એમાં શું આશ્ચર્ય ? અમે તો બ્રહ્મવિદના વચનથી પણ બ્રહ્મમાં વિલાસ કરતા થયા છીએ."

'આનંદઘન અષ્ટપદી'માં એ વાતનો સ્પષ્ટ સ્વીકાર છે કે એમનું આ સ્વરૂપાન્તર આનંદઘનજીના સંસર્ગને આભારી છે. પહેલા પદમાં જ યશોવિજયજી કહે છે કે 'જશવિજય કહે સુનો, હો આનંદઘન ! હમતુમ મિલે હજૂર.' માત્ર 'મિલે' નહીં પણ 'મિલે હજૂર.' માત્ર મળ્યા નહીં, સામસામે મળ્યા, મુખોમુખ મળ્યા. 'હજૂર' શબ્દ આમ નિકટતાનો, સાક્ષાતપણાનો ભાવ લઈને આવે છે.

યશોવિજય આનંદઘનને મળ્યા, પણ કેવા આનંદઘનને મળ્યા ? આનંદઘનની એ મસ્ત અવધૂતદશાનું આ પદમાં વર્ણન થયું છે, જે યશોવિજયને સ્પર્શી ગઈ છે, એમના મનમાં વસી ગઈ છે, એમના ચિત્તને ચોટ લગાવી ગઈ છે. પહેલી પંક્તિ એક નાનકડી વર્તનરેખાથી જ આનંદઘનની અવધૂતદશાને મૂર્ત કરે છે – 'મારગ ચલત-ચલત ગાત આનંદઘન પ્યારે.' ધ્યાન ધરતા બેઠેલા આનંદઘન નહીં પણ માર્ગમાં ચાલતા – ચાલતાચાલતા ગાતા આનંદઘન. વ્યવહારજગતમાં વિચરતા, છતાં ગાનમાં – આત્માનુભવના આનંદગાનમાં મસ્ત આનંદઘન. યશોવિજયજી કહે છે કે એમનું મુખ તેજ વરસાવે છે, એ હમેશાં આનંદથી ભરેલા હોય છે, અને એમનું આ રૂપ ત્રણે લોકમાં ન્યારું છે, એ એક રાજવીરૂપ છે – પ્રભાવશાળી, વૈભવશાળીરૂપ છે.

આનંદઘનજીની આંતર સંપત્તિની વાત કરતાં યશોવિજયજી કહે છે – 'સુમતિસખિકે સંગ નિતનિત દોરત, કબહુ ન હોત હી દૂર.' સુમતિસખીની સાથે હમેશાં દોડતા રહે છે, ગતિ કરતા રહે છે, ક્યારેય એનાથી દૂર થતા નથી, પાછળ રહી જતા નથી. 'સુમતિ' એટલે શુદ્ધ બુદ્ધિ, શુદ્ધ જ્ઞાન. અનુભવદશાના લક્ષણ તરીકે યશોવિજયજી અનેક વાર સુમતિનો ઉલ્લેખ કરે છે. એને એક સ્ત્રી રૂપે પણ કલ્પે છે અને સહચારનું એક ચિત્ર ઊભું કરે છે.

આવા આનંદઘનની મુખોમુખ યશોવિજયજી થયા.

બીજું પદ આનંદઘનના આ દર્શનમિલને યશોવિજયજીમાં જગાડેલા ભાવનું – એમની પ્રતિક્રિયાનું વર્ણન કરે છે. આનંદઘનના આનંદને સુજસ ગાય છે. 'સુજસ' એ યશોવિજયે પોતાને માટે યોજેલું ટૂંકું નામ છે, જે એમણે અનેક સ્થાને વાપર્યું છે, પણ અહીં 'સુજસ'નો 'સુ' સાર્થક બની રહે છે, કેમકે એ યશોવિજયની જુદી – ઊંચી આધ્યાત્મિક કોટિ નિર્દેશે છે.

જેને યશોવિજય ગાય છે એ આનંદઘનનો આનંદ વિશિષ્ટ પ્રકારનો છે. એ સુમતિયુક્ત છે. યશોવિજય એક ઉપમા યોજીને કહે છે કે 'સુમતિસખિ ઓર નવલ આનંદઘન મિલ રહે ગંગતરંગ.' ગંગાના તરંગોની પેઠે હળીભળી રહેલ છે તે સુમતિસખી અને આનંદ કે આનંદઘન ? કવિએ કદાચ 'આનંદઘન' શબ્દમાં શ્લેષ યોજ્યો છે. 'આનંદઘન' એટલે ઘનિષ્ઠ – ગાઢ આનંદ તેમ આનંદઘન પોતે. 'નવલ' વિશેષણ એમ સૂચવે છે કે આ આનંદ જુદી કોટિનો છે – નૂતન પ્રકારનો છે; આ આનંદઘન એક જુદા પ્રકારનો આત્મા છે – આગળ કહ્યું હતું તેમ ત્રણે લોકમાં ન્યારો.

યશોવિજય ગાઈ રહ્યા છે ને વળી ન્હાઈ રહ્યા છે એ નવતર ગંગાપ્રવાહમાં. મનને આ ગંગાપ્રવાહમાં મજ્જન કરાવીને – ડુબાડી-નવડાવીને નિર્મળ કર્યું છે અને તેના પર અવિનાશી – ઊડીઊપટી ન જાય એવો રંગ લગાવ્યો છે. આમ, ગાવાની સાથે યશોવિજયના સ્વરૂપાન્તરની પ્રક્રિયા ચાલી છે. પરિણામે એમણે બહુ અને

અભંગ – અકાટ્ય, નિત્ય સુખ પ્રાપ્ત કર્યું છે. આ સુખ, યશોવિજયજી કહે છે કે, 'સાંભળતાં' પ્રાપ્ત કર્યું છે. એટલેકે આનંદઘનના વચનથી – એમના ગાનથી. 'અમે બ્રહ્મજ્ઞાનીના વચનથી જ બ્રહ્મમાં વિલાસ કરીએ છીએ' એ યશોવિજયની ઉક્તિ આપણને અહીં યાદ આવે.

ત્રીજું પદ એક વિશિષ્ટ વિચાર લઈને આવે છે : આનંદને કોઈ સહેલાઈથી પ્રાપ્ત કરી શકતું નથી, પણ જે પ્રાપ્ત કરે છે એ જ આનંદઘનનું ધ્યાન કરી શકે છે – એમનું ચિંતવન કરી શકે છે, એમની સાથે પોતાનું ચિત્ત જોડી શકે છે.'દેવો ભૂત્વા દેવં યજેત્' – દેવની પૂજા દેવ બનીને થઈ શકે છે. એમ આનંદઘનની ભક્તિ – એમનું ગાન આનંદઘન જેવા આનંદસ્વરૂપ બનીને જ થઈ શકે. આ આનંદ શું છે ? આનંદઘન શું છે ? (ફરી પાછો શ્લેષ – ઘનિષ્ઠ આનંદ કે આનંદઘન વ્યક્તિ ?) આનંદનો શો ગુણ – એનું શું લક્ષણ છે ? સહજ સંતોષ એ આનંદના ગુણ તરીકે પ્રગટ થાય છે અને એને પરિણામે સઘળા સંશયો – સંકલ્પવિકલ્પો મટી જાય છે. અંતરમાં જ્યોત જાગે છે, પ્રકાશ પથરાય છે. જે આ રીતે અંતરની જ્યોતને જગાવે છે એ જ આનંદઘનને પ્રાપ્ત કરી શકે છે.

ચોથા પદમાં આનંદની અને આનંદસ્થિતિ પ્રાપ્ત કરનારની વિરલતાની વાત થઈ છે. આનંદ ઠેરઠેર મળતો નથી. આનંદ આનંદમાં જ રહેલો છે. એટલે આનંદની પ્રાપ્તિ બીજા કશામાંથી થતી નથી. આનંદ એક સહજ સાધના છે. રતિ અને અરતિ – રાગ અને વિરાગ, આસક્તિ અને અનાસક્તિ બન્નેનો સંગ એમાં વર્જિત છે. એનાથી પર એવી એ આત્મસ્થિતિ છે. ઇચ્છા-અપેક્ષાઓ જ આસક્તિ-અનાસક્તિ, રુચિ-અરુચિ, જન્માવે છે અને આપણને પીડા નિપજાવે છે. આસક્તિ-અનાસક્તિ, રુચિ-અરુચિ, હર્ષ-શોક આ બધાં દ્વન્દ્વોથી પર એવી આનંદની સ્થિતિ કેવી હોય છે એ યશોવિજયજી આનંદઘનના દૃષ્ટાંતથી જ સમજાવે છે. આનંદઘનને નહીં સમજી શકનારા કેટલાક લોકો હતા. તેઓ એમના દોષ જ જોતા, એમની નિંદા કરતા. આવે પ્રસંગે યશોવિજય આનંદઘનને પડખે રહે છે. એમનો બચાવ કરવા પ્રવૃત્ત થાય છે. પણ આનંદઘનને આવી સહાયની જરૂર હતી ખરી ? પ્રશંસા-નિંદા આનંદઘનને ક્યાં સ્પર્શતી હતી ? એ તો આનંદરસમાં ન્હાયા જ કરે છે, આનંદભાવમાં મસ્ત રહે છે. આનું નામ જ ખરી આનંદાવસ્થા. યશોવિજય આ જોઈને પ્રભાવિત થઈ જાય છે અને આનંદઘનનાં, એમની આનંદાવસ્થાનાં ગુણગાન ગાય છે.

પાંચમું પદ ચોથા પદના વિચારતંતુને જ આગળ ચલાવે છે અને આનંદ-વસ્તુની અસામાન્યતા દર્શાવે છે. લોકો જ્યાંત્યાં આનંદને શોધતા હોય છે, પણ એ મૂર્ખ છે. આનંદ કંઈ બજારમાં વેચાતી ચીજ નથી. આનંદનું બાહ્ય આવિષ્કરણ પણ નથી હોતું કે આપણને નજરે ચડે. આનંદની સ્થિતિ પ્રગટે છે એનું સુખ તો અલક્ષ્ય – અગોચર હોય છે. આનંદની અવસ્થા પ્રાપ્ત કરનાર કશું કહેતો હોતો નથી. એટલેકે એ સ્થિતિ અવાચ્ય છે, અવર્ણનીય છે, એ વાણી રૂપે પ્રગટ થતી નથી. માટે

જ એને આવા કોઈ મૂર્ત રૂપે શોધવી વ્યર્થ છે. યશોવિજય આવી આનંદસ્થિતિની ને એ સ્થિતિ પ્રાપ્ત કરનારની વધામણી ગાય છે.

આનંદની ગતિ, આમ, વિલક્ષણ છે. એને, યશોવિજય કહે છે કે, આનંદઘન જેવા કોઈ વિરલા જ જાણી શકે છે – પામી શકે છે. એ સ્થિતિનું સુખ સહજ છે, અચલ છે, અલખ છે, અનાયાસસાધ્ય છે – પ્રયત્ન કરવાથી મળે તેવું નથી, સ્થિર અને શાશ્વત છે, અલક્ષ્ય – અગોચર – ઇન્દ્રિયાતીત છે. યશોવિજય આ સુખનો મહિમા કરે છે.

બીજા પદમાં યશોવિજયે આનંદઘનના દર્શનમિલને પોતાનામાં જગાડેલા ભાવનું વર્ણન કર્યું હતું. પછીથી એમણે સામાન્ય ભાવે વાત કરી હતી, પરંતુ એમાં યશોવિજય પ્રચ્છન્નપણે રહેલા ન હોય એમ માનવા જેવું નથી. હવે ફરીને યશોવિજય પોતાને દાખલ કરે છે. એ કહે છે કે સુજસના (એટલેકે પોતાના) વિલાસ રૂપે – ક્રીડા રૂપે – અનુભવ રૂપે આનંદરસ પ્રગટ્યો છે, આનંદના અક્ષય ખજાના ઊઘડ્યા છે. ચિત્તમાં આ આનંદની સ્થિતિ આવે છે ત્યારે જ આનંદઘનને ઓળખી-પારખી શકાય છે. એવી સ્થિતિ આવી ત્યારે જ એમણે આનંદઘનને ઓળખ્યા-પારખ્યા. ફરી 'દેવો ભૂત્વા દેવં યજેત્'વાળી વાત.

હવે તો યશોવિજયની જ કથા. સાતમા પદમાં એમની આનંદાનુભૂતિનો ઉમળકાભરેલો, ઉત્સાહપૂર્ણ ઉદ્‌ગાર છે –

એ રી આજ આનંદ ભયો, મેરે તેરો મુખ નિરખનિરખ.
રોમરોમ શીતલ ભયો અંગોઅંગ.

આનંદઘનનું મુખ જોઈને, એમની પ્રત્યક્ષતાથી, આનંદ જન્મ્યો છે. કવિએ 'નિરખનિરખ' શબ્દ વાપર્યો છે; એ અહીં અર્થપૂર્ણ બને છે. નીરખીને એટલે ધ્યાનથી જોઈને, એકાગ્રતાથી જોઈને. શબ્દ બેવડાવ્યો છે એટલે, વારેવારે ધ્યાનપૂર્વક જોઈને, સાતત્યપૂર્વક એકાગ્રતાથી દર્શન કરીને. એ દર્શન પરમ શાતા પ્રેરનારું છે. 'અંગોઅંગ' અને 'રોમરોમ' – એકેએક અંગ અને એનું એકેએક રૂંવાડું શીતલ થયું છે, એનો સઘળો તાપ-સંતાપ જતો રહ્યો છે. સમસ્ત અસ્તિત્વ શાતાનો અનુભવ કરી રહ્યું છે.

'શુદ્ધ સમજણ સમતારસ ઝીલત, આનંદઘન ભયો અનંતરંગ' એ પછીની પંક્તિ આપણને જરા દ્વિધામાં નાખે છે. શુદ્ધ સમજણ અને સમતારસમાં ઝીલે છે એ કોણ ? આનંદઘન કે યશોવિજય ? યશોવિજય માટેની એ પંક્તિ માનીએ તો 'આનંદઘન' શબ્દને ઘનિષ્ઠ – ગાઢ આનંદ એવા અર્થમાં લેવાનો રહે. અથવા યશોવિજય આનંદઘનરૂપ બની ગયા એમ સમજવાનું રહે. 'ભયો' ક્રિયાપદ જોતાં 'આનંદઘન' એટલે ઘનિષ્ઠ આનંદ એ અર્થઘટન વધારે સંભવિત લાગે છે.

શુદ્ધ સમજણ એટલે સુમતિ. સુમતિ અને સમતા એ બે જુદા પદાર્થો છે કે એક ? અહીં તો બન્ને શબ્દો સાથે વપરાયા છે પણ કેટલીક વાર એ એકબીજાને

સ્થાને આવતા જણાય છે. સુમતિ એટલે સમતાયુક્ત ચિત્તાવસ્થા, સમ્યગ્ દૃષ્ટિ, જેને 'અનુભવ'ના એક લક્ષણ તરીકે યશોવિજયે વારંવાર દર્શાવેલ છે. આમ, બન્નેને એકરૂપ ગણવામાંયે કશું ખોટું નથી. આનંદાનુભૂતિનું એ એક મુખ્ય ઘટક છે.

આ આનંદાનુભૂતિ અનંતરંગી છે, વિચિત્રિત છે. આવી આનંદદશા ચિત્તમાં પ્રગટે ત્યારે નિર્મલ ગંગા જેવો એનો પ્રભાવ – પ્રવાહ હોય છે – શૈત્ય, પાવનત્વ આદિ ગુણોથી યુક્ત. આ આનંદગંગા અને સમતાનો સંયોગ થયો છે અને યશોવિજય એની સાથે સ્નાનક્રીડા કરી રહ્યા છે.

છેલ્લું પદ આગલા પદની દ્વિધાના ઉત્તરરૂપ હોય એવી પંક્તિથી શરૂ થાય છે. એમાં સ્પષ્ટ રીતે કહેવાયું છે કે આનંદઘનની સાથે યશોવિજય મળ્યા ત્યારે એ આનંદરૂપ બની ગયા. પારસને લોઢું સ્પર્શે તો એના પ્રભાવથી એ સોનું બની જાય તેમ આનંદઘનના સંસર્ગથી યશોવિજયનું આવું અદ્ભુત, દિવ્ય સ્વરૂપાન્તર થયું. દૂધ અને પાણી પરસ્પરમાં હળીભળી જાય એમ યશોવિજય આ આનંદાનુભૂતિમાં લીન થયા છે, અને સુમતિસખીની સાથે એકરસ થઈ ગયા છે. સંસારનો – સંસારભાવનો ક્ષય કરીને એ આનંદાનુભૂતિમાં એ રમી રહ્યા છે. એમાં 'ધસમસ' એટલે ઝડપથી પ્રવેશીને એમણે સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે.

આ સિદ્ધસ્વરૂપી યશોવિજય એ આનંદઘનની દેન છે, એમનો ચમત્કાર છે. 'અષ્ટપદી' આ ચમત્કારની રોમાંચક કથની છે.

'અષ્ટપદી'માં કેટલીક વાત વારંવાર ઘૂંટાયેલી જણાશે. કેટલીક પદાવલિ પણ પડઘાયા કરતી લાગશે. 'આનંદ' શબ્દ તો સતત આપણા કાને અથડાયા કરે છે. મોટા ભાગનાં પદો 'આનંદ' શબ્દથી જ આરંભાય છે. યશોવિજયે માર્મિક સૂચક રેખાથી નહીં પણ શબ્દૌઘથી ધારી અસર નિપજાવવાનું રાખ્યું છે. એમ પણ કહી શકાય કે યશોવિજય એવા આનંદાવેશમાં છે કે શબ્દનો – ઉક્તિનો અનિયંત્રિત અસ્ખલિત પ્રવાહ વહે છે અને એ પ્રવાહમાં આપણે પણ વહીએ છીએ. શબ્દેશબ્દનો વિચાર કરવા થોભ્યા વિના આપણે વહીએ છીએ. ઘોષ-પ્રતિઘોષનું ડંમર જેમ આપણા ચિત્તને ભરી દે છે, વ્યાપી વળે છે તેવું અહીં બને છે. આ પણ એક કાવ્યરીતિ છે અને કાવ્યનો વિષય જ્યારે અતીન્દ્રિય અનુભવનો હોય ત્યારે એ કાવ્યરીતિ કામિયાબ બને છે. આમ છતાં, 'અષ્ટપદી'માં કેટલાક માર્મિક સઘન પ્રયોગો મળે છે, એમાં ઊંડો અધ્યાત્મવિચાર ગૂંથાયેલો છે એ અદકેરો લાભ છે.

□

# સાહિત્યસૂચિ

સંપાદકો

જયંત કોઠારી, કાંતિભાઈ બી. શાહ, રસિક મહેતા, સલોની જોશી

૧

## ઉપાધ્યાય યશોવિજયજી વિરચિત પ્રકાશિત ગ્રંથોની સૂચિ

(આ સૂચિ મુખ્યત્વે લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ગ્રંથસંગ્રહને આધારે કરી છે અને એમાં ગ્રન્થસૂચિકાર્ડની મદદ લીધી છે. 'યશોદોહન' (હીરાલાલ ર. કાપડિયા)નો પણ લાભ લીધો છે. જૈન સાહિત્ય વિકાસ મંડળે તૈયાર કરેલી સાઈક્લોસ્ટાઈલ્ડ સૂચિમાંથી કેટલીક પૂર્તિ કરી છે. અન્ય સાધનો જોવાનું બની શકયું નથી. તેમ માહિતી જેવી મળી તેવી જ મૂકી આપી છે; તે ચકાસવાનું બન્યું નથી. અભ્યાસીઓ આમાં શુદ્ધિવૃદ્ધિ સૂચવશે એવી આશા છે.

પ્રાથમિક રીતે આ પ્રકાશિત ગ્રંથોની સૂચિ છે. કેટલાક ગ્રંથો એકથી વધુ કૃતિઓને સમાવે છે. તે ગ્રંથોની સાથે કૌંસમાં સંગૃહીત કૃતિઓનાં નામ આપ્યાં છે. ઉપરાંત, તે કૃતિનામોને વર્ણાનુક્રમમાં ગોઠવી તેની સામે એ જ્યાં સંગૃહીત થયેલ છે તે ગ્રંથનો ક્રમાંક નિર્દેશ્યો છે.)

૧. અઢાર પાપસ્થાનક સજ્ઝાયોની ચોપડી, શેઠ દલસુખભાઈ ભગુભાઈ, ઈ.સ.૧૮૬૭.

૨. અઢાર પાપસ્થાનકની સજ્ઝાય (ગુ.). (અર્થવિવેચન સહિત), પ્રકા. આશારીઆ નથ્થુભાઈ, વીરડા, કચ્છ ઈ.સ.૧૯૫૩. વિ.સં.૨૦૦૯ (ચોથી આ.).

૩. અઢાર પાપસ્થાનક તથા બાર ભાવનાની સજ્ઝાય (ગુ.), (કર્પૂરવિજયજીના અર્થ અને વિવેચન સાથે), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ.સં.૧૯૭૩. વિ.સં.૧૯૭૯ (બીજી આ.).

* અઢાર પાપસ્થાન સજ્ઝાય, જુઓ ક્રમાંક ૧૪૯.

૪. અધ્યાત્મમતપરીક્ષા (પ્રા.), (ગુજ. અનુ. સહિત), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ.સ.૧૯૧૬ (પહેલી આ.).

૫. અધ્યાત્મમતપરીક્ષા (પ્રા.સં.), (સ્વોપજ્ઞવૃત્તિસહ), પ્રકા.: શ્રેષ્ઠિ દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, ઈ.સ.૧૯૧૧.

* અધ્યાત્મમતપરીક્ષા, જુઓ ક્રમાંક ૧૦૭.

૬. અધ્યાત્મસાર (સં.), પ્રકા. કેશરબાઈ જ્ઞાનભંડાર, પાટણ ઈ.સ.૧૯૩૮. (પહેલી આ.).

૭. અધ્યાત્મસાર, (સં.ગુજ.), (ભાવાર્થ તથા વિશેષાર્થ સહ) પ્રકા. જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ, પાલીતાણા, ઈ.સ.૧૯૧૩ (પહેલી આ.).

૮. અધ્યાત્મસાર (સં.), (તથા કદમ્બગિરિતીર્થવિરાજ સ્તોત્ર), સંપા. વિજયાનંદસૂરિ, પ્રકા. કેશરબાઈ જ્ઞાનભંડાર, પાટણ, ઈ.સ.૧૯૩૮ (પહેલી આ.).

૯. અધ્યાત્મસાર (સં.), સંપા. નેમચંદ્રજી, અનુ. પદ્મવિજયજી, પ્રકા. નિર્ગ્રન્થ સાહિત્ય પ્રકાશન સંઘ, દિલ્હી, ઈ.સ.૧૯૭૬ (પહેલી આ.).

૧૦. અધ્યાત્મસાર (સં.), (પં. ગંભીરવિજયગણિકૃત વૃત્તિ સાથે), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ.સ.૧૯૧૫.

૧૧. અધ્યાત્મસાર (સં.), (ગંભીરવિજયગણિની ટીકા સાથે), પ્રકા. નરોત્તમ ભાણજી, વિ.સં.૧૯૫૨.

૧૨. અધ્યાત્મસાર (સં.ગુ.), (ગંભીરવિજયજીની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે), પ્રકા. નરોત્તમ ભાણજી, ઈ.સ.૧૯૧૬.

૧૩. અધ્યાત્મસાર (સં.ગુ.), અનુ. ચંદ્રશેખરવિજયજી, વિ.સં.૨૦૨૩.

૧૪. અધ્યાત્મસાર-અધ્યાત્મોપનિષદ્-જ્ઞાનસારપ્રકરણત્રયી(સં.), પ્રકા. નગીનદાસ કરમચંદ, વિ.સં.૧૯૯૪.

❋ અધ્યાત્મસાર, જુઓ ક્રમાંક ૪૯, ૧૦૬, ૧૨૨.

૧૫. અધ્યાત્મોપનિષત્પ્રકરણ (સં.વિવરણસહિત), પ્રકા. જૈનસાહિત્યસદન, છાણી.

❋ અધ્યાત્મોપનિષદ્, જુઓ ક્રમાંક ૧૪, ૧૨૨, ૧૪૫.

૧૬. અનેકાંતવ્યવસ્થાપ્રકરણ (સં.), (તત્ત્વબોધિની વિવૃત્તિ સાથે), સંપા. વિજયલાવણ્યસૂરિ, પ્રકા. વિજયલાવણ્યસૂરિ જ્ઞાનમંદિર, બોટાદ, ઈ.સ. ૧૯૫૨ (પહેલી આ.).

૧૭. અનેકાન્તવ્યવસ્થાપ્રકરણમ્ (સં.), (ઉત્તરાર્ધ સટીક), સંપા. દક્ષસૂરિ, ટીકા. વિજયલાવણ્યસૂરિ, પ્રકા. વિજયલાવણ્યસૂરિ જ્ઞાનમંદિર, બોટાદ, ઈ.સ. ૧૯૫૮ (પહેલી આ.).

૧૮. અનેકાન્તવ્યવસ્થાપ્રકરણમ્ (સં.), (જૈન તર્ક), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૩.

૧૯. અનેકાન્તવાદમાહાત્મ્યવિંશિકા (સં.ગુજ.), (પંડિત સુશીલવિજયગણિના ગુજરાતી ભાવાર્થ સાથે), પ્રકા. જ્ઞાનોપાસક સમિતિ, વિ.સં.૨૦૧૫.

❋ અનેકાન્તવાદ, જુઓ ક્રમાંક ૧૨૧.

❋ અમૃતવેલની નાની સજ્ઝાય, જુઓ ક્રમાંક ૧૧૭.

❋ અમૃતવેલી સજ્ઝાય, જુઓ ક્રમાંક ૧૦૩.

✱ અસ્પૃશદ્‌ગતિવાદ, જુઓ ક્રમાંક ૩૨.

૨૦. અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્(સં.), (સાથે – સમંતભદ્રાચાર્યકૃત આપ્ત-મીમાંસા, અકલંકદેવકૃત ભાષ્ય, વિદ્યાનંદસૂરિકૃત અષ્ટસહસ્રી વૃત્તિ તેમજ યશોવિજયજીકૃત આદિજિન સ્તવન), સંપા. વિજયોદયસૂરિ, પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૩૭.

✱ આત્મખ્યાતિ, જુઓ ક્રમાંક ૯૪.

✱ આત્મશક્તિ પ્રકાશ, જુઓ ક્રમાંક ૧૫૩.

✱ આદિજિનસ્તવન, જુઓ ક્રમાંક ૨૦, ૩૮, તથા શત્રુંજયમંડન ઋષભદેવ-સ્તવન.

✱ આધ્યાત્મિકમતખંડનપ્રકરણ, જુઓ ક્રમાંક ૧૨૧.

✱ આધ્યાત્મિકમતપરીક્ષાવૃત્તિ, જુઓ ક્રમાંક ૧૨૨.

✱ આરાધક-વિરાધક-ચતુર્ભંગીપ્રકરણ, જુઓ ક્રમાંક ૧૬૪.

૨૧. આર્ષભીયચરિતમહાકાવ્યમ્ (સં.), સંપા. યશોદેવસૂરીશ્વરજી, પ્રકા. યશો-ભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ.સ.૧૯૭૬ (પહેલી આ.).

✱ આંતરોલીમંડન શ્રી વાસુપૂજ્ય થોય, જુઓ ક્રમાંક ૧૭૦.

૨૨. ઉત્પાદાદિસિદ્ધિવિવરણ, વાદમાલા, અસ્પૃશદ્‌ગતિવાદ, વિજયપ્રભુસૂરિ-સ્વાધ્યાયશ્ચેતિ ગ્રંથચતુષ્ટયી (સં.), પ્રકા. જૈનગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૪, વિ.સં.૨૦૦૦.

૨૩. ઉત્પાદાદિસિદ્ધિ (સં.), (યશોવિજયકૃત વિવરણ સાથે), પ્રકા. ઋષભદેવજી કેસરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, ઈ.સ.૧૯૩૬.

૨૪. ઉપદેશરહસ્ય (પ્રા.સં.ગુ.), અનુ. મુનિ જયસુંદરવિજયજી, પ્રકા. અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ, ઈ.સ.૧૯૮૨.

૨૫. ઉપદેશહસ્યપ્રકરણમ્ (પ્રા.સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ સાથે), પ્રકા. મનસુખભાઈ ભગુભાઈ, અમદાવાદ, ઈ.સ.૧૯૧૧, વિ.સં.૧૯૬૭ (પહેલી આ.).

૨૬. ઉપદેશરહસ્ય (પ્રા.સં.), પ્રકા. કમલ પ્રકાશન, અમદાવાદ, ઈ.સ.૧૯૬૭ (પહેલી આ.).

૨૭. ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા(સં.), (સ્વોપજ્ઞ વિવરણ તેમજ પરમજ્યોતિ-પંચ-વિંશતિકા, પરમાત્મપંચવિંશતિકા તથા શત્રુંજયમંડનઋષભદેવ સ્તવન સાથે), સંપા. મુનિ પુણ્યવિજય, પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૮૪ (પહેલી આ.).

૨૮. ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા (સં.), પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ.સ.૧૯૬૨ (પહેલી આ.).

✱ ઐન્દ્રસ્તુતિ, જુઓ ક્રમાંક ૧૬૯, ૧૭૦.

✱ કદમ્બગિરિતીર્થવિરાજ-સ્તોત્ર, જુઓ ક્રમાંક ૮.

૨૯. (શિવશર્મસૂરિકૃત) કર્મપ્રકૃતિ (પ્રા.સં.), (મલયગિરિની ટીકા તથા યશોવિજયકૃત ટીકા સાથે), પ્રકા. મંગલદાસ મનસુખરામ શાહ, ઝવેરચંદ મનસુખરામ શાહ, ઈ.સ.૧૯૩૪ (પહેલી આ.).
૩૦. (શિવશર્મસૂરિકૃત) કર્મપ્રકૃતિ (પ્રા.), (મલયગિરિ તથા યશોવિજયજીની સંસ્કૃત વૃત્તિઓ સાથે), પ્રકા. ખૂબચંદ પાનાચંદ, ડભોઈ, ઈ.સ.૧૯૩૭.

✱ કાગળ, જુઓ ક્રમાંક ૧૦૮, તથા પત્રો.

૩૧. (મમ્મટકૃત) કાવ્યપ્રકાશ દ્વિતીય તૃતીય ઉલ્લાસ ટીકા (સં.), સંપા. મુનિ યશોવિજયજી, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ.સ. ૧૯૭૬.

✱ કૂપદૃષ્ટાંતવિશદીકરણપ્રકરણ, જુઓ ક્રમાંક ૧૧૬, ૧૨૫.

૩૨. ગુરુતત્ત્વવિનિશ્ચયઃ (પ્રા.સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ, અસ્પૃશદ્ગતિવાદ તથા કર્મપ્રકૃતિની અપૂર્ણ લઘુ વૃત્તિ સાથે), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ.સ.૧૯૨૫.
૩૩. ગુરુતત્ત્વવિનિશ્ચયઃ ભા.૧ તથા ૨ (પ્રા.સં.ગુજ.), (સ્વોપજ્ઞ ટીકા તથા ગુજરાતી અનુવાદ સાથે), અનુ. રાજશેખરવિજયજી, પ્રકા. જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ, ઈ.સ.૧૯૮૫ તથા ૧૯૮૭.
૩૪. ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧(ગુજ.), (કૃતિઓ – ચોવીશીઓ, વીશી, જસવિલાસ, સ્તવનો, સજ્ઝાયો, શતકો, સમુદ્રવહાણ સંવાદ, પંચપરમેષ્ટિ ગીતા, દિક્પટ ચોરાશી બોલ વગેરે), પ્રકા. શા. બાવચંદ ગોપાલજી, મુંબઈ, ઈ.સ.૧૯૩૬, વિ.સં.૧૯૯૨ (પહેલી આ.).
૩૫. ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા.૧ (બીજી આ.), પ્રકા. સન્માર્ગ પ્રકાશન, અમદાવાદ.
૩૬. ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા.૨ (ગુજ.), (કૃતિઓ – દ્રવ્યગુણપર્યાયનો રાસ સ્વોપજ્ઞ ટબા સાથે, જમ્બૂસ્વામી રાસ, બે પત્રો) સંપા. જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, પ્રકા. યશોવિજયજી ગૂર્જર સાહિત્ય સંગ્રહ સમિતિ, મુંબઈ, ઈ.સ.૧૯૩૮ (પહેલી આ.).
૩૭. ગોડીપાર્શ્વનાથસ્તોત્ર (સં.), (અતિરસપૂર્ણ ખંડકાવ્યમ્ વૃત્ત્યા વિભૂષિતમ્), પ્રકા. જૈન સાહિત્ય વર્ધક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૬૨.

✱ ગોડીપાર્શ્વસ્તવન, જુઓ ક્રમાંક ૫૦.

૩૮. ચતુર્વિંશતિકા (સં.ગુ.) (આદિજિનસ્તવન સમાવિષ્ટ ગુજ. અનુવાદ સાથે), સંપા. હીરાલાલ કાપડિયા, પ્રકા. આગમોદય સમિતિ, ઈ.સ.૧૯૨૬.
૩૯. ચોવીશી (ગુજ.) (ભાવાર્થ અને દુર્લભજી કાલીદાસના વિવેચન સાથે), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, ઈ.સ.૧૯૧૭ (પહેલી આ.), ઈ.સ.૧૯૧૮ (બીજી આ.).

✱ ચોવીશી, જુઓ ક્રમાંક ૩૪.

૪૦. જંબૂસ્વામીનો રાસ (ગુજ.), પ્રકા. જૈન ધર્મ પ્રસારક શાખા, મુંબઈ, ઈ.સ.૧૮૮૮ (પહેલી આ.).

૪૧. જંબૂસ્વામી રાસ (ગુજ.), સંપા. રમણલાલ ચી. શાહ, પ્રકા. નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ, સુરત, ઈ.સ.૧૯૬૧ (પહેલી આ.).

✱ જમ્બૂસ્વામી રાસ, જુઓ ક્રમાંક ૩૬.

✱ જસવિલાસ (નાં પદો), જુઓ ક્રમાંક ૩૪, ૧૩૨.

૪૨. જૈન કથારત્ન કોશ ભા.૫, (સમકિતના ષટ્સ્થાન સ્વરૂપની ચોપાઈ (ગુજ.) સમાવિષ્ટ), શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૮૯૧.

✱ જૈન તર્કપરિભાષા, જુઓ ક્રમાંક ૧૨૨.

૪૩. જૈન તર્કભાષા (સં.હિં.), અનુ. શોભાચન્દ્ર ભારિલ્લ, પ્રકા. તિલોકરત્ન સ્થાનકવાસી જૈન પરીક્ષા બોર્ડ, પાથર્ડી, ઈ.સ.૧૯૪૨ (પહેલી આ.).

૪૪. જૈન તર્કભાષા (સં.), સંપા. વિજયનેમિસૂરિ, પ્રકા. જશવંતલાલ ગિરધરલાલ શાહ, અમદાવાદ, ઈ.સ.૧૯૫૧.

૪૫. જૈન તર્કભાષા (સં.), સંપા. સંઘવી સુખલાલ, પ્રકા. સિંઘી જૈન ગ્રંથમાલા, ઈ.સ.૧૯૩૮ (પહેલી આ.).

૪૬. જૈન તર્કભાષા (સં.હિં.), (પં. ઈશ્વરચંદ્ર શર્માના હિંદી વિવેચન સાથે), સંપા. મુનિ રત્નભૂષણવિજય, મુનિ હેમભૂષણવિજય, પ્રકા. ગિરીશ હ. ભણશાલી, અરવિંદ મ. પારેખ, વિ.સં.૨૦૩૩.

૪૭. જૈન તર્કભાષા (સં.અં.), અનુ. સંપા. ડૉ. દયાનંદ ભાર્ગવ, પ્રકા. મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ઈ.સ.૧૯૭૩ (પહેલી આ.).

૪૮. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો રચિત સ્તવન સંગ્રહ, (વર્ધમાન જિનેશ્વરનું દસ મતનું ગુજ. સ્તવન સમાવિષ્ટ), પ્રકા. મોતીચંદ રૂપચંદ ઝવેરી, ઈ.સ.૧૯૧૯.

૪૯. જૈન શાસ્ત્ર કથા સંગ્રહ (સં.), (અધ્યાત્મસાર સમાવિષ્ટ), ઈ.સ.૧૮૮૪ (બીજી આ.).

૫૦. જૈન સ્તોત્રસંદોહ ભા.૧ (ગોડીપાર્શ્વસ્તવન, શંખેશ્વર-પાર્શ્વજિનસ્તોત્ર, શમીનપાર્શ્વનાથસ્તોત્ર (ત્રણે સં.) સમાવિષ્ટ), ઈ.સ.૧૯૩૨, વિ.સં. ૧૯૮૯.

૫૧. જૈન હિતોપદેશ (સં.ગુ.), (જ્ઞાનસાર, 'સન્મિત્ર', કર્પૂરવિજયજીના ગુજરાતી વિવેચન સાથે સમાવિષ્ટ), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડળ, વિ.સં.૧૯૬૫.

૫૨. જૈન ન્યાયખંડખાદ્યમ્, (સં.), વ્યા. બદરી શુક્લ, પ્રકા. ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ઈ.સ.૧૯૬૬ (પહેલી આ.).

૫૩. જ્ઞાનબિંદુપ્રકરણ (સં.), સંપા. પં.સુખલાલજી, દલસુખ માલવણિયા, પંડિતા

હીરાકુમારી દેવી, પ્રકા. સિંઘી જૈન જ્ઞાનપીઠ, કલકત્તા, ઈ.સ.૧૯૪૨ (પહેલી આ.).

* જ્ઞાનબિંદુ પ્રકરણ, જુઓ ક્રમાંક ૭૨, ૧૨૨.

૫૪. જ્ઞાનસાર (સં.ગુજ.), અનુ. શાહ દીપચંદ છગનલાલ, ભાવનગર, ઈ.સ. ૧૯૦૬ (પહેલી આ.).

૫૫. જ્ઞાનસાર (સં.), (પં. ગંભીરવિજયજીની વૃત્તિ સાથે), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ.સ.૧૯૧૩, વિ.સં.૧૯૬૯.

૫૬. જ્ઞાનસાર (સં.ગુજ.), (સ્વોપજ્ઞ બાલાવબોધ સાથે), સંપા. પંડિત ભગવાનદાસ હરખચંદ, પ્રકા. શાહ હીરાલાલ દેવચંદ, અમદાવાદ, ઈ.સ.૧૯૪૧ (પહેલી આ.).

૫૭. જ્ઞાનસારઅષ્ટકમ્ (સં.ગુજ.), અનુ.-સંપા. પંડિત ભગવાનદાસ હરખચંદ, પ્રકા. રાજચંદ્ર નિજાભ્યાસ મંડળ, ખંભાત, ઈ.સ.૧૯૪૦ (પહેલી આ.).

૫૮. જ્ઞાનસારસૂત્રમ્ (અષ્ટકાનિ) તથા શ્રાવકવિધિ ધનપાલ વૃત્તિ (સં.), સંપા. યશોવિજયગણિ, પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, ઈ.સ. ૧૯૨૧.

૫૯. જ્ઞાનસારસૂત્રમ્ સટીક (સં.), (દેવભદ્રમુનીશની વૃત્તિ સાથે), સંપા. મુનિ લલિતવિજય, પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, ઈ.સ.૧૯૧૫ વિ.સં. ૧૯૭૧.

૬૦. જ્ઞાનસારાષ્ટકમ્ (સં.), પ્રકા. રીખવચંદ મંછારામ, જામનગર, ઈ.સ.૧૯૩૭ (પહેલી આ.).

૬૧. જ્ઞાનસાર (સં.હિં.), પ્રકા. હિન્દી સાહિત્ય કાર્યાલય, આબૂરોડ, ઈ.સ. ૧૯૨૧.

૬૨. જ્ઞાનસાર (સં.ગુ.), (ગંભીરવિજયજીના વિવરણ સાથે. ગુજરાતી ભાષાંતર દીપચંદ છગનલાલનું, મરાઠી ભાષાંતર બાલચંદ હીરાચંદ ચાંદવડકરનું) પ્રકા. આનંદવિજય જૈનશાળા, માલેગાંવ, ઈ.સ.૧૮૬૭.

૬૩. જ્ઞાનસાર (અષ્ટકાનિ) (સં.), શા. દીપચંદ છગનલાલ, ભાવનગર, ઈ.સ.૧૮૯૯.

૬૪. જ્ઞાનસાર (સં.ગુજ.), (સ્વોપજ્ઞ બાલાવબોધ સાથે), પ્રકા. જૈન પ્રાચ્ય વિદ્યાભવન, અમદાવાદ, વિ.સં.૨૦૦૭ (બીજી આ.).

૬૫. જ્ઞાનસાર (સં.), (દેવચંદ્રકૃત જ્ઞાનમંજરી ટીકા સાથે), પ્રકા. જૈન આત્માનંદ સભા, ઈ.સ.૧૯૧૮.

૬૬. જ્ઞાનસાર ભા.૧ અને ૨ (સં.), સંપા. ભદ્રગુપ્તવિજયજી, વિ.સં.૨૦૨૪ (પહેલી આ.), વિ.સં.૨૦૩૩ (બીજી ભેગી આ.).

૬૭. જ્ઞાનસાર (સં.અં.), સંપા.-અનુ. એ.એસ. ગોપાણી, પ્રકા. જૈન સાહિત્ય

વિકાસ મંડળ, મુંબઈ, ઈ.સ.૧૯૮૭ (પહેલી આ.).

૬૮. જ્ઞાનસાર (સં. ગુજ.), પદ્યઅનુ. મુનિચંદ્રવિજયજી, પ્રકા. ગાગોદર જૈન સંઘ, કચ્છ-વાગડ, ઈ.સ.૧૯૮૭.

✱ જ્ઞાનસાર, જુઓ ક્રમાંક ૧૪, ૫૧, ૭૦, ૧૪૫, ૧૪૬.

૬૯. જ્ઞાનસાર અષ્ટક (સં.હિં.), (હિંદી મૂલાર્થ તથા ભાવાર્થાન્વિત), સંપા. અનુ. પદ્મવિજયજી, પ્રકા. ઓમપ્રકાશ જૈન, દિલ્હી, ઈ.સ.૧૯૬૮ (પહેલી આ.).

૭૦. જ્ઞાનામૃત કાવ્યકુંજ અને શ્રી જ્ઞાનસાર ગદ્યપદ્યાત્મક અનુવાદ મૂળ સહિત (સં.ગુજ.), અનુ. સંઘવી વેલચંદ ધનજીભાઈ, પ્રકા. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, વિ.સં.૧૯૭૫.

૭૧. જ્ઞાનાર્ણવપ્રકરણમ્ (સં.), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, વિ.સં.૧૯૯૭.

૭૨. જ્ઞાનાર્ણવપ્રકરણં જ્ઞાનબિન્દુપ્રકરણશ્ચ (સં.), (સવિવરણં), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૬.

૭૩. (ઉમાસ્વાતિકૃત) તત્ત્વાર્થસૂત્ર (સં.), (યશોવિજયકૃત ટીકાના ઉપલબ્ધ અંશ સાથે), પ્રકા. માણેકલાલ મનસુખભાઈ, અમદાવાદ, ઈ.સ.૧૯૨૪.

૭૪. (ઉમાસ્વાતિકૃત) તત્ત્વાર્થસૂત્ર (સં.) (યશોવિજયકૃત ટીકા ઉપર આ. દર્શનસૂરિકૃત સં. વિવરણ સાથે), પ્રકા. નેમિદર્શન જ્ઞાનશાળા, પાલિતાણા, વિ.સં.૨૦૧૦.

✱ તેર કાઠિયાં સ્વરૂપ વાર્તિકમ્, જુઓ ક્રમાંક ૯૪.

✱ દશ મતનું સ્તવન, જુઓ ક્રમાંક ૪૮.

✱ દિક્પટ્ટ ચોરાશી બોલ, જુઓ ક્રમાંક ૩૪, ૧૦૬.

✱ દેવધર્મપરીક્ષા, જુઓ ક્રમાંક ૧૨૨.

૭૫. દોઢસો ગાથાનું સ્તવન તથા સવાસો ગાથાનું સ્તવન (ગુજ.), (વિવેચન : અમૃતલાલ અમરચંદ), પ્રકા. શ્રાવિકા હરકોર, પાલિતાણા, ઈ.સ.૧૯૨૩, વિ.સં.૧૯૭૯.

૭૬. દોઢસો ગાથાઓનું સ્તવન (ગુજ.), પ્રકા. કુસુમવિજયજી જૈ. શ્વે. પુસ્તકાલય, અમદાવાદ, ઈ.સ.૧૯૨૪ (પહેલી આ.).

૭૭. દોઢસો ગાથાનું સ્તવન (ગુજ.), સંપા. પ્રકા. સલોત અમૃતલાલ અમરચંદ, પાલિતાણા, ઈ.સ.૧૯૨૩.

✱ દોઢસો ગાથાનું સ્તવન, જુઓ ક્રમાંક ૧૫૯થી ૧૬૨.

૭૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ (ગુજ.) (સ્વોપજ્ઞ સ્તબક સાથે), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડલ, મહેસાણા, ઈ.સ.૧૯૩૮ (પહેલી આ.).

૭૯. દ્રવ્યગુણપર્યાયનો રાસ (ગુજ.), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૯૦૮ (પહેલી આ.).

* દ્રવ્યગુણપર્યાયનો રાસ, જુઓ ક્રમાંક ૩૬, ૧૧૪ ક.

૮૦. દ્રવ્યગુણપર્યાયનો રાસ (ગુજ.) (સ્વોપજ્ઞ સ્તબક તથા ગુજ. વિવરણ સાથે), પ્રકા. જૈન સાહિત્યવર્ધક સભા, વિ.સં.૨૦૧૫.

૮૧. દ્રવ્યાનુયોગતર્કણા (સં.). ઉપા. યશોવિજયકૃત દ્રવ્યગુણપર્યાયરાસનું પં.ભોજસાગરકૃત સંસ્કૃત વિવરણ.

૮૨. દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા (સં.), (સ્વોપજ્ઞ તત્ત્વાર્થદીપિકા ટીકા સાથે), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ.સ.૧૯૧૦ (પહેલી આ.).

૮૩. દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા (સં.), (સ્વોપજ્ઞ તત્ત્વાર્થદીપિકા ટીકા સાથે) પ્રકા. રતલામ જૈન સંઘ, વિ.સં.૨૦૪૦ (બીજી આ.).

* દ્વિતીયા-તૃતીયાવિષયતાવાદ, જુઓ ક્રમાંક ૯૪, ૧૨૫.

૮૪. ધર્મપરીક્ષા (પ્રા.સં.), (સ્વોપજ્ઞ સંસ્કૃત વિવરણ સાથે), સંપા. પંડિત ભગવાનદાસ હર્ષચંદ્ર, પ્રકા. હેમચંદ્રાચાર્ય સભા, પાટણ, ઈ.સ.૧૯૨૨ (પહેલી આ.).

૮૫. ધર્મપરીક્ષા (પ્રા.સં.) (સ્વોપજ્ઞ સંસ્કૃત વિવરણ તથા ગુજ. વિવરણ સહિત), પ્રકા. અંધેરી ગુજ. જૈન સંઘ, મુંબઈ.

૮૬. ધર્મપરીક્ષા (પ્રા.), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૨.

૮૭. (માનવિજયજીકૃત) ધર્મસંગ્રહ ભાગ ૧, ૨ (સં.), (યશોવિજયજીકૃત સંસ્કૃત ટિપ્પણ સાથે), પ્રકા. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, અનુક્રમે ઈ.સ.૧૯૧૫ અને ૧૯૧૮.

૮૮. (માનવિજયજીકૃત) ધર્મસંગ્રહ ભાગ. ૧-૨-૩(સં.), (યશોવિજયજીકૃત સં. ટિપ્પણ સાથે), પ્રકા. જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ (બીજી આ.).

૮૯. (માનવિજયજીકૃત) ધર્મસંગ્રહ (સં.ગુ.), (સ્વોપજ્ઞ વૃત્તિ અને યશોવિજયકૃત ટિપ્પણ અનુવાદ સાથે), અનુ. ભદ્રંકરવિજયજી, પ્રકા. નરોત્તમ મયાભાઈ શાહ, વિ.સં.૨૦૦૯, ભા.૨, પ્રકા. અમૃતલાલ જેસિંગભાઈ, અમદાવાદ, વિ.સં.૨૦૧૪.

* નયપ્રદીપ, જુઓ ક્રમાંક ૧૨૨.

૯૦. નયહસ્યપ્રકરણ (સં.), (વિજયલાવણ્યસૂરિકૃત પ્રમોદા વિવૃત્તિ સહ), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૭ (પહેલી આ.).

* નયરહસ્યપ્રકરણમ્, જુઓ ક્રમાંક ૧૨૧, ૧૨૨.

૯૧. નયોપદેશ (સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ સાથે), પ્રકા. આત્મવીર સભા, ભાવનગર, ઈ.સ.૧૯૧૧.

૯૨. નયોપદેશ, ભા.૧, ૨(સં.), (સ્વોપજ્ઞ ન્યાયામૃતતરંગિણી સંસ્કૃત ટીકા તથા વિજયલાવણ્યસૂરિવિરચિત તરંગિણીતરણિઃ) પ્રકા. વિજયલાવણ્યસૂરીશ્વર

જ્ઞાનમંદિર, બોટાદ, અનુક્રમે ઈ.સ.૧૯૫૨ તથા ૧૯૫૬ (પહેલી આ.).

✱ નયોપદેશ, જુઓ ક્રમાંક ૧૨૧, ૧૨૨.

૯૩. નયોપદેશપ્રકરણમ્ (સં.), પ્રકા. શ્રાવક હીરાલાલ હંસરાજ, જામનગર, ઈ.સ.૧૯૧૨.

૯૪. નવગ્રન્થિ (સં.), (આત્મખ્યાતિ, વાદમાલા, દ્વિતિયા-તૃતીયા વિષયતાવાદ, વાયૂષ્મદે, પ્રત્યક્ષાપ્રત્યક્ષત્વવિવાદરહસ્ય, ન્યાયસિદ્ધાંતમંજરી, શબ્દખંડ-ટીકા, યતિદિનકૃત્યમ્, વિચારબિન્દુ, તેરકાઠિયાંસ્વરૂપવાર્તિકમ) સંપા. યશોદેવસૂરિ, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ.સ. ૧૯૮૧.

૯૫. નવપદની પૂજા (ગુજ.), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ.સ. ૧૯૨૫ (પહેલી આ.).

૯૬. નવપદની પૂજા તથા નવપદઓલાની વિધિ (ગુજ.), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ.સ.૧૯૪૦ (બીજી આ.).

✱ નિશાભક્તદુષ્ટત્વવિચાર, જુઓ ક્રમાંક ૧૧૬.

૯૭. ન્યાયખંડખાદ્યાપરનામમહાવીરસ્તવ, ખંડ ૧, ભા. ૨ (સં.), (દર્શનસૂરિકૃત કલ્પલતિકા વિવૃતિ સાથે), પ્રકા. તારાચંદ્ર મોતીજી, જાવાલ, વિ.સં.૧૯૯૩.

૯૮. ન્યાયખંડખાદ્યાપરનામમહાવીરસ્તવ ખં.૨, ભા. ૨–૩, (સં.), (દર્શનસૂરિ-કૃત કલ્પલતિકા વિવૃત્તિ સાથે), પ્રકા. તારાચંદ મોતીજી, જાવાલ, વિ.સં. ૧૯૯૩.

૯૯. ન્યાયખંડખાદ્યાપરનામમહાવીરસ્તવપ્રકરણમ્ (સં.), (વિજયનેમિની વિવૃત્તિ સાથે), પ્રકા. માણેકલાલ મનસુખભાઈ, અમદાવાદ, ઈ.સ.૧૯૨૮.

✱ ન્યાયખંડખાદ્ય, જુઓ ક્રમાંક ૧૧૮.

✱ ન્યાયસિદ્ધાંતમંજરી, જુઓ ક્રમાંક ૯૪.

૧૦૦. ન્યાયાલોક (સં.), (વિજયનેમિસૂરિકૃત તત્ત્વપ્રભા વિવૃત્તિ સાથે), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૧૮, વિ.સં.૧૯૭૪.

૧૦૧. ન્યાયાલોક (સં.), મનસુખભાઈ ભગુભાઈ, –.

✱ પત્રો, જુઓ ક્રમાંક ૩૬. તથા કાગળ

૧૦૨. પરમજ્યોતિપંચવિંશતિ, પૂર્વાર્ધ-અનુવાદ (સં.ગુજ.), (પ્રથમા-દ્વિતીય-અધ્યાત્મઉપનિષદરૂપ), પદ્ય અનુવાદક માણેકલાલ ઘેલાભાઈ, ગદ્યાનુવાદ તથા વિવેચન પં. લાલન, પ્રકા. મેઘજી હીરજીની કું. મુંબઈ, વીર સં.૨૪૩૬.

✱ પરમજ્યોતિ : પંચવિંશતિકા, જુઓ ક્રમાંક ૨૭, ૧૧૩.

૧૦૩. પરમાત્મનો થાળ (અમૃતવેલી સજ્ઝાય ગુજ. વિવરણ), પ્રકા. કિરણભાઈ, મુંબઈ.

૧૦૪. પરમાત્મજ્યોતિ, સંપા. ઝવેરી મોહનલાલ ભગવાનદાસ, પ્રકા. અધ્યાત્મ

જ્ઞાન પ્રસારક મંડલ, મુંબઈ, ઈ.સ.૧૯૩૧ (ત્રીજી આ.).

✱ પરમાત્મપંચવિંશતિકા, જુઓ ક્રમાંક ૨૭, ૧૧૩.

૧૦૪ક.પંચપરમેષ્ટિગીતા (ગુ.), સંપા. કલાપૂર્ણસૂરિજી, –.

✱ પંચપરમેષ્ટિગીતા, જુઓ ક્રમાંક ૩૪.

૧૦૫. (હરિભદ્રસૂરિકૃત) પાતંજલયોગદર્શન, હરિભદ્રી યોગવિંશિકા, (યશોવિજયજીકૃત સંસ્કૃત વ્યાખ્યા અને વિવરણ સાથે), સંપા. સુખલાલજી, પ્રકા. આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા, ઈ.સ.૧૯૨૨; પ્રકા. શારદાબહેન ચીમનલાલ રિસર્ચ સેન્ટર, અમદાવાદ (બીજી આ.).

✱ પાતંજલયોગદર્શનમ્ – સ્યાદ્વાદમતાનુસારિણી વૃત્તિ, જુઓ ક્રમાંક ૧૨૧.

✱ પાર્શ્વનાથજિનસ્તોત્રમ, જુઓ ક્રમાંક ૧૨૧.

૧૦૬. પ્રકરણરત્નાકર ભા.૧, (યોગદૃષ્ટિ સજ્ઝાય જ્ઞાનવિમલસૂરિના બાલાવબોધ સાથે, અધ્યાત્મસાર વીરવિજયના બાલાવબોધ સાથે, સમાધિશતક, સમતાશતક, દિક્પટચોરાશી બોલ, સીમંધર સ્વામી ૩૫૦ ગાથા સ્તવન પદ્મવિજયના બાલા. સાથે સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૮૭૬.

૧૦૭. પ્રકરણરત્નાકર ભા.૨ (પ્રા.ગુજ.), (અધ્યાત્મમતપરીક્ષા, પદ્મવિજયના બાલાવબોધ સાથે સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૮૭૬ (પહેલી આ.).

૧૦૮. પ્રકરણરત્નાકર ભા.૩, (મહાવીર જૈન સ્તુતિરૂપ ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન, કાગળ, સીમંધર સ્વામી વિનતિરૂપ સવાસો ગાથાનું સ્તવન બાલા. સાથે સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૮૭૮ (પહેલી આ.).

૧૦૯. પ્રતિમાશતક (સં.ગુજ.), (ભાવપ્રભસૂરિવિરિચિત લઘુવૃત્તિ અને વૃત્તિના ગુજ. અનુ. સહિત) ગુજ. અનુવાદક વકીલ મૂલચંદ નથુભાઈ, પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, વિ.સં.૧૯૫૯ (પહેલી આ.).

૧૧૦. પ્રતિમાશતક ગ્રંથ (સં.), (સ્વોપજ્ઞ બૃહદ્ વૃત્તિ સાથે), પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, વિ.સં.૧૯૭૬.

૧૧૧. પ્રતિમાશતકગ્રંથ (સં.), (સ્વોપજ્ઞ બૃહદ્ વૃત્તિ સાથે, ગુજ. વિસ્તૃત વિવરણયુક્ત) પ્રકા. અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ.

૧૧૨. પ્રતિમાશતક (સં.), (ભાવપ્રભસૂરિકૃત વૃત્તિ સાથે), પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, વિ.સં.૧૯૭૧.

૧૧૩. પ્રતિમાસ્થાપનન્યાયઃ પરમજ્યોતિઃ પંચવિંશતિકા પરમાત્મપંચવિંશતિકા (સં.), પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, વીર સં.૨૪૪૬.

✱ પ્રત્યક્ષાપ્રત્યક્ષત્વવિવાદરહસ્ય, જુઓ ક્રમાંક ૯૪.

૧૧૪. પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ (ગુ.), (સીમંધર સ્વામીના ૧૨૫ ગાથા તથા ૩૫૦ ગાથાનાં સ્તવનો, વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન સમાવિષ્ટ), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, વિ.સં.૧૯૯૬.

✱ બાર ભાવનાની સજ્ઝાય, જુઓ ક્રમાંક ૩.

૧૧૪ક. બોધિરત્નમંજૂષા, (૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાનાં સ્તવન, દ્રવ્યગુણપર્યાય-નો રાસ વગેરે), પ્રકા. શ્રુત પ્રસારક સભા, અમદાવાદ.

૧૧૫. ભાષારહસ્ય (પ્રા.સં.), (મૂલ તથા વૃત્તિ), પ્રકા. મનસુખભાઈ ભગુભાઈ, –.

૧૧૬. ભાષારહસ્યપ્રકરણ (પ્રા.સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ સહિત), યોગવિંશિકા વ્યાખ્યા (સં.), કૂપદૃષ્ટાંતવિશદીકરણપ્રકરણ (પ્રા.સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ તત્ત્વવિવેકસહિત), નિશાભક્તદુષ્ટત્વવિચાર (સં.), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૧, વિ.સં.૧૯૯૭.

૧૧૭. મનનું મારણ (ગુ.), (યશોવિજયકૃત અમૃતવેલની નાની સજ્ઝાય અને તેનું વિવેચન), ધીરજલાલ ટોકરશી શાહ, પ્રકા. ધર્મબોધ ગ્રંથમાલા પુષ્પ ૧૬, વિ.સં.૨૦૦૯.

✱ મહાવીરસ્તુતિરૂપ ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન, જુઓ ક્રમાંક ૧૦૮, તથા વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન.

૧૧૮. મહાવીરસ્તવપ્રકરણમ્ ન્યાયખંડખાદ્યાપરનામ (સં.), (સ્વોપજ્ઞ વિવરણ સહિત), પ્રકા. મનસુખભાઈ ભગુભાઈ, –.

૧૧૯. માર્ગપરિશુદ્ધિ (સં.), સંપા. મોહનવિજય, પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, વીર સં.૨૪૪૬, વિ.સં.૧૯૭૬.

૧૨૦. માર્ગપરિશુદ્ધિપ્રકરણમ્ (સં.), યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ, (પ્રા.) (વીરસ્તવન (સં.) સાથે), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૭.

✱ યતિદિનકૃત્યમ્, જુઓ ક્રમાંક ૯૪.

✱ યતિલક્ષણસમુચ્ચયપ્રકરણ, જુઓ ક્રમાંક ૧૨૦, ૧૨૨.

૧૨૧. યશોવિજયવાચક ગ્રંથસંગ્રહ (સં.પ્રા.), (પાતંજલયોગદર્શનમ્ સ્યાદ્વાદ-મતાનુસારિણી વૃત્તિ, નયરહસ્યપ્રકરણમ્, સપ્તભંગી, નયપ્રદીપપ્રકરણમ્, નયોપદેશપ્રકરણમ્, આધ્યાત્મિકમતખંડનપ્રકરણમ્, પાર્શ્વનાથજિન-સ્તોત્રમ્, શંખેશ્વરપાર્શ્વનાથસ્તોત્રમ્, અનેકાન્તવાદ (સ્યાદ્વાદમાહાત્મ્ય-વિંશિકા), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૪૨, વિ.સં. ૧૯૯૮.

૧૨૨. યશોવિજયજીકૃત ગ્રંથમાળા (સં.પ્રા.), (અધ્યાત્મસારગ્રંથ, દેવધર્મપરીક્ષા, અધ્યાત્મોપનિષદ્, આધ્યાત્મિકમતપરીક્ષા વૃત્તિ, યતિલક્ષણસમુચ્ચય-પ્રકરણમ્, નયરહસ્યપ્રકરણમ્, નયપ્રદીપ, નયોપદેશ, જૈનતર્ક પરિભાષા,

જ્ઞાનબિંદુ), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ.સં.૧૯૬૫.

૧૨૩. યશોવિજયજીવિરચિત પ્રાચીન સ્તવનો (ગુ.) (સીમંધર સ્વામી ૧૨૫ ગાથાનું સ્તવન, સીમંધર સ્વામી ૩૫૦ ગાથાનું સ્તવન, વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન સમાવિષ્ટ), પ્રકા. મહાવીર જૈન સભા, ખંભાત, ઈ.સ.૧૯૧૩.

* યોગદૃષ્ટિસજ્ઝાય, જુઓ ક્રમાંક ૧૦૬.
* (હરિભદ્રસૂરિકૃત) યોગવિંશિકા, (યશોવિજયજીકૃત સંસ્કૃત વ્યાખ્યા), જુઓ ક્રમાંક ૧૦૫, ૧૧૬.

૧૨૪. વાદમાલાટીકા (સં.), સંપા. શિવાનન્દવિનયગણિ, પ્રકા. જૈનગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ.૧૯૫૨ (પહેલી આ.).

* વર્ધમાન જિનેશ્વરનું દશમતનું સ્તવન, જુઓ ક્રમાંક ૪૮.
* વાદમાલા, જુઓ ક્રમાંક ૨૨.૯૪, ૧૨૫.
* વાયૂષ્માદે, જુઓ ક્રમાંક ૯૪, ૧૨૫.
* વિચારબિન્દુ, જુઓ ક્રમાંક ૯૪.
* વિજયપ્રભસૂરિસ્વાધ્યાય, જુઓ ક્રમાંક ૧૬૯.

૧૨૫. વાદસંગ્રહ (પ્રા.સં.), (કૂપદૃષ્ટાન્તવિશદીકરણ, વાદમાલા, વિષયતાવાદ, વાયૂષ્માદે, પ્રત્યક્ષાપ્રત્યક્ષત્વવિવાદરહસ્યમ્), સંપા. જયસુંદરવિજયજી, ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ, પિંડવાડા, ઈ.સ.૧૯૭૪, વિ.સં. ૨૦૩૧ (પહેલી આ.).

૧૨૬. વિરાગવેલડી (સં.ગુ.) (વૈરાગ્યકલ્પલતાનો પ્રથમ સ્તબક ગુજરાતી ભાવાનુવાદ સાથે), અનુ. પ્રકા. ચંદ્રશેખરવિજયજી.

* વિષયતાવાદ, જુઓ ક્રમાંક ૧૨૫ તથા દ્વિતીયા-તૃતીયા-વિષયતાવાદ.

૧૨૭. વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન (ગુજ.), પ્રકા. શાહ પ્રેમચંદ સાંકળચંદ, અમદાવાદ, ઈ.સ.૧૯૧૬ (પહેલી આ.).

* વીરસ્તવન, જુઓ ક્રમાંક ૧૨૦.
* વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન, જુઓ ક્રમાંક ૧૦૮, ૧૧૪, ૧૨૩.
* વીશી, જુઓ ક્રમાંક ૩૪.

૧૨૮. વૈરાગ્યકલ્પલતા (દ્વાદ્વશકુલકમ્) (સં.), સંપા. પં. ભગવાનદાસ હર્ષચન્દ્ર, પ્રકા. શાહ હીરાલાલ દેવચંદ, અમદાવાદ, ઈ.સ.૧૯૪૩ (પહેલી આ.).

૧૨૯. વૈરાગ્યકલ્પલતા (સં.), યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, –.

૧૩૦. વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સં.ગુજ.), (ભાષાંતર સહિત) પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૯૦૧.

* વૈરાગ્યકલ્પલતા, જુઓ ક્રમાંક ૧૨૬.

૧૩૧. વૈરાગ્યરતિ (સં), સંપા. રમણિકવિજયગણિ, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ.સ.૧૯૬૯ (પહેલી આ.).

૧૩૨. વૈરાગ્યોપદેશક વિવિધ પદસંગ્રહ, (જસવિલાસનાં પદો સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૯૦૨ (બીજી આ.).

✱ શંખેશ્વર પાર્શ્વજિનસ્તોત્ર, જુઓ ક્રમાંક ૫૦, ૧૨૧.

✱ શત્રુંજયમંડનઋષભદેવસ્તવન, જુઓ ક્રમાંક ૨૭, તથા આદિજિન સ્તવન.

✱ શબ્દખંડટીકા, જુઓ ક્રમાંક ૯૪.

✱ શમીનપાર્શ્વનાથસ્તોત્ર જુઓ ક્રમાંક ૫૦.

૧૩૩. (હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય તથા યશોવિજયકૃત સ્યાદ્વાદકલ્પલતા સ્તબક ૧ (સં.હિં.), (ઉક્ત ગ્રંથકી વ્યાખ્યાકા હિન્દી વિવેચન), સંપા. બદ્રીનાથ શુકલ, પ્રકા. ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ઈ.સ. ૧૯૭૭ (પહેલી આ.).

૧૩૪. (હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય ઔર ઉસકી (યશોવિજયકૃત) વ્યાખ્યા સ્યાદ્વાદકલ્પલતાકા હિન્દી વિવેચન સ્તબક ૨–૩ (સં.હિં.), વિ. બદ્રીનાથ શુકલ, પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ, ઈ.સ.૧૯૮૦.

૧૩૫. (હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય સ્તબક ૫–૬ (સં.હિં.) (બૌદ્ધમત-સમીક્ષા), સંપા. બદરીનાથ શુકલ, પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ, ઈ.સ. ૧૯૮૩ (પહેલી આ.).

૧૩૬. (હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય સ્તબક ૮ ઔર ઉસકી (યશોવિજયકૃત) વ્યાખ્યા સ્યાદવાદ્કલ્પલતાકા હિન્દી વિવેચન (સં.હિં), સંપા. બદ્રીનાથ શુકલ, પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ, ઈ.સ.૧૯૮૨, વિ.સં. ૨૦૩૮ (પહેલી આ.).

૧૩૭. (હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય (સં.), (યશોવિજયજીકૃત કલ્પલતાવૃત્તિ તથા વિજયઅમૃતસૂરિકૃત કલ્પલતાવતારિકા ટીકા વગેરે સાથે), પ્રકા. જૈન સાહિત્યવર્ધક સભા, શિરપુર, ઈ.સ.૧૯૫૮ (પહેલી આ.).

૧૩૮. (હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય ભા.૧ (સં.), (યશોવિજયજીકૃત સ્યાદ્વાદકલ્પલતા ટીકા સાથે), સંપા. પંડિત હરગોવિંદદાસ, પ્રકા. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, ઈ.સ.૧૯૧૪, વિ.સં.૧૯૭૦.

૧૩૯. (વિનયવિજય તથા યશોવિજયકૃત) શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.), પ્રકા. ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ.૧૮૯૪ (બીજી આ.), ઈ.સ.૧૯૦૬, ઈ.સ.૧૯૦૯, ઈ.સ.૧૯૧૭ (પાંચમી આ.).

✱ શ્રાવકવિધિ-(ધનપાલ)વૃત્તિ, જુઓ ક્રમાંક ૫૮.

૧૪૦. શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.), (તથા દેવચંદ્રજી વગેરેની સ્નાત્રપૂજાઓ), પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, વિ.સં.૧૯૯૦.

૧૪૧. શ્રીપાળ રાજાનું રાસ (ગુજ.), પ્રકા. – , મુંબઈ, ઈ.સ. ૧૮૭૮ (પહેલી

આ.).

૧૪૨. શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.), પ્રકા. ભોગીલાલ રતનચંદ વોરા, અમદાવાદ. ઈ.સ.૧૯૩૭ (પહેલી આ.).

૧૪૩. શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.), પ્રકા. દલપત ભગુભાઈ, અમદાવાદ.

૧૪૪. શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.), પ્રકા. ઉમેદ હરગોવન, અમદાવાદ, ઈ.સ.૧૮૬૩.

૧૪૫. શ્રુતજ્ઞાન અમીધારા (સં.), (અધ્યાત્મોપનિષદ્, જ્ઞાનસાર સમાવિષ્ટ), પ્રકા. –, ઈ.સ.૧૯૩૬.

૧૪૬. (હરિભદ્રસૂરિકૃત) ષડ્દર્શનસમુચ્ચયઃ (સં.), ઉ. યશોવિજયજીકૃત જ્ઞાનસારપ્રકરણમ્, મલધારી રાજશેખરસૂરિકૃત ષડ્દર્શનસમુચ્ચયઃ, પ્રકા. નારાયણ ક્ષેમચંદ્ર, સુરત, ઈ.સ.૧૯૧૮.

૧૪૭. (હરિભદ્રસૂરિકૃત) ષોડશકપ્રકરણ (સં.), (યશોભદ્રસૂરિકૃત વિવરણ તથા યશોવિજયકૃત યોગદીપિકા વૃત્તિ સાથે), પ્રકા. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, ઈ.સ.૧૯૧૧.

૧૪૮. સપ્તભંગી-નયપ્રદીપ-પ્રકરણં (સં.), (વિજયલાવણ્યસૂરિકૃત વિવૃત્તિ સાથે), જૈન પ્રકાશક સભા, અમદાવાદ વિ.સં.૧૯૯૬.

૧૪૯. સમકિતના ૬ બોલની સજ્ઝાય તથા અઢાર પાપસ્થાન સજ્ઝાય (ગુજ.), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડલ, મહેસાણા, ઈ.સ.૧૯૨૫.

✱ સમકિતના ષટ્સ્થાન સ્વરૂપની ચોપાઈ, જુઓ ક્રમાંક ૪૨.

૧૫૦. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય (ગુજ.), (શબ્દાર્થ, ગાથાર્થ, સમજ વ. સાથે), જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, ઈ.સ. ૧૯૫૧, વિ.સં.૨૦૦૭.

૧૫૧. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય (ગુ.), પ્રકા. યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણા, ઈ.સ.૧૯૦૮ (ત્રીજી આ.).

૧૫૨. (યશોવિજયકૃત) સમતાશતક (ગુ.) અને (સિંહવિજયકૃત) સામ્યશતક (સં.) (ભાવાનુવાદ સાથે), પ્રકા. જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ, –.

✱ સમતાશતક, જુઓ ક્રમાંક ૧૦૬.

૧૫૩. સમાધિશતકમ્ અને આત્મશક્તિપ્રકાશ (ગુ.), સંપા. બુદ્ધિસાગરજી, પ્રકા. –, ઈ.સ.૧૯૦૬.

૧૫૪. સમાધિશતકમ્ (સં.), (બુદ્ધિસાગરસૂરીશ્વરના વિવેચન સાથે), પ્રકા. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ, ઈ.સ.૧૯૬૫ (ત્રીજી આ.).

✱ સમાધિશતક, જુઓ ક્રમાંક ૧૦૬.

✱ સમુદ્ર-વહાણ-સંવાદ, જુઓ ક્રમાંક ૩૪.

૧૫૫. સમ્યક્ત્વષટ્સ્થાન ચઉપઈ – બાલાવબોધ સહિત (ગુ.વિવરણ સહિત), સંપા. પ્રદ્યુમ્નવિજયગણિ, પ્રકા. અંધેરી ગુજરાતી જૈન સંઘ, અંધેરી, મુંબઈ,

વિ.સં.૨૦૪૬.

૧૫૬. સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય (ગુજ.) (અર્થ સમજૂતી સાથે), પ્રયો. અને પ્રકા. મોહનલાલ દલીચંદ દેશાઈ, મુંબઈ, ઈ.સ.૧૯૧૨ (પ્રથમ આ.).

૧૫૭. સવાસો ગાથાનું સ્તવન (ગુજ.), પ્રકા. શેઠ મયાભાઈ લલ્લુભાઈ, અમદાવાદ.

✱ સવાસો ગાથાનું સ્તવન, જુઓ ક્રમાંક ૭૫, ૧૧૪ક તથા સીમંધર સ્વામી સવાસો ગાથાનું સ્તવન.

૧૫૮. સવાસો ગાથાનું શ્રી સીમંધર સ્વામીનું સ્તવન (ગુજ.), (વિવેચન સહિત) પ્રકા. શાહ કિશનલાલ સંપતલાલ લૂનાવત, –.

૧૫૯. સવાસો, દોઢસો, સાડાત્રણસો ગાથાઓનાં સ્તવનો (ગુજ.), પ્રકા. અમરચંદ પ્રેમચંદ, ખંભાત, ઈ.સ.૧૯૧૯, વિ.સં.૧૯૭૫ (પહેલી આ.).

૧૬૦. સવાસો, દોઢસો ને સાડીત્રણસો ગાથાનાં સ્તવનો, (ગુ.) (સાક્ષીપાઠ સહિત), પ્રકા.ઋષભદેવજી કેસરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ, ઈ.સ.૧૯૩૩, વિ.સં.૧૯૯૦.

૧૬૧. સવાસો, દોઢસો ને સાડા ત્રણસો ગાથાનાં સ્તવનો (ગુજ.), પ્રકા. મહાવીર જૈન સભા, ખંભાત, ઈ.સ.૧૯૧૯, વિ.સં.૧૯૭૫.

૧૬૨. ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાનાં સ્તવનો આદિ (ગુજ.), પ્રકા. ઝવેરી મોહનલાલ ડાહ્યાભાઈ, અમદાવાદ, વિ.સં.૧૯૭૭.

૧૬૩. સામાચારીપ્રકરણં (પ્રા.સં.), (આરાધક-વિરાધક-ચતુર્ભંગી પ્રકરણ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ.સ. ૧૯૧૭, વિ.સં.૧૯૭૩.

૧૬૪. સીમંધર સ્વામીની વિનતિરૂપ સવાસો ગાથાનું સ્તવન (ગુજ.), (વિવેચન સાથે) પ્રકા. સલોત અમૃતલાલ અમરચંદ, પાલીતાણા, વિ.સં.૧૯૭૯.

૧૬૫. સીમંધર સ્વામીની વિનતિરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન (ગુજ.), પ્રકા. જયંતિલાલ જાદવજી, પાલીતાણા, ઈ.સ.૧૯૪૭. (પહેલી આ.).

✱ સીમંધરસ્વામી સવાસો ગાથાનું સ્તવન, જુઓ ક્રમાંક ૧૦૮, ૧૧૪, ૧૨૩, તથા સવાસો ગાથાનું સ્તવન.

✱ સીમંધર સ્વામી ૩૫૦ ગાથા સ્તવન, જુઓ ક્રમાંક ૧૦૬, ૧૧૪.

૧૬૬. (હરિભદ્રસૂરિકૃત) સ્તવપરિજ્ઞા (સં.), (યશોવિજય ઉપાધ્યાય કૃત અવચૂરિ સહિત), સંપા. પ્રભુદાસ બેચરદાસ પારેખ, પ્રકા. કૃષ્ણા આર્ટ મુદ્રણાલય, બ્યાવર, ઈ.સ.૧૯૭૧.

૧૬૭. (હરિભદ્રસૂરિકૃત) સ્તવપરિજ્ઞા (સં.), (યશોવિજયજીકૃત અવચૂરિ સાથે), સંપા. પ્રભુદાસ બેચરદાસ પારેખ, પ્રકા. પોતે, રાજકોટ, ઈ.સ.૧૯૭૩, વિ.સં.૨૦૨૯.

૧૬૮. સ્તવન ચોવીસી (ગુજ.), (અર્થ-ભાવાર્થ સહિત), અનુ. કુંદકુંદસૂરિજી મહારાજ. પ્રકા. સર્વ કલ્યાણકર સમિતિ, આરાધનાધામ, પો. વડાલિયા સીંહણ, જિ. જામનગર, વિ.સં. ૨૦૪૩ (બીજી આ.).

૧૬૯. સ્તુતિચતુર્વિંશતિકા, (યશોવિજયકૃત ઐન્દ્રસ્તુતિ, વિજયપ્રભસૂરિસ્વાધ્યાય સમાવિષ્ટ), સંપા. હીરાલાલ ર. કાપડિયા, પ્રકા. આગમોદય સમિતિ, ઈ.સ. ૧૯૩૦.

૧૭૦. સ્તુતિતરંગિણી (સં.) (ઐન્દ્રસ્તુતિ, આંતરોલીમંડન શ્રી વાસુપૂજ્ય થોય (ગુ.) સમાવિષ્ટ), પ્રકા. લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા, ગ્રન્થાંક ૩૬, ઈ.સ. ૧૯૫૪.

૧૭૧. સ્તોત્રાવલી (સં.) સંપા. યશોવિજયજી, અનુ. રુદ્રદેવ ત્રિપાઠી, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશક સમિતિ, મુંબઈ, ઈ.સ.૧૯૭૫ (પહેલી આ.).

✱ સ્યાદ્વાદકલ્પલતા, જુઓ ક્રમાંક ૧૩૩, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૩૮.

૧૭૨. સ્યાદ્‌વાદરહસ્યપંત્રમ્, (સં.) (વિજયાનંદસૂરિની વૃત્તિ સાથે), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ.સ. ૧૯૩૬.

૧૭૩. સ્વાદ્‌વાદરહસ્ય, (સં.) પ્રકા. જયસુંદરવિજય પ્રકા. ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ, પિંડવાડા, વિ.સં. ૨૦૩૨.

## ૨

## યશોવિજયજી વિશેનાં પુસ્તકો-લેખો

ક. પુસ્તકો

અમર યશોવિજયજી (હિન્દી), રંજન પરમાર, રાજવિરાજ પ્રકાશન, પૂના, ૧૯૫૯.

યશોદોહન, પ્રણેતા હીરાલાલ રસિકદાસ કાપડિયા, સંપા. યશોવિજયજી, ૧. આ., યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ૧૯૬૬.

યશોભારતી, સંપા. કુમારપાળ દેસાઈ, ચંદ્રોદય ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૨.

યશોવંદના, પ્રદ્યુમ્નવિજયજી, ૧. આ., શ્રુત-જ્ઞાન પ્રસારકસભા, અમદાવાદ, ૧૯૮૭.

યશોવિજયજી જીવન, બુદ્ધિસાગરસૂરિ, ૨. આ., અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, પાદરા, ૧૯૨૫.

યશોવિજય સ્મૃતિ ગ્રંથ, સંપા. મુનિ યશોવિજયજી, યશોભારતી પ્રકાશન સમિતિ, વડોદરા, ૧૯૫૭.

શ્રુતાંજલિ. સંપા. પ્રદ્યુમ્નવિજયજી, યશોવિજય, શીતલ જિન પ્રતિષ્ઠા સમિતિ, પાડીવ, ૧૯૮૭.

સુજસવેલી ભાસ, કાન્તિવિજયજી, સંપા. મોહનલાલ દ. દેશાઈ, જ્યોતિ કાર્યાલય,

અમદાવાદ, ૧૯૩૪.

સુજસવેલી ભાસ અને અન્ય ત્રણ રૂપરેખાઓ, કાંતિવિજય વગેરે, અનુ. યશોવિજય, યશોવિજય સારસ્વત સત્ર સમિતિ, મુંબઈ, ૧૯૫૩.

ખ. લેખો

આનંદઘન અને યશોવિજય, મો. દ. દેશાઈ, મહાવીર જૈન વિદ્યાલય રજત મહોત્સવ ગ્રંથ.

ઉપાધ્યાયજીનાં ૧૫૨ લઘુ સ્તવનો, હી. ર. કાપડિયા. આત્માનંદ પ્રકાશ, –.

ઐતિહાસિક સાહિત્ય : મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી, જિનવિજય, આત્માનંદ પ્રકાશ, પુ. ૧૩ અંક ૬.

જ્ઞાનબિન્દુની અન્યકર્તૃક અને જ્ઞાનસારની સ્વોપજ્ઞ ટીકા, હી. ર. કાપડિયા, જૈન ધર્મ પ્રકાશ, પુ. ૭૪ અંક ૭–૮.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિના મનગમતા તીર્થંકર, હી. ર. કાપડિયા, આત્માનંદ પ્રકાશ, પુ. ૫૫ અંક ૯.

(શ્રી) યશોવિજય ઉપાધ્યાય અને તેમણે લખેલી હાથપોથી નયચક્ર, મુનિ શ્રી પુણ્યવિજયજી, આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૫૬.

(સ્વ. મહોપાધ્યાય શ્રીમદ્) યશોવિજયજી ગણિ વિરચિત વિજયોલ્લાસ મહાકાવ્ય (એક અજ્ઞાત કૃતિનો ટૂંક પરિચય), મુનિ યશોવિજયજી, મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રંથ ભા.૨, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૬૮.

યશોવિજયયુગ, સમયજ્ઞ સુધારક ન્યાયશાસ્ત્રી અને યોગવેત્તા યશોવિજય, અધ્યાત્મી યશોવિજય અને તેમના ગ્રંથો, મો. દ. દેશાઈ, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, મુંબઈ, ૧૯૩૩.

વાચક જશના નિશ્ચય અને વ્યવહાર અંગેનાં સ્તવનો, હી. ર. કાપડિયા, આત્માનંદ પ્રકાશ, પુ. ૫૫ અંક ૪.

વિક્રમ સંવત ૧૭૧૭નું માફીપત્ર, હી. ર. કાપડિયા, આત્માનંદ પ્રકાશ, પુ. ૫૪ અંક ૧–૩.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જિનવર શાસનના શણગાર,
ધૈર્ય, ક્ષમા ને ગંભીરતાદિ અનેક ગુણગણના ભંડાર,
જ્ઞાનયોગને સિદ્ધ કરીને ખૂબ બઢાવી શાસન-શાન,
વંદન કરીએ ત્રિવિધે તમને, દેજો અમને સાચું જ્ઞાન.

# ઉપાધ્યાય યશોવિજયજીની અદ્વિતીયતા

તેમના જેવી સમન્વયશક્તિ રાખનાર, જૈન-જૈનેતર મૌલિક ગ્રંથનું ઊંડું દોહન કરનાર, પ્રત્યેક વિષયના અંત સુધી પહોંચી તેના પર સમભાવપૂર્વક પોતાના સ્પષ્ટ મંતવ્ય પ્રકાશનાર, શાસ્ત્રીય અને લૌકિક ભાષામાં વિવિધ સાહિત્ય રચી પોતાના સરલ અને કઠિન વિચારોને સર્વ જિજ્ઞાસુ પાસે પહોંચાડવાની ચેષ્ટા કરનાર અને સંપ્રદાયમાં રહીને પણ સંપ્રદાયના બંધનની પરવા નહીં કરીને જે કંઈ ઉચિત જણાયું તેના પર નિર્ભયતાપૂર્વક લખનાર, કેવલ શ્વેતામ્બર-દિગંબર સમાજમાં જ નહીં બલ્કે જૈનેતર સમાજમાં પણ તેમના જેવો કોઈ વિશિષ્ટ વિદ્વાન અત્યાર સુધી અમારા ધ્યાનમાં આવેલ નથી. પાઠક સ્મરણમાં રાખે કે આ અત્યુક્તિ નથી. અમે ઉપાધ્યાયજીના અને બીજા વિદ્વાનોના ગ્રંથોનું અત્યાર સુધી જો કે અલ્પમાત્ર અવલોકન કર્યું છે તેના આધારે તોળીજોખીને ઉક્ત વાક્ય લખ્યાં છે. નિઃસંદેહ શ્વેતાંબર અને દિગંબર સમાજમાં અનેક બહુશ્રુત વિદ્વાન થઈ ગયા છે, વૈદિક તથા બૌદ્ધ સંપ્રદાયમાં પણ પ્રચંડ વિદ્વાનની કમી રહી નથી; ખાસ કરીને વૈદિક વિદ્વાન તો હંમેશથી ઉચ્ચ સ્થાન લેતા આવ્યા છે, વિદ્યા તો માનો કે તેમના બાપની છે; પરંતુ એમાં શક નથી કે કોઈ બૌદ્ધ યા કોઈ વૈદિક વિદ્વાન આજ સુધી એવો થયો નથી કે જેના ગ્રંથના અવલોકનથી એવું જાણવામાં આવે કે તે વૈદિક યા બૌદ્ધ શાસ્ત્ર ઉપરાંત જૈન શાસ્ત્રનું પણ વાસ્તવિક ઊંડું અને સર્વવ્યાપી જાણપણું રાખતો હોય. આથી ઊલટું ઉપાધ્યાયજીના ગ્રંથોને ધ્યાનપૂર્વક જોનાર કોઈ પણ બહુશ્રુત દાર્શનિક વિદ્વાન એવું કહ્યા વગર નહીં રહેશે કે ઉપાધ્યાયજી જૈન હતા તેથી જૈન શાસ્ત્રનું ઊંડું જ્ઞાન તો તેમને માટે સહજ હતું; પરંતુ ઉપનિષદ્, દર્શન આદિ વૈદિક ગ્રંથોનું તથા બૌદ્ધ ગ્રંથોનું આટલું વાસ્તવિક, પરિપૂર્ણ અને સ્પષ્ટ જ્ઞાન તેમની [illegible]નનું જ પરિણામ છે.

Serving JinShasan